અંક ૧ ૧૯૨૬

વીણા

વાર્ષિક

[illegible]

શ્રીયુત [illegible] આવ્યા

[illegible] ભેટ.

તંત્રી

યશવંત સમાજિલાલ પંડ્યા

પ્રકાશક

સાહિત્ય ઉત્તેજક સમાજ અમદાવાદ

હરસ-મસા
ઉપર ઑપરેશન
કરાવવાની જરૂર નથી

ઑપરેશન વગર લાખો મનુષ્યોના હરસ–મસા મટાડનારી ફક્ત એક જ દવા આ દુનિયા ઉપર છે અને તે જર્મનીના મહાન ડૉકટરોએ શોધી કાઢી છે આજે તે દવા જર્મનીની સઘળી ઇસ્પીતાલોમા હરસ–મસાના ઈલાજ તરીકે વાપરવામા આવે છે તે દવાને

"હાડેન્સા"



નામથી ઓળખવાના આવે છે

હાડેન્સાથી લોહીનુ પડવુ તરત બધ થઈ જાય છે અને મસાનો સઘળો દુખાવો નાબુદ થાય છે, અને ટુક વખતમા હરસ–મસા સુકાઈ જાય છે

આજે જ વાપરો અને તમારૂ દરદ નાબુદ કરો કીમત ફક્ત રૂ ૨ા દરેક દવાવાળાને ત્યાથી મળે છે

સોલ એજટસ—ધી ઇન્ટરનેશનલ ટ્રેડર્સ,
સાકડી શેરી—અમદાવાદ.

અમદાવાદના એજન્ટસ —સી આર બાલકૃષ્ણની કુ.,
ત્રણ દરવાજા, અમદાવાદ.

અંક ૧ **વીણા** ૧૯૨૬

વાર્ષિક

ક્રમ

ચિત્ર	ચિત્રકાર	પાનું
બેદ રવટીઆ	રા. રવિશંકર રિ વર કર પંડિત	
લેખ	**લખનાર**	
પ્રાર્થના	રા. અશોક	૧
સોનેરી વીજળી	રા. ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ	૨
કુળવધૂ અને કળા	રા. નારાયણ મરકાની	૩
એકજ પ્રશ્ન	રા. દત્તાત્રય બાલકૃષ્ણ શમ્પેલકર	૭
પુરુષનો ધિક્કાર	કુ. સુલેચના મહેતા	૮
ગુર્જરીના રસગર્જન	રા. લલિત	૧૫
વિશ્વતાર્થે એ આરા	કુ. વિનોદિની નીલકંઠ	૧૬
ફૂલની ફોરમ	રા. ન્હાનાલાલ દલપતરામ કવિ	૧૭
ગીતા ની સમાલોચના	રા. રામનારાયણ વિશ્વનાથ પાઠક	૨૨
ઇશાને	રા. ચન્દ્રવદન ચીમનલાલ મહેતા	૨૬
મટો વિરો દાનાની વાત	સૌ. કમળા	૨૭
રાસ	સ્વ. દામોદર ખુશાલદાસ બોટાદકર	૩૩
અસ તે ધના આખિર	રા. નટલાલ વેદ	૩૫
જીવનજરી	રા. આનન્દ	૪૩
આ ર પતિ	સૌ. કાન્તા	૪૬
મૃગમમ	રા. દેશળજી પરમાર	૪૯
આરામબાદ	રા. પ્રફુલ્લ વ શુક્લ	૫૦
કિમિયો	રા. બટુભાઈ લાલભાઈ ઉમરવાડિયા	૫૨
માનસુંદરી	સ્વ. લવણુરામ ચિમ્મણદાસ કહેતા	૫૫
કલા નિધ કે કુંદ	રા. મજનન વિશ્વનાથ પાઠક	૫૭

વીણા

બહારવટીઆ

ચિત્રકાર : રવિશંકર પંડિત

૧૯૨૮

કુમાર પ્રિન્ટરી

વીણા

વાર્વિક

એ પરમ ! આકાશમાં આકાર આપીને પૃથિવીએ આ આત્માને મર્યાદિત કર્યો ન હોત, જળ અને પવને ગતિમાન બનાવ્યો ન હોત, તેજે સૃષ્ટિ આગળ સભાન અવતાર્યો ન હોત; તો જીવને આનંદમાં વિલાસ ન હોત, વિલાસમાં સુખદુઃખ ન લાગત, પ્રાણ અને પ્રેરણામાં ભરતીઓટ ન આવત, કે આજ હૃદયનાં ચના ભાવમાં મગ્ન ન રહેત.

ઓ પ્રચંડ ! પૃથિવીની રજરજ ઉડે, આકાશ નજર બાંધે, જળનો હિમયુગ પ્રવર્તે, અને વાતાવરણનો વિનાશ થાય; પણ પ્રભો ! જ્યાં સુધી અંતરમાં તારૂં નામસ્મરણ શાશ્વત છે ત્યાં સુધી આ આત્મંશી જીવને અનંતની આશા છે.

અને વિભો ! એ તત્ત્વો વડે અબુધ જડત્વમાંથી જાગ્રતિમય જ્ઞાનમાં, સત્ય કલ્પનાની સુંદરતામાંથી પ્રેમમધુર દ્રુમાં આ ચિરકાળનો યાત્રી વિલીન બનશે. માટે તો બધી જ મર્યાદાઓ હું સહેતુક સહી લઉં છું.

ઓ વિરાટ્ ! તારાં વત્સલ નેત્રો સમા સહસ્ર સૂર્યો મને નિમંત્રી રહ્યા છે; અને મારૂં મનપંખી પાંખો ફફડાવી ઉડવા માંડ્યું છે.

ધીમે ધીમે સ્થૂળ ગળી પડે ને
ધીમે ધીમે સૂક્ષ્મની સાન વાધે;
જીવાત્મ જ્યાં જાગ્રતિએ ચડે કે
ઘેરો સ્વયંભૂ વર નાદ વાધે.

અશોક

પમની સ્વ. પતિવ્રતા સ્મરણાર્થે
શ્રી ... સ્વ ... સ્મારક
શ્રીયુત ... ચાવડા
તરફથી સવિનય સપ્રેમ ભેટ.

સોનેરી વીજળી

અંતરે આશાના દળ ઉમટે રે
હૈડું ગાજે ધરીને હ્રપ
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે

સુજને હાથે અલૌકિક સોણુલા રે
એના સુખમય મધુરા સ્પર્શ
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે

ઉજ્જ્વળ આશાની અમૃત વ દળી રે
દીપે શ્યામ નિરાશા મ હા
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે

વિયોગની ઘેરી અંધારી વાટમા રે
વ્હાલા આવે ને ઉડી જાય
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે

મોહથી છાયા છવાયા વિશ્વમા રે
ઝળકે રવિશશી પ્રેમળ જ્યોત
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે

સૂકે રણુવગડે સ સરમા રે
ખળકે અમૃત રસન સ્રોત
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

કેળવણી અને કળા

મનુષ્યમાં પ્રભુએ વિચારવાની તેમજ લાગણી ધરાવવાની શક્તિ મૂકી છે. તેની ઇચ્છાશક્તિ એ બે શક્તિપરજ રચાઇ છે. પરંતુ બુદ્ધિદ્વારા જે શક્તિ ખીલે છે તે સારૂ તો મનુષ્યને અવિરત શ્રમ ઉઠાવવો પડે છે, અનેક પ્રકારનું જ્ઞાન મેળવવું પડે છે. આનું કારણ એ છે કે વિચારોનો વિનિમય એવાજ મનુષ્યો વચ્ચે થઇ શકે છે કે જેઓમાં તે સમજવાની અને ગ્રહણ કરવાની શક્તિ હોય છે. ખાસ પ્રયત્નો કર્યા સિવાય, કંઇ દરેક જણ ગણિતશાસ્ત્રના કોયડા ન ઉકેલી શકે અથવા ગહન તત્વજ્ઞાનના ભેદ ન ખોલી શકે. વળી કેટલાક મનુષ્યો તો એવા જડી આવે છે કે જેઓ મહેનત કરતાં પણ એ વિષયો સમજી શકતા નથી. પરંતુ અંતરની લાગણીઓ તો દરેક મનુષ્યને પ્રભુએ આપેલી છે. કોઇકમાં અહંભાવ, લોભવૃત્તિ અથવા ક્રોધની લાગણીઓ દેખાય છે તો કોઇકમાં નમ્રતા, ઉદારતા અને પ્રેમની ભાવનાઓ ખીલી હોય છે. આ સર્વ લાગણીઓ સ્વાભાવિક છે અને આપણા જીવનના ચેતન સાથે તે નિરંતર સ્ફુરી રહી હોય છે. એ લાગણીઓ જન્મથી જ પ્રભુએ દરેક મનુષ્યને આપી છે અને દરેકના સ્વભાવ સાથે તે વણાઇ ગયેલી હોય છે. ચારિત્રનો એ પાયો છે. મનુષ્યના વર્તનની તે પ્રેરણા છેઃ અંતરની લાગણીઓ માનવકર્તવ્યને પ્રેરણા અર્પે છે. બુદ્ધિ તેની દિશાઓ નક્કી કરે છે. લાગણી મનુષ્યના વર્તનનો અંતરાત્મા છેઃ બુદ્ધિ તેનું સ્વરૂપ ઘડે છે. મનુષ્યમાં પ્રેમની લાગણી છે કે ક્રોધની તે જાણવું જેટલું અગત્યનું છે તેટલુંજ અગત્યનું એ છે કે તેનો પ્રેમ પ્રબળ છે કે નિર્માલ્ય. કેળવણી બુદ્ધિને સતેજ કરે છે; પરંતુ તેથીયે વિશેષ અગત્યનું ક્ષેત્ર કેળવણીકારો આગળ પડ્યું છે. તે એ કે માનવહૃદયમાં રહેલી લાગણીઓને જાગૃત કરી તેને સુદૃઢ બનાવવી. કેળવણી બૌદ્ધિક તેમજ ભાવિક હોવી જોઇએ. તેમાં જ્ઞાન તેમજ કલા હોય.

બુદ્ધિવિકાસ અને લાગણીદર્શન બન્ને વસ્તુ પર કેળવણીકારે સરખુ ધ્યાન આપવું જોઇએ અત્યારે કેવળ બુદ્ધિનો એકાગી વિકાસ થઇ રહ્યો છે અત્યારે તો પરીક્ષાઓ અને પ્રતીકો, બૌદ્ધિક સફળતાઓ અને સ્થાનનુ પારિતોષ-એજ કેળવણીના સ્વાદીષ્ટ ફળો લેખાય છે, એવા મૌલિક ફળોનો મોહ આપણે છોડવો જોઇએ મનુષ્યના આ એકાગી વિકાસમાં હેના નાનકડા શરીર પર જ્ઞાનના ભંડારને સાચવવા વિશાળ થતા મગજમાં કુરૂપતા છે કલાની વિકૃતિ છે મનુષ્યની એ વિકૃત આકૃતિનો આપણે સર્વથા ને સર્વદા ત્યાગ કરવો જોઇએ

પરન્તુ કેળવણીના સાધ્ય સાથે તેના સાધનો ફેરવાય છે તેથીજ કલાપ્રેરક શિક્ષણની પ્રથાઓ બૌદ્ધિક કેળવણીની પદ્ધતિઓથી જુદી પડે છે બૌદ્ધિક કેળવણી આપવા સારૂ ઇન્દ્રીયોના વિકાસની જરૂર છે, વિચારોને ખીલવવા પડે છે, પ્રમાણુશાસ્ત્રની દૃષ્ટિએ એ વિચારોને તેના યોગ્ય ક્રમમા ગોઠવવા પડે છે અને અતે એ સર્વને સ્મરણ પટ પર સગ્રહી રાખવા પડે છે કેળવણીની એ પ્રથાઓ અત્યત ધીમી છે એવી કેળવણીનો મુખ્ય ઉદ્દેશ સંપૂર્ણતા છે અને તેથી જ તેના સાધનો ના ઉપયોગમા ધૈર્ય અને એકાગ્રતા જોઇએ છીએ બૌધિક વિકાસના નિયમો હવે વધારે સારી રીતે સમજાતા જાય છે અને તેના સાધનો વધારે પૂર્ણ ને અસરકારક બનતાં જાય છે યુગ યુગના પરિશ્રમને પરીણામે બુદ્ધિક્ષેત્રમા માનવજાતિએ અસાધારણ પ્રગતિ કરી છે અને તેમાંજ એનુ ગૌરવ ઝળકી ઉઠે છે. છતાં એ ક્ષેત્રમા પડેલી અદ્રશ્ય ખાણોને તો આપણે હજી સ્પર્શજ કરી શક્યા છીએ અત્યારે માનવજાતિના વિકાસમા અને તેની પ્રગતિમા મુખ્ય પ્રશ્ન તો એ ઉપસ્થિત થયો છે કે મનુષ્યની બુદ્ધિનો સદુપયોગ થઇ ગયો છે કે દુરૂપયોગ?

જ્ઞાનપ્રદેશમા માનવજાતિએ પ્રકૃતિપર અસાધારણ વિજયો મેળ વ્યા છે અને તેના મદમાંજ અત્યારે તે મત્ત થઇ પડી છે આથી સૈકાઓ થયા બુદ્ધિવિકાસમા જે કંઇ પ્રગતિ થઇ શકી છે તે પર શકાની દ્રષ્ટિઓ ફેકાય છે તે પ્રગતિને ક્ષુદ્ર લેખવામા આવે છે કેવળ બુદ્ધિ વિકાસમા જ શુ માનવજાતિની પ્રગતિ પૂર્ણ થતી હશે? જેઓ એ પ્રગતિને થોડે ઘણે અંશે પણ માન્ય કરે છે તેઓ પણ એવા એકાગી માનવવિકાસના હિતકારક પરિણામો વિષે શંકા દર્શાવે છે યુરોપના

ઉષા મહાવિગ્રહે તો આ પ્રશ્નને અત્યંત મહત્ત્વનું સ્વરૂપ આપી દીધું છે. હવે સર્વ કોઈને ભાન થતું જાય છે કે મનુષ્યના સર્વાંગી વિકાસમાં જ ભવિષ્યની આશા સમાયેલી છે. મનુષ્યમાં કેવળ બુદ્ધિનો વિકાસ થાય છે તેથી તેની બીજી શક્તિઓ ખીલતી અટકી પડે છે. જ્યાં સુધી, અનેક શક્તિના ભોગે એકજ શક્તિનો વિકાસ થઇ રહે છે ત્યાં સુધી માનવજાતિનું ઉજ્જવલ ભવિષ્ય સારૂ આશાઓ રાખવી નકામી છે. બુદ્ધિને યોગ્ય, દિશામાં ખીલવવા જ્યાંથી પ્રેરણાઓ મળી આવે છે તે અંતરની વૃત્તિઓના યોગ્ય અને પૂર્ણ વિકાસમાંજ ભવિષ્યની આશા રહી છે. બૌદ્ધિક શિક્ષણ સાથે જ્યારે કલાપ્રેરક શિક્ષણપ્રથાઓ પણ રચાશે ત્યારે માનવજાતિ પ્રગતિપંથ પર પગલાં માંડશે.

સર્વ મનુષ્યના અંતરમાં ઉર્મીઓ અને વિધવિધ લાગણીઓ પ્રભુએ મૂકેલી છે. એ અંતર્વૃત્તિઓનું દર્શન અને તેનો યોગ્ય વિકાસ, એમાંજ કલાપોષક શિક્ષણની પર્યાપ્તિ થાય છે. ભાષા જેમ વિચારનો પ્રચાર કરે છે તેમ કલા અંતરવૃત્તિઓને જગાડે છે. અંતર્-વૃત્તિઓને બાહ્ય સ્વરૂપમાં આલેખી કલા તેનો પ્રચાર વ્યાપક બનાવે છે. જ્યાં કલા તેના પ્રબલ સ્વરૂપમાં પ્રકાશે છે ત્યાં તેના પ્રભાવથી પણ અન્યની અંતર્વૃત્તિઓ હચમચી ઉઠે છે. મહાન્ કલાકારમાં જ્યારે પ્રબળ ઉર્મિઓ પ્રગટી ઉઠે છે ત્યારે તેની અસર સ્પષ્ટ અને વ્યાપક હોય છે. શ્રેષ્ઠ કલાકાર તેના યુગને અનુસરી સુંદર અને ઉન્નત વૃત્તિઓ અનુભવે છે. તે સહૃદય હોય છે તેટલો જ કુશળ નીવડે છે. માનવ-જીવનના ઉન્નત શૃંગો પર તે તેનું સ્થાન મેળવી લે છે અને તે જીવન-માંથી પ્રગટ થતી ઉર્મિઓના પ્રભાવથી તે માનવજાતિમાં એકતા સાધવા પ્રયાસ કરે છે. મહાન્ કલાને સ્વરૂપ તો હોય છે: પરંતુ ઉન્નત કલામાં તો આત્મા પણ વિરાજે છે.

કલાપોષક શિક્ષણ તેના ઉદ્દેશ પ્રમાણે તેની પ્રથાઓ રચી લે છે. તેનો હેતુ ગહન છે એટલે તેનાં સાધનો સૂક્ષ્મ હોય છે. જ્ઞાનપ્રાપ્તિ ગમે તેટલી પૂર્ણ હોય તોય તેથી કંઇ આત્માના ઉડાણનો સ્પર્શ થઇ શકતો નથી. જ્યાં આગળ મનુષ્યજીવનની શક્તિઓમાં શાંત પ્રવાહના અંતરની ઉર્મિઓના સ્વરબદ્ધ ધ્વનિનો ખળભળાટ નથી ત્યાંજ અંતરાત્માની શક્તિઓ ખીલવા માંડે છે. આપોઆપ કલા

તેના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ માંગી લે છે. તે અનુકૂળ વાતાવરણ ત્યારે જ પ્રગટ થાય છે જ્યારે સર્વોત્તમ વિચારો અને સર્વોત્કૃષ્ટ ઉર્મિઓ પૂર્ણ રીતે પ્રકાશી ઉઠે છે. આવા જ સંજોગોમાં જે ઉન્નત વૃત્તિઓનું દર્શન થાય છે તેનો સહૃદય અનુભવ મનુષ્યના અંતરાત્માને થાય છે. આવે સમયે જે વસ્તુમાં ઉન્નત ઉર્મિઓનું પ્રતિબિંબ પ્રગટેલું હોય છે તે વસ્તુ સારૂ મનુષ્યમાં રસવૃત્તિ જાગે છે. આવી ઉન્નત ભાવનાઓનું જ્યાં વારંવાર સ્પષ્ટ રીતે દર્શન થાય છે ત્યાંજ કલાપોષક શિક્ષણ સંભવી શકે છે. એ સાધન જ્યાં છે ત્યાં પરીણામ સહજ હોય અથવા દુર્લભ થઇ પડે: તેની અસર પ્રબળ હોય અથવા નિર્બળ નીવડે અને તેનો પ્રભાવ હિતકર થાય અથવા હાનિકારક નીવડે. જેટલા પ્રમાણમાં કલાનું દર્શન ધ્વનિયુક્ત વૃત્તિદર્શનમાં વારંવાર થાય છે તેટલા પ્રમાણમાં તે શિક્ષણની પ્રબળતા વા સ્વચ્છતા અંકાશે. એ કલાનું દર્શન વિધવિધ રીતિદ્વારા થઇ શકે છે. સાહિત્ય, સંગીત, ચિત્રકલા, અભિનયકલા અને શિલ્પકલા. દ્વારા તે કલાદર્શન મનુષ્યની વિધવિધ ઇન્દ્રીયોને ખીલવે છે. એ કલાનો પ્રભાવ જેટલો પ્રબળ હશે તેટલોજ પ્રબળ વિકાસ એ ઇન્દ્રીયોનો થતો જશે. જીવનના સર્વોત્કૃષ્ટ શૃંગો પરથી આવા કલાદર્શનની વિવિધતાને તેના અત્યંત ઉન્નત તથા પ્રબળ સ્વરૂપમાં પ્રગટાવવી એજ ભવિષ્યના શિક્ષણનો પ્રધાન સ્વર રહેશે.

નારાયણ મલકાની

એકજ પ્રશ્ન.

સલામતી શોધવામાં પુરુષાર્થ રહ્યો છે એ આપણે ક્યારે સમજશું ?

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ૐ

卐 અર્વાચીન સ્ત્રીનો પ્રધાનસ્વરઃ 卐

卐 પુરૂષનો ધિક્કાર 卐

સાહેલડીઓ હો !

न स्त्री स्वातंत्र्यमर्हति ।

એ વચન નીકળ્યાને આજે સેંકડો વર્ષો વીતી ગયાં છે. મનુ-ભગવાન પુરૂષ હતા અને તેથી ત્હેમણે એ ઉચ્ચાર્યાં. વર્ષો વહ્યાં પણ હજી એ ઘારમાં વેણ નથી વિસરાયાં અમ આર્યમહિલાઓથી. અને હજી યે જ્યહારે ત્હેના પ્રતિઘોષ આજના પુરૂષો ગ્રીમે છે ત્યહારે વેરના ઝણઝણાટે હૈયાના તાર ઉઝ્ઝી ઉઠે છે કે શું પુરૂષ આપણો રક્ષક?

આધુનિક જગતના બે મહાપ્રશ્નોઃ ગરીબાઈ અને સ્ત્રી. ગરીબો તવંગર સ્હામે અને સ્ત્રીઓ પુરૂષ સ્હામે પુકાર કરી રહ્યાં છે.

જગતના ઇતિહાસનાં પડ ઉખેડતાં દિલ દાઝે છે. પુરૂષની સ્ત્રી તરફની વર્તણૂક જોતાં કંપારી વછૂટે છે. એક અંગ્રેજ કહે છે કે, In the history of humanity as written the saddest part concerns the treatment of women.

આ વિશુદ્ધ સત્યકથન છે. પુરૂષોના આપણી ઉપરના જુલમ એટલે નાદીરશાહ અને નીરોના યે એટલા નહિં. પશુત્વની પ્રતિમા જેવા પુરૂષોએ આપણને વિલાસની તૃપ્તિ માટે અને ઘરનું મજૂરકામ કરવા માટે જ રાખી છે. તેમ કરતાં આપણા મનુષ્યત્વનો વિનાશ કર્યો છે.

જગતના સૃજનકાળે સ્ત્રીત્વ જેમાં હશે તે અત્યહારે નષ્ટ છે. આપણો સ્વભાવજ બદલી નાંખ્યો. કહેવાય છે કે સ્ત્રીત્વના ગુણ એટલે લજ્જા, મર્યાદા, સંકોચ. મ્હારો સહુ કોઇને પ્રશ્ન છેઃ સ્ત્રી સર્જાઈ ત્યહારથી જ એવી હતી? હું નથી માનતી. એ પુરૂષના પ્રતાપે એવી નમાલી બની ગઈ છે. એ ત્હેની મૂળ પ્રકૃતિ નથી. પુરૂષોએ ત્હેમના વિલાસની આડે આવીને ત્હેમનું મનુષ્યત્વ હણ્યું છે. સ્ત્રીના આત્માનો હ્રાસ કર્યો છે. અને આ અપરાધથી મ્હોટો બીજો કિયો હોઈ શકે? પ્રભુના દરબારમાં યે આથી મ્હોટો અપરાધ નથી.

ખેર! પુરુષો! પુરુષો! ત્હમે અમારી બહુ ખરાબી કરી. શું મળ્યું ત્હમને? હા, પણ ત્હમને તો બધું યે મળ્યું. વગરપૈસે મંજૂર અને વિલાસનું રમકડું.

૨. જગત્ એક વર્ષે દશ વર્ષની પ્રગતિ સાધે છે.

જગતના દરેક સમાજમાં આપણો પ્રશ્ન આજે વિચારકોને ગુંચવી રહ્યો છે. આજે સ્ત્રીઓ, ત્હમને યુગ યુગ સુધી દાબી રાખનાર પુરુષના પંજામાંથી છૂટી થવા માગે છે. પારતંત્ર્યની બેડી તોડવાના આજ સહુ કોઇ સ્ત્રીનાં અભિલાષ ને આતુરતા છે.

અને એ યુગનાં પગલાંના પડઘા અંતરિક્ષના ગુંજારવ સરીખડાં સંભળાઇ રહ્યાં છે કે જ્યહારે પુરુષ સ્ત્રીનો રક્ષક નહિં પણ રક્ષિત રહેશે. જગતમાં સ્ત્રીનું સામ્રાજ્ય થશે. અબલા નહિં પણ પ્રબલા પોતાની આણ વર્તાવીને જગત્પર પોતાનું ખરું શાસન ચલાવશે. આશા, શ્રદ્ધા અને સતત્ કાર્યપરાયણતા: એ ત્રણ હોય તો કોઇપણ વસ્તુ સાધ્ય છે. ને ત્હમારામાં હશે તો ત્હમને યે મળશે, જે ત્હમે ઇચ્છો છો.

આપણા મહત્ત્વની કેટલી ઉપેક્ષા?

સારી યે સૃષ્ટિના સર્જનમાં આપણી જાતિ (sex) જ બધો ભાગ ભજવે છે. The female is not only the primary and original sex, but continues throughout as the main trunk. Male is a mere afterthougt of Nature. જીવનશાસ્ત્ર આમ આપણી જાતિની પ્રધાનતા કથે છે. છતાં, અત્યહારે કોણ એ વિચારે છે?

૩. ઇતિહાસ જૂઓ: રામ, યુધિષ્ઠિર, નળ, હરિશ્ચન્દ્ર અને એવા કેટલા યે મહાપુરુષો જડશે જેમણે સ્ત્રીને ઉવેખી છે. પુરુષની પ્રમત્ત સત્તાને ચશ્મે સ્ત્રીના હૃદયની વ્યથા તેઓ નથી નિરખી શક્યા. સીતા પવિત્ર છે એવી રામને ખાત્રી નહિં હોય? હશે તો એ હોવા છતાં યે એક ધોબીના વચનથી પોતાની વ્હાલી પત્નીને ત્યજવી એ કાર્યને ન્યાય્ય કહેનાર કોણ છે? પહેલાં સ્વજન: પછી જ સમાજ.

૪. કવિઓએ આપણને બહુ ખોટી રીતે મ્હલાવી છે. સ્ત્રી એટલે દેવી: પવિત્રતાની ને પ્રેરણાની ને દયાની ને વાત્સલ્યની. જાણે રમત રમવા બેઠા!

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता ।

જે હાથ ઝૂલાવે પારણું તે જગત્ પર શાસન કરે

રજકણમાંથી રત્ન બનાવે રસિક ચતુર રમણી

'રાણુકતનયા' એટલે કે રાણુકની માફક પતિની પાછળ મરી જાય ત્હેવી સુંદરતાના છોડ"ની જગતમાં જોડી નથી! જાણે કે પતિની પાછળ અમારે યે વગર મોતે મરવું'

આ બધું શું? ચોકખું જુઠ્ઠાણું ને દંભ છે. શું આપણે ન્હાના ન્હાના ઢીંગલાઓ છિયે? રવિઓ બસ, હવે બંધ કરો અમે હવે એમ છેતરાઇએ તેમ નથી માટે વૃથા પ્રશંસા હવે જવા દો અને બીજા કાર્યો કરો ઘણા પડ્યાં છે ત્હમારે કહે અમારા ગુણો વ્યક્ત નહિ થાય ત્હમે નહિ કહો તો યે સુન્દર છિયે જ ને રહીશું

ઈ આપણા વ્યાકરણો જૂઓ કહેવતો જૂઓ સુભાષિતો જૂઓ સર્વત્ર પુરૂષનું જ દૃષ્ટિબિંદુ પુલ્લિંગમ જ બધી વાતો **स पण्डित, यस्यास्ति वित्तं** અને એવા **क** **य** ને **स** વાળા અસંખ્ય શ્લોકો જૂઓ. આખી ગીતામાં **स** થી જ બધી વાતો લખાઈ છે જાણે સ્ત્રી તો અસ્તિત્વમાં જ ન હોય!

પુરૂષોની વિશેષ વાતો તે જોઇએ કે સાંભળી જતી નથી શાસ્ત્રાદિ વ્યાકરણ સામાન્ય વ્યવહાર બધામાં સ્ત્રીને બાતલ કોઇ પણ પુરૂષ ગુજરાતની અસ્મિતા માટે બોલે કે લખે તો હું ગુજરાતનો છું હું ગુજરાતનો છું હું ગુજરાતનો છું એવા જાપની આવશ્યકતા જુએ છે આમાં ચોકખો પુરૂષનો હુંકાર ગાજી ઉઠે છે શું સ્ત્રીઓ ગુજરાતની નથી? ચડીનો પ્રકોપ પ્રજ્વલિત કરીને હવે એ પુરૂષોનો હુંકાર જરા ઠેકાણે લાવવો પડશે બ્હેનો! ઘરમાં ત્હમે રંધો છો ત્યારે ત્હમારી પાસે તો ઘણા યે અસ્ત્ર શસ્ત્ર હોય છે શા માટે એનો ઉપયોગ કરીને પુરૂષોને ભાનમાં લાવતા નથી? કે નહિ તો એટલું જ કરશો તો એમ થી મહાન વિપ્લવ જાગશે અને પછી આપણું સ્વાતંત્ર્ય આપણે લઇશું માટે ઘરમાંથી જ શરૂઆત કરો. આપણે માટે તો Liberty beigns at home એક જ અઠવાડિયું આખા યે દેશની સ્ત્રીઓ હડતાલ પાડો અને હિંસાત્મક અસહકાર જાહેર કરો અને જુઓ કે પુરૂષો ઠેકાણે આવે છે કે નહિ ત્હમારામાં હિમ્મત જોઇએ

જરા વિષયાન્તર થયું. આ બાબતની યોજના તો હજી હું ઘડું છું એટલે એ વાત આટલેથી જ બંધ કરિયે.

કાયદામાં આપણને કેટલો અન્યાય થયો છે એ તો સર્વ વિદિત જ છે. મનુથી માંડીને આજના ધારાશાસ્ત્રીઓ સુધી. આપણને તો અન્યાય જ.

ઉ. શિક્ષણનો વિષય. સીતા, દ્રૌપદી, દમયન્તી વગેરે કઇ શાળામાં ભણવા ગઇ હતી કે આપણે ભણવાનું હોય? આપણે તો વગર ભણ્યે આદર્શ ગૃહિણીઓ અને આદર્શ માતાઓ થવાનું. આપણું શિક્ષણ લગ્ન માટે. પરણ્યાં એટલે થયું. પછી આપણે શિક્ષણનું શું કામ? પછી તો ગૃહકાર્ય અને બાળકો ઉછેરવાં એજ આપણું જીવન. આપણે ન્હાનપણથી જ વ્રત ને ઉપવાસ વગેરે કરવાં. શા માટે? ભાવિ પતિ માટે! અને પછી આપણામાં બીજ વાવ્યાં હોય ત્હેવાં આપણે થઇએ. એમાં શી નવાઇ? આપણે ગુલામીમાં ઉછરીએ તે ગુલામ બનીને રહિયે છિયે.

પુરુષો માટે વ્રત વગેરે કેમ નહિં? એમને આદર્શપતિ થવાની ઉત્કંઠા નહિં. એમને એક ગઇ તો બીજી.

આ આપણાથી નહિં રહેવાય. આવાં આવાં શિક્ષણો આપીને પછી બુદ્ધિ ખીલવા ન દીધી અને ઠર્યું-નિયમ બાંધ્યો કે સ્ત્રીમાં બુદ્ધિ નહિં: સ્ત્રીને બુદ્ધિનું શિક્ષણ આવશ્યક નથી–હૃદયનું જ આવશ્યક છે.

આપણે તો વ્રત કે પૌરાણિક કથાઓ ન આવડતાં હોય તો અધમના ગણાય. એક બ્હેનને પ્રસંગવશાત્ એક પુરુષ સંબંધીએ પૂછ્યું કે સત્યનારાયણની કથા જાણો છો? જવાબ મળ્યોઃ સત્યનારાયણ તો શું પણ ગીતાજી પણ મ્હેં નથી વાંચ્યાં. એ બ્હેનની ઉમ્મર ત્રીશની છે. પેલો તો આશ્ચર્યમુગ્ધજ ઘડીક બન્યોઃ સ્ત્રી થઇને નથી જાણતાં?

ગૃહિણીનાં આદર્શ તપાસતાં યે સ્ત્રીની શક્તિ કેટલી બધી મપાય છે? પાંચ પાંચ પતિની ચાકરી અને હુકમજોરી સહન કરનાર દ્રૌપદી જેવી સમર્થ સ્ત્રી છે. પાંચ પત્નીને સતાવે કે ત્હેમનો પતિ

અની શો એવો કેઈ પુરુષ છે! પાંચ પાંડવને પરણનાર દ્રૌપદી છે પાંચ દ્રૌપદી પરણનાર પુરુષ છે!

જો આએમ બુદ્ધિ હોય તો તેઓએ કેમ વિચારીકે એ કદાપિ સ્ત્રીએ કે પાપ બારીએ ન થઈ આ પુરુષોની દલીલ તો એજ જવાબ હોય કે અમને કેટલો અવસર આપ્યો કે અમે એમ થઈએ હવે જૂઓ અમારે જન્મને આવે છે બતાવી આપીશું કે અમે પણ કેવા થઈ શકિયે છિયે અમને બુદ્ધિ વિકાસ માટે તક નહિ ધર્મ અભ્યાસ માટે છૂટ નહિ અરે વેદ તો સાંભળી પણ ન શકાય અને કુટુંબની ધૂસરીમાં કવિત્વ તો કયાંથીજ સ્ફુરે?

અહહહ પુરુષોને બદલે તેને નાની નપુરુષી કરીશું તેજ વળશે એમ લાગે છે

પુરુષો કહે છે કે આમાં બુદ્ધિ અને શક્તિ હોત તો પ્રતિકૂળ સંયોગોમાંથી યે અનુકૂળ સંયોગ ઉભા કરી શકત ને બુદ્ધિમત્તા બતાવી શકત. આ તો એની વાત થઈ કે એક પંખીને પાંજરામાં પૂરીને આદ સકળથી બાંધી પછી કહેવું કે હવે શક્તિ હોય તો સકળ અને પાંજરું બને તોડ ભૂખત

પાપ અને પાપપરાયણ (?) વૈરીઓએ તો ભાખ્યું નારી પ્રત્યક્ષ રાક્ષસી નઠુન માર્મ વિષરૂપ સ્ત્રી છે

મ ઉચ્ચારતાં જરાયે શરમ પણ નથી મુરબ્બીઓએ નારી કે નરી પ્રત્યક્ષ રાક્ષસી? પોતાના વિલાસિત વિષયવાસના અસંયમ એ બધાને વિચાર નથી કરતા અને આમ કરે છે અમુક વસ્તુ ખાએ ને મદ પડે તેમ એ વસ્તુ શું કરે? ઉલટું ખાનાર પશુ જેવે કે સંયમ ન રાખી શકયે અને પછી એ વસ્તુની નિન્દા કરે તો અધમતાનું જ પ્રદર્શન છે

પુરુષ કરતાં સ્ત્રી વધારે સંયમી છે છતાં એજ પુરુષો મ્હોટા કહુ પણુન પથરે નખીને આપણને ઉપદેશે છે કે શીયળ પાળો ધાર્મિક રહો સતીત્વના આદર્શ ખીલવો.

પુરુષો હવે સમજજો અમે આમ સારી રીતે સમજી શકિયે છીયે તમારા ઉપદેશામૃતની જરૂર નથી

પુરુષો કહે છે કે જગતના મહાભારત અને રામાયણ સ્ત્રીને

લીધે થયાં. પણ હું એકજ પ્રશ્ન પૂછું સારી પે પુરુષ જાતને કે એ મહાભારતો અમને લીધે થયા કે પુરુષના, વિષયીપણાને લીધે ! એકજ રંગનાં ચશ્માં પહેરીને વાત કરતી હોય તો મ્હારે પ્રત્યુત્તર નથી જોઇતો. પણ સાચ્ચું ભાખી દેજો. આ ઉત્તરમાં ત્હમારી કસોટી છે.

વળી, કહેશો કો નર કે અમે સુન્દર છે એટલે પુરુષ કામી બને છે. તો શું એવાં મહાભારત ન બને માટે અમારે અસુન્દર બનવું ?

આ પ્રશ્નોના ઉત્તર રહેલા નથી. પુરુષો ! વિચારજો, મનન કરજો. સત્ય જડશે. ઘડીક ત્હમે પોતે પોતાને છેતરશો.

૬. આપણે માટે આર્થિક સ્વાતંત્ર્ય ક્યાં ? પુરુષ કમાઇને લાવી આપે તે ત્હેમને ખાવા માટે તૈયાર કરી આપીને પછી બદલામાં ખાવું ને ઘરની વેઠ લેવી. કારણ ? બીજો રસ્તો નહિ. પુરુષ પૈસા લાવે ત્હારે આપણાથી ખવાય. એ કપડાં લાવે ત્હારે પહેરાય અને એ રાખે તેમ ઢીંગલી માફક રહેવું પડે. આપણાથી પૈસા કમાવાય ? આપણાથી આપણે પૈસે મનગમતું કરાય ! એ તો પુરુષો માટેજ !

જીવ એટલે stangant ખાબોચીઉં નહિ: જીવન એટલે વહેતી નદી. ઘડીએ ઘડીએ નવું વાતાવરણ, નવો પ્રદેશ, નવી વનસ્પતિ, બધી નવીનતા; અને એજ ખરૂં જીવન. આપણે તો એક જ પુરુષની તાબેદારી ઉઠાવવામાં જ ખાબોચિયા જેવું જીવન રાખવું પડે છે.

૭. હવે આપણું કાર્યઃ સ્ત્રીઓની વૃત્તિ બદલો, માનસમાં વિપર્યય કરી નાંખો, આપણા સંઘ સ્થાપો, મહાસભા ભરો, રચનાત્મક કાર્યક્રમ ઘડી સ્થળે સ્થળે વિસ્તાર ફેલાવો, સ્ત્રીઓમાં સ્વાતંત્ર્યનું ભાન જગાવો. હું મ્હારો કાર્યક્રમ ત્હમારી સમક્ષ ધરીશ.

આપણે પુરુષોના તાબામાં, ગુલામીમાં, ક્ષુદ્રવાસનાઓની તૃપ્તિ માટે ક્યાં સુધી રહીશું ? દમણાં તરત આપણે સહીશું પણ એનાં ફળ મીઠાં ઉતરશે. એવો સમય લાવો કે પુરુષ ઝાડી બુહારે અને આપણે નાદિરશાહની અગાસીએથી જોઇને હસીએ અને અંતર તૃપ્ત કરિયે. ત્હમને આ વિચાર ઘડીક ભયંકર ને ક્રૂર લાગશે. પણ એ હૃદયનો જ ઉદ્‌ગાર છે.

કાર્ય હાથમાં લ્યો અને આગળ ધપો. ત્હમારો વિજય છે. ફક્ત એટલું કહેવાનું કે પાછી પ્હાની ના કરશો. ઘેરઘેર વિપ્લવ જગાવો. અને

કુમારિકાઓ! તમારાં કૌમારવ્રત પાળી આ કાર્ય કરો. તમારામાં જ સ્ત્રીઓની આશાઓ છે. હું યે કુમારિકા જ છું ને સાથે જ રહીશ. તમારે પરણવું હોય તો શરતો કરીને પરણજો કે પુરુષે બધું સ્ત્રીનું કાર્ય કરવું પડશે. હવે સ્ત્રી રાંધશે નહિં, પાણી નહિં ભરે.

માટે મેદાનમાં પડો. સ્ત્રી જીતવાજ અવતરી છે જગતમાં. નારી-જ્યોતરના નહિં પણ નારીપ્રભા પાથરો કે પુરુષો અંજાઇ જાય ને આપણને બરાબર ઓળખે.

જગતની પ્રગતિ આપણે સાધવાની છે. આવતી કાલ આપણી છે એ નક્કીજ છે. It is not in the fighting Male of the race: it is in woman that we have the future centre of Power in civilization. એક અંગ્રેજ આમ સત્ય ભાખે છે.

ગુજરાત, ભારત, એશિયા અને સારૂં યે જગત્ આજે નવીનતા માગે છે; revolution માગે છે. સમાજ, ધર્મ, નીતિમાં, માનવ-જાત પરિવર્તન માગે છે; stagnation દૂર કરવા માગે છે. અને જગતના પડઘા ગુજરાત પણ ઝીલે છે. ગુજરાતનો સમાજ અત્યારે transition ની સ્થિતિમાં છે. થોડા સમયમાં આગળનું નક્કી થઇ જશે.

આજે સ્ત્રી સ્વાતંત્ર્યનો નવો શક શરૂ થાય છે. આજથી સ્ત્રી-યુગની શરૂઆત થઇ ગઇ છે.

માટે આપણે એ સર્જનનૂતન મહાઘોષ ઉઠાવો કે:

પુરુષોનો ધિક્ ધિક્ ધિક્કાર!
ધિક્ ધિક્ ધિક્કાર!
ધિક્ ધિક્ ધિક્કાર!

સુલોચના મહેતા

ગુર્જરીનાં રસગર્જન

સ્વતંત્રાને સૂર ગુર્જર સુરાષ્ટ્ર ગર્જતો,
ગર્જન પેલીતૂર ગીરા ગુર્જરી સર્જતો.

નર્મદ પ્રેમાનન્દ ગાંધીજીનાં રસજીવન,
રસાત્મકોને વૃન્દ ગુંજે ગુર્જરી કુંજવન.

સમુદ્ર ને ગિરિસિંહ કીર કોકિલા મોરલા,
ચેતનવન્તે ચિહ્ની ગુર્જરાણીઓ ગવિલા.

નિશંયતાને નાદ સતનાં તાન જગાવતો,
બહિરંતર ગુજરાત ઉજ્જ્વલ જગ શૃંગારતો.

લલિત

વિગતાર્થ એ આશા

આખો દિવસ ચાલી ચાલીને કંટાળી આખરે સંધ્યાકાળે હું સમુદ્રતીરે આવી પહોંચી, તો સમુદ્રને કિનારે રંગબેરંગી અસંખ્ય પત્થરો પડ્યા હતા.

કેટલાક પત્થરો જાણે મેઘધનુષના સાતે રંગે રંગેલા હોય એમ લાગતું; કેટલાક વળી કોઇ કલારસિક મયૂરે પોતાના સુંદર પીંછાથી ચિતર્યા હોય એવા દેખાતા હતા; વળી કોઇક પત્થર કોઇ જાણે કુસુમ-તરના પદ સ્પર્શથી લાલ બની ગયા હોય એમ ભાસતું. જરા આગળ જતાં કેટલાક પત્થર તો જાણે કોઇ નવયૌવનાએ પોતાની ચંપાની કળી સરીખડી આંગળીઓથી રંગેલા હોય એવા લાગતા હતા.

ઉત્સાહના આવેશથી મેં તે બધા પત્થરો મારા પાલવમાં ભેગા કરી લીધા. ધીમે ધીમે સૂર્ય અસ્ત થયો. હું સાગરતીરે જ બેસી ગઇ. પ્રભાત ક્યારે આવ્યું ને ક્યારે ગયું તેની મને ખબર ન પડી; હું જાગી ત્યારે સૂર્યતેજથી આખો સમુદ્ર રૂપેરી બની ગયો હતો. મેં તરત મ્હારા પત્થરો તરફ નજર કરી તો તે તદ્દન સાદા પત્થર હતા, એક પણ પત્થર ઉપર સંધ્યાકાળે દેખાતો રંગ નહોતો. ધીમે ધીમે દરીઆના મોજાં આવીને એક પછી એક પત્થરને ધસડી ગયાં. પણ મને તેની પરવા ન્હોતી.

ફરી સંધ્યાકાળ આવી. મારા પગ આગળના પાણીમાં મેઘધનુષના રંગ રેડાયા. મેં તે પાણી મ્હારી હથેલીમાં લીધું તો તેમાં એક પણ રંગ ન જણાયો. ત્યારેજ મને ખબર પડી કે જગતની વસ્તુમાં કોઇ અનનું તેજ નથી: સંધ્યા સમયનો સૂર્યજ તેમને ઘડીભર તેજ આપી અનન્ત અંધકારમાં મૂકી ચાલ્યો જાય છે.

જીવનમાં આશા આવે છે તે નિરાશ કરવાને માટેજ.

વિનોદિની નીલકંઠ

ફૂલની ફોરમ

એ માર્ગે નગરલોક ઘણાં જતાંઆવતાં.

ચાંદનીના વ્હેણ જેવો માર્ગ ઉજળો હતો; પણ વચ્ચે વચ્ચે વૃક્ષછાયાના અન્ધકારના ઢગલા પડેલા હતા. એ ડાઘના ઢગલા ખૂંદીને લોક એ ઉજળે માર્ગે ઘણાં યે જતાંઆવતાં. આગળ મન્દિર હતું, ને તેથી યે આગળ મૃત્યુધામ સમું સ્મશાન હતું. ત્યાંથી આકાશ પાતાળની પાવડીઓ ચ્હડતી-ઉતરતી જગત જોતું.

એ એક ચૈત્રની સન્ધ્યા હતી. ખરૂં પૂછો તો વસન્ત ઉતરતી હતી ને ગ્રીષ્મ બેસતી હતી. દિવસ ને રાત્રીની પેઠે ઋતુઓની પણ એ સન્ધ્યા હતી.

જીંદગીની ઋતુઓનો યે ત્યારે સંગમ હતો.

વૃક્ષો પ્રફુલ્લેલા હતા. કોયલ બોલતી હતી. પ્રકૃતિએ સૌન્દર્યના વાઘા સજ્યા હતા.

મ્હારી તો તે જાણે નવજન્મની જન્મતિથિ હતી. મૃત્યુનાં ઝેર પી, વમન કરી, જીવનને આરે હું સજીવન પાછો ફર્યો હતો.

ખાલી હૈયાનો, ખાલી મસ્તકનો, લક્ષ્યહીનો હું એ લોકમાર્ગે ત્યારે જતો હતો. વૃક્ષોના પડછાયા મ્હારા ઉપર પડતા ને સરી પડતા. એના ભાર મ્હને લેશ યે ન લાગતા.

હૈયાશૂન્યને તેજ કે છાયાના ભાર લાગતા નથી.

હું તો નિજમસ્ત હતો. અફીણવાદીઓ જેવો નહીં, ત્હો યે હું નિજમસ્ત હતો. કાવ્ય ને ઝાંખરાંના ફૂલબાગ રચવાની, સંસારમાં સ્વર્ગ સ્થાપવાની, બ્રહ્માંડને ઉજાળવાની તરંગાવલિ. દરિયાવમાં મોજાં ઉછળે છે એમ, મ્હારા અન્તરમાં ઉછળતી. સાગર શો હું દિશાશૂન્ય ને નિજમસ્ત હતો. અસ્તાચળ ઉપર સૂર્ય નારાયણ વિરાજતા. એમની ઉડતી જ્વાલાઓની ઝાલરપાંખોનાં 'તેજપીંછાંઓમાં સુવર્ણરંગી રંગ રંગ રમતાં હું જોતો.

નગરશણગારનારાઓએ વડલાઓની અત્નીઅડતી વડવાઇઓ રોપી રોપી કુંજઘટાઓ કીધી હતી ને મહીં બાંક મૂક્યા હતા. નગરવિહારીઓની એ વિહારકુંજો હતી આજે યે એ વિહારકુંજોમાં કોઈ સત્કાર જ ન્હોતો વસતો.

પણ આજે મ્હારી આંખ દૃષ્ટિસુતી હતી. આંખ દેખતી પણ ન્હોતી દેખતી મદના હાથી જેવો હું નિજમસ્ત હતો. સૂંઢ ડોલાવતો ડોલાવતો હું વધ્યો જતો હતો.

સૃષ્ટિ સારી હસતી લાગતી. મનુષ્યોના મુખડાં ખીલેલા કમળ જેવા ભાસતા. નવચન્દ્રમાંથી ચન્દ્રિકા વહે ને ત્રિલોકને રંગે તેમ મ્હારા યે અન્તરમાંથી કંઈક આજ વહતું ને વિસ્તરતું ને જગતને રંગતું.

એ આનન્દનો રંગ હતો. મ્હારા આત્મામાંથી આનન્દની ફરફર આજ જગત ઉપર ઉડતી ને વરસતી.

ચિત્રફલક શું આનન્દવર્ણું હૈયું સૌન્દર્યની છબિ ઝીલવા સજ્જ હતું.

કુંજમાંથી અણુદીઠી કોયલ બોલે એવી મન્દિરની ઘંટા વાગી ને હું જાગી ગયો. આંખડી આભમાંથી ઉતરી ને જગત્સૌન્દર્ય નયન ભરીને સન્મુખ ઉભું નિરખ્યું.

વૃક્ષો ઉપરની તેજવલ્લીઓ જોઇ ઘટામાંના તેજસ્થંભ જોયા પણ મન્દિરને પગથિયે દૃષ્ટિ ઠરી જ ગઇ જાણે તેજની કો અણુદીઠ સુવર્ણખીલીએ ત્હેને જડી જ દીધી.

મન્દિરના પગથિયાં એટલે દેવની સીડી કોઇ ચ્હડે છે ને કોઇ ઉતરે છે.

દેવના દર્શન કરીને તે વળતી હતી મન્દિરપગથિયાં ઉતરતી હતી. કમળની પાંખડીઓ પગથિયે પગથિયે વેરતી હોય તેમ તે પાય ધરતી. ત્હેના અંગઅંગમાંથી એટલામાં આસપાસ કામના ધૂપ પ્રસરતા.

જાણે ચન્દ્રમાની અમૃતકણિકા જાણે જગત્સૌન્દર્યની પ્રતિમા જાણે ચન્દનીની પૂતળી એવી તે સુન્દરી હતી જાણે નવઉગ્યા ચન્દ્રમામાંથી ખરેલું ચન્દ્રફૂલ!

જાણે મન્દિરેથી કામદેવની સહસ્ત્રશિખ આરતી જ ઉતરતી હોય ને એના સૌન્દર્યનાં વિદ્યુત્બાણે મ્હને વીંધ્યો. મ્હને ઘેન ચ્હડ્યા

ને મૂર્ચ્છા આવી: ક્ષણેક તો હું ચિત્રવત્ થંભી જ ગયો. પૃથ્વી પરના મનુષ્યે પહેલ્લી વાર ચન્દ્રમા દીઠો હશે ત્હારે જેવા સાનન્દાશ્ચર્યમાં તે ડૂબ્યો હશે ત્હેવા સાનન્દાશ્ચર્યમાં વળી હું ડૂબી ગયો.

મન્દિરશિખરેથી મોર બોલ્યે હું જાગ્યો.

ઘડીક પછી હું સચેત થયો. દેહ્યું ધડક્યું, આંખડલી નાચતી, ભમ્મરો વિલાસહિન્ડોળે મ્હ્હી. અન્તરનાં નિર્મળાં સાનન્દાશ્ચર્યના આરસચોકમાં પડછાયા પડ્યે તે મેલા થયા. અવનીમાંથી સ્વર્ગે સંચરતાં સુરંગમાં જગજ્જનો જઈ મેલ ઉતારે છે ને ત્હારે તે ગેહી થાય છે ત્હેવી અન્તરોર્મિઓ જગતમેલથી મેલી થઇ...

હજી તો તે સૌન્દર્યપદ્મ દેવસ્ત્રીડીને પગથિયે જ સૌન્દર્યપાંદડીઓ વેરતું વેરતું વિતરતું હતું.

લોચનમાંથી પ્રભાવિધ વહતા પેખ્યા, ને મ્હેં કંઇ કંઇ અદ્દશ્ય દૃશ્ય થતું ભાસ્યું. ત્હેના દેહાપાલવની કરચલીઓમાં કંઇ કંઇ ચરકલડીઓ ઉડતી દીઠી. ત્હેના પયગરની પાટલીઓમા કંઇ કંઇ પંખીડાંને પાંખો ફડફડાવતાં જોયાં. ત્હેના વદને અમૃતના ફુવારા ઉડતા નિહાળ્યા. છતાં એ સૌન્દર્યદર્શનમા છાયા હતી.

ને એ સૌન્દર્યમાં કાંઇ એટલું જ દેવતત્વ નહોતું.

સૌમ્ય સૂર્યોદયમાંથી સહસા જ્વાળાના ભડકા પ્રગટે છે એમ એ સૌન્દર્યદર્શનમાંથી સહજ જ ત્હારે કામલોલુપના ભભૂકી ઉઠી. દેહની ચિતાને ભરી રહી ભડકા નયનમાંથી બ્હાર ઉછળી ઉડયા. નિર્મળા હાય જેવાં આત્માનાં સરોવરનાં પાણી એમના ધૂમાડાના ગોટાઓના ઓળાઓથી મેલાં થયાં.

યજ્ઞકુંડની જ્વાલાઓની શિખાએ ચ્હડીને હવિષ્યાન્ન દેવલોકે સંચરે છે એમ કામવાસનાની જ્વાલાઓને વિમાને ચ્હડીને સુન્દરીના દેહદેશમાં મન ઘૂમી આવ્યું.

જગતની પાર્થિવતામાંથી પડછાયા પડે છે તેમ જગતના જ્યોતિર્બિન્દુઓમાંથી યે પ્રભાફોરાં વરસે છે; ને એ પડછાયાની પડી ભાતને ધૂવે છે. અન્ધકાર સાચો છે તેમ તેજે સાચાં છે.

ભરી ભરી ફૂલછાબ લેઇને કને થઇને એવે દેવની એક પૂજારણ નીકળી. ચન્દનીના વ્હેણ શો સારો યે નગરમાર્ગ મઘમઘાવતી પૂજારણ

મન્દિર પગથિયે ચ્હડીઃ જાણે પુરવાસીઓની પ્રેમભક્તિ જ પગથિયાં ચ્હડતી હોય ને!

પાછળ એના ઉડતા પાલવમાંથી પરિમલની પુષ્પસેર ઝરતી ને પૃથ્વીને મધમધાવતી. એ પુષ્પનો મઘમઘાટ મ્હારૂં યે હૈયું ભરીને ભભૂકી રહ્યો.

મ્હારા ઉરના અન્ધકારમાં અજવાળાં ઉગ્યાં, ઝાંખરાંના ફૂલમાંડવડા થયા, દુર્ગન્ધને સ્થાને સુગન્ધના ભંડાર ઉભરાયા. એ પરિમલનાં ગુલાબજળમાં આત્મા ન્હાવા લાગ્યો. ઉર ઉપર પડેલા પડછાયા ધોવાયા.

જાગીને જોયું તો વસન્તરંગે રંગેલું જગત નિર્મળું નિર્મળું હસતું હતું. ઉપર નવચન્દ્રમાં અમૃત વર્ષતો.

જગત હરિનો જય ઉચ્ચરતું હતું.

વિલાસની પ્રતિમા શી જાણે હજી તો તે રમતિયાળ વિહારવિલોલ ગતિએ દેવમન્દિરનાં પગથિયાં ઉતરતી હતી.

પુણ્યઆંજી આંખડલીએ એ સૈન્દર્યમૂર્તિમાં યે પછી તો કામપૂતળીને બદલે પૂજ્ય દેવકન્યા જ દીઠી. એને યે અંગે પૂજારણના પરિમલના વાધા હતા.

નગરમાર્ગે બે વિજ્ઞાનશાસ્ત્રીઓ વિદ્વદ્ચર્ચા ચર્ચતા વિચરતા હતા; ને ત્હેમનું એક વિદ્વદ્વેણુ મ્હારે કાને આવી અથડાયું:

સૂર્યચન્દ્રનાં જેવાં સન્તો અને ફૂલડાં યે પ્રકૃતિબાલકો જ છે; ને એમની યે વીજળીઓનાં કિરણો ને પરિમળનાં સમીરણો નિજનિજનાં જગતમાં સૌરભ ભરતાં ઉડે છે.

પણ એ ફૂલની ફોરમ હતી કે પૂજારણની ફોરમ? મ્હારા પાપભાવના પુણ્યભાવ કીધા તે ફોરમ?

ન્હાનાલાલ દલપતરામ કવિ

'હીરા'ની સમાલોચના*

સ્વ. રણજીતરામની હીરાની વારતાનું વસ્તુ 'સણી અને મેઆર'ની કચ્છી જૈનકથામાંથી લીધેલું છે. તે વારતા નીચે પ્રમાણે છેઃ

બોખારામાં કોઈ મિરઝાઅલી બેગ નામનો પૈસાદાર વેપારી હતો. તેને ઇજ્જત બેગ નામનો એકનો એક દીકરો હતો. તે ગાયન અને કવિતામાં ઘણો હોશીઆર હતો અને વાંસળી ઘણી સુંદર વગાડી જાણતો. સોળ વરસની ઉંમરે તે પોતાના નોકર હસનબેગને લઇ હિંદુસ્તાન જોવા નીકળ્યો. દિલ્હીમાં શાહજહાન બાદશાહને મળી, તેની પાસેથી માનપાન પામી તે પોતાના દેશ તરફ પાછો વળ્યો.

પાછા ફરતાં તેણે ચિનાબ નદી ઉપર આવેલા ગુજરાત ગામમાં ઉતારો કર્યો. અહીં તેને તુલા નામના કુંભારની દીકરી સણી સાથે પરિચય થયો. અને તેના પરિણામે બેની વચ્ચે ગાઢ પ્રેમ બંધાયો. ઇજ્જત બેગ ત્યાં જ મુકામ કરીને રહ્યો.

થોડા દિવસે હસનબેગ ગુજરી ગયો. ઇજ્જતબેગ પ્રેમને લીધે બેદરકાર થઇ ગયો. તેનો ઊંટ નાસી ગયો અને બધી દોલત ફના થઇ ગઇ. તે એક ઘેલા ફકીરની માફક ગામમાં રખડતો થઇ ગયો. હવે તે મેઆરના નામથી ઓળખાતો.

આ સ્થિતિમાં તેણે તુલા કુંભારને ત્યાં જ નોકરી લીધી. અહીં બન્નેને કાંઇક સાંત્વન મળ્યું પણ થોડા દિવસમાં તેમના પ્રેમની વાત બહાર પડી ગઇ. પોતાની દીકરીને કોઇ અજાણ્યા પરદેશી સાથે પરણતી અટકાવવાને તુલાએ મેઆરને નોકરીમાંથી કાઢયો અને સણીનો, નાતના એક આબરૂદાર માણસ સાથે, વિવાહ કર્યો.

---

* ગૂજરાત મહાવિદ્યાલયના પ્રથમવર્ષના અધ્યાપનને અંગે કરેલી નોંધ. 'સણી અને મેઆર'ની કથાનો સાર ૧૯૩૬ના 'ગુજરાતી'ના દીવાળીના અંકમાંથી લીધો છે. રા. વિ. પા.

સુણીએ સ્પષ્ટ કહી દીધું કે પોતે મેહારને જ વરેલ છે. બીજાને પરણનાર નથી પણ નાતજાતમાં આબરૂ રાખવા માટે સુણીનાં માબાપે કાઝીને લાલચ આપીને સુણીના સ્પષ્ટ ઇનકાર છતાં તેને જોરજુલમથી પેલા છોકરા સાથે પરણાવી દીધી.

તેમ છતાં સુણી એકની બે થઈ નહિ. અને હવે સ્વતંત્ર થઈને તેણે ચિનાબ નદી ઓળંગી હમેશાં રાત્રે મેહારને મળવા જવાનું રાખ્યું. તે એક પાકા માટીના ઘડા ઊંધો રાખી તરીને નદી ઉતરતી. આવી છાની મુલાકાતોથી તેને વારવા તેના બાપે એક વડીલની મારફત સુણીને શિખામણ આપી. તેને સુણી નીચે પ્રમાણે જવાબ આપે છે:

અધા ! સુણ તું અલેયા, અસાં સુણે અચાર;
હિરડી ધરપર ત્રિસા થિયે, પાઉ પંધ પચાર;
આક લિખ્યા તી લોડિયાં, ખટ્ટ મિડેતી ખ્વાર.

હે વડીલ બંધુ અલેયા ! મારો આચાર અસ્લા સાંભળે છે. હું તો મારાં નશીબનાં લખ્યાં ભોગવું છું પણ આ દુનિયા નકામી ખુવાર થાય છે.

સુણી સંબંધી આવું કેટલુંક કાવ્ય સાહિત્ય છે. તેમાંનુ થોડું જ નીચે આપું છું. સુણી કહે છે:

હિકડયું ન મિડે ઊનારે, આઉ સરે શિયારે
તન વિઝાંતી તારમેં, અસ્વાજે આરે
પણ મહોબતવી મારે, ફેર મિડે હિન કુંનમેં ?

કેટલીક સ્ત્રીઓ ઊનાળે પણ પાણીમાં ઉતરતી નથી. પણ હું આ ઠંડા શિયાળામાં જીવના જોખમે પાણીના તાણમાં શરીરને ફેંકું છું. પણ મહોબત મને મારે છે નહિતર આ ધરામાં કોણ પડે ?

બારો ધ્રુત બત્રિય તડ, વડ વડ હેઠ નાંગ;
માહ્ મુલાજો કરી, તિત મ્હોબત જો માંગ;
હિય મુંઢિ ને સાંગ, જુડો પાણીના પાછી વરાં !

બાર ધરા છે' અને બત્રિસ ટેકરા છે. ટેકરે ટેકરે નાગ છે. પુરુષ પણ મુલાજો કરે-પાછો હઠે ત્યાં મારી મહોબતનો માર્ગ છે. મારો સ્વાંગ, વેશ એવા તે કેવા કે હું પાણીથી પાછી વળું !

સુણીના પરણેત વરે એક વાર મેણાં માર્યાં તે વિષે સુણી કહે છે:

કાલ ડિન કુંભાર, મુકે મોં ચડી મિયણું ડિઇં;
નાંય ન નિમાઝું પડે, ગંધ ન ગંધ્યું ઘીયં:
સંઝે મિંઝ રંઝથી, સે પાસા ફેરે પોય.
ઉથી અધિય રાતજો, ઇ કુનિય કારણ રોય;
કડવા વેણુ કસાથા, ઇ મટે ને તા શોય.
એડા કાંય સબોય, વડ છડેડી બાણુ તરાં.

કાલે આ કુંભારે મને મોંએ ચડીને મેલું કીધું. તે નહાતો નથી નીમાજ પઢતો નથી. ગંધ અને ગંધાતું ધોતો નથી. સાંજ પડવા સાથે તે એદી સૂવા માટે પાસાં ફેરવે છે. અરધી રાત્રે તે ઊઠીને હાંડલીને કારણે રડે છે. એ બેવકૂફ કુંભાર મને કડવાં અને કસાવાં વેણુ ચાવી ચાવીને કહે છે તે મારાથી ખમાતાં નથી. એવા વર સાથે મારા બાપે વ્યર્થ સંબંધ સાંધ્યો ! પણ હું તો મારા પ્યારા પતિને માટે વહાણુની પેઠે તડું છું.

છેવટે સણીનાં માબાપે દુનિયાની શરમથી ડરીને અને સાચો પ્રેમ ન ઓળખી સણીને મારવાનો પ્રપંચ કર્યો. તેના ઘડાની જગાએ એક એવડોજ બીજો કાચો ઘડો મૂકી દીધો. સણી હમેશની માફક ઘડો લઇ ચાલી અને નદીમાં પડી ત્યાં એ ઘડાએ દગો દીધો. પણ હિંમત ન હારતાં તેણે કહ્યું:

ઘડો ભગો ત ગોરેઓ, છાસ મ ભજે ઘડી,
મુહાંટો મેઆરજો, સિઠી રેગો અય સરી.
વાગો તાર તરી, માન મોં ડિસાં હન ગ્યારજો

આ તરવાના આધારરૂપ ઘડો ભાંગ્યો તો ભલે ભાંગ્યો પણ આ મહોબ્બતનો કળસ જે મેં માથે ઉપાડયો છે તે હે ઇશ્વર ન ભાગે, અને આ મેહારનો મુહાટો (મહોબ્બતનો કળસ ઉપાડવાની ઇંઢોણી) તે હવે મીંઢળને બારી સમાન ભારે થઇ છે. હવે આ થોડું ઊંડું પાણી છે તે તરીને માંડ હું મેહારનું મોઢું જોઇ શકું.

પણ એમ મેહારનું મોઢું જોવાય તેમ ન હતું. સણી થાકી ગઇ અને કિનારે ન જ પહોંચી. મરતાં મરતાં તેણે કહ્યું:

અખીએ અઝરાયલ ડિઠો, મને વારુ તો મ્યાર ડાં.

"આંખો સામે અઝરાયલ (મોતના ફિરસ્તા) ને જોઉં છું. મન મેહાર તરફ તણાય છે,"

મેઆરે સુણીની બૂમ સાંભળી અને તેણે પણ સુણીને બચાવવા પાણીમાં પડતું મૂક્યું અને બન્ને વહેણમાં બૂડી મર્યાં.

હીરાની વાતમાં પણ હીરા પોતાનાં પીઅરનાં સગાંના વિરોધથી પોતાના હૃદયનાં વલ્લભને પરણી શકી નથી. તે પણ પોતાના વલ્લભને મળવા જવા માટે પાકા માટીના ઘડાને બદલે ત્રાંબાનો ઘડો લઈને નદી ઓળંગીને જાય છે અને એ ઘડો ભૂલથી બદલાઈ જતાં નદીમાં તરતાં જ મરે છે.

આ રીતે વાતની મુખ્ય હકીકત સુણીની વાતમાંથી જ લીધી છે. પણ એ હકીકત હીરાની વાતમાં એટલી સુંદર રીતે બંધબેસતી નથી. મુખ્ય તો વાંધો એ આવે છે કે હીરાની વાતનો કરુણ અંત ઘડો બદલાવાના અકસ્માતથી થાય છે ત્યારે સુણીની વાતમાં સુણીનાં માબાપ રૂઢિ અને વ્યવહારના મિથ્યા આદરથી પોતે ઘડો બદલી નાંખે છે. એ સાદા બનાવમાં જનસમાજની અંધતા ઉપરના કટાક્ષથી જે રસ આવે છે તે હીરાની વાતના અકસ્માતથી આવતો નથી. વળી એક બીજો વાંધો પણ છે. સુણીની વાતમાં પાકા ઘડાને બદલે કાચો મૂક્યો છે અને સુણીને એ વાતની ખબર ન પડે એ સ્વાભાવિક છે. પણ હીરાને ધાતુના ઘડાને બદલે માટીનો ઘડો આવી જાય તેની ખબર ન પડે એ બિલકુલ સંભવિત નથી. લેખકને આવો અસંભવિત અકસ્માત લાવવો પડ્યો છે તેનું કારણ એ છે કે સુણીનાં માબાપ પોતે કુંભાર હતાં તેથી કાચો ઘડો મૂકી શકે એમ હતું પણ હીરાની વાતમાં એમ કરવું શક્ય નહોતું. તેથી તેમા ધાતુના ઘડાને બદલે માટીનો મૂકવો પડ્યો છે અને એ રીતે વાતમાં અસંભવ દોષ આવી જાય છે. પણ આથી આગળ જઈને પણ આપણે એક બીજો વાંધો કહાડી શકીએ. હીરા સંપૂર્ણ સુધરેલી અને કેળવાએલી છે. તેના વર્તનની કોઈને શંકા નહોતી. લખવાને વાંચવાને ફોટોગ્રાફ પાડવાને તે સ્વતંત્ર હતી તો તરવાને માટે પણ વધારે સારું સાધન ન રાખી શકી હોત !

પણ હીરાની વાતમાં સૌથી મોટો દોષ એ છે કે હીરા વધારે સંસ્કારી છતાં નીતિમાં સુણીથી ઉતરતી છે. સુણી સરલતાથી પ્રેમ બાંધે છે અને બહાદુરીથી તે સૌને કહે છે. હીરા પોતાનો પ્રેમસંબંધ છાનો રાખે છે અને પોતાનું પ્રયોજન સિદ્ધ કરવામાં પોતાની ઓળખી

નણંદને ફોસલાવે છે. પોતાના લગ્નના પતિને છેતરે છે અને તેણે આપેલી છૂટનો દુરુપયોગ કરે છે. અત્યારે પણ સતીની સાદી વાત આપણા જનસમાજને બોધદાયક છે ત્યારે હીરાની વાત માત્ર એક ચમત્કારી વાત છે.

રા. કનૈયાલાલ મુંનશીએ પ્રસ્તાવનામાં હીરાની વાતને વખાણી છે. અલબત હીરાની વાતમાં મોંધી અને હીરાનાં પાત્રો બહુ જ સુરેખ આલેખાયાં છે. પણ એકજ જમાનામાં ફોટોગ્રાફો ઉપરથી સંદેશો ઉકેલનારી હીરા, હીરાના હાથમાં રમતી મોંધી, નદીમાં ચૂંદડી નાખનારો અમલદાર વર્ગ અને ચૂંદડી ઉપરથી રાજકુટુંબમાં ઉત્પાત થશે એવો વહેમ રાખનાર વર્ગ કેમ સંભવે ! આ અસંભવ તો લગભગ દરેક વાતમાં છે એટલે જતો કરીએ તો પૂર્ણ વિચારનો વાંધો રા. મુનશી ન જોતાં આ વાતને વખાણે છે તેનું કારણ તેમનો પોતાનો શોખ અને મનનું વલણ છે. રાઃ મુનશીને 'આવેશવાળું' મન અને ચમત્કારી તાત્કાલિક સાહસ બહુ પ્રિય છે એમ એમની નવલકથાઓ ઉપરથી જણાય છે અને એ અંશો બીજી બધી વાતો કરતાં હીરામાં વિશેષ છે.

રામનારાયણ વિશ્વનાથ પાઠક

ઈલાને

ઈલા! ઘડીક થંભવી જીવન આ વહી જે જંતુ–
વનસ્પતિ તણી અહીં કુદરતે કટોરી કરી,
મહીં મધુર મ્હેકની સુરભિ જો અનેરી ભરી;
અહીં સમીપમાં નચિંત થઈ આવ ને બેસ તું
અને ઉચર એક વાર મુજ લાડનું નામ તું,
–ન થાય તુજ હક્ક એ અવરનો કદી યે જરી–
વળી સ્મરણસોમના સુમન સર્વ આ સંઘરી;
–ગયું જીવન. છો ગયું–જીવન ઝંખીએ આવતું.

અને, તુજ તણો ગણી જીવન કાળ સંભાળજે!
ભવિષ્ય રચજે થઈ પ્રખર આતપે શાન્તિદા
વળી સવિત શી હિમે; સુભગ હાસ્ય ચક્ષે બધાં
હજી દુખ નિવારજે; તું મુજ ભાવિ ઉજાળજે.
મુકી છ મુજ મસ્તકે મૃદુલ આ હથેલી સદા
મુકી ત્યમજ તું હજી; ભગિનિ! નિત્ય પંપાળજે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

ગ્રહો વિષે ન્હાનકડી વાત

ઘણે દૂર આકાશમાં સૂર્યદેવ પોતાનો પ્રકાશ ફેલાવતા હતા. તેમનાં પત્નીનું નામ ગોળાર્ધેશ્વરી હતું. તે અતિ સુંદર હતાં. સૂર્યદેવથી તેમને એક સુંદર પુત્રી થઇ હતી. તેમણે એનું નામ પૃથ્વીદેવી રાખ્યું હતું. આ પુત્રી પણ બહુજ રૂપાળી હતી. માતાપિતા બન્ને તેને બહુજ ચાહતાં. પુત્રી તરફના ઘણા પ્રેમને લીધે સૂર્યદેવ વખતોવખત પુત્રીને સાસરે જતા હતા.

ગોળાર્ધેશ્વરીએ તે પછી એક પુત્રને જન્મ આપ્યો. તેની કાન્તિ બહુજ મધુર હતી. એના સૌંદર્યથી મુગ્ધ થઇને માતપિતાએ તેનું નામ ચંદ્રદેવ રાખ્યું હતું. ચંદ્રદેવ શાંત પણ હઠીલા હતા. સૂર્યદેવ સ્વભાવે ઉગ્ર હતા. એક દિવસ ગુસ્સામાં ને ગુસ્સામાં એમણે ચંદ્રદેવને ઘર બ્હાર કહાડી મૂક્યા. ચંદ્રદેવ પિતાનો રોષ ન ગણકારતાં પોતાની મ્હોટી બ્હેન પૃથ્વીદેવીને ત્યાં જતા રહ્યા. એમણે એવી પ્રતિજ્ઞા લીધી કે કોઇ દિવસ પિતાને ઘેર જવું નહિ.

ગોળાર્ધેશ્વરીને પુત્રવિયોગ અતિશય સાલતો, પણ સૂર્યદેવના ગુસ્સા આગળ તે નિરૂપાય હતી. ગોળાર્ધેશ્વરીને બીજા સાત પુત્રો થયાઃ એમના નામ શુક્રકુમાર, મંગળકુમાર, બુધદેવ, બૃહસ્પતિદેવ, શનિકુમાર, યુરેનસસેન અને નેપ્ચ્યુનસેન હતાં. સૂર્યદેવે પોતાના મોટા પુત્ર તરફના રોષને લઇને આ સાતે પુત્રોને એક ઘણાજ વિદ્વાન તેજોમય નામના ગુરૂને સોંપી દીધાં. પોતાના પુત્રોની ભલામણ કરીને સૂર્યદેવે તેજોમય-

ગુરૂ સાથે એમને જ્યોતિ પ્રદેશમાં મોકલી દીધા. આવો સખ્ત ઘા ન સહેવાથી ગોળાધીશ થોડા વખતમાં મરણ પામી.

૨

જ્યોતિ પ્રદેશ ઘણો દૂર આવેલો છે. તે સોહામણો પ્રદેશ છે. તેનાં જંગલો અતિ મોહક છે. તેનાં એક જંગલની વચ્ચે ઘણોજ ભવ્ય મહેલ દીપી રહ્યો છે. આ મહેલને સાત માળ છે અને તે સુવર્ણથી મંઢી લીધેલા છે. તેને સાતમે માળ સાત ઓરડા છે, તે ઓરડાઓમાં એકેક સુવર્ણ રત્નજડિત પલંગ બિછાવેલા હતા. એ સાતે પલંગમાં સોનેરી રંગની મખમલની તળાઇઓ તથા તેવાંજ ઓશિકાં હતાં. આ મહેલમાં બધી ચીજો સુવર્ણની હોવાથી એનું નામ સુવર્ણમહેલ રાખવામાં આવ્યું હતું.

સૂર્યદેવના સાતે પુત્રો આ ભવ્ય મહેલમાં તેજોમય ગુરૂ સાથે રહેતા હતા. તેઓ ત્યાં બહુ મઝા ભોગવતા હતા. તેજોમય ગુરૂ એમને ઘણીજ રસિકવિદ્યા શીખવતા અને તે એમણે ઘણા ભાવથી શીખવા માંડી હતી. તેમને એક એવી વિદ્યા શીખવી હતી કે જેથી તેઓ પોતાનું રૂપ ગોળાકારમાં ફેરવી શકતા અને ચકર ચકર ફરતા અદ્દર રહી શકતા.

આ સાતે ભાઇઓ સ્વરૂપવાન હતા. તેમના દરેકના કપાળમાં એકેક હીરો હતો. તે હીરા જુદા જુદા રંગના હતા. તેમની પાસે તેમના પિતાએ આપેલું એક સુખડનું વિમાન હતું. તેની બાંધણી ઘણીજ આકર્ષક હતી. તેમાં રત્નોનાં ઝુમ્મર લટકાવેલાં હતાં.

સાતે ભાઇઓ ઘણી વખત વિમાનમાં બેસીને અવનવા પ્રદેશોમાં ફરવા નીકળી પડતા. એક દિવસ તેઓ એજ પ્રમાણે ફરવા ગયા હતા ત્યાં તેમની વચ્ચે એક તકરાર ઉભી થઇ. એક ભાઇ કહે કે મારો હીરો વધારે ચળકતો. તો બીજો કહે મારો. શુક્રકુમાર કહે મારો હીરો શ્વેત છે ત્યારે મંગળ કે મારો લાલ હોવાથી માણેક જેવો સુંદર લાગે છે. એટલામાં બુધકુમાર કહે કે તમે બેઉ જણા તકરાર છોડી દો. કારણ કે મારો હીરો તમારા બન્નેના કરતાં ચઢીઆતો છે. જુઓ તો ખરાઃ એ કેવો સોના જેવો પીળો અને ચળકતો છે ! આની રીતે

તકરાર ચાલતી હતી ત્યાં નાનો નેપ્ચ્યુન બોલી ઉઠ્યોઃ "ભાઇઓ તકરાર ન કરો અને મારૂં કહેવું સાંભળો." બધા શાંત થયા અને એનું કહેવું ધ્યાનથી સાંભળવા લાગ્યા. તે બોલ્યોઃ "ભાઇઓ તમારા બધાના હીરા બહુજ સુંદર અને દિવ્ય છે તેમાં શક તો છેજ નહિ, પણ મને એક વખત ગુરૂજી કહેતા હતા કે આપણા એક મોટાભાઇ જેમનું નામ ચંદ્રદેવ છે તે દેખાવમાં આપણા બધા કરતાં વધારે સુંદર છે. વળી એમ પણ કહેતા હતા કે આપણે એક મ્હોટી બ્હેન છે તે પણ બહુ સ્વરૂપવાન છે. આપણાં પિતા સૂર્યદેવ ઉગ્ર સ્વભાવના હોવાથી ચંદ્રદેવને કાઢી મૂક્યા છે જેથી તે હાલમાં પૃથ્વીબ્હેન પાસે રહે છે. જ્યારે સૂર્યદેવ આપણી બ્હેનને મળવા આવે છે ત્યારે ચંદ્રદેવ સંતાઇ જાય છે અને જ્યારે સૂર્યદેવ જતા રહે છે ત્યારે ચંદ્રભાઇ પોતાનું મુખ બ્હેનને બતાવે છે. આપણી મ્હોટી બ્હેને પોતાની સખી કૌમુદી સાથે ચંદ્રભાઇનાં લગ્ન કરી આપ્યા છે. ભાઇઓ! હું આટલીવાત જાણું છું. તેજોમય ગુરૂએ મને આ વાત જણાવી હતી અને ગુપ્ત રાખવા કહ્યું હતું પણ તમારી લડાઇ વધી પડવાથી આ વાત તમને કહેવાની મને ફરજ પડી." બધા ભાઇઓ આ વાત સાંભળીને બહુજ આશ્ચર્ય પામ્યા અને એક એકની તરફ જોવા લાગ્યા. શુક્રકુમાર, જેમને પોતાના સ્વરૂપનું બહુજ અભિમાન હતું તે, બોલી ઉઠ્યાઃ "ચાલો, આપણે બધા આપણાં ભાઇબ્હેનને મળવા જઇએ." નેપ્ચ્યુનસેને કહ્યુંઃ "એ વાત ખરી, પણ આપણે આપણા ગુરૂની રજા લેવી જોઇએ." આથી તેઓ વિમાનમાં બેસીને સુવર્ણમહેલ તરફ પાછા ફર્યા.

૩

આજે સાતે ભાઇઓને હર્ષ માતો નહતો. ઘણા વર્ષના વિયોગ પછી તેઓ પોતાનાં મ્હોટાં ભાઇ અને બ્હેનને મળવા જવાના હતા. તેમને ગુરૂની રજા મળી ચૂકી હતી. તેમણે વિમાનને બહુજ સુંદરરીતે શણગાર્યું હતું અને બધાએ ઘણાંજ આકર્ષક વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં હતાં.

વિમાનમાં બેસીને તેઓ ઘણીજ ઝડપથી પોતાના ધારેલા પ્રદેશમાં આવી પહોંચ્યા. આ પ્રદેશ તેઓએ પહેલીજવાર જોયો. જાત-

જાતના દેખાવોથી એમને બહુજ મઝા પડી. રસ્તામાં તેમને નાના તારાગણો મળવા લાગ્યાં અને એમને પૂછવા લાગ્યા: "તમે કોણ છો? અને આ રાત્રિ પ્રદેશમાં કેમ આવ્યા છો?" તારાઓના તેજથી સાતે ભાઈઓ વિસ્મય પામ્યા અને શુક્રકુમાર બોલી ઉઠ્યા: "ભાઈઓ અમે અહિં પહેલાવહેલા આવીએ છીએ. મહેરબાની કરી અમારા ભાઈ ચંદ્રદેવ તથા પૃથ્વીબ્હેન ક્યાં રહે છે તે અમને કહેશો!" તારાગણોમાંથી એકજણુ બોલી ઉઠ્યો: "ઓહો! તમે તેમના ભાઈઓ છો? તમને તો સૂર્યદેવે તેજોમય ગુરૂપાસે મૂક્યા છે, ખરૂં ને! જુઓ, જરા નીચે નજર કરો. આ તમારી પૃથ્વીબ્હેન દેખાય છે તે કેવી સુંદર છે! અને કેવી રૂપેરી સાડી ધારણ કરી છે?" સાતે ભાઈઓ પોતાની મ્હોટી બ્હેનને જોઈને બહુ ખુશી થયા અને ઘણા વર્ષથી છુટા પડેલાં ભાઈ-બ્હેન એકબીજાને ઘણા હર્ષથી ભેટ્યાં. શુક્રકુમારને ચંદ્રદેવ પાસે જવાની બહુ ઉતાવળ હતી તેથી પૃથ્વીદેવી સાથે થોડી વાતો કરીને બધા આગળ વધ્યા. ત્યાં તેઓ એક તેજના સમુદ્રમાં ડૂબી ગયા અને એમની આંખો એ તેજથી મીંચાઈ ગઈ. તેમના પ્રકાશિત હીરાઓ તો એ તેજમાં નિસ્તેજ થઈ ગયા! શુક્રકુમારે પોતાના ભાઈને એકદમ ઓળખી કઢાડ્યા અને સૌથી પહેલાં દોડીને ચંદ્રદેવને ભેટી પડ્યા. ચંદ્રદેવે પોતાના ભાઈઓ તરીકે આ નવીન વ્યક્તિઓને ઓળખી. શુક્રકુમારનું સુંદર રૂપ જોઈને ચંદ્રદેવ બહુજ ખુશી થયા અને એમના તરફ એમને બહુજ વ્હાલ આવ્યું. આ પછી ફરીથી મળવા આવવાની આજ્ઞા લઈ સાતે ભાઈઓ જ્યોતિ પ્રદેશમાં પાછા ફર્યા.

૪

એમને જ્યોતિ પ્રદેશમાં આવ્યે અગીઆર વર્ષ થઈ ગયાં હતાં. સાતે ભાઈઓ બધી વિદ્યા શીખી ગયા હતા અને એમના અભ્યાસનું એકજ વર્ષ બાકી રહ્યું હતું. એક વખત શનિકુમાર, વિદ્યા શીખનાં શીખનાં બહુજ કંટાળો આવવાથી, ગુરુની સામે થયા. ગુરૂ શાંતપ્રકૃતિના હોવાથી બીલકુલ ગુસ્સે થયા વિના બધાને મ્હેલ બહાર જવાનું કહ્યું. એકની ભૂલથી બધાને ખમવું પડ્યું તેથી તેઓ ગુરૂપર ચીડાયા. અને તેમણે નાસી જવાનો વિચાર કર્યો. . . . . . .

પહેલાં તો તેઓએ ચંદ્રદેવ પાસે જવાનો વિચાર કર્યો. પણ ત્યાંથી તેજોમય ગુરુ કદાચ પાછા લઇ આવે એમ ધારીને પોતાના પિતા પાસે જવાનું ધાર્યું. બૃહસ્પતિ જે વિચારશીલ હતા. તેમને પોતાના ભાઇઓનું આ સાહસિક પગલું જરાએ ગમતું નહોતું. તેમણે કહ્યું: "ભાઇઓ ગુરુજીના પુસ્તકમાંથી એક ચીઠ્ઠી મળી છે. તે આપણા પિતાની છે. તેમાં લખ્યું છે કે બાર વર્ષ પૂરાં થયા પહેલાં મારા પુત્રોને મારી પાસે ન મોકલશો. જો તેઓ આ મુકરર કરેલા વખત પહેલાં આવશે તો હું તેમને મારી મિલ્કતમાંથી બરતરફ કરીશ. પણ જો તેઓ બારવર્ષ પૂરા થયા પછી આવશે તો હું તેમને અકલ્પિત સુખ આપીશ." એેાસો બાબતમાં તમારું શું કહેવું છે ? કાંઈ પણ સાહસ કરતાં પહેલાં આપણે વિચાર કરવો જોઇએ."

શુક્રકુમારે ઘણુંજ ઉતાવળીઆ સ્વભાવના હોવાથી બધા ભાઇઓને તેમણે ઉંધી સલાહ આપી. બધા ભાઇઓએ વગરબોલ્યે મોટાભાઇની આજ્ઞા માની અને પોતાના વિમાનમાં બેસી સૂર્યદેવ તરફ પ્રયાણ કર્યું.

સૂર્યદેવ જે પ્રદેશમાં રહેતા હતા તેનું નામ ઉષ્ણપ્રદેશ હતું. તે ઉજ્જડ હતો. ત્યાં આનંદ આપે એવી કોઇ પણ ચીજ નહોતી. સાતે ભાંઇઓ નીકળ્યા તો ખરા પણ અર્ધે રસ્તે આવતાંજ તેઓ કંટાળી ગયા. સૂર્યદેવે પોતાનાં ઉષ્ણકિરણો ચારે તરફ ફેલાવ્યાં હતાં તેથી ઉષ્ણ પ્રદેશ હંમેશ કરતાં વધારે વિકટ ભાસતો. સાતે ભાઇઓ બહુજ નિરાશ થયા. તેમનાથી પાછા જવાય એમ પણ નહોતું. ગુરુજીના રોષની એમને બહુ ધાસ્તી હતી. પિતા પાસે જતાં પણ એમના ક્રોધની બીક હતી. આગળ જવું કે પાછા જવું એ બેમાંથી એકકે તેઓ નક્કી કરી શક્યા નહિ તેથી તેઓને અધવચ રહેવું પડ્યું. એકાએક તેમના વિમાનમાં સૂર્યદેવના પ્રચંડ તાપથી ચીરાડા પડ્યા ને તે નીચે તુટી પડ્યું. સાતે ભાઇઓ અંદરથી કુદી પડ્યા અને ચાલવા માંડ્યું. ચાલતા ચાલતા તેઓ બહુજ થાકી ગયા અને શું કરવું તેનાં વિચારમાં પડ્યા. બૃહસ્પતિ પોતાના ભાઇઓનું દુઃખ ન ખમવાથી બોલી ઉઠ્યા: "ભાઇઓ! આપણને ગુરુજીએ શીખવેલી વિદ્યાની અજમાયશ

ફરવાનો વખત આવ્યો છે." આ વાત સાંભળી બધા ખૂબ આનંદમાં આવી ગયા અને તત્કાળ પોતાના રૂપ બદલી ગોળાકાર રૂપ ધારણ કર્યાં. તેઓ ચક્કર ચક્કર ફરતા આકાશમાં અધ્ધર લટકી રહ્યા. આ રૂપમાં તેમને પિતાની પાસે જવાનું સહેલ થઈ પડ્યું. પણ તેઓ તેમની તદ્દન નજીક ન જઈ શક્યા. તેઓ દૂર પણ પિતાના આશ્રય નીચે રહી શક્યા. સાતેમાં બુધ, સૂર્યદેવની પાસે જઈ વસ્યો અને બીજા બધા છુટા છવાયા જઈ રહ્યા.

આ વિધાથી તેમને ચંદ્રદેવ તથા પૃથ્વીદેવીની પાસે જવાનું બહુજ સહેલું થઈ પડ્યું. સૂર્યદેવે પુત્રોની ઉદ્ધતાઈ માફ તો ન કરી પણ ચંદ્રદેવ અને પૃથ્વીદેવીને મળવાની રજા આપી. સાતે ભાઈઓને આથી બહુ સંતોષ તથા આનંદ થયો. ચંદ્રદેવને કાંઈ સંતાન ન હોવાથી, તેમજ શુક્રકુમાર એમને બહુજ ગમવાથી, એને પોતે પુત્ર તરીકે દત્તક લીધો, અને પોતાના મરણ પછી શુક્રકુમાર એમની ગાદી સાચવે એવી ગોઠવણ કરી.

સૂર્યદેવનો રોષ હજી ઉતર્યો નથી. જ્યારે જ્યારે તેઓ પૃથ્વીદેવીની મુલાકાતે આવે છે ત્યારે ચંદ્રદેવ તેમજ આ સાતે જણાને સંતાઈ રહેવું પડે છે. પણ આ સાતે જણાને રાત્રિપ્રદેશમાં રહેવાનું મળ્યું તથા પોતાના ભાઈ બ્હેનને મળવાની આજ્ઞા મળી તેથી બહુજ આનંદ થયો છે અને તેઓ શાંતિથી પોતાનો કાળ નિર્ગમન કરે છે.

કમળા



રાસ

આજ આનંદરસ ઉછળે હેલ્રીયાં
સર્વ સાહેલડી રાસ લેતી;
વિમલરસ નિર્ઝરે, ક્ષમિત હૈયાં ગહન
હૃદયમાં સ્નેહની જ્યોત જલતી. આજ૦

હસ્તદલપદ્મમાં રમ્ય લાલી ઝગે
તાલીથી તાલ દેતાં જ ફરતાં;
કંઠથી કુંજકોકિલ ગુંજી જતાં
કોકિલાસૂર પ્રાસાદ ભરતાં. આજ૦

ગેબીબિંનના પલ્લા દેવી સુર અબુજને
 અંગુલી ફેરવે કોઈ ધીરે;
તાલની ઠેક રસહેલ ઉછાળતી
 તારલીમાલ ગુંથી સુધીરે. આજ૦

અંગુલી આંટવી ગુંથીને ન્નેમમાં
 વિપુલ રસકૂકડી સર્વ ફરતી;
એ જ રસકૂકડી સાથ ફરતાં વિમલ
 અખિલ બ્રહ્માંડની હેલ સરતી. આજ૦

ગાનની અવનવી ભાવ રસઝરણીમાં
 રસભરી ન્હાતી રસબોળ દેહે;
વિપુલ રસસૃષ્ટિના મંત્ર કે ગુંજતા
 કંઠથી મધુર આલાપ ગેહે. આજ૦

દેવીરસ નિર્ઝરે, ગાનની પંક્તિ એ
 જ્યોત્સ્નાની જે કંઈ સ્નિગ્ધ વહેલી;
પ્રણયરસમંત્રથી જગત્ ન્હવરાવતી
 મુખડેથી વહે ગાન સરલી. આજ૦

વદનમાં અવનવાં નૂર કે ઝળકતાં
 દંત દિસે જ મૌક્તિકમાલા;
દિપ્તીમય તે જ રેલાવિયાં વિશ્વમાં
 રૂપ ભાસે જ વિદ્યુતમાલા. આજ૦

દિવ્યતા દીપની વરલ દ્રગજ્યોતથી
 જીવનમાં તિમિરહર તેજ ભરતી
જીવિતસર અંજનીમંત્ર રેલાવયે
 માનુની રાસથી પુનિત ધરતી. આજ૦

દામોદર ખુશાલદાસ બોટાદકર

અસંતોષના આવેશ

ગુજરાત કૉલેજમાં અભ્યાસ કરવો ને માંડવીપોળમાં ગોઠવણ કરવી એ બધાના ભાગ્યમાં ન હોય. વિદ્યાર્થી અવસ્થાની સાથે ગૃહસ્થાશ્રમ અનુભવવા તરફ પ્રજાના અમુક વર્ગનો જરી ઠાવો અભિપ્રાય મળે છે. મ્હને જો કે દંપતિજીવનના કોડ ન હતા, પણ એ સ્થિતિમાં ચારેક માસ જેટલા સમય પછી પણ જરીયે નિરાશા નહોતી ઉપજતી.

ત્રણ મજલાનું મકાન ને નાની સરખી અગાશી એ અમારા રહેઠાણની સાદી વિગત હતી. બીજા મજલાની એક ઓરડી, ત્રીજાની એક ને અગાશીનો અર્ધા કરતાં સેજ ઓછો ભાગ અમારે ભાગે, ને બાકીનું ઘરધણી પોતે સાચવતાં. બન્ને ઓરડીઓની બારીઓ નાની ગલીમાં પડતી તેથી હવા અજવાળાનું કંઈક સુખ હતું. બાકી છ ફીટથી ઉંચો માણસ આવ્યો હોય તો એને નાના દેખાવાનો પ્રયત્ન કરવો ફરજીયાત થઇ પડે, એટલી ઓરડીઓની ઉંચાઇ હતી.

અમને જ્યારે સ્વતંત્ર થવાની છુટ મળી ત્યારના કરતાં અત્યારે મ્હને જીંદગીમાં ઓછી હોંશ છે, એવું હું નથી માનતો. જ્યારે, શ્રીમતિને મ્હેં પ્રથમ આમંત્રણ આપ્યું ત્યારે એમને મન તો બી. એ. ની પરિક્ષામાં પસાર થયા કરતાં યે વધુ આનન્દ ઉપજ્યો હતો. તે પહેલાં શહેરનું જીવન કોઇ દિવસ નજરે નિહાળવાનો પ્રસંગ પણ એમને ઉપજેલો, તેથી જગ્યાની કૃપણતા એમને બહુ સાલી નહીં. થોડી જગ્યામાં ઝાઝી વસ્તુઓનો સમાવેશ કરવાનો હોવાથી વ્યવસ્થાપકની બાહોશી એમણે જાતેજ સજી લીધી. ને દળવા-ખાંડવાનાં ને પાણી ભરવાનાં પણ હવેથી બંધ થયાં એટલે બપોરે જરી પગ લાંબો, થઇ શકતો.

કોલેજમાંથી બહુધા ૨–૪૫ ને કેટલીક વાર ૩–૩૦ પછી હું અમારા રસમન્દિરીયે જતો. ઘણું ખરૂં શ્રીમતિ રાહ જોઇને બારીએથી ગલીની ટુંકી વાટ નિહાળતાં હોય, ને કદાચ સામી બારીએથી શબ્દોની આપલે થતી હોય. એમને વાંચનનો શોખ થોડો તો નહિ, પણ અર્વાચીન સાહિત્ય તરફ જરી અણગમો હતો, એટલે અત્યારનાં માસિકો ને નવી નવી કૃતિઓ, એમને માટે નિરર્થક હતી. બહુ તો 'સાહિત્ય' માંથી, હવે જુજ વાંચે એવું, 'સભાપર્વ' જેવું વાંચે. પણ, તે એટલુંજ.

સ્હાંજના ૫ સુધી હું ઘેરજ રહેતો; વાંચુ, ચિતરૂં કે વાતો કરૂં. પહેલા બે કરતાં ત્રીજો વ્યવસાય બન્નેને અનુકુળ આવતો હોવાથી અણજાણ્યે એને પ્રાધાન્ય મળી જતું. પાંચ પછી ભણાવવા જતો તે સહજ સ્હાંજના સાત થઇ જતા, એટલે બારોબાર વ્યાયામ મંદિરમાં જઇ, ઘર ઉપયોગી કે જરૂરી ચીજો ખરીદી, આઠ સાડા આઠે હું પાછો ફરતો. રાતનું વાંચવાનું. સ્હવારે બીજે ઠેકાણે એક કલાક ભણાવી આવવાનું વિગેરે તો નિયમિત કાર્યક્રમ થઇ ગયેલો, એટલે બહુ વસમું ન લાગતું.

પણ, જ્યારે જ્યારે વાંચતો કે ચિતરતો ત્યારે હું અમારા ન્હાનકડા મહાલયની અટારીએ ગોઠવાતો. સ્હવારમાં તડકો પડતો પણ સહન થઇ શકતો.

ને, સામેની–જરીક નીચેની–બારીમાંથી કદીક મીઠાં હાલરડાંનાં કે સુંદર ભાવનાનાં ગીતો ઉડતાં, મ્હને રીઝવતાં.

ત્યારે હું Sketching–સ્કેચીંગ શીખતો. ક્યાંક દેશપરદેશની જાહેર વ્યક્તિ આવવાની હોય ને લાગ મળે તો એનો ચ્હેરો ઉતારી લેવાનો પ્રયત્ન હું કર્યા કરતો. શ્રીમતિના સ્કેચીઝ ઠીક ઠીક આવ્યા લાગતા, પણ એમનો તો નિશ્ચયજ હતો કે એવી મહેનત લેવી તે કરતાં છબી પડાવી હોય તો શું?

ને, એકવાર સામી બારીમાંથી હાલરડાં ગાતી તે ગીનો ચ્હેરો લેવાનો મ્હેં યત્ન કર્યો. શ્રીમતિને પૂછ્યું ત્યારે એણે તરત ઓળખી આપ્યો, એટલે મ્હને સંતોષ થયો.

કોઇ સહાધ્યાયી પાસેથી, કોઇક વાર સસ્તુંસાહિત્યમાં કામ કરનાર વ્યાયામ મંદિરના મિત્ર પાસેથી હું નવાં નવાં ને જુદાં જુદાં માસિકો લાવ્યા કરતો. બહુ તો શ્રીમતિ એમાંથી ચિત્રો જુએ ને નીચે લખેલી લીટી વાંચે. પણ, પછી તો એ સામી બારીમાં વંચાતાં હોય એમ મ્હને લાગ્યું. 'ગુજરાત' તો ઠીક, પણ 'સાહિત્ય' ને 'કૌમુદી' જોયાં, ત્યારે તો મ્હને આશ્ચર્ય થયું. હું એમજ ધારતો કે વિવેચન તો મશ્કત વાંચવા મળે એટલાજ વાંચતા હશે. પછી 'ગુણસુંદરી' જેવું માસિક નહોતો લાવતો તે પણ શોધી લાવવા માંડ્યું.

ને આ માસિકો વંચાતાં હોય, એના સ્કેચીઝ પણ મ્હારી પાસે ઘણા છે.

ધીમે ધીમે એ લોકોને ઓળખવામાં મ્હને રસ પડ્યો. એ સાહિત્યરસિક સ્ત્રીના પતિ વેપારી જેવો દમામ રાખતા. મ્હને એમનેજ પૂછતાં જણાયું કે એમનો વેપાર શેરબજારના વાયદાનો છે. એમના પોતાના વાંચનના શોખ માટે એમણે સત્યેન્દ્રપ્રસાદ મહેતાનાં લેદી ઓવરાનાં પાનપટ્ટી પુસ્તકો પસંદ કર્યાં હતાં. કેટલીક ચોપડીઓ તો એક રાતમાં પૂરી કરી નાંખતા; ને કહે પણ ખરા કે 'એમાં થોડું ભયાનક આવે છે.' આખરે એ સટોરિયાજ હતા.

કોઇકવાર સ્હવારમાં મ્હને એ બૂમ પાડતા. 'માસ્તર, આવોને જરા ચ્હા પીએ.' હું જતો મ્હને જવું ગમતું. શ્રીમંતાઇની છાકળ-છોક સાથે ક્યાંક ક્યાંક રસિકતાની સાદાઇ ની કલાની પિછાન દેખાઇ આવતી. મ્હને એ બન્નેનું સંમિશ્રણ સહજ આશ્ચર્ય ઉપજાવતું. એ કોઇકવાર ક્રિકેટમેચની વાત કરે, તો કોઇકવાર રાજપ્રકરણ બોલે, કોઇકવાર મ્હારે તદ્દન નિરૂપયોગી એવું એમનું વાયદાશાસ્ત્ર પણ ઉપાડે; ને ત્યારે હું રજા લેતો.

એકવાર એમને બારોબાર મુંબઇ જવાનું થયું. એમના મિત્રે ટેલીફોનમાં ખબર મોકલી કે એક તદ્દન નવા ખેલ માટે એમની ટીકીટ લઇ રાખી છે માટે જરૂર આવી જવું. વળી બજારભાવ પણ જાણવા જેવા હતા, તેથી ગુડરાતે જ બારોબાર એ ઉપડી ગયા. ઘેર માણસ મોકલી એમણે ખબર કહાવી હતી. બીજી સ્હવારેજ શ્રીમતિએ કહ્યું'

કે '—બેનનું બાળક અસ્વસ્થ છે. એમના પતિ મુંબઇ ગયા છે. તો ત્હમે ન પૂછી આવો કે કંઇ જરૂર હોય...'

શનિવારે અમારા પ્રોફેસર નથી આવી શકતા, ને તેથી એ વધારાનો તહેવાર તરીકે અમારે ઉજવાતો. કપડાં પહેરી, 'ત્યાંથી પર 'બાર્ચો ભણાવા જાઇશ' કહી, નીકળ્યો. સાથે એક પુસ્તક લઇ લીધું.

દાદર ઉપર ઉભા ઉભા જ મ્હેં બૂમ મારી ને મ્હને ઉપર બોલાવ્યો એટલે ગયો. મુંબઇ ગયાની ખબર કરી, બાળક ઓચિંતું માંદુ પડયાની વાત કરી. મ્હેં પણ કંઇ કામ હોય તેને માટે પૂછ્યું. પણ એમણે ના પાડી એટલે હું જવા ઉઠયો.

"બેસોને; કંઇ બહુ ઉતાવળ છે?"

"ના રે ના. આજે ક્યાં કોલેજમાં જવાનું છે!"

"તો આ ચ્હા થાય ત્યાં સુધી તો બેસવું પડશે. આ કયું પુસ્તક છે?"

"પેલાં જપ્ત થએલાં બદ્રુમાઇનાં નાટકો. ત્હમે નથી વાંચ્યાં?"

"ના; પણ જપ્ત કેમ થયાં!"

"મુસલમાનો માને છે કે એમાં મહમ્મદ પયગમ્બર વિરૂદ્ધ..."

"પણ તો તો અનેક ચોપડીઓ જપ્ત થવી જોઇએ. પેલા 'લેન્ડોરના સંવાદો' માં તો મહમ્મદ વિરૂદ્ધ લખાય તેટલું છે. કેમ એ બધાને કોઇ...."

"હં; એજ ખૂબી છે."

ને આમ વાત વધતી ગઇ. એમને આજ રસોઇની પંચાત નહોતી. બેબી ઉંઘતું હતું, જ્વર ધીમો પડયો હતો; ને હું તો નિવૃત્ત હતો. સાહિત્યની, કલાની, સંગીતની, સમાજની, પૂર્વની, પશ્ચિમની એવી કંઇક વાત મ્હેં કરી. એમને એ બધું ગમતું. લાગણીનો આવેશ હતો, પણ જુની પુરાણી કર્તવ્યભાવનાથી એ જકડાયેલાં લાગ્યાં. સ્વાતંત્ર્યનો ધ્વનિ હતો, પણ એના પડઘા જ્યાંથી ઉડતા ત્યાંજ વિરમતા. એમનું હૈયું વિહ્વળ હતું, પણ સંયમની દૃઢતાથી એ એની એ સ્થિતિ દીપાવી રાખતાં. મ્હને એમની સ્થિતિમાં, વિચારમાં, લાગમાં રસ પડયો ને

એમને બહુ દિવસે ખુલ્લે દિલે વાતો કરવાનું સ્થાન મળ્યું તથા શાંતિ ઉપજી.

પણ બગાવવા જવાનું ભૂલાતું હતું ધારી હું ઉઠ્યો. વખત મળે તો બપોરે આવવાનું એમણે કહ્યું. મ્હને લાગ્યું કે મ્હારા ગયા પછી થોડાં છાનાં આંસુ ઢળશે. અંતરના ઉકળાટ પછી ક્યારે એમ નથી થતું ?

આખે રસ્તે મ્હેને વિચિત્ર વિચારો આવ્યા. શ્રીમંતાઇ હોય ત્યાંયે અસંતોષની જ્વાળાઓ ભભૂકે છે ખરી. શ્રીમતિના સહવાસે મ્હને પ્રેરણા નહોતી મળતી, જગત નહોતું ભૂલી જવાતું, નવી સૃષ્ટિ સ્થાપવાના વિચાર નહોતા આવતા. એમની સાદી ભાષા, સાદા રીતરિવાજ, સાદી ભાવના મ્હારે માટે પૂરતી છે કે નહિ એનો ખ્યાલ પણ મ્હને નહોતો. એમને રસિક બનાવવાનો મ્હેં યત્નજ નહોતો કર્યો, કારણકે એમની ઉણપો મ્હારી ધ્યાન મ્હાર હતી. હવેથી બધું પલટાતું હોય એવું મ્હને લાગવા માંડ્યું. કારણ કે હું પિછાની શકું એવું દૈવું મ્હને અચાનક જડ્યું હતું. મ્હારી રસવૃત્તિ કોઇ સ્ત્રી ને સતેજ કરે એ ખ્યાલ કેટલો સુંદર હતો ?

બીજો દિવસ રવીવાર હતો. સાધારણ રીતે તે દિવસે શ્રીમતિને હું ફરવા લઇ જતો. મુંબઇથી હજુ એ પાછા નહોતા આવ્યા ને ખુલ્લી હવામાં થોડુંક ફરવાથી એમની ઠીક થશે એમ ધારી અમારી સાથે એ પણ જોડાયાં. વિક્ટોરિયા બાગને એક છેડેથી સાબરમતીમાં સૂર્યાસ્તના રંગો ઢોળાતા હતા એ જોયું. આખ ઠારે એવી હીસોતરી જોઇ. શ્રીમતિ એમને વચ્ચેજ રાખતી. મ્હારી સગવડની ખાતર નહિ: પણ પોતાની મર્યાદાની ખાતર. ત્હાંથી પાછાં ફર્યાં ત્યારે હું ને તે વધુ નિકટ આવ્યાં હતાં.

સોમ સવારે મુંબઇથી એ પાછા ફર્યા. પછી એમીના કારણે કે ગરમીના ઉકળાટને કારણે એમણે મકાન બદલ્યું. નદીપાર કોલેજના રસ્તા ઉપર એક બંગલાનો થોડો ભાગ એમણે લઇ લીધો. ત્યારે જ અમારો સંબંધ કેટલો વધ્યો હતો તે અરસપરસ સમજાયું.

કોલેજમાં જતાં જતાં એ બંગલા પાસે હું ધીરો થઇ જતો. કૈંક દેખાય, કૈંક સંભળાય એવી માયા ઉપજતી. ઘડીક મળી આવું

એવો ઉમળકો થઇ આવતો. પણ......એ ન બોલાવે ત્યાં સુધી તો નજ જવું એ મ્હને ઠીક લાગતું.

પણ, શનિએ મ્હને એક કાર્ડ મળ્યો; શ્રીમતિને લઇને સ્હાંજે ત્યાં બોલાવ્યો હતો. હું ગયો.

સમ્મરા પૂરી થઇ એટલે મ્હને એક વાત જણાતી. જો પાંચેક રૂપિયા વધુ ખર્ચી શકું તો એજ મકાનમાં બીજી બે ત્રણ ઓરડીઓ રોકી શકાય એમ હતું. કોલેજ પાસે પડે, હવા અજવાળા નો લાભ મળે, ને સહવાસની મીઠાશ તો ઓર હતી. શ્રીમતિનો વિચાર પૂરો હતો; પણ મ્હારે ના કહેવી પડી: કારણ કે સ્હવાર સ્હાંજ ભણાવવા જવું પડે તે અહીં રહીએ તો ના ફાવે. ને તે સિવાય તો પાંચ રૂપિયા શી રીતે વધુ ખર્ચાય ?

થોડા દિવસ પછી આ મુશ્કેલી પણ ટળી ગઇ. સ્હવારને માટે સાયકલ એમણે આપવા હા પાડી, ને સાંજના પરચુરણ બજારનું કામ, વ્યાયામ મંદિર, ને ભણાવવાનું; બધુંયે સચવાય એમ હોવાથી મ્હેં પણ રહેવાનું ફેરવી નાંખ્યું. મ્હારે સગવડ થઇ, એમની એકલતા ગઇ ને દિન પ્રતિદિન અમારો આનન્દ વધતો ગયો.

પણ શ્રીમતિથી હવે અહિં રહેવાય એવું ન હતું. બહુ તો મહિનો રહી શકે. પણ પછી તો એનું કામ મ્હારે ઉપાડી લેવું પડે ને પરિક્ષા સ્હામે ઉભી હતી. શું કરવું ?

એનો ય નિર્ણય એમણેજ કરી દીધો.

"ત્હમે શ્રીમતિને મોકલી દો. જરીયે મુંઝાતા નહિ. જમવાનું અમારે ત્યાં થઇ રહેશે."

"ના ત્હમારી માયાળુતાનો અણઘટતો ઉપયોગ કરી ત્હમારાં ઉપર હું બોજો થવા નથી માગતો."

પણ રાત્રે શેઠને હું મળ્યા ત્યારે એમણે વાત કરી. ત્હમે કલાક બે કલાક એને ચિંતરવાનું કે એવું કંઈ ન શિખવો ? હમણાં ત્હમારે વખત થોડો છે, પણ સ્હવારનું જવાનું બંધ કરી વખત બચાવી લો."

"પણ મ્હારે આ રહેઠાણુંજ ફેરવવું પડશે. જમવાની મુશ્કેલી..."

"ત્હેનું શું છે ? અહિંજ જમો તો શો વાંધો છે ?"

"પણ, તેથી તો અમારે બેનને કેટલી બધી ઉપાધી વધે ?"

"ના, મ્હને તો ત્હમારી પાસેથી શીખવાનો જે ઉમંગ છે, તે જ ત્હમારી સગવડ સાચવવામાં રહેશે." ને એમનો આગ્રહ એટલો વધ્યો કે મ્હારાથી ના પડાઇ જ નહીં.

ને શ્રીમતિને હું મૂકી આવ્યો.

એમના સંગીતમાં ત્યારપછી મ્હારી ચિત્રકળા કૈંક ખીલી. શીખવવાનું હતું, એટલે એ વિષય ઉપર વધુ ધ્યાન દેવાતું ગયું. સાહિત્યની મીઠી ચર્ચાઓ ત્યાર પછીથી જામતી ગઇ. ને બે સહાધ્યાયીઓ જેવાં અમે એક છતાં જુદાં હતાં. પણ, એ જુદાઇથી જ જીવનમાં પુષ્પ-પરાગ પ્રસરતી, તે હું કેમ ભૂલું !

જૂના જમાનામાં શ્રીમતિ સાથે મ્હેં લગ્નવ્રતો લીધાં હશે, તે મ્હને યાદ નથી પણ, મ્હારામાં મલિનતા ઉપજવાનું એક પણ ચિન્હ હજુ સુધી જણાયું ન હતું. પરસ્પરના દૃઢ વિશ્વાસે અમે બીજામાં વિશ્વાસ ઉપજાવી શકતાં.

પણ, એક વાત કહું ? એમનો પરિક્ષીન જીવનનો અસંતોષ ત્યાર પછીથી વધતો ગયો. મ્હને એ ન રૂચતું, પણ એ નિવારવાનો મ્હને માર્ગ ન જડતો. એમને એમજ લાગતું કે એ શ્રીમંતાઇના વિલાસવૈભવમાં જીવન વ્યતીત કરવાના નથી. કલા ને સંગીતની પૂરી ખિલવટથી આત્માની જાગૃતિનો જે આનન્દ ઉપજે તે અનુભવવાની એમને હોંશ પ્રગટી.

ને એક દિવસ મ્હેં ક્યાંક વાંચેલું તે કહી સંભળાવ્યું: 'કલા જીવનની સુવાસ છે.' ત્યારે એમણે વિચારમાં પડી પુછ્યું: "એ સૌરભનું મુલ્ય શાથી ઓછું અંકાય છે !"

એમના પતિના જીવન પ્રત્યેનો એમનો વિરોધ તે પછીથી વ્યક્ત સ્વરૂપ લેતો ગયો. ને દિલ બીજે માર્ગે પોળતું ગયું. આ ફેરફાર હું જોઇ શક્યો, ને એની ગંભીરતા ન પારખી શક્યો. કારણ કે પિંજર-વશ પડેલ પંખીની પાંખોના ફફડાટથી તો હું યે ત્રાસતો હતો. હું કહું તેમાં માનવાની એમને આસ્થા હતી. પણ જ્યારે એમના જીવનની ખોટ જણાવતાં ત્યારે તો શિખામણો ને સત્યોથી હું યે હારી જતો.

અસંતોષના આવેશ

[illegible]

ને ક્યારે એ અસંતોષ કેવું સ્વરૂપ લે એ કોણ કહી શકે?

એ સ્થિતિ પલટાવવી સ્હેલી હતી. અસંતોષનું કારણ દૂર નહતો. મ્હારે ગયે પૂર્વવત્ થઇ જાય એવી સ્થિતિ હવે રહી ન હતી. ભાવનાઓનો વિરોધ ને સંસ્કૃતિની જુદી જુદી સપાટી ઉપર રહી સાથે જીવવાનું એમને ખુંચતું હતું. તેથી મ્હેં મ્હને સૂઝ્યો તે માર્ગ મ્હેં લીધો. ધીમેથી મ્હેં મ્હારૂં સુકાન ફેરવ્યું.

શેઠના જીવનમાં રસ ઉપજે, કલ્પના ખીલે, સંસ્કૃતિ આવે એવા પ્રયત્ન કરવાનું મ્હેં નક્કી કર્યું. પણ એ તદ્દન નિરર્થક હતું. હું-બેનને છોડું, પણ એ મ્હને નહિ. ને એમના પતિ તો જીવનનું મધ્યબિંદુ એટલે શેરબજાર માનનારા એટલે એમને મ્હારી વાતો રૂચી નહિ ને પચીયે નહિ.

આની આ સ્થિતિ વધુ વખત લંબાય એ તો કેમ જ ધારી શકાય? ને, મ્હારે કયો માર્ગ લેવો એ સૂઝતું નથી. કલાપિપાસુ બે વ્યક્તિઓનાં સહજીવન નિષ્ઠુરતાથી તોડી નાખવાં! આંખ મીંચામણા કરતા કરતાં ભવિષ્યને સોંપી દેવું? કે એક અંતરની બધી આશાઓ ભગ્ન કરી ક્યાંક ચાલ્યા જવું?

એ તો અત્યારે એના હાલરડાં ગાય છે, ને હું છાનો છાનો એમનો સ્કેચ લઉં છું.

નંદલાલ વેદ

જીવનબંસી

જીવનબંસીનો નાદ કોઈ દિવસ સાંભળ્યો છે ?

ઉંચી એ આંબાડાળે છુપાએલી કોયલનો છેલ્લો ટહુકો સંભળાયો; ત્યારે તે બીજના ચંદ્રનાં દર્શન કરવા બ્હાર આવ્યો. પણ—

ત્હેને તો આંબાડાળમાં પૂર્ણચંદ્રનાં દર્શન થયાં. તે ગુંચવાયો. આજે તો બીજ, ને પૂર્ણિમાનો ચંદ્ર ક્યાંથી ?

ત્યાં તો ચંદ્ર ખસ્યો ને પાછાં બીજના ચંદ્રનાં દર્શન થયાં.

ત્યારે તે કોણ ?

*

ગુલાબની લાલી ત્હેનામાં હતી ને કમળની મૃદુતાયે હતી. બકુલની શાશ્વત સુગંધે હતી. જગતના મધુરપમયાં પુષ્પોની એ માળા હતી.

પરલોકની પંથથી ઉતરતાં સૂર્યદેવને સત્કારવા આભનાં સુવર્ણ-દ્વાર ઉઘડતાં જણાયાં ને મીટ માંડતામાં તો પૃથ્વીઅજવાળતા સૂર્યદેવ પધાર્યા. જગતનું ચેતન ત્હેમને દર્શન આવ્યું.

આમ્રકુંજની ઝીણી ઝીણી જાળીઓમાંથી સૂર્ય ડોકીઆં કરતો હતો. ફળ તોડવા તે ઝાડ ઉપર ચ્હડયો હતો ને ત્હેની પાછળ સૂર્ય ઢંકાયો.

એવે સૂર્યનાં પૂજનને કાજ તે બહાર આવી ને અનેરાં સૂર્યનાં દર્શન કર્યાં. ફરી એ આમ્રકુંજ !!

*

ત્યાર પછી તો ઉરબંસીઓ અનેકવાર છેડાતી અને ઝરંત રસમાં તેઓ ન્હાતાં.

એક કહેઃ બંસીનો નાદ સુણી દોડી ગયાં, ને
ગ્હારે ન્હાલે કર્યાં ત્ય્હાં પ્રેમ રે;
કહોને ગોપી કેમ આવ્યાં રે.
બંસી બજાવી, પ્યારા ! પાસે બોલાવી,
વળી હવે પૂછો શું આમ રે;
સુણો કા'ન એમ આવ્યાં રે.
વૃંદાવને હસો બંસી બજવું,
ત્હેણે હરી લીધાં શું મન રે;
કહોને ગોપી કેમ આવ્યાં રે.
બંસીના નાદે, પ્યારા ! કહ્યું આવીને,
એમ ભૂલ્યાં ઘરનાં કામ રે;
સુણો કા'ન એમ આવ્યાં રે. લોકગીત.

અને એમ રસભરી પ્રશ્નોત્તરી થતી.

*

અને તે બંસીનો અચ્છો બજવૈયો હતો. સારીયે સૃષ્ટિ એની બંસીના તાલમાં ડોલી રહેતી. હજીયે ક્ય્હાં નથી ડોલતી !

એની બંસીનો નાદ અનિલલહરીમાં વીંટળાઇને સુરલોકમાં પહોંચતો ત્યારે ત્યાં ઓર રંગ જામતો. કેટલીક વખત સ્વર્ગ પૃથ્વી ઉપર ઉતરતું ને એ રસામૃતનું પાન કરતું.

આ તો ત્હેની અબનુસની બંસરીનો સુર હતો; પણ ત્હેની જીવનબંસીનો સુર તો અનેરોજ હતો. ને કોઇકજ તે પામતું.

અને એ જીવનબંસીના સુર ઉપર તે પોતાનું જીવન વારી જતી.

*

પણ કુદરત ? કેટલીક વખત કુદરતને ય ઇર્ષ્યા આવે છે.

લીલી હરિયાળી, સૂર્યનાં કિરણોમાં, નીલમ શી ચમકતી ને મંહી આછીક શાં ફુલે ચમકતાં. ધીમી ધીમી વાયુલહરી પંખીઓનાં મધુર કલરવને જગતનાં કર્ણુંદ્રમાં પધરાવતી ને પાવન કરતી. કુદરત એમ ચોમેર ખીલી રહી હતી.

એવે કુદરતની સ્હામે જંગ ખેડવા સરવરની પાળપર બેસીને સરવરના તરંગ શી ધીમી ને મીઠી હલકે બંસીમાં એનેરૂં ગાન ગાયું.

તરત તે હસતી હસતી દોડી આવી. જાણે સ્વર્ગ જીતવા નીકળી ન હોય !

પણ...પણ ત્હેને ભાન ન રહ્યું. તે તો એ જીવનબંસીને નાદે ઘેલી બની હતી ને એકદમ આવીને આંખ દબાવવા ગઇ. પણ ત્હેનો આંચકો ત્હેને લાગ્યો. અણધાર્યો એ આંચકો—એણેજ કુદરતનું કામ કર્યું ને બને સાથેજ સરવરમાં પડયાં.

અને એમ સ્વર્ગ જીતતાં પહેલાં ત્હેણે જગતને નમાવ્યું.

પણ એની બંસી તો અમી વર્ષા વર્ષાવતીજ રહી. હજીયે એ સરવરમાંથી એમની જીવનબંસીનો સુર સાથે જ ઉઠે છે ને રસના ભોગી એ સુર સુણવા સ્હવારસ્હાંજ ત્યાં જાય છે, ન્હાય છે ને પાવન થાય છે.

જીવનબંસીનો એ સુર સુણવા કોઇક દિવસ તો પધારજો !

આનન્દ

આદર્શ પતિ

ગામની દૂર એક ખુલ્લી અને રમ્ય જગ્યામાં શિવનું એક દેવાલય છે. એક દિવસ સાયંકાળે એક સુન્દર બાલિકા ઉતાવળે પગલે એ તરફ જતી હતી. હેના મ્હોં પર આશા અને ઉત્સાહની લાગણીઓ જણાતી હતી. તે ચાલતી હતી પણ હેની નજર દેવાલય તરફ હતી. તે ત્યાં પહોંચી ત્યારે દ્વાર બંધ જોઇ હેનું મન પડી ગયું. ત્યાં બેઠેલી એક બાઇને હેણે પુછ્યું: "હજી દ્વાર ઉઘડ્યું નથી?"

તે બાઇએ કહ્યું: "ના, હજી પૂજા નથી થઇ. પૂજારી એમ કહેતો હતો કે થોડીવારમાં ઉઘડશે."

પુષ્પોની ભરેલી છાબ નીચે મૂકી આવનાર બાલિકા ઓસરી પર બેઠી.

હેનું મન અશાંત હતું. તે કાંઇક ગણગણતી હોય તેમ બબડી: "અહો ઇશ્વર, હારી પણ અજબ માયા છે. હજી પણ મ્હારો આદર્શ પતિ તેં નજ બતાવ્યો. આટલાં વર્ષો થયાં હારી પૂજા કરૂં છું: આજે એનું તેં મ્હને સ્વપ્ન પણ આપ્યું." થોડીક વારે ફરી તે બોલી: "ના, ના, ઇશ્વર કૃપાળુ છે; આજે તો મ્હારી આશા પૂર્ણ થશે જ."

એટલામાં દ્વાર ઉઘડ્યું. બાલિકા ઉભી થઇ અને અંદર ગઇ. દરરોજની પુષ્પછાબ એ નીચે મુકે છે. ઇશ્વરને તે ફુલો નથી ચઢાવતી; પૂજા પણ નથી કરતી; બધું એને કાંઇ અજબ લાગે છે. ધીરેધીરે એ ભાન ભૂલી જતી હોય તેમ ઉભી રહે છે. જેમ ઋષિમુનીઓ તપ આદરે અને ઇશ્વરની છાયા પડે તેમ એના હૃદયમાં એના આદર્શ પતિની છાયા પડે છે. એટલામાં અજબ રીતે દેવળનાં દ્વાર એકદમ બંધ થયાં

હોય એમ ત્હેને લાગ્યું; અને ત્હેનો આદર્શ પતિ ત્હેની નજરે પડ્યો. અચાનક ત્હેને આનંદની મુર્ચ્છા આવી ગઇ. થોડીવારે જાગીને છાબમાંથી પુષ્પો લઇ એને આપવા જાય છે ત્યારે જુએ છે કે ત્યાં કોઇ હતું નહિ.

બાલિકા નિરાશ થઇ ગઇ આટલા દિવસોની પૂજા ઉપર અને એ દેવતા ઉપર એને તિરસ્કાર ચઢ્યો. ઝડપભેર ત્યાંથી તે જતી રહી.

તે દિવસથી એણે પૂજા છોડી દીધી અને એ દેવાલય ત્યજ્યું. તે દિવસથી એનું મ્હોં ઉતરી ગયું. એમને એમ ઘણા દિવસો એણે ગુમાર્યા.

એક દિવસ એની માતાએ, તરલિકાને બોલાવી, એના મનની અવસ્થા જણાવવા કહ્યું. ત્હેને એણે બધું કહ્યું. એ બધાં દિલગીર થયાં. શું કરવું તે કોઇને સૂઝ્યું નહિ.

૨

“ અલ્યા રમેશ, ત્હારે લગ્ન તો નથીજ કરવા ને ? ” એક યુવાનને તરલિકાએ પૂછ્યું.

“ ના, મ્હને નાનપણથી સ્ત્રીઓ ઉપર કંટાળો છે. અને મ્હારા લાયક એક પણ સ્ત્રી છે જ નહિ. ” રમેશે કહ્યું.

“ વારુ, ભાઇ, જોઉં, હું ત્હેને બતાવું. તું પૂર્ણિમાને દિવસે પેલા ખંડિયેરના મેદાનમાં આવજે. ” તરલિકાએ કહ્યું અને રમેશને વિદાય કર્યો.

પૂર્ણિમાને દિવસે તરલા અને એની સખી વીરબાળા ખંડિયેરના મેદાન આગળ જાય છે. થોડે આગળ એક નાનું લાકડું પડ્યું હતું. ત્યાં બેસે છે.

“ વીરબાળા, ત્હને કેમ લાગે છે ? કેવો આનંદ થાય છે ? મ્હને તો અહિંયાં ઘણું જ ગમે છે. ”

“ મ્હને પણ ઠીક લાગે છે. ” વીરબાળાએ કહ્યું.

એટલામાં પાછળના ખંડિયેરના એક બાકોરામાંથી કોઇ જતું હોય તેમ વીરબાળાને લાગ્યું. એ જોઇ વીરબાળા ચમકી અને ગમગીનીમાં પડી ગઇ.

“ કેમ વીરબાળા ત્હારૂં મન પડી ગયું ? ”

“ ના, કશું નહિ. ”

“ ના, કહે તો ખરી કે શું ? ”

“ મ્હારો આદર્શ પતિ નજરે પડ્યો હોય એમ લાગ્યું. કદાચ હવે મોકલ્યો પણ હોય. ”

"એને તો હું આળખું છું," તરલિકા બોલી ઉઠી. "ત્હારે એને પરણવું છે ?"

૩

વીરબાળા અને રમેશનાં લગ્ન થયાં. દિવસોના દિવસો નીકળી ગયા છતાં વીરબાળાને રમેશ માટે પ્રેમ ન થયો.

"ત્હમે કેમ આમ ઉદાસ દેખાય છો ? ત્હમે મ્હારી પાસે તો બેસતાંજ નથી. રમેશે પુછ્યું.

થોડીવાર વીરબાળા ચુપ રહે છે. "હું આવું છું" એમ કહી એના ઓરડામાં જાય છે. ત્યાં બેસે છે થોડીવાર પછી પાછી આવે છે.

"ચાલો આપણે બહાર જઇએ."

બેઉ તૈયાર થઇને નીકળે છે. ગામ બ્હાર થોડે દૂર જાય છે અને દેવળ તરફ વળે છે. બેઉ દેવળ પાસે જાય છે. દેવળની અંદર જવાને વીરબાળાને વિચાર થાય છે પછી વિચાર માંડી વાળે છે. એનું મ્હોં પડી જાય છે.

એટલામાં રમેશ કહે છેઃ "ચાલો, દેવળમાં જઇએ." બેઉ જાય છે.

અંદર જઇ બેઉ પ્રમાણુ કરી ઇશ્વર સામે ઉભા રહે છે. થોડીવારે રમેશ બ્હાર જાય છે. એટલામાં દેવળનાં દ્વાર બંધ થતાં હોય એમ વીરબાળાને લાગે છે. ને પળવારમાં ત્હેનો આદર્શ પતિ નજરે પડે છે.

ઘણી વખતવાર પછી વીરબાળાને શોધતો રમેશ મન્દિરમાં જાય છે પણ વીરબાળા ક્યાંક ગુમાઇ ગઇ હતી.

કાન્તી

[illegible] સ્વ. [illegible] સ્મરણાર્થે
શ્રી [illegible]
શ્રીયુત [illegible] આવડા
તરફથી [illegible] સપ્રેમ ભેટ

મૃગચર્મ

કીડન્તી કન્યાની પુરપથઉડી ચુંદડી સમી,
અરે, કુંળા પ્રાણી! નીરવ તુજ છાયા પડી ગઇ;
મુજ સદનખંડે શમી રહી.

એવી સુંવાળી પર હાથ ફેરવું,
ભીંજાય છે કાવ્ય કરુણ આંખનું:
વન તૃણાંકુર ને ઝરા
ઉભી જોશે વાટડી;
ના અતિથિ ! પેખશે
તારી પરિચિત શીંગડી.
આ વ્હાલસોયાં મુખ–પીક–પાદનું
ચાલી ગયું ચંચલ નૃત્ય ક્યારનું.

તું જે દિનાન્તે વનમાં વીંધાયલું—
ને મૃત્યુની અંતિમ યાતનામાં—
–ગાબુકેર છિદ્ર આ
ડોક આ મરડાયલી;
આ રૂપેરી વાળ તે
યે કંપીઆ રોમાંચથી!—
વેરીવિખેરી દીધ અશ્રુમાળને—
તે સાંભરે સૌ મૃગચર્મ ! તુંમાં,

મને સૌ જીવોનો ક્ષણિક ભવસંગાથ વસતો
મને સંબંધોનો કપટપટુ સંમોહ ખસતો;
નયનકીકી વૈરાગ લસતો !

દેશળજી પરમાર

આરામગાહ

એ એવું તે શું છે કે જેને માટે મ્હારૂં જીગર નિરંતર ધડકયા કરે છે, અને જેને માટે પ્રાણ સદા ગમગીન રહ્યા કરે છે?

અને શાને માટે નિરંતર આસ્માન સામે જોઈ સ્તબ્ધ થઈ બેસી રહેવાનું મ્હને વધારે ગમે છે?

સાચે જ! કોઇ કહે છે તેમ શું હું ગાંડો છું? અથવા કોઇનું આહ્વાન હું સમજી શકતો નથી?

અરે ભલા ભગવાન! એ શું હશે?

પ્યારી! આજે તો બધુ વેરાન છે ના?

આજે તો બધુ સુમસામ બની ગયું ના?

આજે તો વિશ્વ બધું ફના થઈ ગયું ના?

આજે કંઇ કામ નથી. આરામ છે, રાહત છે, હાયતની રાત છે.

શું કહ્યું? માલિક ગુસ્સે થશે, એમ?

ખેર! જેવી તમારી ઇચ્છા. બાકી આજે તો બધું સુમસામ છે, વેરાન છે. જગત નથી, જંન્નત નથી, જહન્નમ નથી. છીએમા માત્ર તમે ને હું.

આવો પ્યારી! ચાલ્યાં આવો.

લબથી લબ મીલાવી, ચુંબનના એક હાહાકાર વડે, ફનાના આ બીયાબું અંધકારમા એક પ્રચંડ જ્વાળામુખી ચેતાવી દઇએ અને પછી હૃદયથી હૃદય મીલાવી આ આગના બિછાનામાં સદાનો આરામ લઇએ.

આવો પ્યારી! ચાલ્યા આવો.

પ્યારીનાં ચુંબનોની સ્મૃતિ લાવાની આગ પેઠે મ્હારા હૃદયમાં ધુધવાય છે અને મારી કબર હાઠીને એ ભભુકી નહિ ઉઠે એની મને ખાત્રી નથી.

પૃથુલાલ શુકલ

કિમિયો

"દુઃખનો અચૂક એક કિમિયો બતાવું, ભાઇ."

"કિમિયો !" કેવી અજબ ચીજ છે ? તમે આટલા પ્રમાણિક છો છતાં એનું નામ સાંભળતાં વાર તમારી આંખો કેવી ચમકી ઊઠી ?–કિમિયા, કિમિયા, તારા નામ માત્રમાં કેટલો જાદુ છે !

કહેશો કે લોક કિમિયા પાછળ આટલા ઘેલા કેમ થતા હશે ? કારણકે દુનિયામાં સૌ તરસ્યાં છેઃ જિંદગીમાં આપણે બધાજ કેનું કે શોધી રહ્યા છિયે. એકઠિયા ભણતો વિદ્યાર્થી, કોઇ શોધ પાછળ અવિરત શ્રમ કરી રહેલો વિજ્ઞાનશાસ્ત્રી, કરોડોની ઉથલપાથલ કરતો વેપારી, નીચી મૂંડીએ જીંદગીભર ગુલામી કરતો સેવક, પથ્થર જેવાં પુરુષને દેવ માનનાર પતિપરાયણા, અને એક અધન્ય ક્ષણે નજરે પડેલી કોઈ રૂપરૂપી કુમારિકાને લીધે ઘેલા થયેલા ચિત્તભ્રમ તમે–એ બધાંજ શું કે ને કે શોધી નથી રહ્યાં ? અને સૌથી સરળ રીતે, વગર મહેનતે મનનું માન્યું મળી જાય તો "કેવી મજા પડે ?" એવી લાગણી બધાને નથી થતી ? સુદામાએ આંખ મીંચી અને સ્હવાર થતાં તે દારિદ્ર પહોંચી ગયો એવું સૌને નહિ પણ પોતાને તો થાય જ એવાં જાગ્રત સ્વપ્ને કોણે નથી અનુભવ્યાં ?' કોઇક બપોરે મેડીના હિંચકે ઝૂલતાં, હિંચકાના પવનથી ચિત્ત ઝોલાં ખાતું શકયતાની પાર

વરાવી જાય છે ત્યારે એમ નથી થતું કે સરસ્વતિ કાલિદાસ પેઠે ત્હમારી હોઠ જીભ ઉપર પણ એકાદ મંત્ર લખી ગઈ ને તેથી વગર મહેનતે ત્હમે વિદ્વાન થઇ ગયા...કે એક દિવસ ત્હમે મુસાફરી કરતા હતા ત્યારે એક શ્રીમંત પરદેશી વેપારી જોડે ત્હમારે ઓળખાણ થયું, ત્હમારી હોંશિયારીથી એ ખૂશ થઇ ગયો ને ત્હમને વેપારમાં ભાગિદાર બનાવ્યા ને એમ ત્હમે લાખો મેળવ્યા...કે એક સંધ્યાકાળે ત્હમે ટેહલતા હતા એટલામાં એક પસાર થતી ગાડીના ઘોડા ભડકયા, ગાડી ઉંધી વળી, અકસ્માત થયો ને ત્હમે દોડી જઇ અંદરની કુમારિકાને બચાવી લીધી અને પછી...એમાં નીચું શા સારૂ જુઓ છો? એવાં સ્વપ્નાંઓ ત્હેણેજ નથી અનુભવ્યાં જેને ઉમેદ રાખવાની પણ તાકાત નથી. દુનિયાના બધાં માણસોએ આવાં સ્વપ્નાંઓની લહેર માણી છે અને એથીજ. આખી દુનિયાં જે એકજ વસ્તુથી આવાં સ્વપ્નાં એમ સિદ્ધ કરી શકાય છે તે-કિમિયાના નામ માત્રથી ઘેલી થઇ છે. પરસેવો પાડયા વિના ઇષ્ટ વસ્તુ મેળવવાના લોભને લીધે ચોરીઓ થાય છે ને કિમિયાગર, જાદુગર ને સાધુબાવાઓ હિન્દમાં પોષાય છે ને પૂજાય છે. માણસ આમ તો ગમે તેટલો નાસ્તિક કે અશ્રદ્ધાળુ હોય છતાં "ગામ બહાર એક સાધુ આવ્યો છે તે આમ કરે છે" એમ કોઇ કહે તો "ચલો તો સહી, જોઇયે તો ખરા" એમ કહી તે ત્યાં જાય છે: કારણ દરેક જણને એવી છૂપી ઉમેદ હોય છે કે કદાચ-કદાચ આપણે ફાવી જઇએ.

દોસ્ત! એ બધા કિમિયાઓની ત્હેં જવા દે. ત્હારી અર્ધકલાક જેવડી જિંદગીમાં જે મળ્યું છે તેની મોજ માણી લે. જો, જો, પેલો સૂર્ય નમવા આવ્યો છે, પક્ષિઓ જવા માંડયા છે: હમણાં બધેજ અંધારૂં થઇ જશે.

તું પૂછે છે કે એમ તો મનુષ્ય જાતિનો વિકાસ કેમ થાય? સ્વરાજ્ય કેમ મળે? ઇતિહાસ લખાવો શરુ થયો તે પહેલાંથી ગુલામી ભોગવતી બીચારી સ્ત્રી કેમ છૂટે?......

દોસ્ત, એમ નહિ, શાંત રાતે જ્યારે આખું જગત નિદ્રાવશ થયું હોય એમ તું કલ્પે છે ત્યારે પવન પેઠે ત્હારી મનોદૃષ્ટિ ફેરવજે. સુસવાટભેર વહી જતા વખતના મોજાં સર્વત્ર ફરી વળતાં ત્હને લાગશે;

અને અઘકાલ, આજ અને આવતી કાલ બધું જ એમાં શમી જતું જણાશે. જે ઘરમાં તું આનંદ કરી રહ્યો છે એજ જગાએ ત્હારા પિતા અને એમના પિતા વસ્યા હતા એવો તેં કદી ખ્યાલ કર્યો છે? હા, તું બેઠો છે એ જ ઉંમર પર સો વર્ષ પહેલાં ત્હારાં મ્હોટાં દાદી મોટાં હતાં, અને કાલ તેં કથા કરાવી હતી એજ જગા પર કદાચ ત્હારો એકાદ પ્રપૌત્ર જૂમડું ખેલશે. ત્હારા ઘરની મૂંગી ભિંતોને તું પૂછતો ખરો? કીર્તિ અને મ્હોટપની કે કે કરૂણ કથાઓ ત્હને એ કહી સંભળાવશે. અરે, ત્હને પેલું યાદ નથી? પેલો સેનાની યાદ નથી? તે લડાઇ જીતી આવ્યો ત્યારે એના એટલા મ્હોટા મ્હોં પર પણ એનો આનંદ સમાતો ન્હોતો જાણે કેમ તે માનતો ન હોય કે પ્રજા હરહમેશ તે દિવસની જેમ એને વધાવ્યાંજ કરશે. અને ત્હને યાદ છે, એજ દિવસે પેલો ચોર પકડાયો હતો. એ બિચારો માનતો હતો કે હવે તો ત્હેની આખી જીંદગી સુધી બધા લોકો પોતાનો જીવનવ્યવહાર મૂકી દઇ ત્હેનેજ ટીકી ટીકી જોયા કરશે. પછી શું થયું જોયું ને? પેલો સેનાપતિ વૃદ્ધ થયો છે ને ગામનો કણીયો ત્હેને અનાજ પણ નથી ધીરતો અને પેલો ચોર આપણાજ ગામની ધર્મશાળામા લોકના ટોળાં આગળ ધર્મનું વ્યાખ્યાન આપી રહ્યો છે. જેમ કીર્તિ નથી ટકતી તેમ અપકીર્તિ પણ નથી ટકતી, સમજ્યો? જશ અને અપજશ બેઉ અલ્પજીવી છે. એવા જશ માટે કે અપજશ ખાતે શા સારૂ જિંદગી જતી કરે છે!

ને જગતનો વિકાસ! મ્હને ખૂબ જ હસવું આવે છે. અચ્છા, એ જ્હેમત ઉઠાવવું તો રહેવા જ દે. દુનિયાને તો ઘેલછા બેઠી છે. કહીશ વારૂ, કરોડો વર્ષ થયાં દુનિયાં મંડાઇ છે તે કેટલોક વિકાસ થયો! ત્હારી પેઠે દુનિયા પણ સંતોષાય એવી નથી એટલે નવા નવા અખતરાઓ કર્યે જાય છે; એવા અખતરા સારૂ તું શા માટે આટલી યાતના ભોગવે છે? દુનિયાં સ્વભાવે જ અસંતોષી છે. એને ત્હારા કે કોઇના અખતરા સહકાળ નહિ પાલવે, ને ત્હારી બધી મહેનત છૂટી પડશે, સમજ્યો? દુનિયાંને સુધરવું હોત તો ક્યાર સોરી સુધરી ગઇ હોત. વસુન્ધરાના પેટે ત્હારા કરતાં વધારે મ્હોટા સંતાનો જન્મ્યા હતા. અચ્છા, તું તો કોણ માત્ર! ભલા માણસ, પડ્યો રહે

એક સમે શૂની જાય બહાર શિકાર નિહાળી સુવેગથી દોડે
ત્યાં ધસતાં વચમાં હતું ઝુમ્મર તેહ પછાડીને છેકજ ફોડે
નાદ બિલોર તણો સુણી ચંચલ શ્વાન અનેક કરે ધસવાને
શૂની સહાય વિનાની પ્રતિ અતિ ક્રૂર બધા મંડયા ભસવાને.

કિન્તુ સુદ્દર હતો શૂરવીર સુસુંદર શ્વાવન જતો ફરવાને
સાંભળીને શુનીનો સ્વર તેહ વિચાર કરે "હશે આ રવ શાને ?"
દૂર કરી સઘળા ભયને, ઘસિયો, ભસિયો શૂનિ ઉદ્ધારવાને
શૂની થઇ ખુશી અંતરમાં "ધરવો ભય આ નર પાસજ શાને ?"

શ્વાન વળી નિરખી કુતરી થઈ ઘાયલ પ્રેમ વડેજ બંન્યો છે
સ્નેહ સુણી મુરલીધરની મુરલી સમું ભસ્ય અતિ ઉપન્યો છે
કૂતરીયે નિરખી કૂતરો મદનજ્વરથી અતીશેજ પીડાયે
વિહ્વળ તે બની, પેખી, સુનાયક, પ્રેમ ધરી રહી અંતરમાં યે.

નાટક ત્યાંજ રચાયું અને દ્વયશ્વાન ચહે બની દંપતી જાવા
આશકમાશુક કે વરકન્યા ત્યાંજ બની ચહે મેવા ખાવા
ચોરી રચિ, ગુરૂ વિપ્ર નિમંત્રી, અને પરણી જવા તત્પર ભાસે
એહ વિચાર કરી કરી શૂનિ તણું મુખ ઉજ્વળ થાય સુહાસે.

ગાઓ સહુ નર એહ શ્વદંપતીનાં ગુણ ગાન રૂડેરીજ રીતે
જોઇને શ્વાન તણો પણ પ્રેમ થજો સુખીયાં નિજ અંતર પ્રીતે.
લવશુક એમ કહી ઉચરે સહુ શ્વાન જીવો અંહી દંપતી સારાં
પ્રેમ તથા મરદાનગીનાંજ પરાક્રમ સર્વ ખરેખર ન્યારાં.

લવંશુકરામ ચિહ્નનહરરામ કહેતા

કલા વિષે કેટલુંક

કલા એ જીવનનો વિજયોલ્લાસ છે.

મનુષ્યનું એ સર્જન છે.

કંઇ પણ સજવું એ મનુષ્યને માટે નૈસર્ગિક જ છે.

દરેક મનુષ્ય કંઇક સૃજી શકે જ, તેવી મનુષ્યની સ્થિતિને પૂર્ણ સંસ્કારિતા વાળી કહી શકાય.

એટલે

જે જમાનામાં મનુષ્ય કંઇ સૃજી જ ન શકે—

ન કંઇ સારું સાહિત્ય ઉપજાવે, ન કંઇ સંગીત કરે, ન કંઇ સ્થાપત્ય, ચિત્ર કે મૂર્તિવિધાન સૃજે એ જમાનો અસભ્ય ગણાય.

દેશની સંસ્કારિતા એની કલા વડે જ મપાય. એ કાંઇ એનાં યાંત્રિક કામોની સંખ્યા–પૂલો, મીલો, સંચાકામો વિગેરે–પરથી નક્કી ન કરાય.

ૐ

પ.ક.

વિજ્ઞાન છે તેને શોધે છે તેને સેવું કરે છે, જાણે છે, માને છે અને મનાવે છે.

કલા આ દેખાતી ચીજોની પાર જાય છે. છેની પાર જઈ કંઇ નવું જ સત્ય જુએ છે, કંઇ નવી જ કલ્પનાઓ કરે છે, ને કંઇ નવા જ આદર્શો બતાવે છે.

વિજ્ઞાન બુદ્ધિનો વિષય છે.

કલા બુદ્ધિ ઉપરાંત હૃદયનો–આત્માનો–લાગણીનો વિષય છે.

એથી

વૈજ્ઞાનિક સર્જનોમાં કદાચ બુદ્ધિ વૈભવ દેખાય પણ તેના સર્જનારનું વ્યક્તિત્વ ન જ દેખાય. એલીસબ્રીજ જેવો જ પુલ ઉત્તર હિંદમાં પણ બને.

પણ એજ પુલને ગુજરાત અને ઉત્તર હિંદ કલાત્મક બનાવે તો એ બન્ને દેશોનું વ્યક્તિત્વ ચોખ્ખી રીતે એ પુલોમાં જરૂર દેખાઇ આવે. અને તેમ થતાં પુલના આકારો ફરીજ જાય.

માટે જ

કલાને દેશની સંસ્કારિતા બતાવનાર અને ઘડનાર એક મુખ્ય સાધન તરીકે ગણી છે. કલા પ્રજાનો ઇતિહાસ બનાવે છે. ભવિષ્યનો ઇતિહાસ ઘડે છે.

કલા એ દરેક મનુષ્યનું નૈસર્ગિક સર્જન છે માટે તે ગરીબ અને તવંગર બન્નેને સરખી છે.

સત્તાધીશોએ કે ધનિકોએ પોતાની તાબેની કે પોતાના આશ્રય નીચે જીવન ગુજારતી પ્રજાને એટલી નજ કચરી પાલવી જોઇએ કે તે જીવનનો ઉલ્લાસ-કલા ન ભોગવી શકે.

જ્યાં જ્યાં જીવનનો ઉલ્લાસ સર્જનદ્વારા પ્રગટ નથી થઇ શકતો ત્યાં મનુષ્ય જાતિની પડતી જ થતી જાય છે.

જ્યાં સુધી રાજાને માટે જ કે ધનિકોને માટે જ સુંદર મકાનો હોય, અને સામાન્ય પ્રજાવર્ગ કલાવિહીન ગંદાં ઘરોમાં જીવન વીતાડતો હોય ત્યાં સુધી ચહેરવિસ્તાર ગમે તેટલો વૈભવી દેખાતો હોય, છતાં ત્યાંની કલા વિકસી છે, તેમ ન જ કહેવાય.

આથી ઉલટું તો, કદાચ કલાનું ખરેખરૂં સુખદ દર્શન નાનાં ગામડામાં ગામ વચ્ચોવચ્ચ આવી રહેલ કોઇ સુન્દર કબૂતરાની પાસે આવેલા ચોરા પર બેઠેલા ડાયરામાં થશે.

કલા વિષે કેટલુંક

કલા જીવનમાં ઓતપ્રોત થએલ હોવી જોઇએ. એ કંઇ "ચાલો કંઇક કરવા બેસીએ" એમ કરીને થતી હોય તેવી ચીજ નથી જીવનની હરેક કૃતિમાં એ આવવી જ જોઇએ.

કલાનાં પ્રદર્શનો ભરવાં એ આ દષ્ટિએ મૂળથીજ અસ્વાભાવિક પ્રવૃત્તિ છે. જે વસ્તુને આપણે જીવન સાથે વણી દેવાની છે એનાં પ્રદર્શનો શાં ? જો સત્ય કથન, સત્ય વર્તન, અને ચારિત્રનાં પ્રદર્શન હોય તો કલાનાં પ્રદર્શન હોય.

એટલે

હાલમાં પ્રદર્શનોની જરૂર લાગે છે એટલા આપણે કલાથી દૂર ગયા છીએ. અને ખરેખર પ્રદર્શનમાં જે ચીજો પ્રદર્શનો ભરાય ત્યારે જ જોવામાં આવે છે તે આપણા બાપદાદાઓના જમાનામાં એમના જીવનમાં ડગલે ને પગલે દેખાતી. જે વાસણ આપણે નમૂનારૂપ ગણીને "ડ્રોઇંગરૂમ"માં શોભા ખાતર મૂકવા લલચાઇએ છીએ તેવાં વાસણો તો એ જમાનામાં હમેશ વાપરવામાં કામ આવતાં. વપરાશની કોઇ પણ ચીજ કલાવિહીન ન હતી.

અને અત્યારે

વપરાશનીજ ચીજ કલાહીન અને શોભાની ચીજ વપરાશ બહાર એવું બન્યું છે!!

ગજાનન વિશ્વનાથ પાઠક

એક પત્રમાંથી

સ્ટીમર: ૧૦ : ૯ : ૨૫૮

પ્રિય ભાઇ,

......

રોજ રાત્રે સિનેમા ચાલે છે. ફક્ત કાલ રાત્રે ન્હોતો. પણ કાલથી એક બીજી પ્રવૃત્તિ હાથ આવી છે. અમારા ગુજરાતી મિત્રોમાં એક રિષિ નામના Spiritualist છે, જે પેરીસમાં Spiritualist Conference માં જાય છે. Spiritualism એટલે શું તે તમે સમજ્યા તો હશો. તો પણ હું તેના વિષે વધારે સ્પષ્ટ થવા માંગુ છું. રિષિનું માનવું એમ છે કે આપણી આસપાસ આપણાં મૃત સગાંઓના Spirits ફરે છે. તેનો તેમણે એક પ્રયોગ પણ કરી બતાવ્યો.

પ્રો. રમણ (Prof. Raman, The great Physcist of India) F. R. S. જે આ બાબતને નૉન્સેન્સ ગણી કાઢી નાખતો હતો તે પણ અમારી સાથે હમણાં બોટમાં છે, અને ઘણા ગુંચવાડામાં પડી ગયો છે. તેઓએ પ્રયોગ નીચે પ્રમાણે કર્યો છે.

એક ત્રણ પાયાવાળું ટેબલ લીધું. તેની આસપાસ પ્રો. રમણ, મી. ચંદ્ર, મીસીસ ચંદ્ર, મી. રિષિ અને મી. દેશપાંડે પાંચે જણ ઉપર હાથ મૂકીને બેઠા. લગભગ અડધો કલાક થયો ને ટેબલનો એક પાયો ઉંચો થાય અને નીચો પડે. લગભગ ૨૫–૩૦ વાર પાયો ઉંચો નીચો થયો, એટલે મી. રિષિએ પૂછ્યું કે તમે Spirit છો? જો Male Spirit હો તો એક વાર પાયો ઉંચો કરજો અને Female Spirit હો તો બે વાર. પાયો એક વાર ઉંચો થયો. પછી રિષિએ પૂછ્યું કે તમે તમારૂં નામ લખી જણાવશો? અને જો લખશો તો પાંચ બેઠેલા

એમ જાણે હું કહું છું. "હા, જશો? પણ તમે બીજું કરો પણ શું? આવજો ત્યારે." "જરૂર આવીશું, તમે નવલકથા નહિં વાંચતાં હો ત્યારે: કે તમને આગલી રાતનો વાંચીને ઉજાગરો ન થયો હોય ત્યારે. ઠીક સાહેબજી, પત્ર ન લખ્યો હોત તો આમ રાત્રે આવત શું કામ?!"

આમ જ થવાનું હોય તો તેને મળવા-સ્વાર્થ વગર માત્ર સામાન્ય લાગણી-તેમા મળવું શું? ન મળવા જવું એવો દૃઢ નિશ્ચય કરી, માથે હાથ મૂકી, દીવા સામું જોઇ વાંચવું કે સૂઇ જવું; તેના વિચારમા પડયો છું. શહેરમાંથી આડાઅવળા રસ્તાઓમાં થઇ લાંબે પગે, પૃથ્વી ધ્રૂજાવતો હઉં એમ ફરીથી વિચારમા ચાલ્યો આવ્યો. એક સડસડાટ દોડતી જતી ગાડીએ અને મીઠું બોલતા ભીખારીઓએ મારૂં ધ્યાન ખેંચ્યું. ફરીથી થોડી ધરકી વાતો, મારા પોતાના જ ઓછાવત્તા પગલાંનાં પડઘા સાંભળ્યા; ચહા કોફીની વરાળો અને વિજળીના દીવા ફરીથી જોયા; આછા તેજમાં પુલ આગળ ફરતા મનુષ્યો સ્વપ્નસૃષ્ટિમાં ઘૂમતા હોય, કે મારી સામું કાવતરૂં રચતા હોય એવા ફરીથી દેખાવા લાગ્યા; પેલા વકીલની તેજભરી બારી સામું જાણે જોયું ને કાવ્ય-સામગ્રી મેળવી.

પેલા બાગવાળા બંગલામાં જરૂર કોઇ પ્રેમી યુગલ હશે; પ્રિયાને નખશિખ નીરખી સ્વર્ગના નૂરને સ્વાધીન કર્યું હોય એમ એ મસ્તકામ છે; પેલી ઉંચી અટારીમા સ્ત્રી હશે તો વિરહિણી હશે; પણે પોતાના નાના ઘરમા એકલું પેરણધોતિયું પહેરી સમસ્ત દેશની લડાઇઓ પેલો લડી રહ્યો છે; વિશાલ ઇસ્પિતાલમાં જીવનમરણના ખેલ ચાલી રહ્યા છે, અને નર્સો જીવનમરણથી પર રહી સમાધિ-સહિષ્ણુ સમાધિમાં પડયાં છે; ટાવર પર સમય બેસી હસ્તિનાપુર સંભારતો હસે છે.

ઘણે દૂરથી વાજાંનો મધુરતમ બની ગએલો અવાજ આવે છે ને હૃદય વિશ્વ ભૂલી ઊડવા માંડે છે, પડે છે; ઘડીઘડીમાં છંછેડાઇ જતા હોય એમ કુતરાં શોરબકોર કરી શહેરને ગામડિયું બનાવે, ત્યાં તો ચાબુક મારતો ગાડીવાળાનો "એય, સમાલ્યો," ને ગાડીનો "ખટ ખડ પટ ખડ પટાક ખટાક બટાક" કરતો બે મીનીટ ચાલતો અવાજ આવે.

કોઇ ઘરમાં સ્ત્રી હજુ વાસણ ખખડાવે છે, અને ઢાંકયાંઉઘાડયાં કરે છે. એટલે બેસી ચોકીદારની વાટ જોતા કોઇ વીર નર વ્હીસલ મારે છે. થોડે દૂર તાડીની ગરમી વધારે લાગી જવાથી એક આદમી, "એ ય કાલે......કાલે હુમસ હુમસ...જવું છે" એમ ફાટી ગએલે સ્વરે પ્રિયતમા ગામને અને તેટલા શબ્દ સાથે જોડી હવા સાથે વાત કરી રહ્યો છે. મારા વિફરી જતા મગજમા ઉંઘતા બાળકના સંભળાતા લલિત શ્વાસોચ્છવાસથી મીઠાશ આવી વસે છે.

થોડી વારે એક જુવાનના સ્વરે રાત્રિને વિચિત્ર પ્રકારે છતી કરી. "બા, બહાર ક્યાં સુધી વાત કર્યા કરીશ; અહીંઆ તો ઉંઘ આવે છે." મ્હેં બારી બહાર ડોકિયું કર્યું. બાએ ચૂપકી પકડી અને ઘર તરફ પગ ઉપાડયા. જઇને તરત ઉંઘી ગયાં હશે.

બાજુના ઘરના ઓટલા ઉપર "બા"ના દેખતાં જાણે એક સહિયરે અણુસારો કર્યો હશે. થોડી વારે હસવાના ખડખડાટે સાક્ષી પૂરી. :વાત વધી:

"મેર, રાંડ, એમાં હસવું શું આવ્યું!" એટલું કહેતામાં તો બોલનાર સ્ત્રીનું મ્હોં મલકી ગયું હશે. "તારે ઘેર તો સંન્યાસી હશે."

"સંન્યાસી કે વગર સંન્યાસી. કાંઇ તારા જેવું નથી. ઘરકામથી જરા નવરાશ પડી કે આ વર સાથે બેઠાં. સારું દેખાતું હશે? તારી સાસુની લાજે આવતી નથી કે ધબડ ધબડ કરતાં આ ચાલ્યાં."

"તને પણ નકટાઇ આવશે ને આવડશે–જોત જોતામાં."

"હું ને તો, બા ને તો—" આ 'હું ને તો' 'બા 'ને તો' સવાર સુધી ચાલ્યા કરત પણ એક ઘરડું પ્રાણી બોલી ઉઠયું: "અલીઓ, છોકરીઓ! બહુ રાત ગઇ. જીવી કાકી તો ઘરમા ગયાં ને ઉંઘી પણ ગયાં હશે. તો હવે ઘરમાં આવો ઘરમાં. એટલે તે ગાંડીઓ ક્યાં સુધી બેસવાનું? અને વાતાવતની રીત હશે ને?"

ફુડકુડ સોડીયું વાળી, પવનને જગાડની બન્ને છોકરીઓ નાંઠી. સારા જગતમાં ઉંઘતા બાળકના લલિત શ્વાસોચ્છવાસની મીઠાશ વસી રહી.

વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી

અરે ! જાણ્યું હોતે

નહીં જોયો હોતે ચપળ ચમકારો વીજળીનો,
અરે ! જાણ્યું હોતે ? મૃગસલિલ શો એ ભ્રમ થતો !
નહીં જોઈ હોતે જલભરી ઝીણી વાદળી કદિ,
અહો ! જાણ્યું હોતે ? રમતી રમતી એ સરી જવી !

નિહાળ્યાં ના હોતે કદિય પણ એ સ્નિગ્ધ નયનો,
નહીં પીધો હોતે નયન નયને સ્નેહ દ્રવતો;
મિલાવ્યાં ના હોતે વિમલ નયનો એ રસભર્યાં,
અહો ! જાણ્યું હોતે ? નયનપથથી એ દૂર થવાં !

નહીં ઝીલી હોતે પીયૂષ ઝરતી હાસ્યલહરી,
ભૂલાયાં ના હોતે જગતભરનાં સંકટ કદિ;
નહીં માની હોતે જીવનીય સુધા એ જીવનની,
અહો ! જાણ્યું હોતે ? જલવીચી સમી એ શમી જવી!

નહીં સુણ્યો હોતે મધુર રવ એ સંગીતતણો,
મળ્યા ના હોતે એ હૃદયબીન તારો પણ અહો !
નહીં ડૂબ્યાં હોતે ઉર સુરસ એ તાનલયમાં,
અહો જાણ્યું હોતે ? અરર ! સૂર એ બેસૂર થવા !

નહીં ચૂંટયું હોતે કમલ ફૂલ એ માર્દવભર્યું,
અહો ! જાણ્યું હોતે ? વિકસ્યું ફૂલ એ ચીડઈ જવું !
નહીં લીધી હોતે સુખદ સુરભિ એ સુમનની,
અરે ! જાણ્યું હોતે ? અનિલ સહ એ ઉડી જવી !

નલિની

માતૃપ્રેમ

તમસા નદીના શાંત પટ પર બે ઘોડેસ્વાર ઝપાટાબંધ આગળ વધતા હતા. રાત્રિ તદ્દન નિર્મળ હતી, ને ક્યારેક અકાળે જાગી ઉઠેલા પક્ષીની ટૂંકી ને ઉતાવળી ચીચીઆરી સિવાય બાકી સર્વત્ર ગંભીર શાંતિ ફેલાઈ ગઇ હતી.

"નરસિંહ ! અરધો રસ્તો કાપ્યો હશે !" આગળ ચાલતા ઘોડેસ્વારે પૂછ્યું: એની તીવ્ર ને સ્પષ્ટ વાણી રાત્રિમાં પછડાણી.

"હા. અરધે પંથે પહોંચી ગયા છીએ: બાપુ સહિસલામત હોય !"

"હું તો ધારૂં છું આપણે પહોંચીશું ત્યાં ગંગા શુભસમાચાર આપવા ઉભી હશે." આગલા સ્વારે ઘોડાને જરા એડી મારી ને તે વફાદાર પ્રાણી ઝપાટાબંધ આગળ વધવા લાગ્યું. થોડીવારમાં તો રાત્રિમા ઘોડેસ્વારના પડઘા જ માત્ર સંભળાઇ રહ્યા.

દિવસ ઉગવાને થોડી વાર હતી ત્યાં બન્ને સવારો રાજદુર્ગના વિશાળ રસ્તાપર આવી પહોંચ્યા. ત્યાં તમસાના કિનારાપર થોડીવાર વિશ્રામ લઇ બન્ને પાછા આગળ વધ્યા.

રાજદુર્ગનો જમીનદાર મરણપથારીપર હતો. જૂના રીતિરિવાજને માન આપનાર હોવાથી પ્રખ્યાત જ્યોતિષશાસ્ત્રી પંડિત ચિંતામણિને બોલાવવામાં આવેલ હતો. રાજદુર્ગના ગઢમાં અનેક ખટપટ ચાલી રહી હતી. જમીનદારનો મોટો પુત્ર જમીનદારથી વિરૂદ્ધ હતો. ને રાજાનો જીવ બચાવનાર, પોતાનો જીવ જોખમમાં નાંખે, એવી ઘટના હતી. ચિંતામણિને ઘેરથી નીકળ્યાં આજે પંદર દિવસ થઇ ગયા.

હતા ને તેથી તેની તપાસ કરવા તેનો પુત્ર ઉમાનાથ આ મુસાફરી વેઠી રહ્યો હતો.

આગમાંથી ઉતારો કરી, ઉમાનાથે દરબાર ગઢપર જઇ પોતાના 'પિતાની ખબર કાઢી. ચોકીદારે કહ્યું કે પંડિત અંદર ગયા છે. ઉમાનાથ બહાર બેઠો. વિશાળ ચોગાનના બગીચામાં અનેક ફુલો ખીલી રહ્યાં હતાં. ઉમાનાથ તે તરફ દ્રષ્ટિ રાખી નિરાંતે બેસીને પિતાની રાહ જોવા લાગ્યો. પંડિત સહીસલામત છે એમ સાંભળી એને ઠંડક વળી.

ઉમાનાથની ઉમ્મર ભાગ્યે જ પંદર વર્ષની હશે. આ એની પહેલી મુસાફરી હતી ને પંડિતના ઘરનો વિશ્વાસુ નોકર નરસિંહ સાથે ન આવ્યો હત તો ઉમાનાથ એકલો આ જોખમ ખેડવા હિમ્મત કરત નહિ.

પંદર વર્ષના છોકરાને કલ્પના કરવાનો અધિકાર છેઃ ને ઉમાનાથ કાંઇક વધારે કાલ્પનિક હતો. એની સમક્ષ પોતાની ગામડાની જીંદગીનો એક દેખાવ આવ્યો. પોતે પોતાની મા સાથે નદીપર ન્હાવા ગયો છેઃ બેડરમાં કુવા કર્યા છેઃ ખેતરની પાળ બાંધી છે ને પોતે ખોદી ખોદીને સાચું પાણી પાઇ રહ્યો છે! એક તરફથી એની મા ધોઇ લીધેલાં કપડાં બાંધી ચાલી નીકળે છે ને જતે સાદ પાડે છેઃ "ઉમાનાથ! ઉમાનાથ! ચાલ મોડું થાય છે."

કલ્પનામાં ને કલ્પનામાં ઉમાનાથ મોટેથી બોલી ઉઠ્યોઃ "હં; આવ્યો." પોતાના શબ્દથી પોતે જાગૃત થયો. દરબારગઢ તરફ એક નજર ફેરવી ત્યાં દરબારગઢમાંથી બહાર નીકળતી એક સ્ત્રીમૂર્તિ તેની નજરે ચઢી. તે તેની સામે જોઇ રહ્યો. પણ તેના મનમાં તો હજી પેલી કાલ્પનિક સૃષ્ટિ ખડી હતી. ને "હં; આવ્યો." એ શબ્દના પડઘા સંભળાતા હતા. પેલી સ્ત્રીમૂર્તિ ઉતાવળે પગલે ગઢમાંથી બહાર નીકળી, બગીચામાં થઇ, ઉમાનાથની પાસેથી જ પસાર થઇ. તે જ વખતે એને કોઇકે પાછળથી હાલક મારીને બોલાવીઃ "અરૂણલેખા! રાણી સાહેબ બોલાવે." પણ તે તો પાછું જોયા વિના આગળ જ ચાલી ગઇ. બરાબર ઉમાનાથની સામે આવીને ઉભી. ઉમાનાથે એક

.થઈ અકસ્માત અરુણુલેખા તરફ જોયું. તેના મનમાં એકદમ એક મૂઢ
. વિચાર જન્મ્યો: "અરુણુલેખા ! અરુણુલેખા તો મ્હારી માનું નામ છે."

જાણી ન શકાય તેવા બળથી ધકેલાઇને તે એકદમ બેઠો
ગયો. અકસ્માત–અચાનક–સહજ જ તેણે તે ઓનો જ્યાં કાગળ
ને તે સમજી શકે તે પહેલાં તેનાથી બોલાઇ ગયું:નુ કાગળમાંથી

જાણે પરિચિત સ્વર સંભળાયો હોય તેમ સત્તાવીસ વર્ષના
ઉનાવળથી ઉમાનાથ સામે જોયું. સ્વરની.ઠણી આંખે તેની સામે
ચિત લાગ્યો. ઉમાનાથની માફક આપ્યો. વૃદ્ધ જમાદાર તરત
"બેટા ! તું કોણ છો ! ક્યાં રે?

"મ્હારું નામ ઉમાનાથ જુવાન બોલ્યો. તેના શબ્દો મધ
"આંકી કોની રાહતા: "બહુ ઉતાવળે આવ્યો છું. પણ
"પંડિત ચિંતાતુર છે. હવે તું મ્હારી થઇને રહીશ કે?"

વિજળીનો આંક કોઇ વાતપર ન હતું. તેણે એક ચિંતાભરી
પાછી વળી ગઇ. ઉસ્રફ નાંખી. ઉમાનાથ તડમાંથી દેખાતો હતો.
જવાનો ભય ઉત્પન્ન અને ભયને ઢાંકીને તે જલ્દી જ પાછી પેલા
આવ્યો: અને તે

."મા ! બાપા ! હવે હું ત્હારી નહિ થઇ શકું. હું આજથી

"હા ને
અને પંડિતને......?"
આગળ પગલું
પંડિતને હું ધિક્કારું છું. પણ...પણ...મ્હને ધિક્કાર અને
આવ્યો. બ
જવાનો હવે મોહ નથી."
અ:
...ને મોહ નથી ત્યારે આ ઠગાઇ શા માટે ચલાવી રહી
ધર તરફ
નયનપાલે તરવાર જેવા ઘા મારવા શરૂ કર્યા.

.કારણ કે—" અરુણુલેખાએ અત્યંત દઢતાથી જવાબ વાળ્યો:
હોય દિવસ સુધી મ્હારૂં જીવન પંડિતને હંફાવવામાં પડ્યું હતું:
ગયાં ।। એથી વધારે સારો ઉપયોગ થઇ શકે તેમ છે."
ખંડ "અને તે શું વારૂ ?" નયનપાળે ત્વરાથી પૂછ્યું.
એનલ મ્હારા જીવનને પણ પવિત્ર માને તેવી નિર્દોષ સરલતા આજે
તને થાય છે !"

અંદરના ખંડમાં જરાક અવાજ થતો લાગ્યો. નયનપાળે એક સાશંક દ્રષ્ટિ તે તરફ ફેંકી. અરૂણુલેખાના ગાલપર ભયનાં સ્પષ્ટ ચિન્હો તરી આવ્યાં. નયનપાળના મનમાં એક વિચાર આવી ગયોઃ "અરૂણુલેખાએ પોતાના કોઇ ગુપ્ત સ્નેહીને આંહી છૂપાવ્યો લાગે છે," તે સફાળો બેઠો થઇ ગયો.

"ઠીક ત્યારે મ્હારે પણ વખત નથી. ત્હને પંડિતની ચયતાનતા ખૂંચી રહી હોય ને ત્હારે વૈર લેવું હોય તો, તું જાણે છે કે જમીનદાર જીવતાં હું ત્હને ચાહતો અને હજી પણ ચાહું છું. બોલ: એક જ શબ્દમાં જવાબ દઇ દે." નયનપાળ દ્રઢતાથી એક પછી એક વાકય બોલતો ગયો.

અરૂણુલેખા તેની સામે જોઇ રહી હતી. અત્યારે તે ખરેખર વધારે સુંદર લાગતો હતો. તે થોડી વાર માટે ઠગી પણ ખરી. તેની નસેનસમાં ન છીપાવી શકાય તેવી તૃષા વહેવા લાગી. તેને ભેટવા માટે તે અધીરી બની રહી. તે એક પછી એક વધારે ને વધારે બળવાળા આંચકા અનુભવવા લાગી. પણ તે અંત્યંત શાંતિથી અડગ ઉભી રહીઃ મનમાં ને મનમાં તે દ્રઢાગ્રહથી બોલી રહીઃ "આજે હું સ્ત્રી નથી. હું માતા છું!"

"બોલ અરૂણુલેખા! ત્હારૂં પંડિતપરનું વૈર ને મ્હારો પંડિત પરનો ધિક્કારઃ બન્ને તૃપ્તિ પામશે. બોલ તું શું કહે છે? મને—જમીનદારને તું શું જવાબ આપે છે! તું મ્હારી થઇને રહીશ કે? બોલ તું શું કહે છે! હા કે ના?"

અરૂણુલેખાએ પોતાનું આખું શરીર ઉંચું કરીને અત્યંત દ્રઢતાથી જવાબ વાળ્યોઃ "ના"

"ચોક્કસ?" નયનપાલ ચેતવણી આપતો હોય તેમ બોલ્યો.

એટલી જ દ્રઢતાથી જવાબ આવ્યોઃ "હા; ચોક્કસ."

"હું જમીનદાર છું!"

"હશે. હું વધારે સમૃદ્ધિ આજે જ પામી છું!"

નયનપાળે એક તીરછી તિરસ્કાર ભરી દ્રષ્ટિ ફેંકીઃ "હું જાઉં છું!"

"ભલે!" અરૂણુલેખાએ બેદરકારીથી કહ્યું.

અભિમાન અને વેગમાં તે ચાલ્યો ગયો. અરૂણુલેખાએ એક

છૂટકારાનો દમ ખેંચ્યો. તેણે પુત્રની ખાતર આજે નયનપાળના સ્નેહને હોમી દીધો હતો. તે વધારે પવિત્ર બની ઉમાનાથને મળવા દોડી. તેણે પાગલની માફક જોસથી અંદરના ખંડનું બારણું ધકેલ્યું. પણ તે અંદરનું દૃશ્ય જોઈને હતી ત્યાં જ ચોંટી ગઈ. ખંડ તદ્દન ખાલી હતો અને ખંડની પાછળની ખુલ્લી બારીમાંથી, બે દૃઢ નયનો તેના તરફ તાકી તાકીને જોઈ રહ્યાં હતાં. અરુણુલેખા એકદમ બે ડગલાં પાછી હઠી ગઈ. જે માણસને તેણે આખી જીંદગીભર ધિક્કાર્યો હતો તે જ માણસ—પંડિત ચિંતામણિ પેલી ખુલ્લી બારીમાંથી તેની સામે તાકીને જોઈ રહ્યો હતો. ને પાછળના વરંડા પર ચડી બારીમાં આવ્યો હતો. અરુણુલેખા પાછી હઠે તે પહેલાં તેણે દૃઢ આજ્ઞાવાહી અવાજે કહ્યું: " અરુણુલેખા! ઉમાનાથ ક્યાં છે ?"

"ઉમાનાથ?" અરુણુલેખા બોલતાં અચકાણી. "મને ખબર નથી. અહીં નથી."

"અહીં નથી?" પંડિતે તીવ્રસ્વરથી કહ્યું: અને અરુણુલેખાએ પ્રયત્ન કર્યા છતાં તેજ આંખના અગ્નિ સામે તે જોઈ શકી નહિ: "ત્યારે ક્યાં છે ? તેં શું નિશ્ચય કર્યો છે; બોલ ?"

"હું ત્હને ધિક્કારું છું!" અરુણુલેખાએ કહ્યું.

"અને મ્હને પણ ત્હારા પ્રત્યે ઓછો ધિક્કાર નથી." પંડિતે જવાબ વાળ્યો: "પણ સાંભળ. જો; જમીનદાર મૃત્યુ પામ્યો છે. અને તેથી નયનપાળ હવે જમીનદાર થશે. ત્હારે એની માંધી રાણી બનવું હોય તો બની જા. હું ત્હારું કલંક છુપાવીશ."

"તું મ્હારું કલંક છુપાવે એ કરતાં એ કલંકને પવિત્ર ગણી પૂજે એવો નિર્મળ પ્રેમ મ્હને મળી ગયો છે: એ પ્રેમ મને તારશે. મ્હારી અધમતા એ પ્રેમના સ્પર્શથી ચાલી જશે. મ્હારે હવે કોઈની દરકાર નથી." અરુણુલેખાએ મક્કમતા-હિમ્મતથી કહ્યું

પંડિતનું મોં વિલું પડી ગયું. તે તરત નીચે ઉતરી ગયો. પણ જતાં જતાં બોલી ગયો: "ત્હારી હઠીલાઈ ત્હને સુખથી દૂર ખેંચી જાય છે!"

"હશે. ભલે તેમ થાય." અરુણુલેખાએ બેદરકારીથી કહ્યું. અને તે પણ ઉમાનાથને શોધવા માટે ખંડ છોડી ગઈ.

અંદરના ખંડમાં ધકકેલ્યા પછી ઉમાનાથ અંદર ગયો પણ તેને સર્વત્ર વિશ્વાસઘાતની ગંધ આવવા લાગી. તેને લાગ્યું કે પોતાના પિતા પંડિત સામે દ્વેષ ધરાવનાર પ્રતિપક્ષીના પંજામાં પોતે સપડાઇ ગયો છે. તેણે કોઇ ઉપાયે નાસી છૂટવાનો નિશ્ચય કર્યો. પાછલી બારીને ધકકો માર્યો તો તે ખુલી ગઇ. પાછળ વંડો હતો ને તેમાં થઇને એક કેડી રાજમાર્ગ પર ચાલી જતી હતી. તે એકદમ નીચે કુદ્યો ને ને પાછો રાજમાર્ગ પર થઇ પાછો દરબારગઢમાં પહોંચી ગયો. ત્યાં તેને ખબર પડી કે જમીનદાર માંદા હતા તે મરણ પામ્યા છે અને પંડિત દરબારગઢ છોડી નીકળી ચૂકયા છે. તેણે પંડિતની શોધ રાત્રિના દસ બજ્યા સુધી ચલાવી. કાંઇ પતો લાગ્યો નહિ. ઉતારે ગયો તો ત્યાં નરસિંહ મળે નહિ. ઉમાનાથ એકલો ત્વરાથી ચારે તરફ ફરી શોધ કરવા લાગ્યો. તમસા નદીના પૂલ પર થઇ, પોતાના ગામ પર જતો રસ્તો ઘણે દૂર સુધી જોઇ આવ્યો. પણ નરસિંહ કે પંડિત કોઇ મળ્યું નહિ. અંતે થાકી ઉતારા તરફ પાછો વળ્યો. તે પસાર થતો હતો તેટલામાં, એક અંધારી જગ્યાએ-જમીનમાંથી નીકળ્યો હોય તેવા-એક માણસે તેના ખભા પર હાથ મૂકયો. ઉમાનાથે ભડકીને પાછળ જોયું. પુરુષના વેશમાં અરુણલેખા પોતે જ ઉભી હતી.

" તમારૂં નામ પંડિત ઉમાનાથ ?" તેણે પૂછ્યું.

પંડિત ભડક્યો: " હા !"

તેણે પોતાના નાકપર આંગળી મૂકી તેને ચૂપ રહેવાં કહ્યું અને પોતાના પાછળ આવવા નિશાની કરી.

અરુણલેખા આગળ ને ઉમાનાથ પાછળ એમ તેઓ આગળ વધ્યાં. એક અંધારા માર્ગે થઇ તેઓ કોઈ અજાણી જગ્યા પર પહોંચ્યાં. ઉમાનાથે આસપાસ દ્રષ્ટિ કરી. જગ્યા તદ્દન એકાંત નિર્જન અને ભયંકર હતી. તે બન્ને એક વૃક્ષને અઢેલીને શાંત ઉભાં.

થોડીવારમાં ત્યાં માણસો આવવા લાગ્યાં. પહેલો એક જુવાન આવ્યો. પછી બીજા બે ચાર આવ્યા. તેના પાછળ પણ કેટલાક માણસો આવતાં દેખાયાં. થોડીવારમાં તો ત્યાં રોશની પ્રગટી ને એક ન્હાની સરખી સભા ભરાઇ ગઇ. ઉમાનાથે ભયથી, અવિશ્વાસથી ચારે

તરફ દૃષ્ટિ ફેરવી. તે ધ્રૂજી ઉઠ્યો. પોતે સ્મશાનમાં ઉભો હતો અને તાજી બળેલી ચિતાઓના ભસ્મના ઢગ હજી જાગતા હતા!

અરુણલેખાએ તેને ફરી શાંત રહેવા સૂચના કરી. ધડકતે હૃદયે તે છાનો ઉભો રહ્યો. થોડીવારમાં એક પ્રૌઢ માણસે પ્રવેશ કર્યો. તે પાછળ પાછળ અસહાય હોય તેવા બે ચાર જુવાનો આવતા દેખાયા. ઉમાનાથે પોતાની આંગળી કરડી જોઇ. તેને ખાત્રી થઇ કે પોતે ઉંઘમાં નથી અને જૂએ છે તે સ્વપ્ન નથી. તેના સામે ઉભેલો પ્રવેશ કરનાર પ્રૌઢ માણસ ઉભો હતોઃ પંડિત ચિંતામણિ!

"આ બધા કોણ છે? શું કરે છે?" તેણે ભયમાં, શંકામાં અરુણલેખાને પૂછ્યું.

"હમણાં જ તું જોશે."

સભા ગોઠવાતી લાગી. પંડિત પ્રમુખ સ્થાને વિરાજ્યો હતો. થોડીવારમાં બધે શાંતિ થઇ ગઇ. પંડિતે ઉભા થઇને બોલવાનું શરુ કર્યું હતુંઃ "ભાઇઓ! આપણી વિદ્યાના પ્રચાર માટે આપણે એક વર્ષથી પ્રયત્ન કરીએ છીએ. આજે તેનાં ફળ સ્પષ્ટ દેખાય છે.

મ્હારી સાથે આવેલા આ ચાર જુવાનો તરફ જૂઓ. તેઓ 'હિપ્નોટીઝમ'ના અભ્યાસી બનતા આવ્યા છે. આ અભ્યાસની શરુઆતમાં કેટલુંક જેને સાધારણ લોકો 'નીતિ' કહે છે તેનાથી વિરુદ્ધ આવે છે. પરંતુ, જેમ ખરા 'સાયન્ટીસ્ટ'ને મન તેની વિદ્યાની શોધ માટે લેવાતા દરેક ભોગ પવિત્ર છે તેમ આ વિદ્યાનાં ખરાં મૂળતત્ત્વો શોધવા માટે નૈતિક બંધનો તુટે તે, અનિવાર્ય હોઇ, નિર્દોષ છે!"

"હેં! આ કોણ બોલે છે! પંડિત?..." ઉમાનાથ ધ્રૂજ્યો. પણ અરુણલેખાએ તેનો હાથ દાબ્યો.

"મ્હેં પોતે આજે જે વિજય મેળવ્યો છે—" તેણે ગર્વથી ચારે તરફ દૃષ્ટિ ફેરવી. તેની આંખમાંથી આગના અંગારા ઝરતા હતા. જ્યાં દૃષ્ટિ કરે ત્યાં જે કાંઇ હોય તેને પોતા તરફ આકર્ષે એવી વિદ્યુત્ તેમાંથી પ્રગટી રહી હતી. ઉમાનાથ ખેંચાતો હોય તેમ તેનો પગ પણ આગળ ઉપડવા મંડ્યો—" તે પણ આપણી વિદ્યાની પ્રગતિ માટે એકાદ ભોગ લઇને." પંડિતનું ભાષણ આગળ ચાલ્યું. ત્યાં તો

જેમ આભમાંથી વિજળી પડે તેમ અરુણલેખા ફરીને-સભાની મધ્યમાં ઉભી રહી. આખી સભા ઘડીભર થંભી ગઈ.

"આજે તેં જે વિજય મેળવ્યો છે તે એક સ્ત્રીની પવિત્રતાને ભોગે છે એ ત્હને ખબર છે નાં ?" અરુણલેખાએ જોસથી રોષથી કહ્યું.

પંડિતે અરુણલેખા તરફ એકી ટશે થોડીવાર જોયા કર્યું. તેની આંખ વધારે ને વધારે તેજસ્વી થવા લાગી. તે દઢતાથી બોલ્યોઃ "હા. સાધારણ સ્ત્રી ! હિપ્નોટીઝમના અભ્યાસ માટે, એ વિદ્યાનું બળ જાણવા માટે, મ્હેં તને પહેલાં આકર્ષી હતી. એ વિદ્યાની પ્રગતિ માટે ત્હારો ભોગ આવશ્યક હતો. પરંતુ ત્યાર પછી તને સુખી કરવા, તને ત્હારી સ્થિતિ કરતાં વધારે સમૃદ્ધિમાન જગ્યા પર બેસારવા મ્હેં પ્રયત્ન નથી કર્યો ?"

અરુણલેખા, પંડિતને છોડી, સભા તરફ વળીઃ "ભાઈઓ! હું મત જમીનદાર રાણી પાસે દાસીરૂપે આવી હતી. પંડિત એ વખતે ત્યાં જ્યોતિષી તરીકે આવતો. તેણે મ્હને આ ત્હમારી વિદ્યાના પ્રતાપે આકર્ષીઃ મ્હારી પવિત્રતાનો ભોગ લીધોઃ તેનાથી થયેલું મ્હારું સંતાન તેણે પડાવી લીધું અને પછી મ્હને જમીનદારના પુત્ર નયનપાલ સાથે પરણાવી દેવાની પણ પેરવી કરી. નયનપાલ તો મ્હને ચાહે છે અને હું તેને પરણુત. પણ આજે મ્હને મ્હારો પુત્ર પાછો મળ્યો છે." તે અત્યંત જોસથી, પંડિત તરફ પાછી ફરીઃ ' પંડિત ચિંતામણિ !" તેના અવાજના પડઘાથી આખો નિર્જન પ્રદેશ ગાજી ઉઠ્યોઃ "મ્હને ત્હારી વિદ્યાની માહિતી નથી. પણ હું ત્હને ખુલ્લું આહ્વાહન કરું છું-જો, પેલા વૃક્ષ નીચે ઉમાનાથ ઉભો છે. હું નિરવધિ પ્રેમથી ત્હેને ચાહું છું અને ત્હારી બધી આકર્ષક શક્તિ સામે ઉભી રહું છું. ચાલ, તૈયાર થઇ જા."

એક ઘડીમાં પંડિતની આંખ અગ્નિના જેવા તીવ્ર તેજથી છવાઇ ગઇ. તેમાંથી તણખા ખરવા લાગ્યા. પેલા જે ચાર જુવાનો આવ્યા હતા, તે તો પંડિતના તરફ ખેંચાતા ગયા! સભા સ્તબ્ધ બની ગઇ. પંડિત પેલા વૃક્ષ, જ્યાં ઉમાનાથ ઉભો હતો તેના, સામે જોઇ રહ્યો હતો !

બીજી એક પળમાં ઉમાનાથ, અસહાય બનીને, પંડિત તરફ

ખેંચાતો આવતો હતોઃ તેના મોંપરથી નૂર ઉડી ગયું હતુંઃ તેની આંખ ખુલ્લી અને શૂન્ય હતી. તે પંડિતના તરફ અનિચ્છાએ આગળ વધતો હતો.

હવે અરુણુલેખા આગળ વધી. માતાના નિરવધિ પ્રેમથી તેણે ઉમાનાથનો હાથ સાહ્યો. સભાજનોના આશ્ચર્ય વચ્ચે તે પણ સાથે જ ઘસડાવા લાગી. પણ થોડે દૂર ઘસડાઇને તેણે એક વખત ઉમાનાથનું માથું અત્યંત પ્યારથી પોતાની છાતી સાથે દબાવ્યુંઃ વર્ષોના વર્ષો સુધી સંઘરી રાખેલા વાત્સલ્યના પ્રભાવે તેની પ્રફુલ્લ છાતીમાંથી દૂધ ઝરવા માંડ્યું. તેણે નિરવધિ પ્રેમથી ઉમાનાથને ફરી ફરી પોતાના તરફ ખેંચ્યો. તેના ગાલ પર એક મધુર ચુંબન લીધુંઃ ને હૃદય ફાટી જાય તેવા સ્વરે બોલીઃ "બેટા! ઉમાનાથ! હું ત્હારી મા છું. તું મ્હારો પુત્ર છે. હું ત્હને નિરવધિ પ્રેમથી ચાહું છું."

આ શબ્દનો પ્રત્યુત્તર ન આવ્યો. પણ ઉમાનાથની આંખમાંથી અનાથતાનાં આંસું ખરવાં લાગ્યાં.

અને તેજ વખતે પંડિતના મોં પર ફિક્કાશ દેખાવા લાગી. તેનું તેજ ઝાંખુ પડતું લાગ્યું. અગ્નિ જેવી તીવ્રતા ચાલી ગઇ. અરુણુલેખા ને ઉમાનાથ—મા અને દીકરો, એક બીજાને ભેટીને ચાલ્યાં આવતાં હતાં. તેઓ જ્યારે તેનાથી થોડે દૂર રહ્યાં ત્યારે તેણે અસહાય બનીને શૂન્ય આકાશમાં હાથ ઉંચો કર્યો. અચાનક એક ધબકારો થયો અને પંડિતનું શરીર જોસથી નીચે જઇ પડ્યું.

ધૂમકેતુ

કલાનો આર્તસ્વર

સાહિત્ય ક્ષેત્રમાં ઉલ્લાસના સ્વરધ્વનિ ઉઠી રહ્યા છે તે વખતે કલાનો આર્તસ્વર કોઇકને અરુચિકર લાગશે. છતાં સાહિત્યકલાનો સમુદ્ધાર ચાહના જનો સત્ય ન જોઇ શકે તો તેમના સર્વ પ્રયત્નોનું મંડાણુ અચાનક તુટી પડે જ.

કલાનાં ચોઘડીઆં વગાડી રહેલા કલાવિવેચકો કલાની અમર કૃતિઓની રાહ જોઇ રહ્યા છે. પણુ તેઓ કલાને કયે મંડપે પધરાવશે તેની તો કોઇને ચિંતા જ થઇ નથી.

ના. એટલુંજ નહિ. તેઓ કલાનો કયે રૂપે અવતાર થયેલો જોવા તૈયાર છે તેની પણુ તેમની પાસે વ્યાખ્યા નથી. તેઓ ઘડીક રાફેલની કલાની વાત કરે છે. કોઇને વૉટ્સનું નામ જડ્યું છે. કોઇ માઇકલ એન્જેલોની બલિષ્ઠ કૃતિઓ યાદ કરે છે. કેટલાક વળી હમણાં હમણાં અજન્તાની કલાની વિવિધ લીલામાં રસ લેતા દેખાય છે. દેશ-પરદેશના કલાકારોની પ્રસિદ્ધિ અને કલાકૃતિઓ પરથી તેઓ પોતાના દેશની કલાસમૃદ્ધિના અદર્શન પર આંસુના વર્ષાવ કરે છે. ગુજરાતના કોઇ ગપ્પાગાંડ્યા રસ્યાપ્પડ્યા ચિત્રકારોને જાતજાતનાં ઉદ્બોધન કરી, હાસ્યમય વિશેષણોથી મેણાં મારી તેમની પાસેથી અમર કૃતિઓ કરાવવા સખત યત્નો કરતા લાગે છે. કલાના હિતચિંતકો-કલાના પ્રેમીઓ કલા માટે શી રીતે વિચારો કરે છે ?

બંગાળાની કલા શિષ્ટ કલાની પંક્તિમાં ગણાવા લાગી તે પહેલાં શ્રી અવનીંદ્રનાથ ઠાકુર, હેવેલ સાહેબ અને ભગિની નિવેદિતાએ જે ભૂમિશોધન કર્યું તેવું ગુજરાતમાં કોણુ કરે છે ! બરોબર પચીસ વર્ષ સુધી તેમણે પોતાના દેશના વિદ્વાન અને પ્રતિષ્ઠિત માણસોની ટીકાઓના ડુમધા ખમીને,-અરે તિરસ્કારો પણુ સહીને-ધૈર્ય અને ભક્તિભાવથી એ કાર્ય કર્યું અને અંતે દેશનો ઇતિહાસ, જાતિસ્વભાવ,

પરંપરાગત કલાનો સૂક્ષ્મ અભ્યાસ તથા પુરતાં સાધનોનો સંચય કરી શક્યા ત્યારે જ તેમનો ટકાવ થયો. અને એને જ પરિણામે આજે સમજ અણુસમજથી સૌ બંગાળી કલાની વાહવાહ કરી રહ્યા છે.

ગુજરાતના કલાવિવેચકોમાંથી કેટલાએ હિન્દુસ્તાનના કલાવૈભવનો પરિચય કર્યો છે? તેમના સંસ્કારના કેંદ્રરૂપ જે તેમની કૉલેજ તે જ ખુદ ગ્રીક અને ગૉથિક સ્વરૂપમાં ઉભી છે. અને હજીપણ બેહુદાં રૂપોમાં નવાં મકાનો થયાં કરે છે એ જોઇને તેમની આંખો ત્રાસ પામતી નથી! તેમને સુંદર ચિત્રકળાની પરીક્ષા હોય એ કોણ માનશે? શું એ મકાનોમાં તેમને આર્યકલાની પધરામણી કરવી છે? સાહેબના કપાળમાં તિલક શોભે કે મડમને લલાટે ચાંદલો શોભે તો જ પરદેશી ઘાટના મકાનમાં આર્યકલા ભળી શકે.

કલાયુક્ત મકાનો ઉભા કરવા માટે કદાચ દ્રવ્યની મોટી ગુંજાશ જોઇએ. પણ એ માટે ઉદ્બોધન કરવામાં તેમની નજર કેમ ચાલતી નથી? દ્રવ્યવાનો, અધિકારીઓ અને સંસ્થાઓના મુખીઓ આગળ તેઓ કલામય મકાનો વિષે કેમ મૂક રહે છે? વાસ્તુગુરુના રૂપો કલામય થાય તો જ સર્વ આશ્રિત કલાઓનો સમુદ્ધાર માર્ગ મોકળો થાય.

આપણા ખુદ કલાકોવિદોના જ નિત્યજીવનમાં કેટલી કુરૂપતા અને કલાવિહીનતા વ્યાપી રહી છે! તેમના પોતાના જ જીવનમાં તેઓ કલા માટે થોડો સદાગ્રહ રાખતા હોય તો સુંદર પ્રથાની શરૂઆત થાય. પણ આપણા એ સંસ્કારી અને સુશિક્ષિત ગણાતા વિદ્વાનો અને યુવકોની રુચિ જોતાં કલાને સ્થાન ક્યાં; એ પ્રશ્ન અનુત્તર જ રહી જશે.

તેમના ચિત્રસંગ્રહોમાં યુરોપનાં પોસ્ટકાર્ડો અને છાપાનીઆંની કાપલીઓ મોટો ભાગ પામે છે. તેમની ભીંત ઉપર કંઇ કુતુહલભર્યાં કૅલેંડરો અને જાપાની કે બીજી વિવિધરૂપી ફ્રેમોજડિત ફોટોગ્રાફો અને ખંડના શણગારમાં ટેબલક્લૉથથી માંડી જાજમ અને ફર્નિચરમાં અનેક પ્રકારની-કુસંગતિ અને વિચિત્ર મિશ્રણો આપણે જોઇએ છીએ. એકે ચીજ એમના સંગ્રહમાં એવી ભાગ્યેજ મળશે કે જે હિંદુસ્તાનની કારીગરીનો નમુનો હોય, કોઇ પ્રમાણિક હાથે થયેલી ખંતભરી કૃતિ હોય. અરે! તેમના પાણી પીવાના પ્યાલા કે ચંબુ ઉપર પણ ભાગ્યેજ

હિંદુસ્તાનનો હથોડો પડયો હશે. મશિનમાં દબાવેલાં એલ્યુમિનમનાં વાસણો કે હાય ઈનેમલના ટંબલર ટિનપૉટ! હિંદુસ્તાનમાં બેકારી લાવનાર અને કલા કારીગરીનો નાશ કરનાર કોણ છે એમ મને કોઇ પુછે તો હું આવાં જીવન ગાળનાર તરફ જ આંગળી કરું.

યૂરોપની માયાજાળમાં આપણે આપણી સંસ્કૃતિ, ઉત્સવો અને કલાનું રહસ્ય ભુલ્યા. જે અભ્યાસ આપણે જીવનમાં પાયારૂપે કરવો જોઇતો હતો તેને બદલે આપણે એવું જ કંઇ બીજું કર્યું કે જેના પરિણામે ખુદ આપણે જ આપણી પરિસ્થિતિમાં ભળી ન શકીએ એવાં પ્રાણીઓ બની રહ્યાં. અને આપણા નવા ગુરુઓને ચરણે પરાધીન, સ્વયંદૃષ્ટિવિહીન, ચેતનાવિહીન તેમના આદેશની રાહ જોતા ઉભા. આપણે જાતે કલાનો યોગ્ય વિકાસ કરવા અસમર્થ બન્યા. સરકાર પ્રદર્શનો કરી આપણી કારીગરી બતાવે, સરકાર મ્યુઝીઅમો કરી આપણી કારીગરીનો ઉદ્ધાર કરે તો જ થાય એવી સ્થિતિ આવી અને તેમાં પણ આપણી કલા તેના સ્વસ્થાનથી ભ્રષ્ટ થઇ છે. એ પ્રદર્શનો અને મ્યુઝીઅમો આ દેશના માનસને કંઇ પણ સહાયભૂત થયા નથી. વડોદરાનો ચિત્રસંગ્રહ અને મુંબાઇનું મ્યુઝીઅમ જોઇને કોણ કહેશે કે કલાનો પ્રચાર કરનારાં કેન્દ્ર આ જ હોઇ શકે! આ પ્રદર્શનો અને મ્યુઝીઅમોને લઇને દેશના ભમેને માત્ર પચાસ જ માણસોને પણ ખરી કલ દૃષ્ટિ પ્રાપ્ત થઇ એવું કોઇ સાબીત કરી શકશે?

આપણા અધિકારીઓ, સંસ્કારી નેતાઓ, કલાવિચારકો, અરે ખુદ સિવિલ ઇજનેરોથી આપણાં કારીગરો અને કલાકારો કેટલા દૂર પડી ગયા છે એ જેઓ જોઇ કે સમજી શકે છે તેને ઉપરની વાતનું સત્ય એકદમ સમજાશે. આજ કલાકાર કે કારીગર સમાજના સાગરમાં શોધ્યો જડતો નથી. નવી ભાષા અને નવી જીવનપદ્ધતિએ તેનો બહિષ્કાર કર્યો છે અને તેના ખોટા પ્રતિનિધિરૂપે ભંગાર વેચનારા, ઢોંગ કરનારા, જુનો પુરાણો સામાન વેચનારા મુંબાઇમાં અને બીજાં શહેરોમાં નજરે પડે છે. તપાસો તપાસો, દેશની કલાનું સ્થાન ક્યાં છે? કલાની સુંદર કૃતિઓ માટે બુમો નાખનારા વિદ્વાનો શું કરે છે? તેઓ ગમે તેવી હલકી ચિત્રપોથીઓને પોષણ આપે છે. સારી કૃતિ માટે બે ટકાય વધુ ખરચતાં મારવાડી બની જાય છે અને કલાકાર

કે કારીગરનો દોષ કહાડે એ. તેમણે જે દેશોને આદર્શ માન્યાં હોય ત્યાં કલાનું મૂલ્ય શી રીતે અંકાય છે તેનો તેમણે અભ્યાસ કરવો ઘટે. અમરકૃતિની ઝંખનામાં ઝુલતા કલાકોવિદો દેશના શ્રીમાનોને પણ પુછી શકે. બાર મહીને માત્ર સો રૂપીઆ પણ એક સારી ચીજ માટે તેઓ ખર્ચવા તૈયાર છે ખરા? અમદાવાદ અને મુંબાઇના કુબેરોની મહેલાતો જુઓ, તેમનાં દીવાનખાનાં જુઓ અને તેમના લગ્નપ્રસંગના સરઘસ જુઓ તો 'કલાની અમરકૃતિઓ' જન્મતાં પહેલાં મરી જાઓ એમ જ તમે ઇચ્છશો.

'જરા જોરસે બજાઓ' નો ઑર્ડર પચરંગી બૅંડવાળાને સંભળાવતાં શેઠ તમે કદી જોયા છે? ઘડીઘડીના રાગો વગાડતી શરણાઇ અને સુંદર તાલ આપતી નોબતની વાત કોને કરશો? પચાસ કે સો રૂપીઆના કારકુનોનું એ કામ છે? જેલ કે લશ્કરી ઘાટનાં અને છેવટે નાટકના પડદા જેવા બંગલા અને ઘરો તમે અમદાવાદ અને દેશી રાજ્યોમાં જોયાં નથી? અને હજુ પુછશો કે કલા ક્યારે અવતરશે? અમદાવાદની અઢળક કલાસમૃદ્ધિરૂપ મસીદો અને મહેલોમાંથી લેશ પણ બોધ કે અનુકરણ ન લઇ શકે એવી પ્રજાને 'કલાની અમરકૃતિ' કેવી હોય એ વિચારવું પણ કેટલું મુશ્કેલ છે? 'અમરકૃતિઓ' તો કાળ નક્કી કરે છે. એ ચાર માસિકો કે ફુરસદે લેખ લખનારા ન કરી શકે. એ કલાકોવિદોમાંનો કોઇપણ ચિત્રકાર કે કારીગરના ઘરમાં ધુળ ખાતી સારી કૃતિઓ પણ જોવા નીકળ્યું છે?

તમારા ચિત્રકારોને, તમારા કારીગરોને, તમે મારવાડી બુદ્ધિથી નિભાવશો અને તેમની પાસેથી કલા દોહી લેવાની વાંચ્છના રાખશો એ કઇ રીતે સિદ્ધ થશે? જ્યાં અંતરનાં ઝરણાં વહેવડાવવાં છે ત્યાં અંતર નીચોવવાં પડશે. મહાન રસ્કિનનું વાક્ય છેઃ 'કલા પામવા હૃદય આપવું પડે, કલા સરજવા જીવન સમર્પવું પડે.'

રવિશંકર મહાશંકર રાવળ

જાગીને જોયું

જાગીને જોયું, મ્હેં તો જાગીને જોયું,
નિદ્રાના પાશમાંની જાગીને જોયું;
જોયું જોયું રે! મ્હેં તો જાગીને જોયું.

પૂર્ણું પરમ પ્રેમનું એ ધામ મ્હેં તો જોયું,
આઘે છે આઘે, તોય પાસ મ્હારી દીઠું;
જાગીને જોયું, મ્હેં તો જાગીને જોયું.

ઝળહળતી જ્યોતિ સમું સુખડું યે જોયું,
ઘેરા અંધારમાંયે તેજ મ્હેં તો દીઠું;
જાગીને જોયું, મ્હેં તો જાગીને જોયું.

ઉંડાં ઉંડાં રે! મ્હારા ઉરનાં અંધારાં,
તેજના પ્રકાશમાં ભૂંસાતાં મ્હેં દીઠાં;
જાગીને જોયું, મ્હેં તો જાગીને જોયું.

ઉન્હી ઉન્હી રે! મ્હારા હૈયાની જ્વાલા,
રસની એ રેલમાં હોલાતી હો વ્હાલાં!
જાગીને જોયું, મ્હેં તો જાગીને જોયું.

શોધી શોધીને જગ આખું મ્હેં શોધ્યું,
શાંતિનું ધામ આવું ક્યાંય મ્હેં ન દીઠું;
જોયું જોયું રે! મ્હેં તો જાગીને જોયું.

જ્યોત્સ્ના શુકલ

સટીક તંત્રીપુરાણ

અહો ! ક્યાં તંત્ર ને તંત્રી ? ક્યાં હું દીન સુસેવક ?
સૂર્ય ક્યાં ? આગિયો ક્યાં આ ? વિશ્વના ઓ વિવેચક !

[અહાહા ! અહોહો ! ક્યાં અગાધ તંત્રીનું તંત્ર અને ક્યાં શોભન વેષે ગરીબ સેવકની અલ્પ મતિ ! ક્યાં સૂર્યનો મહાપ્રકાશ ? અને ક્યાં મમ સદૃશ આગિયાની લઘુચમક ? વ્યાસજીએ કે વાલ્મીકિજીએ આ કાર્ય હાથે લીધું હોત તો ગીતા કે રામાયણની માફી વશે થાત. ને તોયે હું, આજની સપ્પરમી સવારે મુજ શક્તિભક્તિનું પ્રદર્શન ખુલ્લું મૂકું છું તો ઓ વિશ્વના નીરક્ષીર વિવેચક ! મારૂં પોતાનું અને મારા કિતાનું તું સંરક્ષણ કરજે.]

સ્વસ્તિશ્રી તંત્રીપુરાણે
મંગલઆચરણ ખંડ
પરિપૂર્ણ

卐

ઋગ્, અથર્વ, યજુર્, સામઃ ચાર વેદ સનાતન,
વેદિયા તંત્રનોયે છે વેદ નૂતન પંચમ.

. [અખિલ આર્યાવર્ત જેનાથી અણુજાણ નથી એવા ચાર વેદ-ઋગ્ ને અથર્વ; યજુર્ ને સામ-આ ગણાવ્યા એ ચારે વેદ તો સરજનજૂના હોવે નિત્યનવા છે. પણ એક પાંચમો વેદ પણ નથી એમ નથી. તંત્રીપદાના વેદભક્તો જેની ભક્તિ અનન્ય, એટલે કે ન અન્ય છે, એ સૌ વેદિયાનો સમાવેશ આ નવા તેમજ પાંચમા તંત્ર-વેદમાં હોવાનું ક્યાંક કહ્યું પણ છે.]

કથા પુરાણુની એહ ટીકા સાથે રજૂ કરૂં,
અને એ કાર્યની પૂર્વે લઘુ માહાત્મ્ય વર્ણવું:

[એવા ધન્ય પુરાણની કથા હું ટીકા સાથે માંડું છું. કિન્તુ ભૂલ્યો; એ મહદ્ કાર્ય ઉપાડ્યાં પહેલાં સંક્ષિપ્તમાં મારે એનું માહાત્મ્ય કહી ગયા વગર ચાલેજ નહિ.]

તંત્રીની આ કથાને કો સ્વપ્નમાંયે જો લવે,
મુદ્રણાલયને સ્થાપી મુદ્રક હોંશથી બને.

[અરે! રાતે કે દિવસે સ્વપ્નામાંયે કોઈ ઉંઘણશી આ કથાને ગમે એમ લવી જાય તોયે એના નશીબે કોઈ મુદ્રણાલયના મુદ્રારાક્ષસ બનવાનું સૌભાગ્ય જડયું હોય છે.]

વળી જાગ્રત કો, ચૂપ રહીને, મનમાં પઢે,
પ્રકાશક બની પ્રેમે પુસ્તકો વેચશે સુખે.

[વળી જેમ આપણે આગળ સ્વપ્નમાં મોટે નાદે કથા લવનાર જોયો તેમ કોઈ નર એવો હોય, કે જે જાગ્રત હોય, અને તોયે એની મરજી ચૂપ રહેતા રહેતાં મનમાં સારીય કથા સંભારી જવાની થાય તો એને પણ કંઇના કંઇ ફળની પ્રાપ્તિ થાય જ છે. એટલે કે પુસ્તકોનો પ્રકાશક બની, સુકાળે તો અવશ્ય પણ દુકાળે વિશેષ, એ સુખેથી રોટલો મેળવી, પોતાનું ગુજરાન ગુજારી શકે છે.]

એક ખંડ ભણે નિત્ય ઉપતંત્રી રહે બની,
ઉપતંત્રી ન થાયે તો જંત્રી. મંત્રી નકી નકી.

[જે પુણ્યશાળી નર કે નાર નિત્ય પ્રભાતમાં આ તંત્રીપુરાણના આ પ્રથમ માહાત્મ્ય ખંડના શ્લોકદશકનું કે પછી રૂચે એ ખંડનું સટીક પઠન કરી લે, એને કોઈ પત્રના ઉપતંત્રીની ભાંગલી ખુરશી મળતાં વાર નથી લાગતી. પણ કદાપિ ભાગ્ય જરા આડાં ફરે—શું જાણે જાનકીકંથ બપોરે શું ભવિષ્યશે?—ને આમ બનવા ન પામે તો પછી જંતરમંતર લગાવી શકે એવા મંત્રીની જગ્યા તો એને માટે હાજરાહજુર જ માનવી.]

અને બે ખંડ વાંચે જે પૂર્ણ તંત્રી બને જ એ,
આત્મપક્ષી થતાં એહ આત્મોદ્ધાર કરી શકે.

[ઉપરાંત જે રોજ બે ટંક ભાગી જવાની નવરાશ મેળવી શકે એમ હોય એણે તો અવશ્ય ખાત્રિ રાખવી કે, ભલેને એનામાં ગમે તેટલી ઓછી આવડત ને અધૂરી અક્કલ હોય, એણે ખાત્રિપૂર્વક નિશ્ચય કરવો કે, કાળે કરીને પણ ક્યારેક તો એને સંપૂર્ણ તંત્રીપદ મળવાનું જ છે. અને પછી તો બસ પોતાના ખભામાં ફૂંકે જવાથી એનો આ જગતે, આત્મઉદ્ધાર થવો જ જોઇએ.]

કહિયે કો કથા માંડે પુણ્યવંત મહાનર,
સાહિત્યે પામતો એહ ધન્ય સાક્ષરનું પદ.

[અને કોઇ પુણ્યાત્માને એવી મતિ સુઝે કે, સત્યનારાયણની પેઠમ, આની કથા પણ કદિક બેસાડવી તો પછી એને, પોતાને સાક્ષર બનાવવા માટે, કોઇને બાબાપુ કરવાની જરૂર જ શેની રહે !]

રૂડેરી પૂર્ણિમા રાતે કથા નિત્ય જમાવવી,
સંકલ્પ જે કરે સુજ્ઞ; એ નહિ જન્મશે ફરી.

[ને—અને કોને એવી ધૂન લાગી કે બસ દર ઉજળી પૂનમની રાતે આ કથા તો જમાવવી જ એવાનું તો પછી પૂછવું જ શું ! એના મૃત્યુ પછી એને આ માયાવી સંસારની જન્મમરણજંજાળમાંથી મુક્તિ મળે છે. અર્થાત્ એ સ્વર્ગમાં જાય કે નરકમાં-જ્યાં યમરાજ ઘસડી જાય ત્યાં એનો સદાને માટે વાસો થાય છે.]

સ્વસ્તિશ્રી તંત્રીપુરાણે
માહાત્મ્ય ખંડ
પરિપૂર્ણ

卐

હિમાદ્રિની મહત્ટોચે પુરા ઘોર હતું વન,
વાંઘ ને સિંહના શોર ગર્જે ભીષણ અને ઘન.

[હિમાદ્રિ કહેતાં હિમાલયની પરમ ટોચે પુરા કાળમાં એક ઘોર વન હતું; જે અત્યારના કાળ વિષે પણ અમ્મર ઉભું છે. કોઇ ત્યાં લગી ચડી શકતું નથી; એટલે એ કોઇ જાણતું નથી. અને એમાં વૃક્ષવિટપાદિ તો નહિ પણ વાઘસિંહાદિ જબ્બર બરાડા પાડે છે. એ તો જેના જેના કાન.]

એક ત્યાં વૃક્ષની નીચે યોગી કો તપ આદરે,
સૂર્ય સામે ધરી દૃષ્ટિ; અન્ન કે જલ ના ગ્રહે.

[કયે રસ્તે કયા પ્રકારે આ અઘોર વનમાં એ પહોંચ્યા હશે એનું અનુમાન કલ્પી શકે એવો કોઇ કવિ આજ લગી આપણા જગતે જન્મી શક્યો નથી; પણ વાત ચોક્કસ કે આજ વનમાં એક વૃક્ષના સતત્ છાંયડા તળે કો યોગી તપ તપી રહ્યા હતા. સૂર્યના તાપની જાણે કે એને ચિંતા જ ન હોય એમ એની સામી અમલક આંખો રાખી, ચારે પહોર ને ચોવીસે ઘડી, અન્ન કે જલનો સ્પર્શ કર્યા વિના, એના ઉદયથી તે અસ્ત લગી, ટગર ટગર એ સ્વયંસેવાભાવે ચોકી ભરતા.]

“ ઘડયો ના નર મેં આવો, ” બ્રહ્મ આછું વિચારતા,
“ પોષ્યો ના નર મેં આવો, ” વિષ્ણુ ઘેરૂં વિમાસતા.

[આવા અજબ નરની દેવોને પણ ઇર્ષ્યા થાય એમાં શું આશ્ચર્ય ! જગતની એક એક ચીજ જેને ઘડવાની છે એવા બ્રહ્મા-કુંભાર પણ વિચારવમળમાં તરવા લાગ્યા કે એમણે નહિં ઘડયો હોય એવો તે આ કોણ છે ? જગતને પોષનાર ખુદ વિષ્ણુરસોયાએ પણ વિમાસણવહેણમાં ડૂબકી ખાધી કે આવા નરને તો પોતે એક ટંક પણ હાડુક પોગી નથી કરાવી.]

“ આવાને કેમ માર્યો ના ? ” મહેશ મનમાં બળે,
જન્મ, જીવન ને મૃત્યુ: એનાં શું અફલિત છે !

[વળી આટલું અધૂરું હોય એમ એ વિશ્વસંહારક મહેશ-ખાટકીના અંતરે એ ગોટગોટાળો વસ્યો કે આ યોગી ઘડાયો ન હોય ને પોષાયો ન હોય તોય એ જન્મ્યો છે ને જીવે છે. પણ તો પછી મેં એને ગળાટુંપ કેમ ન દીધી? અહો! કેવાં એનાં ન કળી શકાય એવાં જન્મ, જીવન અને મૃત્યુ?! એવાને તો મૌન નમસ્કાર સિવાય અન્ય શું કહેવું કે કરવું? વસ્તુતઃ કશુંજ નહિં.]

ડોલ્યું આસન જ્યાં તેનું, ઇન્દ્રના પગ ધ્રૂજિયા,
સહસ્ર અપ્સરાવૃંદ ધ્યાનભંગેજ હાંકિયાં.

[ગમે તેવો સેભાગ્ય યોગી તપ આદરે કે જેનું આસન ડોલવાનું જ એવા અસ્થિર ઇન્દ્રના પગમહીં તો આથી ધ્રૂજારી વછૂટે જઃ એનાં વૃથા વર્ણન શાં કરવાં! એટલે એણે તો હજાર હજાર અપ્સરાને ધકેલી. એ કપટમાં કે રખે ને જો યોગી લલચાય ને તપભંગ થાય તો પોતે પદભ્રષ્ટ થતા બચે. જુઓ તો ખરા; પોતાને જેઓ દેવ કહેરાવે છે એમનામાં પણ કેટલો બધો સ્વાર્થ હોય છે!]

અહા! એ યોગીયે કેવા? પરબ્રહ્મથકી પર,
દ્રષ્ટિ ઉગ્રથકી સૌને ભસ્મીભૂત કર્યા સ્મર.

[પણ શી વાત કરવી! એ કુમ્ભજથી કમે એવા કૃષ્ણુ કે ગેનકાથી મોટે એવા વિશ્વામિત્ર નહોતા. બલ્કે પર હતા. જેવી અપ્સરાઓની ધપીધસી આવતી એમના દ્રષ્ટિપથમાં પડી કે એમના ચીગાનાટની અખિયાળી દાંડીમાંથી એક તૃતીય બાંકું લોચન ફૂટી નીકળ્યું. એમાંથી જે અગ્નિ વરસ્યો એના શુભ પરીણામરૂપ, પળના પાંચમા ભાગમાં, એ લશ્કરને રાખના ઢગના સ્વરૂપમાં ફેરવાઇ જવું પડયું! જોયું જાય નહિં એવું આ જાદુ, કોણ વિસારી શકવાને સમર્થ છે? ખરે! એ તો જીવ લઇને જ જવાનું.]

સુણે ઇન્દ્ર સમાચાર, અંતરે અગ્નિતાપણી,
કૃષ્ણુપાયે રડે છાના યાચંતાં દીન માગણી.

[ઇન્દ્રને આ હત્યાકાંડનું વર્ણન કોઇ આવતા જતા ખેપિયાએ આપ્યું કે પેટમાં ફાળ પડી-એક રીતે કહીએ તો લાય લાગી. દોડ-દોડ કૃષ્ણ પાસે દોટ મૂકી, પગે પડી, એમણે યાચના કરી: "હે દુ:ખિયાના બેલી! તારો તો બાળદ છું. એલ્યા અકરાંતિયા સંગોરિયાને માગે એ આપ. નહિતર હું ઇન્દ્રાસનનો ઇન્દ્ર નહિ રહું." આટલું કહેતાં તો એમની આંખમાં આંસુના સાગર ઉલટ્યા! સારાંશ એ લેવાનો કે ચડતીપડતીની તડકીછાંયડી માનવમાત્ર તો શું પણ આજ દેવમાત્રને પણ છોડતી નથી. ખુલાસાવાર કહીએ તો આમ છંછેડ્યા વિના રહેતી નથી.]

તંત્રીરૂપે જુઓ અંતે પ્રભુ પોતે પધારિયા,
"માગ વત્સ," કહેતાં તો પ્રૌઢ પ્રશ્નોત્તરો થયા.

[આ પ્રમાણે શ્રી કૃષ્ણને યોગી સમક્ષ પ્રગટ થવું પડ્યું. એ કાળે એમનું સ્વરૂપ દેવ, માનવી કે રાક્ષસ નહિ પણ તંત્રી સમાન હતું. એ ડાચાકમળ ને એ ટાંઢિયામુજં: એ દશુંકોડિયાં ને એ ચક્ષુ-માર્જરી અન્ય કોનાં હોઇ શકે? વિશેષે કરીને વળી પ્રથમ હાથમાં કલમગદા ને બીજામાં ખડિયોશંખ: ત્રીજામાં લખાણચક્ર ને છેલ્લામાં પ્રુફપદ્મ ઇત્યાદિક શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યાં હતાં. પછી એવા એ કૃષ્ણે યોગીને સંબોધીને નીચેનાં વેણ ઉચ્ચાર્યાં: "માગ, માગ; માગે તે આપું." આવા રૂપમાં પણ આવો વાણીઉચ્ચાર શ્રવણ થતાં યોગી તપોબળના પ્રતાપપ્રભાવે પામી ગયા કે ઓહો! આતો પ્રભુશ્રી પંડે પધાર્યા ને શું?! એટલે પોતાના તપનું કારણ જણાવવા મોં ખુલ્લું કર્યું: હોઠ ફફડાવ્યા: જીભ હલાવી. આમ નિજઆત્મા એમની અને પરમાત્મા પ્રભુની વચ્ચે નીચે મુજબ અજબ પ્રશ્નઉત્તર થયા.]

સ્વસ્તિશ્રી તંત્રીપુરાણે
પૂર્વવૃત્તાંત ખંડ
પરિપૂર્ણ

卐

બ્રહ્માની સ્વાર્થી જંજાળે ચેન ના પડતું કશું,
તંત્રી મારે થવું છે તો કહો ગોવિન્દ! શું કરૂં ?

[હે ગોવિન્દ! સચરાચર જગતની સૌ સ્વાર્થી જંજાળમાં મને કશો રસ ન પડતો હોય એ સ્વાભાવિક છે. મને લાગે છે કે મૃત્યુ પછી તને પામવા અર્થે નિઃસ્વાર્થ સેવા કરવાનો એક અનન્ય માર્ગ તે તંત્રી થવું એ જ છે. તો મારે એ થવું છે. એ માટે મારે શું શું કરવું ઘટે?]

વત્સ! ધીરો જરા થા તું, સહુના ભાગ્યમાં ન એ,
અનોખાં જે કરે પુણ્ય ચડે તે તંત્રીઆસને.

[વત્સ! ઉતાવળ મા કર. તંત્રીપદ સૌના ભાગ્યમાં ક્યાંથી હોય! એ તો જેમણે અનોખાં અર્થાત્ અનેરાં પુણ્ય કિંવા તપ કર્યાં હોય એમને જ એ લાધે છે. અન્યનાં એ ગજાં ન મળે.]

કરૂં તો પુણ્ય આજે હું સહસ્ર બ્રહ્મભોજન,
સકુટુંબ ભલે આવે; સ્વાગતમ્, હે જનાર્દન!

અને જો હું થયો એથી તંત્રીને કૈંક લાયક,
ધર્મ તંત્રીતણા શા છે? વર્ણવો વિશ્વનાયક!

[અરે! તો તો પુણ્ય કરવાની કિયે ના પાડી! લ્યો નઃ પૂરા હજાર બ્રહ્મકુટુંબ ભલે એક ટંક મારે ત્યાં જમી જાય. જનાર્દન અર્થમાં ઓ કૃષ્ણ! તમે પણ ભલે પધારજો. અને ધારી લઇએ કે આટલું થયું એટલે પછી તંત્રી થવાની મારામાં સહેજ લાયકી આવી તો ગણાય. તો પછી તંત્રી થવું એ કોનું કામ છે; એનું કાર્ય શું શું છે; એ સર્વથી મને વિદિત કરવામાં તમને શો વાંધો હોય? એનું યથાર્થ વર્ણન તમે કાં ન કરો?]

બ્રહ્મ, ક્ષત્રિય ને વૈશ્ય, આખર શૂદ્ર આવતા,
આર્યના ચાર એ વર્ણ મને જે મનભાવતા.

શિક્ષણ બ્રહ્મને શીરે એવું સ્પષ્ટ કહ્યું જ છે,
તથાપિ અલ્પ બુદ્ધિના ઉલ્લંઘે વેદવાક્યને.

[આ સકલ આર્યાવર્તમાં, મુજને મનગમતા, મુખ્યત્વે ચાર જ વર્ણ હતા–હોવા જોઇએઃ બ્રાહ્મણનો, ક્ષત્રિયનો, વૈશ્યનો અને છેવટ, જે કહેવાય તે, શૂદ્રનો. સર્વનાં નિર્મિત કાર્યપર નયન ઠારતાં જ્ઞાન-શિક્ષણ દેવું, એટલે કે તંત્રી થાવું એ તો બ્રહ્મ કહેતાં બ્રહ્મમય બ્રાહ્મણનો જ ધર્મ વદે. તથાપિ અલ્પ બુદ્ધિના એવા પામર મનુષ્યો, ધર્મનો વિચાર લાવ્યા વિના, પોતે ક્ષત્રિય હોય કે વૈશ્ય, વૈશ્ય હોય કે શૂદ્ર, શૂદ્ર હોય કે ક્ષત્રિય પણ મરજીમુજબ તંત્રીપદું લઇ લીધા વિના રહેતા નથી. પણ શાસ્ત્રીય રીતે નિહાળતાં આ એક અક્ષમ્ય પાપ જ છે ના? એની શિક્ષા એમને આ લોકમાં નહિ તો પર-લોકમાં તો થવાની જ.]

કેશવ! જાણીને સર્વ દિલ આ બળતું અહુ,
તોયે બ્રાહ્મણ હું, તેહ શાને આશ ત્યજી દઉં?

[અહો! દેવના દેવ હે વિશ્વસ્વામી! અધર્મી જ આ બ્રહ્મ-ઇતિહાસ જાણી મારૂં ઉર ભડકઅગે છે. પણ મારે ખભે તો ત્રિતાં-તણિયા જનોઇ હોતાં, તંત્રી થવાનો જે મારો જન્મસિદ્ધ હક્ક ગણાય એ કયે મને જતો કરાય?]

ધન્ય હો, ધન્ય હો વત્સ! આક્રીન તુજ વેણુનું,
ઉત્કંઠા ઉરની ઉંડી તો લે તારી પૂરી કરૂં.

[ઓ મારા શિષ્ય! તને ધન્ય જ છે. કારણ મને રીઝ કરી દે એવાં વેણ તેં રજૂ ર્યાં છે. અને એ નિમિત્તે હું યથામતિ ઉત્તર દઉં છું. તો લેઃ કાન ધર.]

કૃપા મોટી થઇ, કૃષ્ણ! આનંદ દિલ માય ન,
સાષ્ટ અંગે પ્રણામું હું, પરમાનન્દ! માધવ!
અને તોયે હૃશીકેશ! તંત્ર મોજે ચલાવવાં,
કાઢું કેવું કહો પત્ર સચિત્ર વા અચિત્ર વા?

[હે પ્રભો! આપે મારાપર એટલી બધી દયાદ્રષ્ટિ કરી નાંખી છે કે મારા દિલમાં, મને થતો આનંદ, મવરાવવાની જગા નથી.

અને એ જ અંખૂટ આનંદના અધિક આવેશમાં, મદિરાથી માતેલ માફક, મારા આઠે અંગની શક્તિ હણાઇ જતાં હું તમારા પગમાં આળોટી પડું છું. પણ જ્યાં આનો નશો ઉતરે છે અને વાતાવરણનું મને સાનભાન થવા પામે છે ત્યારે મને તમને પ્રશ્ન પૂછવાની ગમ પડે છે કે તંત્રી થયા પછી પણ જીવનને મોજમજાહમાં રાખવાનો જો કોઇમાં સ્વાર્થ હોય તો એણે કેવું ને કયા પ્રકારનું પત્ર કાઢવું? વિસ્તારપૂર્વક ટૂંકમાં પૂછતાં સચિત્ર કે અચિત્ર ?]

યથાર્થ પ્રશ્ન એ તારો, શાબાશ તુજ બુદ્ધિને,
જગનાં લોક તો મોહે ચિત્રનાં રંગદર્શને.

અને જો એ જ વાંચ્છે તો વ્હોરવાં પડશે ખરે,
કલાનાં ખૂનનાં પાપઃ ચિતારા ઉચ્ચ ક્યાં મળે ?

[આવો અકલ્પીય યથાર્થ પ્રશ્ન પૂછનાર તારી બુદ્ધિને મુબારકબાદી આપતાં મને હર્ષની પ્રાપ્તિ થાય છે. હાલનાં જગજ્જનોને, તું કે હું ન જાણીએ એમ, ચિત્રના રંગલપેટા બહુ પસંદ પડે છે. ને તને પણ એ શોખ રહી જતો હોય તો પછી કલાનાં ખૂનનાં પાપનાં પ્રાયશ્ચિત માટે તારે તૈયાર રહેવું પડશે. કારણ કે આપણે ત્યાં ઉત્તમ કહીએ તોયે વાંધો નહિ એવા ચિતારાનો આ પળ લગી ખોટ જ છેઃ ખોટ છે એટલું જ નહિ પણ જે છે એમાંથી અનેક તો તફડંચીમાં પારંગત એક્કા કહેવાય છે.]

ન ઇચ્છું હું, ન ઇચ્છું હું પ્રજાના શાપ દુઃખિયા,
ચિત્રહીન રહું લ્હેરેઃ મહાપાપ કરૂં જ શાં ?

[ના રે બાપ! ચિત્રોમાં એવી ચોરી પોળી મારે કયે મલક જવું? દેવાધિદેવ! હું, વિના ચિત્ર, લ્હેરબંધ જીવીશ. મારા સમ નિઃસ્વાર્થ સેવકથી જાણીબુઝીને તે પાપ થાય જ કેમ? ધોળામાં રાખ હજો ને!]

વસ્તુસ્થિતિ કહી મેં તો ધર્મ એ માહરો જ છે,
હવે તારે થવું કેવું? મર્મ એ તાહરો જ ને?

[મેં તો મારા ધર્મઅનુસાર આજુબાજુનો વિચાર કરીને તને યોગ્ય સલાહ આપી. પછી તારે–તારે કહેતાં તારા પત્રને સચિત્ર થવું કે અચિત્ર રહેવું એ તો, સત્ય કહેજે, તારા ધર્મઅનુસારની વાત વદે ને !]

ઉપરાંત પુછું અન્ય સાહિત્યનું કલાનું કે ?
રાજકીય, સમાજી કે શંભુમેળો બધો ઘટે ?
દૈનિક, અઠવાડિક, પખવાડિક, માસિક,
દ્વિમાસિક, ત્રિમાસિક કે વાર્ષિક સુરૂચક ?

[અને કહો તો ખરાઃ મારે ક્યાં ખેતરમાં હળ હાંકવું ? અર્થ એ કે મારે કયા ક્ષેત્રનું પત્ર કાઢવું ? સાહિત્યનું કે કલાનું; રાજકીય કે સમાજી; કે પછી સૌનો શંભુમેળો ભરૂં ? વળી એ ક્યારે ક્યારે ગ્રાહકોના હાથમાં પહોંચાડવું ? રોજને રોજ ? અઠવાડિયે ? પખવાડિયે ? એક–બે–કે ત્રણ મહિને ? કે પછી વર્ષ દહાડે મફત સાલમુબારક પણ વાંચે એવું વાર્ષિક સૌને સુરૂચિકર નીવડશે ? આ વાતમાં આપનો અંગત અભિપ્રાય કેવોક છે ?]

રાજકીયે ભરી ધાસ્તી, રસહીણું સમાજી જ,
કલા તો કાઢવી ક્યાંથી ? સાહિત્ય એજ ઉત્તમ.
દૈનિક, અઠવાડિક, પખવાડિક સત્વર,
દ્વિત્રિમાસિક, વાર્ષિક દૂર, ઉત્તમ માસિક.

[રાજકીય વાવાઝોડામાં તો ક્યારેક ડંકિકા ઉડે એટલે કરીને એમાં ડોક લંબાવવી એ તારા જેવા માટે તો જોખમભરેલું કહેવાય. વળી પત્રતંત્ર કાજે જીવનયંત્રને છાપરે ચડાવતાં જીવનરસને ને રસજીવનને પરવારી બેઠેલા એવા તંત્રીઓને સંસારસમાજની વાતચિતમાં તે શી ગતાગમ પડવાની હતી ! બાકી કલાનું તો હું આગળ વર્ણન કરી ગયો. આગળ ધપતાં સમય પરત્વે શાંત ને ગંભીર વિચાર ચલાવતાં મને લાગે છે કે દૈનિક, અઠવાડિક કે પખવાડિકમાં તો હદબેહદ ઉતાવળ કરવી પડે અને લોકોની આંખે ચડાય. દ્વિમાસિક, ત્રિમાસિક કે વાર્ષિકથી પ્રમાદની સત્તા જામી જાય એટલુંજ નહિ

પણ લોકોની આંખમાંથી ખસી પણ જવાય. માટે આ સૌ વિઘ્નો જોતાં સહુ ખેડ્યું નિર્ભય સાહિત્યમાસિક કાઢવું એજ સર્વશ્રેષ્ટ માર્ગ છે.]

કરીને એટલું નક્કી અનેક નામ શોધીને,
કરૂં હું ચાલતું પત્ર ? અન્ય કૈં કરવું ઘટે ?

[આટલું નિશ્ચિંત કર્યા કેડે, કાંઇ નવું જ નામ પાડીનેઃ જે મને પોતાને તો અન્ય પત્રોનાં સર્વ નામોનાં ઉત્તમ જ લાગતું હોયઃ એવું નામ નક્કી કરી હું એક પત્ર શરૂ કરૂં એ પહેલાં મારે કશું સંભાળવાનું બાકી રહેતું હોય તો એવું મને અવશ્ય ભાન કરાવો. પત્ર કાઢવું સાવ સહેલ છે, નિભાવવું છેક અઘરૂં છેઃ આ પરમ સત્ય તમારા ખ્યાલ બહાર તો શાનું હોય ?]

ભોળા મારૂં કહ્યું માની મૂકી દે તું વિચાર આ,
તંત્રમાં ન કશો સારઃ શ્વેત સૌ દૂધ ના સદા.

[અરે ભૂંડા ! મારી સલાહ તારે લેની હોય તો હું દઉં છું કે તું તંત્રી થવાનો વિચારજ માંડી વાળ. એમાં તે શો સાર બળ્યો છે ? સર્વદા ઊજળું એટલું દૂધ નથી હોતુંઃ સાબુના લાડૂ પણ એવા તો હોય છે.]

ફરી જતા કાં ? થઈ ભૂલ કે હેં ?
અર્પો ક્ષમાબક્ષીસ બાલુડાને;
હોયે ભલે તંત્ર અગમ્ય છેક,
કાં ના તજું મોહન ! સ્વાદટેક ?

[હેં મોહન ! તમે આમ, પાઘડી ફેરવી બેસી, બધી બાજી ઉલટાવી નાંખો એ ઠીક કહેવાય ? જો મારાથી કાંઇ ઉંધું વેતરાણું હોય તો હું તમારૂં તો આખર છોકરૂં કહેવાઉંઃ ભલે ને માથે તો કાળાનાં ધોળાં મટી ધોળાનાં કાળાં થવા માંડયાં હોય. અને ખરેખર ! એક અન્ય શંકાનું સમાધાન પણ પતાવો. તંત્રીપદ ગમે તેવું હાલી-

મવાલી હોય તદપિ એનો સ્વાદ ચાખવાની મારી ટેકને હું, કયે કારણુઅર્થે, નાકા જેમ, પકડી રાખતો હઈશ ?]

સુગન્ધ મીઠી સુંઘ લીમ્બડાની,
ને ચાખ ત્યારે કટુતા શી એની ?
જો તંત્રીકેરા વ્યવહાર આવા,
બાહ્યે રૂડાઃ અંતરથી સડેલા.

[તને શું એટલું જ્ઞાન નથી કે લીમ્બડા સુગન્ધ પૂરતા જ મીઠડા હોય છે ? ન હોય તો જા—એક વાર ચાખી જો. જાણે કડવાશ તો એના પૂજ્ય પિતાશ્રીની જ. બબુચક ! તું જાણુ કે તંત્રીના તંત્રના વ્યવહાર પણ આજ પ્રકારના હોય છે. દૂરથી નિરખો ત્યાં સુધી ઉત્તમઃ પાસેથી નિહાળો એટલે અધમ.]

લીમ્બડા કડવા તોયે અંતસ્તાપ પરા કરે,
તંત્રીનું તંત્ર તો ના શુ અંતર્દુઃખ નસાડશે ?

મધુસૂદન ! કંસઘ્ન ! તંત્રની કુંચીઓ કહો,
સેવાના લાગ આવે ક્યાં જગે આમ ફરી અહો ?

[મામા કંસના એ મોક્ષક મધુસૂદન ! તમે ભૂલ કરતા લાગો છો. લીમ્બડા કડવા ખરા પણ, ન ટરે તમ સરિખા નારાયણને મતે કે પછી તમને કદિયે તાવે પટકી પાડ્યા તો એના સેવનથી બેઠા પાછા હતા એવા થઇ જાઇએ છીએ ? તંત્રીનું તંત્ર પણ, તમે કહ્યું તેમ જો લીમ્બડા જેવું જ છે સારે તો જરૂર મારા મનનો દુઃખરૂપી તાવ તગડશે. માટે એટલે, અમૃત તો ચાખવા મળ્યું નથી પણ એથીયે ઉમદા આ તંત્રામૃતનું તમે મને રસાસ્વાદન આજ ને આજ સત્વર જ સત્વર કરાવો. અમારા એક કવિએ એક ગાણું જોડ્યું છે—તમે તો એ જાણુતા જ હો—કેઃ આજનો લ્હાવો લીજિયેજી કાલ કોણે દીઠી છે !]

અહો ચેલા ! અહો ઘેલા ! આ ઉતાવળ કારમી,
તંત્રીના તંત્રની માયા દુઃખડાં ઑર લાવતી.

અને જ્યારે તથાપિ એ તારે કંઠે ન ઉતરે,
રહસ્ય તંત્રીનું સૂણુ એકાગ્ર ચિત્તથી હવે.

[ઓ મારા ઘેલા ચેલા ! આ માત્ર વગરની ઉતાવળ છે. તંત્રી થયા પછી તંત્રીને માથેથી, ઑર, કહેતાં મૂળ જે કહેવાય તે-ન સમજી શકાય કે ન સમજાવી શકાય; કોઇને કહેવાય નહિ ને પોતાથી સહેવાય નહિ એવાં-દુઃખના જ્વાળામુખી ફાટે છે. આવું છે તોય તારે ગળે જ્યારે એ કથા ઉતરતી નથી અને એને અંતે તું તંત્રી થવાની બાળહઠ, રાજહઠ, સુન્દરીહઠ ને નહિતર છેવટ ખચ્ચરહઠ સમાન ભીષ્મ તંત્રીહઠ લે છે ત્યારે હવે તો તું, એકાગ્ર ચિત્તે ને સ્વસ્થ મને, તંત્રીના રહસ્યનું શ્રવણ કર.]

અહા આવી, અહા ભાવી ધન્ય જીવનની ઘડી,
કહી નાંખો જ વાર્ષ્ણેય ! ઢીલ ના કરશો કશી.

[ખરે ! મને અતિ સ્વાદિષ્ટ લાગે એવી મારી જીન્દગાનીની ધન્ય ઘડી આવી પુગી. તો પછી હે વાર્ષ્ણેય ! ત્રિલોકના નાથ ! કશી ઢીલ કરવી તમને ન ઘટે. કિન્તુ હે સદ્‌ભાગી શ્રોતાજનો ! આ શ્લોકના એક અદ્દ્ભુત શ્લેષ પ્રતિ આપ સર્વનું લક્ષ્ય ન દોરાયું એ કેવી દયાની ઘટના ?! પ્રથમ પંક્તિના ચતુર્થ શબ્દ ભાવીનો અર્થ માત્ર એટલો જ નથી કે મનને ભાવતી એવી: અન્ય એવો અર્થ પણ સંતાઇ રહેલો છે-તમે જાણશો કે સત્વર તમારા હસ્ત તમારા જ હર્ષ પ્રતિ પન્ચ લેશે-એ એ કે ભાવી એટલે ભૂત ને વર્તમાનમાં નહિ સાંપડેલી તોયે ભવિષ્યમાં સાંપડનારી.]

જરા વીર ! જરા ધીર, વિઘ્ન તંત્રીપથે નડે,
પત્રને કાઢવા પ્હેલાં મિત્રો કૈં કરવા પડે.

[તંત્રી થવાને તલપતા એવા ઓ મુજ વીર ! તું ધરને ધીર. એક પત્ર આદર્યા પહેલાં જે કોઇ મિત્રો કરી લેવાનું ભૂલે છે એને પછી એટલા દુશ્મનોજ મળતા હોવાથી, હું, સંકટ સમયે સાંકળ ખેંચી તને ઇશ્તિહાર અર્પું છું કે ગમે તેટલા આંટા આથડીને પણ પત્ર કાઢવા પહેલાં મળે તેટલા લેખકમિત્રોને સાધી લેજે. આમ ન કર્યું તો પછી હતો ન હતો થઇશઃ ઉર્ફે વારી જાતે તું મૂવો સમજજે.]

લેખક મિત્રવર્યોનો નથી અસહકારી હું,
કદાપિ થાય કો સામે મહાભારત આદરૂં.
ચહો જો આપ તો હું તો સંપ્રદાય ખડો કરૂં,
સંબંધીને કહી સભ્ય અસભ્ય અન્યને ગણું.

[શા સાનુકુળ સંજોગ ? ! સાચું સુણાવી દઉં ? મારે તો માત્ર લેખકો સાથે જ ખરી દોસ્તી છે: અન્ય ગાંડાં જગજ્જનોને તો અમે લેખકજનો ગાંડાં લાગીએ છીએ. વળી જો વધુ સાંભળવું હોય તો જાણો કે હું પત્ર આદરૂં પછી કોઇ મૂર્ખ સામો પડવા જશે તો હું, મહાભારતમાં કૌરવપાંડવ વચ્ચે જે યુદ્ધ વર્ણવવામાં આવ્યું છે એથીય જબ્બર યુદ્ધ કરવાને બાંયો ચડાવું એમ છું. એ તો તમે મને ઓળખતા નથી. (નાકે છીંકતાં ગળે ઉધરસી)......પણ આપ ફટાણું મોં કરો એ યથાસમયે યથાસ્થળે છે. આડી વાતે ઉતરી જવાની મારી ભૂલ એ એ વાતનું મૂળ છે. પણ હોય. માનવમાત્ર ભૂલને પાત્ર...... પણ સાંભળો તો ખરા ? હવે કરવાની છે એ વાત જ કથીશ. હં. પ્રિયતમ નટવર ! જો તમારે જોવું હોય તો તમે કહો કે એક આખો મારો સંપ્રદાય ઉભો કરૂં. મારા લેખકો એ બસ મારા જ. આટલું બસ ન લાગે તો આ મારા સંબંધીઓને હું સભ્યતાથી છલકાતા સભ્યો કહું અને બાકીનાને, જૂદા રાખવાને ઇરાદે, જાહેર રીતે તો કહેવાય નહિ એટલે, છેવટ મનમાં પણ અસભ્ય ગણું. કેમ; તો પછી...!]

ઉપમા આપવી કેવી તારી હિંમતને મુજ ?
કદિ સ્વપ્ને નહીં કલ્પ્યો તંત્રી ઘેલો સમો તુજ.
છતાં તંત્રી, ઘુંટી રાખી, અન્ય પત્રે જઇશ મા,
તંત્રીગુન્હો કરી એવો ગ્રાહકો રીસવીશ ના.

[તારી આવી હિંમતને મારે મારી કઇ ઉપમા લાગુ પાડવી ? મને સ્વપ્નમાં ક્યારેક તંત્રીઓ દેખા દે છે: તોય તારા જેવો તો કોઇ નહિ ને કદિય નહિ. અને ત્યારે હવે સલાહ અર્થે બે-ત્રણ-ચાર બોલ તારા કાનમાં કહી દઉં છું તો એ ખાનગી રાખજે. તંત્રીપદાનો

એકડો એમ ઘુંટાય કે તંત્રી એટલું તંત્ર, દૂપદનો તે મંત્ર. લંબાણુથી લંબાવીએ તો આનું યથાર્થ લંબાણ એ થાય જે, એક તંત્રીએ તંત્રની બેડી હાથમાં વીંટાળ્યા પછી પોતાનાં લખાણ તો પોતાના જ પત્રમાં શોભે એમ સાચી રીતે સમજીને, કોઈ અન્યને આપવાં જ નહિ. કેટલાક આ ગંભીર ગુન્હાનું અક્ષમ્ય પાપ ન સમજતાં કાચું ખાઈ નાખે છે: છતી આંખે નપાણિયા કૂવામાં પડતું મેલે છે. આનું કેવું અનિષ્ટ પરિણામ આવે એનું તો વિવરણ પણ ઘટિત કહેવાય કે ?]

વેદોચ્ચાર સમું સત્ય: તથાપિ પ્રશ્ન પૂછું છું,
અન્યના તંત્રીઅંકોમાં લખું કે ના જ હું લખું ?

[આપે તો મને વેદના ઉચ્ચાર સરખી સત્ય વાણી કહી. પણ તો સ્હો કહો: જેને સનાતન સત્યોની કશી જાણ નથી એવું કોઈ તંત્રીઅંક—તંત્રીઅંક શબ્દ જરા અર્થહીન હોવાથી એનો અથ જરા દુર્વિકટ છે: ટૂંકમાં તંત્રીઓના ખજાનરિવાં સ્મરણમુકુરને અનુભવ-વિનોદનું ગંભીર તોપે હાસ્યવંત સંગ્રહસ્થાન—આવા પ્રકારનો અંક કાઢવાની કોઈ ભૂલ કરતું હોય તો તેમાં મારે માઈ લખાણ, બને ને એકાદ વેળા પણ, નાના પ્રકારના, આપવું કે કેમ ?]

તંત્રીને બેઉ પંચાત; આમંત્ર્યે લખવું પડે,
આમંત્રણ ન હોયે તો આબરૂ ન કશી રહે.

[બાપડા તંત્રીઓનો તે કાંઈ અવતાર છે ! ચારે કોરથી એની તાસે તો માત્ર ચિંતા જ. આમંત્રણ મળ્યું હોય તો તો પછી લખ્યે જ મુક્તિ. ને જેને એ ન મળે એની તો કિંમત પણ કેટલી ? આબરૂના રેંઢાણા જ ને ?]

કહો શી શાસ્ત્રવાણી ? ને શી આજ્ઞા ? નન્દનન્દન !
આબરૂથી ડરૂં ના હું; ધર્મ પ્હેલો, પછી મન.

કહો તો 'ના' કહું ચોકખી; વા તો 'હા.' 'ના' ક્યાં કરૂં,
તમારી એક આજ્ઞાથી મારે છે પર ના કશું.

[હું પોતે જાતે પડું, જે તમે પ્રગટ થવા ત્યારથી તે અત્યાર લગી એકની એક ટક પકડી રહ્યો છું એથી આપને એટલું તો મનમાં

ખાત્રિથી લાગ્યું હશે કે આબરૂ જેવું મારે કાંઇ હશે નહિ. આ સેવક તમે કહેશો એમ વર્તવાને ઉભે હાથે. તૈયાર છે. શાસ્ત્રમાં આ વિષે ક્યાંઇ કાંઇ જ ઉલ્લેખ નથી? હોય તો યથાસ્થિત અયત્પતિ શ્રવણ કરાવો.]

> સ્વપત્રે પૂજ્યતે તંત્રી મા અન્યેષુ કદાચન,
> ભતૃહરિ પુરાણીનું આ છે વેણુ પુરાતન.
> એટલે મારૂં માને તો તારે કાંઇ ન આપવું,
> શાસ્ત્ર અજ્ઞાની ટોળીમાં એવું શાને ભળી જવું?

[શાસ્ત્રમાં તો આ વિષય પરત્વે ઉલ્લેખ થવો વિસરાઇ ગયો લાગે છે. બાકી માત્ર સન્ધીની એક નજીવી ભૂલને અંગે તારા પુરાણવેદી ભતૃહરિનું આ અપ્રસિદ્ધ રહેલું સુવાક્ય તો તને ધસીને ના પાડે છે. અને એટલા માટે એની મહત્તા જાણવી હોય તો રાજીખુશીથી જાણ. સ્વપત્રે પૂજ્યતે તંત્રી એ ભતૃહરિને પોતાને, અભિમાનના ટકા બાદ કર્યા પછી પણ, એટએટલું ગમ્યું લાગ્યું હતું કે એના પરથી પછી સ્વદેશે પૂજ્યતે રાજા જેવો એમણે સર્વત્ર પૂજનીય શ્લોક ઘડી કાઢ્યો: દંતકથા કહે છે કે પછી જ એમને કાળજે ટાઢક વળી. મા અન્યેષુ કદાચન એ તો મેં ઉચ્ચારેલી ને વ્યાસજીએ ગુપચાનાં માનાંચુપ સાંભળીને ઉતારેલી, એક અડધી લીટીનો શુદ્ધ પ્રતિધ્વનિ છે. ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે મેં જ એ મહાબાહુ પાર્થ પરંતપ ગાંડીવ ધનંજય ભરતર્ષભ કૌન્તેય ગુડાકેશ અર્જુનના કાનમાં ફૂંક મારી હતી: કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેપુ કદાચન।

આગળ ચાલતાં હવે એના ગૂઢ અર્થ પ્રતિ દૃષ્ટિ ફેંકીએ. એક તંત્રીનું ખરૂં પૂજન એટલે કે એનું ખરેખરૂં મૂલ એનું પત્ર જ આંકી શકવાને સમર્થ છે: જેમ એક વફાદાર શ્વાનની કિંમત ચોરને નહિ પણ એના માલિકને જ હોવા સંભવ છે. એથી કરીને હું તો તારા શ્રેય સાટે એટલું કહું છું કે શાસ્ત્રથી અજ્ઞાન એવી ટોળકીમાં ઘુસ્યા પહેલાં આગળપાછળનો પૂરતો વિચાર કરજે.]

માન્ય છે. સર્વ એ મારે; અધિકું કરવાનું શું ?
આદર્શ પત્રના તંત્રી થાવા કાજે શું શું રહ્યું ?

[કબુલ; કબુલ. તમે કહ્યું એ બંધાને શીરસાવંઘ છે. કિન્તુ એક આદર્શ પત્રના આદર્શ તંત્રી થવા અન્ય કેટલાં તપ અધુરાં છે, એનું તો જ્ઞાન કરાવો. બીજું સઘળુંય તો જાણે સમજ્યા.]

આદર્શ તંત્રીઓ કાજે સ્થાન આ જગમાં નથી,
બ્રહ્માના પત્રનું તંત્ર પાપથી ભરીયું નકી.

[અરે ! એ શું બોલ્યો ? આદર્શ પત્રનું આદર્શ તંત્ર ! ! તેટ તું જાણું કે આદર્શ તંત્રી થવા માટે આ સકળ જગત્‌માં તો ક્યાંઇ એક ખૂણોય ખાલી નથી: કિંવા આ માયાવી જગત્ કે જ્યાં પત્રનું તંત્ર ભેદભરમ ને પાપકપટથી છલાછલ છે ત્યાં કોઇ આદર્શ તંત્રી હોય એ કેવળ અસંભવ છે. કૂવામાં તે માછલાં હોતાં હશે ?]

બ્રહ્મની સ્વાર્થી જંજાળે ચેન ના પડતું કશું,
તંત્ર ને તંત્રીમાં સ્વાર્થ ! નિઃસ્વાર્થી ન કશુંય શું ?

આહવા સ્વાર્થને કાજે બ્રહ્મભોજન શાં ઘટે ?
કિરીટ ! મૂર્ખ માનીને રમાડતા શું બાળને ?

[કિરીટ કહેતાં હે કનૈયા ! મેં આપને પ્રથમથી જ વિદિત કર્યા છે કે મને બધું જ સ્વાર્થી લાગ્યું એટલે તંત્ર ચલવ્યુ કરવાની મેં પ્રતિજ્ઞા કરી. પણ જ્યારે તંત્રમાં તો સ્વાર્થથીયે અધિકાં કંઇનાં કંઇ છે એમ આપના મુખે ને મારા કાને સાંભળું છું ત્યારે મનમાં એમ થઇ આવે છે કે બસ નિઃસ્વાર્થ જેવું કાંઇ હશે જ નહિ કે શું ? તો પછી હે જે કહું તે ! આવા તંત્રીપદાના પાપને સારૂ બ્રહ્મભોજન—અને તેય તે સહસ સહકુટુંબ સહપરિવાર—તે શે કરવું અમે ? કે પછી તમારી જેવજન્મસિદ્ધ ટેવ મુજબ અત્યાર લગી આ બાળકને બનાવતા હતા ? હેં ?]

હવે તું સમજ્યો સાચું પામ્યો બ્રહ્મતણો રસ,
ગયા જન્મે કર્યાં પાપ એ પામે તંત્રીનું પદ.

લેભાગુ લેખકોનેયે ઉત્તરો આપવા પડે,
જરા વિલંબ થાયે કે ગુસ્સે ગ્રાહકજી ચડે.

[હાં, હવે જરા અક્કલ આવી. આમ થાય ત્યારે અજ્ઞાન ચર્યું કહેવાય. એ તો જેણે જેણે ગયે જન્મે અક્ષમ્ય પાપોના ઢગલા ચડાવ્યા હોય એમને લલાટે જ એ દુઃખડુંગર આવી વાસો કરે છે. એમની દશા તો તું જો! રોજના પંદર આવે તો પંદર ને વીસ આવે તો વીસ-આવે એટલા બધાય ગમે તેવા તરણુમિયા ને કલ્પના-હીન લેખકના લેખોને એક તો વાંચી જવાઃ ને વળી પાછા બીડવા. ક્યારેક બહુધા ભૂલથી વિલંબ થયો કે શ્રીયુત ગ્રાહકજી ઑર ઑર ચોપડાવે એ તે જાણે વ્યાજવટાવમાં.]

રચીને કાવ્ય કો ફેંકે પુરાણુ તંત્રીનું કહે,
ન્યાય કાજે મહાદુઃખે તંત્રીએ છાપવાનું ને ?

[સાચી વાત. હવે સમજાયું. હમણાં મને એક એના પૂરાવામાં ખ્યાલ આવી નાસી ગયો. એમ કે ધારી લ્યો કે આ વૃક્ષ પાછળ લપાઇ આપણા સંવાદનું પાન કોઇ કરી રહ્યું હોયઃ પછી એ શબ્દશઃ યાદ રાખી લેઃ ઘેર પહોંચતાં વેંત બધું ઉતારી લેઃ એનું નામ પાડે તંત્રીપુરાણઃ આપે કોઇ પત્રમાં છાપવાઃ બિચારા તંત્રીના શા હાલ-હવાલ ? એક તો ન્યાયના બલિદાનમાં એ છાપ્યા વિના છૂટકો નહિઃ બીજું પોતાને હાથે પોતાની ફજેતી. નરદમ ખોટનો વેપાર.]

સેવા અર્થે થયા તંત્રી લોક કહેઃ " નોકરી નથી,
ધંધાહીન રહ્યા એથી આ પેટપૂરી આદરી. "

[અપિ અને, તમારા ખ્યાલમાં તો જો કે શુદ્ધ સેવાભાવ જ હોય પણ લોક શું કહે ! એમ કે આને કોઇ બીજો ધંધો મળતો લાગતો નથી એટલે પેટ ભરવાનું આ સાધન ઠીક ગોતી કાઢ્યું. ભલે ને તમે તો મનમાં ગણતા હો કે કેટલી વીસે સો થાય !]

ગોવર્ધન ! કરે ચોરી ચિતારા ચિત્રની ગહીં,
ગણાવે તંત્રીને ચોર અસભ્ય જનમેદની.

[આ તો અમસ્થી આડી વાત કહું છું. તમે આગળ ચેતવી ગયા એ, વિચાર કરતાં, સાચું લાગે છે, હોં. એ ગોપાલક ગોવર્ધન! હું પત્ર કાઢું તોય જો કે ચિત્રામણું આપવાનો મારો વિચાર નથી: પણ ચોરી ચિનારાઓ ટરે અને વાંક તંત્રીનો પીટાય એમ જે મેં સાંભળ્યું હતું એ સાચું ! આમ માનનાર સર્વ અસભ્ય હોવાં જોઇએ ખરૂં ?]

થતાં તંત્રી મહા એવાં દુઃખો જો ખમવાં પડે,
તથાપિ જો થવું તારે તંત્રી તો બનજે સુખે.

[એ વાત રહેવા દે પૂછ્ની. તંત્રી થતાં તો એરા કેટલાય, ગણ્યા ગણાય નહિ જેટલા, સાચા તેમ જ જૂઠા આક્ષેપ આવવાનો. તારામાં એ ઝીલવાની તાકાત હોય તો પછી સુખેથી તંત્રી થા. મારા તને શુભાશીષ છે.]

નથી થાવું, નથી થાવું, નથી જ, પુરૂષોત્તમ !
તંત્રી થાતાં મળે સ્વર્ગ તો એ સ્વર્ગે જવું નવ.

[ના; કોને જોઇએ છીએ ? મારે એ તંત્રીપદું જોઇતું જ નથી. એ વાતનું મારી પાસે નામ ન લેશો. અરે ! કોઇ એમ પુકારે કે બચ્ચા, તંત્રી થાય એને માટે સ્વર્ગમાં એક ખાસ અલગ ખૂણો રાખ્યો છે તો, તો પણ મારે એ હરામ બરોબર છે. બસ; જગતનું જે થવાનું હોય તે થાવ.]

સ્વસ્તિથી તંત્રીપુરાણે
પુરાણ ખંડ
પરિપૂર્ણ

卐

અદ્‌ભુતં પાપકં કલેશ ઉત્પાદકં
દુઃખકં ભુખ્ખકં શુષ્કં હે હરે ।
ક્રોધકં મોહકં જીન્દગીભોગકં
તંત્રીકં તંત્રકં ભેદકં સૌ નમે ॥

[હે હરે હરિહર! અદ્ભુત કહેતાં ન ગળે ઉતરે, ને છતાંય ગળે ઉતરે તો ન પેટે પચે એવો જેનો ઇતિહાસ છે, ક્લેશના ઉત્પાદનનું પાપ જે થકી સંભવે છે, જે દુઃખનું દાતા છે, ભૂખનું ત્રાતા છે અને બને તો દેહને ક્ષુલ્લક કરી દેવાની જેહમાં તાકાત છે, જે ક્રોધ ઉપજાવી શકે છે, મોહમાં ફસાવી શકે છે અને છેવટ કહેતાં જીવનનો ભોગ લેવાને પણ આનાકાની કરતું નથીઃ એવા આ પરમ ભેદથી ભરેલા તંત્રીના તંત્રને અમે સૌ જગજ્જનો, કહો તેટલા ગજના, દૂરથી નમસ્કાર કરી કૃત્યકૃતાર્થ થઇએ છીએ.]

સ્વસ્તિશ્રી તંત્રીપુરાણે
પૂર્ણાહુતિ ખંડ
પરિપૂર્ણ

જયદત્ત શર્મા
અસભ્ય, સાહિત્યસંસદ

ઉરતરંગ

એ વાત જ જવા દે.

અય યુવાન !

જીન્દગીનાં સ્મરણોનો સતે જ ફરી હરી દિલને ફરીથી જખ્મી શાં કરે ?

ત્હારા મોગરાઇ હાથથી એકદા હું અંજાઇ હતી, ત્હારી હિંમતે ઉડતી ખ્યાતિમાં ત્યારે હું મુગ્ધ બની હતી, ત્હારી કવિતાભરી મહોબ્બતથી જીગરમાં ત્હને સ્થાપી ચૂકી હતી.

હવે તો એ વાત જ જવા દે.

મ્હને આજે જ ખબર પડી કે માનવીએ તો તરસ છે; ઘડીની લીજ્જત માટે દૈયાંની ખાક બનાવે, પારકું દિલ પોતાનું કરી પોતાનું પારકું ન કરે, ક્ષણભર ચેનની ચિનગારીઓ બતલાવી પાછો પત્થર બની રહે.

અય યુવાન ! હવે તો એ વાત જ જવા દે.

પેલી શરબતની પ્યાલી મ્હેં ધરી હતી ત્યારે ત્હેં ગાયેલ મીઠી ગઝલ મ્હને હજુયે યાદ છે; પાછલી રાતના અજવાળિયામાં સારી

દુનિયા ભૂલાવે એવો બોસો તું લેતો એ હું નથી ભૂલી. ત્હારા ખોળે મ્હારા પ્રાણ પાથરી ત્હારી થતી એ કદાચ કદી નહિ વિસરાય.

પણ, આજે જ સ્હમજાય છે કે એ સુંદર દેખાતું બેહિસ્ત ત્હારી જુવાનીની ઘેલછા માટે થોડા જ દિવસોનું હતું.

હવે તો એ વાત જ જવા દે.

ત્હારે ને મ્હારે હવે શી નિસ્બત છે. ઓ સનમ !

ભાવનાઓના જ્વાળામુખીમાં બન્નેના ભડકા બળે એ મ્હારાથી નહિ જોવાય. અન્ધકારમયિ મ્હારો પમરવ સુણી તું નિરતે જ બને એ મ્હને નહિ રૂચે. સૂર્ય સંતાતો હોય ત્યારેય સરોવરના સુના પગથાર ઉપર તું મ્હારી નજર ન ઝીલે એ મ્હારાથી નહિ સ્હેવાય.

હવે તો જીવનના અવશેષમાં આ મ્હારી આખરી સલામ છે.

જ્યારે જીન્દગીને કદિ હતાં ત્યારનાં સ્મરણોમાં હવે નથી ડૂબવું. આ દર્દભરી વિદાય પ્રસંગે એ ભૂતકાળના આહ્લાદમાં નથી મુઝાવું. જીવનની બધી મિઠાશ જ્યારે એક જ ફૂંકે ગુલ થઇ છે ત્યારે જુનાં સુખનાં સ્વપ્નોમાં ક્ષણભર પણ ગુલ નથી થવું.

તું ત્હારી સાથ આનન્દનાં અજવાળાં લેતી જઇશ ને અન્ધકારના પડદા મ્હને ઘેરી લેશે, તોયે હવે શી પરવા છે !

જીગરની જુદાઇ થઇ પછી આપણા સહવાસ ન સંભરે. અન્તરનાં આન્દોલન ઉલ્ટાં થયાં પછી હૈયાનો ધબકાર એક ન થાય. નયનોની વિદ્યુત્ અન્ય ને શોધતી હોય ત્યારે કીકીના શ્યામલ મેળ શી રીતે મળે કે ઢળે ?

હવે તો હૃદયમાં ઉભરાતા ઉન્માદ ને બાતલ કરી, વિસ્મરણનો ભેખ લેવો જ યોગ્ય છે.

ત્હારે ને મ્હારે હવે શી નિસ્બત છે, ઓ સનમ ?

નાનું ધીરજલાલ દવે

પમની સ્વ. [illegible] સ્મરણાર્થે
શ્રી [illegible] તરફથી
શ્રીયુત [illegible] ચાવડા
તરફથી સાનન્દ સપ્રેમ ભેટ.

હરિણ બાલ

કુદ કુદ સખા ! સ્વેચ્છાયે તું, અરે મૃગ બાલુડા !
રમ રમ સખા ! નિશ્ચિંતે તું, ગમે મન કાલુડા !
જ્યાંલગી તને ભીતિકેરૂં થયું નથી ભાન કંઇ,
તવ લગીર તું ખેલી લેને, પછી ન રમાય કંઇ.

ધીમે ધીમે ભયતણું તને ભાન થાશે પછી તો,
મેલી સર્વે રમત ગમતો નાસવાનું પછી તો,

માતા હુંને સહુ ભય થકી પાળશે એમ જાણી,
છુપાવાનું નિજ જનનીના અંકમાં આંખ મીંચી.

એવું તોયે સમજ તું સખા! સારી એ તો અવસ્થા,
એનાથીએ અનુભવું અહીં દુર્દશા ને નિરાશા;
એવા તો આ વનમહીં ભમે લુબ્ધકો ત્રાસ દેતા,
ગાઇ રૂડું મધુર રસિલું ભોળવી જીવ લેતા!

ત્યાં શકે કોઇ ના રક્ષી મોહમાંહે ફસ્યા પછી,
સાચવી સાચવી રૂહેવું વિશ્વમાંહી વસ્યા પછી.

નહિ નહિ ગમે સ્વેચ્છાચારી તને કંઈ બંધન,
નહિ નહિ ગમે ચિન્તા કાંઇ તને પ્રિય બાંધવ!
ઝળક ઝળકે તારી આંખે અદોષતણી દ્યુતિ,
ખળક ખળકે ભીતિવારિઃ ગમે ક્યમ એ ગતિ!

એ અવસ્થા ગમે શાની ચિન્તા ને દુઃખથી ભરી?
હાય! શે ભોગવું એવી? કલેષ પામું સ્મરી સ્મરી!

લે હુંય આવું વિસરી ભય, દુઃખ, ચિન્તા,
જે જીંદગી પથ વિશે સુજને નડેલાં;
તું સાથ નિત્ય રમવા, સહ નિત્ય રહેવા,
આનંદમાં રમતમાં સુખ શાન્તિ લેવા.

હા, મેંય બાલપણુમાં સ્થિતિ ભોગવી એ,
નિશ્ચિંત ને રમત ગમ્મત શાન્તિ માંહે,
લે, ચાલ ત્યાર જઇએ, રહીએ હવે ત્યાં,
જ્યાં સૃષ્ટિ બાલ, તદનંતર ના સ્થિતિ જ્યાં.

વિઠ્ઠલરાય યજ્ઞેશ્વર આવસત્થી

ફલજ્યોતિષ્

પાત્રોઃ

ઇન્દીરા	સન્મુખરામ
રંભા	દિનેશ
બિરિમતી	દિનેંદ્ર
તરુલતા	પ્રમોદ
સરલા	કેશવ, છગન, હીનો, નાથો

એક તારવાળો, ટપાલી, ગાડીવાન

પ્રવેશ પહેલો.

સ્થળઃ—સન્મુખરામનું ઘર.

[એક સાધારણ સાજથી શણગારેલા ઓરડામા એક ખૂણે ટેબલ છે, પાસે એક સાદી ખુરશી અને બીજી આરામ ખુરશી છે. વચ્ચે શેતરંજી પાથરી છે. આશરે વયની ઇન્દીરા તેના પર બેઠેલી છે.]

ઇન્દીરાઃ (એકલી)* આ બધા દિવસો સાવ નકામા જાય છે. હવે તો દિનેશ આવે તો સારૂં. એ લોકોને પણ રજા પડી છે, અને બધાં અહીં આવ્યાં છે. (થોડીવાર અટકીને) પણ તરુલતાના જન્માક્ષર—! (રંભા આવે છે.)

ઇન્દીરાઃ (પોતાના વિચાર ઢાંકતી હોય તેમ) આવો બેન, આવો. ઘણે દિવસે કંઇ ?

રંભાઃ હારતો, તમારી પાસે આવ્યા વગર કંઇ છુટકો છે ?

---

* જ્યારે એક જ પાત્ર હાજર હોય, અને તે બોલે ત્યારે 'એકલું' શબ્દનો પ્રયોગ કર્યો છે, અને બીજાની હાજરીમાં, પણ પોતાને જ સંબોધીને બોલે ત્યારે 'સ્વગત' એમ ભેદ પડયો છે.

ઇન્દીરાઃ કેમ એવું શું કામ પડ્યું!

રંભાઃ કામ તો એ જ તો. અમારા દિનકરના વિવાહ કરવા છે, તે તમને પૂછવા આવી છું.

ઇન્દીરાઃ (જરા અધીરાઇ દાખવતાં) શું!

રંભાઃ મારા દિનકરના જન્માક્ષર જોઇ આપશો ને?

ઇન્દીરાઃ એમાં શું? મને વખત વાર તિથિ બધું કહો એટલે જોઇ આપું.

રંભાઃ મારો દિનકર—શું!—કોણ જાણે. અમારે ઘરમાં એમને તો જરાય એમાં માનવું નહિ, તે એમનાથી છાની એની જન્મકુંડળી મેં કઢાવી હતી,

ઇન્દીરાઃ એ આપો જોઇએ.

રંભાઃ અરે હું તે શું કહું? મેં આખો દહાડો એ ઘરમાં શોધી પણ ક્યાંઇ ન જડી. અને એમને એમ તો ક્યાંથી યાદ રહે?

ઇન્દીરાઃ (જરા મરકમાં) હાસ્તો. મારી જેમ એક બે જ હોય તો તો યાદ રહે, પણ તમારે તો ઉપરાઉપરી—એટલે તમે બિચારાં—

રંભાઃ હાસ્તો, હું તો ખરું કહું. એટલે જ તમને આવા ચેનચાળા બહુ સુઝે છે. બધાં જીવ્યાં હોત, તો ખબર પડત કે આ મીનમકર કેમ થાય છે.

ઇન્દીરાઃ (ટાળ કરતી) પણ તો તમારા દિનકરના જન્માક્ષર કોણ જોઇ આપત?

રંભાઃ ઠીક હવે, મારાથી બોલાય એમ નથી. શંભુ અને કોકિલા હમણાં નિશાળેથી ઘેર આવશે.

ઇન્દીરાઃ એમાં શું ઉતાવળ છે! આવશે તો અહીં આવશે. ઘર ક્યાં નથી જોયું?

રંભાઃ ત્યારે જો. પેલી જન્મકુંડળી તો ક્યાંઇ ન જડી, પણ એનું મેટ્રીકનું સર્ટીફિકેટ હાથ લાગ્યું; અને મને બરોબર ખબર છે કે મારો દિનકર નાનો હતો, અને અમે નિશાળમાં ય એની તારીખ ફેરવાવી હતી.

ઇન્દીરાઃ ત્યારે એ તારીખ તો નકામી!

રંભાઃ સાંભળ તો ખરી. દિનકરનું એક વરસ મેટ્રીકમાં નકામું

ન જાય એટલા માટે અમે એની જન્મતિથિ બરાબર એક વરસ પાછી ઠેલી હતી, અને માસ્તરને ઘણુંય સમજાવીને પત્રક પણ ફેરવાવ્યાં હતાં.

ઇન્દીરાઃ હં પછી ?

રંભાઃ તે દિનકરના બાપાને એમ બહુજ ઉમંગ હતો, કે દિનકર ઝટ ઝટ ભણીને હુશીઆર થાય એટલે એને વિલાયત મોકલવો.

ઇન્દીરાઃ દિનકર ને મારો દિનેશ એ બે તો સાથે હતા ખરૂં ?

રંભાઃ (અચકાતી) હા, પણ એને બે સાલ મંદવાડ રહ્યો. અને બે સાલ એમ ખરાબ થઇ એટલે—

ઇન્દીરાઃ હા અરરૂ! પણ તમે તો દિનકરને એમને એમ પણ ભણવા મોકલી શકો, પણ અમારા દિનેશને સ્કોલરશીપ મળી ન હોત હોત, તો અમારાથી કંઇ એને બેંગલોર મોકલાય તેમ હતું !—કં પણ પછી ?

રંભાઃ મેં તો એમને ઘણું કહ્યું કે છોકરાને એવી રીતે ખોટી તારીખ નંખાવી, એક વરસ આગળ કર્યો, તો આટલો પાછો પડયો. પણ જો એવું કંઇ ન કર્યું હોત, તો એની તબીયત પણ ન બગડત અને તમારા દિનેશથી મોટી મોટી પણ સ્કોલરશીપ મળત. માણસ હાથે કરીને ખોટું કરે એમાં એ જ પરિણામ આવે.

ઇન્દીરાઃ (વિચારમાં) હાથે કરીને – પણ—ઓલાને એમની જન્મ તારીખ કઇ ?

રંભાઃ હા, હું તો બીજુંજ બોલબોલ કરૂં છું. પણ મને બધું એવું ખરાબ લાગે છે—મને કેવો ઉમંગ હતો કે એને વિલાયત મોકલવો !

ઇન્દીરાઃ તે હજીય મોકલો ને !

રંભાઃ હવે કેમ બને ? હજી તો કેટ શ્રીમતી અને સુરેશને પણ ભણાવવાનાં છે.

ઇન્દીરાઃ વિલાયત જઇ આવી દિનકર એમને ભણાવશે ! અને વળી તમારા દિનકરને બી. એ. થએથી વહુ લાવવા જાઓ છો, ને પછી જો એને વિલાયત નહિ મોકલો તો બેને બનશે કેમ !

રંભાઃ (જરા મુશ્કેલીથી જવાબ આપતી હોય તેમ) એમાં

શું! બધાયને કંઇ વિલાયત ગએલા વર મળે! છોકરીઓ તો હવે ઘણીય બી. એ. થવાની. મારી જ કોકિલા કહે છે કે મેટ્રીકમાંથી એ કંઇ અભ્યાસ છોડી દેવાની નથી. પછી એ બી. એ. થાય ને એમ કહે કે મને તો વિલાયત જઇ આવેલો વર શોધી આપો, તો હું ક્યાંથી લાવી આપું! શ્રીપતરાયને એટલા પૈસા હોય કે પોતાની છોકરીને બી. એ. કરીને જમાઇને સુધાં વિલાયત મોકલે!

ઇન્દીરા: ગમે તેમ કહો, પણ અત્યાર સુધી તો એમ જ થતું આવ્યું છે. જૂઓને પેલા સુધાકરભાઇ! એને બી. એ. થએલી વહુ લાવવા માટે છેવટ અમસ્તું થોડા માસ પણ વિલાયત જઇ આવવું પડયું!

રંભા: એમ કંઇ નહિ. આપણે અડગ રહીએ તો કોઇ કંઇ નથી કરતું. એવું બધી વખત તે બને! બધા વિલાયત જઇ આવેલાને કંઇ બી. એ. થએલી વહુ મળે છે, કે બધી બી. એ. થએલીઓ એવો વર માગે!

ઇન્દીરા: પણ કેમ જાણ્યું તમારાં વહેવાઇ એમ માનશે! પોતાની છોકરીને સારો વર મળે એમ સૌ ઇચ્છે ને?

રંભા: પણ ન્યાતમાં બીજો છે કયાં તે!

ઇન્દીરા: ઓહો! એમાં શું? ન્યાતમાં નહિ મળે તો કંઇ પરન્યાત નથી? અને હવેની છોકરીઓ કંઇ માબાપની ઝાલી રહેવાની નથી. જોજોને તમારી કોકિલાજ ઝાલી રહે તો! ઠીક છે કે ગિરિમતીના સંસ્કાર જરા જુના મતના એટલે તમે આમ ફુલાતાં ફરો છો.

રંભા: પણ એ તો ખરૂં જ ને કે અત્યારે એને બીજું કયું ઘર મળવાનું હતું?

ઇન્દીરા: જરા ઉપર નીચે જુએ તો તો ઘણાંય છે! પૈસો જ કંઇ એક ચીજ છે?

(ગિરિમતી આવે છે. રંભાને જોઇને જરા ખચકાય છે. ઇન્દીરાની આંખમાં જરા ચમક આવે છે.)

ઇન્દીરા: આવો, આવો, આવો, કે દહાડે આવ્યાં? બેસોને.

(અવાજમાં જરા ટોણા જેવું છે. ગિરિમતી બેસે છે.)

ગિરિ: (રંભા તરફ જોઈને) કેમ? કેમ છે? (ઇન્દીરા તરફ જોઈને) અમને આવ્યાં પાંચ સાત દિવસ થયા, પણ આવ્યા પછી શ્રીપતરાયમાસાને ત્યાં નહોતી ગઈ, તે આજે જઈ આવી, અને પાછાં વળતાં એમ થયું કે જરા અહીં થતી જાઉં. અમથી તો ગાડી હોય એટલે વચ્ચે ઉભી રખાવીને રોકાવાનું ન બને!

રંભા: એકલાં જ કેમ ! તરુલતા સાથે નહોતી આવી ?

ગિરિ: તરુનું જરા માથું દુઃખતું હતું અને ગાડી હતી નહિ.

ઇન્દીરા: હજી તમને પગે ખરજવું ન મટ્યું?—આટલું ચાલ્યાં તે થાક લાગ્યો હશે! મારે તો કામ આડે બહાર નીકળાતું જ નથી. વચ્ચે અથાણાં પાપડ કરવાના હતા, અને એકલે હાથે કેટલુંક પહોંચી વળાય ! દીકરી સાસરે, અને જુઓને અમારે દિનેશ હમણાં પરણવાની ના પાડે છે!

ગિરિ: એમ કે!

રંભા: શું એને વિલાયતથી કોઈ લઈ આવવી છે?

ઇન્દીરા: કોણ જાણે લાગે છે તો એમજ.

રંભા: હા, હું તો પૂછવાનું ભૂલી ગઈ. પણ રાશિકલાને એટલામાં કેમ સાસરે બોલાવી લીધી?

ઇન્દીરા: જુઓને, હરસુખને અમારે ઘેર રહી એને કામ કરવું પડે એ પણ ન ગમે! હવેના તો કંઈ છોકરાઓ છે!

ગિરિ: પણ તમારે ઘેર બહુ બહુ તો બે ત્રણ માણસનું કામ! એમાં કેટલુંક—

ઇન્દીરા: કામ તો કંઈ નહિ પણ—

રંભા: એમ કેમ? ઇન્દીરાને જરાય કામ કરવું નહિ, અને જ્યોતિષ જોવા કરવું અને પાણીતો લેરાય બીજાં આપે ત્યારે લેવો. તેમાં જ કોઈ નોકરેય ટકતો નથી.

ઇન્દીરા: (રોજમાં જવાબ આપતી હોય તેમ) પણ અમારે નોકર હેવા?

રંભા: તેમાં જ દિનેશ પરણવાની ના પાડતો હશે!

ગિરિ: ના, બધાંને ઘેર નોકર હોય જ એમ કંઈ નહિ.

રંભાઃ મને આટલું જોઇ આપ એટલે બધું જ. પણ મને એ કુંડળી ક્યારે પાછી આપીશ? જો જે હોં; ખોવાય નહિ. નહિ તો હરિમતી મારો જીવ લેશે!

ઇન્દીરાઃ એમાં શું? હું કંઇ ખોઇ નાંખીશ?

રંભાઃ (ઉભી થતાં) ઠીક ત્યારે હું જાઉં છું.

ઇન્દીરાઃ પણ તમે મને મારી સ્વાર્થની વાત તો ન કહી.

રંભાઃ જો અત્યારે બહુ મોડું થયું છે, પછી તું આવીશ ત્યારે કહીશ.

ઇન્દીરાઃ તમે એવાં જ છો. મને ક્યાં ખબર નથી?

(રંભા. પાછળ ઇન્દીરા એમ બન્ને જાય છે.)

ઇન્દીરાઃ ઠીક આવજો હોં!

રંભાઃ ના, તું વહેલી આવજે.

(રંભાઃ જાય છે. ઇન્દીરા આવે છે.)

ઇન્દીરા (એકલી) રંભાને શું કહેવાનું હશે? દિનેશ બેંગલોરમાં એક વરસ રહ્યો તો પણ? ના ના. એવું ન બને. (થોડીવાર અટકીને) પણ એ આમ જ ન્યાતની સારી છોકરી ઝડપી જાય તે સારૂં નહિ. શું એના કરતાં મારો દિનેશ કંઈ ઉતરતો છે? અમે જરા પૈસાદાર નહિ એટલુંજ ને? પણ તેથી શું? (થોડી વાર અટકીને) ગમે તેમ કરીને પણ મારે આ વિવાહ થવા નથી દેવા. દિનેશ પણ અહીં આવવાનો છે. એટલે એ અને તરૂ પણ મળશે. (થોડી વાર અટકીને) રંભા પણ બહુ ફુલાતી ફરે છે તે ખબર પડશે. જોઉં જોઇએ એ તારીખે તિથિ કઇ છે?

(ઉપરની વાત દરમીઆન સાંજ પડી છે, અને સન્મુખરામ બહારથી આવે છે. મોં પરથી કંટાળેલા લાગે છે.)

સન્મુખઃ હાશ–(આરામ ખુરશીમાં બેસે છે. ટોપી ટેબલ પર નાંખે છે.)

ઇન્દીરાઃ કેમ બહુ થાકી ગયા છો? ચા મૂકું?

સન્મુખઃ (થોડી વાર રહીને) હા, મૂકોને. પણ તમારા હાથમાં શું છે? જોઉં.

ઇન્દીરાઃ એ તો 'જન્માક્ષર છે.

સન્મુખઃ કોના?

ઇન્દીરાઃ હમણાં અહીંઆ રંભા આવી ગઇ, એણે એના દિનકરના અને તરુલતાના બન્નેના જન્માક્ષર આપ્યા છે. (સન્મુખલાલને આપે છે.) એમાં મને કહોને કે ૨૩-૧-૮૩ ને દિવસે કઇ વાર તિથિ હશે!

સન્મુખઃ એ હું જોઇ આપીશ. પણ જૂઓને! દિનકર અને તરુલતા એકની આસો વદ અમાસ અને બીજાની ૨૩ મી જાન્યુઆરી. ઑક્ટોબર નવેંબર ડીસેંબર—(કંઇક ગણત્રી કરે છે.) મહા મહીનો આવશે. મહા ને આસો, મીન રાશી ને તુલા. (થોડી વાર અટકીને) એમના ગ્રહ મળશે જાઓ.

ઇન્દીરાઃ પણ-પણ જૂઓને—

સન્મુખઃ એમાં શું જોવું હતું!

ઇન્દીરાઃ પણ જૂઓને, દિનકર ને દિનેશની રાશી તો એક ને?

સન્મુખઃ (જરા ગંભીર થઇને) હા કેમ?

ઇન્દીરાઃ આજે ગિરિમતી અહીં આવી ગયાં!

સન્મુખ તે!

ઇન્દીરાઃ અને એ બધાં અહીં આવી ગયાં છે.

સન્મુખઃ પછી શું પણ!

ઇન્દીરાઃ મને લાગે છે કે રંભા સાથે સંબંધ બાંધવાની એમની મરજી નથી.

સન્મુખઃ (વિચારમાં) એ તમે કેમ જાણ્યું!

ઇન્દીરાઃ એ કંઇ ખબર ન પડે? રંભા અને ગિરિમતી બન્ને અહીં ભેગાં થઇ ગયાં હતાં, તે વાત પરથી અને માણસના મોં પરથી એટલું ન જણાય?

સન્મુખઃ ત્યારે તમારે શું ગિરિમતી સાથે સંબંધ બાંધવાનો વિચાર છે?

ઇન્દીરાઃ એમ કર્યું હોય તો શું ખોટું?

સન્મુખઃ મારે એવું નથી કરવું. આપણે આપણાં, દિનેશ માટે કંઇ બીજું ભગા રહેશે.

ઇન્દીરાઃ તે તો રંભા પણ ખુશી છે!

સન્મુખઃ એમ !

ઇન્દીરાઃ પણ મને એમ કે આપણો દિનેશ આટલો હોશીઆર છે, અને આખી ન્યાતમાં એના જેવો બીજો કોઇ નથી, તો શા માટે આપણે તરુલતાનું માગું ન કરવું ?

સન્મુખઃ (વિચારમાં) ના ના નથી કરવું. કંઇ નહિ તો પણ આપણી સ્થિતિ કેવી અને એમની કેવી ? આપણે ઘેર એવા પૈસાદારની છોકરી બારે પડે અને (વિચારમાં) તમે જ જુઓને આસો વદ અમાંસ અને ફાગણ સુદ બારશ—! (વિચારમાં પડી જાય છે.)

ઇન્દીરાઃ કેમ શો વિચાર કરો છો !

સન્મુખઃ (થોડી વાર કુંડળી તરફ જોતાં જોતાં ગણત્રી કરીને) એ બેના ગ્રહ જરાય મળતા નહિ આવે.

ઇન્દીરાઃ પણ તમે પાછી ગણત્રી તો કરો !

સન્મુખઃ મેં તો કરી લીધી. કેવો મનુષ્ય રાક્ષસ યોગ છે ! તરુને ધાટડીએ મંગળ છે, અને ચંદ્ર પણ સારો નહિ.

ઇન્દીરાઃ પણ ગ્રહ કંઇ બધી વાર ખરા પડતા હશે ! આપણે ગ્રહનું સાન્ત્વન કરીશું.

સન્મુખઃ (જરા નિશ્વાસ નાંખતાં) તમે આમ શું બોલો છો ! આટલા છોકરાં ગયાં એમાં શું ગ્રહ સાચા ન પડયા ! હે નાથ !— (થોડી વાર રહીને) એક વાર તમને વિચાર આવે પછી તમે એને છોડીજ નથી શકતાં. તમે કેટલાં સ્વાર્થી છો ? તમે ક્યાં સુધી આવાં જ રહેશો !

ઇન્દીરાઃ (ઉઠતાં) તમે થાક્યાપાક્યા છો. હું ચા મૂકું છું.

સન્મુખઃ (એકલો) હજી એમની મહત્વાકાંક્ષા ન ગઇ. (થોડી વાર વિચાર કરી કંઇ યાદ આવ્યું હોય તેમ) હં મને યાદ આવ્યું, તરુલતા મેટ્રીકમાંથી ઉઠી જવાની હતી ત્યારે પણ એને ઝડપી લેવાની એણે તજવીજ કરેલી.—અને—(સંભારતો હોય તેમ) એ આખું વેકેશન દિનેશ મોહી રહ્યો હતો !—પ્રભુ ઇચ્છા. (લમણે હાથ દઇ બેસે છે.)

[પડદો પડે છે]

પ્રવેશ બીજો.

સ્થળ: એ જ

(ઇન્દીરા કંઇક અમૂંઝણી કરતી બેઠી છે)

ઇન્દીરાઃ (એકલી) આ કંઈ નથી મળતું. એનો શું કંઇ ઉપાય નહિ હોય ? હરિ ઇચ્છા ! જોઉં તો ખરી. (ટેબલપરથી એક મોટી ચોપડી લે છે.) એ તો હું ઉપવાસ કરીશ ગમે તેમ કરીશ પણ મારા દિનેશને—(થોડીવાર અટકે છે પછી મોં પર ચમક આવે છે.) ગિરિમતિને મનમાં તો ઘણુંય મન છે, પણ બહારથી હજી ના ના કહ્યા કરે છે. હાસ્તો, મોટાં ઘરનાં એટલે જલદી તો ક્યાંથી માને ! પણ દિનેશ જેવો બીજો કોઇ આખી ન્યાતમાં નથી એટલે જ તો ! (થોડીવાર અટકીને) અને છોકરીનું વલણ પણ એના તરફ છે. તે દિવસે ન્યાતના જમણમાં અને ગરબાના મેળાવડામાં—

(બહાર ગાડીનો અવાજ આવે છે, અને દિનેશને ઝાલીને દિનેંદ્ર અંદર આવે છે દિનેશ આરામ ખુરશીપર અને દિનેંદ્ર બીજી ખુરશીપર બેસે છે)

ઇન્દીરાઃ કેમ શું થયું ! દિનેશ ! દિનેશ ! બોલને !

દિનેશઃ (ધીમે ધીમે) મોટી બેન, મને ચક્કર આવે છે.

દિનેંદ્રઃ એ તનસુખરામ ભાઇને ત્યાં દિનકરને મળવા ગયા, ત્યાં કંઇ એમને ચક્કર આવ્યાં, અને મારે જરા ત્યાં કામ હતું, તે—

ઇન્દીરાઃ શાથી ચક્કર આવે છે ? તને આ વખતે આમ કેમ થાય છે ? (દિનેંદ્ર તરફ જોતાં) તમને તસ્દી પડી હં—

દિનેંદ્રઃ ના એમાં શું છે ! એ બહાને મારે ને એમને ઓળખાણ તો થયું !

ઇન્દીરાઃ હાસ્તો, કેમ નહિ ! (થોડી વાર અટકીને) તમારે તનસુખરામભાઇને ત્યાં કામ પડતું મૂકીને આવવું પડયું !

દિનેંદ્રઃ ના, ખાસ કંઇ એવું કામ નહોતું. મારે મારા માસિક વિશે એમની સાથે કંઇ વાત કરવી હતી. પણ ઘેર તો કોકિલા બેન સિવાય કોઇ હતું નહિ, એટલે મારે કંઇ કામ રહ્યું નહોતું.

(ઇન્દીરા જરા ચોંકાય છે.)

ઇન્દીરાઃ (સાવધાન થતાં) તમને બહુ તસ્દી પડી હોં !

દિનેંદ્ર: ના ના, એમને તમે સુવાડી દ્યો. (દિનેશને) કેમ અંદર તમારી મેળે જઇ શકશો? (દિનેશ ઉભો થાય છે. ઇન્દીરાને) જાઓ ને, એમને અંદર સુવાડી આવો.

ઇન્દીરા: હું આવું છું. તમે બેસજો હોં!

(ઇન્દીરા દિનેશને લઇ અંદર જાય છે. દિનેંદ્ર આમતેમ જુએ છે. ટેબલપરનાં પુસ્તકો જુએ છે, તેમાં ભૃગુસંહિતા, પંચાંગો, જ્યોતિષ્‌ના ગ્રંથો વગેરે પડયા છે)

દિનેંદ્ર: હં—બરોબર,, રંભાબ્હેને કહ્યું હતું કે સન્મુખરામ અને ઇન્દીરાબેન બન્નેને જ્યોતિષ બહુ સારૂં આવડે છે! (ઇન્દીરા આવે છે.)

દિનેંદ્ર: મારે એટલું કહેવાનું છે, કે આ દિનેશને ચક્કર આવે છે, તો તમે જરા એની સંભાળ લેજો. મેં એને પૂછયું, તો એણે કહ્યું કે આ સુદ્ધાં એને આ સાતમી વાર આમ થયું! કોલેજમાં એ અઢાર અઢાર કલાક વાંચતા, તેમ એમણે ન કરવું જોઇએ, અને તમે જો કંઇ ઉપાય નહિ લ્યો, તો પછી અસાધ્ય થઇ પડશે.

ઇન્દીરા: શું આ સાતમી વાર થયું!—

દિનેંદ્ર: હા, એના મનપર કંઇ બહુ બોજો લાગે છે.—ત્યારે હું જાઉં. પછી વળી આવીશ. (ગિરિમતી અને તરુલતા આવે છે.) લ્યો ત્યારે હું આમને મૂકનો જાઉં છું. કેમ ગિરિમતિ બ્હેન!

ઇન્દીરા: આવો આવો—

ગિરિ: કેમ અમે આવ્યાં અને તમે ઉઠશો!

દિનેંદ્ર: મારે જરા અહીં પાર્વતીશંકરને ત્યાં કામ છે.

ઇન્દીરા: એ તો અહીંયાં જ!

દિનેંદ્ર: હા, અહીં પાસે જ છે.

ગિરિ: પણ તમે શ્રીપતરાયમાસાને ત્યાં આવવાના છો ને?

દિનેંદ્ર: હા, હા, હું તો જુલીજ જાઉં છું.

ગિરિ: હા, તો તમે જઇ આવો, ત્યાં સુધી અમે બેઠાં છીએ.

દિનેંદ્ર: ઠીક ત્યારે હું આવું છું. (જાય છે.)

ઇન્દીરા: આવજો હોં ભાઇ—(ગિરિમતિને) આવોને—બેસોને?—

(થોડી વાર કોઇ બોલતું નથી.)

ઇન્દીરા: (વાત ઉપાડતી હોય તેમ) હવે તમારે છેલ્લું વરસ રહ્યું નહિ? પછી તો બી. એ. થઇ જવાનાં!

તરુઃ હા, જો પાસ થાઉં તો.

ગિરિઃ તમારો દિનેશ બેંગલોરથી આવી ગયો ખરું? મને કોણે કહ્યું?

ઇન્દીરાઃ હા, એને આવ્યાં ચારેક દિવસ થયા. આ છેલ્લું છેલ્લું વરસ છે, તેથી આ વખતે પણ રજામાં અહીં આવવાની એ ના કહેતો હતો. પણ એકનો એક છોકરો એટલે બને દૂર હોય તે આપણેય જીવ ખેંચાયને! અને ગયું આખું વરસ પણ એ ત્યાં જ રહ્યો હતો, એટલે તો એમ થયું કે ભલે આવી જાય.

ગિરિઃ આ છેલ્લું વરસ પૂરું થશે પછી—?

ઇન્દીરાઃ પરીક્ષામાં સારે નંબરે આવશે એમ એ ધારે છે, અને પહેલા ત્રણમાં ન આવે તોય એના પ્રોફેસરે એને એટલું તો કહ્યું છે કે ધારની ઇલેક્ટ્રીક કંપનીમાં એને જગ્યા અપાવશે.

ગિરિઃ એમ કે?

ઇન્દીરાઃ અહીં તમને તો તાપ બહુ લાગતો હશે. અમે તો રેવાઈ ગયેલાં પણ તમે આટલા તાપમાં બહાર નીકળ્યાં?

ગિરિઃ આજે શ્રીપતરાયભાઈને ત્યાં આઇસક્રીમ માટે બોલાવ્યાં છે, તેમાં જ—

ઇન્દીરાઃ તે સરયૂ પ્રમોદ સાથે નથી!

ગિરિઃ એ બે તો સવારથી જ એમને ઘેર છે.

દિનેશઃ (અંદરથી) ભોંઈ બેન કોણ આવ્યું છે?

ઇન્દીરાઃ એ તો ગિરિમતી બેન અને—

ગિરિઃ કેમ દિનેશ અંદર છે!

ઇન્દીરાઃ તો જાણોને આવા તડકામાંય એને લાયબ્રેરીમાં જવું જોઇએ. આજે બહાર ગયો ને જરા લુક લાગી તે અંદર સુતો છે. દિનેશ, દિનેશ, બહાર આવને!

ગિરિઃ રહેવા દોને, એમને સુઇ રહેવું હોય તો.

ઇન્દીરાઃ ના ના, એમાં—

(દિનેશ અંદરથી ધીમે ધીમે આવે છે, ને આરામ ખુરશીમાં બેસે છે.)

ઇન્દીરાઃ (જરા આડું જોઇને) આ ગિરિમતિ બેન આવ્યાં છે.

ગિરિઃ કેમ છે?

દિનેશ: હવે સારૂં છે. એ તો કંઇ થઇ ગયું હતું.

(થોડી વાર, કોઇ બોલતું નથી)

ગિરિ: (વાત ઉપાડતી હોય તેમ) આ વરસ તમે પરીક્ષામાં બેસવાના છો કેમ!

દિનેશ: હા, ઘણાય છેલ્લું વરસ બેસતા નથી, ને પછી બીજે વરસે બેસે છે, પણ હું કંઇ એમ નથી કરવા માગતો.

ગિરિ: છેલ્લું વરસ બહુ મહેનત કરવી પડે છે નહિ?

દિનેશ: કરવીજ પડે ને. આમને જ પૂછોને–ખઇને! (તરુલતા જરા માથું હલાવી હા પાડે છે.)

ગિરિ: ત્યાં કેટલુંક ખર્ચ આવે છે?

ઇન્દીરા: વરસે દહાડે અમે એને––

દિનેશ: (ઇન્દીરાને અટકાવતો) જુઓને, કોઇ જો સાચવીને રહે, અને વગર વિચાર્યે ખર્ચ ન કરે તો વરસે દિવસે આઠસો રૂપિયા જોઇએ.

ઇન્દીરા: સ્કોલરશીપ ઉપરાંત અમારે ત્રણસો ચારસો થાય છે.

દિનેશ: હા, પણ વચ્ચે તો મને કૉલેજમાંથી પણ સ્કોલરશીપ મળી હતી. [થોડી વાર અટકીને] છોકરાઓ કૉલેજમાં જઇને કેમ જાણે પોતે બહુ જ શ્રીમંત હોય એમ રહે એ મને જરાય પસંદ નથી. (ગિરિમતિનું મોં જરા મલકે છે. ઇન્દીરા જરા અસ્વસ્થ થાય છે.) અને મને કહેવાની છુટ આપો તો છોકરીઓએ પણ ભણ્યા પછી સાધારણમાં સાધારણ મહેનતનું કામ ઉઠાવવું જોઇએ.

ગિરિ: તમારા વિચાર બરોબર આ દિનેંદ્રરાય જેવાજ છે.

ઇન્દીરા: એ અહીં શું કરે છે!

ગિરિ: તમને ખબર નથી? એ અહીંથી એક "હંસ" નામનું માસિક કાઢે છે. મેં એમને શ્રીપતરાયમાસાને ત્યાં પહેલાં જોયા.

ઇન્દીરા: એમ માસિક કાઢે છે? મેં તો જાણ્યું ક્યાંઇ નોકરી કરતા હશે. તે કેમ એ કેવાક પૈસાદાર છે?

તરુ: તે કેમ પૈસાદાર હોય તે જ કંઇ માસિક કાઢી શકે!

દિનેશ: મોટી બેન, તારે તો એ જ સવાલ ગમે તેને પૂછવાનો.

(ગિરિમતી જરા હસે છે. પગથીઆં પર કોઇ ચડતું સંભળાય છે.)

ઇન્દીરાઃ હા, તેથી શું ? તમે કેટલું ભણ્યા છે, શું કરે છે એમ પૂછો અને અમે પૈસાદાર છે કે નહિ એમ પૂછીએ એ બેમાં શો ફરક ! (દિનેંદ્ર આવે છે.)

ગિરિઃ આવો આવો, તમારો અભિપ્રાય અમારે આ બાબતમાં જોઇએ છીએ.

દિનેંદ્રઃ (ખુરશી પર બેસતાં) તમે તો મને મારા અભિપ્રાયો જ પૂછો છો.

તરુઃ (ધીમેથી) કારણ તમારે કંઇક ને કંઇક નવું કહેવાનું હોય છે જ.

ગિરિઃ જૂઓ, કોઇને વિશે એમ પૂછીએ કે એ પૈસાદાર છે, અને નહિ તો એમ પૂછીએ કે એ કેટલું ભણ્યા છે–એ બેમાં કંઇ ફરક ખરો કે નહિ ?

દિનેંદ્રઃ ના, હું કંઇ જ ફરક નથી જોતો. બન્ને સવાલો એવા છે કે તમે ખરા માણસને નથી ઓળખી શક્તા.

દિનેશઃ કેમ વારુ ! પૈસા કરતાં ભણતર માણસની વધારે નજીક નથી ?

દિનેંદ્રઃ તમે જેમ ઇન્દીરા બેન કરતાં મારી વધારે નજીક છો તેમ–પણ તે એટલુંજ–એથી વધારે નહિ. (વિચાર કરતાં) માણસના પૈસા એ જેમ બહારનો એક વળગાડ છે, તેમ ભણતર પણ એક બાહ્ય આવરણરૂપ છે. કેટલાક ભણેલાઓ તો બહુ કદ્રૂપા હોય છે, એ તમે નથી જોયું !

દિનેશઃ માફ કરજો, તમે અર્થ લઇ જાઓ છો, તેટલો ઊંડો આ પ્રશ્ન હતો જ નહિ. વાત તમારે વિશે હતી, તેમાં મારાં મોટી બેને પૈસાનો સવાલ પૂછ્યો, અને પછી એને ટેકો આપતાં એ એમ બોલેલાં.

દિનેંદ્રઃ (વિચાર કરતાં) હવે હું ફરી જાઉં તો એમ ન લગાડતાં કે એ મારે વિશેની વાત હતી તેથી હું ફરી ગયો. પણ તમે ભણતરનો સવાલ પૂછો, અને તમારાં બા પૈસાનો પૂછે, એ બેમાં ફેર તો ખરો !

ઇન્દીરાઃ હવે કેમ ફેર ?

ગિરિ: અમને કહો જોઇએ.

દિનેંદ્ર: (વિચારમાં લીન થતાં) હું તમને શું કહું? દિનેશ કહે છે તે પ્રમાણે મેં એ સવાલમાં વધારે ઉંડો અર્થ જોયો. હું અમુક વિચારમાં ચાલ્યો આવતો હતો, તેમાં તમારા શબ્દો બરોબર ગોઠવાઇ ગયા, અને મારી વિચારસરણીનો જવાબ મળી ગયો!

ઇન્દીરા: એ વિચારસરણી કહેવાય એવી હોય તો કહો.

દિનેંદ્ર: ન કહેવાય એવું હું કશું નથી રાખતો. વિચારમાં તો કંઇ નહોતું. રસ્તે આવતાં ઓટલાપર મેં એક જોશીને જોયો, અને બે ત્રણ લોકો જોષ જોવરાવતા હતા. તેમાં એકનો સવાલ પૈસા વિશે આવ્યો, બીજાનો બચ્ચુતર વિશે, ત્રીજાનો લગ્ન વિશે—આ બધા માણસો મને એક જ સરખા લાગ્યા, અને એમનું ઔત્સુક્ય અને મનોવૃત્તિ એ બધું એક સરખું જ હતું, અને જો તટસ્થ રહી આપણે અભિપ્રાય આપવાનો હોય, તો એ બધા એક જ કોટિના છે એમ આપણે કહી શકીએ.

ગિરિ: તમે ત્યારે રસ્તે ચાલતાં ઉભા રહો છો ખરા! બહારના દેખાવ પરથી તો કંઇ ક્યાંઇ ઉભા રહો એમ નથી લાગતું.

ઇન્દીરા: ત્યાં આગળ તફાવત નહિ, અને અહીં મારી અને દિનેશ વચ્ચે તમે શા માટે ફરક ગણ્યો છો?

દિનેંદ્ર: (ગિરિમતીને જવાબ આપતાં) એ જ છે તો, બહારનો દેખાવ જ—એ જ બધું—(અટકી પડે છે. ઇન્દીરા તરફ જોતાં) દિનેશ અને તમારી વચ્ચે શો ફરક એમ ને! ત્યાં પેલા માણસો પોતાના વિશે પ્રશ્નો પૂછતા હતા, અને અહીં તમે બે કોઇ ત્રીજા જ વિશે એ સવાલો પૂછો છો! એ ફરક.

ગિરિ: તમે પ્રશ્નોનું કહ્યું એટલે કહું છું કે એમને પણ જ્યોતિષ આવડે છે.

દિનેંદ્ર: હા, મને એમ લાગ્યું ખરું. અહીં બધે એનાં જ પુસ્તકો અને પંચાંગો પડયાં હતાં. રંભા બેને પણ એક દિવસ પહેલાં જ કહ્યું હતું, કે તમને સારૂં જોતાં આવડે છે. મારાથી તો હસી દેવાયું.

ગિરિ: રંભાને શું જોઇ આપ્યું?

દિનેંદ્ર: એમના દિનકરના કોઇની સાથે વિવાહ કરવા હશે તે!

(ઇન્દીરાનું મોં જરા પડી જાય છે, ગિરિમતિ સાંભળ્યું ન સાંભળ્યું કરે છે. દિનેશ કંઇ વિચાર કરતો હોય તેમ બેઠો છે.)

ઇન્દીરા: તમે બધા અંગ્રેજી ભણેલા મારા દિનેશની જેમ દશામાં માનો નહિ. પણ એક વાર તમારી કુંડળી આપો જોઇએ, અને પછી હું બધું કહું છું એ બને છે કે નહિ એ જુઓ.

દિનેશ: શું? મોટી બેન શું કહ્યું? મારૂં નામ શું લીધું?

ઇન્દીરા: કહું છું કે આ દિનેંદ્રભાઇ પણ તારી જેમ જ્યોતિષમાં નથી માનતા.

ગિરિ: તમને હાથ જોતાં આવડે ખરૂં?

ઇન્દીરા: હા, આવડે ખરો, પણ એ પરથી બધું ન કહી શકાય.

ગિરિ: દિનેંદ્રભાઇનો હાથ જુઓ જોઇએ.

ઇન્દીરા: એમને માનવું નહિ ને શું જોવું!

દિનેંદ્ર: હું માનીશ ચાલો. (હાથ ધરે છે.)

(ઇન્દીરા દિનેંદ્રનો હાથ જુએ છે, કંઇ ગણત્રી કરે છે, વચ્ચે દિનેંદ્રનું નામ ઉચ્ચારે છે.)

તરુ: તમે આમ કેમ હાથ ધરી શકો છો એ મને નવાઇ લાગે છે.

દિનેશ: મને બીક લાગે છે કે મને ક્યાંક જ્યોતિષમાં આસ્થા બેસી જશે.

દિનેંદ્ર: મને કંઇ કશું થતું નથી.

ઇન્દીરા: ત્યારે જોવરાવ્યાથી શો લાભ!

દિનેંદ્ર: ના ના, જુઓને હું તો અમસ્તો જ કહું છું.

ઇન્દીરા: (હાથ જોતી) વિદ્યા છે, પૈસો છે, વારસો પણ મળવાનો છે, હાથમાં તલ છે, અને-(હાથની મૂઠી વાળે છે. જરા માથું નમાવે છે.)

દિનેંદ્ર: હા, જે કહેવું હોય તે કહી નાંખો ને?

ઇન્દીરા: માઠું ન લગાડશો, પણ તમારાં લગ્ન ક્યાં છે?

દિનેંદ્ર: તમને કેમ લાગે છે એ કહોને!

ઇન્દીરા: (હાવકું મોં રાખીને) એક મોટો યોગ વરસ દહાડા પહેલાં હતો, એમ લાગે છે.

દિનેંદ્ર: એ તો રૂી કોઇ જાણે છે.

ગિરિઃ એમનાં લગ્ન ક્યારે થવાનાં છે?

દિનેશઃ મને તો કંટાળો આવે છે. (ઊઠીને અંદર જાય છે.)

દિનેંદ્રઃ અને મને શું નહિ આવતો હોય?

ઇન્દીરાઃ એ તો કંઇ સમજ પડતી નથી.

દિનેંદ્રઃ (પોતાનો હાથ પાછો ખેંચી લેતાં) હવે દિનેશ ભાઇને બોલાવીને એમનો હાથ જુઓ જોઇએ, પણ તમે તો દિનેશની જન્મકુંડળી પણ જોઇ હશે.

ઇન્દીરાઃ આપણાં નજીકનાં સગાં વિશે જ્યોતિષ ઘણી વાર પક્ષપાતી થઇ જાય છે. (ઇન્દીરાથી જરા નિશ્વાસ મૂકાઇ જવાય છે.)

ગિરિઃ તો પણ કહેને શું છે!

ઇન્દીરાઃ શું કહું બોલો!

દિનેંદ્રઃ એમનાં લગ્ન ક્યારે થવાનાં છે?

ગિરિઃ ઓહો, તમે એ સવાલ પૂછ્યો?

દિનેંદ્રઃ કેમ મારાથી ન પૂછાય?

ઇન્દીરાઃ આ એક બે માસમાંજ યોગ આવે એમ છે. (તરુલતાને) લાવો જોઉં તમારો હાથ.

તરુઃ મારે નથી જોવરાવવું. ભરતનું ભવિષ્ય જાણીને શું કામ છે!

દિનેંદ્રઃ તમે આટલાં બધાં નિરાશાવાદી કેમ છો!

તરુઃ એમાં નિરાશા શાની? નિરાશાવાદ તો ઉલટો ભવિષ્ય જાણવાથી આવે. (ઇન્દિરા જરા ચોંકે છે.)

દિનેંદ્રઃ હા, બરોબર છે—એ કંઇ સારું નથી.

ગિરિઃ શું સારું નથી?

દિનેંદ્રઃ (વિચારમાં) પોતાનું અને પારકાનું ભવિષ્ય જાણવું તે.

ગિરિઃ પણ ભવિષ્ય સારું હોય તો.

તરુઃ તો તો ઉલટું વધારે ખરાબ.

ઇન્દીરાઃ એમ કેમ?

દિનેંદ્રઃ કેમ હું કહું? કારણ એથી માણસ ઉલટું ઢીલું થાય છે, અને મોટું કારણ તો એ કે—(અટકી પડે છે.) ભવિષ્ય જાણવું એ એક જ રીતે સારું છે.

ઇન્દીરાઃ કઇ રીતે સારૂં?

દિનેંદ્રઃ એ જાણવાથી જો માણસ વધારે સારો અને ઉચ્ચતર થતો હોય તો. પણ ઘણી વાર આ બધી વિજ્ઞાનની શોધોની માત્ર—દિનેશ નથી ખરૂં?—માણસનું જ્ઞાન વધે અને બીજી બધી રીતે એની દુષ્ટ બાજુ અચલ રહે એ સારૂં નહિ.

(ઇન્દીરા શિથિલ દેખાય છે, એક નિશ્વાસ મૂકે છે.)

તરુઃ તમે પહેલાં મોટું કારણ એમ કહી શું અટકી પડયા?

દિનેંદ્રઃ એ તો મારૂં પોતાનું માનવું છે.

ગિરિઃ શું!

દિનેંદ્રઃ વળી તમે કહેશો કે મોટું ભાષણ આપવા બેઠો, પણ મને આ બધું કંઇ એના જેવું લાગે છે કે નસીબ કે ભવિષ્ય જેવું કંઇ છે જ નહિ.

તરુઃ એટલે!

ઇન્દીરાઃ ત્યારે શું પુરુષાર્થ છે?

દિનેંદ્રઃ આપણે ય નથી અને નસીબેય નથી. દિનેશ હોત તો મને સમજી શકત. ભૌતિકશાસ્ત્રમાં થોડાં વરસો પહેલાં એક નવો જ સિદ્ધાન્ત શોધી કઢાયો છે, કે (દરેક શબ્દ ઉપર ભાર મૂકતાં બોલે છે.) આપણે જે દિક્ અને કાલમાં રહીએ છીએ એ સર્વથા સરખાં હોતાં નથી, પણ વ્યક્તિના અનુભવ પ્રમાણે તેનાં પરિમાણો બદલાય છે, અને આપણું આકાશ—એને ત્રણ જ પરિમાણો નથી, પણ ચોથું પરિમાણ પણ છે, અને એ ચારેનો સંબંધ એવી રીતનો હોય છે કે તમામ ગતિ કે સ્થિતિ એક બીજાના એવા સંબંધમાં આવે છે કે પરિણામ એકનું એક આવે! આવી જ રીતે વ્યક્તિ અને તેની પરિસ્થિતિ, કર્મ અને ફળ, અને બીજી વ્યક્તિઓ સાથેનો સંબંધ એવી રીતનો હોય છે, કે પુરુષાર્થ કે નસીબ એવું કંઇ પણ રહેતું નથી.

(દિનેંદ્ર વિચારમાં ડૂબેલો દેખાય છે.)

તરુઃ આ તો આઇન્સ્ટાઇનનો સિદ્ધાન્ત ખરૂં!

દિનેંદ્રઃ હા, હા, તમે એ વિશે વાંચ્યું છે? એ તમે સમજી શકયાં?

તરુઃ બધું તો નહિ, પણ ઇન્ટરમાં મેં મેથેમેટિક્સ લીધેલું, એટલે થોડું ઘણું સમજાયું.

દિનેંદ્રઃ ઠીક ત્યારે, આપણે બન્ને પ્રયત્ન કરીશું તો કંઇક સમજાશે. મને પણ કેટલુંક સમજાયું નથી.

ઇન્દીરાઃ પુરુષાર્થ અને નસીબ એ બે નહિ, પછી છે શું!

દિનેંદ્રઃ (ઊંડેથી) કશું નથી! (થોડીવાર રહીને, પોતાના હાથ પરની ઘડીઆળ જોતો) પણ ચાલો આપણે તો મોડું થાય છે.

ગિરિઃ વાતમાં ને વાતમાં ખબર ન રહી; ચાલો અમે જઇશું હં—.

ઇન્દીરાઃ પણ દિનેંદ્ર ભાઇએ પૂરું ન કર્યું.

દિનેંદ્રઃ (હસતાં હસતાં) કશું પૂરું કરવાનું પછી રહ્યું જ નહોતું! પણ અમે જઇએ છીએ-દિનેશને કોઇ વાર મોકલજો-મારી ઑફિસમાં મારા "હંસ" માટે એમની પાસેથી વિજ્ઞાનના લેખો જોઇએ છીએ—

ઇન્દીરાઃ લાવો ને હું બોલા—

ગિરિઃ ના, ના, કંઇ નહિ.

દિનેશઃ ઠીક, મોકલજો હો!

ગિરિઃ આવજો હોં, દિનેશને પણ કહેજો કે આવે!

ઇન્દીરાઃ તમેય આવજો હો (તરુલતાને) અને તમે પણ આવજો. શશિકલા તો નથી, પણ આવજો હોં.

(ગિરિમતી, તરુલતા અને દિનેંદ્ર જાય છે. ઇન્દીરા બારણા સુધી જઈ પાછી આવે છે.)

ઇન્દીરાઃ (એકલી ઓરડાની વચ્ચે ઉભી-રહીને) એ દિનેંદ્ર! જે બીજામાં નથી, એવું કંઇક એનામાં છે તો ખરું. એ જ—અને એની પાછળ પેલી મંદાકિની-આખું ગામ આખું—! પણ મને આ ગમ્યું નહિ. ગિરિમતી, તરુલતા, દિનેંદ્ર બધા શ્રીપતરાયને ઘેર ગયાં! દિનેશ, દિનેશ, આવને!

દિનેશઃ (અંદરથી) કેમ મોટી બેન, તું બોલાવે છે?

ઇન્દીરાઃ હું એને શી રીતે કહું? આવને.

દિનેશઃ (બહાર આવતાં) શું એ બધાં ગયાં?

ઇન્દીરાઃ હા, કેમ?

દિનેશઃ મોટી બેન, તમે આ બધું બરોબર જુઓ તો ખબર પડે ખરું!

ઇન્દીરાઃ હા, કેમ ? પણ તું—?

દિનેશઃ હા, બરોબર, મારી બુદ્ધિ મને માનવાની ના પાડે છે. પણ—જુઓ જોઇએ—

ઇન્દીરાઃ પણ શું ?

દિનેશઃ મોટી બેન જુઓ જોઇએ, મેં ધાર્યાં છે એની સાથે મારાં લગ્ન થશે કે નહિ ?

ઇન્દીરાઃ એની સાથે ન પણ થાય ! પણ (દિનેશ આડું જુએ છે.) તું આમ તો જો, પણ એનાથી પણ સારી છોકરી મળતી હોય તો—

દિનેશઃ તો ઝાડના થડની સાથે મારો વિવાહ કરો તોપણ મને કંઈ ના નથી.

ઇન્દીરાઃ પણ દિનેશ, કોકિલા તારે માટે બહુ નાની કહેવાય, અને તમારા ગ્રહ પણ કંઈ મળતા નથી.

દિનેશઃ હું ગ્રહબ્રહમાં કંઇ માનતો નથી.

ઇન્દીરાઃ પણ હું અને તારા ભાઈ તરુલતા માટે નક્કી કરીએ તો કંઇ વાંધો છે ?

દિનેશઃ (ઊઠીને અંદર જતાં) તમારે જે કરવું હોય તે કરો હું—

ઇન્દીરાઃ (એકલી) કોકિલાના અને દિનેશના ગ્રહ મળતા નથી ! વળી આ જુદું. એક રીતે એમ થાય છે કે કશો પ્રયત્ન ન કરવો, અને બેસી રહી વિધિને એનું કાર્ય કરવા દેવું; અને બીજી બાજુ આ દુનિયા તરફ નજર કરતાં આ અને તે બધું કરવાનું મન થાય છે. દુનિયામાં એવાં પ્રલોભનો છે કે નાશકારક ચીજની પણ આપણે ઇચ્છા કરીએ છીએ. (વિચારમાં પડે છે.)

(સન્મુખરામ અંદરથી પીતાંબર પહેરેલા, હાથમાં માળા લઇ આવે છે.)

ઇન્દીરાઃ (જરા ભયભિત નેત્રે) કેમ ! શું ? આજે પૂજામાં ફરી વાર કેમ બેઠા ?

સન્મુખઃ આ તમે જે પ્રકરણ ઉપાડ્યું છે, તેને શાન્ત રાખવા.

ઇન્દીરાઃ (ઢાલી નજરે જોતાં) દિનેશ ક્યાં છે ?

સન્મુખઃ એ કમરાં ઉપર ગયો.

ઇન્દીરાઃ એટલે ?

સન્મુખઃ શું એટલે ?—હા, એટલે આપણા દિનેશના ગ્રહને શાન્ત કરવા.

ઇન્દીરાઃ તમે બરોબર જોયું ? ક્યા ગ્રહ આડા આવે છે ? એને કંઇ ઇજા નહિ આવે, પણ—

સન્મુખઃ મંગળ અને રાહુ. કાંતો વર નહિ અને કાં તો વહુ નહિ. તરુનો ગુરુ સારો છે તે એને કંઇ ઇજા નહિ આવે, પણ—

ઇન્દીરાઃ (આડું જોઇને) એવું ન બોલશો.

(ત્યાં ઉપર કોઇ પડયું હોય તેવો ધબકારો થાય છે)

ઇન્દીરાઃ અરર્ દિનેશ પડયો !

સન્મુખઃ હજી કહું છું કે આ પ્રકરણ બંધ કરો ! પરિણામ કેવુંય આવશે. (ઉતાવળથી અંદર જાય છે)

ઇન્દીરાઃ (બેબાકળી) પરિણામ ! પરિણામ ! (અંદર જાય છે.)

[પડદો પડે છે.]

પ્રવેશ ત્રીજો.

સ્થળઃ એજ.

[ઓરડો આજે જરા શણગારેલો છે.]

ઇન્દીરાઃ છગન, છગન, એટલું ટાપરે ખમણનાં કેટલી વાર ! કેશવ, અહીં હવે થાળીઓ મૂકીને અંદર ચટણી લીંબુ રાયતું એ બધું પીરસી દે—એ બધાંને આવવાનો વખત થયો છે.

(છગન અંદરથી આવી ટોપરૂં બતાવે છે.)

ઇન્દીરાઃ ઠીક જા, અંદર મૂક, અને પસ્તાં ચારોળી કાઢજે, ને પછી ઉપરથી પૈસા લઇ થોડો બરફ લઇ આવજે. (છગન અંદર જાય છે. ઇન્દીરા પાટલાની આજુબાજુ રંગોળી પૂરતાં સ્વગત) હં, હવે ઠીક થયું—શશિકલાને એ લોકોએ મોકલી નહિ. ગઇ કાલે આવી ગઇ હોત તો કેવું સારૂં. (થોડી વાર અટકીને) આજે તો હવે ન આવે તો સારૂં. ગઇ કાલ આ બાજુ આવતાં સામો કાળ હતો. એ લોકોને તાર મૂકાવ્યો, નહિ તો તો મોકલત પણ નહિ !—બહુ વાર થઇ ગઇ ! આજે હવે ખબર પડી રહેશે, કે એ લોકોના મનમાં શું છે ? પછીથી દિનેંદ્ર હમણાં એમને ઘેર જતો નથી, અને શ્રીપતરાયને ઘેર પણ ઓછો જાય છે. કહે છે દિનેંદ્રને એમને ત્યાં આવવાની ના પાડી છે. હં—

(સન્મુખરામ અને છગન અંદરથી આવે છે.)

સન્મુખઃ બોલો કેટલા પૈસા આપું !

ઇન્દીરાઃ તમે આમ શું કરતા હશો ? બરફ લાવવા માટે તે વળી કેટલાક પૈસા જોઇએ ?

સન્મુખઃ મને ક્યાં ખબર છે કે તમને શા માટે બરફ જોઇએ છીએ.

ઇન્દીરાઃ (છગનને પૈસા આપતાં) લે જા. (છગન જાય છે.)

(રંભાનો ચાકર નાથો હાથમાં કાગળ લઇ અંદર આવે છે)

નાથોઃ બા, રંભાબાએ આ તમને હાથોહાથ આપવા કહ્યું છે.

સન્મુખઃ શું લાવ જોઇએ. (ઇન્દીરાને) કેમ રજા છે ને !

ઇન્દીરાઃ મને આપોને !

સન્મુખઃ કેમ ભૂલી ગયાં કે શું ? તમને જ્યોતિષ શીખવાડ્યું ત્યારે તમે વચન આપ્યું હતું કે મારી ને તમારી વચ્ચે કશો પડદો ન રહેવો જોઇએ.

ઇન્દીરાઃ તમારે વાંચવો હોય તો વાંચો. પણ એમાં તમારે માટે કંઇ નહિ હોય.

(સન્મુખરામ વાંચે છે મુખમુદ્રા ગંભીર થાય છે)

ઇન્દીરાઃ (નિર્દોષ અને હળવું મો રાખીને) કેમ શું છે ?

સન્મુખઃ કેમ શું છે ! આ શું ? જુઓ. રંભા લખે છે, કે તરુના ને એમના દિનકરના ગ્રહો મળતા ન આવ્યા એમ એમને ખબર પડયાથી એમણે તો એ વાત બંધ રાખી છે. પણ તરુલતા એની કોઠિયા આડે ન આવે એટલું સંભાળવાનું લખે છે, નહિતો બન્ને જણાં દુઃખી થશે. બોલો હું એમને લખી મોકલું ?—કે તરુના ગ્રહ દિનેશના ગ્રહ કરતાં દિનકરના ગ્રહ સાથે વધારે મળે છે ? નાથા, ઓ નાથા ગયો કે ?

ઇન્દીરાઃ હવે એથી શો ફાયદો છે ?

સન્મુખઃ એક વાર ખોટું કરવું, અને પછી પકડાઇ જાઓ, ત્યારે કેમ જાણે કશામાં તમને આસક્તિ ન હોય એમ બોલવું ! ઇન્દીરા, તમે ભયંકર છો. મને આની ખબર-હોત, તો—

ઇન્દીરાઃ એથી શો ફાયદો !

સન્મુખઃ કેમ ફાયદો કેમ નહિ? એ અમારો તો નહિ.

ઇન્દીરાઃ શો ફાયદો, કારણ તોય ગિરિમતી એમની સાથે સંબંધ નહિ બાંધે.

સન્મુખઃ એટલે ગિરિમતિ ઉપર પણ તમે તમારી—

(બહાર ગાડી ઊભી રહેવાનો અવાજ આવે છે. એટલા પર ગિરિમતી પ્રમોદ વગેરે ચડતાં દેખાય છે.)

ઇન્દીરાઃ હું તમને પગે પડું છું. આ એ બધાં આવ્યાં!

(ગિરિમતી, પ્રમોદ, સરલા ને દિનેશ આવે છે. સન્મુખરામ એ બધાં તરફ એક નજર કરી અંદર જાય છે.)

ઇન્દીરાઃ આવો આવો આવો, અને તમે સાથે થઇ ગયાં!

ગિરિઃ હા, રસ્તામાં આવતાં એમને પ્રમોદે જોયા, તે ગાડી ઉભી રખાવી અને—

ઇન્દીરાઃ પણ તરુલતા બેન ક્યાં છે!

ગિરિઃ એને આજે ઠીક નથી તેથી નથી આવી.

ઇન્દીરાઃ બેસોને કેમ શું થયું છે! અહીં જમવું નહોતું પણ અમસ્તું તો આવવું હતું.

ગિરિઃ એણે આજે જુલાબ લીધો છે. (આમતેમ જોતાં) આ પડદો કોણે ભર્યો!

(દિનેશ અંદર જાય છે.)

ઇન્દીરાઃ (જરા મગરૂરીમાં) શશિકલા ભણતી હતી, ત્યારે એણે ભરેલો. એને આવા ભરત કામમાં તો ચાંદ પણ મળ્યો હતો. પણ એનાં સાસરીઆંને આવું કશું પસંદ નહિ, તેથી બિચારી બધું અહીં જ મૂકતી જાય છે.

ગિરિઃ એમાં શું! ઘરમાં આવો સારો ભરેલો પડદો પણ રાખવા ના કહે! બહારથી તો બહુ સુધરેલાં દેખાય છે.

ઇન્દીરાઃ હા, પણ અંદરથી બહુ જ જુના મનનાં છે.

ગિરિઃ એમકે!—પ્રમોદ એક જગ્યાએ બેસી રહે.

ઇન્દીરાઃ કંઇ નહિ જાઓને ઉપર જવું હોય તો.—હં—અને આ વખતે હરમુખરામ એને એમને એમ લઇ ગએલા તે ત્યાંથી મોટો કાગળ આવ્યો, કે શશિકલાને મુહૂર્ત જોયા વગર મોકલી છે તે પાછી મોકલીશું.

ગિરિ: પણ હરમુખરામ આવવા દેશે ખરા ?

ઇન્દીરા: એ તો અમારી પાસે–પણ એમને ઘેર તો એ હંઇ બોલી પણ નથી શકતા.

ગિરિ: શશિકલા ક્યારે આવશે ? (દિનેશ તથા પ્રમોદ અંદરથી આવે છે.)

ઇન્દીરા: હા, ગઇ કાલે જ આવવાની હતી, પણ ન આવી. હવે આજે તો નહિ આવે, કારણ ગઇ કાલ ત્યાંથી અહીં આવતાં સામો કાળ હતો. તે હવે આજે નીકળી કાલે આવશે.

દિનેશ: (આમ તેમ ફરતાં) કોઇ માણસ એ બધું બરોબર જોવા રહે તો કાંઇ કામ જ ન કરી શકે.

ગિરિ: મારા જ બોલ તમે કહ્યા.

(ગિરિમજી અને દિનેશને એકમત જોઇ ઇન્દીરાનું મોં જરા મલકાય છે.)

ઇન્દીરા: ના પણ બરાબર જોયું હોય, તો તો ખરૂં પડે.

દિનેશ: એક વાર અમારે કૅાલેજમાંથી ઘેર જતાં એક છોકરો તિથિ, શુકન જોઇને નીકળ્યો, અને હું કશું જોવા વગર એ પહેલાં નીકળ્યો; તે રસ્તામાં અચાનક એની ટ્રેનને અકસ્માત થયો, અને હું વહેલો નીકળ્યો તે બચી ગયો !

ઇન્દીરા: એ તો જે થવાનું હોય છે તે થાય જ છે ! હરિ ઇચ્છા !

દિનેશ: ના, એમ નહિ. પણ આપણે જે કરવાનું હોય તે તો કરી જ નાખવું એમ કેમ નહિ ?

ઇન્દીરા: એટલે પછી જે થવાનું હોય તે ભલે થાય એમને ? !

(થોડી વાર વિચારમાં પડે છે, સરખા ખુરસી પર બેસી ટીપાઇ પરનાં ફુલને સરખાં કરે છે, ને ગોઠવતાં ગોઠવતાં ધીમે ધીમે એકની એક લીટી ગાયા કરે છે)

રે ઓ મારા હંસલા, હાવા મેલી મેલી ના જઇએ !
રે ઓ મારા હંસલા, હાવા મેલી મેલી ના જઇએ !

ગિરિ: કેમ શા વિચારમાં પડયાં !

ઇન્દીરા: આ ગીત તે તમે ક્યાંથી સાંભળ્યું ?

ગિરિ: કેમ તમને ખબર નથી, દિનેંદ્રભાઇના હંસ માસિકના પૂંઠાં પર એ લીટી ઉડતા હંસના ચિત્ર નિચે લખેલી હોય છે !

ઇન્દીરા: કોણ દિનેંદ્રભાઇ ખરૂં ! કોણે મને કહ્યું કે એ તો હમણાં તમારે ત્યાં બીલકુલ આવતા નથી !

ગિરિ: હા, એ મને પણ નવાઈ લાગે છે.

ઇન્દીરા: હારતો બિચારા એમને હમેશના મિત્ર તો કોઇ જ નહિ.

દિનેશ: આપણો સમાજ હજી એમને સમજવા લાયક થયો નથી. પણ એવા માણસો આપણે ત્યાં પાકશે, ત્યારેજ આપણે કંઇક નવું કરી શકીશું.

ઇન્દીરા: (મરકમાં) હાસ્તો, એમણે નવું તો કર્યું જ કહેવાય.

ગિરિ: કેમ શું ?

ઇન્દીરા: કેમ તમને ખબર નથી ?

દિનેશ: તમે ભલેને એમ બોલો, પણ—

ઇન્દીરા: હા. મને ક્યાં નથી ખબર, કે પહેલા થોડા દિવસ તો ગમે તે માણસને દિનેંદ્રભાઇ આંજી નાંખે, પણ પછી બીજાંઓને એ કંટાળો જ આપે !

દિનેશ: મોટી બેનને ટેવ જ છે—

ઇન્દીરા: ના, હું કંઇ એમ નથી બોલતી પણ—

ગિરિ: પણ શું ?

ઇન્દીરા: પણ લોકો જુઓને બિચારાને—

દિનેશ: મોટી બેનને તો લોકો ને પૈસા ને એવું જ બધું ભઇ. પણ લોકો એટલે કોણ ?

ગિરિ: શું !

કેશવ: (અંદરથી આવતાં) બા બધું તૈયાર છે.

ઇન્દીરા: ચાલો ત્યારે પ્રમોદભાઇ કપડાં કાઢો, અને સરલા બેન આપણે અહીંજ બેસશું.

ગિરિ: એમ કરોને, સન્મુખરામભાઇ અને છોકરાંઓને પહેલાં જમાડી લ્યો. પછી આપણે નીરાતે બેસીશું. ઉપરથી બોલાવો ને !

ઇન્દીરા: ના, એમ એ—ના.

પ્રમોદ: એ તો ઉપર પૂજા કરે છે.

ગિરિ: અત્યાર સુધી ?

ઇન્દીરા: હા, હમણાં હમણાં એ બહુ ધ્યાનમાં બેસે છે.

ગિરિ: એમ કે !

ઇન્દીરા: એટલે તમે બેસો અને હું એમની પછી બેસીશ.

(ત્યાં ઇન્દીરાની નજર દિનેશ પર પડે છે. દિનેશની આંખો કોઇ વસ્તુ પર ચોંટી રહેલી લાગે છે.)

ઇન્દીરા: (ગભરાએલા અવાજે) દિનેશ, દિનેશ !

(ગિરિમતી દિનેશ સામું જૂએ છે. દિનેશ ઢળી પડે છે, પ્રમોદ અને સરલા પાટલાપરથી ઉભાં થાય છે, ઇન્દીરા દિનેશના માથા નીચે ઓશીકું મૂકવા જાય છે,)

ગિરિ: બેભાન અવસ્થામાં માથું નીચું જોઇએ.

ઇન્દીરા: (છગનને) જાને. ઉપરથી એમને બોલાવને !

(બહારથી બૂમ સંભળાય છે,)

(સન્મુખરામ સન્મુખરામ અહીં રહે છે કેમ ? તાર છે.)

ગિરિ: હા, લાવો જોઇએ.

(તારવાળો બારણે આવી ગિરિમતીના હાથમાં તાર મૂકે છે,)

ગિરિ: સહી કરું !

(ઇન્દીરા માથું દબાવી હા પાડે છે, ગિરિમતી સહી કરી તાર લે છે. સન્મુખરામ પૂજામાંથી આવે છે,)

ઇન્દીરા: જૂઓને-દિનેશને-આ તાર શું હશે !

(ગિરિમતી સન્મુખરામના હાથમાં ઉચેથી તાર મુકે છે, સન્મુખરામ ફાડીને વાંચે છે,)

સન્મુખ: શશિકલા અહીં આવતી હતી અને રસ્તામાં જ ગાડીના અકસ્માત થવાથી-પ્રદ્યુમ્ન ગયો-! બસ ! માણસ હાથે કરીને ખોટું કરે એમાં——

ઇન્દીરા: આ દિનેશ-તમે જાઓને ! ડૉકટરને બોલાવોને !

ગિર: ગાડી બહારજ ઉભી છે. અરે ઘુળાજી !

સન્મુખ: મારે ગયે શું વળશે ? તમેજ જાઓ !

ઇન્દીરા: (અતિશય દુઃખિત થઇ.) હાય, અરેરે-દિનેશ પ્રદ્યુમ્ન હાથે કરીને—

(ગિરિમતી ને ગાડીવાળો બન્ને જોઇ રહે છે, છોકરાંઓ ખુણામાં દબાં છે.)

[પડદો પડે છે]

પ્રવેશ ચોથો.

સ્થળ: ગિરમતીનું ઘર.

તરુ: ઓ રે ! (થોડી વાર રહીને ઘડિયાળમાં એક ટકોરો વાગે છે, તરુલતા બારીમાંથી ઉઠીને ઘડિયાળ સામે જોઇ રહે છે.) એમને ગયાંને અરધો કલાક તો થયો.

(ટપાલી બારણે આવી ટપાલ નાંખે છે. તરુલતા ટપાલીને જોઈને જરા ચમકે છે. વળી સ્વસ્થ થાય છે.)

તરુ: દીના, ઓ દીના. (ચાકર આવે છે.) લે જો આ કંઈ જરૂરી કાગળ છે, તો કાકાને ઑફિસમાં જઈને આપી આવ, અને આ પણ લેતો જા. (ત્રણેક કાગળ આપે છે. બાકી બે કાગળ રહે છે, એક કવર છે, તે તરફ જોતાં) આ કોણે લોકલ કાગળ બા પર લખ્યો હશે. હા, આ કોના અક્ષર,–મને યાદ નથી આવતું.

(દિનેંદ્ર આવે છે, એને જોઈને તરુલતા જરા અચંબામાં જોઈ રહે છે.)

તરુ: આવોને !

દિનેંદ્ર: (આવવા ન આવવાનો નિશ્ચય ન કરી શકતો હોય તેમ ઉભાં રહીને.) કેમ ગિરિમતી બેન શું કરે છે?

તરુ: ગિરિમતી બેન ઘેર નથી. આવો બેસોને.

દિનેંદ્ર: મારે કંઈ ખાસ કામ નહોતું. માત્ર–

તરુ: બેસોને. (દિનેંદ્ર હીંચકા પર બેસે છે.) માત્ર શું?

દિનેંદ્ર: (જરા અકળાઈને) માત્ર મળવાને આવ્યો હતો. દીનાને કહોને મને જરા પાણી આપે !

તરુ: હું જ લાવું છું.–દીનો ઑફિસે ગયો છે. (અંદર જાય છે.)

દિનેંદ્ર: (એકલો) હું કેવો મૂર્ખ છું !! શું કરવું? આના કરતાં ન આવ્યો હોત તો વધારે સારું થાત.

(તરુ અંદરથી પાણી લાવી દિનેંદ્રને આપે છે. દિનેંદ્ર પાણી પીએ છે)

તરુ: (થોડી વાર રહીને) આટલા દિવસ કેમ નહોતા આવતા?

દિનેંદ્ર: આવ્યાથી શું વધારે છે?

તરુ: એમ કેમ!

દિનેંદ્ર: ના બીજું કંઈ નહિ, મનમાં માત્ર એમ થઈ આવ્યું કે આવ્યાથી શું વધારે?

તરુ: એટલે જ આવતા રહો એમ કહું છું.

દિનેંદ્ર: હા, મને થતું તો ખરું કે હું આવી જાઉં. પણ–

તરુ: પણ શું?

દિનેંદ્ર: કોણ જાણે! મારું મન જ એવું છે કે એમ પોતાની પરીક્ષા કરવાની મને ટેવ કે કુટેવ પડી ગઈ છે.

તરુ: એટલે?

દિનેંદ્ર: એટલે કે કોઇ વાર ખરી લાગણી થઇ આવે, અને બીજી જ પળે એમ થાય કે—એમાં શું ? (થોડીવાર અટકીને) લાવોને હું ખઈ કહું, કે તમારે ત્યાં નહોતો આવતો ત્યારે ઘણી વાર એમ થતું કે લાવને જઈ આવું, પણ બીજી જ પળે એમ થાય કે—એમાં શું ?

તરુ: (સમજતી હોય તેમ) એ દુઃખ તો ખઈ પણ—(દિનેંદ્રને પગથી તે માથા સુધી એમ બે વાર નીહાળે છે.)

દિનેંદ્ર: પણ શું—?

તરુ: (અચકાતી) પણ મારે એમ દુઃખી થતાં શીખવું છે.

દિનેંદ્ર: મારા એક જ મિત્રે મને એક વાર આમ કહ્યું હતું. અને અત્યાર સુધી એમ હતું, કે પુરુષોમાંથી અને તે પણ વળી કોઇ જ આમ બોલી શકે પણ તમે પહેલ વહેલાં.—

તરુ: એ ભાઇ કોણ હતા ?

દિનેંદ્ર: મારી ને એમની જીંદગી તો નીરાળી છે. એ વેપારી છે. —પણ પરદેશી હતા એટલે જ કદાચ એમ બોલી શક્યા હશે !

(થોડી વાર કોઇ બોલતું નથી)

તરુ: તમે શ્રીપતરાયમામાને ત્યાં પણ હમણાં નથી જતા ખઈ ?

દિનેંદ્ર: જઇને શું કરવું ! થોડા દહાડા થાય છે, અને હું માણસોથી થાકી જાઉં છું. એમનામાં કશું નવું નથી હોતું. (દરેક અક્ષર પર ભાર મૂકતો) ભણ્યું એ નું એ ! રસોયો જેમ રોટલીને આમ તેમ ફેરવી જુએ, તેમ આપણાં માણસોને કોઇ ફેરવનાર નથી ! કોઇ એક બાજુ કાચાં, બીજી બાજુ બળેલા—અર્ધદગ્ધ એવાં હોય છે. કોઇ બધી રીતે બરોબર સારાં નથી ઉતરતાં.

તરુ: અહીં પણ તેમાં જ નહોતા આવતા ખઈ ?

દિનેંદ્ર: અત્યાર સુધી એમ હતું. પણ—

તરુ: પણ શું ?

દિનેંદ્ર: પણ આજે મેં જે તમારી પાસેથી સાંભળ્યું ત્યાર પછી હું એમ નથી માનતો.

તરુ: એટલે !

દિનેંદ્ર: એટલે કે મને અહીં નવું મળ્યા કરશે !

તરુ: (થોડી વાર પછી) ના, એમ રોજ નવું શું મળે ? લોકો પાસેથી નવું મેળવવાની આશા રાખવી, અને એવું મેળવ્યા કરવું એ તમને પોતાને ખોટી દૃષ્ટિ નથી લાગતી?

દિનેંદ્રઃ શું ?

તરુઃ લોકોનાં જીવન ચુંથી ચુંથીને નવું મેળવવાની આશા રાખ્યા કરવી એ વ્યર્થ છે. (થોડી વાર રહીને) નવું ન મળે એનું નામજ મનુષ્યત્વ !

(દિનેંદ્ર ઊંડા વિચારમાં ડૂબેલો દેખાય છે. થોડીવાર કોઇ બોલતું નથી.)

દિનેંદ્રઃ ના, એમ કેમ નહિ, કે નવું નવું જાણવાની ઇચ્છા રહ્યા કરે એનું નામ જ મનુષ્યત્વ ? એક વિચારકે કહ્યું છે કે સત્ય પોતે જો આવીને મારા હાથમાં બેસે તોપણ એને મેળવવાના સતત પ્રયાસના આનંદની ખાતર જ હું એને જતું કરૂં.

તરુઃ તમારે જો એ રીતે સમજવું હોય તો ભલે. પણ તો હું એમ કહી શકીશ કે સાધારણમાં સાધારણ માણસના જીવનમાં કંઇક તો એવું હોય છે જ કે જેને આપણે થોડું ઘણું પણ સમજી શકીએ તો એકાદ અદ્ભુત બનાવ રૂપે તેને આપણે મૂકી શકીએ.

દિનેંદ્રઃ હા, બરોબર છે. હવે હું સમજ્યો–અને પછી નવું મેળવવું કે નહિ એ સવાલ પણ રહેતો નથી (થોડી વાર રહીને) આજે તમે મને નવો ધર્મ આપ્યો છે.

તરુઃ (થોડી વાર રહીને) વારુ, ત્યારે કશું નવું મળવાની આશા વગર તમે અહીં આવશો ને ?

દિનેંદ્રઃ (અતિશય લાગણીના આવેગમાં) નવું મળવાની ! માત્ર તમને મળવાની આશાએ હું અહીં આવીશ.

(તરુલતા દિનેંદ્રને પગથી તે માથા સુધી નીરખે છે. થોડી વાર કોઇ બોલતું નથી)

દિનેંદ્રઃ હં–પણ તમે એમ કહ્યું ખરૂં !–કે લોકોનાં જીવન ચુંથી ચુંથીને નવું મેળવવાની આશા રાખ્યા કરવી એ ખરાબ છે ? (ઉદાસીન રીતે) તમે પણ બીજા લોકોની જેમ એવો આક્ષેપ મારા પર કેમ મૂકો છો ?

તરુઃ મેં ક્યાં આક્ષેપ મૂક્યો છે ?

દિનેંદ્રઃ ના, ઠીક–પણ–(મુખમુદ્રા ગંભીર અને ઠંડી પડે છે.) લોકો એમ માને છે કે હું ખરાબ છું.–(થોડી વાર રહીને) "હંસ" ના બીજાજ અંકમાં "વિષદંશી"ના નામથી એક વારતા આવી હતી તે તમે વાંચી હતી ?

તરુઃ ના, એમાં શું હતું ?

દિનેંદ્ર: કંઈ નહિ. (થોડી વાર શબ્દોને ગળતો હોય તેમ અટકીને) હું સીધું જ કહું—લોકો એમ માને છે કે ગંદાકિનીને મેં ફસાવી-ઠગી. પણ—અને આ મારા શબ્દો નથી—પણ કોઇ બીજો અ-સંસ્કારી પુરુષ એને મળ્યો હોત, તો એને માટે જીવવું મુશ્કેલ થઇ પડત. એક સ્ત્રીને માટે પોતાને માથે બધું ઓઢી લેવું એમ કોઇ બીજો માણસ ન કરે!

તરુ: મને ખબર છે.

દિનેંદ્ર: તમને ખબર હશે; પણ ખોટી. પાંચ છ દિવસ પહેલાં મેં તમને રસ્તામાં જોયાં હતાં, અને તમારૂં મોં તદ્દન દુઃખિત હતું. મને એમ થયું કે હું પાછું વળીને જોઉં, અને મેં જોયું—અને ત્યારે લાગ્યું કે તમે પણ અસત્ય જ જાણ્યું છે.

તરુ: ના, મને ખરી વાતની ખબર હતી.

દિનેંદ્ર: ના, એ કોઇને જ ખબર નથી. તમે ક્યાંથી—?

તરુ: મને ખબર છે, કે તમારે વિશે એ એમજ હોય!

દિનેંદ્ર: (થોડીવાર રહીને) આજે મને મારામાં પૂરેપૂરી શ્રદ્ધા બેસે છે.

તરુ: અને મને પણ.

(તરુલતા અને દિનેંદ્ર બન્ને એક બીજા સામું જૂએ છે. એક બીજાને સમજે છે.)

દિનેંદ્ર: પણ તમારામાં એટલી શક્તિ છે?

તરુ: હા. છે. (થોડી વાર કોઇ બોલતું નથી)

દિનેંદ્ર: ત્યારે હવે હું આટલું પણ કહું છું. આજથી ચૌદ દિવસ પહેલાં મારા બાપુપર એક ગૃહસ્થનો કાગળ હતો, કે એની છોકરીના વિવાહ મારી સાથે કરવા એની મરજી છે.

તરુ: પછી?

દિનેંદ્ર: ત્યાર બાદ મેં મારૂં મન જોયું. એ બાઇ પૈસાદાર છે. પરણું તો મને પૈસા મળે એમ છે; અને મારા 'હંસ'ને હું સારા પાયાપર મૂકી શકું. પણ—

તરુ: પણ શું!

દિનેંદ્ર: પણ કંઇ નહિ.—ત્યારે જ મેં મારા મનના ચારે ખૂણા તપાસી જોયા.

તરુ: અને તમને શું લાગ્યું ?

દિનેંદ્ર: શું ? કંઇ નહિ. મારૂં આખું મન રોકીને તમે રહ્યાં હતાં !

(દિનેંદ્ર ઉભો થાય છે. તરુલતા એની પાસે જાય છે. દિનેંદ્ર તરુલતાને કપાળ પર ચૂમે છે.)

તરુ: (છૂટા પડતાં) આ દિવસ જો ન આવ્યો હોત તો !

દિનેંદ્ર: તો મનમાં ને મનમાં આ બધું ભારી રાખત !

તરુ: તે દિવસે તમે કહ્યું હતું, કે આ દુનિયામાં કશું નથી ખરૂં !

દિનેંદ્ર: (પોતાનું ખોખલું સુધારતો હોય તેમ) કશું નથી—પણ તમે અને હું છીએ એટલે બસ.

(ત્યાં ગિરિમલી, પ્રમોદ, સરલા આવે છે. તરુલતા અને દિનેંદ્ર આજે કંઇ જુદાં જ લાગે છે.)

ગિરિ: તમે ક્યારે આવ્યા ?

દિનેંદ્ર: ક્યારે ? (ઘડિયાળ સામે જોઇને) મને આવ્યાં અરધો પોણો કલાક થયો હશે. કેમ ગાડી ક્યાં છે ?

ગિરિ: દિનેશને હોસ્પીટલમાં મૂકવા ગઇ છે તે અમે ચાલતાં આવ્યાં !

(કપાલના કાગળ લેઇ લે છે. કવર ફાડે છે.)

દિનેંદ્ર: એ કાગળ મને જ આપોને !

ગિરિ: શું ?

તરુ: કેમ ?

દિનેંદ્ર: મેં કાગળમાં એમ લખ્યું હતું કે હવેથી હું અહીં નહિ આવું. પણ—

ગિરિ: પણ તમે તો અહીં છો ! !

દિનેંદ્ર: હા, હું અહીંજ છું—

પ્રાણજીવન વિશ્વનાથ પાઠક

સંતાકુકડી

વ્હાલમને કાજ વીણું ફૂલડાં રૂપાળાં,
વીણું વીણું ને પડી જાય, અલબેલડી !
વ્હાલમને કાજ વીણું ફૂલડાં રૂપાળાં.

વ્હાલમને કાજ ગૂંથું ફૂલડાંની માળા,
- ગૂંથું ગૂંથું ને ગુમ થાય, અલબેલડી!.
વ્હાલમને કાજ વીણું ફૂલડાં રૂપાળાં.

સંતાકુકડી

માળા શોધન્તી હું ઘુમું ભોળી બાળા,
જાણું ન કોણ ચોરી જાય, અલબેલડી !
વ્હાલમને કાજ વીણ્યું ફૂલડાં રૂપાળાં.

વ્હાલીડો રોજ મ્હારી વાડીમાં આવી,
છાનો નિહાળી મ્હને જાય, અલબેલડી !
વ્હાલમને કાજ વીણ્યું ફૂલડાં રૂપાળાં.

માળા ચોરાણી નિહાળી ઠગારો,
છુપો છુપો હરખાય, . અલબેલડી !
વ્હાલમને કાજ વીણ્યું ફૂલડાં રૂપાળાં.

જાણું ના તેમ કહી છુપો રહી તે
ફૂલડે નવાજી મ્હને જાય, અલબેલડી !
વ્હાલમને કાજ વીણ્યું ફૂલડાં રૂપાળાં.

કાળી કાળી નિજ આંખડી નચાવતો,
આંખલડી દાબી મુજ જાય, અલબેલડી !
વ્હાલમને કાજ વીણ્યું ફૂલડાં રૂપાળાં.

દોડી દોડી મ્હને થાકેલી બાળી,
છુપો તે ચોર મલકાય, અલબેલડી !
વ્હાલમને કાજ વીણ્યું ફૂલડાં રૂપાળાં.

સંતાકુકડી બ્હેન ! આવી આવી તે
રમતો સતાવી મ્હને જાય, અલબેલડી !
વ્હાલમને કાજ વીણ્યું ફૂલડાં રૂપાળાં.

સ્નેહરશ્મિ

દિલના શાપ

અરધી દુનિયા પર તિમિરનો વિજય થતો હતો. રામપુરના સ્ટેશને ગાડી આવી પહોંચી. ઉતારુઓની ધમાલ મચી. 'રામપુર ત્રણ મિનિટ' 'પાણી બ્રાહ્મણીયા' એવા એવા અવાજોએ આખું વાતાવરણ ભેદી માર્યું.

ટ્રેન ઉપડી એટલે માનવમેદની સમુદ્રના ઓટની જેમ ઉતરી ગઇ. કલ્યાણ ડોસા લાકડી હાથમાં ને ખભે કોથળો નાંખી પૃથ્વીને પૂછતા પૂછતા ચાલવા લાગ્યા. માંડમાંડ માંડવી સુધી પહોંચ્યા. જમીદાર તેનો અમલદોર ચલાવતો હતો. પરખાવે તે જાણીતા ગણાતા. તેમનો ફેંસલો પણ જલ્દી થતો. રડયો ખડયો સપડાઇ જતો. જમીદાર સાહેબનાં છોકરાંના હાથમાં ભાગના કહી પૈસા આપે ત્યારે જ ગમે તેનો છૂટકો થાય.

શ્વાસે હાંફે જતા કલ્યાણ ડોસો માંડવીમાં આવ્યા એટલે હુકમ થતાં કોથળો છોડવા માંડયો. શું હોય? એક દોરી, લોટો ને પન્નીયું. પણ એક પડીકું હતું. જમીદાર સાહેબે એને વિષમ ઝેર ગણાવ્યું. ડોસા પાસેથી ખુંચવી લીધું.

"બાપુ! દવા છે. દિકરો ઘેર મોંયે પડયો છે. પડીકું ડાક્તર સાહેબે આપ્યું છે. જવા દો"

"જુઠાં! દવા શાની! બધુંયે તરકટ. મોટા સાહેબને પડીકું બતાવવું પડશે."

"બાપુ! દવા પાવાની છે. જલ્દી ઘેર જવા દો."

"ગડબડ નહિં."

"જવા દેશો તો ઇશ્વર તમારું કલ્યાણ કરશે." ડોસો રડતે અવાજે બોલ્યો.

"પટાવાળા! આને બહાર કાઢો."

"બાપુ! દવાનું પડીકું આપો. એકને એક જુવાન જોધ દિકરો મરવા સૂતો છે."

"ચાલ બહાર નીકળ." સીપાઇએ, કોરડો પછાડતાં, ડોસાને બહાર ધકેલ્યો."

૨

બીજા દિવસની સાંજે જમીદારે ડોસાને પડીકું પાછું આપ્યું.

દિવસની મોરમોરમાં કલ્યાણ.ડોસો રાજપરા પહોંચ્યો. નદી કાંઠે ચિતા બળી રહી હતી. ડોસો પાસે આવ્યો. અગમ ભવિષ્યને ભાળ્યો. ડોસાના ધણુ મરી ગયા. રામજી ગયો. "જપ્તીદાર તારું નખ્ખોદ જજો." ડોસાએ પોક મૂકી. એનું રૂદન ભયંકર હતું. આખર ઘેર પહોંચ્યા. જુવાન રંડવાળ વહુ જોઇ.

"બાપા! તમારા દિકરાએ મરતી વખત સુધી તમને સંભાર્યા. તોયે ન આવ્યા." વહુએ કહ્યું.

"વહુ! હવે બાપ! સારું ઘર શોધી લ્યો." રૂંધાતે અવાજે ડોસો માંડ બોલ્યો.

૩

"દિકરા દિકરા!" કરતાં ડોસો ગામના પત્થરા ભાંગવા લાગ્યો. ગામનાં લોક એની આ સ્થિતિ જોઇને દુઃખી થતાં. જેને ત્યાં લોકો વાતો કરે એટલો પાક ઉતરતો તે આજ રસ્તાનો ભિખારી થયો! જેને ત્યાં મ્હેમાનોનો હરદમ પડાવ રહેતો તે આજ રોટલાના ટુકડા માટે શેરીએ શેરીએ ભટકવા લાગ્યો!

એ વાતને પણ વર્ષ પુરું થયું. ડોસો જ્યાં ત્યાં ચીથરેહાલ ભમતો. ગામના બાળકો ડોસાને માથે ચીથરાં મૂકતાં ને ખીજવતાં, "ડોસા! તારો રામજી આવ્યો." "હેં! મારો રામજી આવ્યો! ક્યાં? સારો છે ને?" ઘડીમાં જાણે રામજી તેની પાસે હોય એમ આની ખડખડાટ હસી લેતા.

કોઈ બગાડને-બાળે તો તેનાં પૂતળાં મરડતો: મોઢેથી ફયફારા કરતો: જાણે ખેતરમાં હજી ચણાની રખો ન હોય! મધરાતે ભૂત જેવા ભમતો: ભજનીયાં લલકારતો.

૪

ડોસાની આ હાલત લોકને ભારે પડી. એકવાર કોઈના ઘરમાં પેઠો એટલે ઘરધણીએ ડોસાને સારી પેઠે માર્યો. બીકમાં ડોસો વતન છોડી નાસી ગયો.

તે રાજપુરની શાકમારકીટને નાકે આવી ઉભો ત્યાં છોટાલાલભાઈ જમીદાર, પટાવાળા સાથે શાક લેવા આવ્યા હતા. તેનો પુત્ર દુર્ગાપ્રસાદ પણ સાથે હતો. જમીદાર સાહેબને સારૂં સમજાવવા કાછીયાઓ શાક લઈ દુકાનપરથી નીચે આવતા. સાગ ફેંટા રાખે આંખ મીંચી સાહેબની ઝોળી ભરતા. કલ્યાણ કુદીને જમીદાર પાસે આવ્યો ને દુર્ગાને જોઈ પડયો: "અરે! મારા રામજી!"

દુર્ગાને થયું કે ઝાડ વગર્યું. છોટાલાલે ડોસાને પીટાવ્યો. હદય થરથરી ગયું. મહામહેનતે દુર્ગાને છોડાવ્યો.

દુર્ગાનાં રતાશુઓ ઢીલાં પડી ગયાં: તેને કમ્પારી આવી ગઈ. લથડતે પગે ઘેર આવ્યો ને ખાટલા પર ફસકાઈ પડયો

બપોરે મોટી માએ નજર બાંધી. નજર સખ્ત ચોંટી ગઈ. ગંગાડોસીનો વ્હેમ સજ્જડ થયો. "જરૂર માડી! છોકરાને તો ભરખી લીધો છે. નહિતર કાંઈ આમ ઝલાઈ જાય? સાજો સારો સવારે મારા છોટા સાથે શાક લેવા ગયો. ને ઘેર આવી ઉંધમૂધ પડયો. જો તો મોઢું તો કાળું શાહી જેવું થઈ ગયું છે." ને ડોસીમાએ બાધાઓ રાખવા માંડી.

સાંજના ડૉકટર આવ્યા. દવા આપી. દુર્ગો બેભાન થઈ ગયો હતો. વારે વારે તે લવતો હતો. "એ બાપા! ડોસો આવ્યો! મને લઈ જાય છે એ...મને છોડાવો."

છોટાલાલનાં ગાત્ર ઢીલાં પડી ગયાં. કલ્યાણ તેની નજર સામે દેખાતો હતો. તે આજીજી કરતો હતો: "બાપુ! જવા દો. દિકરો ઘેર માંદો છે." એવામાં ડોસો જાતેજ તેમના ઘર પાસે નીકળ્યો. તેની બુમોથી દુર્ગાને ચમક થઈ. તે પણ બુમો પાડવા લાગ્યો. ખાટલામાંથી

ઉભો થઇ નાસવા લાગ્યો. ઘરનાં બધાં માણસોએ તેને મહામહેનતે સુવારી દીધો.

રાત્રે ડૉક્ટરને ફરી વખત બોલાવ્યા. સન્નિપાતનો તેણે અભિપ્રાય આપ્યો. પછી છોટાલાલને કાનમાં કહ્યું: "કેસ ખરાબ છે. સંભાળજો." છોટાલાલની આંખમાંથી આંસુ ટપક્યાં. હજી ફુમેને ગઇ સાલજ પરણાવ્યો હતો એ યાદ આવ્યું: જીવતર ધૂળમાં મળતું લાગ્યું.

૫

સવારના ચાર થયા ત્યાંજ છોટાલાલના ઘરમાં રડારોળ થઇ રહી. જુવાન દિકરો, દાદી બેઠાં હતાં ને, રામશરણ થયો. ભડભડ કરતો જુવાન બળવા લાગ્યો. છોટાલાલ ચ્યારધાર આંસુએ રડતા હતા અને ત્યાં કલ્યાણ ડોસો ચિતાથી થોડે દૂર રહી નૃત્ય કરી રહ્યો હતો! એનાં કૃશ અંગોમાં નવું ચેતન પુરાયું હતું. છોટાલાલથી આ જોયું ન ગયું. તેમને ડોસાનું હાસ્ય ભયંકર લાગ્યું. ડાઘુઓ રાખ સમેટી નદીએ નાહી ગામ ભેગા થયા. ડોસાએ ચિતાભસ્મ શરીરે ચોળી, કાળના ભાગનો લાડવો ખાધો. ચિતા પાસે મૂકેલી માટલીના ભાંગેલા ટુકડામાથી પાણી પીધું ને હાશ કરી એ ઉભો થયો. તેનો બીહામણો દેહ વધારે ભયંકર લાગવા માંડયો હતો.

કહે છે કે પછી કલ્યાણ ડોસાને કોઇએ જોયો નથી.

કાન્તિ મ. જોશી



આંસુનું મૂલ

સનમનો હું સેવક છું.

ફરતાં ફરતાં એની ઝુંપડીએ આવ્યો.

પરોઢની સુંદરતા જોઇ તે મલકાતી બોલી: "જો ને; ફક્ત ઝાકળનાં થોડાં બિન્દુ માટે નિશાએ મૂલ્ય કર્યું."

"પરંતુ સનમ, હું તો તારા એકજ આંસુ સાટે જીવવું છોડી દેવા તત્પર છું."

રમણલાલ નાગરવાડિયા

........ને

પ્રિય ! તને હું અન્ય કેમ સંબોધું ? મુજ જીવનની અનેક પળો તારા સુવાસભર્યા સહચારમાં વીતિ છે. સૂર્યદેવનો પ્રચંડ તાપ ને ચંદ્રરાજની શીતલ ચંદ્રિકાઃ મારા સહવાસમાં બન્નેને સાવ સરખાં ગણી તેં મારાથી વિખૂટાં થવાની વાંચ્છા નથી જણાવી.

જંગલ કે પહાડ, શહેર કે ખેતર, સુંવાળી સડક કે ખાડાભર્યો ટેકરોઃ હું જ્યાં ભટકું ત્યાં, તદ્દન મૌન રહી, તેં મારી અવિરામ સેવા સાધી છે. મારે બાગ્યે સોઢીથી તરબોળાવાનું હોય એવે ટાણે પણ તેં, ટાલરૂપ લક્ષ, વિધિનાં સખ્યાં ઉંસટાવ્યાં છે. ઓ પ્રેમલ!

પણ હું કેવો નિષ્ઠુર ?! બેકદર હું તને અનેક વેળ ત્યાગું છું ! સ્વાર્થાંધ બની, ગૃહમંદિર કે દેવમંદિર આવે કે, તને તરછોડી દોડી જવામાં હું પુણ્ય માનું છું !

ને તોય ઓ દયાળુ ! ભોળા આત્મા ! જાણે એ તારે વાંકે બન્યું હોય એમ હામ ખોઇ, હું તને તરછોડું ત્યાંને ત્યાં, શરમથી નીચા નમેલ વદને, એક બ્રહ્મત્યાગી પેઠે, તું પડી રહે છે.

ને આવા વિનક પછીય જ્યારે હું પાછો આવું ત્યારે બીની આંખે, પગે પડી, તું મારી માફી ચાહે છે. ઓ ચંપલ !

ત્ર્યંબક દવે

આશા

શું તે એટલી બધી મૃદુ છે?

ત્હેની કોમળ અંગુલી જ્યારે વીણાના તાર ઉપર સરતી ત્યારે ત્હેની સ્નેહભીની આંખો ત્હેના તરફ ઢળતી. તે દૂર હોવાથી જ્યારે તે પાસે જવા પ્રયત્ન કરતો ત્યાં તેનો અંતરાત્મા સદા પ્રશ્ન કરતો.

શું તે એટલી બધી સુંદર છે!

તેના મીઠા કંઠમાંથી જ્યારે દૈવી સંગીત રેડાતું ત્યારે ત્હેની આશાના તંતુ ઝણઝણી ઉઠતા. તે મીઠા સ્વરની મોહકતા ત્હેને દિગંતના ભણકાર સુણાવતી.

શું તે એટલી બધી મોહક છે!

શિશિરનાં વ્હાણાં વાયાં હતાં. નદીનું ખળખળતું નીર ત્હેનામાં અમૃતના ફુવારા સીંચતું. 'પણ ત્હેને ત્હેની મૃદુ, સુંદર, મોહક આશાદેવી દેખાતી નથી......

પણ ત્યાં એ વીણાધારિણી ત્હેની સમીપ આવતી હોય એમ ત્હેને લાગ્યું. ત્હેને નિરખવામાં એ મુગ્ધ હતો: ત્હેના જીવનની એ અણમૂલ પળ હતી.

એ પાસે આવી. એ સ્વર્ગની ગાંધર્વકન્યા નહિં પણ મર્ત્યલોકની કોડભરી કુમારિકા હતી!

ને તોય હવે કોઇ ત્હેને ન પૂછશો કે તે કોણ હતી?—કેવી હતી? જે ને જોવી તે ત્હેના જીવનની ભરતીઓટ ઓળંગનારી અનુપમ નૌકા નીવડી છે.

ભારતી મહેતા

વિકટ પંથ

ત્હારો કેમ ન પંથ જણાય ?
વિભુ ! મ્હારે નયને તિમિર છવાય !
ત્હારો કેમ ન પંથ જણાય ?

વીણા મ્હારી બની ખોખરી,
તુટી એકે એક તાર જાય !
ધીરજ તો હવે ખૂટી ગઇ,

મ્હારૂં આયુષ્ય પૂરૂં થાય !
છતાં ત્હારી લેશ કૃપા ન જણાય !
રે ! દુઃખ કેમ ખમ્યું આ જાય ?

ગાન ગાવા હું મથી રહું,
મ્હારો કંઠ રૂંધાઈ જાય!
વ્યાકુલ થઈને રડી પડું,
મ્હારો દેહ ભૂમિ પછડાય!
જ્વાલા રોમે રોમે પ્રકટાય!
પ્રભુ! ત્હારે હૈયે ન કાં કૈં થાય?

ભૂલ્યો, ભવાટવીમાં ફર્યો,
ત્હારી હુંફાળી છોડીને છાંય!
હવે શકું નહિ નીકળી,
હાય! કો ન કરે મ્હારી સાહ્ય!
આજે અંતર મ્હારૂં મુંઝાય,
હવે મ્હારો આશાનો અગ્નિ બુઝાય!

મુજ અશ્રુ તણી લે તું અંજલી,
મ્હારો દેહ તું માટે પુષ્પ!
કુંકુમ લે મ્હારા રક્તનું,
મ્હારૂં અર્ઘ્ય ત્હેને એ અનુપ!
મ્હારી ચિતા બને તુજ ધૂપ!
બીજું કહે શું ધરાવું, ઓ ભૂપ?

ત્હારો કેમ ન પંથ જણાય?
વિભુ! મ્હારે લોચન આંસુ ભરાય!
ત્હારો કેમ ન પંથ જણાય?

મોહનલાલ મણિલાલ શેઠ

સાહિત્ય ઉત્તેજક સમાજ

૧: ૧: ૨૧ થી ૩૧: ૧૨: ૨૫ નું નિવેદન

આ નિવેદન રજુ કરતાં પહેલાં એક ખુલાસો કરવાની જરૂર છે. તે એ કે તા. ૨૯-૧૧-૨૫ ના રોજની સામાન્યમંડળની બેઠકે પસાર કરેલા ઠરાવ અનુસાર સમાજનું વર્ષ તાઃ ૧-૧-૨૧ થી ગણવામાં આવેલું છે. આમ સમાજની તા. ૧-૧-૧૯૧૮ થી તે તા. ૩૧-૧૨-૨૦ સુધીની 'ધ સ્ટુડન્ટસ લાયબ્રેરી' તરીકેની કારકીર્દિ ગણત્રીમાં નથી લીધી. પરંતુ છેલ્લા ત્રણે વર્ષની રૂ. ૩૫૫-૮-૦ ની કુલ આવકમાંથી રૂ. ૨૪૯-૯-૦ નું કુલ ખર્ચ જતાં બાકી રહેલા રૂ. ૧૦૫-૧૫-૦ સરવૈયામા જમે બાજુએ શરૂઆતમાં જ બતાવવામાં આવ્યા છે. તેજ પ્રમાણે તે સમય દરમ્યાન ભેટ મળેલાં પુસ્તકોનો સમાવેશ આ નિવેદનમાં આવ્યો છે. આથી આપ સમજી શકશો કે સમાજ આજ પાંચ વર્ષ પૂરાં કરી છઠ્ઠામાં પ્રવેશ કરે છે. અને તે નિયમે આજના સ્નેહસંમેલનને અમે છઠ્ઠું સ્નેહસંમેલન ગણેલું છે.

પાંચ વર્ષના જીવન દરમિયાન સમાજે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરેલી:—

૧. વાંચનાલય
૨. પુસ્તકાલય
૩. વાદવિવાદ મંડળ
૪. હૃદયવીણા (હસ્તલિખિત માસિક)
૫. વક્તૃત્વ અને શીઘ્રવક્તૃત્વની હરીફાઇ
૬. હસ્તલિખિતમાં આવતા ઉત્તમ લેખો માટે ઇનામો આપવાના યોજના.
૭ સાહિત્યવિષયક જાહેર ભાષણો ગોઠવવાં.

આમાથી પહેલી ચાર પ્રવૃત્તિઓ ૧૯૨૧ થીજ હાથ ધરેલી જ્યારે છેલ્લી ત્રણનો વધારો ૧૯૨૪ થી કરવામાં આવેલો.

પહેલી ત્રણે પ્રવૃત્તિઓનો વિગતવાર હેવાલ પરિશિષ્ટ ૧, ૨ અને ૩ માં આપેલો છે.

૧૯૨૪ ના જુન માસમાં થયેલી વક્તૃત્વ હરીફાઇમાં એકંદર બાર સભાસદોએ ભાગ લીધો હતો જેમાથી રૂ. ૭ નું પહેલું ઇનામ રા. વામનપ્રસાદ ગંગાપ્રસાદ દેસાઇને અને રૂ. ૫ નું બીજું ઇનામ રા. કાંતિલાલ માણેકલાલ ચોકશીને મળ્યું હતું.

૧૯૨૫ ના જુન માસમા થયેલી શીઘ્રવક્તૃત્વની હરીફાઇમાં એકંદર સત્તર ભાઇઓએ ભાગ લીધેલો: જેમાંથી રૂ. ૭ નું પહેલું ઇનામ રા. નવ-

નીતલાલ ચિમનલાલ ચોકસીને, રૂા. ૫ નું બીજું ઇનામ રા. યશવંત સવાઇલાલ પંડ્યાને અને રૂા. ૩ નું ત્રીજું ઇનામ રા. ચિનુભાઇ નારણભાઇ પરીખને મળ્યું હતું.

૧૯૨૫ ના નવેંબરમાં થયેલી વકતૃત્વ હરીફાઇમાં એકંદર અગીયાર સભાસદોએ ભાગ લીધેલો: જેમાંથી રૂા. ૭ નું પહેલું ઇનામ રા. મુકુંદરાય ચિમનલાલ પંડ્યાને અને રૂા. ૫ નું બીજું ઇનામ રા. કાંતિલાલ માણેકલાલ ચોકસીને મળ્યું હતું.

'હૃદયવીણા' માસિકની ૧૯૨૪–૨૫ ની ફાઇલમાંથી સમાજના સભાસદોના લેખોમાંથી નીચેના લેખકોને દરેક વર્ષ માટે બે, બે પ્રમાણે નીચેનાં ચાર ઇનામો મળ્યાં છે.

વર્ષ	ઇનામ	લેખક
૧૯૨૪	રૂા. ૧૦	રા. નવનીતલાલ ચીમનલાલ ચોકસી
	,, ૭	રા. મુકુંદરાય ચીમનલાલ પંડ્યા
૧૯૨૫	,, ૧૦	રા. નટવરલાલ ચીમનલાલ ચોકસી
	,, ૭	રા. મોહનલાલ પ્રાણલાલ મહેતા

જાહેર ભાષણોની યોજના અનુસાર રા. ફુલચંદ શાહે 'ઇતિહાસ અને સમાજ' એ વિષય ઉપર ૧૯૨૪ ના સપ્ટેંબરમાં રા. ડાહ્યાભાઇ લક્ષ્મણભાઇ પટેલના પ્રમુખપદ નીચે એક ભાષણ આપેલું.

સમાજનું વાર્ષિક લવાજમ રૂા. ૩ રાખેલું અને વર્ષના ત્રણ હપ્તા પાડી દરેક હપ્તાનો રૂા. ૧ એ પ્રમાણે એકઠું કરવામાં આવતું. આખા વર્ષનું લવાજમ એકી સાથે પણ સ્વીકારવામાં આવતું દરેક વર્ષના હિસાબાર સભાસદોની સંખ્યા પરિશિષ્ટ ૪ માં આપેલી છે. બરતરફ થયેલા સભાસદો ફી ન આપવાને કારણેજ બરતરફ થયેલા છે.

સમાજ માટે ફંડ ઉપસાવવામાં નિષ્ફળતા મળતાં 'શારદેવી' નામનો ખેલ ૧૯૨૧ માં લીધેલો જેમાંથી રૂા. ૬૫૨-૮-૦નો ચોકખો નફો કરેલો. આજ તેમાંથી રૂા. ૫૪૦-૧૦-૦ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયામાં જમે છે.

આ ઉપરાંત પાંચ વર્ષમાં થઇને એકંદર રૂા. ૯૫૯-૧૦-૦ ની ભેટ મળી છે. આમાંની ઘણી મોટી રકમ સમાજના સભાસદોએ આપી છે. સમાજના વાર્ષિક લવાજમ ઉપરાંત સભાસદોની આ ઉદાર મદદ માટે સમાજ તેમની આભારી છે. આણુસરીક આંકડા પરિશિષ્ટ ૫ માં આપેલા છે.

સમાજના સભાસદોમાંથી ૧૯૨૩માં રા. માણેકલાલ સાંકલચંદ હકર અને ૧૯૨૫માં રા. મોહનલાલ પ્રાણલાલ મહેતા વધુ અભ્યાસ માટે ઇગ્લાંડ જતાં સમાજના સભાસદોએ તેમને સહર્ષ વિદાય આપી હતી.

આ સમય દરમિયાન સંમાજે સર ગિરીજાપ્રસાદ જેવા યુવક પ્રમુખ ગુમાવેલા છે: જે ખોટ સમાજને આજ સુધી જણાતી આવી છે.

નીચે જણાવેલા સદ્‌ગૃહસ્થો અને સન્નારીના પ્રમુખપણા નીચે આજ સુધીનાં સ્નેહસંમેલન થયેલાં છે.

૧૯૨૧ ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ
૧૯૨૨ આ. અસુદમલ ટેકચંદ ગીડવાણી
૧૯૨૩ શ્રી. ન્હાનાલાલ દલપતરામ કવિ
૧૯૨૪ શ્રી. બળવંતરાય પરમોદરાય ઠાકોર
૧૯૨૫ સૌ. વિદ્યાગૌરી રમણભાઇ નીલકંઠ

અંતમાં સમાજને તન, મન અને ધનથી મદદ કરનાર સર્વે સદ્‌ગૃહસ્થો અને સભાસદોનો આભાર માનીએ છીએ. અમારી સંસ્થા પ્રત્યે તેમની આ સહાનુભૂતિનાં ઝરણ નિત્ય વહેતાં રહો એ આશા સાથે નિવેદન પૂરું કરીએ છીએ.

વર્ષવાર કાર્યવાહક મંડળો

૧૯૨૧

રા. ગિરીજાપ્રસાદ ચીનુભાઇ	પ્રમુખ
,, હર્ષદલાલ અમૃતલાલ રોધન	ઉપપ્રમુખ
,, ઇન્દ્રવદન નર્મદાશંકર મહેતા	મંત્રી
,, લાલભાઇ ચંદુલાલ વસા	કોષાધ્યક્ષ
,, સારાભાઇ મોહનલાલ દલાલ મંત્રી બા. વિ. મંડળ તંત્રી 'હૃદયવીણા'	
,, રામપ્રસાદ હરપાળ જેશ્વર	ગ્રંથપાલ
,, પુરૂષોત્તમ ભોગીલાલ શાહ	
,, પનાલાલ જમનાદાસ ઝવેરી	
,, મયાલાલ મણિલાલ તેલી	
,, રતિલાલ ચિમનલાલ શાહ	
,, છોટાલાલ છ. દવે	
,, રતિલાલ મણિલાલ દલાલ	
,, ઇશ્વરલાલ ચુનીલાલ કાપડિયા	
,, પ્રદ્યુમ્ન મગનલાલ મજમુંદાર	

૧૯૨૨

રા. ગિરીજાપ્રસાદ ચિનુભાઇ	પ્રમુખ
,, હર્ષદલાલ અમૃતલાલ રોધન	ઉપપ્રમુખ
,, રતિલાલ મણિલાલ દલાલ	મંત્રી
,, પનાલાલ જમનાદાસ ઝવેરી	કોષાધ્યક્ષ

,, રામપ્રસાદ હરપાલ જેઠર — મંત્રી. વા. નિ. મં: તંત્રી 'હૃદયવીણા'
,, ચંદુલાલ વસંતરાય પંડયા — ગ્રંથપાલ
,, રતિલાલ ચિમનલાલ શાહ
,, મથાભાઇ મણિલાલ તેલી
,, ઇશ્વરલાલ ચુનીલાલ કાપડિયા
,, હરિશ્ચંદ્ર ચુનીલાલ બ્હેરાવાળા
,, રમણલાલ જેઠાલાલ પટેલ
,, પ્રાણલાલ હરિશંકર રાવળ
,, અનિલમોહનરાય રામમોહનરાય દેસાઇ
,, ભાસ્કરરાવ છ. ભેડેરે

૧૯૨૩

રા. ગિરીજાપ્રસાદ ચિનુભાઇ	પ્રમુખ
,, હર્ષદલાલ અમૃતલાલ શોધન	ઉપપ્રમુખ
,, રવિલાલ કચરાભાઇ પરીખ	મંત્રી
,, પનાલાલ જમનાદાસ ઝવેરી	કોષાધ્યક્ષ
,, સુબોધચંદ્ર શંકરરાય સઢીવટ	ગ્રંથપાલ
,, બાબુરાવ ચુનીલાલ શાહ	મંત્રી વા. વિ. મં: તંત્રી 'હૃદયવીણા'
,, રવિલાલ મણિલાલ દલાલ	
,, હરિકૃષ્ણ પાર્વતીશંકર ભટ્ટ	
,, નટવરલાલ ચિમનલાલ ચોકસી	
,, ચિનુભાઇ નારણભાઇ પરીખ	
,, લાલમોહન પરમોદરાય મુનશી	
,, ચંદુલાલ વસંતરાય પંડયા	
,, કિરીટકાન્ત માધુભાઇ દિવેટિયા	
,, રામપ્રસાદ હરપાળ જેઠર	

૧૯૨૪

રા. ગિરીજાપ્રસાદ ચિનુભાઇ	પ્રમુખ (તા. ૧-૧-૨૪ થી ૨૩-૩-૨૪ સુધી)
,, હર્ષદલાલ અમૃતલાલ શોધન	ઉપપ્રમુખ (તા. ૧-૧-૨૪ થી ૨૩-૩-૨૪ સુધી)
	કા. પ. પ્રમુખ (તા. ૨૩-૩-૨૪ થી ૧૪-૧૦-૨૪ સુધી)
	ઉપપ્રમુખ (તા. ૧૪ ૧૦-૨૪ થી ૩૧-૧૨-૨૪ સુધી)

રા. વિનાયકરાવ શિવપ્રસાદ ત્રિવેદી — પ્રમુખ (તા. ૧૪-૧૦-૨૪ થી ૩૧-૧૨-૨૪ સુધી)
" રતિલાલ કચરાભાઇ પરીખ — મંત્રી
" મોહનલાલ મણિલાલ શેઠ — મંત્રી. વા. વિ. મં. (તા. ૩૧-૧૨-૨૪ સુધી)
" પનાલાલ જમનાદાસ ઝવેરી — કોષાધ્યક્ષ
" ચકુંતરાય રામમોહનરાય દેસાઇ — તંત્રી 'હૃદયવીણા'
" રામપ્રસાદ હરપાળ જોશ્વર — ગ્રંથપાલ
" રતિલાલ મણિલાલ દલાલ
" અનંતરાય અર્જુનલાલ પંડિત
" લાલમોહન પરમોદરાય મુનશી
" હીરીટકાન્ત માધુભાઇ દિવેટિયા
" સુબોધચંદ્ર શંકરરાય સહીયર
" પ્રદ્યુમ્ન મગનલાલ મઝમુદાર
" ઇશ્વરલાલ ચુનીલાલ કાપડિયા
" વૈકુંઠલાલ ગોરધનદાસ પટેલ

૧૯૨૫

રા. વિનાયકરાવ શિવપ્રસાદ ત્રિવેદી — પ્રમુખ
" દર્શનલાલ અમૃતલાલ શોધન — ઉપપ્રમુખ
" કાંતિલાલ માણેકલાલ ચોકસી — મંત્રી
" રામપ્રસાદ હરપાળ જોશ્વર — મંત્રી વા. વિ. મં.
" મોહનલાલ મણિલાલ શેઠ — તંત્રી 'હૃદયવીણા'
" મુકુંદરાય ચિમનલાલ પંડયા — ગ્રંથપાલ
" રતિલાલ મણિલાલ દલાલ
" ઇશ્વરલાલ ચુનીલાલ કાપડિયા
" ચિનુભાઇ નારણભાઇ પરીખ
" ચરણદાસ હરીદાસ પરીખ
" વૈકુંઠલાલ ગોરધનદાસ પટેલ
" જયેંદ્ર ગીરધરલાલ શાખીયા

પરિશિષ્ટ ૧

વાંચનાલયમાં આવતાં પત્રો

વર્ષ	દૈનિક	અઠવાડિક	પખવાડિક	માસિક ઈ.	કુલ
૧૯૨૧	૨	૮	×	૭	૧૭
૧૯૨૨	૨	૭	૧	૧૦	૨૦
૧૯૨૩	૪	૧૧	૧	૧૨	૨૮
૧૯૨૪	૬	૧૦	૨	૧૬	૩૪
૧૯૨૫	૬	૧૦	×	૧૦	૨૬

ભેટ મળેલાં પુસ્તકો

નામ	સંખ્યા
રા. ઇશ્વરલાલ ચુનીલાલ કાપડિયા	૧૦૧
,, રતિલાલ ચિમનલાલ શાહ	૬૬
,, રામપ્રસાદ ઠ. ઝેવર	૫૩
,, રમણલાલ જેઠાલાલ પટેલ	૪૦
,, નવનીતલાલ ચીમનલાલ ચોકશી	૩૬
,, મુકુંદરાય ચિમનલાલ પંડયા	૩૬
,, સુબોધચંદ્ર શંકરરાય સહીયર	૩૫
,, હીરાલાલ મણિલાલ સ્વામિનારાયણ	૩૦
,, માણેકલાલ સાંકળચંદ ઠક્કર	૨૬
,, પ્રફુલ્લવદન લીનકરરાય સૈયદ	૨૫
,, રતિલાલ ગોરધનદાસ ચોકશી	૨૫
,, પુરૂષોત્તમ છોટાલાલ દુધીયા	૨૪
,, સિંધુવિહારી પરમોદરાય દિવેટિયા	૨૧
,, ડૉ. અલોવ્યાસીસ	૨૦
,, નર્મદાશંકર બાપાલાલ ભટ્ટ	૨૦
,, કાંતિલાલ માણેકલાલ ચોકશી	૧૯
,, કાંતિલાલ ભોગીલાલ પરીખ	૧૮
,, સાકરલાલ નારણભાઇ શેઠ	૧૬
,, પનાલાલ જમનાદાસ ઝવેરી	૧૫
,, શંકરપ્રસાદ મૂળશંકર ત્રિવેદિ	૧૫
,, રતિલાલ મણિલાલ દલાલ	૧૪
,, પુરૂષોત્તમ ભોગીલાલ શાહ	૧૩
,, ન્હાનાલાલ દલપતરામ કવિ	૧૨
,, સી. એચ મશરૂવાળા	૧૦
,, મગનલાલ એમ. ધોળકીયા	૧૦
,, જનાર્દન. ડી. પંડયા	૧૦
ઉપરાંત	૧૬૪
સાહિત્ય ઉત્તેજક સમાજે ખરીદેલી	૧૦૩
	કુલ ૯૭૭

પરિશિષ્ટ ૩

વાદવિવાદ મંડળની બેઠકો

તારીખ	વિષય	પ્રમુખ	વિવેચક
૧—૫-૨૧	ફરજ	રા. સિંધુવિહારી દ્વિવેદિયા	રા. પુરુષોત્તમ શાહ
૮—૫-૨૧	કેળવણી	,, રામપ્રસાદ જેશ્વર	,, નવનીતલાલ ચોકશી
૧૫—૫-૨૧	દેશાટન	,, નવનીતલાલ ચોકશી	,, રામપ્રસાદ જેશ્વર
૨૨—૫-૨૧	જીવન	,, ડાહ્યાભાઇ પટેલ	,, પુરુષોત્તમ શાહ
૪-૧૧-૨૧	હિંદી સુધારા	,, વિનાયકરાવ ત્રિવેદી	,, નવનીતલાલ ચોકશી.
૧૩-૧૧-૨૧	એકાંત	,, સિંધુવિહારી દ્વિવેદિયા	,, ઇંદ્રવદન મહેતા
૧—૫-૨૨	સ્વદેશી	,, વિનાયકરાવ ત્રિવેદી	,, નવનીતલાલ ચોકશી.
૩૧-૧૦-૨૨	અવિભક્ત કુટુંબ	,, શંકરરાય સહીયદ	,, રતિલાલ પરીખ
૫-૧૧-૨૨	રાષ્ટ્રિય કેળવણી	,, હરિપ્રસાદ દેસાઇ	,, રતિલાલ દલાલ
૨૨-૧૧-૨૨	સ્રીહક	,, માણેકલાલ ઠક્કર	,, નટવરલાલ ચોકશી
૧૯-૧૧-૨૨	ખાદી	,, સારાભાઇ દલાલ	,, ચિનુભાઇ પરીખ
૨૬-૧૧-૨૨	અસહકાર	,, વિજયશંકર મુનશી	,, સારાભાઇ દલાલ
૩-૧૨-૨૨	ચારિત્ર્ય	,, સી. જે. કોઠારી	,, ચંદુલાલ મહેતા
૧૦-૧૨-૨૨	કર્તવ્ય	,, ચંદુલાલ પંડયા	,, સી. જે. કોઠારી
૧—૭-૨૩	આપણી પડતી	,, વિનાયકરાવ ત્રિવેદી	,, રામપ્રસાદ જેશ્વર
૮—૭-૨૩	આદર્શ ગૃહિણી	,, અનુપતરામ ભટ્ટ	,, નારણદાસ ઠક્કર
૧૫—૭-૨૩	જ્ઞાતિ કે વર્ણ?	,, નાનાલાલ ઠાકોર	,, ચંદુલાલ પંડયા
૧૯—૭-૨૩	શાસન પદ્ધતિ	,, રામપ્રસાદ જેશ્વર	,, નારણદાસ ઠક્કર
૧૨—૮-૨૩	મોગમ વિ૦	,, રમણલાલ શાહ	,, નટવરલાલ ચોકશી

પરિશિષ્ટ ૪

હસાવાર સભાસદોની સંખ્યા

વર્ષ	પહેલો હપ્તો	બીજો હપ્તો	ત્રીજો હપ્તો	બરતરફ	વર્ષ આખરે
૧૯૨૧	૨૮	૪૩	૪૮	૦	૪૮
૧૯૨૨	૪૬	૪૫	૫૬	૨	૫૮
૧૯૨૩	૭૩	૭૬	૮૪	૪	૮૮
૧૯૨૪	૯૨	૯૭	૧૧૪	૧૫	૧૨૯
૧૯૨૫	૯૪	૯૭	૧૦૬	૨૭	૧૩૩

પરિશિષ્ટ ૫

ભેટ મળેલી રકમ

રૂ. ૨૨૫—૮-૦	રા. હર્ષદલાલ અમૃતલાલ ચોપન
૫૧—૮-૦	રા. પુરૂષોત્તમ છોટાલાલ દુધીયા
૫૧—૧-૦	રા. ઇંદ્રપ્રસાદ શિવપ્રસાદ ત્રિવેદી
૫૧—૦-૦	રા. ગિરીજાપ્રસાદ ચિનુભાઇ
૪૦—૩-૦	રા. નવનીતલાલ ચીમનલાલ ચોકશી
૩૬-૧૨-૦	રા. રતિલાલ ચીમનલાલ શાહ
૩૫—૦-૦	રા. વૈકુંઠલાલ ગોરધનદાસ પટેલ
૨૮-૧૦-૦	રા. શીતકરરાય અચરતલાલ સૈયદ
૨૫—૦-૦	રા. વિનાયકરાવ શિવપ્રસાદ ત્રિવેદી
૨૨-૧૩-૦	રા. હરિશ્ચંદ્ર ચુનીલાલ મ્હેરામાળી
૨૨—૦-૦	રા. નટવરલાલ અચરતલાલ પરીખ
૨૧-૧૨-૦	રા. પનાલાલ જમનાદાસ ઝવેરી
૨૧—૦-૦	રા. જેઠાલાલ ભાવનગરી
૨૦—૨-૦	રા. હરિકૃષ્ણ પાર્વતીશંકર ભટ્ટ
૨૦—૦-૦	રા. માણેકલાલ સાંકળચંદ ઠક્કર
૧૮—૦-૦	રા. ચિનુભાઇ નારણભાઇ પરીખ
૧૭—૪-૦	રા. સુબોધચંદ્ર શંકરરાય સદ્દીયક
૧૬—૦-૦	રા. ચંદુલાલ વાડિલાલ શાહ
૧૫—૦-૦	રા. રતિલાલ કચરાભાઇ પરીખ
૧૩-૧૧-૦	રા. પ્રદ્યુમ્ન મગનલાલ મઝમુંદાર
૧૩—૦-૦	રા. કાંતિલાલ ભોગીલાલ પરીખ
૧૩—૦-૦	રા. નરેંદ્ર શ્રીમંતરાય વસાવડા
૧૨-૧૨-૦	રા. એન. ટી. દિક્ષિત
૧૧-૧૪-૦	રા. જમનાદાસ મોરારજી
૧૧-૧૨-૦	રા. ઇશ્વરલાલ ચુનીલાલ કાપડિયા
૧૧—૮-૦	રા. કુમુદચંદ્ર મથુરાદાસ પરીખ
૧૧—૧-૦	રા. રતિલાલ મણિલાલ દલાલ
૧૧—૦-૦	રા. લાલભાઇ ચંદુલાલ વસા
૧૧—૦-૦	રા. કાંતિલાલ માણેકલાલ ચોકશી
૧૦—૦-૦	રા. હરિશ્ચંદ્ર મંગળપ્રસાદ શ્રોફ
૮—૨-૦	રા. પંડિત શંકરપ્રસાદ મિશ્ર
૭—૦-૦	રા. સાકરલાલ નારણભાઇ શેઠ

રૂ૫૬૭

૬—૯—૦ રા. મદ્યોતકુમાર ભોગીન્દ્રરાવ દિવેટિયા
૫—૦—૦ રા. રતનલાલ હરીલાલ બાડિવાળા
૫—૦—૦ રા. બાલભટ્ટ વલ્લભભટ્ટ કુડીયા
૫—૦—૦ રા. મુકુંદરાય ચિમનલાલ પંડ્યા
૫—૦—૦ રા. સી. મણિલાલ એન્ડ કું.
૫—૦—૦ રા. સનાતન લક્ષ્મીપ્રસાદ મેઢ
૫—૦—૦ રા. ચરણદાસ હરીદાસ પરીખ
૫—૦—૦ રા. કાંતિલાલ ચિમનલાલ શાહ
૫—૦—૦ રા. મોતીલાલ મોહનલાલ પરીખ
૫—૦—૦ રા. રસિકલાલ ચિમનલાલ નગરી
૩-૧૦-૦ રા. પ્રબુધવદન લીનકરરાય સૈયદ
૩—૪—૦ રા. ગિરીજાશંકર અંબાશંકર ત્રિવેદી
૩—૦—૦ રા. શંકરપ્રસાદ મૂળશંકર ત્રિવેદી
૨—૯—૦ રા. નરહરિ રણછોડદાસ શાહ
૨—૨—૦ રા. બાબુલાલ એસ. પટેલ
૨—૦—૦ રા. ભાસ્કરરાવ છ. બેહેરે
૨—૦—૦ રા. રમણલાલ જેઠાલાલ પટેલ
૧—૦—૦ રા. લાલમોહન પરમોદરાય મુનશી
૧—૦—૦ રા. ઇંદુવદન નર્મદાશંકર મહેતા
૧—૦—૦ રા. રામપ્રસાદ. ઢ. જેઠર
૧—૦—૦ રા. નટવરલાલ પાનાચંદ સંઘવી
૧—૦—૦ રા. છગનલાલ ભવાનીશંકર
૧—૦—૦ રા. બેચરલાલ ડાભી
૦—૮—૦ રા. સારાભાઈ ગોરધનદાસ ચોકશી

૬૫૯-૧૦-૦

૧-૧-૧૯૨૫ થી ૩૧-૧૨-૨૫ સુધીનું સરવૈયું

જ		ઉ	
૧૦૫-૧૫-૦	પુરાંત જમુરે	૧૦૬— ૨-૦	વાર્સિકોત્સવ
૧૨૦૬—૦-૦	ફી	૬૩૦—૬-૦	મકાનભાડું તથા લાઇટના
૯૫૯-૧૦-૦	ભેટ	૧૯૩—૦-૦	પગાર
૯૫૨—૮-૦	કાયમ ફંડ ખાતે નાટકનો નફો	૫૩—૯-૦	ટેક્ષ તથા બોણી
૧૧૫—૬-૦	વ્યાજ	૫૯૭—૮-૦	લવાજમ
૫૯—૦-૦	કાગળોનું વેચાણ	૨૧૫—૧-૬	નવાં પુસ્તકોની ખરીદી
૫૦—૦-૦	જુના ફર્નીચરનું વેચાણ	૨૪૯—૨-૦	ફર્નીચર
૫—૦-૦	હરીફાઇની ફી	૧૭૩—૦-૦	સ્ટેશનરી
		૭૦-૧૨-૦	બંધામણી
		૩૮-૧૩-૦	ટપાલ
		૭૩—૦-૦	હરીફાઇનાં ઇનામો
		૩-૧૨-૦	ભાષણોની યોજના
		૬૪-૧૧-૬	પરચુરણ
		૫૪૦-૧૦-૦	મેસર્સ પનાલાલ જમનાદાસ ઝવેરી તથા રતિલાલ કચરાભાઇ પરીખ ખાતે ઉધાર. સમાજ વતી સેંટ્રલ બેંકમાં વ્યાજે મૂકેલા તે
		૨૪૦—૦-૦	પુરાંત બાકી
૩૪૫૩—૭-૦		૩૪૫૩—૭-૦	

તૈયાર કરનાર:
રામપ્રસાદ હરપાળ ત્રેઝરર

પ્રકાશક:
કાંતિલાલ માણેકલાલ ચોકસી

વિનાયકરાવ શિવપ્રસાદ ત્રિવેદી
પ્રમુખ

તંત્રીના ચશ્માંમાંથી

ભારેખમ શબ્દોમાં કહીએ તો આપણા દરિદ્ર સાહિત્યને તરંગરતાનો પંથ દાખવી અધિકારી એની સેવા સાધવા ને ચોકખાચટ શબ્દોમાં કહી નાંખીએ તો અનેક છે એમાં એકનો ઉમેરો કરવા "વીણા" જન્મ લે છે. ૭–૮ વર્ષથી, પાઇપૈસો એમ, રકમ એકઠી કરતી આવેલી સાહિત્ય ઉત્તેજક સમાજને એ રકમ ધીરવાનો વધુ નિઃસ્વાર્થ ને વિશેષ આપજોગી બીજો કયો માર્ગ જડત ?

"વીણા" જન્માવવાનું સમાજે બહુ મોડું નહીં કર્યું. આથી લેખકોને અઠવાડિયા જેટલી મુદતમાં જ કંઇને કંઇ બીડવાનાં નિમંત્રણ મોકલાયાં. દેખીતી રીતે આ માગણી માત્ર હસવા જેવી નહિ પણ બોજારૂપ લાગી. પરીણામે એવા એવાને આમંત્રણ મોકલ્યાં કે જેને બોજારૂપ થવાનો અમને એક યા અનેક રીતે હક હોય. આવા અણીના પ્રસંગે જેની જેની સહાયતા મળી છે એ સૌનો આભાર અહિં કાગળપર કબુલીએ છીએ.

આટલું લખાયું ત્યાં અંકનાં છુટાં ફરફરિયાં ને પૂંઠું જોઇ એક રસિક સાહિત્યકલાપ્રિય મિત્ર વગર માગ્યું પ્રમાણપત્ર આપે છે કે અંક દેખાય છે તો ફક્કડ: વળી ચિત્રો પણ ખૂબ છે. ચિત્રો એટલે તો Head and tail pieces–મથાળાં ને નીચાળાં: વળી અંકની ફક્કડતા એટલે એનું પૂંઠું વિ. આ બન્નેનાં અભિનંદનો અમારા ખાતે જમા ન કરતાં, 'કુમાર' કાર્યાલય ખાતે અમારા નામે ઉધારવા આવા સૌ ચિંતકોને વિનતિ છે.

*

સા૦ ઉ૦ સમાજના સભ્ય રા. મોહનલાલ પ્રાણલાલ મહેતાના એક પત્રમાંથી જે ઉતારો આ અંકમાં લેવામાં આવ્યો છે તે પત્ર સાચો છે એટલી ખાત્રિ આપવાનું ઉચિત લાગે છે. એટલું ખરૂં કે એ, ડૉ. કાંતિલાલ પંડ્યા વિ. ના 'સમાલોચક'માં પ્રસિદ્ધ થએલા પત્રોની જેમ અપ્રસિદ્ધિના હેતુથી નહિ પણ, પ્રસિદ્ધિના હેતુથી જ લખાયો હતો.

*

૨૮. રવિશંકર પંડિતના 'બહારવટીઆ' ચિત્રનો પરિચય રા. રવિશંકર રાવળે લખી આપ્યો છે તે સાભાર સાનંદ ટપકાવીએ છીએ:

"ભાઈ રવિશંકર પંડિતનું આ ચિત્ર તેમની કળાની એક-લાક્ષણિક કૃતિ છે. એ ચિત્રમાં દૃષ્ટિ સામે એક વાર્તાનો પ્રસંગ બની રહે છે. કોઈ રજપુત કન્યા સાસરવાસે જવા નીકળેલી તે કમનસીબે બહારવટીઆને હાથ પડી છે. તેની સાથના વળાવીઆઓ વેલડું આગળ ચલાવી બહારવટીઆ જોડે સામનો કર્યો પણ એકેએક ખપી ગયા અને બહારવટીઆ નાસતા વેલડાની પાછળ પડી પહોંચી વળ્યા છે. હાંકનાર બીચારો એક જ પાનો સાથી થઈ જશે અને અનાથ કન્યા બહારવટીઆને હાથે ચડશે એ ચિંતા આપણને થાય છે. પરા બપોરે રણ જેવા વગડામાં કોણ તેની વ્હારે ધાય !

વેગે ધસી આવતા ઘોડા, ત્રાડ પાડતા આદમીઓ અને હાંપી રહેલા બળદો દૃશ્યમાં રમઝટનું વાતાવરણ રચે છે.

વેલડામાં કોણ બેઠું છે તે નીરખીને જોવાનો કોઈને અત્યારે અવકાશ ન જ હોય; પણ કોઈ નારીરત્ન આવા રંગબેરંગી વાહનમાં હશે જ એવી સહજ કલ્પના ધ્વનિત થાય છે. ચિત્રમાં વીરરસ હોવા છતાં અંત કરુણ જ લાગે છે.

ચિત્રરચના પાકી છે અને બહુ વિગતો ન મુકવામાં ચિત્રકારે ઔચિત્ય દાખવ્યું છે.

પ્રાણી ચિત્રણમાં ભાઈ રવિશંકર પંડિત ગુજરાતમાં—કદાચ મુંબાઈ ઇલાકામાં એક્કા ગણી શકાય. ના, એથી પણ આગળ—બંગાળના પ્રસિદ્ધ ચિત્રકાર નંદલાલ બસુએ તેમનાં ચિત્ર જોતાં કહ્યું કે ગુજરાતને એક પ્રાણી ચિત્રકાર મળ્યો છે, બંગાળમાં એકકે નથી. આ રીતે ભાઈ પંડિતનું સ્થાન સ્વાભાવિક અને ઉચ્ચ બને છે."

*

કાચું પૂંઠું અને પાકું પૂંઠું: પુસ્તકના આ બે પ્રકાર જાણીતા છે. સ્લેઝ અને રફ કાગળ એ બીજા બે પ્રકાર છે. આવા દંદ્વવિલાસમાં આજે "વીણા" ભાગ લે છે. એનાં બે પ્રકારનાં રૂપરંગ અનેકને ગુસ્સે કરશે: કારણ પૈસા આપ્યા છતાંય, અમુક વર્ગ સિવાય, ધાર્યા રૂપ-રંગવાળો અંક ગમે તે મેળવી શકે એમ નથી. પણ આ ગુસ્સો

અકારણું અસ્થાને છે. અત્યાર સુધી ચાલ્યા આવેલા લેખક તંત્રીના સંબંધમાંથી થોડાક સામાન્ય નમૂના જાણતાં એમને ખાત્રિ થશે કે અમે તેમને અન્યાય નથી, કરતા.

એ તો બધા કબૂલ કરશે કે લેખકો કંઇ પથરા નથી હોતા. તોય એમની સાથે એમ માની વર્તનાર તંત્રીવર્ગ હયાતી ધરાવે છે. વગરઆમંત્ર્યા લેભાગુ લેખકોને ઉત્તર ન આપવાની કે ટીકીટો પચાવી જવાની કારકીર્દિ મફત માફ કરીએ તો પણ જે લેખકનો જે અંકમાં લેખ છપાય એ અંક પણ ઉઘરાણી પછી જ મોકલાય એનું શું ? પૈસા આપવાના કબુલી ફસકી પડનાર પણ કયાં નથી ! છે. વળી ગુજરાત આખું જેની વાર્તાઓ પાછળ ઘેલું થયું હોય એવા લેખકને એક સચિત્ર માસિકના, વર્ષમાં ત્રણત્રણ લખાણો આપ્યા પછીય તે, માઠું થવું ઘટે એવો પ્રતિહાસ મોજૂદ છે. આવું આવું બનતું હોય ત્યાં પછી એકાદ બનાવ જરાક ઉલટો જ બનતો હોય તો એ ક્ષમ્ય નથી ? એમ માનીને કે એ એમ છે એટલે આટલો ભેદ પાડયો છે....ખોટું લગાડનાર માફ કરશે.

*

આ વાર્ષિક છે એટલે એનો બીજો અંક આવતે વર્ષે બહાર પડવા સંભવ છે. કંઇ કંઇ કારણે ને અકારણે—આ બીજા રોગ માટે તો એકાદ ઇન્જેક્શનની શોધ થવાની ખાસ જરૂર છે—આ વખતે કલમમદદ ન આપનારાં સૌને આવતી સાલ મદદવા આ નમ્ર નિવેદન છે.

*

ચસ્માનો નંબર ઓછો કે વધુ હોય તો એની જવાબદારી પહેરનાર જેટલી જ પહેરાવનારની છે.

પ્રકાશક: રામપ્રસાદ દરપાળ જેશ્વર,
સાહિત્ય ઉત્તેજકસમાજ,
રાયપુર, અમદાવાદ.

મુદ્રક: ગજાનન વિશ્વનાથ પાઠક,
આદિત્યમુદ્રણાલય,
રાયખડ, અમદાવાદ.

અંક ૨ ૧૯૨૭

વીણા

વાર્ષિક

પત્ની સ્વ. [illegible] આત્માર્થે
[illegible]
શ્રીયુત [illegible] આવટા
તરફથી [illegible] સપ્રેમ ભેટ

તંત્રી
યશવંત સવાઈલાલ પંડ્યા

પ્રકાશક
સાહિત્ય ઉત્તેજક સમાજ અમદાવાદ

અંક ૨ **વીણા** ૧૯૨૭
માસિક

ચિત્ર	ચિત્રકાર	પાનું
સરસ્વતી	રા. કૃષ્ણલાલ ભટ્ટ	પૂંઠું
યક્ષદંપતી	રા. રવિશંકર રાવળ	મુખપૃષ્ટ
પ્રતીક્ષા	સ્વ. ડી. રામરાવ	૩૨–૧૨
લગ્ન	રા. કનુ દેસાઇ	૮૦
વીણા	રા. જગમોહન મિસ્ત્રી	૧૨૮–૯
પનિહારી	રા. છોટાલાલ જોશી	૧૭૬

લેખ	લખનાર	
અર્ધ્ય	રા. અશોક	૧
પારકાં કેમ કીધાં ?	રા. ન્હાનાલાલ કવિ	૨
મણિભાઈની પત્રધારા		૩
આનન્દમઠ	રા. બલવંતરાય ઠાકોર	૧૭
સમુદ્રતટ	સ્વ. લક્ષ્મીશંકર ભટ્ટ	૩૨–૩
જીવનનાં જળ	સૌ. વનવેલી મહેતા	૩૨–૪
પૂર્વ ને પશ્ચિમનાં ગૃહજીવન	સૌ. સરોજિની મહેતા	૩૨–૬
જીવનમય સુંદરી	રા. દેશળજી પરમાર	૩૨–૧૨
ભાભી	રા. નારદ	૩૩
હિંસાનું તત્વજ્ઞાન	રા. રૂદ્રશરણ	૪૩
રસસુંદરી	રા. ત્રિભુવન વ્યાસ	૫૦
માનવીનું સમાજજીવન	રા. હરિશંકર ત્રિવેદી	૫૨
પ્રણયનાં પૂર	રા. આનન્દ	૫૫
લોકસાહિત્ય	રા. ગિજુભાઇ	૫૯
મારો ભાઇ	શ્રી. જ્યોત્સ્ના શુક્લ	૬૪
એક અર્ધ્ય	રા. નાનુ દવે	૬૫
અસાધારણ ડોસલો	સ્વ. ગોળમટોળ શર્મા	૭૨
સોરઠી નારીભાવના	રા. વિજયરાય કલ્યાણરાય	૭૪
પૂજનથાળ	રા. પ્રિયતમ	૭૯
ગુલાંબે રમતાં'તાં	રા. ગિરીશ	૮૧

એક પ્રશ્ન	રા. દ્વિરેફ	૯૩
અપ્રગટ પત્રો	રા.....	૯૯
ભટકી	રા.૦	૯૮
પ્રેમની પરીક્ષા	સ્વ. મલયાનિલ	૧૦૦
વિશ્વબંધુત્વ	રા. મુનિકુમાર ભટ્ટ	૧૧૦
વ્રતસાહિત્યનું લોકધન	રા. ઝવેરચંદ મેઘાણી	૧૧૩
સુન્દિર સરિતા	સૌ. મંજુબહેન મહેતા	૧૨૮–૭
જીવન, યૌવન, પ્રેમ	રા. ત્ર્યંબક દવે	૧૨૮–૮
દોસ્તી	રા. ધૂમકેતુ	૧૨૫
પ્રયાણ	રા. ચન્દ્રવદન મહેતા	૧૩૬
આવતી કાલના લોકગીત	રા. રામુ ઠક્કર	૧૩૭
ચંબેલીને	રા. વિઠ્ઠલરાય આવસત્થી	૧૪૭
વસુલાતી અધિકારી	રા. કાન્તિ જોશી	૧૪૯
'૮૨નું અક્ષરસર્જન	રા. રામચંદ્ર શુક્લ	૧૫૬
અભ્યર્થના	રા. સ્નેહરશ્મિ	૧૭૬
આરામગાહ	રા. પૃથુલાલ શુક્લ	૧૭૭
ચિત્તશાસ્ત્રના દૃષ્ટિબિંદુ	રા. પ્રાણજીવન પાઠક	૧૭૮
તંત્રીના ચરમામાંથી		૧૮૭

છૂટક નકલઃ એક રૂપિયો

તંત્રીઃ

યશવંત સવાઈલાલ પંડ્યા

પ્રકાશકઃ

સાહિત્ય ઉત્તેજક સમાજ, અમદાવાદ

અનિવાર્ય નિવારણ

રા. ઝવેરચંદ મેઘાણીના ' વ્રતસાહિત્યનું લોકધન ' નિબંધમાં ૧૨૦ મે પાને ભૂલથી ' ઠાન દિદિર થસે 'નો અર્થ ' બ્હેનનો થાળ ' છપાયો છે. એનો ખરો અર્થ ' દાડીમાની બચણી ' છે.

રા. પ્રાણજીવન પાઠકના નિબંધનું મથાળું ' ચિત્તશાસ્ત્રનાં દૃષ્ટિબિંદુ ' છે તે ' ચિત્તશાસ્ત્રના દૃષ્ટિબિંદુ વિષે ટૂંકી નોંધ ' એમ સવિસ્તર સમજવું.

આદિત્યમુદ્રણાલય, રાયખડરોડ—અમદાવાદ.

મુદ્રકઃ ગજાનન વિશ્વનાથ પાઠક.

(अजन्ता)

યક્ષદંપતી

અજન્તા ચિત્રની અનુકૃતિ   કરનાર રવિશંકર રાવળ

આ ચિત્ર અજન્તા મઠની પહેલા નબરની ગુફામા, જમણી બાજુના મોટા બોધિસત્વના ચિત્રની નજીક, એક ઓરડીના બારણા ઉપર છે. એ ગુફાનું ચિત્રકામ લગભગ છઠ્ઠા સૈકામા થએલુ મનાય છે, અને તેમા ત્રણચાર શૈલિનાં ચિત્રો છે ઉપરનુ ચિત્ર અજન્તાના ચિત્ર-સમુદાયમા એક સર્વોત્તમ કૃતિ લેખાય છે અજન્તાની કળા આખા એશિયા ખડમા ભૂતકાળનું સર્વોચ્ચ સ્થાન ભોગવે છે. ચીનમા પણ ગુફાઓમા જે ભૂતકાળનાં ચિત્રો હતા તે નાશ પમ્યા છે, એટલે અજન્તાની ચિત્રાવલિ આપણા માટે કીમતી કલાભંડાર છે —ર. મ. રા.

કુમાર પ્રિન્ટરી અમદાવાદ

વાર્ષિક

ઓ વિશ્વવિરાટ્…

સતત ગતિમાન જગતમાં એક મને જ શું તું ગતિહીન કરીશ ?

ના ના, નાથ ! મારો એ ભ્રમ હશે.

પૃથ્વી, જળ, વાયુ અને પ્રકાશ અવિરામ જગયાત્રા કરી રહે; પણ મને તો તેં આકાશ શો પૂર્ણ બનાવ્યો છે.

પૃથ્વીનો સુગન્ધ અને જળની પ્રવાહિતા, વાયુનું અલખ ચાંચલ્ય ને તેજનો પુણ્યપ્રભાવ: એ સૌ મારામાં છે–મારાં જ છે.

વજ્રનું કાઠિન્ય ને પુલપરાગની કુમાશ મારામાં છે–મારાં જ છે. હુતાશની સ્વાહાશક્તિ અને વાદળની આકાશીવૃત્તિ મારામાં છે–મારાં જ છે. સૃષ્ટિનો શ્વાસપુંજ મારામાં છે–મારો જ છે.

હા, નાથ ! મારો ભ્રમ ટળી ગયો.

સતત ગતિમાન જગતમાં એક મારી જ સ્થિર પ્રગતિ હું જોઉં છું.

ઓ વિશ્વવિરાટ્…

અશોક

પારકાં કેમ કીધાં ?

હરિ ! નેહને નેણલે ઝુલાવી ને દેવનાં દાન દીધાં,
પછી ભાવને ભૂલામણે ભૂલાવી કે પારકાં કેમ કીધાં ?

હરિ ! ચન્દ્રમા શા રમકડે રીઝાવી ને દેવનાં દાન દીધાં,
પછી આત્માની જ્યોતને બુઝાવી કે પારકાં કેમ કીધાં ?

હરિ ! પાંગરાવી આશનેય સોદી ને દેવનાં દાન દીધાં,
પછી આનંદવેલડી ઉચ્છેદી કે પારકાં કેમ કીધાં ?

હરિ ! અમૃતના ઓઘ ન્હોતા છેટા ને દેવનાં દાન દીધાં,
પછી ખારે ખારે સાગરે ઉશેટયાં કે પારકાં કેમ કીધાં !

હરિ ! દારલાની ચુંદડી ઓઢાડી ને દેવનાં દાન દીધાં,
પછી અગ્નિની સેજમાં પોઢાડી કે પારકાં કેમ કીધાં ?

હરિ ! પુણ્યનાં સોણલાં પમાડયાં ને દેવનાં દાન દીધાં,
પછી દુઃખપાપ દવમાં દઝાડ્યાં કે પારકાં કેમ કીધાં ?

હરિ ! અજવાળે અમને ઉછેર્યાં ને દેવનાં દાન દીધાં,
પછી અંધારે શાને ઉશેટયાં કે પારકાં કેમ કીધાં ?

હરિ ! હોમ્યાં હુતાશમાં શે ફૂલો ? ને દેવનાં દાન દીધાં,
એ તે આપ કે બ્રહ્માજી ભૂલ્યો ? કે પારકાં કેમ કીધાં ?

ન્હાનાલાલ દલપતરામ કવિ

મણિભાઈની પત્રધારા

મણિભાઈને અનેક મિત્રો હતા; મોરબીની નિશાળના એમના મિત્રોમાં મુખ્ય હરિલાલ ઝીણા અને હેડ માસ્તરના પુત્ર મૂળચંદ આશારામ શાહ. સદ્‌ગત્ હરિલાલ ઝીણા ઉપરના એમના કાગળોમાંથી કેટલાક 'કાન્તમાળા 'માં પ્રકટ થયેલી પત્રધારામાં આવેલા છે. લાઠી ઠાકોર સુરસિંહજીને આહી મળી અને એઓ ત્રણ રાણીઓ સાથે એક વખત પરણ્યા તે સમારંભ ઉપર મણિભાઇ લાઠી ગયા હતા-રા. મૂળચંદ આશારામના મિત્ર લેખે. મણિભાઇને કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇનાં પ્રથમ દર્શન થયેલાં તે ઘણું કરીને આ પ્રસંગે.

લક્ષ્મીશંકર મોરારજી સાથેની એમની મૈત્રી મણિભાઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાં અને લક્ષ્મીશંકર ગ્રાંટ મેડિકલ કૉલેજમાં ભણતા હતા તે દરમિયાન ગાઢ થવા પામી અને તે પછી લક્ષ્મીશંકરનો દેહ પડી ગયો ત્યાં સુધી તેવી જ રહી હતી. મણિશંકર ભાવનગર સ્ટેટમાં નોકરીમાં જોડાયા તે પછી એમની પહેલી મોટી માંદગીમાં લક્ષ્મીશંકરની દવા અને લક્ષ્મીશંકરની જ મિત્રતા એમને સૌથી વધારે ગુણકારક માલુમ પડી હતી. લક્ષ્મીશંકર ઉપર મણિશંકરે પણ પોતાથી બને તેટલા ઉપકાર મિત્રભાવે કર્યા હતા. એમનું હત્તના ઇતિહાસનું ભાષાંતર ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ સ્વીકાર્યું તેમાં મણિશંકરે એમને મદદ કરેલી તેનો ઇશારો આ પત્રમાળામાં છે. એલ. એમ. એસ. ની પરીક્ષામાં અનેક વાર નપાસ થયા પછી લક્ષ્મીશંકર દાક્તરી અભ્યાસ કરીને ત્યાંથી ડિગ્રી લઇ આવવાને ભાવનગર રાજ્ય તરફથી મદદ મેળવીને વિલાયત ગયા, તે મદદ મેળવી આપવામાં પણ મણિશંકરે પોતાના આ સન્મિત્રને બનતી મદદ કરી હતી એમ અમે સાંભળેલું છે.

બલવંતરાય કલ્યાણરાય ઠાકોર

૧

વડોદરા, ૨૨-૮-૧૮૯૧

પ્રાણલાલ અને નર્મદાની અતિશય બિમારીને લીધે મારાથી કેટલાએક દિવસ સુધી પત્ર લખી શકશે નહીં......—અહીં ઉતર્યો નવી માટે તેના સપ્રેમ પ્રમાણ નિરર્થક છે.

૨

વડોદરા, ૮-૯-૧૮૯૧

હું છેવટે પ્રાણલાલ અને નર્મદાને બાબરે જઈ મૂકી આવ્યો છું......તમારા Physiology (શરીરશાસ્ત્ર)ના પરીક્ષક મ્હારા સ્નેહી છે એ જાણતા હશો.

૩

બાબરા, ૨૧-૧૦-૧૮૯૧ +

My wife is dead. And I am left lonely in this world.

[અર્થ. સંસારમા હું એકલો પડ્યો છું*]

૪

પ્રભાસ પાટણ, ૧-૬-૧૮૯૨

...I try to write the second part of દેવયાની. I will send you when I have written about 50 lines.

['દેવયાની 'નો બીજો ભાગ લખવા પ્રયત્ન કરું છું. પચાસેક લીટીઓ લખાશે કે તમને એ મોકલીશ.]

+ કઇ તારીખે ને કયે ગામથી પત્ર લખાયો છે, તે સરકારી રીક્ષાથી જણાય છે. પત્ર કોને લખાયો છે; તે શીરનામું જણાવે છે. આવી એકા મહત્વની વાતો, સ્વ. લક્ષ્મીશંકર ને સ્વ. મણિબાઈના સ્નેહસંબંધના માપ માટે તો મહા મહત્વની ગણવી પડશે.

* 'પૂર્વાલાપ ' માં ' વિધુર કુરંગ ' કાવ્યમાં એએક લીટી છે. ઉપરના પત્રનો એ ચોકખો પ્રતિધ્વનિ હોતાં એ ઉતારીએ છીએ:

૧. પ્રિયા-પ્રિયતમા ગઈ! જગત સર્વ ઝાંખું થયું

૨ .. ...સ્વજન એકલી તું હતી

૫

વડોદરા, ૩૧-૧૦-૧૮૯૨

Mr. K. H. Dhruva congratulated me on my friend's translation being approved. He knows that you are my friend. He likes your language—neither too servile, nor too free, he said. All the volumes are to be given to you. Only the sum is not yet settled. But the whole sum would be about 1200 Rs. I believe...

[મિત્રનું ભાષાંતર મંજૂર થવા માટે રા. કે. હ. ધ્રુવે મને અભિનંદન આપ્યાં. એમને ખબર છે કે તમે મારા સ્નેહી છો. તમારી ભાષા એમને ગમે છે—એમ પણ તેમણે કહ્યું કે એ છેક તરજુમિયા નથી તેમજ બહુ નિરંકુશ પણ નથી. બધાં પુસ્તકો તમને મળવાનાં છે. માત્ર રકમ નક્કી થઇ નથી. હું ધારું છું કે લગભગ રૂ. ૧૨૦૦ સુધી વાત જશે.]

૬

વડોદરા, ૯-૧-૧૮૯૩

N. B. Your article in જ્ઞાનદર્શન is printed and some lines addressed to you.

[તા. ક. જ્ઞાનદર્શનમાં તમારો લેખ છપાયો છે; અને થોડીક લીટીઓ તમને સંબોધવામાં આવી છે.]

૭

વડોદરા, ૧૭-૨-૧૮૯૩

...I have already written to you that Abraham Lincon's Life is entrusted to me for translation. As for criticisms on સરસ્વતીચંદ્ર, I do not know when I shall begin...

[હું તમને લખી ચૂક્યો છું કે અબ્રહામ લીંકનના જીવનચરિતનું ભાષાંતર મને સોંપાયું છે. એટલે સરસ્વતીચંદ્રપરનું વિવેચન ક્યારે લખાશે; તે કહી શકતો નથી.]

૮

વડોદરા ૨૩-૩ ૧૮૯૩

I am going on with my History It won't be complete before six months. The translation is not yet begun

[મારું ઇતિહાસનું + કામ ચાલે છે છ માસ પહેલા એ પૂરું નહિ થાય ભાષાંતર હજુ શરૂ નથી કર્યુ]

૯

વડોદરા ૨૭-૩ ૧૮૯૩

Egypt is ready printed. But have not yet received any printed copies. I shall send you one when get them

[ઇજીપ્ત[1] છપાઇને તૈયાર છે પણ હજુ એની નકલો મને મળી નથી મળશે એટલે તમને એક બીડીશ]

૧૦

વડોદરા ૪ ૭-૧૮૯૩

You may send your next portion direct to Ahmedabad but as I have told you I shall correct the last proof sheets & the preface we shall draw up together In a translation the preface is all in all

[ભલે હવે પછીના ભાગ તમે અમદાવાદ પરબારો મોકલજો. પણ મેં કહ્યું હતું તેમ છેલ્લા પ્રૂફ તો હું જ સુધારીશ પ્રસ્તાવના સાથે મળીને લખીશું ભાષાંતરમા તો પ્રસ્તાવના એ જ બધુ છે]

૧૧

વડોદરા, ૧૨ ૭-૧૮૯૩

there are very few things to be corrected in your translation I had got only 5 copies of

+ શિક્ષણનો ઇતિહાસ

૧ સા કથામાળાનું પુસ્તક બીજુ મૂળ લેખક જ્યોર્જ રેલી સન

Egypt and they are given away. But I am going to buy several to present to friends. And I will send you one very shortly...

[તમારા ભાષાંતરમાં માત્ર અહીંતહીં જરા સુધારવાનું છે... ઇજીપ્તની મને માત્ર પાંચ જ નકલ મળેલી અને બધી અપાઇ ગઈ છે. પણ સ્નેહીઓ માટે હું કેટલીક નકલ ખરીદવાનો છું. તમને એક નકલ બનતી ઉતાવળે મોકલી આપીશ.]

૧૨

વડોદરા, ૩૧-૭-૧૮૯૩

...I have not yet bought Egypt. I think it will be some time before I can secure a translation for Mr. Fulchand...

[ઇજીપ્તની નકલો હજુ ખરીદી નથી. ભાઈ ફૂલચંદx માટે ભાષાંતર મેળવતાં હજુ વખત જશે.]

૧૩

વડોદરા, ૧૪-૮-૧૮૯૩

Many many thanks for your kind letter and information. Please continue to give me all important news about the riots. Have the Hindoos remained strong?...

[તમારા માયાળુ પત્ર ને સમાચાર માટે આભાર. કૃપા કરી હુલ્લડનાં* બધા જાણવાજોગ સમાચાર આપ્યા કરશો. હિન્દુઓ મક્કમ રહ્યા છે ખરા?]

---

x રા. ફૂલચંદ તે મણિભાઈના એક ખાસ મિત્ર કે જે ભવિષ્યમાં સાહિત્યમાં સુંદર કામ કરશે એવી એમના આખા મિત્રમંડળને શ્રદ્ધા હતી. રા. ફૂલચંદનું અવસાન બહુ વહેલું થયું એટલું જ દુર્ભાગ્ય નોંધવાનું હવે તો બાકી રહે છે.

* મુંબાઇમાં ૧૮૯૩ માં હિન્દુ ને મુસલમાન વચ્ચે હુલ્લડ થયેલું તેનો આ ઉલ્લેખ છે. સ્વ. માત્ર સાહિત્યકાર નહોતા. જીવનનાં છેલ્લાં વર્ષોમાં અસહકાર ને ખાદી પ્રત્યે પણ એમનું વલણ હતું ને ભાવનગરની એ સમયની ઘણી પ્રગતિશીલ સભાઓના પ્રમુખપદે એ આવતા-રાજ્યની નોકરી ચાલુ છતાં.

૧૪

વડોદરા ૨૪ ૯-૧૮૯૩

If this be indeed your beginning I am bound to say that it is a very nice beginning You have acquired facility of expression & the only question is what you have got to express.

Your beginning shows that your delight in Nature is not that empty delight which ends in itself You wish to be inspired & invigorated & strengthened by Nature That speaks well of what is to follow As far as I can see it is not to be a descriptive poem but a poetic expression of your aspirations & duties I like સદ્દીના આ સુભગ વિરલ સત્વ આનંદ આપે I like very much અમ તજી પછી કર્મમ સત્જ્ય થા તું કમોને એ પ્રિય વદી વદી શૌર્ય ઉત્સવ પ્રેરે is equally good I dont like ભેટ ઓને દિનકર વળી હસ્ત ગ્રીતે નસારી because there is a શ્લેષ & because it is affectation to speak that way I wish you would not follow our Sanskrit poets in such matters. We can never think of the Sun as embracing us What you say about ઉદધિ is proper enough But એસી ખોળે ઉદધિ ચુરના is I believe not appropriate For I believe you are describing the Evening Sun & at that time there can be no reflection of the Sun in the sea-waters

I have nothing more to say at present. I would like to see the sequel. If you can succeed in what follows the beginning is surely very good But all depends on how you finish it ..

[જો આજ તમારી શરૂઆતજ હોય તો એ બહુ ફક્કડ શરૂઆત છે. વસ્તુ રજૂ કરવાની સરલતા તમારામાં આવી ગઇ છે અને પ્રશ્ન માત્ર એક જ રહે છે કે તમારે રજૂ શું કરવાનું છે ?

આ શરૂઆતમાં દેખાય છે જ કે તમારી પ્રકૃતિમાંથી આનંદ લેવાની વૃત્તિ એ કેવળ આનંદમાં જ પર્યાપ્ત થનારી છેક ખાલી વૃત્તિ નથી. પ્રકૃતિ તમને પ્રેરે, સચેત કરે અને પ્રબળ બનાવે એ તમે વાંચ્છો છો. એથી, આગળ શું આવશે એની, સદ્આશા બંધાય છે. હું ધારૂં છું કે એ વર્ણનાત્મક કવિતા નહિ હોય પણ તમારી ભાવનાઓ અને ફૂરણોનું કવિત્વમય આવિષ્કરણ હશે. 'સૃષ્ટીનાં આ સુભગ વિરસાં સત્વ આનંદ આપે' એ મને ગમે છે. 'શ્રમ તજી પછી કર્મમાં સજ્જ થા તું' એ તો બહુ ગમે છે. 'કર્ણોને એ પ્રિય વદી વદી શૌર્ય ઉત્સાહ પ્રેરે' એ પણ એટલું જ સરસ છે. પણ 'ભેટે સૌને દિનકર વળી હસ્ત પ્રીતે પ્રસારી' એ મને ન ગમ્યું: કારણ એક તો એમાં શ્લેષ છે અને બીજું એ કે એ પ્રમાણે લખવામાં ડાળ+ છે. આવા વિષયોમાં સંસ્કૃત કવિઓને તમે ન અનુસરો એટલું હું ઇચ્છું છું. સૂર્યને આપણે આપણને ભેટતો કદિ જ ન કલ્પી શકીએ. ઉદધિ વિષે તમે જે કહ્યું તે યોગ્ય છે. તોય 'બેસી ખોળે ઉદધિ ગુરૂના' એ બંધબેસતું નથી. હું ધારૂં છું કે તમે અસ્ત થતા સૂર્યનું વર્ણન કર્યું છે: અને એ સમયે તો ઉદધિમાં સૂર્યનું પ્રતિબિંબ પડી જ ન શકે.

---

* પત્ર પરથી સ્પષ્ટ જણાય છે કે સ્વ. લક્ષ્મીશંકરે આ પહેલાં કાવ્યની દિશામાં યત્ન જ નહિ કર્યો હોય. એ કૃતિ પણ સદ્ભાગ્યે સ્વ. પરના પત્રો ભેળે મળી આવી અને અન્યત્ર એ પ્રસિદ્ધ પણ કરી છે—એ અધુરી જ રહી અને અધુરી જ છાપવાની રહે છે. બન્નેની મૈત્રીની વાત એક કોર મૂકીએ તો સ્વ. મણિભાઈ ઉગતા લેખકો પ્રત્યે કેટલા સહાનુભૂત હતા તે પણ આ પત્રમાંથી મળી રહે છે. ઉપરાંત એમનાં પ્રકૃતિનાં અવલોકન ને અભ્યાસ, એમનાં કાવ્યોની માફક કેટલાં સંપૂર્ણ ને યથાર્થ હતાં તે પણ આમાં સ્પષ્ટ શબ્દોમાં સમન્વય છે.

+ રા. નરસિંહરાવના આવા પ્રયોગો. સામે જાણે આજ કારણથી તેમનો સતત વિરોધ હતો.

હાલ તુરત આથી વધુ મારે કહેવાનું નથી બાકીનો ભાગ કેવો થાય છે એ જાણવા ઉત્સુક છુ તમે હવે લખો તે જો સફળ લખાય તો શરૂઆત તો ખરે જ સરસ થઈ છે બધો જ આધાર તમે આ કાવ્ય પૂરૂં કેમ કરો છો તેના પર છે]

૧૫

વડોદરા ૧૯–૪ ૧૮૯૪

Please read my attack on Mr Tripathi & then *judge* whether it is sound Don't be misled by the opinions of others. I dare say you will find one thing in it which is irrefutable I mean the criticism of Sanskrit fatalism I almost convinced even Dr Anantrai that the doctrine of Fatalism was sinful Please do read the article

Please ask Fulchand whether he would like to be Mr Gajjar's Private Secretary You know how highly we think of him

Mr Gajjar wants many translators, but it is difficult to get accurate writers I write to Jatil today to ask whether he would accept our service But I have little hope Of the two gentlemen you recommended the Graduate Mr —is not good enough to be the chief man & not small enough to be a minor man. So we can't take him up. The other is a Persian man Please get us good Sanskritists

Athlye's death has removed our greatest friend from Baroda. But we can pull on. You need not be anxious

[કૃપા કરી રા. ગોવર્ધનરામ પરનું મારૂં ચર્ચાપત્ર વાંચજો: ને પછી નક્કી કરજો કે એ વજનદાર છે કે નહિ. પારકાના અભિપ્રાયે દોરાઇ ન જશો.

મેં દા. અનંતરાયને તો લગભગ ખાત્રિ કરી દીધી કે પ્રારબ્ધ-વાદનો સિદ્ધાંત પાપમય છે. એ લેખ જરૂર વાંચી જશો.

ફુલચંદને પૂછી જોશો કે રા. ગજ્જરના સેક્રેટરી થવા એ રાજી છે ?......એને માટે આપણને કેટલો ઉંચો અભિપ્રાય છે; એ તમે જાણો છો.

રા. ગજ્જરને ઘણા ઘણા ભાષાંતરકારોની જરૂર છે. પણ ચોકસાઇવાળા લેખકો મેળવવા એ સહેલું નથી. જટિલને આજ હું પૂછાવું છું પણ મને નથી લાગતું એ સ્વીકારે. તમે જે બે નામો સૂચવ્યાં હતાં તેમાંના એક ગ્રેજ્યુએટ રા.—તો મુખ્ય કામ કરે એટલા બાહોશ નથી અને ગૌણ કામ એમને સોંપી શકાય એટલા સામાન્ય નથી. એટલે એમને તો નહીં લઇ શકાય. બીજા તો ફારસી જાણે છે. સારૂં સંસ્કૃત જાણનારા મેળવી દ્યો તો મોટી કૃપા.

આયરવેના મૃત્યુથી અમે વડોદરાનો અમારો સૌથી મોટો મિત્ર ખોયો છે. પણ તોય ચલાવીએ છીએ. તમે ચિંતા ન કરશો.]

૧૬

વડોદરા, ૧૨-૬-૧૮૯૪

...Did you read my અવલોકન of સિદ્ધાંતસાર in the જ્ઞાનસુધા?

[જ્ઞાનસુધામાં મારૂં સિદ્ધાંતસારનું અવલોકન વાંચ્યું કે?]

૧૭

વડોદરા, ૨૪-૬-૧૮૯૪

Yrs to hand. I think I shall be able to remove all yr doubts in my criticism. Please let me know when you are satisfied.

Do you attach any clear and distinct meaning to the phrase "Universal Truth?" Can you

believe that there is only one Universal Truth? The very meaning of the word Truth if you think about it will tell you that it is not one but many And I don t think that Prof Manilal is ignorant of this. He is not speaking of any पर सत्य in his preface. He only says that સુધારા વાળાઓ trying to limit સત્ય turn it into અસત્ય Now here his language alone is at fault. He could have said that *some* assertions are unduly limited, for instance people try to apply natural laws to inquiries professedly super natural But the very law of contradiction limits all truth If the ink with which I write is black it is certainly false to say that it is not-black In this sense all truth is limited.

I don't think it impossible though I don t see any proofs for belibing that Christ & Mahomet got their principles from India. But my dear Lakhubhai religion can not be the result of borrowed ideas If so why can *we* not propagate a religion? Religion is intuitive moral force It is not knowledge but feeling & genius & fervour wh makes religion. If Christ & Mahomet could make a religion rest assured that their most powerful source was within themselves that they were original, & had an inborn fire within them Religion can t possibly be plagiarised.

Again as I have said in my criticism True Religion does not consist in the *general* principles

Belief in God & Christ does not constitute Christianity. Tenets are the least important portion of a Religion. It is the attitude of the mind towards God which is all important, & that is different in dift religions. A universal religion will be no religion for as I have said it is not a matter of doctrines but of piety & feeling. As that wh is common to man & other animals is not higher than what is peculiar to man, so I believe that wh is common to all Religions can't be & is not higher than what is peculiar to the best of them.

Of course I can't deceive you by arguments as I can deceive કાંતા; but please reflect more deeply on what I have said & you will find that Manilal is overthrown.

For example what do you think of my criticism on the definition of Religion, on the એકત્વ અનાદિસિદ્ધ રહસ્યનું રૂપાંતર, on the પ્રયત્ન for a સર્વમાન્ય ધર્મ &c.

I can convince you fully only when we talk upon the subject. But you can convince yourself if you read સિદ્ધાંતસાર side by side with my criticism & re-read what I have written......

If my short explanations do not even make you doubtful about Manilal's truth, let me know & I shall write more at length. If you see Balvant however, he can explain what I mean & solve all your doubts as well as I myself can do.

reply haro c|o રમણભાઇ આસ્તોડિયા Give my B C to Manbhai & Motibhai & tell them in confidence that my new work is to be dedicated to one whose initials are L. M B

[તમારે માટે મેં પ્રો. મ ને લખી નાખ્યુ છે તમારું પરીણામ ક્યારે બહાર પડવાનું છે ? ઉત્તર રમણભાઇને ત્યા આસ્તોડિયા શીરનામે આપશો. માનભાઇ ને મોતીભાઇને માગ વદન કહેશો અને ખાનગી રીતે જણાવજો કે મારું નવુ પુસ્તક* હુ એને અર્પણ કરવાનો છુ કે જેનું નામ લ. મો. બ. છે]

L fe is more th an l terature and letters are nearer to l fe than l terature.

H Young

---

* નવુ પુસ્તક તે કુમાર અને કૌરી — એ કદિ પૂરું ન થયુ

આ પત્રધારા પૂરી થતા એક નમ્ર નિવેદન કરવાનુ ઉચિત ધારું છું સ્વ મણિભાઇના અ મ ઘણા પત્રો હજુ અપ્રસિદ્ધિ ભોગવે છે પણ જ્યારે એ પ્રસિદ્ધ થશે ત્યારે રસના જીવન તેમજ આપણા સાહિત્ય પર કેટલોય પ્રકાશ પડશે • મની પાસે આ મન ભર્યુ છે એમના મનનના આ વિષય છે

ચરાવત સવાઈલાલ પટેલ

ચંદ્રના કૃતિકલાપને ૭ મહિના આપવાની ઇચ્છાને મ્હારી હાલની મનોરથસૃષ્ટિમાં પણ દાખલ થવા દઇ શકતો નથી, કેમકે આજે પણ બીજાં અને વળી અનિવાર્ય ઋણ જેવાં કર્તવ્યોની ભીડ ઓછી થઇ નથી.

२

वन्दे मातरम्
सुजलां सुफलां मलयजशीतलां मातरम् ।
× × ×
तुमि विद्या तुमि धर्म
तुमि हृदि तुमि मर्म
त्वं हि प्राणाः शरीरे ।
बाहुते तुमि मा शक्ति
हृदये तुमि मा भक्ति
तोमारइ प्रतिमा गडि मन्दिरे मन्दिरे ।
× × ×

મહેંદ્રસિંહ જમીનદાર આ અપૂર્વ સ્તવન, કરુણ સુરાવલિમાં ભાવની સાત્વિક જમાવટ કરનારું સ્તવન, કેવા અપૂર્વ સંજોગોમાં સાંભળે છે? ઇ. સ. ૧૭૬૯ના ભયંકર દુકાળમાં અને સાથે બળિયા આદિ રોગોના કાળા કેરથી આખાં ગામ ને ગામ ઉજડ થતાં તથા લૂટારાનો બો ઠેકાણે ઠેકાણે વ્યાપી જતા, મહેંદ્ર જેવા મોટા જમીનદારને પણ પત્ની કલ્યાણી અને બાલકપુત્રી સુકુમારીને લઇને પોતાની હવેલી અને ગામઠામ છોડીને શહેરનો આશરો લેવાને નીકળવું પડે છે, અને રસ્તે પ્હેલી જ સાંઝે અને રાતે તેના ઉપર કૈં કૈં વીતે છે. આથમતે પ્હોરે તે એક ગામડું જોઈ તેના નિર્જન ઝુપડાંમાંથી એકમાં સ્ત્રીપુત્રીને બેસાડી કોઇ ચરતી ગાય દોહીને દૂધ લઈ આવવાને તેમનાથી ઘડી બે ઘડી છૂટો પડે છે. એટલામાં તેના ઉપર વિપત્તિનું વાદળ તુટી પડે છે. માટીપાત્રમાં દૂધ લઇને પાછો આવે છે ત્યાં તો સ્ત્રી અને પુત્રીને ગામડીયા લૂટારા ઉપાડી ગયા હોય છે તે તેને જડતાં જ નથી, કશો જ પત્તો મળતો નથી, એટલે તેમને

શોધવામાં સરકારી મદદ મેળવવાને સારુ તે પાછો, રાત પડી ગઇ છે તોપણ, શહેર તરફ જવાને નીકળી પડે છે. હવે એ જ રસ્તે એ જ રાતે જિલ્લાનો મહેસુલ (Land Revenue સેન્ડ રેવિન્યૂ) થેલીઓમાં ભરીને તેનું સાટું ખિજાનાતિજોરીમાં પહોંચાડવા નીકળેલી હથિયારબંધ પચાસ પોલીસની ટુકડી જતી હોય છે, તે મહેન્દ્રના હાથમાં બંધુક જોતાં લૂટારો ગણીને તેને બાંધે છે અને ગાડામાં નાખે છે. થોડે આગળ ચાલતાં મહેન્દ્રની જ શોધ માટે આવેલા એક સંન્યાસીને પણ પોલીસ લૂટારો ગણીને એ પ્રમાણે એ જ ગાડામાં નાખે છે. થોડો વધારે પંથ કાપતાં એક બીજો સંન્યાસી જોવામાં આવે છે, પણ પોલીસ તેને પણ પકડવાનું કરે છે ત્યાં ભલો હથિયારબંધ સંન્યાસી ધસી આવીને પોલીસ ટુકડીને ઘેરી લે છે, ગાડામાંથી ફૂદી પેલો સંન્યાસી એમના ઉપરી ઘોડેસ્વાર ઇંગ્રેજને તેની જ તલવારે કાપી નાખે છે, અને ધીંગાણામાં હસવા પામે છે તે પોલીસ જોતજોતામાં છપાઇ ગયેલી જાય છે. બીજો સંન્યાસી—જીવાનન્દ—પોતાનું કાર્ય સિદ્ધ થયું ગણીને પોતાની સંન્યાસીસેના અને ખજાનો લઇને રસ્તે પડે છે, અને પ્હેલો—ભવાનન્દ—તથા મહેન્દ્ર એકલા પડે છે.

આ દરેક મિનિટ ઝણુકેલી મારકાપમાં મહેન્દ્ર પ્રથમ તો સંન્યાસીઓની કુમકે કૂદી પડે છે, પણ આ તો ડાકુઓ એમ સમજાતાં જ તે નિષ્ક્રિય બની એક જગાએ ઊભો થઇ રહે છે; અને ધીંગાણું પૂરું થતાં આ ડાકુ—સંન્યાસીઓથી છૂટો પડવાને પાછો ચાલવા માંડે છે. પણ ભવાનન્દ તુરત તેની પાછળ આવી તેની સાથે વાતે વળગે છે. મહેન્દ્ર તિરસ્કારથી કહે છે, "તમે તો ડાકુ!" ભવાનન્દ કહે છે, "ભલે અમે ડાકુ, પણ અમે તમારા ઉપર થોડો ઉપકાર કર્યો છે અને થોડો વિશેષ કરવા ધારિયે છઃ ચાલો મ્હારી સાથે, તમારાં સ્ત્રી અને પુત્રીનો મેળાપ કરાવું."

ચાંદની ખીલી રહી છે,' કાળા કેર વર્તાવના દુકાળમાં પણ વનવગડાનો આ પ્રદેશ ઝાડ વેલા વેલી ગુલ્મ ફૂલો અને એકએકથી ચ્હઢી જાય એવાં મધુર ફૂલો વડે શોભી રહ્યો છે, એક બાજુ

જ્યા ટેકરાઓની મંડળીથી બહુ મોટી નહીં એવી ધાર છે, બીજી બાજુએ ન્હાની તથાપિ જેઠ માસમાં પણ વ્હેતાં પાણીવાળી નિર્ઝરિણી ચાંદનીમાં ચળકતા અને તરુઓમાં લપાતા કલ્લોલે ખળખળ વહી રહી છે, અને મહેન્દ્રસિંહ જમીનદાર જેવો મોટો તથા ગુરુએ કોઇ મોટા સંકેત માટે વાંછેલો ખાસ મળી ગયો તેમ ખજાનો પરાવતામાં ય ફાવ્યા એ બેવડા ઉલ્લાસમાં ભવાનન્દનું તનમન પાછલી રાતની અજબ મોહક કુદરતને સંવાદી બની ગાઈ ઊઠે છે. અત્યારે ભવાનન્દ સેનાનાયક નથી, અત્યારે ભવાનન્દ ગોસ્વામી નથી, અત્યારે એનું હૃદય પોતાના ઉલ્લાસ અને સૌંદર્યોપભોગમાં સહૃદય સાથી માગે છે, અને મહેન્દ્ર જમીનદાર આ અજાણ્યા અને આખરે ડાકૂ જેવા માણસને કોઈ આપતો નથી, એટલે ભવાનન્દ ગાનલહરે ચ્હડે છે, ગાનમય બને છે, ગાતાં ગાતાં સંગીતની કરુણ સુરાવલિને વશ થઈ આંખોમાંથી આસુની માળા આસુની ધારા આંસુનાં પૂર વહે છે, કંઠપ્રવાહ અને આંસુપ્રવાહ અન્યોન્યાશ્રયી બેલડી હોય એમ વહે છે. મહેન્દ્રસિંહ **વન્દે માતરમ્**નું અતિ કરુણ તથાપિ ગાઢ ઊંડું સ્તવન આ પ્રમાણે દિવ્ય ઉપકરણો વડે ઓપતું સ્વર્ગીય ગાન હોય ને એમ સાંભળે છે, અને ગુરુ સત્યાનંદના ઉપદેશની ચોટ આ પ્રમાણે ગુરુદર્શન પ્હેલા પણ એના હૃદયમાં પ્રવેશે છે.

૩

કલ્યાણી અને સુકુમારીને ઉપાડી ગયેલા ડાકૂઓ માંહમાંહ ચડભડમાંથી મારામારી પર આવી જાય છે, કંઈક વ્યવસ્થા જાળવવા મથતા આગેવાન ઉપર જ બેચાર પ્રમત્તો ઊતરી પડે છે, આગેવાન આ ક્ષુદ્ર ટંટાનો ભોગ થઈ પડે છે, અને એ દુકાળિયાઓમાંથી એક જણ ફાટચા સાદે ખારડે છે કે શિયાળ કૂતરાં આદિ ખાઈ ખાઇને કંટાળ્યા, ચાલો આજે આ રાજની જ ઊજાણી કરિયે! બં બં કાલી! કરતા બધા સંમત થઇ જાય છે, અને અગ્નિ પ્રકટાવવાની ખટપટમાં પડે છે, ત્યાં કલ્યાણી સુકુમારીને લઇને ઝાડોની ઘટાના અંધકારમાં ભરાઇ જાય છે. ત્યાં ભયથી, ત્રાસથી, અંધકારથી અધમુઇ થઈ જાય છેઃ કાંટા ભોંકાય છે. ડાળીઓ અથડાય છે, મૂળિયાં અને

થડો વચ્ચે આમતેમ અફળાય પછડાય છે, ઘડીમાં શું થશે તેની હાય અંતરમાં વધતી જ જાય છેઃ એવામાં ઊંચે ચ્હડેલા ચંદ્રનો પ્રકાશ આ ભયાનક સ્થાનમાં પણ વચ્ચે વચ્ચે ચાદર સમો પથરાતો જાય છે, તેવી એક જગામાં એક તરુવરની ગાઢ છાયામાં બીચારી નિઃશ્વસ્ત થઇને પડે છે અને ઈશ્વરને સંભારે છે. લાગલું તેને કાને સુંદર મધુર ગાન વહી આવે છેઃ

हरे, मुरारे, मधुकैटभारे,
गोपाल, गोविंद, मुकुन्द, शौरे,
हरे, मुरारे, मधुकैटभारे ।

જાણે નારદજી જેવો કોઇ ઋષિરાજ ચાંદનીમાંથી ઊતરતો ધીરે અતિધીરે ચાંદનીને પણ લજવે એવા સાત્ત્વિક પ્રકાશ સાથે તેની કને આવતો હોય એમ આ આત્માને ઠારતું ગાન આકાશમાંથી ઊતરતું ઊતરતું તેના માથા પગની ડાળીઓમાં ભમતું હોય એમ તેને લાગે છે, અને અત્યન્ત ભયની ત્રાસેલી વળી ક્ષુધા અને પતિવિયોગથી વ્યાકુલ કલ્યાણી આવા ચમત્કારનો અનર્ઘ્ય આધાન થતાં મૂર્છિત થઇ જાય છે, સુકુમારીના મુખમાં સ્તન છે એ હાલતમાં જ શીંગડું થઇને ટળી પડે છે.

પાછી આંખ ઊઘડતાં કલ્યાણી જુવે છે તો પોતે અને સુકુમારી એક જીર્ણ પણ વિશાળ મંદિરના એક ભાગમાં આવેલી છે અને સામે તે જ નારદ ઋષિ સમી મૂર્તિ બીરાજેલી છે. એ મૂર્તિ તેને કહે છે, પ્રથમ થોડું દૂધ પી લ્યો, પછી હું તમને બધો ખુલાસો કરું છું. સ્થલના પ્રભાવે અને ઋષિના દેખાવે નિર્ભય થયેલી કલ્યાણીએ દૂધ સુકુમારીને પાયું, પોતે તો ઋષિનું ચરણામૃત જ લીધું. વાર્તાલાપ ઉપરથી ઋષિ-સંન્યાસી સંતાનોના ગુરુ સત્યાનંદે જાણી લીધું કે મહેન્દ્રસિંહ જમીનદારની સ્ત્રી અને પુત્રી આ જ, તથા મહેન્દ્રે હજી ખાધું નહીં હોય માટે જ એ દૂધ પીતી નથી. સત્યાનંદને ખજાનો પડાવવા માટેના છેલ્લા હુકમો આપવા સારુ જવું તો હતું જ, તેમાં મહેન્દ્રનો પત્તો મેળવી અને તો તેને અહીં જ લઇ આવવાનું કામ ઉમેરાયું. અને સત્યાનન્દની આજ્ઞા ઉપરથી જ

ભવાનન્દ પોલીસ'સાથેની ઝપાઝપી પતી ગયા પછી મહેન્દ્રને છૂટો પડવા ન દેતાં આ મંદિરમાં જ લઈ આવે છે.

રસ્તે **વન્દે માતરમ્**ના ગાન ઉપરથી બે વચ્ચે પુષ્કળ વાતચિત થઇ જાય છે અને મહેન્દ્ર આ મંદિર, આ સન્યાસીસંતાનો, તેમની પ્રતિજ્ઞાઓ, અને તેમના આશયો વિશે જાણવા પામે છે. મહેન્દ્ર ભવાનન્દને અંતમાં પૂછે છે, સ્ત્રી છોકરાંને ત્યજ્યા વગર આ સંતાનવ્રત લેવાય ખરું, આ સંતાનટોળીમાં ભળાય ખરું ? ભવાનન્દ ચોકખી ના કહે છે.

સત્યાનન્દ મહેન્દ્રને કલ્યાણી અને સુકુમારી વિશે નિશ્ચિંત કરે છે અને મંદિરમાંની–આ આનન્દમઠમાંની–અતિકાય સર્વાંગસુંદર મૂર્તિઓનાં દર્શન કરાવે છેઃ (૧) વિષ્ણુના અંકમાં વામે ઊભેલી લક્ષ્મી અને દક્ષિણે ઊભેલી સરસ્વતી કરતા યે ચઢિયાતી માની મૂર્તિ; (૨) જગદ્ધાત્રી મૂર્તિ, ભૂતકાળમાં જે મા હતી તે; (૩) સુરંગમાં થઈને ભોંયરામા કાલીની મૂર્તિ, વર્તમાનકાળમાં જે મા છે તે; (૪) બીજી સુરંગમા થઈને બીજા મંદિરમાં સુવર્ણની જ્યોતિર્મયી દશભુજા મૂર્તિ, જે માનો આવિર્ભાવ ભવિષ્ય કાલમાં થવાનો છે તે. આ અદ્દભુત ભાવનામય વાતાવરણ અને હૃદયને વ્હલોવી નાખે એવા અપૂર્વ સંજોગોમાં મહેન્દ્રસિંહને ગમે તે ભોગે સંતાન બનવાની ઇચ્છા ઊછાળો મારે એ કુદરતી છે. કલ્યાણીને પણ ચરણામૃતથી જ તૃપ્તિ માનીને ઊંઘી ગયેલી ત્યાં સ્વપ્નોદય થયો, તેમા જાણે પોતે અગમ્ય રીતે કોઇ પ્રકાશમય સ્થલમાં પ્રકાશગૂંથી આકૃતિઓ સાથે કોઇ ચતુર્ભુજ તેજસ્વી ગિરિવરના દર્શન પામે છે, તેના ચરણમાં અત્યંત દુખિયારી છતા કોઈ અપૂર્વ રૂપસુંદરી કરગરી રહી છે, કે આ કલ્યાણી તે જ સ્ત્રી છે જેના સ્નેહપાશમા મહેન્દ્રને મ્હારી સેવામાં દીક્ષા લેવાનું કર્તવ્ય પરમ કર્તવ્ય રૂપે વસતું નથી. પછી એ ચતુર્ભુજ ગિરિવરોમત સત્ત્વપુંજમાંથી જાણે મધુરતાનું જ ઝરણુ ન હોય એવું અતીવ કોમલ સંબોધન કલ્યાણીના ઉરપદ્મને ભીંજવે છે,–પુત્રિ, તું આવ અહીં, ત્હારા પતિદેવને માની સેવા માટે મુક્ત કરતી આવ અહીં મ્હારામાં. હું પતિ છું, હું પિતા છું, હું અભય છું, હું જીવ માત્રનું શરણ છું.

આ પ્રમાણેના અનુભવો પછી મહેન્દ્ર અને કલ્યાણીનો મેળાપ થાય છે, ધીરાનન્દ તેમને ઉગતા તડકામાં આનન્દવનમાંથી બ્હાર કહાડીને રસ્તે ચ્હડાવી જાય છે, જેઠ મહિનાના તડકામાં થોડો પંથ કાપીને દંપતી એક હરિયાળી જગાએ ઝાડોની છાયામાં વીસામો ખાવા બેસે છે અને શું કરવું તે વિચારે છે, પણ ચોકખો માર્ગ જડતો નથી. મહેન્દ્રને સંતાન થવું છે પણ કલ્યાણીને ત્યજવી નથી. કલ્યાણી સ્વપ્નસંબોધનને અનુસરવા ઝેર ખાવા ઇચ્છે છે, પણ હૃદય તો પાછું સામે ગુંજે જ છે કે

> મુજ વ્હાલું રે, વૈકુંઠ શીદ જાઉં,
> ત્યાં મુજ નન્દકુંવર ક્યાંથી લાવું ?

દંપતી આમ ઝીણી ઝીણી વાતોમાં પડ્યા છે અને સુકુમારી પાસે રમે છે, ત્યાં કલ્યાણીએ નીચે મુકેલી ઝેરની ગોળીઓની ન્હાની ધાટીલી શીશી સુકુમારીને રમતમાં જડે છે, રમતમાં તે શીશીને ઉઘાડી નાખે છે, અને અંદરથી ઝીણી ગોળીઓ ઢગલી થઇને પડી, તેમાથી પોતાની ન્હાનીશી મૂઠી ભરીને રમતમા જ ગોળીઓને મોંમાં પધરાવી દે છે.

બંકિમની ઘટનાઓમાં આમ નિર્ણાયક ગંભીર બનાવ છેક લીલામય રૂપમા વારંવાર આવે છે. બંકિમની પ્રતિભાને આવે અજબ રમકડે ખેલવું અત્યંત પ્રિય છે. વળી વચલાં પરિણામો ગંભીર ઘોર બનાવે જ આવે એવાં, અને તોપણ અંત પાછો સુખાવસાની હોવો જોઇએ, એ પ્રણાલિકાને વળગતી કથામા વચ્ચેના ગંભીર બનાવોમાથી અને તેટલાનાં લીલામય રૂપ સાધવામાં ખાસ ઔચિત્ય પણ દેખીતું છે.

તુરત જ કલ્યાણીની નજર જતાં તે પુત્રીના મુખમાંથી બની તેટલી ગોળી કહાડી તો નાખે છે, તથાપિ ફુલ જેવી બાળકી પાંચપંદર મિનિટમાં બેહોશ થઇને પડે છે, અને કલ્યાણીને લાગે છે કે એ હવે નહીં ઉગરે, મરી જવાની. અને સ્વપ્ને બતાવેલો માર્ગ જ સાચો છે એમ મહેન્દ્રને કહેતી કહેતી પોતે પણ, મહેન્દ્ર જોતો રહે છે ને ઝેરની એક ગોળી ચટ ગળી જાય છે.

મહેન્દ્ર ઉપર જાણે વીજળી પડી. તે દિઙ્મૂઢ થઈ ગયો. તે છાતીફાટ રોવા લાગ્યો. પણ કલ્યાણી તો એની પગરજ માથે ચ્હડાવતી એટલું જ બોલી કે પ્રભો, ક્ષમા કરજો, હું જાઉં છું. અને

આ પણ બેત્રણવાર બોલી ન બોલીને તે તો **हरे मुरारे** જપતી જપતી બેશુદ્ધ થવા લાગી. મહેન્દ્ર પણ પુત્રી અને પત્નીને વળગી રહેલો **हरे मुरारे** જ જપવા લાગ્યો અને માથે તડકો તપતો જ ગયો. દરેક ક્ષણ આમ કાળ જેવી જાય છે ત્યાં સત્યાનન્દ આવી પહોંચ્યા, અને તે પણ **हरे मुरारे**ના જપમાં સાથી થયા.

ત્યાં થોડી વાર થઈને સીપાઈ જમાદાર આવી લાગ્યા, રાતે થયેલી લૂટના ચોરડાકૂઓને પકડવા તેમણે મહેન્દ્ર અને સત્યાનન્દને પકડયા બાંધ્યા અને બંનેને તેઓ જિલ્લાની રાજધાનિમાં ખેંચી ગયા. કલ્યાણીનું શબ જેવું શરીર અને પાસે સુકુમારી પડયાં રહ્યાં, પણ રસ્તે જતાં જતા સત્યાનન્દે ભજન કરવાને બ્હાને સંતાનોને સંભળાવી દીધું:

धीरसमीरे तटिनीतीरे वसति वने नरनारी ।
मा कुरु धनुर्धर गमनाविलम्बन मतिविधुरा सुकुमारी ॥

धीरसमीरे तटिनी तीरे वसति वने कल्याणी,
मा कुरु रे संतान विलम्बन मतिविधुरा सुकुमारी.

४

ભવાનન્દ આ સંદેશ સાંભળે છે, નદી કાંઠે કાંઠે આવી સુકુમારીને ઉપાડી પોતાની બ્હેન નિમિને ત્યાં જઈને સોંપે છે. ત્યાં આપણને એની વહુ શાન્તિનો પ્રથમ પરિચય થાય છે, અને તેનો આખો વિચિત્ર ઇતિહાસ પણ ધીરે ધીરે જાણવામાં આવે છે.

ભવાનન્દ આ સંદેશ સાંભળે છે, મુઘલ અમીરનો વેશ સજી ઘોડે બેસી નીકળી પડે છે, પણ રસ્તે "**वरनारी**" કલ્યાણીનું શબવત્ શરીર પડેલું જોતા, પાસે પડેલી ઝેરની શીશી પણ જોતાં, અટકે છે, જંગલમાંથી પાંદડા લાવીને તેનો રસ કલ્યાણીને ગળે ઉતારી દે છે. વિષ તુરત ઉતરી જાય છે એટલે ભવાનન્દ તેને ઘોડા ઉપર જ સાથે લઈને શહેરમાં તેને એક સુરક્ષિત જગ્યાએ રાખે છે. સાંઝ પડતા તો સેંકડો સંતાનો શહેરમા આવી લાગે છે. તેમના ધસારા આગળ અધિકારીઓ મુંઝાઈ જાય છે, અને સંતાનો મુસ્લિમોને મારતા ઝૂડતા લૂટતા અને તોપ્રા પોકરાવના કેદખાનું તોડીને સત્યાનન્દ તથા મહેન્દ્રને

પાછા લઇ જાય છે. પરંતુ ઘણા સંતાનો મુખ્ય કાર્ય પતી ગયા પછી વધારે નિરંકુશ બની રાંકડી પ્રજાને રંજાડતા હોય છે ત્યા પરગણાનું લશ્કર તોપ સાથે ચ્હડી આવે છે, અને સંતાનોને મરતાંઘવાતા ઊભી પૂંઠીએ ભાગી જવું પડે છે.

જીવાનન્દ ભવાનન્દ અને ધીરાનન્દ સંતાનોમાં મુખ્ય છે, તેઓ પણ આ ફટકાથી મુઝાય છે. મઠમાં સત્યાનન્દ તેમને ધારા પાડે છે. પોતાની વિશાળ યોજના તેમને જણાવે છે. શસ્ત્રાસ્ત્ર સામે શસ્ત્રાસ્ત્ર જોઇયે, તોપો સામે તોપો જોઈયે. એક સુરક્ષિત કિલ્લો જોઇયે. મહેન્દ્રસિંહ જમીનદારને આજે રાતે દીક્ષા આપીને હુ નીકળી પડું છું. જુદે જુદે સ્થલેથી જોઇતા કારીગરો અને સાહિત્યસરંજામ મોકલાવીશ. તે વડે મહેન્દ્રની જમીનદારીમાં જ ગઢ, તોપો, શસ્ત્રાસ્ત્ર, દારૂગોળો, તમામ બનાવીશુ અને જમાવીશું. એ બધું થઇ જાય ત્યા લગી માથું ઊચું ન કરવું: આપણું અત્યારે છે તે જ સમાલીને આપણા દુર્ગમ સ્થાનમા પડ્યા રહેવું.

કલ્યાણીને ઉગારી છે એ વાત ભવાનન્દે સત્યાનન્દથી પણ છૂપાવી છે. (સત્યાનન્દને પોતાના વ્યવસાયમાંથી પાછા વળતા જ આ હકીકત જાણવામાં આવે છે.) એટલે અત્યારે તો સત્યાનન્દ મહેન્દ્રને એટલુ જ કહી શકે છે, કે "સુકુમારી ઊગરી છે અને સુરક્ષિત છે. પ્રભુએ આટલુ સામે જોયું તેથી સંતોષ માનો; ક્યા છે તે ન જાણવુ જ ઉત્તમ કે વ્રતપાલનમાં પૂરેપૂરું ચિત્ત ચોટે. વ્રત પૂરું થયે પાછો મેળાપ થઇ શકશે, એમ શ્રદ્ધાપૂર્વક માનીને દીક્ષા લ્યો અને માના સંતાન બનો."

જીવાનન્દ નિમિત્તે ઘેરથી જાય છે અને રાત પડે છે એટલે શાન્તિ પણ ચોટલો કાપી દાઢી મૂછ લગાવી ભગવા સજીને નીકળી પડે છે, સંતાનના વેશમા મઠમા આવી ચ્હડે છે, અને વ્રત લેવા માગે છે. સત્યાનન્દ તેનો વેશ કળી જાય છે, પરંતુ તેનું બ્રહ્મચર્ય અને તેની દૃઢતા જોઇને તેને સ્વીકારે છે. મહેન્દ્રસિંહ અને આ શાન્તિ પોતાને નવીનાનન્દ કહેવડાવે છે તે એને સાથે દીક્ષા આપીને સત્યાનન્દ નીકળી પડે છે.

ઈ. સ. ૧૭૭૩ની સાલ દરમિયાન વસતી ઘટી ગઇ છે. ઘણા ગામડાં ઉખરી ગયાં છે. વાઘ, વરૂ, હાથી, સિયાળ, નાગ વધી પડ્યા

છે. મુસ્લિમ અમલ સામે બેદિલી બહુ જોરમાં ઊછળે છે. વિષ્ણુપૂજા અને હિંદુઆચારપાલન આ આનન્દવન અને આનન્દમઠમાં જ નિર્ભયપણે પ્રવર્તે છે. વળી ત્યાં ખાવાપીવાનું સુખ છે, કારખાનાં ધમધોકાર ચાલી રહ્યાં છે, ચબુતરા ચણાયાં જાય છે, વખતોવખત નવાબી લશ્કરની ન્હાની ટુકડીઓ ઉપર છાપા મારવામાં આવે છે તે ફાવી જાય છે, રેઢાં ગામોમાં મુસ્લિમોને લુટવા રંજાડવાનું પણ આકર્ષણ છે, અને સંતાનો વધતા જ ગયા છે. શસ્ત્રાસ્ત્ર, કવાયત, આદિ પણ ખીલ્યાં છે, તથા કિલ્લો અને તોપો પણ થઇ ગયાં છે, જો કે મુસ્લિમ અધિકારીઓને તેની જાણ પણ પડેલી નથી. સંતાનોના ઉપદ્રવથી મુસ્લિમ નવાબની નવાબી બંગાળાના મોટા ભાગમાં આમ નામની જ થઇ રહી છે, અને આખરે કંપની સરકારને બાજી પોતાના હાથમા લેવાની ફરજ પડે છે. હેસ્ટિંગ્સ (W. Hastings) કેપ્ટન ટૉમસ (Captain Thomas)ને લશ્કર સાથે મોકલે છે.

આ બાજુએ સત્યાનન્દ પાછા આવી ગયા છે, તો ભવાનન્દ કોઇ સ્ત્રીના પ્રેમ માટે તલસે છે જો કે તેણી એને સાંભળતી જ નથી, તેની ધીરાનન્દને ખબર પડી ગઈ છે, અને એ સ્ત્રી તે કલ્યાણી (જેને ભવાનન્દે જ ઊગારેલી) એમ સત્યાનન્દ પણ જાણી ગયા છે. રાતે ચાંદીનીમાં દશ હજાર સંતાનોનું દળ ભેગું થાય છે, તેને સત્યાનન્દ ખુશખબર આપે છે કે આપણા ગઢમાંથી આપણું તોપખાનું નીકળી ચૂક્યું છે અને તે આવી પ્હોચતાં ટૉમસના લશ્કર ઉપર પડીશું. પરંતુ ટૉમસ જ ધાર્યા કરતાં વ્હેલો ધસી આવે છે અને સૂર્યોદય પ્હેલાં યુદ્ધ શરુ થઇ જાય છે. સંતાનોની સંખ્યા ઘણી મોટી છે પણ તેમની પાસે તોપો નથી; ટૉમસનું લશ્કર બહુ ન્હાનું છે, પણ તેની પાસે તોપોનું જોર છે. આ યુદ્ધના વારાફેરા વર્ણવવામાં કર્તા હદ કરે છે. ટૉમસે સંતાનોનો ખોરફુટો જ કરવાના લોભમાં એક ભૂલ કરી. મદમા છકીને તેણે તોપો પાસે બહુ થોડાં માણસ રાખ્યાં. લશ્કરમાંનો મોટો ભાગ બાજુએથી હલ્લાં કરવાને જુદો પાડી દીધો. આથી થયું એમ કે મરણિયા સંતાનોના હાથમાં એક તોપ આવી ગઇ; તે વડે એમણે પૂલ ઉપરનો માર્ગ પોતાને કબજે રાખ્યો અને

સંતાનોની પોતાની તોપો આવી પ્હોંચતાં કંપની સરકારની સેનાનો જ ઘાણ નીકળી ગયો. આ મોટી જીતના જશ સંતાનોના બે સેનાપતિ જીવાનન્દ અને ભવાનન્દને છે; પરંતુ તેમાં ભવાનન્દ પોતે ખપી જાય છે. વ્રતભંગના પાપ માટેનું પ્રાયશ્ચિત્ત પૂરેપૂરું ચુકવીને એ સ્વર્ગે સીધાવે છે.

વળી આ જીતથી સત્યાનન્દને એટલી કાર્યસિદ્ધિના આનંદ અને ઉલ્લાસ થવા જોઇયે પરંતુ નીકળી પડે છે તેથી ઉલટું. મોટી જીત થવાથી સંતાનોમાંનો મોટો ભાગ ફાટી જાય છે, છેક કલકત્તા લગી કેર વર્તાવી મુકે છે. અને સત્યાનન્દ આને માટે નવો શો ઉપાય ચિંતવે છે, મહેન્દ્રસિંહને હિંદુ રાજા લેખે રાજ્યાભિષેક કરવાની તેની ધારણા છે કે બીજી, એ હૈં જાણવાને અવસર જ મળતો નથી, કેમ કે જીત થઇ તે જ રાતે સત્યાનન્દને સહસા તેના પોતાના ગુરુ દર્શન દે છે, અને આજ્ઞા કરે છે કે "બસ આ કર્તવ્યકર્મની માળા લગભગ આવી પુરી છે, આમાંથી નિવૃત્ત થા." સત્યાનન્દને આ ઉપરથી આભ ફાટવા જેવું વસમું લાગે છે, તથાપિ ગુરુ તે ગુરુ, આજ્ઞા તે આજ્ઞા. નિવૃત્ત થઇ જવા માટે તે મહા મહેનતે માઘ પૂર્ણિમા લગીની મુદતલ માગી લે છે.

માઘ પૂર્ણિમાના મેળા માટે સંતાનો ખૂબ ભરાયા. તે પ્હેલાં કંપની સરકારે બાતમી મેળવી લીધી હતી અને નવી સેના તૈયાર કરી હતી તેના નાયક મેજર એડવર્ડ્સ (Major Edwards) મેળાનો લાભ લઇને તે જ ટાણે મહેન્દ્રસિંહનો કિલ્લો તોપખાનું સરંજામ અને સાથે સંતાનો બધાનો નાશ કરવાનો બેત રચ્યો. પરંતુ આ વખતે પણ સંતાનોએ કંપનીની સેના કાપી નાખી. આગલા યુદ્ધમાં જેમ ભવાનન્દ માર્યો ગયો તેમ આ વધારે ખૂનરેઝભર્યા રણમાં જીવાનન્દ પણ અનેકાનેક જખમોથી વીંધાઇને શબના મોટા ઢગલા તળે પડ્યો. પરંતુ કર્તા એને આમ મુવેલો વર્ણવીને તેને પાછો સજીવન કરે છે. અત્યંતાત્યંત ઘવાઇને પડ્યો અને મુવો અને એણે એ પ્રમાણે પોતાનું પ્રાયશ્ચિત્ત પૂર્ણ કર્યું. શાંતિ—નવીનાનન્દ—એના શબને ઢુંઢવા આવે છે તેને એ ઘણી વાર લગી જડતું પણ નથી. અને જે આચરણ પરમ્પરાને માટે જીવાનન્દને પ્રાયશ્ચિત્ત કરવાની ફરજ પ્રાપ્ત થાય, તે જ

આચરણ પરમ્પરા શાન્તિને માટે પણ વ્રતભંગની પરમ્પરા જ ગણાય, અને પુરુષ રણને મોખરે ખપી જવાનું પ્રાયશ્ચિત્ત કરે, તો સ્ત્રી તેના શબને ખોળામાં લઈ સતી થઈને પ્રાયશ્ચિત્ત કરીને વ્રતભંગના પાપમાંથી નિવૃત્ત થાય. કોઈ પણ યુરોપીય કલાકારને હાથે આ વસ્તુનો અંત આવો જ કોઈ આવત, એમાં પણ શક નથી. પરંતુ આપણે ઊર્મિલ (sentimental સેન્ટિમેન્ટલ) જેટલા વધારે તેટલા કલાનિયમનમાંથી પણ છટકી જનારા વધારે. કર્તા બીજો જ અંત આણે છે. શાન્તિ શોધીશોધીને હારી જવામાં છે, ત્યાં કોઈ આવી ચ્હડે છે. અનેકાનેક શબના ઢગલા તળે પડેલો જીવાનન્દનો દેહ એ તેને શોધી આપે છે. પછી આમાં ય હજી જીવ છે એમ એ જ શાંતિને આશા આપે છે. અને એ શીંગડાને તળાવને કાંઠે આણી અનેકાનેક ઘા હતા તે ધોઈ નાખીને એ જ ચમત્કાર-પુરુષ ઘાએ ઘાએ પાદડાનો રસ સીંચે છે, તેથી આ પૂર્ણિમાની રાત દરમિયાન જીવાનન્દ એક ઊંડો શ્વાસ ખેંચીને પાછો બેઠો થાય છે. અને શાન્તિ અને જીવાનન્દનું જોડું જેવું આ જીવિતદાન દેનાર ચમત્કાર-પુરુષને પ્રણામ કરવા જાય છે, તેવો તે એમના ચર્મચક્ષુને અદૃશ્ય થઇ જાય છે.

જીવાનન્દે આમ પ્રાયશ્ચિત પૂરેપૂરું કર્યું યે ખરું અને તે જીવ્યો યે ખરો. શું બાકીના વર્ષ ગૃહસ્થાશ્રમમાં ગાળવાને ? જીવાનન્દ એટલો શુદ્ધ થયો છે કે તેને એ વાસના જ નથી થતી. એ તો કહે છે, હું મુવો નથી તો મ્હારું પ્રાયશ્ચિત પણ અધૂરું રહે છે જે મ્હારે અધૂરું નથી રાખવું. હું પાછો સંતાનો સાથે-પ્રતિજ્ઞા પ્રમાણે યુદ્ધે ચ્હડીશ અને દેહ પાડીશ. પણ શાન્તિ કહે છે, ના. આ નવા દેહે નવેસર પ્રતિજ્ઞા લ્યો તો જ એ ધર્મ ત્હમને પાછો ચોટે. સંતાનો ત્હમને મુવા અને યશસ્વી થઈ ગયા જ ગણે છે અને ગણશે. ચાલો આપણે અહીંથી આ સ્થાન અને આ વાતાવરણ અને એના વિકટ ધર્મોમાંથી ખસી જ જઇયે. તીર્થયાત્રા કરીશું. હિમાલય જઇને કરીશું. નવા ભવે, નવા ધર્મ, કેવા તે તો આ ક્ષણે શું સમજાય-ધીરે ધીરે સમજાશે એને મેળે. અને સમજાશે તેવા પળાશે. બાકી ગૃહસ્થાશ્રમની તો મ્હને પણ વાસના સમૂળગી નથી. આજ લગી બ્રહ્મચર્ય દુઃખેકષ્ટે

પાળીપાળીને તે હવે જયારે આપણી પ્રકૃતિ જ થઈ ગયું છે, ત્યારે બ્રહ્મચર્ય પાળતાં પાળતાં જ સદ્ધર્માચરણ કરીશું. કર્તાએ આ દમ્પતીના પોતાના વસ્તુમાં જે અંત યોજ્યો છે તેનો પૂરેપૂરો અને શુદ્ધ આશય આ. એકને એ રુચે, બીજાને ન રુચે, કોઇને એમાં કલાનું સૂક્ષ્મ ઔચિત્ય લાગે, કોઇને એ ન જ બેસે, એ પ્રમાણે મતભેદ તો, મ્હને લાગે છે કે રહેવાના. અને વળી આ નવલમાં જો કોઈ નાયક–નાયિકા છે, તો તે જીવાનન્દ અને શાન્તિ જ છે, એટલે આ અંશનું વિશેષ મહત્ત્વ હોવાથી, તેને વિશે મતામતિમાં ઊતરી પડિયે તે પ્હેલાં એનું વાસ્તવ (real રીયલ) સ્વરૂપ કેવું છે તે પ્રથમ બનની ચોખ્ખટે જોઇ લઇયે તો સારું, એટલા માટે આટલું લંબાણ કર્યું છે.

કલ્યાણી અને મહેન્દ્રસિંહ અને સુકુમારી પાછાં મળે છે અને આ વિપત્તિનાં વર્ષો વીતી જતા કંપની બહાદુરના છત્ર તળે તેઓ–નવલનાં પાત્રો મટી જઈ, સામાન્ય સ્ત્રીપુરુષોની જેમ બાકીનાં આયુષ્ય ગાળે છે. રાજા થઇશ તો ? એવો વિચાર મહેન્દ્રના ચિદાકાશમાં સ્ફુરે એવો, અથવા તોપણ તે એને મોહિત કરે અને લલચાવે એવો એ માણસ જ હતો નહીં, એ તો માની સેવા અને કૌટુમ્બિક જીવનનો શાંત પ્રવાહ એ બે વસ્તુ જ પ્રીછતો હતો, માની સેવા એણે અવધિપર્યન્તની જ સ્વીકારેલી હતી તે અવધિ આવી ગયો હતો, અને કૌટુમ્બિક જીવનના શાંત પ્રવાહમા જ એને મન સ્ર્વસ્વ હતું, એટલે એ ત્રણેના અંતમાં પાત્રાલેખન, કલા, કે રસની દૃષ્ટિએ કશી ન્યૂનતા જણાતી નથી.

આપણો ચમત્કાર–પુરુષ જીવાનંદ અને શાન્તિ આગળથી અદ્દશ્ય થઇને સીધો સત્યાનન્દના મઠમાં આવ્યો, કેમ કે એ જ સત્યાનન્દનો ગુરુ હતો અને માત્ર પૂર્ણિમાના વાયદા પ્રમાણે એને આવી મ્હળવાનું જ હતું. સત્યાનન્દે તેને સવાલ કર્યો:

"આવા મોટા વિજયની ક્ષણમાં જ આપ મ્હને આ ધર્મ કાર્યમાંથી નિવૃત્ત થવાની આજ્ઞા કરો છો, તેનો શો ભેદ બાકુ ?"

ગુરુ કહે "મુસ્લિમોના જુલ્મી અધીર્મી અમલના ધ્વંસ માટે અનિવાર્ય હતી ત્યાંલગી હિંસા અને લડાઇઓ ધર્મ્ય હતાં. પરંતુ હવે યુગ

બદલાયો છે. અને લડાઇઓ અને હિંસા નિષ્કારણ અર્થાત્ અધર્મ્ય બની છે."

સત્યાનન્દઃ "હિંદુ રાજ્ય હજી તો સ્થાપવાનું આખું યે બાકી છે."

ગુરુ: "હિંદુ રાજ્ય અત્યારે ગમે તેટલી હિંસા કરશો અને જીતો મેળવશો તથાપિ સ્થપાવાનું નથી. તમારા હાથ અપવિત્ર છે. તમે લૂંટફાટ ચોરી આદિ વડે સત્તા મેળવી અને જમાવી છે. એ પ્રમાણે ઊભી થતી પાપમૂલક સત્તા પાંચપંદર વિજયો મેળવી પણ જાય, આખરે તો અવશ્ય ભાગી જ પડે. સત્તાની ગાદી ઉપરથી મુસ્લિમો તો ચ્યુત થઇ ગયા છે. એ ગાદી ખાલી પડેલી છે એમ પણ નથી. ઇંગ્રેજો ગાદીએ બેસી ચૂક્યા છે. વળી ઇંગ્રેજો મ્લેચ્છ છે, મુસ્લિમોથી ભિન્ન છે. એ તમારો ભ્રમ મોટામાં મોટો છે. એમને હાથે જ સનાતન ધર્મનો પુનરુદ્ધાર લખાયલો છે બીજા કોઇને હાથે એ શક્ય ન હોવાથી જ આ નવો ઇંગ્રેજોનો યુગ બેઠો છે. ઇંગ્રેજો શત્રુ છે જ નહીં. એ જ ધર્મના અને માતા સાચા મિત્ર છે."

એમ કહીને ગુરુએ સત્યાનન્દનો હાથ ઝાલ્યો. અને નવલને સમાપ્ત કરતાં કર્તા લખે છે:

"આ કોણે કોનો હાથ ઝાલ્યો? જ્ઞાને આવીને ભક્તિનો, ધર્મે આવીને કર્મનો, વિસર્જને પ્રત્યક્ષ થઇને પ્રતિષ્ઠાનો હાથ સાહ્યો: કલ્યાણીએ આવીને શાંતિનો હાથ સાહ્યો. એ સત્યાનન્દ તે શાંતિ. એ મહાપુરુષ તે કલ્યાણી. સત્યાનન્દ તે પ્રતિષ્ઠા અને એના ગુરુ તે વિસર્જન. વિસર્જન આવીને પ્રતિષ્ઠાને લઈ નીકળ્યો. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ"

૫

'આનન્દમઠ' નવલ પ્રકટ થઇ ત્યારથી આજ લગીમાં તેની ઘણી ટીકાઓ થઇ છે. ન્હાનીમોટી ટીકાઓને શુમાર જ રહ્યો નથી. **वंदे मातरम्** ગીતની ભાષાથી માંડીને તેની કર્ણકટુતાથી આરંભીને 'આનન્દમઠ'માંના પાત્રે પાત્રના નિરૂપણ વિશે તથા તેમાંના ઘણાખરા બનાવ વિશે ટીકાઓ થઇ છે. **वंदे मातरम्** ગીતમાં એકથી વધારે પંક્તિ કર્ણકટુ છે જ. ગીત એટલે વિચાર–ભાવની જમાવટ આણી, ત્યારે આમાં તે જાડા ગાલીચામાં ઊનના તંતુ જેટલા ઘટ્ટ ખચ્યા છે. અને એ ગીતની ભાષા નથી સંસ્કૃત ને નથી બંગાળી. પરંતુ આ મોટા દોષો ય એ ગીતનો અદ્ભુત દિગ્વિજય જરા યે મોળો નથી રાખી શક્યા એ પણ જાહેર છે.

બીજી ટીકાઓમાંની ઘણી ગેરસમજથી ઉત્પન્ન થવા પામી છે, અને ઉપર ટીકાને અથવા ચર્ચાને છેક ગૌણ રાખીને જે સાર આપવામાં આવ્યો છે, તે એટલી સંભાળથી લખવામાં આવ્યો છે, કે તેને વળગીને નવલને વાંચવામાં આવતાં ઘણીખરી ગેરસમજો ઉઠતાંમાં જ શમી જશે.

બાકીની ટીકાઓ વિશે મ્હારૂં દૃષ્ટિબિન્દુ એવું છે કે પાત્રાલેખન અગર વસ્તુમાંની વિગતોને વળગીને કરવામાં આવતી ટીકાઓ આ નવલનું સાચું રૂપ ન સમજે તેને જ વત્તીઓછી વજનદાર લાગે. 'આનન્દમઠ' ભાવનામય કલ્પનાની જ ગૂંથણી છે. વાસ્તવિક વિધાન (realistic construction રીયલિસ્ટિક કનસ્ટ્રક્શન)ના નિયમો આને લાગુ જ નથી. કર્તાએ સર્જેલા વિયત્ (atmosphere એટમોસ્ફીયર)માં કર્તાએ ચ્હડાવેલો પતંગ દૂર દૂર ઊડીને ઊંચે આંખોને ચોંટાડી રાખતો ફરે છે કે કેમ, એ જ આવી કલાકૃતિમાં પ્રમાણ છે. વળી વાચકના બુદ્ધિ હૃદય અને કલ્પના રૂપ નેત્રને આમ કર્તા ઊંચે જે પતંગ ઉપર ચોંટાડવામા આવો અદ્ભુત વિજય સાધે છે, તે પતંગ પોતે એટલા ઊંડા ઊંડા થેરા અનુરાગને પાત્ર છે ખરો? સ્પષ્ટ છે કે આ નવલમાં કર્તાએ જે રચ્યું છે તે તમામ આશયપૂર્વક રચ્યું છેઃ કેવલ સૌંદર્ય નિરૂપણ કે કલાવિધાનથી ભિન્ન એવા આશયની ખાતર. અને એ આશય એક જ છેઃ દેશભક્તિ જગાડવાનો; કુટુમ્બસ્નેહ તુચ્છ વસ્તુ છે એવું અન્યાય્ય નિરૂપણ કર્યા વગર; દેશભક્તિ જાતે જ પરમ ધર્મ છે જેને નામે પાપોનાં પાપ પણ પુણ્ય બની જાય, એવું અવિચારી થૂંક એક છાંટા પણ ઉરાડ્યા વગર. અને આ આશય વિશે નો ફિલસુફી કે નીતિફિલસુફીની ચર્ચા હોય. કલાફિલસુફીને એ વિશે કશું કહેવાનું હોય જ નહીં.

વળી સામાન્ય રીતે જે વિજય ગણાય તેમાંથી એ વિજયને જ કારણ બનાવીને સત્યાનન્દ કને તેની લીલા સમેટાવી લેવી, એના રૂપ અંતવિધાનમાં અપૂર્વના કહીને ઓળખાવવી પડે એટલી બધી નવીનતા છે; તથાપિ આવું અંતવિધાન કૃતિનો રસ જાળવીને તેને સંકેલી આપે

છે એમ ભાગ્યે કહી શકાય. આવા અંતર્વિધાનનો ખુલાસો વા સાચો અર્થ ઉપર જણાવેલા આશયનો કોઈ આવશ્યક અંશ સાધી આપવાને માટે એવી યોજના જ અનિવાર્ય, એવા કોઈ રૂપનો જ હોય શકે. માત્ર કલાદષ્ટિએ આવો કોયડો કદિ નહીં ઉકલે.

આ નવલને ઐતિહાસિક કહેવામાં આવે છે તેમાં યે તથ્યાંશ એવો સરખો જ છે. સંન્યાસીઓનાં ટોળાં છોકરાછોકરીઓને ઉપાડી જવાનો જાણે ધંધો જ કરતાં; સ્ત્રીઓ છેક થોડી એવા સંઘની સંખ્યા આ રીતે જ બની રહેતી. આવી ભરતીમાંથી કોઇ વિરલ છોકરી શાંતિ જેવી પણ ફેળવાઇ આવે એ અસમ્ભવિત વસ્તુ નથી. ત્યારે શાંતિનું નિરૂપણ, ભયંકર દુકાળ, ચોતર્ફ અવ્યવસ્થા, સંન્યાસી ટોળાંઓના ઉપદ્રવ એટલે સુધી વધી ગયેલા કે કંપની સરકારની બે ન્હાની સેનાઓને પણ તેમણે આ વર્ષોમાં કાપી નાખેલી, એટલી જ ઐતિહાસિક છાંટ આ નવલના વસ્તુમાં છે. પરંતુ મુખ્ય વસ્તુ સત્યાનંદના સન્યાસી ઝુંડ જેવા ઉચ્ચાશયી ઝુંડનું નિરૂપણ છે; અને એવાં ઉચ્ચાશયી ઝુંડો પણ આ કાળે હતાં વા સંભવિત તો ગણી શકાય, એવો દાવો કરવાને લેશ પણ પુરાવો આને ઐતિહાસિક નવલમાં ગણનાર કોઈ વિવેચક બતાવી શક્યો નથી. એટલે આખી રચના ભાવનામય અદ્દભુતકથા (idealistic romance આઇડીઅલિસ્ટિક રોમાન્સ)ની છે. રચના આશયપ્રેરિત (with a purpose ઉ-વિથ એ પર્પઝ) છે એ લક્ષણ પણ ઐતિહાસિક કરતા અદ્દભુતકથાને વધારે અનુકૂલ છે.

આ કૃતિ ઇતિહાસના પાયા ઉપર રચાયેલી નથી એટલું જ નહીં પણ એ તો ઇતિહાસ ભૂલકને બદલે ઇતિહાસસર્જક નીવડેલી છે. લોર્ડ લિટન (Lytton)ના અમલના આરંભમાં એ લખાઇ. કોન્ગ્રેસ (I. N. Congress) પણ ત્યારે જન્મી ન હતી. હ્યુમ (A. D. Hume) આઇ. સી. એસ. (I. C. S.)માંથી નિવૃત્ત થયા ન હતા. દેશભક્તિ, દેશાનુરાગ, કે તે કાળને શબ્દ વાપરિયે તો સ્વદેશાભિમાન નવુંસવું જ હતું. રાજા રામમોહનરાયના સમયથી બીજ નંખાયલું તે હજી બહુ ધીમે ધીમે ખીલતું ફાલતું હતું. અને એ સ્વદેશાભિમાન હજી આખા ભારતને માટે અંકુ-

ભાવના અને સંપના રૂપનું હતું.* એવે સમયે આવી ઊગી ઊંડી ગાઢ ભક્તિ જેવી. અસ્મિતાનો હૃદયને ભીંજવે અને કલ્પનાને ઉત્તેજે એવો બોધ, તથા એ અસ્મિતાના લાયક પાત્ર લેખે ભરતખંડને ઠેકાણે માત્રેમ બંગાળાનો જ જપ, આ પુસ્તકનાં વિલક્ષણ અને સર્જક તત્વો છે, અને તે જ આ નવલને પ્રજાના માનસને યોગ્ય વલણ આપનાર એક ઐતિહાસિક બલ (force ફોર્સ)નું ગૌરવ અર્પી રહ્યાં છે. લોર્ડ કર્ઝને (Curzon) બંગાળાના બે ભાગ કરી દરેક ભાગને તેમાંની બંગાળી પ્રજાના કરતાં મોટી સંખ્યાવાળા બીજા લોકોના પ્રાંતો સાથે ભેળવી દીધા, અને તુરત બંકિમચંદ્રે વાવી રાખેલાં આ બીજે કેટલાં બલવાન હતાં, ઊગી નીકળીને અંજાણ્યાં જ કેટલાં સજ્જ થઇ ગયાં હતા તે જણાઇ આવ્યું. वंदे मातरम् ગીત રાત અને દિવસ કંઠે કંઠમાં ગાજી રહ્યું, અને હિન્દે પણ તેમા સૂર પૂર્યો. તે ક્ષણથી એ ગીત ગવાતું જ રહ્યું, નિરંતર ગવાઇ રહ્યું, બંગાળી પ્રજાના આગ્રહના સૂર ફેલાવતું રહ્યું, ઈ. સ. ૧૯૧૨ માં શહેનશાહે એ વિભાગો રદ જાહેરાતીને આખી બંગાળી પ્રજાના ઐક્યની પાછી એક ઈલાકામાં પ્રતિષ્ઠા કરી ત્યાં લગી. એક માત્ર નવલનો આ પ્રકારનો વિજય થાય, તે એનો ન્હાનોસૂનો વિજય ના જ ગણાય. આ પ્રમાણે જે વિરલ ચોપડી આખી પ્રજાની પ્રિય ચોપડી લેખે સ્થપાય, તેમાં કલાદોષો હોય તેની તર્ફ એ પ્રજા આત્મીય જનના દોષો તર્ફ આપણે સૌ જોઇયે છિયે એવી મીઠી નજરે જ જુવે.

ત્યારે એ સમય દરમિયાન જે નિરંકુશ આઇન-દ્રોહી (anarchist એનાર્કિસ્ટ) પાક્યા હતા, જેમણે નિર્દોષોનાં ખૂન પણ કર્યા

---

* वंदे मातरम् ગીત બંકિમચંદ્રે 'આનન્દમઠ' લખતાં પૂર્વે લખી રાખેલું આ બીજ ઉગાડી શકાય એવો સમય અને એવા બનાવ મળી આવતાં નવલ રચાઇ.

'જય જય ગરવી ગૂજરાત' ૧૮૭૩ થી થોડું જ ન્હેલું લખાયેલું. બંગાળામાં જેમ બંકિમની દેશભક્તિ તેમ ગૂજરાતમાં નર્મદની અપવાદ રૂપ જ હતી. 'જય જય ગરવી ગૂજરાત' ગજવનારા ગૂજરાતીઓ ૧૯૦૫ પ્હેલાં બહુ જ થોડા.

હતાં, અને જેમનાં કેટલાંક ગુપ્ત ટોળાંઓમાં આ નવલ ભગવદ્‌ગીતાની સાથે નિત્ય પાઠ માટે વપરાતી પણ હતી,—તે સર્વ દૌરાત્મ્ય અને પાપી વલણ ઉપજાવવાનો પોટલો થોડો પણ આ ચોપડીને માથે આવે ખરો? આવો સવાલ કુદરતી છે, પરતુ એ સવાલમા જ તેનો સાચો જવાબ સમાયલો છે. ભગવદ્‌ગીતાને માથે એવો આરોપ આવી શકે, તેટલો જ આને માથે, એટલે કે એવો આરોપ નિર્મૂલ અને ધીચકારો જ ગણાય. નવલમાં ઠેકાણે ઠેકાણે કર્તાએ પોતાની રચનાનો આવો અનર્થ કોઇ કરી જ ન શકે તેને સારુ સ્પષ્ટ લખેલું જોવામાં આવશે, અને આમાં કોઇ કોઈ સ્થાન એવાં પણ છે કે ત્યાં કલાદોષ થઇ જાય છે તેની દરકાર પણ બાજુએ રાખીને કર્તાએ સ્પષ્ટતા સાધી છે. વળી અજબ જેવી અગમચેતીથી કર્તાએ પ્હેલી જ આવૃત્તિની પ્રસ્તાવનાના ચાર વાક્યમાં પણ એક આ લખેલું છે:

समाज-विप्लव अनेक समयेइ आत्मपीडन मात्र; विद्रोहीरा आत्मघाती.

અથવા આને અગમચેતી કહેવામા પણ આપણે કર્તાને અજાણતાં અન્યાય કરિયે છિયે. કર્તાના આશયનું એમણે નિર્ધારેલું સ્વરૂપ જ એવું હતુ કે તેમાથી આવો અનર્થ પ્રથમથી અને દૃઢતાપૂર્વક એમણે બહિષ્કૃત ગણેલો.

એટલે આવા આરોપના ખંડન માટે બંગાળી વિવેચકોએ કર્તાનાં 'ભારતકલંક', 'ભારતવર્ષની સ્વાધીનતા અને પરાધીનતા', 'કમલાકાન્તનું દફતર' આદિ નિબંધો અને લખાણોમાંથી અનેક અવતરણો ટાકી બતાવ્યાં છે, તે અહીં સંભારવાની જરૂર પણ જણાતી નથી.

અને છેવટ, આ નવલની બીજી નવલોની સાથે એક વા બીજી દૃષ્ટિએ સરખામણી ઘણા બંગાળી લેખકોએ કરેલી છે, જેમાંથી કલારસિક વાંચનારને કેટલુંક સુંદર અને નાજુક સૂચન મળે એવું છે. પરંતુ, બંકિમચંદ્રની આ એક કૃતિને જ પૂરી સહાનુભૂતિથી વાંચવામાં વાચકને બનતી મદદ કરવી, એટલો જ આ નિબંધનો વિષય હોવાથી, એવા કોઇ સંબદ્ધ વિષયમાં પણ પેંચવાની ઇચ્છા નથી.

બલવંતરાય કલ્યાણરાય

સમુદ્રતટ

ક્યાં સુધી તું સહન કરશે આધિ ઉપાધિઓને ?
થાકી પાકી હૃદય ! અહિં રે અલ્પ વિશ્રાંતિ લે ને;
દુઃખે વીંટયું જગત તદપિ ઇશકેરે પ્રતાપે,
સૃષ્ટીનાં આ સુભગ વિરલાં સત્વ આનંદ આપે.

ગાત્રોને આ શિતલ જલથી સિંચતો મંદ વાયુ,
ઇચ્છે એવું શ્રમ તજી પછી કર્મમાં સજ્જ થા તું;
ને જો પેલો ગભિર સ્વરથી ઘુઘવે અબ્ધિ જોરે,
કર્મોને એ પ્રિય વદી વદી શૌર્ય ઉત્સાહ પ્રેરે.

ભેટે સૌને દિનકર વળી હસ્ત પ્રીતે પ્રસારી,
આવું પાછો ઝટ અહિં વદી એમ વિશ્વાસ આપી,
બેસી ખોળે ઉદધિ ગુરૂના નાચતો એ મઝેથી,
જાણે હર્ષે ઇતર જગના જીવતાર્થે જવાથી.

શું એ જોઇ ઉદધિ ઉછળે પૂર્ણ વાત્સલ્યભાવે ?
કે એ જાણે વિભવ સઘળો સૃષ્ટીનાં સત્વમાંહે ?
હા ! હું જાણું તુજ બલ ઘણું, તુજ મોટો નિયંતા,
સૃષ્ટી તારી અતુલ સઘળી પાર આવે ન કહેતાં.

લક્ષ્મીશંકર મોરારજી ભટ્ટ

જીવનનાં જળ

:એક પત્રમાંથી:

પ્યારા દોસ્ત!

… … …

દસકા પહેલાં હું બાળા હતી. શેરીને શાન્ત ખૂણે સૌ સહિયરો રમાય એટલી રમત રમતા, લાગ સાપડતાં વરવહુના ખેલ પણ પૂર દાદથી ભજવી લેતાં.

એમાં એક દિવસ કૌતુક થયું. એક નવું જ પાત્ર–કોઈ ગરીબ બિચારો–અમારી સામે આવી ઉભું રહ્યું. અમને–સ્નાયું પૂછો તો મને એકને જ એની એટલી બધી દયા આવી કે તેનું નામઠામ પણ પૂછ્યા વિના એને અમારી રમતમાં રમતો કરી દીધો. એ પળે એની આંખમાં જે હર્ષ ઉભરાયો તે અનિર્વાચ્ય હતો……

જ્યારે જ્યારે કોઈ આવું અમારા મંડળમાં આવી ચડતું ત્યારે અમને એકજ રમત સુઝતી, અને તે રાજારાણીની. કોઇ સહિયર રાજા થાય ત્યાર ઠરતા આવે પ્રસંગે, જે રાણી બને. તેને, ગમે તે કારણે ખૂબ જ મઝા પડતી: અને પરીણામે સહિયરોમાં પારાવાર ચડસાચડસી થતી. કેટલાય સમયથી હું કોઈની રાણી થઇ નહોતી એટલે આજ તો હું જ રાણી બની બેઠી અને બાકીનીને પ્રધાન, સીપાઇ

વિના હોડા વહેંચી માર્યા. પેલો ભિખારી તો રાજ્ય કરવા જ આવ્યો હતો ને?

રાજ્યની ઉપજ વિષે અમે ગંભીર મસલત કરતાં હઇશું ત્યાં સામેથી કોઇ જબરું લશ્કર આવી ચડ્યું. તેમનું ખડખડાટ હસવું તોપના ગડગડાટ જેટલું ભયંકર હતું. સીપાઇ ને પ્રધાન ક્યાંઇ સંતાઇ ગયા; મારો રાજા તો શત્રુને શરણે જઇ હળીમળી ગયો......

એ રાતે મને એક સમાચાર મળ્યા. ત્યારે જાણ્યું કે પેલો અજાણ્યો તો એ જ સવારે બહાર ગામથી આવ્યો હતો; ને જે લશ્કરે અમારી કચેરીને બરખાસ્ત કરાવી હતી તે તેનાં સગાસંબંધીનું તેની શોધમાં નીકળેલું સરઘસ હતું. પણ પેલા ગડગડાટનું કારણ તો અદ્‌ભુત નીકળ્યું. એ તવંગરની હું ક્યારેક મિલ્કત થનાર હતી.

... ...

જીવનનાં જળ એમ જ વહ્યાં કરવાનાં. અમારી કુદરતની પિછાન જેમ જ આપણી અંતરની ઓળખાણ સામે સૌ છબ્બીનું અટ્ટહાસ્ય જ ફેંકવાનાં......

વનવેલી મહેતા

What is vague and indefinite has a charm for youth.

Anatole France

પૂર્વ અને પશ્ચિમના ગૃહજીવનનું સામ્ય

આપણા અને પશ્ચિમના ગૃહજીવનમાં સૌથી મોટો ફેર એ છે કે આપણું કુટુંબ સંયુક્ત છે ત્યારે પશ્ચિમનું વિભક્ત છે. આપણાં શહેરોમાં હાલ કેટલીક વખત વિભક્ત કુટુંબો નજરે પડે છે પણ તે ઉપરથી એમ ન કહી શકાય કે સંયુક્ત કુટુંબની ભાવના નષ્ટ થઈ છે. હજી પણ સંયુક્ત કુટુંબની સંસ્થા કાયમ છે જ. શહેરોમાં પણ અમુક આર્થિક જરૂરીયાતોને લીધે જ કુટુંબો વિભક્ત થતાં જાય છે. સંયુક્ત કુટુંબની ભાવના તો સર્વત્ર ટકી રહી છે. પશ્ચિમમાં એ ભાવના કે સંસ્થા કદિ હતી જ નહિ અને હાલ પણ નથી.

સંયુક્ત કુટુંબની રીતને લીધે આપણા દેશમાં દસ વર્ષનો બાળક પણ પતિ બની શકે, કેમકે એને પોતાની પત્ની કે ભવિષ્યનાં બાળકોના પોષણની ચિંતા હોતી નથી. ઘરના વડીલો એ ભાર ઉઠાવે છે. પરંતુ પશ્ચિમમાં એથી તદ્દન ઉલટું છે. ત્યાં પુરુષ જાતે કમાય ત્યાં સુધી તેને પરણવાનો હક નથી. ત્યાંના રીવાજ પ્રમાણે કોઈપણ પુરુષ પોતાના સામાજિક દરજ્જાના પ્રમાણમાં પોતાની સ્ત્રીનું પોષણ કરવા જેટલું કમાતો ન હોય તો એનાથી કોઈ પણ કન્યા પાસે લગ્નની લાગણી કરી શકાય જ નહિ. જો કરે તો તે અપમાનકારક જ લેખાય. પુરુષ પરણે કે તરત જ એને પોતાનાં માતપિતાથી જુદા રહેવું પડે છે; એટલે દરજ્જે ત્યાં વિભક્ત કુટુંબની ભાવના વ્યાપેલી છે.

સૌથી વધારે ફેર આપણી અને પશ્ચિમની સ્ત્રીઓમાં છે. પશ્ચિમની સ્ત્રીઓ શરીરે સશક્ત, ઉત્સાહી, આનંદી અને પરિણામે તેજસ્વી દેખાય છે. આપણી સ્ત્રીઓ બિચારી શરીરે અશક્ત, નિરુત્સાહી, નિર્માલ્ય. પાશ્ચાત્ય સ્ત્રીઓ તો મોજમજા જ ભોગવી જાણે છે, ઘરકામને હાથ પણ લગાડતી નથી એ ભાવના આપણા મગજમાં ક્યાંથી ભરાઈ; તે સમજાતું નથી. અહિં જે યુરોપીઅન સ્ત્રીઓ આવે છે તેમના વર્તન ઉપરથી આપણે કદાચ અનુમાન બાંધતા હોઈશું. પણ અહિં આવનારી લગભગ બધી જ મોટા પગારદાર અમલદારોની સ્ત્રીઓ હોય છે. તેથી તેમને કામ કરવાની જરૂર પડતી નથી. અને વળી કદી ન જોએલો વૈભવ જોઈ તેઓ અંજાઈ પણ જાય છે. બાકી પશ્ચિમના દેશોમાં વસતી સ્ત્રીઓ જેટલું ઘરકામ આપણી સ્ત્રીઓ કદિ પણ કરી શકે નહિ. ત્રણ વખત રાંધવું, વાસીદાં વાળવાં, વાસણ માંજવા એ ઉપરાંત આઠે દિવસે ઘરના બધા કપડાં ધોબીની પેઠે ભાવવાં, ધોવાં, અસ્ત્રી કરવી, એ સર્વ કરવું પડે છે. દરરોજ બારણાંનાં કાચ, સાંકળો વગેરે પિત્તળની ચળકતાં કરવાં પડે છે. લાકડાના સામાનને હાથે જ પૉલિશ કરવું પડે છે. થોડે થોડે દિવસે આખું ઘર સાબુના પાણીથી ધોવું પડે છે. આવાં અનેક કામ ત્યાં ઘેરઘેર સ્ત્રીઓ કરે છે અને તે છતાં આપણે એમ માનીએ છીએ કે પ્રાશ્ચાત્ય સ્ત્રીઓ તો માત્ર મોજમજા જ કરી જાણે છે! એ દેશોમાં નોકરોને પગાર બહુ મોટો આપવો પડે છે અને જુદો સ્વતંત્ર ઓરડો પણ આપવો પડે છે. તેથી સાધારણ સારી સ્થિતિના લોકોને ત્યાં પણ સ્ત્રીઓને હાથે જ કામ કરવું પડે છે. સ્વભાવે આનંદી અને ઉત્સાહી હોવાથી સ્ત્રીઓ નવરી પડે ત્યારે મોજમજા કરે છે. પણ તેથી તેમના કામની કિંમત કાંઈ ઓછી થાય છે?

ત્યાંની સ્ત્રીઓની ઉન્નત સ્થિતિનું મુખ્ય કારણ એ જ કે દીકરીની "દહાડી માડી" ગણાતી નથી. પુત્રના જન્મ વખતે આનંદોત્સવ અને પુત્રીના જન્મ વખતે શોક, "એક પથરો વધ્યો" એવા ઉદ્ગાર, એવી ત્યાં રીત નથી. અમુક ઉંમરે તો કન્યાનું લગ્ન કરવું જ જોઇએ એવો રીવાજ નથી એટલે કુંવારી દીકરી "સાપના

ભારા" જેવી લાગતી નથી. આનો અર્થ એમ નહિ કે પુત્રીના લગ્નથી માબાપને આનંદ નથી થતો. આનંદ થાય એ તો સ્વાભાવિક છે. પણ "હવે તો ઉકરડો થઈ, જમે તેરા વર સાથે પરણાવી દો" એવા વિચાર પ્રવર્તતા નથી.

પશ્ચિમના જે સ્ત્રીવર્ગ ઉપર આપણે ખાસ તિરસ્કારની નજરથી જોઈએ છીએ તે ધંધો કરી કમાતી સ્ત્રીઓ. આપણે એમ માની બેઠા છીએ કે પુરુષોના પંજામાંથી છુટવા કે પોતાની મીલ્કત કરવાના સ્વાર્થી વિચારથી જ એ સ્ત્રીઓ કમાય છે. પણ ત્યાં ચાલતી મોંઘવારીને લીધે કેટલી બધી સ્ત્રીઓને ફરજીયાત કમાવું પડે છે તે આપણે લક્ષમાં લેતા નથી. વળી લડાઈ પછી પુરુષોની અછત થઈ ગઈ છે એટલે દરેક ધંધા માટે જોઈએ તેટલા પુરુષો મળતા નથી અને દરેક સ્ત્રીને પતિ મળતો નથી. એટલે સ્ત્રીઓ ધંધો ન કરે તો શું કરે? હાલ તો એવી સ્થિતિ આવી છે કે વિદ્યાભ્યાસ પુરો થાય કે તરત કન્યાને પણ યુવકો માફક જ ધંધો શોધવો પડે છે. આ સ્થિતિ ઈષ્ટ તો નથી જ. પણ જે પરિસ્થિતિ છે તેને અનુકુળ થવા માટે સ્ત્રીઓએ જે મહાન પ્રયોગ આરંભ્યો છે તે માટે તેમને ધન્યવાદ આપ્યા વિના કેમ ચાલે? પુરુષો યુદ્ધમાં ગયા ત્યારે તો પુરુષે કરવાનાં એકેએક કામ સ્ત્રીઓએ ઉપાડી લીધાં હતાં. દેશનું કોઈ પણ કામ એવું ન હતું કે જે પુરુષોની ગેરહાજરીને લીધે બંધ પડયું હોય. આવી સમર્થ સ્ત્રીઓ તરફ માનની દૃષ્ટિએ જોવાને બદલે આપણે તિરસ્કાર બતાવીએ છીએ! ધારો કે આપણા દેશમાં સમસ્ત પુરુષ જાતિને યુદ્ધમાં જવાનો પ્રસંગ આવે તો આપણી અશક્ત નિર્જીવ જેવી સ્ત્રીઓ શું કરી શકે?

પાશ્ચાત્ય ગૃહજીવનનું બધું જ કામ ઘડીયાલના કાંટા પેઠે ચાલે છે. દરરોજ ઘડીયાલમાં અલાર્મ મુકી વખતસર ઉઠવાનું. જમવાનું પણ દરરોજ અમુક કલાકે જ થાય. અને તે વખતે બધાંએ હાજર રહેવું જ જોઈએ. સ્ત્રીઓ દરેક કામ પદ્ધતિસર અને વખતસર કરે એટલે ઘણું કામ છતાં એમને નવરાશ મળે જ. અઠવાડીઆમાં લુગડાં ધોવાનો અમુક દિવસ, અસ્ત્રી કરવાનો અમુક દિવસ, એમ ઠરાવેલું હોય છે અને ગમે તેમ થાય પણ એમાં ફેર પડતો નથી. આપણા

વરઘોડા નક્કી કરેલા વખત કરતાં એ કલાક મોડા ચઢે, એવું પાશ્ચાત્ય જીવનમાં કોઈ પણ કામમાં ચાલી શકે જ નહિ.

કૌટુંબિક જીવનનો આનંદ એ શું છે તે હું તો ધારું છું કે પાશ્ચાત્ય વિભક્ત કુટુંબમાં વસનારાં જ જાણે છે. આપણાં સંયુક્ત કુટુંબોમાં સ્ત્રીઓ મોડી રાત સુધી કામમાંથી પરવારે જ નહિ. વળી જ્યાં પુરુષો બેઠા હોય ત્યાં સ્ત્રીઓથી જવાય જ નહિ. અને સ્ત્રીની હાજરી વગર કૌટુંબિક જીવનનો ખરો આનંદ મળી શકે જ નહિ. પાશ્ચાત્ય ગૃહજીવનને આપણે "ઢુંગલીઢુંગલી"નું જીવન કહી વખોડી કાઢીએ છીએ. પણ એ માત્ર "ઢુંગલીઢુંગલી"નું જીવન નથી. કુટુંબમાં બાળકો, કેટલાંક સગાં, મિત્રો તેમના બાળકો એ સર્વે એકઠાં થઈ કુટુંબનો આનંદ ભોગવે છે. બધાં છૂટાં રહેતાં હોય છતાં રાત્રે કામકાજથી પરવાર્યા પછી અથવા રવિવારે ભેગા થવાની કાંઈ મનાઈ નથી. અને એ પ્રમાણે ભેગા થઈ સંગીત કે કાંઈ રમતનો આનંદ બધા કરે તેવો આપણા વીસ પચાસ માણસના કુટુંબમાં કદિ પણ મળી શકતો જ નથી.

એમ પણ કહેવાય છે કે આપણું સંયુક્ત કુટુંબ આત્મભોગની ભાવના ઉપર રચાયું છે અને પાશ્ચાત્ય વિભક્ત કુટુંબ તો સ્વાર્થવૃત્તિ ઉપર રચાયું છે. પણ મારી માન્યતા પ્રમાણે તો કુટુંબજીવનનો પાયો જ આત્મભોગ છે. પછી તે સંયુક્ત કુટુંબ હોય કે વિભક્ત. સ્ત્રીપુરુષ અન્યોન્ય માટે કે પોતાનાં બાળકો માટે આત્મભોગ આપે તો જ કુટુંબજીવનનું નાવ ચાલી શકે. અને આમ પોતાનાં પ્રિય સ્વજન માટે મનુષ્યો ખુશીથી આત્મભોગ આપી શકે. પણ આપણાં સંયુક્ત કુટુંબોમાં તો ઘણીવાર સાતમી પેઢીનાં સગાં માટે પણ આત્મભોગ આપવો પડે. આમ આત્મભોગ આપી આપીને જ આપણાં જીવન નિરુત્સાહી થઈ ગયાં છે. આત્મભોગ એ ઉમદા વસ્તુ છે પણ સાથે આત્માની ઉન્નતિ કરવી એ પણ બહુ જરૂરનું છે. વળી બળજબરીથી અપાતા આત્મભોગની કિંમત શી છે? એને "આત્મભોગ" ભાગ્યે જ કહી શકાય.

પતિવ્રતા સતીઓ માત્ર આપણા દેશમાં જ વસે છે એમ તો

આપણા નવાણું ટકા માણસો માને છે. પણ હું તો ધારું છું કે જન-સ્વભાવ દરેક દેશમાં સરખો જ છે. પતિને માટે પ્રાણ અર્પણ કરનારી સ્ત્રીઓ માત્ર હિંદમાં જ થઇ નથી, દરેક દેશમાં થઈ ગઈ છે. પણ બીજા દેશોમાં એવી માન્યતા નથી કે હજારો વર્ષ ઉપર થઇ ગએલી સતીઓનાં નામ દરેક ભાષણ, દરેક લેખ, દરેક પુસ્તકમાં આવવાં જ જોઇએ. એથી આપણે અન્ય દેશોની સતીઓ વિષે ઘણું જાણતાં નથી. વળી સ્ત્રી પતિનું દાસત્વ સ્વીકારે એમાં જ સ્ત્રીનો કે પ્રજાનો મોક્ષ છે એમ પણ મનાતું નથી. તેથી સ્ત્રી આગળ તો માત્ર સતીનો જ આદર્શ મૂકાય—બીજો નહિ એમ ગણાતું નથી. તેથી જ સતીઓ વિષે કંટાળો આવે એટલી હદ સુધી ત્યાં સાંભળવામાં આવતું નથી. બાકી સતીત્વનો કે પતિવ્રતનો ઇજારો આપણા દેશે જ લીધો છે એમ નથી.

ગૃહજીવનનું મૂળ તે લગ્નની સંસ્થા. પાશ્ચાત્ય લગ્નની સંસ્થાને વખોડી કાઢી આપણે આપણા લગ્નના આદર્શોનાં ગુણગાન કરવા મંડી જઇએ છીએ. પણ અત્યારે આપણો લગ્નનો આદર્શ શો છે? ધામધૂમ, વરઘોડા, જમણવાર, આતશબાજી, રંગરાગ એજ. કોના વરઘોડામાં સાજન વધારે મોટું હતું, કોના સામેલા વધારે અને શોભીતા હતા, કોને ત્યાં જમણમાં વધારે વાનીઓ હતી એ બધી ચડસા-ચડસી એજ આપણું ધ્યેય થઇ પડયું છે. વર કેવો છે એ તો બહુ ગૌણ બાબત ગણાય છે. પાશ્ચાત્ય લગ્નનો આદર્શ સ્નેહ લગ્ન છે. અલબત્ત ત્યાં પણ પસંદગીમાં ભૂલો તો થતી જ હશે અને કેટલાંક જોડાં દુઃખી થતાં હશે. પણ એકંદરે સ્નેહલગ્નનો આદર્શ ધામધુમના આદર્શ કરતાં ઉંચો છે જ.

પશ્ચિમના ગૃહજીવન ઉપર જો કોઇ મોટું કલંક હોય તો તે લગ્નભંગ–છુટાછેડા (divorce) છે. અલબત્ત એની સ્થિતિ આપણે અહિં બેઠાં બેઠાં કલ્પીએ છીએ તેવી ખરાબ તો નથી જ. પણ તોએ પશ્ચિમના બીજી રીતે ઉજ્જવલ ગૃહજીવન ઉપર એ એક મોટું લાંછન છે. પાશ્ચાત્ય લોકોને અને ખાસ કરીને સ્ત્રીઓને લાગવા માંડયું છે કે લગ્નભંગને હાલ જે ફજેતીનું રૂપ મળ્યું છે તે દૂર થવું જ

જોઇએ. કોઈ દંપતીને એક બીજા સાથે જીવનનાવ ચલાવવાનું અશક્ય લાગે તો તેઓ કાયદાનો આશ્રય લઈ છુટાં પડે એ એક જુદી વાત છે. પણ કોર્ટમાં તે કેસ ચાલતી વખતે માત્ર કુતૂહલ ખાતર જ લોકોની ઠઠ જામે, વર્તમાનપત્રોમાં તેનાં લાંબાં લાંબાં વર્ણનો છપાય અને દુનિયા તે રસથી વાંચે એ સર્વ અનિષ્ટ છે. ઘણાં દંપતી આ ફજેતીથી ડરીને જ અત્યંત પ્રતિકૂલ કે દુઃખી સંયોગોમાં પણ જીવન નિભાવી રહે છે. પાશ્ચાત્ય સ્ત્રીઓ એટલી શક્તિમાન છે અને મારી ખાત્રી છે કે થોડા વખતમાં એવો કાયદો થશે કે લગ્નભંગના બધા કેસો ન્યાયાધીશની ખાનગી ઓફિસમાં ચલાવવા.

આ પ્રમાણે મેં યથામતિ પૂર્વ અને પશ્ચિમના ગૃહજીવનનું સામ્ય નહિ પણ ઘણે ભાગે જુદાપણું આપ સર્વ સમક્ષ રજુ કર્યું છે. યુવકો એના ઉપર વિચાર કરી આપણું ગૃહજીવન ઉન્નત કરવા યત્ન કરશે એમ આશા રાખું છું.

સરોજિની મહેતા

ઇતિહાસનો થોડો પણ અભ્યાસ કરતાં માલમ પડે છે કે એક જમાનામાં જે રીત કુદરતી લાગે છે તે બીજા જમાનામાં ભયંકર લાગે છે. પહેલાંના યુગની રૂઢિનો વારસો આપણને મળે તેમાં આપણો દોષ નથી. પણ તે વિષે પાપ જણાયા પછી તેને નબળાઇથી કે નાહિંમતથી એમ ને એમ રહેવા દેવી એ મને અસહ્ય લાગે છે.

ઇન્દુલાલ યાજ્ઞિક

જીવનમય ચુંદડી

ઝીણી ઝીણી વીતકની વાત સુણો રસસુંદરી;
મારી ઢળતી ચોખલિયા ભાત જીવનમય ચુંદડી.

જાગે નિત્ય ઉષા પુરપ્રાણ રમે નભકુંવરી;
છાએ કુંકુમે પૃથ્વીના મ્હાણ જીવનમય ચુંદડી.

શાણી ખમતી સુરજસંતાપ શરદ વનવેલડી;
ઢાંકે છેવલે સુમનપરાગ જીવનમય ચુંદડી.

વેરે અમૃતરસ, ઉલ્લાસ આતુરચિત્ત ચંદની;
ઝીલે સૃષ્ટિના સુંદર રાસ જીવનમય ચુંદડી.

ધીરી ધીરી સંકેલી હેત સંધ્યાની સાહેલડી;
દેતી શાશ્વતના સંકેત જીવનમય ચુંદડી.

ઝીણી ઝીણી જગતની વાત જુઓ રસસુંદરી;
મારી ઉડતી તારલીઆ ભાત જીવનમય ચુંદડી.

દેશળજી પરમાર

વીણા પ્રતીક્ષા ૧૯૨૭

ભાભી

વેકેશન પૂરી થઈ. કાલે સવારમાં મુંબાઇ જવાનું હોવાથી મેં સામાન બાંધવા માંડ્યો. બેકનના નિબંધો, રોમીઓ ને જુલીએટ, રોમનો ઇતિહાસ, શાકુંતલ, હિંદનું રાજકીય બંધારણ વગેરે ગોખી ગોખીને પુસ્તકો એકઠાં કરવા માંડ્યાં; બ્રશ, કાંસકી, ટૂથપાઉડર એમાં કર્યા: કૉલર, ટાઈ, પીન, શર્ટ વગેરેનો ઢગ માર્યો; ત્યાં મારી ભાભી હસમુખ આવી પહોંચી. શેતરંજી પર બેસતાં એ બોલી: " લાવો દિયરજી, બાંધવા લાગું."

" તમને નહીં ફાવે. અંગ્રેજી ચોપડીઓમાંથી એકાદ ભૂલી જઈએ તો પંચાત;" મેં કહ્યું.

" હા ભાઇ! અમે અભણ રહ્યાં. પણ તમે હવે ક્યારે પરણો છો? પરણો તો આવા કામમાં મદદ કરનારી તો મળી રહે."

" જો પાછી મશ્કરી!"

" ના મશ્કરી નથી કરતી. હવે તમારે પરણવું જ જોઇએ. બા બાપા રોજ ફીકર કર્યા કરે છે."

" કોઇ શોધી મૂકી છે, ભાભી?"

" અમારી શોધેલી અમારા જેવી હોય."

" તે ભાભી, તમે કાંઇ ખોટાં છો? તમારા જેવી મળે તેનાં ધન્ય ભાગ્ય," એમ બોલી મેં નિસાસો નાખ્યો.

ભાભી

વીણા વારિ•

હસમુખ ખરેખર અમારા ઘરની લક્ષ્મી હતી. બહુ રૂપાળી નહોતી, ઝાઝું ભણી નહોતી, ગરીબ ઘરની હતી; પરંતુ એનામાં જે અનેક ગુણ હતા, તેની ગણના પણ ન કરી શકાય. સદા હસમુખને મેં કદી ગંભીર કે ગુસ્સે જોઈ નહોતી. સાલસ મરતાને મેર ન કહે એવી એ દરેક ઉપર સરખો ઉમળકો બતાવતી. મારૂં તારૂં ન જાણનાર એ ઘરનાં સૌ ઉપર સરખું વહાલ રાખતી. સંગીતશાળામાં ગઈ નહોતી, છતાં કોમળમાં કોમળ કંઠે મધુરમાં મધુર ગાઈ શકતી. સાદામાં સાદી વાનીને સ્વાદિષ્ટમાં સ્વાદિષ્ટ કેમ બનાવવી એ કળા તો એનીજ. ભરવું, ગુંથવું, સીવવું એ એને મન રમત. આવા આવા ભાભીના ગુણનો વિચાર હું કરતો હતો. તેમાં વિક્ષેપ પાડી હસમુખ બોલી: " તમારા ભાઈની અદેખાઈ આવે છે ? તમે પણ ક્યાં ઓછા છો ? પેલી તરલા—શું—બળ્યું મને તો બોલતાએ આવડતું નથી—તરલિકાની તમે વાત કરતા હતા, તેનું પછી શું થયું ? "

" ભાભી ! મેં એની સાથે કાંઈ ચોક્કસ વાત કરી જોઈ નથી. પણ તે હા પાડે તોય બા બાપા ઓછા હા પાડવાના છે ? "

" દિયરજી ! તેની તમારે કાંઈ પંચાત છે ? તમે પરણવાનું નક્કી કરો; પછી પરણાવવાનું મારા હાથમાં. હાં, પણ ભાઈ, તમે કાલે જશો; પરંતુ તમારે જલદી પાછાં આવવું પડશે. "

" શા માટે ? "

" મારા ભાઈનું લગન છે, તે માટે પીયેર તમારે આવવું જ પડશે."

" ભાભી, ટર્મની અધવચમા અવાય ? "

" અવાય કે ન અવાય એ તમે જાણો. મેં મારે કહી દીધું. મારો એકનો એક ભાઈ, તમે એકના એક દિયેર. બોલો આવશો કે નહીં ?"

વહાલસોઈ ભાભીને કોઇનાથી ના પડાઈ છે કે હું ના પાડી શકું ? મેં કહ્યું:" ભાભી જેવી તમારી મરજી. પણ બહુ દિવસ રોકશો નહીં. "

મારા જવાબની રાહ જોયા વિના જેવી ઋજુતાથી આવી હતી તેવી " નાનો દિયેરિયો લાડકો, કાંઈ મેદી લાવે વાડકો " એ ગાતી ગાતી તે ચાલી ગઈ. કાંઈવાર સુધી એ ચરણના રણકારા મારા કાનમાં ગુંજી રહ્યા.

૨

મુંબાઈ આવ્યા પછી મેં મારો વખત લેસન કરતાં તરલિકા પાછળ વધારે ગુમાવવા માંડ્યો. એ ને હું ત્રણ વર્ષથી કૉલેજમાં સાથે હતાં. દરેક પરીક્ષામાં એ પહેલી ને હું બીજો, એવો અમારો અભ્યાસ હતો. કેટલીક વાર અમે સાથે વાંચતાં, ને કેટલીક વાર સાથે ટેનિસ રમતાં. ભાભી સાથેની વાતચીત હવે મારા મનમાં રમી રહી. તરલિકા વિષે મેં ભાભીને ઘણીવાર વાત કહેલીઃ તેની તારીફ કરેલીઃ ભાભી ચીડવે ત્યારે કહું, કે મારે કોઈ ઝોડ તમારા જેવું વળગાડવું નથી પણ મારે તો તરલિકા જેવી કોઇ જોઇએ. એ તરલિકા સાથે હવે મારો પ્રસંગ વધવા માંડ્યો હતો, ને સ્વર્ગ હાથવેંતમાં જણાતું હતું.

વનસ્પતિવિદ્યા ને પ્રાણીવિદ્યા એ અમારા મરજીઆત વિષય હતા. એક દિવસ કૉલેજના બાગમાં અમે બે જુદી જુદી વનસ્પતિઓની ખાસીઅતો જોતાં હતાં. સૂરજ આથમવાની તૈયારી કરતો હતો. તેનો સોનેરી પ્રકાશ તરલિકા પર પડ્યો હતોઃ એનું માથું ઉઘડી ગયું હતું, ને વાળની લટો પવનની લહરિઓ સાથે સાતતાળી રમી રહી હતી. એનું મોહક મુખડું વધારે મોહક બની રહ્યું. મેં સંયમ ખોયો, ને કહ્યું: "તરલિકા—?"

"શું છે? કહો, કેમ અટકી ગયા?"

"ના તું—તમે ગુસ્સે થશો, નહીં બોલું."

"આ નાટક શું કામ કરો છો? બોલો."

"તરલિકા, હું તને ચાહું છું."

આ શબ્દો મારા મોંમાં જ રહ્યા. એ એટલી બધી ગુસ્સે થઈ ગઈ, કે એના નાકનું ટેરવું ઉંચું ચઢ્યું, આંખો લાલ થઇ, દાંત કચકચ્યા ને શરીર આખું ધ્રુજી ઉઠ્યું. ક્રોધથી કંપતા સ્વરે તેણે મને ઉધડો લીધોઃ "મિસ્ટર, આજે તો બોલ્યા તે બોલ્યા, પણ ફરીવાર જો આવો શબ્દ કાઢ્યો, તો તમે તમારી વાત જાણ્યા. જરાક સાથે વાંચ્યું, સાથે બોલ્યાં કે રમ્યાં, એટલે જાણે પરણી ચૂક્યાં. આપણા લોક કેટલા જંગલી છે? અને મારી સાથે પરણવાની તમારી શી

તાકાત ? તમે કોણ ને હું કોણ ? તમે ગામડીઆ, હું શહેરીઃ તમે ગરીબ, હું ધનવાનઃ તમે બીજે નંબર, હું પહેલે નંબરઃ તમે હોઠ, હું—"

"બસ કર તરલિકા, હું આગળ સાંભળવા ઇચ્છતો નથી;" કહી હું ઉઠયો. એણે રૂમાલ કાઢી મોં લુછયું. ત્યાં પાઉડરના લપરકા એના ગાલ ઉપર થઇ રહ્યા. સૂરજ આથમી ગયો હતોઃ સોનેરી પ્રકાશની જગાએ સફેદ પાઉડરમાં ચામડીની ઘઉંવર્ણી ભાત પડી હતી. પવન બંધ પડયો હતોઃ ઉડતી લટો કાન ઉપર ચોટી જતા પાઉડરને ખેરવી રહી હતી. એની એ જ તરલિકા અત્યારે મને અળખામણી લાગી. માણસની મનની વૃત્તિમાં જ સુરૂપ અને કદ્રૂપતા રહેલાં છે.

હું ઘેર પહોંચ્યો. મારૂં શમણું ભાંગીને ભૂકો થઈ ગયું હતું; એનો મને શોક કે નિરાશા નહોતી. માત્ર મને તરલિકાની તોછડાઈ અને આપબડાઈ, ગર્વ અને ક્રોધ યાદ આવ્યાં કરતાં હતાં. એની એ જ વાત તે સહેલાઇથી કહી શકી હોત. આ કેવી કેળવણી ! ક્યાં તરલિકા ને ક્યા હસમુખ ! ભાભી યાદ આવી. એ પુણ્ય સ્મરણની સાથે જ મારી ગ્લાનિનો નાશ થયો; મેં રૂમમાં આંટા મારવા માડયા, ત્યાં ટપાલીએ નાખેલા કાગળ ઉપર મારી દૃષ્ટિ પડી. ત્રણ કાગળ હતાઃ ભાભીનો, ભાઇનો અને ભાભીના બાપ તરફની કંકોત્રી. ભાભીએ એકાદ દિવસ વહેલો આવવા સૂચના કરી હતી.

3

ભાભીનું પીયેર રામપુર હતું. સુથરોડ સ્ટેશનથી વીશેક માઇલ દૂર વિકટ પગરસ્તે થઈને ત્યાં પહોંચવાનું હતું. ગાડાં, બળદ ગાડી કે ઘોડાનો ઉપયોગ માત્ર થઇ શકે. હું ત્યાં જઇ પહોંચ્યો. ભાભીનાં પીયેરીઆં અડધાં અડધાં થઈ ગયાં. લગ્નની ધામધુમ અને ક્રિયામાં વખત જવા લાગ્યો.

ગરમી સખ્ત હતી. નહાવા માટે ઠંડું પાણી શોધવાનું મન થયું. હું તળાવ પહોંચ્યો. બપોરનો વખત હતો. તળાવ ઉપર ઝાઝાં માણસ નહોતાં. મારેથી થોડે દૂર એક છોકરી લુગડાં ધોતી હતી; તેણે કાછડો

ચાળ્યો હતો, તેથી અડધા ઉપરાંત પગ ઉઘાડા દેખાતા હતા. સીધા ટટ્ટાર મરોડદાર પગના સ્નાયુઓ પોતાની ક્રિયા સાથે ઉંચા નીચા થતા હતા. તંદુરસ્તી અને સૌંદર્ય બંનેનો સુમેળ સધાયો જણાયો. થોડી વારમાં હું નહાવા ઉતર્યો. પગ લપસ્યો. આંખે અંધારા આવ્યાં, કાનમાં ગણગણાટ થયો, મોં ફાડી ગયું, પાણી પીવાયું, જીવ ગભરાતો ગયો, લાલપીળાં દેખાયા, નીચેને નીચે ઉતરતો ગયો, ઉંચે આવ્યો, ફરી ડુબ્યો—ને પછી અંધારૂં ઘોર.

બેભાન અવસ્થામાંથી જાગ્યો ત્યારે તળાવની પાળ ઉપર મેં મને જોયો અને પાસે પેલી છોકરી તથા તેની બેચાર બેનપણીઓને મેં દીઠી. વસ્તુસ્થિતિ સમજી ગયો. એ છોકરીએ મને પાણીમાંથી બહાર કાઢ્યો હતો. હું ઉપકારવશ કંઇ બોલી શક્યો નહી. ઘણા યત્ન પછી મેં કહ્યું: “ પાડ તમારો, મને મરતો બચાવ્યો. ”

એ કાંઇ બોલી નહીં. મેં ફરી કહ્યું. “ તમને તરતાં આવડે છે ? મને તો ડુબતાં આવડે છે. તમે તો તરી ને તારી જાણો છો. ”

એ શરમાઈ ગઇ; પણ છેવટે એણે ઉમેર્યું: “ અમારે ત્યાં તો ઘણુંખરાં બૈરાં તરવાનું જાણે છે. ”

એટલું બોલી એ નહાવા પાણીમા પડીને તરવા લાગી. હું એ દશ્ય ક્યાં સુધી જોઇ રહ્યો.

બીજે દિવસે હું સ્ટેશન રોડ તરફ ફરવા ગયો, તો સામેથી મને એજ ઘોડા ઉપર બેસીને આવતી જણાઈ. એની સાથે એના ભાઇ ને બાપ કે એવું કોઇક જણાયું. સ્ત્રીઓ ઘોડા ઉપર બેસે એવું મેં આજે જાણ્યું. આ નવો દેશ મેં જોયો, અહીં સ્ત્રીઓ તરે ને ઘોડે ચઢે. બાકી મેં મુંબાઇમાં સ્ત્રીઓને સ્વિમિંગ બાથમાં તરવાનું શીખતી જોઈ છે; અને અમદાવાદ મુંબાઇની શેઠાણીઓ, જેઓ માથેરાન કે મહાબળેશ્વરમા ઘોડે બેસવાનો શોખ ધરાવે છે, તેમની હિંમત તેમના વતનમાં ઉડી જતી મેં જોઇ છે. આવી છૂટ ગુજરાતના ગામડામાં હોય છે એ વાત મેં પહેલ વહેલી આજે જાણી, ને મારાં સ્વદેશાભિમાન અને સ્ત્રી-માનભાવના ઉછળી આવ્યા.

બપોરે પાછો હું તળાવ પહોંચ્યો. હું નહાવા પેઠો ને પેલી છોકરી કપડાં લઇને આવી. એણે દૂરથીજ મશ્કરી કરી.

"જો જો પાછા લપસતા નહીં."

હું બહાર આવ્યો ને એની સાથે વાતે વળગ્યો. એનું રૂપ ઔર હતું. રૂપનાં ઘણાં વર્ણન મેં વાંચ્યા છે; અને ઘણાં સ્ત્રી પુરુષોની સુંદરતા મેં નિહાળી છે. પણ આની કાંતિ કાંઇ જુદા પ્રકારની હતી. એકજ માણસના બધા અવયવ સરખા નથી હોતા. રૂપાળામાં રૂપાળા પુરૂષની કે સ્ત્રીની બંને આંખો સમાન ઉંચાઇએ હોય, બંને કાન સરખા કદના હોય, બંને નસકોરાની આકૃતિ સરખી રીતે ઝુલતી દેખાય, બંને હાથ સરખા લાંબા હોય, બંને ભમર એક ઘાટની હોય, એવું કદાપિ બનતું નથી. તમે ધારીને જોશો—આવું પ્રથક્કરણ કરશો, તો આ ભેદ કળાશે. પણ આ છોકરીમાં રૂપ, કાંતિ એ બેની સાથે રંગ અને પ્રમાણનો સુમેળ મળ્યો હતો. હું ધીમે ધીમે તેના તરફ આકર્ષાયો; અને તે પણ મારા તરફ ખેંચાતી જણાઈ.

એમ ને એમ બે દિવસ અમારો સહવાસ ચાલ્યો; દરમિયાન મેં તેનું નામઠામ વગેરે બધી હકીકત મેળવી લીધી હતી, ને તેણે મારે વિષે જાણવા જેવું બધું જાણ્યું હતું. હવે મારે મુંબાઈ જવાનું આવ્યું હતું, તે કહેવા તથા કાગળપત્તર લખવાની વિનંતી કરવા હું છેવટનો તેને મળવા તળાવે પહોંચ્યો. અમારી વાત પૂરી થઇ: દિલ દેવાઇલેવાઇ ગયાં; ત્યાં ભાભી આવી પહોંચી. દૂરથી એણે મને જોયો. પાસે આવી તે હસી પડી ને બોલી.

"દિયરજી! મને શી ખબર તમે ગુલાબને ઓળખતા હશો—એ મારી દૂરની સગી છે."

"ભાભી, હું ડુબતો હતો, તે મને એમણે બચાવ્યો—એટલુંજ ઓળખાણ છે."

"વારૂ, ચાલો, ઘેર તમારા ભાઇ રાહ જોઇ બેઠા છે."

ન છૂટકે હું ભાભીની જોડે ચાલ્યો, ને મુંબાઇ જવા રવાને થયો.

૪

મુંબાઇમા મારે કાંઇ પરીક્ષા આપવાની નહોતી. જ્યુનીઅરનું વરસ હતું, પણ વચમાં થોડા દહાડા રામપુર જઇ આવ્યો હતો, એટલે આ વખતે વેકેશન મુંબાઇમાં ગાળી વાંચવાનું મેં નક્કી

કર્યું હતું. એકાદ કાગળ મેં ગુલાબને લખેલો ને એવો પણ તેનો ઉત્તર આપેલો. પછી તો હું વાંચવામાં પડ્યો; ને એને વિસરી ગયો.

કૉલેજ બંધ થઈ. બોર્ડીંગમાં બેચાર છોકરા રહ્યા. મેં ખુબ વાંચવા માંડ્યું. એવામાં મને નીચેના બે કાગળ મળ્યા:

૧

ચિ. ભાઇ,

આ કાગળ મળેથી તું ઘેર આવજે. તારે માટે કન્યાનું નક્કી કર્યું છે, તે જરા નજર તળે કાઢી જા. હવે તારી ઉંમર થઇ છે, ને અમારી અવસ્થા થઇ છે, માટે ઝટ લગન કરી નાખવાનું અમે નક્કી કર્યું છે.

લી. તારા બાપુના આશિર્વાદ.

૨

રા. રા.

તમારો કાગળ ઘણા દિવસથી નથી. મને ભૂલી ગયા હશો, પણ મારાથી તમને ભૂલી જવાતા નથી. હવે કદાચ આ છેલ્લો મેળાપ હશે. મારા બાપ મારું લગ્ન કરવાના છે, તે મારા વરને બતાવવા મને મારે મોસાળ મોકલવાના છે. હું શી રીતે આ આફતમાંથી બચીશ ? ઇશ્વર તમને સુખી કરે !

લી. ગુલાબના પ્રણિત.

આ બંને કાગળો વાંચી હું ગાભા જેવો થઈ ગયો. એક તરફ મારાં લગન બીજી છોકરી સાથે, ને બીજી તરફ મારી પ્રેમીનાં લગ્ન બીજા છોકરા સાથે થવાની તૈયારી હતી. હું કેવો કમનસીબ!

પણ આખરે હું દિઢુ હતો. હિંદુઓ એટલે કબાબરા—આજ્ઞાંકિત દાસાનુદાસ પુત્રો અને પુત્રીઓ. મેં ઘેર જવાનું નક્કી કર્યું. ત્યાં જઇને શું થાય છે તે જોવું એવો નિશ્ચય કરી હું નીકળ્યો.

મારા મોં ઉપર શોક અને ગમગીની સ્પષ્ટ તરવરી રહ્યાં. હસમુખને મેં મનની વાત કરી. એણે કહ્યું : " ભાઇ, શીકર કેમ કરો છો? છોકરી તો જુઓ. તરલિકા જેવી નહીં હોય, તો પણ જોવામાં શી હરકત છે ?"

" પણ મેં દિલ બીજીને દઇ દીધું છે, હવે શું કરું ? "

" અરે. એક ફેરા જુઓ, ને પછી ન ગમે—ન કરવું હોય—તો ના કહેજો. હું તમને મદદ કરીશ. "

ભાભીની દીધી હિંમતે મારા પગમાં જરા જોર આવ્યું. મારી બા સાથે હું છોકરી જોવા ચાલ્યો. બે ત્રણ પોળો વટાવી અમે એક ઘેર આવ્યાં. ત્યાં અંદર ઓરડામાં અમે બેઠાં, ને તુર્ત ઘરધણીએ છોકરીને અંદર બોલાવી : " બહેન, જરા પાણી લાવ તો. "

આછું ઓઢી લથડતી ચાલે એ " બહેન " આવી. એના પગમાં જરાકે જોર નહોતું, એની ચાલમાં જરાકે વિશ્વાસ નહોતો.

પરધણીએ છોકરીને ત્યાં જ બેસવા કહ્યું. બેજ બેજ એ બેઠી; બેસતાં છેડો માથા પરથી સર્યો. મેં મારી ભાવી પત્નીને જોઈ, તેજ વખતે એણે મારા તરફ જોયું; આંખે આંખ મળી અને અમે બંને એકી સાથે બુમ મારી ઉઠયાં: " ઓ ! તમે ? "

આ તો ગુલાબ નીકળી ! થોડી વારે અમે ઉઠયાં. ઘેર પહોંચ્યા પછી મારી બાએ ભાભીને મારી પાસે મોકલી. એના હંમેશના સ્મિત-ભર્યા મોંએ ભાભી આવી, ને બોલી : " કેમ, દિયરજી છોકરી ગમી ? તરલિકા જેવી તો ગામડામાં ન મળે, પણ આંખ ઠરે એવી હતી કે નહીં ? "

" ઠીક છે, ભાભી ! " મેં ટુંકામાં પતાવ્યું, પણ ભાભી એમ જતું કરે એમ થોડું જ હતું. એણે ફરી પૂછ્યું : " ન ગમે તો ના કહેજો, બેલાશક. હું તમારી પડખે છું. ગભરાતા નહીં. બોલો એ નહીં ને બીજી. "

" તમને ગમી કે નહીં, ભાભી ? "

" હું કયાં જોવા આવી હતી ? તમને ગમવી જોઇએ. ધણીને ગમે તે ધણીઆણી, રાજાને ગમી તે રાણી. બોલો, પાછળથી મારો વાંક કે બાનો વાંક ન કાઢશો. "

" ભાભી ! ચાલશે. "

" મારા સમ ગમી ? "

" હા—હા ! "

૫

મારાં લગ્ન થઇ ગયે ચાર પાંચ દિવસ થયા. મારી મેડીએ ગુલાબ ને હું હીંચકે બેઠાં હતાં, ત્યાં હસમુખે નીચેથી બુમ પાડી: " દિયરેજી, આવું કે ? "

મેં રજા આપી : " હા આવો. "

હસમુખ ઉપર આવી ને બોલી : " કેમ દિયરજી, ગુલાબ કેવી છે ? —તરલિકાની સરખામણીમાં ? "

" ભાભી ! એવો સવાલ ન પૂછો. તમારી સાથે સરખામણી કરાવો, તો જુદી વાત. પણ હ, ભાભી ! તમે જાણતાં હતાં, કે બાપાએ ગુલાબને જ શોધી હતી, છતાં ઠેઠ સુધી મને અંધારામાં કેમ રાખ્યો ? "

" તે મને શી ખબર કે તમે ગુલાબને ચહાતા હશો ? તે દિવસે રામપુરમાં મેં તમને પૂછ્યું હતું ત્યારે માત્ર હુબતો બચાવ્યો એટલીજ વાત તમે કરેલી. વહુ તરીકે એ તમને ગમે કે ન ગમે, હું કેવી રીતે કહી શકું ? વળી તમે તરલિકા જોડે લગ્ન કરવાનું મને કહેતા હતા. "

" એ વાત જવા દો. "

" શા માટે ? મને કહો જોઇએ, તરલિકાનું શું થયું ? "

" એણે પરણવા ના કહી. "

" કેમ ? "

" એ પહેલે નંબર પાસ થાય છે, ને હું બીજે ! "

" શાબાશ ! આટલા બધા ગ્રેજ્યુએટો અભણ સ્ત્રીઓને પાલવે છે, પણ કોઈ ગ્રેજ્યુએટ સ્ત્રી અભણ નરને પાલવશે ? અને તમે કયાં અભણ છો ? ભાઇ, જવા દો, અમે સ્ત્રીઓ બહુ ભણવાને અગર હક્ક ભોગવવાને લાયક નથી. અમે ઝઘડાઈ જઇએ છીએ. "

" ભાભી ! એ ખરી વાત નથી. બધી સ્ત્રીઓ તરલિકા જેવી ન હોય. વળી હમણાં થોડી સ્ત્રીઓ ભણે એટલે એ પણ ગર્વનું કારણ. "

" જવા દો એ વાત. ભલે તરલિકા સારે ઠેકાણે પડે ને સુખી થાય, કે કુંવારી રહે ને સેવા કરે; પણ ગુલાબ અહીં તો તેનું ઠામ રાખશે એની મને ખાત્રી છે. "

" તમારી પસંદગીમાં કાંઇ મણા રહે ? "

" મારી ? " ભાભીએ હાજી ખાંઇ એકદમ પૂછ્યું.

" હા, તમારી, તમારી, સાત વાર તમારી. મારી ખાત્રી છે, કે બધી વાત તમે જાણતા હતા, ને મને નકામો બનાવ્યો. "

" છેક એમ નહીં, ભાઇ. જરા ગમ્મત કરવાનું મને મન થયેલું ખરૂં. તમારૂં મન પૂરૂં પારખેલું નહીં, પણ રામપુરમાંથી મને નક્કી લાગેલું કે તમારા ઉપર ગુલાબે કાંઇક મોહિની પાથરી છે. તેથી જ મેં તમને કહ્યું, કે એક વખત જુઓ, ને ન ગમે તો ના પાડજો. તમને પહેલેથી કહી દીધું હોત, તો કદાચ તમે ના પાડો કે સોંઘા મોંઘા થાઓ. "

" તું પક્કી છે, ભાભી ! "

'તમે'નું તું મારાથી કહેવાઇ ગયું. એ સ્નેહ સમજી હસમુખે એ જ સર્વનામ વાપર્યું: "ભાઇ, તારૂં ભલું થયું હોય તો પક્કી: પાજી કાંઇ ?"

" ભાભી ! દુનિયામાં જો કોઇ દેશમાં ભાભીનું સાચું સત્પણ હોય, તો તે આ ગુજરાતમાં. અહીં ભાભીરૂપી દેવીઓના ઉમળકાથી કાંઇક નણંદોના તથા દિયરોના ઘરમાં કંકુના થયા છે. ગુજરાતી સંસાર ભાભીથી પનોતો છે. "

નારદ

Short story is a suggestive art.
Albright

હિંસાનું તત્ત્વજ્ઞાન

બે હજાર વર્ષ પહેલાનું પાણીપતનું મેદાન એ પ્રજાકીય સંસ્કૃતિનો જીવંત ઇતિહાસ છે. મહીભર અર્જુન જેવા મહારથી ત્યાં થંભી જાય છે: એના હૃદયમાં જે કર્તવ્યવિમુખતા જન્મી છે એને એ પ્રેમધર્મ માને છે: અને એ શ્રીકૃષ્ણના વેગમાં કૃષ્ણને પૂછે છે કે આ સ્વજનને મારવાથી ફાયદો શું? અને ગદ્દગદ્દ કંઠે કહે છે કે: **પ્રતાન્ન હંતુમિચ્છામિ ઘ્નતોઽપિ મધુસૂદન।**

સમાજશાસ્ત્રના અને માનસશાસ્ત્રના પ્રબળ અભ્યાસી શ્રીકૃષ્ણે જુદાજુદા દૃષ્ટિબિન્દુઓથી અર્જુનને બતાવી આપ્યું કે પ્રજાકીય સંસ્કૃતિમાં જેટલું સ્થાન અહિંસાને છે તેટલું જ હિંસાને છે.

વસ્તુતઃ હિંસા ખરાબ છે એમ કહેવાથી જ હિંસા ખરાબ બને છે. આખી દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી હિંસા અને અહિંસા એવા બે ભેદ નથી: એ બે કૃત્રિમ ભેદો વિશ્વપ્રેમને નામે ઉપજાવી કાઢેલ છે. જે હિંસામાં સંસ્કૃતિ કે ભાવના ન હોય તે તો ચોખ્ખું ખૂન છે. એમાં વિકૃતિ છે. પરંતુ જ્યાં જ્યાં મનુષ્ય ઉન્નત ભાવનાઓથી પ્રેરાઈને હિંસાને કર્તવ્યધર્મ સમજે છે, ત્યાં ત્યાં તે હિંસાથી જેટલો ઇશ્વર સન્મુખ થઈ શકે છે તેટલો અહિંસાથી થઈ શકતો નથી. અને એટલા માટે એ પવિત્ર હિંસા તે જ શુદ્ધ અહિંસા છે.

"પણ મનુષ્યસ્વભાવ જ્યારે બુદ્ધિપ્રધાન બને છે, ત્યારે એમ

પણ બને છે કે પોતાના બેવકૂફ સ્વભાવને તે પવિત્ર હિંસા માનવા પ્રેરાય: માટે જ એક શુદ્ધ અહિંસા ને વિશ્વપ્રેમ મનુષ્ય જીવનને તારી શકે."

આ સિદ્ધાંત સર્વદેશી જેવો દેખાય છે અને છતાં તેના જેવો છીછરો સિદ્ધાંત બીજો એકે નથી. જેમ મનુષ્યસ્વભાવ પોતાના કરપીણ કૃત્યને પવિત્ર હિંસા માનવા લલચાશે, તેમ જ તે પોતાના બીકણ સ્વભાવને અહિંસા માનવા લલચાશે. એટલા જ માટે સમાજશાસ્ત્રના મનુ જેવા પ્રખર અભ્યાસીઓએ હિંસાનું ઝેર ચૂસી લઈ, એને પ્રજાકીય ચૈતન્યના ઝરારૂપ બનાવી એનામાં તેજ મૂક્યું: અને હિંસાધર્મને સમાજનું એક અંગ ગણાવ્યું; અને એમ પણ સમજાવ્યું કે જ્યાં સુધી હિંસાધર્મ પવિત્ર મર્યાદાઓ વચ્ચે છે, ત્યાં સુધી તે અહિંસા રૂપ છે. જેમ ગૃહસ્થાશ્રમીને એક પત્નીવ્રત એ સાચું બ્રહ્મચર્ય છે, તેમ સમાજ અને સંસ્કૃતિનું રક્ષણ કરનાર, જે વર્ગ હોય તે વર્ગ માટે, હિંસા એ પવિત્ર ધર્મ છે.

ઘણાને પ્રશ્ન ઉઠશે કે જે સમાજનું રક્ષણ હિંસાથી થાય તે સમાજની કેટલી પતિત દશા હશે ? જે સંસ્કૃતિ હિંસાથી રક્ષાય તે સંસ્કૃતિ જ ક્યાં રહી ? પણ ખરો પ્રશ્ન તો એ જ જોઈએ કે જે સમાજનું રક્ષણ કરવા, પોતાના પ્રાણનું હમ્મેશને માટે બલિદાન દઈ બેઠેલ એવો આખો વર્ગ જ સમાજના રક્ષણ માટે તૈયાર હોય તે સમાજનું સંઘટ્ટન કેટલું આદર્શ સમજવું ? અને સંસ્કૃતિ એ બજારમાં મળી શકે તેવી ચીજ નથી: અમેરિકાનો સમર્થ ફીલસુફ વિલ્યમ જેમ્સ સાચું જ કહે છે, કે જે પ્રજામા વીરપુરુષો ઉત્પન્ન થયા હોય તે પ્રજા જ વીરપુરુષ ઉત્પન્ન કરી શકે છે: અને વીરપુરુષના જન્મમાં સમય જેટલું કામ બજાવે છે તેના કરતા વધારે વંશપરંપરા જાળવેલી સંસ્કૃતિ બજાવે છે. એટલા માટે, જે પ્રજા પ્રાણવાન રહેવા માગતી હોય તેણે હિંસાનું ઝેર મૂકી દઈ હિંસાનું તેજ સાચવવું. અહિંસાધર્મ જ્યારે મર્યાદા વટાવે છે, ત્યારે એ હિંસાનાં કરતાં વધારે પ્રાણઘાતક નીવડે છે. જેમ હિંસાથી મનુષ્ય પશુ જેવો બને છે, તેમ અહિંસાથી પથ્થર જેવો બને છે. બીજા ઉપર વૈર લેવાની વૃત્તિથી પ્રેરાયેલી

હિંસા, ખરે જ, મનુષ્યની પતિત દશા દર્શાવે છેઃ પરંતુ ખુદ જેને મારે મનુષ્ય જીવે છે, એવાં પોતાનાં સગાંવહાલાંને રુઁપાતાં જોયાં છતાં, પોતે નિઃશસ્ત્ર નહિ, પરંતુ શસ્ત્ર લઇને કર્તવ્યધર્મની ખાતર ત્યાં જ જે રુઁપાઇ ન પડે તે, તે અહિંસક છે, કારણ કે તે પથ્થર છે!

અમુક સંયોગમાં અહિંસા જાળવવી પ્રતિષ્ઠારૂપ છેઃ પરંતુ એ ઉપરથી જ એક વાત સિદ્ધ થાય છે કે અહિંસા સનાતન ધર્મ નથી. પણ અહિંસા જેવું સુંદર ધાર્મિક તત્ત્વ જે પ્રજા ન સાચવી શકે તે પ્રજા સંસ્કૃતિમાં ઘણી પછાત રહી જાય, માટે જ, અહિંસાને પોતાનો પ્રિયધર્મ ગણનાર એક વર્ગ જુદો બન્યો છેઃ તે બ્રાહ્મણવર્ગ. તે વર્ગનો અહિંસા વિશિષ્ટ ધર્મ છેઃ જ્યારે તે જ અહિંસા ક્ષત્રિયનો સામયિક ધર્મ છે. અહિંસા ક્ષત્રિયનો ધર્મ નથીઃ અને જે પ્રજા પોતાને પ્રાણવાન રાખવા માગતી હોય તેણે અહિંસાને સનાતન ધર્મ તરીકે સ્વીકારવો નહિ. અહિંસા એ પ્રજાકીય ધર્મ નથીઃ કોઇ પણ એક વર્ગનો ધર્મ છે. અને જ્યારે અહિંસાધર્મનું આ વર્ગીકરણ વિનાશ પામ્યું છે ત્યારે આખી પ્રજા નાશ પામી છે. ગૌતમબુદ્ધ પછી જે પ્રજાકીય વિનાશ થયો તેમાં ઘણાં કારણોમાં એક પ્રબળ કારણ બુદ્ધશાસન હતુંઃ ગુજરાતની વૈભવશાળી પ્રજાની પતિત અવસ્થા થવામાં પણ જૈનશાસન એટલે જ અંશે જવાબદાર છે. કુમારપાળની અહિંસક વૃત્તિ જ્યારે બધી જ મર્યાદા વટાવી ગઇ, ત્યારે જ ગુજરાત પડયું. અહીં એટલું ધ્યાન રાખવું જોઇએ કે સિદ્ધરાજ જયસિંહના ઘણાખરા મંત્રીઓ જૈન હતા. પરંતુ તે ખરેખરા પ્રભાવશાળી હતાઃ અને તેમણે મહા ચાતુરીથી ધર્મ અને રાજનીતિનો ભેદ સંભાળી રાખ્યો હતો. પરંતુ કુમારપાળે રાજનીતિ અને ધર્મનીતિના ભેદની ભીંત ભાંગી નાંખી. એટલા અવિવેકથી ગુજરાતનું પતન થયું. આ ઇતિહાસ એટલું જ દર્શાવે છે કે જે પ્રજાને પોતાના ચૈતન્યનો તણખો સતેજ રાખવો હોય તેણે અહિંસાને પ્રજાજીવનમાં પ્રધાન સ્વરૂપ ન આપવું. રાજનીતિની ખાતર પ્રજામાં શૌર્ય પ્રકટાવવા હિંસાનો ભય છોડાવવો એ એક જુદી વાત છે, અને એકલી અહિંસાથી જાણે કે હિંસા ખરાબ હોય એમ ધારીને, પ્રજાશાસન કરવું એ તદ્દન જ જુદી વાત છે.

એ ઉપરાંત માનવજીવનની ફીલસુફી સમજાવે છે કે, જન્મે એ દરેકને જીવવાનો હક્ક નથીઃ જીવન ભોગવી જાણે એ દરેકને જીવવાનો હક્ક છે. જો મનુષ્ય કોઈ ગંભીર ભૂલ કરે, તો તેના હક્કપર ધ્યાન રાખીને, કુદરત એને ફરી જીવન બક્ષતી નથીઃ જેને જીવનનો ઉપયોગ ન હોય તેને જીવવાનો હક્ક નથી.

એ જ વાત અર્જુનને સમજાવતાં કૃષ્ણે કહ્યું છે કે આતતાયીને મારનાર ખરો અહિંસક છેઃ કારણ કે તેણે આતતાયીને મારીને સમાજની જે સેવા કરી છે તેમાં હિંસાનું બધું જ ઝેર શમી જાય છે. મને નુકશાન કરનાર પર હું દયા કરું, અને તે આતતાયી છતાં ક્ષમા કરું, એ મ્હારું ઉજ્જવલ ચારિત્ર છે. પણ હું જ્યારે સમાજની સેવા કરતો હોઉં, અથવા મ્હારા જીવન પર બે ચાર મનુષ્યોનો નિર્વાહ હોય, ત્યારે જો હું આતતાયીને ક્ષમા કરું તો સમાજની સેવા ચૂકું છુંઃ અને મ્હારો ધર્મ ભૂલું છું. મ્હારો ધર્મ આતતાયીને મારવાનો છે માટે ત્યાં હિંસા એ જ ઈશ્વરી ધર્મ છેઃ ને અહિંસા એ પાપ છે ને આપઘાત છે. જે ધર્મથી સાધુ બંધાયેલો છે, તે ધર્મથી ગૃહસ્થ મુક્ત છેઃ અને જે ધર્મથી ગૃહસ્થ બંધાયેલો છે તે ધર્મથી સાધુ મુક્ત છે.

આ ઉપરથી એટલું જ સમજવાનું છે કે, હિંસાધર્મ પોતે ખરાબ નથીઃ એટલું જ નહિ પણ એનામાં મનુષ્યના અમુક ગુણો બહાર લાવવાનો, અહિંસા જેટલો જ અવકાશ છે. હવે જ્યારે સૂક્ષ્મભેદ સમજ્યા વિના કે સમજાવ્યા વિના એ દરેક માણસ, અહિંસાધર્મ જ પ્રવર્તાવવાના કાર્યમાં લાગે તો એક પરિણામ ચોક્કસ આવેઃ ગૂજરાતની પ્રજા વહેલી નબળી થાય ને વહેલી વિનાશ પામે. મૂળ તો ગૂજરાતની ભોળી બોને ધર્મના છત્ર નીચે પોતાનું બીકણપણું સંતાડી દેવાનો શોખ છે જ, તેમાં અહિંસાધર્મ વધારે નબળાઈ રેડશે એટલું જ.

જેમ નબળાઇના વાતાવરણમાં જાળવેલી અહિંસા પાપરૂપ છે તેમ વૈરના વાતાવરણમાં કરેલી હિંસા પાપરૂપ છે. હિંસા માટે આટલા પ્રતિબંધની જરૂર છે. એથી વિશેષ કાંઇ કહેવું અથવા મરીફૂટીને

ધર્મ જાળવવો, તે એક વ્યક્તિ માટે કે વર્ગ માટે યોગ્ય છેઃ પ્રજા માટે નહિ.

અહિંસાનો ઉપદેશ પ્રજા ઝીલે છે ત્યારે એનામાંથી પોતાના ભૂતકાળના ઇતિહાસ પ્રત્યેનું માન નાશ પામે છેઃ હલદીઘાટના મેદાનમાં જે ચૌદ હજાર વીર મેવાડીઓએ મેવાડનું નાક સાચવવા લોહી રેડ્યું તેમનો, અહિંસાધર્મ પ્રમાણે, મનુષ્ય શું સત્કાર કરી શકે ? ગૌતમબુદ્ધના અહિંસાધર્મમાં જે વિશ્વપ્રેમ ભર્યો છે, એનાથી રંચ પણ ઓછો વિશ્વપ્રેમ વિક્રમના જીવનમાં દેખાય છે ? વસ્તુતઃ માનવજીવનનો વિકાસ એક અને એકજ માર્ગે હોઈ શકે એ માન્યતા ભૂલ ભરેલી છે. ગૌતમબુદ્ધે કે ક્રાઇસ્ટે વિશ્વપ્રેમની ખાતર જીવન્ત સ્વાર્પણ કરી બતાવ્યું છે, તો એટલી જ ઉન્નત ભાવનાથી પ્રેરાઇને રઘુવંશના કયા રાજાઓએ હિંસાને–શુદ્ધ અહિંસામય વાતાવરણમાં–પોષીને સ્વાર્પણની બીજી દિશા ખોલવી નથી ? હિંસા કે અહિંસા જ્યારે એક જ મનોદશામાંથી જન્મે છે, ત્યારે બન્ને સમાન કક્ષામાં છે. અને એકના કરતાં બીજો ધર્મ વધારે ઉચ્ચ પણ નથી અને વધારે નીચ પણ નથી.

દેશપ્રેમની ખાતર શિવાજીના મોપલા વઢાઇ ગયા, અને રજપૂતો ઠેર ઠેર કેસરીઆં કરી પડ્યા, એ આખી મનોદશા જ ખોટી હતી, એમ જો અહિંસાધર્મનું મૂળતત્ત્વ હોય, તો એ મૂળતત્ત્વ પ્રજાની મહત્તા ટાળનાર છે. અને એથી વધારે, એટલું જ કે, જે પ્રજા પોતાના મહાન પુરુષોને યુગધર્મ તપાસ્યા વિના એક જ ત્રાજવાથી તોળવા બેસે, તે પ્રજા ઘોરખોદાનું કામ કરે છે. પ્રતાપને એના અરવલ્લીના યશસ્વી મેદાનમાંથી આજે આપણી સમક્ષ ખડો કરીને કહેવું કે તેં દેશપ્રેમની ખાતર હિંસા કરી–અને મરી ફીટવાને બદલે ઠેર ઠેર મારવાનો ધર્મ સ્વીકાર્યો–એટલા માટે તું અમારો–મહાપુરૂષ મટી જાય છે તો એ મનોદશામાં પિતૃહત્યા સિવાય બીજું શું છે ? આજે યુગધર્મ બદલાયો છે, અને આપણી નબળાઇને ખેંચી કાઢવા માટે પ્રથમ અહિંસાધર્મનો પાઠ શીખી, વીરત્વની ઉન્નતભાવના ખીલવીને, પ્રજાને પવિત્રહિંસા તથા ખૂન વચ્ચેનો આસમાન જમીન જેવડો તફાવત સમજાઇ જાય માટે તૈયાર કરવાનો હેતુ જો અહિંસાધર્મમાં હોય તો

એ ક્રમ અત્યંત યોગ્ય છે: પણ એ ક્રમ એ ધર્મમાં નથી. એના ક્રમ પ્રમાણે તો મનુષ્યની ખરી મર્દાનગી બીજા માટે મરી ફીટવામાં છેઃ એ મર્દાનગી છે એ વાતને સ્વીકારવામાં કાંઈ વાંધો નથી. પરંતુ સવાલ આટલો જ છે કે જો એ મર્દાનગી છે તો એટલી જ ઉન્નત મનોદશાથી હિંસામય પ્રવૃત્તિ કરનાર શું ઓછો મરદ છે? ગૌતમબુદ્ધે પોતાનો દેહ એક લૂંટારાને અર્પણ કર્યોઃ એવું અત્યંત સુંદર કર્મ ગૌતમબુદ્ધ જેવા અત્યંત કોમળ અને સુંદર આત્મા સિવાય બીજું કોણ કરી શકે? એ મનોદશા અત્યંત વિરલ છે. પરંતુ એ લૂંટારાના હાથે દર ક્ષણે જીવન ગુમાવી બેસવાનો ભય છતાં, એટલી જ નિર્ભય મનોદશાથી લોકહિતને ખાતર જે લડવૈયો એ લૂંટારાને હણે એનું કાર્ય ઓછું સુંદર છે? આ સવાલનો જવાબ મળી શકે કે ગૌતમબુદ્ધે લોકહિત કર્યું ને સાથે સાથે લૂંટારાને પણ તાર્યોઃ કારણ કે ગૌતમબુદ્ધે એનું જીવન ફેરવી નાખ્યું. આ વાત કબૂલ છે. પરંતુ ગૌતમબુદ્ધે એને એવી રીતે વશ એટલા માટે કર્યો કે એણે સ્વીકારેલો એ ધર્મ છે. જ્યારે રાજાએ એને મારીને એટલા માટે જીવાડયો કે રાજાનો સ્વીકારેલો ધર્મ એવી રીતનો છે.

પરંતુ આ પ્રમાણે જો હિંસાને શુદ્ધ ગણવામાં આવે, તો પછી દુનિયામાં શાંતિ ક્યારે થશે? અને માનવજીવનને ઉન્નત ભાવનાઓથી ભરવું અને એવી રીતે વિશ્વપ્રેમનો સિદ્ધાંત શાંતિ સ્થાપવી એ શું યોગ્ય નથી? જેમ કુદરતમાં તેમ માનવજીવનમાં કેટલાંક એવાં તોફાની તત્ત્વો હોય છે કે જેમને વિશ્વવ્યાપી પ્રેમ પોતે પણ જાદુની માફક એકદમ ફેરવી શકશે નહિ. કહેવાનો આશય એમ નથી કે વિશ્વપ્રેમને કોઈ વસ્તુ અજેય હોઈ શકેઃ પણ ઉત્ક્રાન્તિવાદનાં ધોરણ પ્રમાણે, મનુષ્ય અમુક દશામાં હોય છે ત્યારે એની અવસ્થા કોઈપણ ઉન્નતભાવના સ્વીકારવા ચોખ્ખી ના પાડે છે. જે મનુષ્યો આવી અવસ્થામાં છે—અથવા તો જે આનતાયી છે—તેમનું જીવન ફેરવવાનો દરેક પ્રયાસ વ્યર્થ જવાનોઃ કારણકે ખુદ ઇશ્વરને નકારનારાં માણસો ઇશ્વરને નામે વશ થાય એ રસ્તો માત્ર લાંબો નથી; ખોટો છે.

આ ઉપરથી એટલો જ સાર નીકળે છે કે અહિંસા ઘણો સુંદર ધર્મ

છે; પરંતુ હિંસામાં પણ એટલાંજ સુંદર ધાર્મિક તત્ત્વો છે. જ્યારે અહિંસા દયાધર્મથી પ્રેરાયેલી હોય ત્યારે તે સુંદર આત્માનો બેનમૂન વૈભવ છે. પણ જ્યારે હિંસા પોતે ખરા ચૈતન્યથી પ્રેરાયેલી હોય, ને તેમાં શૌર્યની જ ઝાંખી થતી હોય, ત્યારે તે પણ એટલા જ સુંદર આત્માનો કોઈ અપૂર્વ વૈભવ દર્શાવે છે. હિંસાની જરૂરીઆત અહિંસામય વાતાવરણમાં દરેક મહાન પુરુષે સ્વીકારી છે: હિંસામાં વેર નથી માટે તે ખુન પણ નથી કે પાપ પણ નથી. પ્રજાને ટકવા માટે જેટલી જરૂર અહિંસાની છે તેટલી જ જરૂર હિંસાની છે. અહિંસામાં જે સંયમ અને શૌર્ય છે, તેટલાં જ સંયમ અને શૌર્ય હિંસામાં છે. અહિંસાધર્મ સાચો છે—પછી તે સફળ ન હોય માટે આપણે હિંસા ગ્રહણ કરના નથી. પરંતુ અહિંસા ને હિંસા બન્ને પ્રેમની ભૂમિમાંથી જ જન્મ લેનાર, બે વિરલ તત્ત્વો છે. અને તેથી રીતે પ્રજાજીવનમાં બન્નેને સ્થાન છે.

રુદ્રશરણ

સલામતી શોધવામાં પુરુષાર્થ હણાય છે એ આપણે ક્યારે સમજશું?

દત્તાત્રેય કાલેલકર

રસસુંદરી

સખિ ! જો પણે સંધ્યાતટે કવિતા રમે રસસુંદરી,
શું ગગનલક્ષ્મી ગાન કરતી સ્વર્ગથી એ ઉતરી ?
તું ઠેરજે પ્રિય ! આવું છું હું તેડી તેને આંગણે,
જો જો ! હીંચે એ તસ કાંચન શી ઘટામાંહીં પણે !

ઉડી પહોંચ્યો ત્યાં રસિકા ખડખડાટ હસી પડી !
તે જાઉં છું જ્યાં નિકટ ત્યાં તે સિન્ધુમાં કૂદી પડી !
કૂદ્યો હુયે ધુબ્બાંગ પાછળ ડૂબકી એણે દીધી,
ને મેંય દીધી એમ પાછળ ખૂબ ડોળ્યો જલનિધિ.

એ નાચતી જઇ દૂર દૂર તરંગમાળા ઉપરે,
હું જાઉં ધસતો ત્યાં ગઇ એ ઉદિત ઇંદુમાં અરે!
જોઇ મને એ ચંદ્રમાં ઘટ ચાંદનીમાં લીન થઇ!
ને હુંય પેઠો ચાંદનીમાં પ્રેમથી તલ્લીન થઇ!

એ તો ધસી ત્યાંથી પડી જઇ સાગરે ભરતી મહીં,
મેં ઝંપલાવ્યું પાછળે એ રેલતા સિન્ધુ મહીં;
જ્યાં જ્યાં ગઇ ત્યાં અજબ છાઇ દિવ્યરંગી રમ્યતા,
જે ગાન સ્વર્ગીયથી થતી આનંદપૂર્ણ અગમ્યતા.

ભરતીતણો હિલ્લોળ હીંચી એ ગઇ અવનિ પરે,
વનરાજીમાં રાજી રહી નવ નવલ પુષ્પે પરિમલે;
ક્ષણમાં ભમી સર સરિત પંકજ રમ્ય હંસ સમાજમાં,
એ સારસો ને પ્રેમી ચકવાં યુગ્મના રસરાજમાં.

કોકીલમાં ટહુકી ઘડી ઘડી મયુરમાં ગળકી ગઇ,
કો ગગનચુંબી ભવ્ય પર્વત શૃંગ પર બેઠી જઇ;
ત્યાં શિખર પર હું જાઉં ત્યાં તો ચંદ્રલેખામાં ભળી,
ત્યાંથી અહા! ચમકી ઘટામાં એ બનીને વીજળી.

રે! મેઘમાંહે ગડુડ કરતી અંધકારે ગુમ થઇ!
ને ઘોર રજનીની ભયંકર શ્યામતા સંપૂર્ણ થઇ!
આશા નિરાશા અંધતા સુનકારમાં પલટી જતી,
વ્યાકુળ શોધું છું તહીં આવે ઉષામાં મલકતી!

આવે ધીમે ઘનતિમિર કચરો વિશ્વમાંથી વાળતી,
આ જગતને સ્મિત મધુર હાસ્યે અવનવું અજવાળતી;
જ્યાં આવવા દઇ આંગણે ને ભેટું છું ભાવે કરી,
ત્યાં એ સમાઇ તુજમાં સખિ! તું બની રસસુંદરી!

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

માનવીનું સમાજજીવન

એકલા શરીરનેજ ઓળખનારો જંગલી છે. એકલી બુદ્ધિનોજ ઉપાસક રાક્ષસ છે અને એકલા આત્માનેજ ઓળખનાર સાધુ છે. ત્રણેની એકાંતિક ભક્તિ માણસને સમાજને માટે નાલાયક બનાવે છે. પોતાના શરીર સિવાય બીજી કશી વસ્તુ દુનિયામાં એવી છેજ નહિ કે જેને માટે પોતાને કાંઈપણ કરવાપણું હોય તેમ માનનારો આફ્રિકાનો જંગલી સમાજથી દૂરજ ન્હાસે છે, અને કોઈ અકસ્માતથી સમાજમા આવી ચડે તો કા તો પોતાને નુકશાન કરે છે અને કાં તો અન્યને. બુદ્ધિના વિકાસને જોઈએ તે કરતાં વધારે મહત્વ આપનાર માણસ સમાજને શકાની, ઇર્ષ્યાની, એક સત્તાધીશની દૃષ્ટિથીજ જુએ છે અને જ્યારે જ્યારે પણ બુદ્ધિનો ઉપયોગ કરવાનો વખત આવે છે ત્યારે ત્યારે તેની તેવી બુદ્ધિ વડે સમાજને પોતાની ગુલામ બનાવવાનાજ પ્રયત્નો આદરે છે. આમ બુદ્ધિની એકાંતિક અતિશયના સર્વનાશકારા બુદ્ધિવાળા મનુષ્યના પોતાનાજ નાશ તરફ તેને ઘસડી જાય છે. આત્માની સાધનાવાળા મનુષ્યને તો સમાજમાં રહેવુંજ પોસાતું નથી. તે જો સમાજમા રહે તો પોતાની સાધના અશક્ય બનાવી મૂકે છે. અને સમાજ પણ તેને અસ્પર્શ્ય ગણી તેને મદદ કરવાને બદલે દૂર રહીનેજ અને તેના સંબંધે યદ્વાતદ્વા બોલીનેજ તેને કદાચ નુકશાન પણ કરે છે. આમ શરીર, મન, કે આત્માની એકલી ઓળખવાળો મનુષ્ય સમાજને માટે નાલાયક ઠરે છે.

મનુષ્ય જન્મથીજ સામાજીક પ્રાણી છે. સમાજ વિના તેની સ્થિતિ લગભગ અશક્યજ થઇ પડે છે. આ નિયમને આધ્યાત્મિક ઉન્નતિ માટે એકાંત સાધના કરતા આત્મવાદી પુરૂષોનોજ માત્ર અપવાદ હોઇ શકે, જો કે તેવા આત્મવાદી પુરૂષો પણ પોતાની મનઃસૃષ્ટિ ઉભી કરે છે કે જેના પરિણામે તેમને જરૂરી તેવું સમાજજીવન તેઓ જીવી શકે. મનુષ્ય સ્વભાવથીજ સામાજીક છે તેથી તે જન્મે છે તે દિવસથીજ પોતે તેમજ તેની આસપાસની પરિસ્થિતિદ્વારા સમાજની સાથે પોતાનો મેળ મળે તેવીજ તાલીમ સ્વાભાવિક રીતેજ તે લેવા લાગે છે. ઘરમા કે ઘર બહાર, શાળામાં કે કોઇ બીજે સ્થળે જ્યાં જ્યાં તે જીવન જીવે છે ત્યા ત્યા સમાજજીવનને અનુકૂળ એવું બધુંજ તે સંગ્રહે છે અને પ્રતિકૂળ એવું બધું ત્યાગે છે. અને આવા જીવનની તાલીમ લેવામા તે પોતાનું શરીર, મન, તેમજ આત્માને પણ તેજ અનુકૂળતા અને પ્રતિકુળતાના ધોરણે વિકસાવતો જાય છે યા તો દબાવતો જાય છે. જંગલી શરીર કે રાક્ષસી બુદ્ધિની, સમાજ જીવનની સાથે મેળ મેળવવામા, તેને જરૂર જણાતી નથી તેથી તે તેવું શરીર કે તેવી બુદ્ધિ નથી મેળવતો પરંતુ સમન્વયથી સતોષ માનેછે. આત્માના વિકાસની બાબતમા પણ તે મુમુક્ષુ રહેવા છતા સમન્વયવાદનેજ નમે છે, અને તદનુસારજ પોતાનુ જીવન ઘડે છે. અલબત્ત ઉપર ચડવા મથતો દરેક મનુષ્ય શરીર વિકાસ તેમજ માનસિક વિકાસને આત્મિક વિકાસના અનુષંગી અંગો ગણી તેમજ આત્મિક વિકાસનાં પોષક અને ઉપકારક લેખી તેને તેટલુંજ સ્થાન આપે એ વાત તો દેખીતીજ છે.

આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે શિષ્ટ સામાજીક જીવન જીવવા માગનાર દરેક સમાજે પોતાનાં શરીર, મન તેમ જ આત્મા એમાંથી કોઇને પણ નહિ વીસારવાં તેમ જ કોઇને વધારે પડતું મહત્વ વિકાસની દ્રષ્ટિથી નહિ આપવું. જે સમાજ તેવી ભૂલ કરે છે અથવા તો જે સમાજ ઉપર સત્તાની નજરથી કામ કરનાર મંડળ તેવી ભૂલ કરે છે તે સમાજનો સર્વાંગી વિકાસ નહિ થતાં માત્ર એકાંગી જ વિકાસ થાય છે. અને એવા એકાંગી વિકાસનો

પરિણામો ઘણીવાર તે સમાજને વિઘાતક નીવડે છે તેટલું જ માત્ર નહિ પરંતુ તે વિનાશના છાંટા આસપાસની સમાજને પણ ઉડે છે અને તેમ એક પ્રજાના વિનાશ વડે બીજી પ્રજાઓનો પણ વિનાશ નિર્માય છે.

હરિશંકર દુર્લભજી ત્રિવેદી.

સમાજમાં રહેવું એ મનુષ્યનો સ્વભાવ છે.
'પૂર્વરંગ'

પ્રલયનાં પૂર

પ્રલયનાં પૂર પછીનું જગત, એ માનવી' કોઇ દિવસ કલ્પ્યું છે ?

*

વિશ્વની ઉરી ઉરેરી પમધારસુની વનકુંજમાં સ્નેહની વાયુલહરીએ આછી વિકસતી ને ફૂલપાંદડી હતી.

કો કલાપૂજકની આતસ્યસુ સ્હામે તરવરતી દિવ્ય કલ્પનામૂર્તિ સમી તે કૌમારની પ્રતિમા હતી. કૌમારની પ્રતિભા એને અંગે અંગે વિલસતી, ને એનાં તેજ તેહના દેહને આવરી લેતાં એનો દેહ જાણે એ ઓજમ્ વડે જ ન રચાયો હોય, એમ કરી મુકતા. હોય એ આવરણ ભેદીને મહીંથી એનું સ્નેહઝરતું મુખડું આછુ મલકતું એકલું તરવરતું. જાણે તેજભાગરતી સ્નેહોર્મિઓ પર હીંચતી ન્હાનીશી જીવનતારિણી તરણી !

એના આત્મામાંથી એક અનંત રસસ્રોત વહેતો, ને ત્હેના દિલને ને દેહને ભીંજવીને પવિત્રતાની મૂર્તિ સમી કરી સ્થાપતો. ઘડીભર એ અવ્યય મૂર્તિ સ્હામે પેખીને દાનવો યે દેવ બનતા.

જીવનની જ્યોત સમી તે હૃદયમંદિરને બારણે, આંગણું અજવાળતી, ઉભી હતી. નરી નિર્મળતા ભરી જાણે કો સૌન્દર્યદેવી ! અદ્વૈતનાં એની આંખમાં અંજન આંજ્યાં હતાં.

એને પગલે પગલે પુષ્પ વેરાતાં; ને નજર નજરમાંથી નારાયણ ખરતા.

*

અને બીનનો તે પરમ પુજારી હતો. બીનમાં એ એનું જીવન ગાતો.

એનાં બીનને સાંભળીને વિશ્વહ્રુદયના તાર ઝણઝણી ઉઠતા. એના સુરમાં શોક હતો; એના આલાપમાં વિલાપ હતો; ને એની મીંડ લેતાં તો કંઇક હૈયાં ચીરાઇ જતાં. વનની એકાન્તો ને ગોગીની ગુફાએ એ બીનના સુરે ક્ષણિક કંપી ઉઠતાં. ને નદીનાં ઉતાવળાં નીર મંદી આસુના આલાપ પુરતાં.

વિશ્વની ઉષાને ઉગતી નીરખવા તે રોજ કાલિન્દીને કાંઠડે આવતો, ને ઉગતી ઉષાને બીન વગાડીને વધાવતો. ત્હેને ખબર ન્હોતી કે ત્હેની ઉષાને–ઉગશે ત્હારે–શેણે વધાવીશે. તે તો વિશ્વની ઉષાને નિહાળતો ને મનમાં જ કહેતો, “મ્હારી ઉષા જ નહીં ઉગે ?–કે મ્હારે ઉષા જ નહીં હોય ?”

અંધકારમાયે પ્રકાશના પડછાયા પડે છે ને અંધકારને ઉજાળે છે તેમ ત્હેના દેહની કાન્તિ પ્હરોડના અંધકારને અજવાળતી, ને એ ઉજાસમાં તે કાલિન્દીને માર્ગે એકલો ચાલ્યો જતો. ત્યહાં રોજ ઉષાને પેખતો ને નિરાશ થઇને પાછો ફરતો. ત્હોય ત્હેને આશા રહેતી ને તે જતો. આશા અંધારનું ઓજસ્ છે.

*

અગમ્ય ને અદ્રશ્ય મૂલમાંથી કાલિન્દીનાં નીર ઉછળતાં ને અનંત ને અજ્ઞાત ભવિષ્યમાં વહતાં. વર્તમાનનાં એનાં વહેણ હતાં. એના ઘુઘવાટમાંથી ઇતિહાસ રચાતા ને ન્હેય જોવાતા.

સૃજન ને પ્રલય વચ્ચે નિત્ય ઘુમતી એ જગતની જાહ્નવી હતી. મંહી જગતજનતના પુણ્ય પાગરતાં ને પાપ ઓસરતાં.

ભરતી ને ઓટ એ મહાનદના નીરમાં આવતાં ને મંહી તરતા જીવનનાવને હંફાવતા. કેટલાક ત્હાં જ ડૂબતા ને કો આત્મસુકાની સંયમી જીવન એ તરીને પાર ઉતરતું.

મંહી ખડકેય હતા ને ખાડાય હતા; પાણી છીછરાંય-હતાં ને

ઉડાય હતાં. ત્હોય એનાં વહેણુ એકસરખાં ઝડપીલાં હતાં. ક્‌વ્હાંય ધીરાં ન્હોતાં; ક્‌વ્હાંય ઉતાવળાં ન્હોતાં.

એવી એ કાલિન્દી દશે દિશાઓ ભીંજવતી, બ્રહ્માંડ સોંસરી લોકલોકમાં થઇને વહેતી, ને છેવટ અનંતતામાં ભળતી.

*

કાળા વાદળમાંથી વીજળી ચમકે એમ આછા અંધકારને ભેદીને એની દેહવલ્લરી કાલિન્દીને કાંઠડે ઝબકી, ને સ્નેહના જળ ભરવાને હૈયાંની હેલ ઉતારી.

પૃથ્વીને પાટલે આજે એની ઉષા ઉગી હતી. ને એથી અજાણ્યો એ તો વિશ્વની ઉષાને બીનથી વધાવતો હતો.

ત્ય્હાં તો ક્ષણભંગુર દેહ શો બીનનો ઘસાએલો તાર મીઠ લેતામાં તૂટી ગયો. ત્હેનાં વધામણ્યાં પૂરાં પૂરા ત્હોય અધૂરાં રહ્યાં. ત્હેનાં હતાશ નયનો અવકાશને ભેદીને ઉષા તરફ શૂન્ય નજર ફેંકી રહ્યા.

ને ઉષા આશ્ચર્યે ત્હેની દ્રષ્ટિ આમ્રમંજરીલચ્યા જલઘાટના પગથીઆ ઉપર ઢળી. જાણે પુષ્પ પાથરી સ્વર્ગ સંચરતી જગતના સ્નેહીઓની સ્નેહપગથી!

અને છેક છેડે જીવનના જળ ન્હોળી એ કાળજૂના પ્રશ્નો ઉકેલતી કો બાળા અનિમિષ નયણે ત્હેને નમન નમી નિહાળી રહી હતી.

ને ત્હેણે પ્રતિનમન કર્યું.

ચારે નયનમાંથી સ્નેહનાં તેજકિરણ ઝર્યા, ને ત્હેનો અદ્રશ્ય પુલ બન્યો. ઉપર બે હૃદય કોક ખૂણે બેસીને કલ્લોલતા હતાં. નયણાં એ નજર ભરીને નીરખતા હતા.

એમ તેની જીવનની ઉષા ઉગી ને એણે એને અજાણ્યે અજાણ્યે જીવન સમર્પણે વધાવી.

*

કાલિન્દીને કાંઠડે પ્રલયનાં મોજાં પછડાયાં. દિગ્દિગાન્તરમાથી એની છોળો આભને ભીંજવતી ઉછળતી. આકાશ ઉપરથી ચોધાર આંસુ વર્ષાવતું.

પ્રલયનાં પૂર

કુદરતે આજ પોતાનો જ સંહાર આદર્યો હતો. પણ એ ઘોર સંહાર પછી જ પરમ શાંતિનાં સામ્રાજ્ય સ્થપાવાનાં એ કોણ વિચારતું ?

ને બીનને વળગીને બે દેહ પૂરનાં પાણી ઉપર હીલોળાતાં હતાં.

સ્નેહમાં પ્રભુત્વ છે; સ્નેહી પ્રભુનો ભક્ત છે; ભક્તથી પ્રભુ દૂર નથી.

પ્રલયનું એ કાળમોજું ધસમસતું આવ્યું. ને ત્હેમને લક્ષને અદ્ધર ઉછળ્યું. દિલની ઉચ્ચાશએ ત્હેમના દેહ ઉડ્યા.

ત્હારે આભને ચીરીને પરમનાં તેજ પ્રગટ્યાં, ને ત્હેમાં ત્હેમના અવિભક્ત આત્મા મળી ગયા.

ઓસરતાં પાણી ત્હેમના દેહ ઉપર ફરી વળ્યાં. અંધકારપ્રેર્યો ઇતિહાસના ઉપર થર બાઝી ગયા.

*

મરતા મનુષ્યે કલ્પના દોડાવી કે, "બીન ઉપર વીજળી પડી."

આનન્દ

કે માનવી સ્વપ્ન મહીંજ જીવે ?

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

લોકસાહિત્ય

લોકજીવન અને લોકસાહિત્ય સાથે વધે છે. જ્યારે લોકજીવનમાં નવો પ્રાણ ભરાય છે ત્યારે એ પ્રાણ લોકસાહિત્યમાં નવી રેલ આણે. છે. અથવા જૂના લોકસાહિત્યની, નવી દૃષ્ટિથી નવા જીવનમાં નવી રીતે સ્થાપના કરે છે. ઘણીવાર શિષ્ટજીવનનો ચળકાટ લોકજીવનને આંજી નાખે છે. એનું પ્રબળ શિષ્ટ વાતાવરણ લોકવાતાવરણને ઢાંકી દે છે, ત્યારે લોકજીવન ઉપર શિષ્ટ જીવનની તર વળે છે, આછું એવું પડ બંધાઈ જાય છે; પણ લોકજીવનથી જુદું પડેલું શિષ્ટ જીવન જેટલું એ જુદું છે, તેટલું કૃત્રિમ છે. તેથી તે કાયમ નભનું નથી, ને આખરે લોકપ્રાણ ફાટી નીકળતા ઉપર વળેલી પોપડી દૂર થાય છે. ત્યારે આમ બને છે ત્યારે પ્રખર ઉનાળા પછી વર્ષાદ થતાં જેમ ચોમેર લીલુંછમ બની રહે છે તેમ લોકજીવન લીલું લીલુ થઇ રહે છે. ક્યાંઇ કપાંઇથી લોકહૃદય ઝીલે તેવા લોકહૃદયના ઉદ્‌ગારો કાવ્ય રૂપે સરી પડે છે.

છેલ્લાં થોડાંક વર્ષોએ આપણા લોકજીવનને સંકોર્યું છે. રાખ વળી ગયેલા અંગારા ફરી વાર તપવા લાગ્યાં છે. જીવનની દસે દિશામાં નવી ક્ષિતિજો જાગી છે. આ સમયે જ લોકસાહિત્યનો પુનર્જન્મ કેવળ સ્વાભાવિક છે.

'નવાં ગીતો' નવા જીવનનો નવો ફાલ છે. 'ચણીબોર' 'રાયણ' 'સુંદર ભેટ' વગેરે સુન્દર સંગ્રહ જૂના માલનો નવો

વેપાર છે. આજસુધી જાણે ગ્રાહકને અભાવે એ માલ ખાણમાં કે કોઠારમાં પડ્યો હતો. ઉગતાં જીવને તેને કેટલો વધાવી લીધો છે; તે આપણે જાણીએ છીએ. જૂની વાર્તાઓના સંગ્રહ થવા લાગ્યા છે. જૂની ઢબે નવી વાર્તાઓ ક્યાંક ક્યાંક લખવાનો પ્રયત્ન થાય છે. ગોહેલ, ધીરૂભા, મેઘાણી, કાંટાવાળા ને બીજાઓ સમાજના ઇતિહાસના ભંડારોમાંથી કંઈ કંઈ ખજાના આપણી આગળ ધરી રહ્યા છે. વાર્તાનો કથન શ્રવણનો મહિમા વધતોજ જાય છે, અને ફરી વાર લોકો માણભટ્ટના મહાભારત ને રામલીલાની રામાયણને અને ભટજીના ઓખાહરણને સંભારવા લાગ્યા છે. અને એની પાસેથી અવગણના કરી ચાલી જવાને બદલે આજે એમાં કાંઈ રહસ્ય જૂએ છે. નવલકથાકારો પણ અંગ્રેજીનુ ભાષાન્તર કરવું છોડીને અથવા મુશ્કેલીથી શિષ્ટવર્ગ વાંચી શકે તેવા જ પુસ્તકો તૈયાર કરવાને બદલે જૂના જીવનને ઓપ આપી એની વાતો લખી રહ્યા છે. કઠિન કાવ્યો લખનાર કવિઓ લોકરાગને લોકવાણીમાં ઉતારી પોતાના કવિત્વને લોકસેવામાં ધરવા લાગ્યા છે. ન્હાનાલાલે એ સંપ્રદાયમાં પહેલ કરી છે. ને બોટાદકરની ‘ રાસતરંગિણિ ’ એ સંપ્રદાયને વિસ્તારે છે.

લોકગીતો, ભજનો, રાસો, રામવાળા, દુહા, સોરઠા ફરીને ગવાવા લાગ્યા છે. ભણેલા લોકો મેર ને ભરવાડ લોકોમાં ભળીને લોકગીતોનું બળ સમજવા લાગ્યા છે. ફરી વાર મંદ ગતિથી ચાલવામાં અને કરૂણ રવે ગાવામા રાસડાની સફળતા સમજનારી ગુજરાતણો ધરતી ઉપર ધમધમ ચાલીને મુક્તકંઠે લોકગીતોને લલકારવા મંડી છે. રબારણો, કોળણો અને ખવાસણો એકલી જ માત્ર લોકગીતોની સ્વામી નથી રહી. બ્રાહ્મણ વાણીઆની સ્ત્રીઓ પણ ધીરે ધીરે એવાં ગીતો ગાવામા શરમ છોડવા લાગી છે. હળવે હળવે તાળી પાડીને કોમળ કરી નાખેલી હથેળીને જોરદાર તાળીઓના ટપાકાથી લાલચોળ કરવા લાગી છે. મેઘાણીને સાભળવા સ્ત્રીઓ અને પુરૂષો બન્ને એકઠા થાય છે. લોકગીતો ફરી પાછાં એક કંઠેથી બીજે કંઠે જવા લાગ્યા છે. એકતારા ને તંબુરાના ભજનોનો શોખ વધતો જાય છે. સિનેમા અને નાટકોમાં જ બધો આનન્દ જેમનો સમાઈ

જતો હતો તેઓ અતિથિઓને સત્કાર કરવા ગાયન પાર્ટીને બદલે ભજનમંડળીઓ રચે છે.

શાળાઓમાં લોકગીત ગવાવા લાગ્યાં છે. પતિવ્રતાના બનાવટી ગીતોની જગ્યાએ જસમાના રાસડાએ અને મોરબીની વાણીઆણના ગીતે જગ્યા લીધી છે. ડાંડિયા રાસ કે રાસ વખતે અમરપણાને પામેલી

" પૂનમ ચાંદની ખીલીપૂરી અંહિરે "

અને

" ઉગ્યો સખી સૃષ્ટિનો શૃંગાર
ચાલ્ય ચાલ્ય જોવાને ચંદમા "

ને બદલે

" મોહન મોરલી બજાઇ કોઇ તાનમાંરે "
" રામબાણ વાગ્યા હોય તે જાણે "

અથવા

" હજ હાલ્યાને વાદળ ઉમટ્યાં
ગોકુળમાં ટૌક્યા મોર
મળવા આવો સુંદર વર શામળીઆ. "

એવાં લોકગીતો ગવાવા લાગ્યાં છે.

દૂહા અને સોરઠાઓ પાછા કોઈ કોઇ પાઠ્ય પુસ્તકમાં જલસાઓમાં, ને ઉત્સવોમા દેખાવ દેવા લાગ્યા છે. કાઠિયાવાડનું જવાહીર ને કાઠિયાવાડી સાહિત્યના પુસ્તકોમા વધારો કરવાની જીજ્ઞાસા વધતી જાય છે. સામમાં દૂહા ગાતા ભરવાડની પ્રાણવાન કવિતામા પ્રાણ ફેલાવા લાગ્યો છે. જેઓ એની સામે જોતાય નહોતા તેઓ પણ તેના આ દૂહા સોરઠા ને ભરવાડની સાથે છાપામા છાપીને લોકજીવનની નજીક આવવા લાગ્યા છે.

વાતો અને ઉખાણાની ચોપડીઓ છપાવા લાગી છે. કહેવતોના જૂના સંગ્રહો ફરી જોવાવા લાગ્યા છે અને અંગ્રેજીના ભાષાન્તરીઆ રૂઢિ પ્રયોગોને બદલે દેશી કહેવતોને રૂઢિ પ્રયોગોનો વપરાશ કરવામાં મઝા આવવા લાગી છે. ભણેલી સ્ત્રીની હાલરડા ગાવાની સૂગ ઘસાતી જાય છે.

રમતોમાં પણ લોકસાહિત્ય ફરી દેખાવા લાગ્યું છે.

આમ લોકજીવનની પૂનર્ઘટના સાથે લોકસાહિત્યને એનાને એવા રૂપમાં ફેલાવવાના પ્રયત્નોએ ડોસીપુરાણની અંદર લખેલી વાર્તાઓને અને સાસુવહુના કજીયાના ગીતોને સુદ્ધાં સજીવન કરવા માંડી છે. લોકગીત, લોકવાર્તા, લોકસાહિત્ય, તેમાં શું છે, તેની કિમ્મત કેટલી છે, તેની અસર કેટલી થશે, ખરેખર તે જીવનને ઘડે છે કે નહિ, તેના વધારે ઉંડા અને ગંભીર વિવેક વિના આજે તો લોકસાહિત્યના બણગાં ફૂંકાવા લાગ્યા છે. આ સ્વાભાવિક છે. દબાણ પછી સ્વાતંત્ર્યની સ્થિતિ ઉચ્છૃંખલતા સુધી જાય છે. કૃત્રિમ સાહિત્યના દબાણથી ગુંગળાયેલું લોકસાહિત્ય એકાએક છૂટું થતાં લોકોને તે દબાવી રહ્યું છે. લોકોને સારાસારનો વિચાર કરવાનો પણ થોડો જ અવકાશ આપે છે. પણ તેમાં કાંઇ કરવા જેવું નથી. લોકસાહિત્યનો પ્રેમ લોકજીવનની જાત બતાવે છે. જો આજનો સમાજ હજી જૂના જ લોકસાહિત્યમાં અપૂર્વ રસ લઈ શકતો હોય તો સમાજ કઇ કક્ષાએ છે તે આપણે સમજી શકીએ. લોકો 'પાતળી પરમાર' ની પાછળ ગાંડા હોય તો હજી કાઠિયાવાડી સમાજ એ જૂના પ્રાણવાન્ અદ્ભુત પ્રેમ સમર્પણનો તરસ્યો છે, અને સાસુવહુના વિસંવાદમાં વહુની આહુતિ આપવામાંથી હજી મુક્ત નથી એમ દેખાય છે. મીરાં, નરસિંહ અને શ્રીકૃષ્ણનો કાઠિયાવાડ હજી પ્રેમલક્ષણા ભક્તિથી કેટલો જીવન્ત છે એ તો આ લોકગીતનો નવો પ્રવાહ કાઠિયાવાડના ટંકાએલ હૃદયને ઉઘાડું પાડે છે.

'સૌરાષ્ટ્રની રસધાર'ની કૃતિઓ કાઠિયાવાડની શૂરપણાની ભૂખનો પુરાવો છે; એમ ન કહેવાય?

આપણે લોકસાહિત્યના પ્રેમમાંથી લોકને પીછાની લઇએ ને પછી લોકો ક્યાં જવા જોઇએ ને કેમ જઈ શકે તેનો વિચાર કરીએ. એકવાર જૂના લોકસાહિત્યનું પૂર આવી જવા દઇએ. નદીઓના કાંઠા ઉપર થઈ ભલે એ વહ્યું જાય, પણ પછી પાણી નીતરતાં આપણે જોઈ લઇએ કે કાઠિયાવાડનો સ્વચ્છ પ્રાણ કયો ને અસ્વચ્છ પ્રાણ કયો? એની કઈ ભાવનાઓ વિકૃત થઇ છે ને કઈ ભાવનાઓ શુદ્ધ થવા માગે છે? એની કઈ ઇચ્છાઓ અતૃપ્ત છે ને કઈ ઇચ્છાઓ તૃપ્તિ માટે ઝંખે છે? તે ક્યાં નિર્બળ છે ને ક્યાં બળવાન છે; તે ક્યાં બાળક છે, યુવાન છે, પ્રૌઢ છે ને ક્યાં અનુભવવૃદ્ધ છે? અહીં લોક-

સાહિત્ય સંબંધ પ્રચાર વિવેક ઘટે છે. સંપાદકો, પ્રચારકો, પ્રેમીઓ, એ બધાને એક સૂચના છે કે તેઓ લોકહૃદયને ઓળખે ભલે પણ પોષવા જેવી વસ્તુઓને લોકસાહિત્ય દ્વારા પોષે. કાઢી નાખવા જેવી વસ્તુને લોકસાહિત્યને ઓથે દઢ ન કરે. પ્રાણવાન પ્રેમને લોકસાહિત્યથી સીંચે, ને વૈરાગ્યના દંભને આગળ કરી સ્વાભાવિક સ્નેહજીવન વિકૃત ન કરે.

શ્રીકૃષ્ણગોપીઓના પ્રેમગીતોનો આદર્શ જીવન સમક્ષ રાખી ગૃહસ્થ પ્રેમ જીવનને વિશુદ્ધ અને બળવાન કરીએ પણ કાઠિયાવાડને વહેમી બનાવનાર, કંકાશી બનાવનાર, સાશંક બનાવનાર સાહિત્યમાંથી ઉગારી લઈએ. ભૂતકાળની સમજણ માટે 'દાઝીરાજ' ભલે ગવાય પણ એમાં રહેલ શોક, દ્વેષને જો એ પોષે તો એને છોડી દઈએ.

'તેજમલ ઠાકોરને' ભલે સો વાર ગાઈએ પણ 'કડવશી'ના ગીતને બહુ ટેકો ન આપીએ. વાર્તાઓમાં પણ આજ ધોરણ રાખીએ. કાઠિયાવાડનું લોકસાહિત્ય સર્વ દેશી અને અદ્ભુત છે. પ્રેમ અને વૈરાગ્યનું, વીર અને વણીકનું, ખાનદાન અને નિર્લજ્જતાનું એમ અનેક જાતનું સાહિત્ય તેના હૃદયમાં છે.

આજનો પ્રશ્ન એ સાહિત્યમાંથી કાઠિયાવાડની સંસ્કૃતિ ઘડવાનો છે. જૂના સાહિત્યના પાયા ઉપર નવા કિલ્લાઓ ઉભા કરવામાં બોટાદકરની 'રાસતરંગિણિ' માં શરુઆત છે. પણ ત્યાં પણ 'સાવધાન' એમ કહેવું પડે છે. સ્વાભાવિક જીવનની અવગણના કરી તેને ઉન્નત ગતિ આપવાના લોકપ્રિય માર્ગો કાઢવાને બદલે લોકમાં વળી અલૌકિક કલ્પના, વધારે પડતા આદર્શો, અશક્ય વસ્તુઓ, આહ્નિકનો કેવળ વ્યુત્ક્રમ ઉભો કરવાના પ્રયત્નો નિષ્ફળ જશે.

લોકસાહિત્ય લોકજીવનને સમજવામાં, લોકજીવન મંદિરને ફરી વાર ઘડવામાં જોઈએ તેટલા મજબૂત અને સુન્દર પથ્થરો આપવામાં અને એમાંથી નવો સૌરાષ્ટ્ર ઘડવામાં ઉપયોગી થાય એ લક્ષ આજના લોકસાહિત્યના પ્રેમીઓ સમક્ષ રહેવું જોઈએ.

ગિજુભાઈ

મ્હારો ભાઈ

ઉભો છે પેલો ત્યાં પથ પ્રિયતમાનો નિરખતો,
રહી દૃષ્ટિ ચોંટી ક્ષણ પણ ન એ દૂર ખસતો;
ભૂલ્યો દિસે જાણે અવર નિજનાં કાર્ય સઘળાં,
ભૂલ્યો કાવ્યો ગ્રંથો સહુ પ્રિયતમામાં શમી ગયાં.

એને કંઈક દિનથી નજરે પડી ના,
વિવાહિતા પ્રિયતમા નિજની સુરમ્યા;
ક્યાં એ છૂપાયું મુખ તે સમજી શકે ના,
ને કોઇથી ય કંઈ ભાળ લઇ શકે ના.

રસીલું હૈયું એ રસ નવ કંઇમાં લઈ શકે,
અધીરૂં હૈયું એ ધીરજ્ય વધુ ના ધરી શકે;
દૂરે-સુદૂરે યે રમણીય પ્રિયાને નિરખવા,
અહો ! કેવાં એનાં તૃષિત નયનોયે કરી રહ્યાં.

સંધ્યા સમે રખડીને ઘર આવતો એ,
વીલાયલું મુખ દિસે બબડે કંઇ એ;
'શાને પડે નજર એ-મુજને દિસે ના,'
એ ઉર એક, બસ એક જ એ જ ચિન્તા.

ન આવે આંહીં કે ક્યહીં પણ બીજે એ નવ દિસે,
ન આના નેત્રોને અવર કંઇ આકર્ષણ કરે;
વિત્યા કૈં કલાકો, દિન પણ કંઈ યે વહી ગયા,
બીચારાનાં તોયે નયનતપનાં ના ફળ મળ્યાં.

જ્યોત્સ્ના શુક્લ

એક અર્ધ્ય

: પ્રો. ફીરોઝ કાવસજી દાવરને :

એક અઠંગ ભાષણકર્તા દીઠા છે; હું તો એમની પાછળનું પીંછું યે નથી. એને તો એક ભાષણ એટલે ચારેક મહિના.

પણ એનું ભાષણ એટલે વિદ્વત્તાની વર્ષા ઝડીઓ ઉપર ઝડીઓ પડે. એની વર્ષંતાની અવધિ નહિ, આપણી ઝીલતાનીજ ભલે પરીક્ષા. એક એક વાક્ય તે ભલે વિદ્વત્તાભરી વાદળી.

ગુજરાતનાં નરનાર! ભાષણ સાંભળવું હોય, વિદ્વત્તાનો મેઘાડંબર વરસતો ઝીલવો હોય, તો અમદાવાદ જજો: જગતનાં મહાકાવ્યો વિષે ત્હેદાં વ્યાખ્યાનમાળા ચાલે છે. ત્હેમાંનું એકાદુક વ્યાખ્યાન સાંભળજો ત્હમારી પ્રતીતિ થશે કે ગુજરાત કૉલેજના પ્રો. દાવર એટલે ગુજરાતના નવીનોમાં ભાત પાડની વિદ્વત્તાની પ્રતિમા

ન્હાનાલાલ કવિ

પ્રોફેસર દાવરને સંભારવા એટલે પુણ્યભૂમિમાં પગરણ કરવા. એમનો ધ્વનિ માત્ર મનના મેલ ઉતારે. એમના દર્શનથી ચેતનની ચિણગારીઓ ફૂટે. દાવરસાહેબ એટલે ગુજરાત કૉલેજની પુણ્યપ્રભા.

એમના આ દર્શનમાં તારીખો માટે અવકાશ નથી, એમના કૌટુમ્બિક ઇતિહાસ સાથે સંબંધ નથી, એમની આર્થિક પરિસ્થિતિ સંબંધે ઉલ્લેખ નથી, એમના જીવનમાંથી આનન્દ કે શોકના પ્રસંગોનું વર્ણન નથી, એમના નિત્ય કર્મનો અહેવાલ નથી, એમની ભૂત-ભવિષ્યની આશાઅભિલાષાનો નિર્દેશ નથી.

ને તેમ છતાંયે કૉલેજજીવનને પહેલે પગથિયેથી જેના પ્રતિ સૌ મંત્રમુગ્ધ રહે છે તેનું આ ઝાંખુ દર્શન છે. ચાર વર્ષના ગાળામાં એમનો વધારે પરિચય લઈ શકાત, પણ એ આશા જ નિરર્થક લાગતી. એમના ઓજસથી સૌ અંજાયેલ રહેતા. એ હોય ત્યાં સ્વપ્નસૃષ્ટિ જ રચાતી—સાહિત્યની કે ફીલ્સુફીની. એ જાય ત્યારે આશ્ચર્ય ને પૂજ્યભાવ સાથે ઉભરાતાં. અને એટલું તો નક્કી જ કે સમયનું મુલ્ય એમણે પૂરેપૂરૂં આંક્યું છે. એમની સાથે વાત કરતાં સાધારણ વાતો આપણે છોડી જ દઇએ. સાંભળવાના મોહમાં પૂછવાનું વિસરાઈ જાય એવું નથી બનતું ? તેમ દાવરસાહેબ વિષે અંગત જાણવા પૂછવાનું કુતુહલ દાબી દેવું પડતું. એમનું વર્તમાન જ એટલું સુંદર હોય કે ભૂતકાળ ઉકેલવાની અપેક્ષા જ ન રહે. અને જે વધુને વધુ મેળવવાના તલસાટમા આગળ ધપ્યે જાય છે તેને ભૂતકાળ વિષે કેમ પૂછાય !

ઘણાક એમ પણ કહે છે કે એમણે સમયની કંજુસાઈ કરવા માંડી છે. ચોવીસમાંથી સુતા ખાવા સિવાયના બધા કલાક માટે એમને કે ને કે વ્યવસાય હોય જ એમ માનવું જરીયે વાંધાભર્યું નથી. એમને ઘેર તમે જાવ ત્યારે એ વાંચતા જ હોય. કૉલેજમા જ્યારે ફ્રી અવર હોય ત્યારે પણ લાયબ્રેરીને એકાદ ખુણે મોટું થોથું ઉથલાવતા હોય. ને ગાડીનું બારણું બંધ થયુ કે ચોપડી ઉઘડી એ તો ઘણાના જોવામાં આવ્યું હશે. એમની જીંદગીમાંથી પુસ્તકો લઈ લીધા હોય તો આ દુનિઆમાં જીવવા જેવું એમને માટે કૈં જ આકર્ષણ હોય એમ નથી લાગતુ.

તેમ છતાયે કૉલેજના કેટલાય વિદ્યાર્થીઓ બુકવર્મ તરીકે પંકાય છે એમનાથી એ સાવ નિરાળા છે. આમની પુસ્તકપ્રિયતા આપણને એમના તરફ ખેંચે છે: કારણ કે વાંચન સાથે એમના નથીએ અલૌકિક સ્મૃતિ જોડાઈ છે. જ્યારે એ ઉદાહરણો ટાંકે છે કે એક વિષય ઉપર જુદા જુદા માણસોના અભિપ્રાય રજુ કરે છે ત્યારે આપણે દિંગ થઇએ જઇએ એટલો મોટો જથ્થો આપણી સામે ખડકાય છે. એમના ભાષણમાંથી આમ કેટલીય વિગત નિરર્થક

જતી હશે. કારણુ કે દાવરસાહેબને સાંભળનાર એટલો જ અંગ અભ્યાસી ન હોય તો ઘણું ખરૂં પળે પળે આભો થવા માટે જ તૈયાર થતો જાય છે.

અને સાહિત્યના આટલા ઉંડા પ્રેમનું જડે એવું એક કારણુ છે. સાહિત્યનો ઉંડો મર્મ એ સમજી શક્યા છે. જીવનના કૈં પ્રશ્નોનો ઉકેલ એ જ દષ્ટિથી કરી લેવામાં મઝા લે છે. ઘણીકવાર સંગીત ને કલાના ઉસ્તાદોને મસ્ત રહેતા આપણે જોયા સાંભળ્યા છે. સાહિત્યના આવા કોઈ ઉસ્તાદ વિરલ હોય છે કારણુ કે એમને કેવળ તરસ છે. એ તરસનો આહ્લાદ સમજાવવા પૂરતો પણુ એમને અવકાશ નથી. તો પછી નવા પીણા ઉપજાવવાનો ખ્યાલ એ ભાગ્યે જ કરે. સાહિત્યનાં આંદોલનોથી એમની બધી ઘડીઓ ઘેરાયલી હોય છે. જીવન ઉપર સાહિત્યની વિશાળ અસર એમણે પૂરેપૂરી અનુભવી લાગે છે. ને તેથી જ બહારની દુનિયા માટે એમને જરીયે પરવા કે કુતુહલ નથી.

અત્યાર સુધી એ અમદાવાદમાં છતાં અમદાવાદની પ્રજાને આંદામાન જેટલે દૂર હતા. એમના જાહેરજીવનની શરૂઆત હજુ હવે થાય છે. ડૉ. હરિપ્રસાદના "ફાઉસ્ટ" ના ભાષણુ માટે પ્રમુખપદે આવવાની હા ભણતા એમણે પહેલી હિંમત કરી તે પહેલાં એ કહેતા કે જાહેર વ્યાખ્યાન આપતા મ્હારા પગ જરૂર ધ્રુજે ને મ્હને પરસેવો થઈ જાય. પોતાને માટેના અતિ નમ્ર અભિપ્રાયને લીધે કે પછી એમની હંમેશની અનૂમિમા એમના વિદ્યામની ભીમાની એમને જાણુ નથી રહી. હવે એ બ્હાર ડોકીયુ કરતા થાય છે. પ્રેમાભાઈ હોલમાં હજુ એમનાં બધા મળી ૭ સાતજ થયા હશે છતાં તેનાથી વિદ્યાર્થીગણુ ઉપર ને સાહિત્યમાં રસ લેનારા ઉપર અચ્છી છાપ પડી છે એટલું તો નક્કીજ. અત્યાર સુધી એમને સાંભળનારાઓની બીતિ રહેતી. કેટલીક વાર વર્ગમાં સ્ત્રીઓ ન હોય ત્યારે એમને વધુ ચેન પડતુ એમ પણુ દેખાતું. હવે સંતોષી શકશે એ ખાત્રિથી માનવાને એમને પૂરતું કારણુ છે. એમની સભા હોય ત્યારે આગળ બેસવા એક કલાક વહેલા આવનાર પણુ હોય, ને સભા પૂરી થયે દાવર-સાહેબ જાય ત્યાં સુધી પાછળ ઉભા રહી સાંભળનાર પણુ નીકળે.

એક ઠેકાણે ચર્ચા ચાલેલી કે એમને વાંચવા પૂરતી સગવડ કરી દીધી હોય, જોઈએ તે અને તેટલાં પુસ્તકો અપાવ્યાં હોય તો એ પ્રોફેસરપણાથી અલગ રહે કે કેમ ? આટલા ઊંડા અભ્યાસને અંતે નવું સર્જવાની ઇચ્છા ન હોય, સ્વતંત્ર વિવેચક થવાની તીવ્ર વૃત્તિ ન હોય તો પછી એ વાંચનના વ્યસનનો હેતુ નથી રહેતો. એટલે વાચી વાંચી કહી નાંખવાનું ન મળે તો એમને વાંચન માટે આટલો ઇશ્ક નભે કે કરમાઇ જાય એ એક પ્રશ્ન છે. એકલતામાં મઝા લેનાર જ્યાંયે એ મિલનસાર છે. મધુ ચુસ્યે જનાર મધમાખી જેવા સંગ્રાહક ઉપરાંત એમનામાં તુલનાત્મક શક્તિ પણ ઓછી નથી. તમારો જવાનો વખત ચૂકાવે એટલા વાતોડિયા એમને ઘેર એ થઇ શકે છે. આમ સમુદાયથી એ વિખૂટા રહી શકે એમ નથી લાગતું. એમનું દિલ ખલેલાશ એવા તો એમને થોડાજ મળતા હશે. પણ સામાની દષ્ટિએ જોવાની ટેવ ધીમે ધીમે એ પાડતા હશે એમ લાગે છે. નજીવી બાબતોમાં ક્ષણ માટે પણ વધારે પડતો રસ લઈ લેતા હોય એમ તમને કદાચ લાગે, તે ઘણું કરી આવી ભાવનાને લીધેજ.

ને ગુજરાતી ભાષાના હિતસ્વીઓ એ ગુજરાતીમાં બોલતા થઇ જાય એ જોવા માટે આતુર છે પણ એમનો અંગ્રેજીનો સતત અભ્યાસ એમની આડે આવે છે. તેથી થોડે અંશે પણ એમનું પારસીપણું એમને નડે છે. પણ સૌથી વધુ તો કદાચ ઇરાન પ્રત્યેનો જ્વલંત પ્રેમ હશે. ઐતિહાસિક સમાલોચના કરતા જ્યારે ઇરાનની વાતો કરતા હોય છે ત્યારે એમના અવાજમાં ફરક પડે છે. એમનું ચાલે તો એ ભારતવાસી મટી ઇરાનવાસી થઇ જાય. પુરાણું ઇરાન એમની કલ્પનામા ઘુમી રહ્યું હોય તો એમા આશ્ચર્ય નથી. એ પ્રેમ એમને ગુજરાતી થતા રોકતો હશે. એમની જુની ભૂમિનાં કલ્પનાચિત્રો એમને અહિંના વાતાવરણમાં રસ લેતા થતા અટકાવતાં હશે. નહિ તો ગુજરાતી સાક્ષરોના સંસ્કૃતમય પુસ્તકો પણ એમણે વાંચ્યા છે. તે એમના ભાષણમા સંસ્કૃત સુભાષિતોનો ઉપયોગ પણ ઓછો નથી હોતો. ગુજરાતીઓ માટે એમને માન છે. એટલું ગુજરાત ને ગુજરાતની ભાષા માટે જ્યારે થશે ત્યારે એમનાથી ગુજરાતીમાં

બોલવાની હિંમત થશે. જ્યાં સુધી ભાષાના વિખવાદ આથમ્યા નથી ને એના ગૌરવ તરફ પ્રજાનું લક્ષ ગયું નથી ત્યાં સુધી એ ભલે રાજભાષામાં ગુલ રહે.

ને નિત્યનિયમ જેવા અભ્યાસી જીવનમાંથી એ થોડોક સમય ફરવા જવા માટે કાઢી શકે છે. ફરવા તો ઘણા જણા જાય છે, પણ એમને માટે એમાંય જરી સુંદર વૈચિત્ર્ય છે. આશ્રમને રસ્તે લાંબે સુધી લાંબી ફાળે જતી વ્યક્તિ તરિકે પણ એમને કેટલાક ઓળખતા હશે. જતાં કે પાછાં ફરતાં ચાદની રહે એવી રીતે એ ગુજરાતમા વહેલા-મોડા નિકળે છે.' તે વખતે એમની સાથે ભાગ્યે જ કોઇ હોય; કારણ કે એમને પહોંચી વળવું માત્ર સ્હેલું નથી હોતું. તે વખતે એ બધા વિચાર દૂર કરી શકે છે. તે વખતે ભિખારીનું કે સાહેલાણીનું ગીત સાંભળી આનન્દ મેળવવાનો અવસર એ ખોળી લે છે. તે વખતે દિશાઓના પલટાતા રંગ નિરખવાનો આહલાદ એ પામે છે. આ દોઢ-બે કલાકની મુક્તીના આશરે એમનું જીવન લંબાય છે. બાકી હૃષ્ટપુષ્ટ થવાનો એમને ઉમંગ હશે, પણ અવકાશ જ નથી. જીંદગી વધે એના ઉપાયોથી એ પરિચિત છે, જ્યારે પેલા અભ્યાસી જીવનની ઘેલછાથી એ તરફ એમનું લક્ષ ફેરવાનું જ નથી. એમનું દીલું કોમળ છે પણ બીકણુ નથી. દુઃખીયાંને રડતા દિલની એ સહાનુભૂતિ આપી શકે. પણ જ્યાં સ્વમાન જતું હોય ત્યાં એ ઘડીભર ઉભા રહી ન શકે. એમના પોતાના સ્વાર્થની વાત હોય, એમની આખી જીંદગી માટે દરજ્જો ઉંચો ચડતો હોય પણ એમને ન રુચે એવું કામ એમની પાસેથી માગો તો એજ ઘડીએ ચાલી જાય એટલો એમનામાં પ્રાણ છે. સાદી સંતોષી જીંદગીના એ પૂજારી છે. કેટલીકવાર મહત્વાકાંક્ષા માણસમાં જન્મે ત્યારે એની શક્તિઓ પુરો વિકાસ પામે છે. કોણ જાણે શાથી અમે તેટલું ઇચ્છીએ પણ એ વાત નાવરસાહેબના સંબંધમાં બંધ બેસતી જ નથી. એ જાણે ખ્યાતિથી ડરતા હોય એમ ધારે આગળ પગલું ભરે છે. ને તેમ છતાંયે અમદાવાદના એક ખૂણામાં રહ્યા રહ્યા એ એમનાથી બને તેટલો અભ્યાસ કરી રહ્યા છે. જે દિવસે અમદાવાદ છોડવા એ તૈયાર થશે તે દિવસે એમનો સિતારો

ચડવાનો એ વાત નક્કી જ લાગે છે. પણ એ સાબરમતીના પુલ સાથે કોણ જાણે એમને શું નિસ્બત છે?

એમની ખાતર નહિ તો વિદ્યાર્થીઆલમની ખાતર એમણે હવે પરગામ સેવવાં ઘટે. એમની વિદ્વતાજ એ પ્રકારની છે કે એમને એક ઠેકાણે રહે પુરી સફળતા ન મળે. લાંબી રજાઓમાં પણ એમને ક્યાંયે જવાની ઉત્કંઠા કે ફુરસદ હોતી નથી. ત્યારે વળી પચાસ ચોપડીઓ વધુ વંચાતી હશે. ભા. યશવંતે વાતવાતમાં એકવાર કહેલું તેમ એ ચોપડીઓ સાથે જ પરણ્યા છે. નહિ તો આટલો અભ્યાસ થઈ ન શકે–કરવાની વૃત્તિ પણ ન રહે! બીજું કે, નહિ તો પારસી સ્ત્રીઓના ખર્ચાળ સ્વભાવને ખાતર પણ, જો એ પરણ્યા હોત તો, ગુજરાત કોલેજમાંથી આગળ વધવા પ્રયત્ન કરત. પણ જ્યાં લગી વિદ્યાર્થી અવસ્થાની રમણીયતા વિલીન થઇ નથી ત્યાં સુધી એ નિશ્ચિત રહી શકશે.

એમને તમે ભાષણ કરતા સાંભળ્યા હોય ત્યારે એમના બુલંદ અવાજથી આનંદ પામો. પણ એમની સાથે જ્યારે તમે વાત કરો ત્યારે એમના ધીરા મધુર સ્વર માટે તમને મોહ ઉપજે. એમનું તેજસ્વી લલાટ, ચંચલ આંખો ને રૂઆબભરી ચાલ તમને આકર્ષવા માટે પુરતાં છે. તમે સ્ત્રી હો તો તમને આશ્ચર્ય જ થાય કે આવો શિક્ષિત જુવાન હજુ ઝડપાયો કેમ નથી? પારસી નહિ ને કોઈક હિંદુ છોકરીના મગજમા સમાજબંધનો તોડી નાંખવાનું કોઇક વાર થઈ આવેલું કલ્પવામા આપણે બહુ ભૂલ નથી કરતા. એમની એકલતા માટે આપણને લાગી આવે ખરું. પણ જ્યાં સુધી એમને માથે માતાના હેત છે ત્યાં સુધી એમને એની ઉણપ નહિ લાગતી હોય એ ધારવું પણ ઘણે અંશે સાચું જ હશે.

તમે કોક કોક દિવસ એમને સાં જતા હો તો જેટલું એમની 'સ્મરણશક્તિ માટે તમને માન હશે, તેટલું જ આશ્ચર્ય એમની વિસ્મરણની' શક્તિ માટે થશે. સાધારણ પ્રસંગો, ઓળખાણો, બનાવો એમને યાદ રહેતા જ નથી. કદાચ એમની દુનિયાની બહાર એમને જરીયે રસ નહિ પડતો હોય.

દાવરસાહેબ વિષે ઘણા વિદ્યાર્થીઓ ઝીણી ઝીણી બાબતોની નોંધ લે છે. એમની કૉલેજનો દાદર ઉતરવા ચઢવાની રીત પણ નોંધાય છે. એમની જ્યાં ત્યાં અદબ વાળી ઉભા રહેવા કે બેસવાની પદ્ધતિ પણ ઘણાનું ધ્યાન ખેંચે છે; ક્લાસમાં હસાવ્યા પછી શાંત પાડવાની રીત પણ ઘણાને યાદ રહેશે. એમને પણ વિદ્યાર્થીજીવનમાં ગણિતથી કંટાળી પાણીના પુરૂષોત્તમ મહારાજ પાસે બે મીઠાશના શબ્દો સાંભળી આવવાની ટેવ હતી; મોડી રાતે કવિના પ્રગટાવવા ચાંદનીમાં ફરવાનું તાન હતું.

દાવરસાહેબને વિદ્યાર્થીઓ જેટલું ચાહે છે તેટલું ઓળખતા નથી. એમની પાસેથી જોઈતું કઢાવવાની યુક્તિ કોઈ અજમાવતું નથી. એમને એમના શારીરિક વિકાસમાં રસ લેતા કરવા માટે કોઈ મનમા ગાંઠ વાળતું નથી. એમના અભ્યાસી જીવનની બહાર ડોકિયું કરાવવા કે મહાવર્ગના માણસોને એમની ઓળખાણ આપવાનું કામ પણ કોઈ હાથ ઉપર લેતું નથી. એમના જીવનની શુષ્કતા ઉડાડી દઈ રસિકતા પૂરવાનું ભાગ્ય પણ કોઈ વિદ્યાર્થીની મેળવતી નથી. કોઈ અભ્યાસની ખાતર પણ એમનું સદ્જીવન ઇચ્છનાર હજુ દેખાયું નથી. એ વિદ્યાર્થીઓની ધગશમાં ઉણપનાં ચિન્હો છે. હજુ એવી વિદ્યાના વિલાસ આપણા પ્રાંતમાં પ્રગટ્યા નથી

અને દાવરસાહેબને હમણા હમણા અમદાવાદ ઓળખતું થયું છે. ગુજરાત કોણ જાણે ક્યારે ય ઓળખશે ને સત્કારશે' એ નૌજુવાન છે એ ખરૂં, ને એની મગજની ખોપરીમાં કૈં ઓર ભર્યું છે એ કહેવું ને કબુલવું સાવ સ્હેલું છે. જુદા જુદા દેશના સાહિત્યોમાથી તુલના કરીને તટસ્થ રીતે આપણને કોઈ અખંડ ચીતાર આપી શકે તો અત્યારે દાવરસાહેબ પહેલા છે. બાકી એમનો શરમાળ સ્વભાવ, નમ્ર વાણી સાદું જીવન એમને સાધુ પુરૂષ તરિકે આપણી પાસે રાખી મૂકશે. એ રત્નનું જતન કરી એને મુલવવા સારા દેશના કે વિશ્વના બજારમા એને લઈ જવું એ કાર્ય એનો જન્મ આપનાર ગુજરાતનું છે.

નાનુ ધીરજલાલ દવે

અસાધારણ ડોસલો

વૃદ્ધ થયો જન એક બાપડો દિવસ જાતાં
માથે તાલ પડેલ ચાલતો વાંકો થાતાં;
બને ન આવું તોય કદિ સાચું માનીએ
એ કહેતો કે મને જન્મ આપ્યો બૈરીએ.
છે ખોટું પણ મુર્ખને, કોઇકે કહ્યું કે એ નઃ
એક દિવસ બાળક હતો પણ વૃદ્ધ કરી ગઈ ઉમ્મર

ભૂખ્યો જો કદિ થાય થતી ઈચ્છા ખાવાની
આવે જે આહાર ટેવ મુખે જમવાની;
કહેતા નહી સા લોક અહો ! એ જમતો ડોસો
તરશ લાગતી જ્યાંય તરત એ પાણી પીતો.
વળી વિસ્મય જેવું એજ છે આંખ્યો એને બે હતઃ
ખાતો જે જે વસ્તુ તે તે તો સૌ હાથો વતી.

જો અજવાળું ન હોય બિચારો દેખે નહિં તે
કોઇકે કહ્યું ખરૂં હોય સાંભળે અડધી રાતે;
જાગે દિવસે એય સુવે વળી રાત પડે તો
ઉંઘે મીંચી આંખ જમીન ઉપર વળી એ તો.
સ્હોડે નાક થકી સહુ, બોલે સઘળું જીભથી
ખાતો જે કંઇ એય, તે જતું પેટમાં સ્હોં થકી.

છાપ્યું છાપામાંય જીમ મ્હોંની જે એની
બોલે ડોસો જ્યાંય હાલવા માંડે પહેલી;
નીકળે જ્યારે બ્હાર હાલવા માંડે તેના
પગ બેને એ હાય અજાયબ જેવું છે ના ?
વળી અકળકળા ઇશની સ્મરો જુવો તમે એની ગતિ
પહેલો પગ જો ઉપડે તો ડાબો કે જમણો નકી.

એને મુખપર નાક હોઠ ઉપર મૂકેલું
ધુને નહિ જો વદન હોય ભાગ્યેજ રૂપાળું;
હસે જ્યારે ખડખડી મ્હોડું એનું તો હાલે
રૂવે કદિ તો તુર્ત આંખમાં આંસુ આવે.
લોકો કહે તે માનીએ પણ ખરૂં ખોટું જાણે વિભુ
છે મુખ એનું દાઢીને વળી નાકની વચ્ચે ઉભું.

માંદો પડીઓ જ્યાંય મ્હને તો એમ થતું જે
ડોસો જીવશે નહિ, મરશે નહિ એ અથવા તો;
લાગે વિસ્મય મ્હને લોક છો ને કંઈ કહેતા
ઓળખે નહિ જે વૈદ્ય મફતના દવા આપતા.
આપ્યા પ્રભુએ હાથપગ હાલે નહિ મરવા પછી
તો સ્મશાનમાં શે ચાલશું; એ બ્હીકે ડોસો રહે ડરી.

અરે ! બિચારો ગયો ઇશના દ્વાર સમીપે
કહેતા દાક્તર ગયો પ્રાણ જવાને લીધે;
ખરૂં હશે કે નહિ નકી પરમેશ્વર જાણે
દીઠા કોઇએ ન પ્રાણ અમથી ખરૂં એ ન મનાયે.
જો જીવ્યો હોત એક દિન ઠચ્ચર બિચારો ડોસલો
તો નકી કહેવાત કે એ એક દિન મોટો થયો.

ગોળમટોળ શર્મા

સોરઠી સાહિત્યમાં નારીભાવના

એકેકના વિરોધી લાગે તેવા ભાવોને હૃદયમાં અખંડ સમતોલ-લતાથી ઉછેરવા એ મહત્તાનું પહેલું અને મુખ્ય લક્ષણ. લોકોત્તર મહા-ત્માઓના ચિત્ત કુસુમથીએ કોમળ અને વજ્રથીએ કઠણ હોય છે એવું ભવભૂતિનું વચન એ જ લક્ષણની સાક્ષી પૂરે છે. અને મહમ્મદ-સાહેબની વીરતાનાં વર્ણનમાં પરદેશી પરધર્મી કાર્લાઇલ મુગ્ધ થાય છે તે પણ તેમના સ્વભાવમાં જામેલા સુકુમારતા અને સ્નેહ જેવી નમ્ર, નિર્મળ સંયમશીલતાના સહવાસ પર જ.

એ ગુણ મહાનુભાવો તેમ મહાપ્રજાઓમાં પણ વ્યાપી રહ્યો હોય છે સૌરાષ્ટ્રની પ્રજાનો—તેની પુરાતન સંસ્કૃતિનો, તેના પરમ અદ્‌ભુત સાહિત્યનો—તો એ જાણે વિશેષ ધર્મ બની રહ્યો છે. એ પ્રજાના અલૌકિક પરાક્રમો અને અશક્ય ભાસતાં બલિદાનોનું જે સાહિત્ય હમણાં સતતપણે બહાર આવવા માડ્યું છે તેને સૂક્ષ્મ દૃષ્ટિએ તેમ જ સમભાવથી અવલોકનારને મહત્તાનું આ પ્રથમ લક્ષણ તેમાં સૌથી આગળ પડતું છે એમ લાગ્યા વિના નહીં રહે.

પૃથ્વીના પડ પર અજોડ એવાં એ સાહિત્યનાં વીરશીરાગનાના ગૌરવની પૂરેપૂરી સમજ તો આ મંદમતિ મુજને નહીં પડી શકે એમ ઘણી વાર લાગે છે. અત્યારે જે કંઈ સંગ્રહાઇ ને પ્રકાશમાં રહ્યું છે તેનું યથાર્થ મૂલ્ય આંકનારો વાચક તો હવે જનમવાનો છે પણ વિવેચક હવે જનમવાનો છે એમ મનમાં થાય છે. એટલે અહીં કરીશું તે એટલું જ કે અમુક અમુક વાતોઓ કે ગીતોમાં સોરઠના લાક્ષણિક

સ્રીત્વની જે ભાવના ઝગમગી રહી છે તેનું સ્વરૂપ ચાર ભાગ્યાતુટ્યા શબ્દોમાં સમજવાનો પ્રયાસ કરવો; વચ્ચે એ જ સ્રીત્વની કોઈ કોઈ કુભાવનાના અંધાર પણ ઓળખવા પડશે.

*

ઉછળતું યૌવન હોય, કુણું માખણ હૈયું કુદરતે બક્ષ્યું હોય, છતાં કપરા સંજોગોમાં આપરાણી અવિચળ સંયમ સેવી રહે તેનો દાખલો 'આહેરની ઉદારતા' (પહેલી 'રસધાર')માં છે. એ વાર્તાની નાયિકા સોનબાઈને તેના પુરુષત્વથી વિહીન પતિ વિક્રમશીએ બીજું ઘર કરવાની છુટ આપ્યા છતાં એ તો તેણે ન કર્યું, પણ એ જ્યારે ત્યજી ગયો અને અંતે જ્યારે માબાપે પરાણે બીજે પરણાવી, ત્યારે પણ અખુટ સંકલ્પબળથી તે બ્રહ્મચારિણી જ રહી. ફરી વિક્રમશી અકસ્માત નજરે ચડ્યો ત્યારે "આમ કરવું તું?" એવા હૈયું વધોવતા ઠુંકા ઠપકાથી જ તેને તેણે કરેલા ત્યાગની યાદ દેવડાવી; અને દેવીની કૃપાથી એ પુરુષાતન પામ્યો ત્યારે એની જ ભાર્યા થઈ ને રહી.

એ આવેશમય દીલના અજબ સંયમનો એક પ્રકાર. હવે બીજા જોઈએ.

ત્રીજી 'રસધાર'માં કાઠીઆણીઓની બે કથા છે: 'ઘોડી અને ઘોડેસવાર' તથા 'કાઠીઆણીની કટારી.' પ્રલયનાં પૂર સમી ઘુઘવાટબંધ વહેતી શેત્રુંજીના પટ પર ભર ચોમાસે તરફડાદી ત્રાપામાં બાળકુંવરને લઈને એ બેઠી છે; પાણીમાંથી જમ્બર એરૂ ત્રાપા પર ચઢી આવ્યો છે; તેની ફણ બાળક પર પથરાઈ છતાં માનું તો જાણે રુંવાડુંએ ફરકતું નથી; માતાજીનું સ્મરણ ચાલી રહ્યું છે; સ્વામીએ બચાવવાના બે નિષ્ફળ પ્રયાસ કર્યા પછી "અમને મુકી દ્યો, તમે તરી જાઓ; બીજી કાઠીઆણી ને બીજો છોકરો મળી રહેશે" એવું વહાલ ને અંતિમ બલિદાનના ઘેરા રંગે રંગાયલું વચન તે કાઢે છે; આખરે ઘોડી શિવાય સૌ બચે છે અને 'ઈતરીઆને ઓરડે' રાત માણવાના જુવાન વરવહુના કોડ પુરાય છે—આ પહેલી વાતનો સાર. અને બીજીનો—રણવગડે લગભગ અનાથ દશામાં, ખોપ્પરા શેખની કુદૃષ્ટિનો ભોગ

ચયેલી સંજુબાઈ તે શેખને યુક્તિથી પાસે બોલાવીને તેના હૈયામાં કટાર હુલાવી દે છે; અને " ખોખરાના આંતરડાં એ જોગમાયાએ બહાર કાઢી નાંખ્યાં... ... કાઠીઆણીની લોહીઆળી કટાર ચાંદરડાંને અજવાળે તગતગવા માંડી ... બહાર પહોંચી ગઈ. અધરાતે ચંડિકા મટીને એણે જોબનના શણગાર સજ્યા. એની આંખમાં કંઈ-ડો કંઈક જોઈ રહ્યો".

બંને દૃષ્ટાંત ભરજોબન, કુળવાન, મૃદુતામય, તો ય વીરતાથી ઓપનાં કાઠી નારીરત્નોનાં છે. ઘરમાં સમજુ ને શાણી, આવડતાળી કલાપ્રિય ને ઘરરખુ ગૃહિણી તે બહાર આમ પ્રસંગ પડ્યે કેવી અલૌકિક શક્તિઓ દાખવીને તપસ્વિની કે સિંહણ બની શકતી! આવી પ્રજા ને આવી પ્રમદાઓ દુનિયામાં બીજે હશે ખરી?

એવી જ રીતે બેભાન એભલવાળાને એકાંતમાં મેધલી રાતે નિર્વિકાર મનથી હૂંફ દેનારી સાંઈ નેસડી; "બોખાંની પીડા સમજવા" પોતાના બત્રીસે દાંત ઘડીકમા તોડી નાખનાર અનન્ય પતિપરાયણા કમરીબાઈ—'સોરઠની ગાંધારી' (ત્રીજી 'રસધાર'); હૃદયદ્રાવક કલ્પાંતના પ્રભાવથી ખોટાબોલા ભાઈ રેશમીઆને પથ્થર બનાવીને પોતે પણ છોકરા સોતી તેવી જ બનનાર કમઢની ચમત્કારી ચારણી (ત્રીજી 'રસધાર'); અને વાઝણી અદેખણી નિંદાખોર શોક્ય પુનસરીને ચિતામા ચઢતાં ચઢતા પુત્રસુખનું વરદાન દેનારી આઈ જાસલ (બીજી 'રસધાર')—આ સર્વ પણ અદ્ભુત સૌરાષ્ટ્રની વંદનપાત્ર વીર રમણીઓ છે.

પણ 'રસધાર'ની પ્રભાવશાલિની નાયિકાઓમાં પણ કોઈ અનેરા વ્યક્તિત્વથી આગળ પડી આવતી તો અંજુ છે—કોડીલી, રમતીઆળ, જરા બટકબોલી અંજુ:–'પરણેતર' (બીજી 'રસધાર') ની નાયિકા. એની વિશિષ્ટતા એક બીજી બાબતમાં પણ તરી આવે આવે છે. વાર્તાના લગભગ અંત સુધી એ કેટલીક રીતે આધુનિક પાશ્ચાત્ય સંસાર કે સાહિત્યમાંથી ઉતારેલી કોઈક નિર્દોષ, તોફાની, તદ્દન હળવાં હૈયાની આનંદમસ્ત યૌવના જેવી લાગે છે, પણ તેની

નાદાન જુસ્સાનો ભોગ બનીને જેવો તેવો પ્રિયતમ મેળો પ્રાણ ખુએ કે તેવી જ એ મનથી તો તેને વરી ચુકેલી કુમારિકા, તે કાળના દીલ્વાણીના સાચા આદર્શને અનુસરતી, "ગુલાબ જેવા અંગારાના બીછાનામાં" બળી મરે છે. એ મનોહર તેજસ્વી જ પૂજ્ય આત્માની મૈત્રી જો પ્રભુ એકાદ પળ પણ ભોગવવા દે તો જીવનની એ સૌથી ધન્ય પળ બને એમ આપણને થયા કરે છે.

'રઢીઆળી રાત'માં તો ગીતે ગીતે સોરઠી જીવનના ભાત ભાતના નમુના જડશે. અત્યારે તેમાંથી બેત્રણ જ સમક્ષ કરીશું.

'ના દીકી' એ કાતક ગીત તો સૌને યાદ હશે. એમાંની ભતૈજી મા તો, આગળ ઉલ્લેખાયલી પુનસરીની જેમ, નારીભાવનાનું આમલ પાસું છતું કરે છે. પણ તેની અદૃષ્ટ નાયિકાનું શું? કવિએ આપણી કલ્પના માટે જ એને રહેવા દીધી છે: બાર બાર વરસના વસમા વિજોગ વેઠનારી, પણ અંતે તો કલાન કુંવર સરખા કોડામણા પરાક્રમી પતિની ઝંખના કરતી કરતી, ગોઝારણ સાસુની સોડીનરસ છીપવવા જ મરણપથી એ "વિરહવિધુરી બાળી"નું હૃદય કોણ વાંચી શકશે? એને તો હોંશ હતી પિયુ પધાર્યે તેને કંઠે ઝુલવાની, તેની સુવિશાળ, ઉષ્માવત બાથમાં લપાવાની; પણ હવે નિર્મ્યું હતું કે એણે કોરીકડાક બાંધણી અને લોહીબાની ચુંદડી જ સંભારણા લેખે મુકી જવી. કેટલી કરુણ ઘટના!

બીજાં દૃષ્ટાંતો 'મોરાં ખોરડાં' અને 'પરણ્યાના પારખા'ની નાયિકાઓનાં તથા 'લેરીઆની લુંટાલુંટ'વાળી હઠીલી નણંદના આપી શકાય. આ ત્રણમાનું પણ પહેલું ગીત અત્યંત કરુણાજનક છે. અને કાઠીઆવાડી સંસારના ઘણા કરુણ પ્રસંગોની જેમ આની પણ પ્રેરિકા નણંદ જ બને છે. એણે સાટી ખાધી: ભોજાઈને માથે આળ ચડાવ્યા; આંધળાંશીન સાસરીઆએ તે માન્યા ને ક્રોધોપક્રમ પ્રમાણ્યા, અને અંતે પરણ્યાએ ઝેર ઘોળીને રૂપાને કાળજેવડું આગળ ધર્યું: "પીવો ગોરી નકર હું પી જાઉં જો." પણ ગોરી તેને એ પીવા દે? એને જીવ જરાય વહાલો નહોતો, આબરુ વહાલી હતી: "ઘટક દઈને ગોરીએ પી ગયાં રે લોલ." ન તેણે વિમાસ્યું, ન કે પુછ્યું.

એની પાંપણે અણધાર્યું મોત ભાળીને ફરકી નહીં. ને પોતાના નિર્દોષપણાનો ખુલાસો, "સહેજ અમથી સુખદુઃખની વાતો જ મેં કરી" એવો, તો એ શેની જ કરે ? એને હવે મરવામાં જ મઝા હતી. અમલસોમલના રગડાને અમૃત માનવાની કીમીઆગરી તેની પાસે હતી. એ ભવ તરી ગઈ; પતિ અને કુળને પણ તારી ગઈ.

ઉપર નોંધ્યાં તે પૈકીનાં બે ગીત બતાવે છે કે સોરઠી સાહિત્ય હાસ્ય રસથી વંચિત નથી. એકમાં, પરદેશમાં પરણીયાની સોડે પોઢેલા વરને પરણેતર મરણનો ઢોંગ કરીને પાછો સ્વદેશ આણે છે ('માનેતીની આંખ' એ ગીત પણ આને મળતું જ, રમુજી છે) અને બીજામાં લાડકી ને મોંએ ચડાવેલી નાનકડી નણદી નવાં આવેલાં ભાભીને મધુર કનડગત કરે છે તેનું સુંદર સ્વભાવચિત્ર છે. બંનેનાં સ્રીપાત્રો 'રઢીયાળી રાત'ના કેટલાક સૌથી રમણીય ને આકર્ષકમાનાં છે.

૯

એ મહિમાવંતા નારીજીવનનો કે નારીભાવનાનો પુરતો પરિચય આવી અછડતી નજરનોંધમાં કેમ કરાવાય ? પણ ઉપર જે રેખાદર્શનનો પ્રયાસ કર્યો છે તે પરથી સમજાશે કે સોરઠી સાહિત્યનાં સ્રીપાત્રો ઉમદા અને અસાધારણ છે. એમને આપણે વધારે ઓળખીશું, અને જે સંસ્કૃતિએ તેમને જન્મ દીધો તેને પણ સમજતાં શીખશું, તેમ તેમ વિશ્વસાહિત્યમાં એમનું ઉંચું ને ગરવું સ્થાન છે એ પણ સમજી શકીશું,–કેમકે આવી આવી શક્તિઓ ને ચમત્કૃતિઓ જેમનામાં ભરી હોય તેમને દેશદેશની સાહિત્યવિચારણા વખતે પણ ગણનામાં લેવા જ પડશે એમાં શક નથી.

શ્રાવણ ૧૯૮૧ | વિજયરાય કલ્યાણરાય

બહુ જ વિશાળતાથી બોલીએ તો કહી શકાય કે જે સઘળું લોકોની વાણીના વિષયરૂપે લોકોમાં પેઢી દર પેઢી ઉતરતું આવ્યું છે તે લોક સાહિત્ય છે.

ગિજુભાઈ

પૂજનથાળ

પ્રિયા! તૈયાર થા.

આજ આપણી લગ્નતિથિ છે. તો પ્રભુને સાથે પૂજીએ.

*

પ્રભુ!

સારુંય જગત તારું છે ત્યાં અમારું માની તને ધરવું પણ શું? માત્ર અમારાં નેત્રો તારા ચરણ નીરખતાં ઝાંખાં પડે છે.

*

જીવનના વાવાઝોડાઓમાં ઝોલાં ખવરાવ એની ના નહિ : પણ એ કાળેય તારું નામ સ્મરવાની અમારી અલ્પ બુદ્ધિને મા હરી લેતો.

*

ધનના વૈભવ ને સુખનાં દાન તારે વરસાવવાં ન હોય તો અમારે એ પામવાં પણ નથી: એક તારી આશીષના અધિકારી રહેવા દેજે.

*

મોટી અજવાળી રાતે વીણાના તાર અમે છેડ્યા છે. પણ એક અંધારી રાતે તૂટેલા તારે કોઇ, મસ્ત બની, તારી ધૂન જગવતું હતું ત્યારે એ ગીત અશ્રુતપૂર્વ મીઠું હતું. અમારાં ગાન તે અમારાં ગાન જ: નાદ ગીત તે તારું જ. ત્યાં અમારા બસૂરા બોલ......

*

માતૃ દેવો ભવ। પિતૃ દેવો ભવ। ને તું પરમદેવો ભવ।

*

જગની રસસામગ્રીની તું વહેંચણી આદરે: કોઇને ગુલાબ તો કોઇને ચમેલી, કોઈ ને મોગરો ને કોઇને ચંપો: એકએકને કંઈનું કંઈ આપે એ પળે અમારે કાજે એક તુલશીપત્ર સંઘરજે. અમારે તો તારું આપ્યું તને જ ધરવાનું છે.

*

દીપકની વાટ જેવાં અમે છીએ. તારા જેવો પળે પળે સંકોરનાર કોઈ ઉભો હશે તોજ જીવનનો અર્થ સરખો પણ ઉકેલવાનાં.

*

તારૂં ચન્દનવૃક્ષ જ જેમ ઘસાય એમ ઔર સુરભિ આપે એનો શો અર્થ ? જાણીને એ અમારે જીવનમાં વણ્યો છે.

*

પૂર્ણિમાના ચન્દ્રપ્રકાશમા ન્હાતાં હોઇએ ત્યારે એમ થાય કે તારૂં મુખ આટલું જ દિવ્ય ને ભવ્ય હશે. અને પછી વળી એમ થાય કે અમે પણ પાસેનું જ તારકવૃંદ હોત તો ? તો......

*

શાહી ને શક્તિ ખૂટ્યાં : એક તારાં ગાન જ અધૂરાં રહ્યાં.

પ્રિયતમ

ચિ: કનુ દેસાઈ

ભેટ: ૧૯૨૭

લગ્ન

પત્ની સ્વ. [illegible] સ્મરણાર્થે

શ્રી [illegible] સભાને

શ્રીયુત [illegible] ચાવડા

[illegible] તરફથી સવિનય સપ્રેમ ભેટ.

ગુલાબે રમતાં'તાં*

મારી ફુલ ગુલાબની વાડી
ગુલાબે રમતાં'તાં......મારી૦

મારો જેઠજી આવ્યે આવ્યા
ગુલાબે રમતાં'તાં......મારી૦

---

* પહેલી ૭ પંક્તિ લોકગીતની છે. ગિ.

ગુલાબે રમતાં'તાં

મારી સાસુજી આવ્યાં આણે
ગુલાબે રમતાં'તાં......મારી૦

મારા સસરાજી આણે આવ્યા
ગુલાબે રમતાં'તાં.......મારી૦

મારા પરણ્યાજી આવ્યા આણે
ગુલાબે રમતાં'તાં.......મારી૦

એણે નયણાંની ભૂરકી નાખી
ગુલાબે રમતાં'તાં.......મારી૦

મને જાદુએ જકડી રાખી
ગુલાબે રમતાં'તાં.......મારી૦

મારી ફુલની રમત મેં મેલી
ગુલાબે રમતાં'તાં.......મારી૦

હું તો વેલમાં બેઠી વ્હેલી
ગુલાબે રમતાં'તાં.......મારી૦

માળ ગૂંથી ગુલાબની કોડે
ગુલાબે રમતાં'તાં.......મારી૦

ધરી પરણ્યાની પાતળી ડોકે
ગુલાબે રમતાં'તાં.......મારી૦

પછી પરણ્યાને હેતડાં આવ્યાં
ગુલાબે રમતાં'તાં.......મારી૦

સોનબાઈને છાતીએ સમાવ્યાં
ગુલાબે રમતાં'તાં......મારી૦

ગિરીશ

એક પ્રશ્ન

સર્વ શાસ્ત્રીઓ કૃપા કરી અહીં આવો અને મારા પ્રશ્નનું નિરાકરણ કરો. ધર્મના, માનસશાસ્ત્રના, સંસારશાસ્ત્રના, રાજનીતિના, પ્રમાણશાસ્ત્રના, નીતિના, અનીતિના, સર્વ શાસ્ત્રીઓ,

આવો શાસ્ત્રી તમ પગલે પાવન થશું રે લોલ,
માણું રૂંધન્તા પ્રશ્ન પદે હાશનું રે લોલ.

*

હું બીજી એસ. એલ. બી. નો અભ્યાસ કરતો હતો અને વાચવાથી કંટાળીને મારે વચલે માળે જે હાથમાં આવ્યું તે પેપર વાંચતો હતો. તેમાં મુંબાઇની ગામવાડી લેઇનમા એક માળામા જરા આગનું છમકલું થયાનું વાંચ્યું અને કાંઇ વાત કરવા જોઇતી હતી માટે કોણ જાણે શા ભોગ લાગ્યા તે મારી બહેનને કહ્યું: "જોયું બ્હેન, આ મુંબાઇમાં આગનું છમકલું થયુ તે."

બહેન—કેમ છમકલું થયું તેમાં એવું શું જાણવાનું છે? કારણ શું હતું?

હું—માળામાં ઘાટી સ્ટવ કરતો હતો અને સ્પિરિટ ઓછો પડયો છે જાણી બીજી વાર સળગતા સ્પિરિટમાં બાટલી લઈ સ્પિરિટ નાંખતાં આખી બાટલી સળગી એ તો સારું થયુ કે આસપાસથી માણસોએ આવીને આગ બુઝાવી.

બહેન—હા. આપણા ઘરમાં આવું બનતાં બનતાં રહી ગયેલું તે તમને ખબર છે?

હું—હા. મને ખબર કેમ ન હોય? પણ તને એની ક્યાંથી ખબર?

બહેન—વાહ! આપણો નોકર ડાહ્યો નવો નવો રાખેલો, તે પણ એવી રીતે સળગતા સ્પિરિટમાં સ્પિરિટ નાંખવા જતો હતો. પણ હું પાસે બેઠેલી તે મેં હળવે રહીને તેના હાથમાંથી બાટલી જ લઇ લીધી. જો ઉતાવળી બોલું તો કદાચ ચમકીને એકદમ સ્પિરિટ નાંખી દે.

હું—અરે ગાંડી, એ તો હું ત્યાં બેઠો હતો અને મેં જ એના હાથમાંથી બાટલી લઈ લીધી'તી. અને પછી મેં તમને બધાંને સમજાવ્યું કે—

બહેન—હવે રાખો રાખો. એટલું અમે નહિ સમજતાં હોઇએ? મેં ચન્દ્રકાન્તમાં વાંચેલું કે કર્ણ નિશાન પાડવા પાછે પગલે જતો હતો અને ત્યાં પછવાડે કુવો આવ્યો. જો એક પગલું પાછો ખસત તો કુવામાં પડત. કર્ણના માણસે બોલ્યા ચાલ્યા વિના પેલું નિશાન જ તોડી પાડ્યું. અને એવી રીતે તરત બુદ્ધિથી કર્ણને બચાવ્યો. ત્યારથી હું સમજતી કે એવે વખતે બૂમ ન પાડવી. પણ જાતે જ તે સ્થિતિમાં ફેરફાર કરી કાર્ય અટકાવવું.

હું—ઓ હો હો!—શું શાસ્ત્રજ્ઞાન છે! ચંદ્રકાન્તમાંથી દાખલો આપ્યો એટલે જાણે થઇ ગયું! એ તો ડાહ્યાના હાથમાંથી મેં બાટલી લઇ લીધી હતી અને પછી તમને બધાંને મેં છટકીના ચિત્રકારનો દાખલો આપીને આ વાત સમજાવી હતી. એ વખતે પછી તેં કર્ણનો દાખલો આપ્યો હતો.

બહેન—કાંઇ નહિ. આમાં પંચ નીમો. બાને બોલાવો. બા કહે તે ખરૂં. બા, ઓ બા, આમ આવોને.

બા આવ્યાં.

બા—કેમ હીરા શું છે?

હું—બા, આપણા ઘરમા—

બહેન—ના; એમ નહિ ચાલે. હું જ પૂછું. તમે તો વકીલાત કરીને આડું અવળું પૂછો અને બા તો બીચારાં ભોળાં છે. હું જ પૂછું

નું. આ, આપણા ઘરમાં ડાહ્યલો નોકર હતો અને તેને આપણે રજા આપી મૂક્યો એ યાદ છે?

બા—હા; મૂઓ તદ્દન બેવકૂફ. એક વાર સળગતા સ્પિરિટમાં પાછો સ્પિરિટ નાંખતો હતો. હું પાસે બેઠી હતી તે તેની પાસેથી બાટલી જ મેં તો લઈ લીધી. ઠીક થયું, ગયો, નહિ તો કાંઇનું કાંઈ નુકસાન કરત.

હું—વળી આ જૂઓ. આ તો બેની લડવાડમાં ત્રીજો ખાઈ જાય. હું અને હીરાને એ જ તકરાર ચાલે છે. હું કહું છું મેં ડાહ્યલાના હાથમાંથી બાટલી લીધી અને હીરા કહે છે મેં લીધી. અને તમને પૂછવા બોલાવ્યાં તો તમે વળી જુદું જ કહો છો.

હીરા—કાંઈ નહિ, બા! એ ભાઇ આપણને નહિ પહોંચવા દે. નાનાં ભાભીને બોલાવો. એ કહેશે એટલે સાચું માનશે. ભાભી, ઓ ભાભી!

મારી પત્ની ગૌરી આવી એટલે હીરાએ કહ્યુંઃ કેમ ગૌરીભાભી, આમ આવો. ડાહ્યલાના હાથમાંથી સ્પિરિટની બાટલી કોણે લઈ લીધી એ વાતનો ન્યાય કરો.

ગૌરી—તે કેસની હકીકત જાણ્યા સિવાય શો ન્યાય કરું? પક્ષકારો કોણ છે?

હીરા—ભાઇ કહે છે મેં બાટલી લઈ લીધી હતી અને—

ગૌરી—ત્યારે તો તમે હમણાં બોલો મા. હું જ એમની ઉલટ પાલટ તપાસ કરું છું. સાંભળો. તમે કહો છો કે તમે બાટલી લઈ લીધી હતી?

હું—પણ હું તને ક્યાં ન્યાયાધીશ તરીકે સ્વીકારું છું? અને ન્યાયાધીશથી તે વળી ઉલટપાલટ તપાસ થાય?

ગૌરી—ના, તે ન્યાયાધીશ નહિ, જાઓ. પણ હું વકીલ તરીકે અને છેવટ પક્ષકાર તરીકે તો પૂછી શકું ના? બોલો તમને ખબર છે? રસોડામાં ચૂલો કઈ જગાએ છે? અને સ્ટવ કઈ દિશામાં રહે છે?

હું—એટલે તને બીક લાગતી હશે કે રખેને હું તારા રસોડાના સ્વરાજમાં પગપેસારો કરું! તેથી આટલી જીવ ઉપર આવીને લડે છે! પણ મને ખબર છે હો!

ગૌરી—તમે મારા સ્વરાજમાં પગપેસારો કરશો એવી મને લગારેય બ્હીક નથી. તે દીવસે બ્હેને મશ્કરી કરી ત્યારે રોટલી સવળી કે અવળી તે પણ ઓળખતા ન હતા. પણ ખબર હોય તો જવાબ દો.

હું—પૂર્વમાં.

હીરા (તાળીઓ પાડતાં)—ખોટું, ખોટું, હાર્યા. ભાભી, તમે ભારે કર્યું. હવે કહો કે બાટલી કોણે લીધી'તી?

ગૌરી—કોણે કેમ? મેં લીધી'તી. તે દીવસે બા અને તમે બ્હાર ગયાં હતાં. હું ઘરમાં એકલી હતી. એને મોટાભાઈને માટે ચ્હા મૂકવાનું કહેલું અને હું ઓચીંતી જઈ ચઢી ત્યાં તો એવકુફ બાટલી હાથમાં લઈને સળગતામાં રેડવા જતો હતો.

હું—જો ન્યાયાધીશ થયાં છે પોતે. આમ તેમ કરીને પોતાને માન ખાટવું છે. અને બીજાના હક્કો ખોટા કરવા બધાની ગેરહાજરીની વાતો કરે છે.

ગૌરી—મેં ક્યારે કહ્યું હતુ કે હું ન્યાયાધીશ છું? હું તો પહેલેથી જ પક્ષકાર હતી

હીરા—કાંઈ નહિ. ત્યારે મોટાભાઈને બોલાવો. હવે આનો ફડચો તો કરવો જોઇએ.

હું—હા; મોટાભાઈને બોલાવો.

હીરા—મોટાભાઈ, જરા આમ આવશો?

મોટાભાઈ—કેમ, છે શું? સુખે પેપર પણ નહિ વાચવા દો?

હીરા—તે અમારે પણ પેપર વાચતા જ મુશ્કેલી આવેલી છે માટે બોલાવીએ છીએ.

મોટાભાઈએ આવીને કહ્યું ઓહો! આ કોલાહલ શો? યુરોપનું યુદ્ધ ભજવો છો કાંઈ?

હીરા—હા' યુદ્ધ જેટલા લગભગ પક્ષકારો થઇ ગયા છે. એક બે ખુટતા હશે.

મોટાભાઈ—લ્યો ત્યારે હું પણ પક્ષકાર થાઉં. બોલો છે શું.

હીરા—ના; આમાં તો ન્યાય કરવો પડશે. પક્ષકાર થયે કામ નહિ આવે. તકરાર મોટી થઇ પડી છે. હું અને ભાઇ વચ્ચે તકરાર પડી છે.

ગૌરી વહીલને જોઈ ચાલવા જતી હતી તેને પકડી રાખી તે ફરી બોલી. લ્યો; ભાભી સાહેબનું દફતરમાં નામ ન નોંધાવ્યું એટલે એ તો રીસાઇને ચાલ્યાં. એમનો પણ દાવો છે અને બાનો પણ દાવો છે. આપણા ઘરમાં ડાહ્યલો હતો તેના હાથમાંથી બાટલી કોણે લઈ લીધી તે સવાલ છે. હું કહું છું મેં લીધી અને ભાઈ કહે છે—

મોટાભાઇ—હા, તે તમે બધાંએ ઘણી વાર એના હાથમાંથી બાટલી લીધી હશે તેમાં તકરાર શા કરો છો? મેં તો માત્ર એક વાર ડાહ્યલાના હાથમાંથી બાટલી લીધેલી. મેં તેને સ્ટવ સળગાવવાનું કહ્યું. તેણે થોડો સ્પિરિટ નાખીને સળગાવ્યો. મેં કહ્યું: 'અસા ઓછો પડશે' એટલે મૂરખો સળગતા સ્પિરિટમાં સ્પિરિટ નાખવાનું કરતો હતો. મેં તેના હાથમાથી બાટલી લઇ લીધી.

હીરા—આ તો તમે પણ ખરેખર પક્ષકાર થઇ ગયા. હવે કરવું શું?

બા—હવે મોટા ભાભી બાકી રહ્યા. એ પણ કહે કે મેં સળગતું બચાવ્યું હતું એટલે થયું. નાટક પૂરૂં થાય.

બરાબર આ જ વખતે મોટા ભાભી આવી પહોંચ્યા.

હીરા—ભાભી, આયુષ્ય તો લાંબુ છેઃ બોલો આપણા ઘરમાં સ્પિરિટ સળગાવતાં ડાહ્યલાના હાથમાથી બાટલી કોણે લઇ લીધી હતી? જો જો, મે જ લીધી'તી એમ ન કહેતાં.

મોટાં ભાભી—તમે પણ એ જ વાત કરો છો! હું તો માનું જ છું કે-મનોમન સાક્ષી છે-(મારા સામુ જોઇને) વિચાર સંદેશા ચાલે તેને અંગ્રેજીમાં શું કહે છે? તમે કાંઇ કહ્યું હતું ને?

હું—ટેલીપથી (Telepathy)

મોટાં ભાભી—હું તો ટેલીપથીને માનું છે. દીનુભાઇને ઘેર બેસવા ગઇ'તી ત્યાં ડાયલાની વાત નીકળતા મેં હમણાં જ કહ્યું કે એ મૂરખો સળગતા સ્ટવમાં સ્પિરિટ નાખવા જતો હતો તે મેં બાટલી પડાવી લીધી હતી. અને અહીં આવું છું તો તમે પણ એ જ વાત કરો છો! પૂછી આવો વળી ખોટું કહેતી હોઉં તો.

હીરા—પણ ભાભી આ તો વિચિત્ર ટેલીપથી થઈ. આવી તો

દુનીઆમાં નહિ હોય. અમે વાત તો એ જ કરીએ છીએ પણ અમે દરેક એમ કહીએ છીએ કે એ બાટલી અમે લીધેલી.

બા—લો. યુરોપીય યુદ્ધ જેટલા પક્ષકારો થઈ ગયા.

હું—પણ ત્યારે આનો નીવડો શો આવ્યો ?

મોટાં ભાભી—નીવડો એ કે બધાંએ હવે ચ્હા પીવી.

હું—પણ બાટલી કોણે લીધી ?

મોટાં ભાભી—જે ચ્હા પીએ એણે.

*

એ વખતે તો મેં એ નીવડો સ્વીકારી લીધો. પણ તમને બધા શાસ્ત્રીઓને પૂછું છું: આમાં ખરૂં કોણ ? અને આ ગોટાળાનું કારણ શું ?

મને એટલું હો એટલું કહો કથી રે લોલ.
માન્યું અમાન્યું હો સંત કાં થતું નથી રે લોલ ?
ધાર્યું અધાર્યું હો સંત કાં થતું નથી રે લોલ ?

દ્વિરેફ

'Whatever men do' is a prase which describes the theme of the story-teller.

Hugh Walker

અપ્રગટ પત્રો

અમદાવાદ તા. ૨૦-૧૨-૧૯૭૫

મનોજકુમાર,

તમારો પત્ર મળ્યો. હું જવાબ મોડો આપી શકું છું. કારણ કે હમણાં છેલ્લાં બે અઠવાડીઆં થયા, 'મ્યુનિસિપલ ઇલેક્શન'ની ધમાલમાં છું. આવતી કાલથી મ્હારાં ભાષણો 'શ્રીસાહિત્યસભા'ના હાથ નીચે શરુ થવાના છે. એટલે હાલ એકાદ અઠવાડીઉં ફુરસદ નહિ હોય. તમારા દર્શાવેલા વિચારો એટલા બધા સંકુચિત અને સૈકાઓ પહેલાનાં છે, કે હું તેમને સ્વીકારી શકું નહિ. તમારા પિતા વૃદ્ધ થયા છે, અને તેને તમારા સિવાય બીજો પુત્ર નથી. માટે એ પોતાની જુની ઢબ પ્રમાણે આપણી સાથે રહે તે ચલાવી લેવું એ વાત કોઇ પણ બુદ્ધિપ્રધાન પ્રાણી માન્ય રાખી શકે નહિ. વારૂ, તેણે જુવાનીમાં, પોતાની વૃદ્ધાવસ્થા જાળવવા માટે કેમ કાંઇ ઉપાય ન કર્યો? તેણે એકથી વધારે પુત્રો ઉત્પન્ન ન કર્યો, એ દોષ કાંઇ મ્હારો નથી, કે હમેશને માટે તેની અમુક ખાસીયતો પ્રમાણે જ વર્તવાની ટેવ પાડવી! હું એવી વાતને આપઘાત ગણું છું. પુરુષના જેટલો જ સ્ત્રીને સ્વતંત્ર રહેવાનો હક્ક છે. હું સમજી શકતી નથી કે તમારા પિતાને સ્વીટઝર્લૅન્ડના કન્ડેન્સ્ડમીલ્ક કરતાં આપણી જ ગાયના દુધ પર શા માટે વધારે શ્રદ્ધા છે! તે દિવસે તેમણે પેલા ભિખારીને પૈસા અપાવીને, મારી પસંદગીની મઝા જતી કરાવી, ત્યારે તો મને મન પણ થઇ આવેલું કે ડોસાને વર્તમાનજીવન પદ્ધતિ શું છે એ બરાબર સમજાવું!

તમને ખબર છે કે આપણું ઘર મેં કેવા સંજોગોમાં છોડયું છે. અરે, ભલા માણસ, મારું ભાષણ ગોઠવેલું હતું. ‘ સ્ત્રી મંદિર ’માં સૌ મારી રાહ જોતાં હતાં. કૃષ્ણાકુમારી પ્રમુખપદે બેસવાનાં હતાં. અને હું ભાષણ દેવા માટે ગાડીમાં નીકળી પણ ચૂકી હતી, ત્યાં ડોસાએ પાછળથી બૂમ પાડીને હો હા કરી મૂકી. બીજું કાંઇ હતું જ નહિ, માત્ર કીકીને ઘણા વખતથી તાવ આવતો હતો, ને આજે જરા વધારે પડતી પીડા હતી. પણ મેં એની સારવાર માટે એક નોકર રોકયો હતો, અને ડૉ. કિશોરલાલ જેવા બાહોશ માણસની દવા ચાલુ હતી. છતા, ડોસાએ તો આગ્રહ જ કર્યો કે ‘ના, આજે તમારું ભાષણ બંધ રાખો. આજનો દિવસ કીકી કાઢે એ આશા જ નથી. ’ વારું, મેં તો ડોસાને મોઢામોઢ સંભળાવી દીધું કે, તમારા વખતમાં, માણસ મળતું હોય ત્યારે જાહેર કામો અટકાવવાની જૂની પ્રદ્ધતિ ચાલતી હશે. આજે વર્તમાન જીવનપદ્ધતિ એ સ્વીકારી શકે નહિ. તમે કહેશો કે, ડોસાની વાત સાચી પડી, ને કીકી તે દિવસે જ મૃત્યુ પામી. પણ હું હાજર હોત તો કીકી જીવી શકત એમ શા માટે માનવું? કિશોરલાલે તો મને ચેતાવી જ હતી, કે આજે કટાકટીનો સમય છે. અને કીકી મ્હારી હાજરીમા મરણ પામે કે ગેરહાજરીમાં મરણ પામે એમા શું ફેર પડવાનો હતો ? તમે પુરુષો એમ શા માટે ધારી લ્યો છો કે, છોકરાની મરણ પથારી પાસે ઉભા રહેવાની, સ્ત્રીઓની જ જવાબદારી છે ? અને પુરુષ એ જવાબદારીમાંથી મુક્ત છે ? વારુ, થોડું વિશેષ. જન્મે તે મરવાનુ તો ખરુ જ, એ જન્મ આપવાનું કામ સ્ત્રીઓએ માથે ઉપાડ્યું છે, માટે ‘ મૃત્યુ આપવાનું કારખું’ એમ તો ન કહેવાય, પણ મૃત્યુ વખતે હાજર રહેવાનું કામ પુરુષોએ ઉપાડવું જોઇએ.. મને તો કીકીના મૃત્યુ માટે એવો કાંઇ ખાસ અફસોસ થયો નથી અને ડોસો તો કીકીને લાંબી મુદત સુધી ‘સંભાર્યે રાખતા ! જેને જાહેર કામો કરવા છે તેને એમ દરેક મૃત્યુ માટે વખત કાઢવો પોસાય કે ? ઠીક, પણ આ બધાનો સાર એટલો જ કે જો તમે ડોસાને માટે કોઇપણ લૉજમા જમવા સૂવાની ગોઠવણ કરી શકતા હો તો આપણે સાથે રહી શકીએ એવી મનોદશા હું કેળવું.' લૉજની ગોઠ-

વણુનો આર્થિક સવાલ ઉત્પન્ન થાય છે. મને લાગે છે કે એટલું ખર્ચ; વધે તે હું ખુશીથી મંજૂર કરું છું. પૃથ્વીકુમાર તમારી પાસે મજા કરતો હશે. આંહી પણ અનિલા મજા કરે છે. હા, એક છેલ્લી વાત. અનિલા આંહી મજા કરે છે પણ તેના આર્થિક હક્કો વગેરે, પૃથ્વીકુમાર જેટલા જ જળવાય, એ વગર કહ્યે સમજવાનું જ છે. હું હમણાં એક સોલીસીટરની ફર્મમાં થોડો વખત થયાં કામે જાઉં છું. ભવિષ્યમાં પૃથ્વી અને અનિલા, એ બન્ને ભાઇ બહેન વચ્ચે કોઇ આર્થિક સવાલ ઉત્પન્ન થશે, તો, એ કેસને અમારી ફર્મ હાથમાં લઇને મને મદદ કરશે, એ જણાવવા માટે જ આ લખ્યું છે.

ખુશી હશો. હમણાં શું પ્રવૃત્તિ કરો છો?

લી: નિર્મળા

તા. ક. તમે તમારા કાગળમા મારા નામની પહેલા 'અ. સૌ.' મુકો છો એ જૂની રીત મને બિલકુલ પસંદ નથી. જ્યારે પુરષો એમ માનતા કે અમારાથી જ સ્ત્રીઓ પ્રકાશે છે ત્યારે એ જૂના જમાનામા, 'અ. સૌ.' ચાલી શકતુ. આજે હવે સ્ત્રીઓનું સૌભાગ્ય સ્ત્રીઓ પોતે જ છે. સ્ત્રીઓ સ્વયં પ્રકાશિત છે, માટે 'સૌભાગ્યવંતાં' લખવાની જરર નથી. અને પુરુષ વિના સ્ત્રીઓના સૌભાગ્યમાં ખટ પડે છે, એ હવે આ યંડ વખતે કોઈ માને જ નહિ! માટે તમે 'અ. સૌ.'નું પદ્દીદાન દેવાનું મુલ્તવી રાખજો. નહિતર તમારા નામની પહેલાં પણ, 'અ. ગૃ.' 'અખંડ ગૃહ' ઉમેરાશે. અખંડ છે ગૃહ જેનું (સ્ત્રીઓને લીધે) એવા અર્થમાં.

*

મુંબઈ તા. ૨૫–૧૨–૧૯૭૫

અ. સૌ. નિર્મળા,

તમે આપવા ધારેલી, અખંડગૃહની પદવી સ્વીકારવામા મને કાંઈ જ વાંધો નથી. અને એટલે જ તમને અ. સૌ. લખ્યું છે. હવે મુદ્દા પર આવું.

આપણા ઘરમા ઘણા વખત થયા, તમે મારા પિતાશ્રી અપ્રસન્ન રહેતાં હતાં. તમે એક ભારણની તૈયારીમાં રહેલા હોવાથી, આપણે અથાણાના વખતે અચાણું આ વર્ષે માટે તૈયાર કરી શક્યાં ન હતા. તે દિવસે આપણે ત્યાં મહેમાન આવ્યા, ત્યારે ચંચળબેન અથાણું

આપી ગયાં તે આપણું ગાડું ચાલ્યું. તે પ્રસંગે પિતાજીએ કરેલી ટીકા તમને કદાચ સાલતી હશે. "આપણે ગૃહ ઉદ્યોગનો વિનાશ કરીને સ્ત્રીકેળવણીનો પાયો નાંખીશું તો છેવટે વધારે પરાધીન બનીશું." આ ટીકા હતી સાચું નાં? તમે મને સૂચના કરી હતી કે મેમાનને લૉજમાં ખાસ ગોઠવણ કરીને જમાડી લેવા, અથવા 'ઇંગ્લીશ ફર્મ' માંથી અથાણું ખરીદી લેવું. તમારી વાત સાચી હતી કે તમે પણ નોકરી કરીને પૈસા લાવો છો, અને તેથી અથાણું તૈયાર કરવાની તમારી જવાબદારી રહેતી નથી. તમે મંજૂલા બહેનનો દાખલો આપ્યો તે પણ બરાબર હતો કે તે બન્ને પતિપત્નિ જૂદી જૂદી લૉજમાં રહે છે. એક બીજાંને પ્રસંગોપાત આમંત્રણ આપે છે. અને ઘર જેવું કાંઇ રાખતાં જ નથી. છોકરાં સ્કુલોમાં જાય છે. બોર્ડિંગમાં રહે છે. માંદા પડે તો ડૉ. કિશોરલાલને તેમની સારવાર કરવા સૂચના આપેલી છે. એ બન્ને જ્યાં દરેક ભાષણમાં હાજર હોય છે. ઘણાં વર્તમાન પત્રો વાંચી શકે છે. અવારનવાર લેખો આપે છે. જાહેર વ્યાખ્યાન પણ આપે છે. મ્યુનિસિપલ ઇલેક્શનમાં ખૂબ રસ લઇ શકે છે. એથી વિશેષ માણસને જોઇએ પણ શું? અને એથી વધારે જાહેરજીવન પણ શું?

પણ, એક વાત પર હું તમારું ધ્યાન ખેંચું છું. ઘરમાં ઘરડાં બુઢ્ઢાંઓને કેટલીક ખાસીઅત હોય છે કે જે નવા યુગને ન ફાવે. પણ તેમને કેટલોક અનુભવ પણ એવો હોય છે કે જો તેમનો સ્વભાવ થોડો ઘણો સાચવી લેવાની ઉદારતા રખાય તો એ અનુભવ ઉપયોગી થઇ પડે. બીજું, જ્યારે આપણે સંયુક્ત કુટુમ્બના વિનાશ માટે તૈયાર થયાં છીએ તો, તેનાથી મળતા લાભનો પણ ત્યાગ કરવો જોઇએ. એ રીતે, મારા પિતાનું દ્રવ્ય, મારે ગમે તે સંસ્થામાં આપી દેવું જોઇએ. ને મારે મારું જીવન-ઘર, દ્રવ્ય, વાસણ બધું છોડીને-છેક એકડે એકથી શરુ કરવાનું. હાં, પણ તમે આ વાંચીને ખીજાતાં નહિ. આ તો માબાપે આપણા માટે કરેલા પ્રયત્નનો આપણે બદલો વાળવા ઇચ્છતા ન હોઇએ તો નૈતિક બિંદુએ બીજું શું કરવું ઘટે એટલું જ કહું છું. તમે કહેશો ભલે, એમાં શું વાંધો છે?

પણ એ વાંધો, ખેડુત વ્યાપારી વગેરે વર્ગને તો છે જ. એમનું જીવન છેક એકડે એકથી શરૂ કરવું મુશ્કેલ. માટે એ બિચારા તો સંયુક્ત કુટુંબની સંસ્થાને વિશુદ્ધ બનાવે તેમાં જ તેમનું શ્રેય છે. હવે બાકી રહ્યા તમારા ઉંચા ઑફીસરો, અનુકરણ કરવા વાળા કારકુનો. પ્રોફેસરો, ડાક્ટરો, વકીલો અને વેશ્યાઓ અને એવા એવા ભણેલા ગુલામો અને તેમની સ્ત્રીઓ. ભણેલા ગુલામોના આ નાના વર્ગને, શેખ છોડીને અથાણું તૈયાર કરવામાં જીવનવિકાસ અટકતો લાગે છે. અને સાચું જ, તમે તે દિવસે કહ્યું હતું કે દસ શેર અથાણું તૈયાર કરવા કરતાં, દસ શેર વજનના કાગળ લખવામાં વધારે લોકસેવા છે. સાચું કહું છું મને તો એ તમારો બુદ્ધિવૈભવ બહુ જ ગમ્યો. તે દિવસે તમે કહેલી વાત યાદ છે કે? આપણી પાસે પેલા પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટના શીરેસ્તદાર રહેતા હતા, તેમનાં પત્ની તનસુખગૌરી કહેતાં હતાં કે "મારા સાસુને સવારમાં વહેલી ચા જોઇએ માટે મારે વ્હેલું ઉઠવું પડે છે, એ તો, બા, આપણને ફાવતું નથી." તમને ખબર નહિ હોય, પણ એ ડોસી બિચારા ગુજરી ગયાં અને તનસુખગૌરીને સુવાની તો નિરાત થઇ ગઇ. ત્યાર પછી એક દિવસ તનસુખગૌરી વહેલાં ઉઠીને ક્યાંઇ જતા હતાં, તો મેં પૂછ્યું કે અત્યારમાં ક્યાં જશો? તો તેમણે કહ્યું કે "હવે તો હમેશાં હું વહેલી ઉઠું છું અને સાહેબનાં વહુ પાસે જઉં છું." એમનાં વહુ સાથે તનસુખગૌરીને સારી બનતી પણ હતી. એ સાહેબ બદલી ગયા, ત્યારે બિચારા તનસુખગૌરીને બહુ લાગ્યું હતું. એક દિવસ મારી પાસે અફસોસ કરતાં હતા કે સાહેબ બદલી ગયા ને અમારું પ્રમોશન ગયું! નહિતર, એમના વહુને ૭ મહિના સુધી વહેલી ઉઠીને દર્શન કરવા લઇ જતી, તે અમને જાણ્યા વિના રહેત નહિ!" ડોશીને ચા કરી દેવા વહેલાં ન ઉઠતાં ને બિચારાં પ્રમોશનની આશાએ ઉઠ્યાં. ને છતાં પ્રમોશન તો ગયું જ. પણ એ કિસ્સો વિચાર કરવા જેવો તો ખરો.

લી: પ્રસન્નવદન

*

અમદાવાદ, તા. ૯–૧–૧૯૭૬

પ્રસન્નકુમાર,

સાહેબજી ! તમારી સંકુચિત મનોદશાથી મારી અનેક પ્રવૃત્તિને ધક્કો પહોંચે છે, માટે આ પત્રથી હું તમને જણાવું છું કે હવે પછી હું તમારા બંધનમાં નથી.

તમે પુરુષોએ આજે વરસોનાં વરસો થયાં જે ગાદી ભોગવી છે તે છોડતાં હવે તમને કમકમાં આવે છે. પણ સાહેબજી, એ જમાનો હવે ગયો; પુરુષ તો રાક્ષસજ છેઃ ને સ્ત્રી તો દેવી છે. એમના વચ્ચે વળી સ્નેહ શું ? હું તમને ધિક્કારું છું અને તમને પતિ અને પુરુષ તરીકેની જવાબદારીઓ માટે નાલાયક ગણું છું. પિતા તરીકે તમારે છોકરાંને પોષવાં એ વગર કહે સમજાય તેવું છે. સ્ત્રીએ નાનપણમાં છોકરાંને સંભાળેલાં હોય છે. માટે મોટપણે પુરુષોએ સંભાળવા જોઇએ. એજ.

લી: નિર્મળા

મુંબઇ: તા. ૧૦–૭–૧૯૨૬

અ સૌ. નિર્મળા,

તમારો કાગળ મળ્યો. પૃથ્વીકુમાર ખુશીમાં છે. મને લાગે છે હું એક વખત છેલ્લું છેલ્લું મારે જે કહેવાનું છે તે સ્પષ્ટ કરું. જ્યારે મારો પગ દુ:ખે છે ત્યારે હું ત્યાં દવા લગાડું છું. બટુકભાઇને હાથે રસી થઇ ત્યારે તમારે તેટલોજ હાથ કપાવ્યો હતો. ને શરીર બચાવી લીધું હતું. હું એમ કહું છું કે સ્ત્રીસંસારનો જેટલો ભાગ સડેલો છે તેટલાનો ઉપયોગ કરવાને બદલે, માત્ર ઢંગ ધડા વિનાના નિષ્ફળ થીગડાથી સંસાર સુધરે ?

આ થીંગડાનો અર્થ સમજવા જેવો છે. એવું બને કે, એક બાઇ ભણે: પછી કોઇ વકીલ સાથે કે ડૉક્ટર સાથે કે એવા સાથે પરણે. સારું. હવે એ સામાજિક હીલચાલમાં ભાગ લેતાં થાય. ઘણું સારું. પછી, એ કોઇ દિવસ, મજૂર જીવન જોવા જાય નહિ, ખેડુતને સંયુક્ત કુટુમ્બની પ્રણાલિથી શું લાભ છે એ સમજે નહિ, અને ખુરશી પર બેઠાં બેઠાં લખવા મંડી પડે: " પુરુષોએ સ્ત્રીઓને ગુલામીની બેડીમાં નાંખી રાખેલ છે, પણ હવે

બળવાનો સમય આવી પહોંચ્યો છે. પુરુષોમાં ચોખ્ખી રાક્ષસી વૃત્તિ પ્રધાનપણે છે." જૂઓ હવે આકળાં પડતાં નહિ હો. જરા સમજાવું છું. જાણે કે મુંબઇનો ડૉક્ટર હોય, તેને સંયુક્ત કુટુંબની પ્રણાલિ શોભે નહિ: તે પોતાનો ભાઇ—જે કોઇ ઑફિસમાં કારકુન હોય તેને કાઢી મુકે, બાળકને બૉર્ડિંગમાં મોકલી દે અને મા કે બેનને અનાથાશ્રમમાં સોંપી દે તો ચાલી શકે, કારણ કે તે આર્થિક દ્દષ્ટિને પણ શક્ય છે, પરંતુ સુરત પાસે કોઇ ગામડાનો ખેડૂત હોય, તેની ખેતી ઘરનાં પાંચ–છ માણસોથી નભતી હોય તેને એમ કરવું પોસાય ખરૂં કે? અને માફ કરજો, એ ઘડી ઘડીમાં, અકારણ તપી જાઇ, વ્યક્તિત્વના વિકાસના બહાના નીચે પોતાના દોષ છુપાવવાની, પ્રથા પણ ખોટા અક્ષરજ્ઞાન સાથે જ આવે છે! એટલે આવા જાત મહેનતથી કમાઇ ખાનારા કુટુંબોમાં એવા ખોટા ગુમાની સ્વભાવ માટે અવકાશ જ નથી. મને થોડા વર્ષ પહેલાં, જૂનાગઢ તરફના એક ગામડામાં, રહેવાનો વખત મળ્યો હતો. સવારે પાંચ વાગતામાં જ આખું કુટુંબ–લગભગ પંદર માણસનું!—બેઠું થઈ જતું. સૌ સૌને કામે વળગી જતા. ને રોંઢે બપોરે બે કલાક વાતોમાં ગાળી, પાછા દિવસ આથમ્યે ઘર ભેગા થઇ સૌ સાથે વાળુ કરવા બેસતા! તમને એવા ઘરમાં મૂક્યાં હોય કે આપણા પેલાં બેન, જે બહુ લેખો લખે છે, —તેમનું નામ શું?—એ હું જરા ભૂલી ગયો પણ એમને જરા એ 'ગંદા' ઘરમાં બેસાર્યા હોય તો તોબાહ! એ તો ફુગ્ગી ઉડવાનાં. રાત્રે વાળુમાં છોકરાંને વૃદ્ધો દુધ ખાય! વધે તો જુવાનીયાને મળે, ને બાકી સ્ત્રીઓ માટે તો છાશ! મને ઘણું મન થયેલું કે જો સ્ત્રી જરાક પણ અસંતોષ દર્શાવે તો તુરત એક સરસ લખાણ કે 'વિવાદ રચી કાઢું, પણ ગમે તેમ એ ગુલામીમાં રચીપચી રહેલા 'સ્ત્રીજન' વ્યક્તિગત સ્વાતંત્ર્યમાં નહિ રાચતાં હોય તેથી કે ગમે તેમ પણ કોઇએ ફરિયાદ ન કરી. 'પછી એક દિવસ તો મેં જ મોંએ ચઢીને પુછ્યું: 'કંકુભાભી, આ તે શું? તમને દુધજ નહિ મળે? કંકુભાભી વાસીદુ વાળતાં હતાં, તે સાવરણો હાથમાંજ ઝાલી રાખીને બોલ્યાં: 'જૂઓ ભાઇ, છોકરાનાં દાડ આજે ઘડાઇ રહ્યાં છે માટે

એમને દુધ જોઇએ. અમે છોકરાં હતાં, ને આ ડોસો ડોસી, જુવાન હતાં, ત્યારે તેમણે કાંઈ થોડાં ખવરાવ્યાં છે ? ઘરડાં માણસ, હવે તો આપણા મેમાન જેવા, એટલે એમને દીધા વિના ચાલે ? ને જુવાનીઆં પણ ખેતરમાં, કામ કરીને થાકેલાં શરીરને થોડુંક દુધ હોય તો ટેકો રહે.

'અને કંકુભાભી ! તમે ખેતરમા કામ નથી કરતાં ? તમારે પણ કંઈક જોઇએ નાં ?

'ભાઇ ! એ તો બે દિવસ અમારો વારો નીકળે, વળી પુરુષોનો વારો આવે.'

આપણે તો હડાગાર થઇ, કંકુ ભાભીએ જેટલી વાતો કહી તેટલી 'એલન કે' મા છે માટે, તેમણે 'એલન કે' કમારે વાંચેલ એ તપાસ કરવા મંડી પડયા ! અલબત્ત પરિણામે કંકુભાભી માંડ મોઢે હિસાબ ગણી શકે એટલાજ ભણેલ માલુમ પડયાં છે, પણ એ ગમે તેમ, એ તો કોઈ સ્કૂલ માસ્તર આંહી આવ્યો હોય ત્યારે તેની વાત સાંભળી હોય, પણ તેમા અંગ્રેજીની અસર સ્પષ્ટ હતી !

એટલે જેમને આપણે પ્રજાના પ્રાણ લેખીયે તેવા વર્ગમાં સુધારાની જરુર છે: અને તદ્દન વિનાશની જરુર નથી. વળી આર્થિક દૃષ્ટિએ તેમને અથાણું, પાપડ વગેરે ઘરગતુ ઉદ્યોગો માટે ઈંગ્લીશ-ફર્મમા જાવું પોસાય તેમ નથી: એટલે એમને જે જ્ઞાન ને સંસ્કારની જરુર છે તે જ્ઞાન કે સંસ્કાર તો આ કોઇ "ભણેલી ભામિની" આપી શકે તેમ નથી: કારણ કે એમનું જીવનરહસ્ય તો બ્રહ્મરાક્ષસ જેવા પુરુષોને માટે ભાષણો લખવામાં પૂરું થાય !—એટલે એ તો લાગે છે કે આપણી સંસ્થાઓ સચવાઇ રહે ને યુગધર્મ પ્રમાણે ખૂબ રુપાન્તર પામે· બાળવિવાહ જાય, નોકરી કરતી સ્ત્રીઓને, સુધરેલી કે ભણેલી ગણવાને બદલે ઘર ચલાવતી સ્ત્રીઓ પણ સંસ્કારી મનાય, ને એવી રીતે ભાષણ કરતાં કરતાં ૫૦૦ માણસોને શબ્દાડંબરથી મોહ પમાડવાને બદલે જો સ્ત્રી પોતાનું ઘર, પોતાનો પાડોશ, એટલામાં સંસ્કાર ફેલાવી શકે તો દેશને દરેક ઘરમાંથી ત્રણ-ચાર વીર અને વીરાંગનાઓ મળી રહે. અને સ્ત્રીજીવન માટે આ

કામ એટલું સુંદર કે સંગીન નથી. પણ ત્યારે શું સ્ત્રીઓએ ચૂલામાં જ રહેવાનું ? જાહેરજીવન સમજવાનું જ નહિ ?

ના, એમ તો કોઈ નહિ કહે. પણ હું તમને એક સામો પ્રશ્ન પૂછું છું. આપણે સાબરમતી પૂલની પેલી મેર રહેતું એક મજૂર કુટુંબ સમર્પિના આરા પાસે મજૂરીએ જાય છેઃ એમનુ જીવન શી રીતે જરાક સંસ્કારી અને એ જરા સમજાવશો ? કે પછી સંસ્કાર, કેળવણી તમારા જેવા માટે જ રહી શકે એવી મોંઘી ચીજો છે ! એ મોંઘી ચીજો સોંઘી ને સુલભ ન થાય, ત્યા સુધી સ્ત્રીકેળવણી એટલે, અમદાવાદની ત્રણ લાખ જનતામાંથી, વીસ કે પચીસ છોકરીઓને, ટેનીસન ગોખાવવાનું એટલુ જ ના ? ઓહો ! એવી કેળવણીના પાયા પર રાચવાનો મોહ રાખનાર, કાં દંભી હશે, કા સ્વાર્થી હશે, અને કા બન્ને હશે.

ઘણા મોટા સમૂહને સંસ્કારનો–ભલે જરાક જ–પાશ નહિ બેસે ત્યાં સુધી, લેવાતી કેળવણી, વાઝણી જ રહેશે. ને બહુ બહુ તો 'ઇશ્વર ઉંધર'ની પ્રવૃત્તિમા ઉપલક દિલથી, ભાગ લઇ શકશો. તમે પણ સ્ત્રી-કેળવણી એટલે આવી પ્રવૃત્તિ એટલો જ અર્થ કરો છો ના ?

લીઃ પ્રસન્નકુમાર

૬

(નિર્મળાનો જવાબ જ આવ્યો નથી, એટલે પ્રસન્નકુમાર પાસેથી આટલો અધૂરો જ પત્રવ્યવહાર મળી શક્યો છે)

. . . .

They say. What say they ? Let them say.
Bernard Shaw

ભટજી

સવારમાં ઉઠીને પહેલું
    ચીપ્ટનનું દાતણ કરતા,
પાન-તમાકુ રંગ ચડે ત્યાં
    પીચકારી છાંટા ઉડતા;
નિત્ય જીવનના ઢંગ અમોલ
    જય જય ભટજી ગોળમટોળ:

ન્હાયા કે ન ન્હાયા ત્યાં તો
    પીતાંબર પહેરી લેતા,
'જયહરિ,જયનારાયણ'જપતાં
    રાંધણીયે નયનો ઠરતાં;
ફાકે જઇને કાંકરી ગોળ
    જય જય ભટજી ગોળમટોળ.

શેઠ શેઠાણી પુત્ર પુત્રી સૌ
    જમી જમીને ચાલ્યાં જાય,
સરવાળો એ કરો એટલું
    અખૂટ નિજ ઉદરે ઠલવાય;
આ સુખનો કહો ક્યાં છે તોલ ?
    જય જય ભટજી ગોળમટોળ.

દસ ડગ જાવા શેઠ કહે તો
મનમાં સો સો કરે વિચાર,
પાંચ ગાઉ પણ લાડુ મળે જો
છે તૈયાર, છે તૈયાર;
ભોજનના કયમ તૂરે ઢોલ ?
જય જય ભટજી ગોળમટોળ.

ઉંડાં આંગળ લાંબી મુચ્છો
ગરણીનાં સો કામ કરે,
સાતગણી એ સપચોટલી
વાયુમાં ફર ફર ફર ફરે;
બ્રાહ્મણત્વના એ વંટોળ
જય જય ભટજી ગોળમટોળ.

પાવવાંભલા ઉપર આવ્યું,
પાંચમણીકું પુષ્પશરીર,
જનોઈતાંતણા બાદ કરો તો
અંગે પોતડી એક જ ચીર;
સ્વતંત્રતા ઝુલે હિંડોલ,
જય જય ભટજી ગોળમટોળ.

ઉંચા ઉંચા ગાલ પરે જો
ઉંડું નયનોનું રહેઠાણ,
કળીયુગની એ સત્મૂર્તિનાં
અધિકાં શાં હું કરૂં વખાણ ?
ત્રિલોકમાં એ એક જ લોલ,
જય જય ભટજી ગોળમટોળ.

પ્રેમની પરીક્ષા

જ્યાં ત્યાં જુઓ ત્યાં શરદ જ શરદ. દેવાલયની બાજુમાં તળાવમાંયે શરદ. કાંઠે ઊગેલાં વૃક્ષામાંયે શરદ. ઉછળી એક અનિલની લહરમાં પણ શરદ જ.

વર્ષનો આ ભાગ વસંતઋતુની સાથે તુલનામાં બેસે. શોભાને અનુભવનાર કહી ન શકે કે કોણ સુન્દરતર!

પારિજાતકના વૃક્ષ પરના આજ ઘણુંય ફૂલ ઉતારી લેવામાં આવ્યા છે. બાગ બીચારો સુનો લાગે છે. બીજાં ઘણુંય ફૂલ બાગમાં ઉગ્યા હતાં. પણ શરદનો સ્નેહી તો પારિજાતક જ.

ચારુલેખાને પારિજાતક બહુ જ ગમે છે. એક ફૂલ જોઇ દૃષ્ટિ આંખમાંથી ઉઠી પડે છે.

આજે તેની જન્મતિથિ છે. પંદર શરદ એની ટોચી ઉપર રામી ગઇ છે. આજે સોળમી છે. કાનમાં નાજુક પારિજાતકની કળીઓ ખોસી છે. ગળામાં જરી માળ પ્હેરી છે. હાથે ગજરા બાંધ્યા છે અંબોડાની આજુબાજુ વેણી ગુંથી છે.

શોભા શી રીતે વર્ણવું? અંતરમાં રમી રહેલું ચિત્ર કેમ કરી આલેખું? યૌવનમાં પ્રવેશી હતી, રમતીયાળ હતી, ચંદ્રવદની હતી. પણ આવી તો ઘણીયે લલનાઓ હોય છે. તો ચારુલેખાને શી રીતે ઓળખાવું? ઇશ્વરે મુખના આકાર ઘણાય ઘડ્યા પણ મુખને શબ્દમાં ચિતરવાની શક્તિ મનુષ્યને ન આપી. ચિત્રકાર! આટલે દરજ્જે તું ચઢે છે.

એક હાથમાં પૂજાની તાસક છે. બીજા હાથમાં રૂપાની ઝારી છે. દેવાલયમાં પૂજાર્થે એ જાય છે. પાછળ મૂઢ અનુચર હાથમાં ડાંગ રાખી પગલે પગલે ચાલ્યો આવે છે.

ન્હોતું ઉજ્જ્વળ કે સુન્દર. માત્ર જ્યાં પ્રવેશ કરો કે શાંતિ વર્ષતી. મલિનતા ખરી પડી પવિત્રતા ચઢતી. ઘણાય નાસ્તિક અહીં દેવદર્શન કરી શકે છે. દેવાલયની આથી બીજી કયી હવા?

ગામની બ્હાર હતું. તેથી સમાજની કર્કશ નીતિ અનીતિ તેને ન્હોતી ચઢી. ગમે તો શાંતિને લીધે, ફૂલોના પરિમલને લીધે અથવા શંકરનું આવાસ હોવાને લીધે. પરંતુ અહીં તો શુદ્ધ, વિમળ વાતાવરણ છલાછલ ભરાઈ રહ્યું હતું.

એ વાતાવરણની અંદર ડૂબતી ચારૂલેખા જાય છે. પગથીયાં ચઢે છે. ગર્ભદ્વારની અંદર પ્રવેશ કરવા જાય છે ત્યાં **ૐ ઘામ્ગ્લાધે, મસ્તયગ્લાધે**.........વિગેરે રૂદ્રાધ્યાયના મંત્રો કાને પડ્યા. બારણા આગળ અટકી. મંત્રોને સાંભળવા લાગી. મંત્રોના ભણનારને નીરખવા લાગી. પુણ્ડરિક સરખો એક કુમાર શિવલિંગ તરફ દૃષ્ટિ કરી હાથની ઝારીમાંથી જળનો અભિષેક કર્યે જાય છે. કાંઇક નવીન ઉત્સાહ, નવીન રુચિ, નવીન આનંદ અનુભવતો જાય છે. શિવલિંગ ઉપર ગુલાબનો હાર પહેરાવ્યો હતો. ચંદનરેખ પાણી પડવાને લીધે અર્ધી ધોવાઇ ગઈ હતી. દૃષ્ટિ પડતાં મૂર્તિને પત્થર માનનારો પીગળી જઇ ઇશ્વર અનુભવી શકે એવું દર્શન હતું.

પણ આ શું? એની જલધારા દૂર કેમ પડે છે? એની દૃષ્ટિ લિંગ ઉપરથી ખસી ચારૂલેખા તરફ કેમ ફરે છે? રૂદ્રાધ્યાયના મંત્રોમાં ભૂલો કેમ થઈ જાય છે?

પણે પણ આ શુ? ચારૂલેખા કમ્પે છે. એના કપોલ પર સુરખી જરાઇ આવે છે. હૃદયમા ધબકારો વધી જાય છે. છલાછલ ભરેલું જીગરનું પ્યાલું આમ ઢોળાઇ કેમ જાય છે?

મદનરિપુના મંદિરમાં મદનનો આવિર્ભાવ!

પણ એકાગ્ર ચિત્તના જપ વખતે આવા ભાવ અયોગ્ય નથી?

એનો ઉત્તર મારી પાસે નથી. એ ભાવો પ્રગટ થયા અને

ઓચિંતી ચારુના હાથમાંથી નાસક સરી ગઈ—અવંતસના હાથમાંથી ઝારી છુટી જઈ જળાધારીમાં પડી.

બસ કર, કામદેવ! શિવ ઉપરનું નાઈ વેર વળ્યું. એમના પૂજકના હૃદયમાં, એમનાં મંદિરમાં તેં આવો કોલાહલ મચાવ્યો.

નીચું જોઈ, સત્વર પૂજા આટોપી અવંતસ ચાલ્યો ગયો. ચારુ તળાવમાંથી પાણી લાવી અને પૂજા આરંભી.

પણ આ જ એનું ચિત્ત પૂજામાં નથી. એનું હૃદય હજુ ધડકતું મટયું નથી. એનો હાથ હજી કમ્પતો અટક્યો નથી.

'મારી આ જ વર્ષગાંઠ છે. મહાદેવ પાસે શું માંગુ? શ્રદ્ધાથી સેવા તો થતી નથી. એ કોણ હતા? મેં એમને પ્હેલા જોયા છે?'

આ એના મંત્રો હતા. પૂજા પુરી કરી ચારુ ઘર તરફ વળી ગઇ.

ચારુએ તો હવે હંમેશ પૂજા કરવા જવાનો નિયમ લીધો છે. કારણ અવંતસ રોજ એ જ મંદિરે આવે છે.

જેટલો કમ્પ પહેલા થતો તેટલો હવે તેમને થતો નથી. ચારુ અવનસના સામુ જોઈ રહેતી ચારુની નજર બીજી તરફ હોય તે ઘડીએ અવંતસ પણ ચુકતો ન હતો.

એકમેકની ઓળખાણ થઇ ગઈ. જાણે ઘણા કાળના સંબંધી હોય તેમ હૃદય હૃદયને જોડાઈ ગયુ. જો કે હજી એક શબ્દ પણ બોલ્યા નહોતાં, પરંતુ બંનેને ખાત્રી હતી કે જ્યારે બોલીશું ત્યારે આમને શરમ નહિ આવે અને પરિચિત હાએ તેવું જ કાંઇક બોલી જવાશે.

આ જ ને દિવસ પછી પચાસમો દિવસ છે. ચારુલેખાને ઘેર આજે એના મોટાભાઇનું લગ્ન છે કાને, હાથે, પગે, ઘરેણા સજી ચારુલેખા પૂજા કરવા આવી હતી. આજ પોતે પ્હેલી હતી. પૂજા કરી જતા માથા પરથી વસ્ત્ર ખસી ગયું. અને કાને પહેરેલા એરીંગમાં ભરાયુ. કેમે કર્યું નીકળે નહિ. બારણા પાસે અવંતસ ઉભો હતો. તરત જ 'જરા આટલું કાઢશો?' પૂછ્યું. પાસે આવી અવંતસે કાનમાંથી વસ્ત્ર કાઢ્યુ. થઈ રહ્યું. કુમારીના કાનને અડકાયું. મુગ્ધાના

અંબોડાનો સ્પર્શ થઇ ગયો. એના કપોલની મૃદુ ધવલિમા ઉપર દૃષ્ટિ ફરી ગઇ.

વિદ્યુતના પ્રવાહો હાથમાંથી, આંખમાંથી, સૌના સંકેત સ્થાન તરફ—હૃદય તરફ મળી ગયા. માત્ર એક મ્હોટો પ્રવાહ અવંતસના અંતરમાંથી છૂટયો. શરીરમાં સંચર્યો. ઝણઝણાટ થયો. અવંતસને આ ખબર પાછળથી પડી. કારણ પહેલાં તો એનું ભાન જ નહોતું.

'આજે મ્હારા મોટા ભાઇનું લગ્ન છે. તમે આવશો ? હું તમને આ મ્હારી શબ્દની કંકોત્રીજ આપું છું. ચાલશેને ?'

અવતંસને કાંઇ સમજણ ન પડી કે શું બોલવું. એનું હૃદય તો હજી નિરવધાન હતુ. માત્ર 'ચાલશેને ?' એટલું જ સાંભળ્યુ.

'શું ચાલશે ?'

'મ્હારા શબ્દોની કંકોત્રી. મ્હારા મ્હોટા ભાઇના લગ્ન પ્રસંગમા આવવા માટે.'

'કોનું ? પાદાબ્જનું ?'

'હા.'

'એમની કંકોત્રી તો મારી પાસે આવી છે, અમે બંને એકજ કોલેજમા અભ્યાસ કરીએ છીએ. અને તમે જાણો છો કે આપણે એક જ્ઞાતિના છીએ ?'

'તો આવશો ને ?'

'શા વાસ્તે નહિ. ?' કહી અવંતસ મંદિરમાં ગયો. ચારુ વિદાય થઇ.

આજ તો બંને નવીનજ હર્ષ અનુભવતા હતા. ચારુલેખા વારવાર કાનના એરીંગને અડઅડ કરે છે. અવતસ પોતાની આંગળીઓ વારંવાર હૃદય ઉપર મૂકે છે. 'આજતો શરમના પડદા છેદાઇ ગયા.' 'ખચકાતાં ખચકાતાં પણ વાતચીત થઇ ગઇ.' 'પાદાબ્જની બ્હેન !' 'મ્હોટા ભાઇની સાથે અભ્યાસ કરે છે ?' આમ વિચારમાળા બંનેના હૃદયમાં ચાલે છે. દુર થયેલા હોવા છતા એકજ માણસ બંનેના હૃદયમાંજ ફેરવાય છે.

પ્રેમની પરીક્ષા

વીણા
વાદિક

સંબંધ વધતો ગયો. શિવાલય એમનું સંકેતસ્થાન બન્યું. ચારૂલેખાએ ને અવંતસે સાંજે ફરવા આવવાનું પણ ત્યાંજ રાખ્યું. ચારૂની સાથે એક બેનપણી આવતી. વિઘ્નરૂપ બને ન એટલા વાસ્તે હૃદયની વાત એને કહી દીધી. મહાશ્વેતાને તરલિકા હતીજ ને !

પગથીઆં પર બેસી ચારૂ અને અવંતસ વાતો કરતાં. બેનપણી આડી અવળી ફર્યા કરતી.

'આજે કેમ ઉદાસ છો ? એક દિવસ સાંજે ચારૂએ અવંતસને પૂછ્યુ.

'કંઈ નહિ. અમથોજ. હું ઉદાસ લાગુ છું ?'

'ત્હમારા મોં પર આટલી શુન્યતા જણાઈ આવે ,છે ને ?'

'મ્હને કાંઇ સમજણ પડતી નથી કે કેમ હું ઉદાસ છું. કદાચ પેલા ઝાડ ઉપરથી એક ડાળી તૂટી પાણીમા પડી તે પછી મારી મનની અવસ્થા બદલાઇ ગઈ હશે.'

'ઓ હો ! એમાં શું ? ઝાડ ઉપરથી ડાળી પડે તેમા ઉદાસ થવાનું શાનું ?'

'મ્હને લાગણી બહુ જલદીથી થઈ જાય છે. આ ઉપરથી મ્હને એમ વિચાર આવ્યો કે મ્હારૂં કુટુંબ પણ એક વૃક્ષ છે. અમે એની જુદી જુદી ડાળીઓ છીએ. અમારામાથી કોઇ આવી રીતે અકાળે છુટું પડે તો અમને કેવું થાય ? એવું આ બિચારા વૃક્ષને નહિ થયુ હોય ?'

'ઓ હો ' એટલા ઉપરથી ત્હમને આટલા બધા વિચાર આવ્યા ? અને આટલી બધી લાગણી થઇ ?'

'ચારૂલેખા ' વિચાર કરો કે મ્હારા કુટુંબમાંથી હું મરી જાઉં તો મ્હારા માતા પિતા, ભાઇઓ વિગેરે કેટલું કલ્પાન્ત કરે ! કેટલા દિવસ સુધી એમને મારો વિયોગ સાભરે ?' આમ બોલતાં બોલતા તો અવંતસની આખમાં આંસુ આવ્યા. ચારૂ તો એને બાઝી પડી. 'આવા તે વિચાર થતા હશે વળી !'

'વારૂ, વારૂ, એમાં આસુ લાવવાનું શું કારણ? મ્હારા મ્હોટાં ભાભીને તમે જોયાં કે ?' વાત પલટાવવા ચતુર ચારૂએ કહ્યું.

'આજે સાંજે ત્યાં જઈશ જ નહિ. જોઉં તો એ કાલે મને શું કહે છે ? એકાદ દિવસ હું ન જાઉં ત્યારે જ એમને ખબર પડશે કે હું આવું છું તેનો શો અર્થ છે ? આજે કેટલી પ્રીતિ મારાપર એ રાખે છે; તેનું માપ મારાથી લઈ શકશે. નક્કી આજ નથીજ જવું.'

ઓ પથ્થરની ઘડેલી ! આ પરીક્ષા કરવી તને ક્યાંથી સુઝે છે ? તુ અવંતસને વિયોગનો અનુભવ કરાવે છે પણ તુ પણ તે સાથે વિયોગ અનુભવતી નથી ? અને એ તારાથી કેમ સહન થાય છે ! તારી પ્રીતિમા આટલી ન્યૂનતા નથી પણ આપણી બુદ્ધિ આપણા પૂર્વ કર્મને આધીન છે. તે ભોગવ એ કર્મનુ ફળ.

૮

હરરોજ મુજબ અવનસ પાચ વાગ્યાથી એક વૃક્ષ નીચે લાંબા પગ રાખી તળાવ પાસે બેઠો છે. સામેની ટેકરીનો હાલતો પડછાયો જળમા જૂએ છે. નિશ્ચલ આ જળ ઉપાધિથી કેવું અનિશ્ચલ બને છે, તેનો વિચાર કરે છે. ઓચિંતો ભણકારો વાગ્યો ! 'ચાર આવી?' એ પાછળ જૂએ છે. ચારૂ નથી.

'આજ કેમ ન આવી ? સાડાપાચ થવા આવ્યા પાંચ વાગ્યાનો તો એ અહિં આવેલી જ હોય છે. કેટલી વખત તો મારા પહેલાં આવે છે. કદાચ મોડું થયુ હશે.'

વિચાર કરતો ઉભો થયો. તળાવને કિનારે કિનારે ફરવા માંડ્યું. વારંવાર રસ્તા તરફ નજર નાખતો પણ કાંઈ જણાતું ન હતુ.

'શુ તબિયત બગડી હશે ? પણ આજ સવારે પૂજા કરવા આવી હતી. અને કશુ પણ થયુ લાગતુ નથી. કદાચ ઘેર કંઈક અડચણ આવી હશે. પણ ઘરના બધા તો બોટાદ છે. માત્ર એનો મોટો પાદામ્બજભાઈ અહિં છે અને એ તો હમણા જ મિ૦ ગાંધની સાથે સાઈકલપર ગયો.. ઓ પેલી કુમુદા જાય. પૂછું એને કે આજ એકલી કેમ ?'

ઉતાવળે પગલે આગળ જતી કુમુદાને ઉભી રાખી. 'આજ એકલાં કેમ ? ચારૂલેખા નથી આવ્યાં ?'

'ના; આજે એમણે ના કહી છે.'

જોતો અટકીશ ? પ્રિય ચારૂ ! આજ તને આ શું સૂઝયું ? હું તારા વિના કેટલો દુઃખી છું ? એનો સાચો ચિતાર તને કોણ આપશે ? આટલું પણ હૃદય ખોલવાનું સ્થાન તે મારૂં નહિ ?' આંખમાં પાણી ભરાયું. કપાળપર હાથ મૂકયો. કાંઠાપર ભોંય બેસી ગયો.

સંધ્યા હવે ધીમે ધીમે પડતી હતી. શીયાળો બેઠેલો હોવાથી કંઈક ટાઢ પણ વધવા માંડી. અને આછો શીળો પવન જરા જરા વધવા માંડ્યો. એનાપર ફરતા લોકો હવે કોઈ જણાતા ન હતા. 'શિવાલયમાં આરતીનો સમય થયો. નગારૂં અને ઘંટ વાગવા માંડ્યાં. શાંતિમાં શોરબકોર થઈ રહ્યો. વાડીનો માળી પણ દર્શન કરવા દોડ્યો. અવંતસને તેની દરકાર નહોતી.

'શું થાય છે મને ? શું પડું ? મારાં માતપિતા દુઃખી થશે. પણ એમનું દુઃખ મારે ક્યાં જોવું છે ? એ ચાર દિવસ રોઈ શાંત રહેશે. ચારુને તો ભય જ નથી એટલે એમનો તો ભય જ નથી. આટલી નિશાની મૂકતો જાઉં. મારી ટોપી અને લાકડી." ટોપી કાઢી લાકડી ખોસીને, તેનીપર ભરવી. પાણીમાં ધીમે ધીમે આગળ વધ્યો. ઢીંચણ સુધી, કેડ સુધી, ગળા સુધી એમ પાણી વચ્ચે જવા માંડ્યુ. એક પણ દુઃખનો શબ્દ બોલ્યા વગર ઊંડા પાણી તરફ ડૂબકી મારી. અવંતસ અદૃશ્ય થયો.

.

'કાલે શું થયું હશે ? મને બોલાવવા મોકલી નહિ. કુસુમ મળી જ હશે તો.' સવારમા જાગ્યા પછી ચારૂ વિચાર કરતી હતી. ઓચિંતા બારણું ખખડ્યું. ને 'પાદાબ્જભાઇ !' કહી કોઇએ બુમ મારી. પાદાબ્જ મેડીપર સુતો હતો. ચારૂલેખા અને એક બ્રાહ્મ ડોશી નીચે સુના હતાં. ફાનસ લઇ ડોશીએ બારણું ઉઘાડ્યું.

'કોણ છે ?'

'એ તો હું દિનેશ. પાદાબ્જભાઇને કહેજો કે નવીનશંકરનાં અવંતસ કાલે તળાવમાં ડૂબી ગુજરી ગયો. કહીએ સ્મશાન આવવાનું છે. જલ્દી જગાડીને મોકલજો,' કહી નાતનો છોકરો ચાલ્યો ગયો.

ફાનસ લઈ ડોશી ઉપર ગઇ ને પાદાબ્જને જગાડ્યો.

'ચારૂ !અવંતસ ડૂબી મર્યો જાણ્યું કે ચારૂ ?' પણ ચારૂ બોલતી નથી. ડોશીએ પાસે જઇ જોયું તો ચારૂની આંખમાંથી આંસુ પડી ગાલ ભીનો થયો હતો. પણ ચારૂ બોલતી નથી. હમણાં જાગતી હતી અને એટલામાં મુંગી ક્યાંથી થઇ ? 'ચારૂ ! ચારૂ !' કહી ડોશીએ ને પાડોશણે ઘણીએ બુમો પાડી. પણ માત્ર શ્વાસના ચલન સિવાય કંઇ સમજાતુ નથી. બંને જણુ દિગ્મૂઢ થયાં. એટલામાં મુખ ઉઘાડી ' ઓ પ્રિય અવંતસ ! ઓ વ્હાલા અવતસ ! મેં ભુલ કરી' કહ્યું અને પાછી અટકી ગઈ. મુખ નીચું નમાવી દીધું.

સાવચેત રહેજો ઓ કુમારિકાઓ ! તમારા પ્રિયતમની પ્રીતિની પરીક્ષા લેતા પહેલાં તેની પ્રકૃતિની પહેલી લેજો.

મલયાનિલ

I often think that not only poets, but story-writers, are born, and not made.

Sir Richard Steele

વિશ્વબંધુત્વ

હિન્દુ અને મુસલમાનોનું ઐક્ય એવા પ્રકારનું હોવું જોઇએ કે એક બીજાની ધાર્મિક વૃત્તિને કે એક બીજાના સામાજિક કાર્યોને અડચણ કર્યો વિના બન્ને સાથે રહી શકે. આ ગાંધીજીનો મત છે. આ મત તદ્દન વાજબીયાત છે અને તેમાં આટેકું કરવાથી ગાંધીજીને થાપો અને છક્કડો ખાવી પડી છે એમ ઘણાએ કહ્યું છે. એવા લોકોનો મત એમ છે કે હિન્દુ મુસ્લીમ ઐક્ય સામાજિક થવું જોઇએ. આ મતને લીધે ઘણા ફાયદાઓ થાય તેમ છે; જેમાંના કેટલાક નીચે ગણાવાનો આ પ્રયાસ છે.

૧. કોઈ હિન્દુ ગુજરી ગયો હોય અને તેને ઉપાડનાર પૂરતા ન હોય તો તે મુસલમાનને બોલાવી શકે. અથવા ગામના પ્રખ્યાત હિન્દુની કાણમાં મુસલમાનની પોક હોય તેમજ પ્રખ્યાત મુસલમાનના કફનને ઉપાડવા હિન્દુઓ હાજર હોય. આ રીતે તેમનું ઐક્ય વધી શકે એ સ્પષ્ટ જ છે. જો કે હિન્દુ લાશને મુસલમાન અડકવાથી તે અભડાઈ એ ખેદ હિન્દુને અને મુસલમાન - કાફિરને અડ્યાં તેની તૌબા કરવાનો ત્રાસ મુસલમાનને થાય. પણ એ વાંધો મોટો નથી.

૨. હમણા દેવળો એકજ ઢબનાં બનાવવામા આવે છે પણ તેને બદલે મસીદના ઘાટનાં ચણાવી અંદર મૂર્તિ રખાય તેમજ બહાર હાથપગ ધોવા માટે હોજ રાખવામા આવે. તો કલા અને સ્વચ્છતાનો ઘણો વિકાસ અને પ્રગતિ થાય. જો કે એમ કરવામાં હિન્દુનું દેવળ

બીજાને મસીદ જેવું લાગવાથી તેમાં નમાઝ પઢવા કોઈ મુસલમાન ચાલ્યો જાય અથવા કોઇ મશાહનો આકાર લંકેશ્વર તારકેશ્વર કે વિશ્વેશ્વરના જેવો જોઇ ત્રિપુંડ ત્રિપુંડ તાણી અબોટીયું પહેરી શાન્તાકારં ભુજગશયનં ગાતો ગાતો મશાહની શાન્તિમાં ખલલ કરી બેસે. પણ દુકાનની જાહેર ખબર જેવા પાટીયાં ચોડવાથી તેનું નિવારણ થઈ શકે એવાં પાટીયાં આ પ્રકારનાં હોય

નમુનો ૧. તારકેશ્વરનું દેવળ.

દીવાં કરવા, ઘંટ વગાડવા, ફુલપરનું પાણી આંખે લગાડવા સાડત્રીશ જૂદા જૂદા આકરનાં ઘંટ ઘંટડીઓ વગાડવાનું સૌથી મોટું સાધન. દૈનિક હાજરી નંગ. ૬૭૫. પહેલી અને છેલ્લી આંગળી પોઠીયાના શીંગડા પર મૂકવાની ખાસ અનુકૂળતા માટે શીંગડાં ટુંકાં થયાં છે. ભસ્મ મફત અપાશે. મૃત્યુ પછી બેજ માસમા વૈકુંઠ લોકમા ગ્રાહકોને પહોંચાડાશે. દૈનિક હાજરી તથા ભેટ આપનાર માટે વૈતરણીમાં ગાય રીઝર્વ રહેશે. ભેટના દર રૂા. ૦–૦–૧ થી રૂા. ૧–૦–૦ સુધી બેકી સાથે. નોટ લેવામા આવશે નહીં.

નમુનો ૨. રોકડીયા હનુમાન.

રોગીયાં, કોઢીયા, કમતાકાત, વંધ્યા સ્ત્રીઓ, અપુત્ર પુરુષો માટે પગે લાગવાનું આસપાસના બાર ગાઉમા એકજ મથક. આકડાના ફુલ તથા સીંદૂર મળ્યા બાદ અક્ષત કરી આપવામાં આવશે. નાળીયેરમાથી માત્ર થોડો જ ટુકડો રાખી બાકીનું પાછું અપાશે. શુક્રવારે રૂા. ૯–૪–૦ ધરનારને ચરણથી પાવન કરેલા દાળીયા મફત અપાશે.

નમુનો ૩. જુમ્માામસીદ

નવી ઢબ પ્રમાણે બનાવેલી જેમા હોજને બદલે ગરમ તથા ઠંડા પાણીના કોક ૨૪ કલાક ખુલ્લા રહેશે. એકજ વખત અને એક જ મિનિટ નમાઝ પઢનાર માટે પણ ખુલ્લી રહેશે. સારી બાંગ પોકારનારને ઘી તથા ગોળનું પાણી મફત મળવાની ચિઠ્ઠી અપાશે. મકાનની અંદર હિન્દુઓને ગાળ દેવાની સખ્ત મનાઈ છે.

૩. આથી કરીને બન્ને પક્ષો દાઢી રખાવી શકશે, તેમજ

[વધુ માટે જૂઓ પૃષ્ઠ ૧૧૨]

[પૃષ્ઠ ૧૧૧નું અનુસંધાન]

હિન્દુઓ માથાના આગલા ભાગમાં અને મુસલમાનો પાછલા ભાગમા વધારેલા કેશ રાખવા માગતા હશે તો રાખી શકશે. જેમાં હિંદુઓ તેને શિખા કહેશે અને મુસ્લીમો બાબરી કહેશે. વ્હોરાને મૂછો જ કરાવાની અને પંચકેશાને નાલકુ બાદ કરવાની છૂટ રહેશે.

૪. આથી કરીને મુસલમાનો વૈષ્ણવનાં જમણ, લાડગુરમાની નાત કરી શકશે અને પોતાના મૌલવી, મુરશદ દાઇ ફકીર સાઇ વગેરેને ખેરાતને બદલે દક્ષિણા આપી શકશે. તેજ પ્રમાણે બ્રાહ્મણો હિન્દુઓ ગોર સમક્ષ નેકા પઢી શકશે અને મવાલાન અને મહેફીલ કરી શકશે. નાગર વરરાજાઓ ઝીકનાં જાકીટ પહેરી શકશે.

૫. પાંચમો અને સૌથી મોટો ફાયદો એ થશે કે આજ કાલ હિન્દુઓની આગળ વધેલી જ્ઞાતિઓમાં પોતાના સંતાનોના નામ પાડવામા જે મુશ્કેલી ઉભી થાય છે તે ઘણે અંશે દૂર થશે એથી જેમ અંગ્રેજોએ હિન્દુસ્તાનની ઘણી જગ્યાનાં નામ ને ઘણાં માણસોનાં નામ પોતાને ફાવે તેમ ગોઠવ્યા છે—જેમ કે દાર્જીલીંગ, કલકત્તા, બોમ્બે, નવરોજી, સામળદાસ—તેમ મુસલમાનો અને હિન્દુઓ પણ એક બીજાના નામો છૂટથી વાપરીને પોતપોતાને અનુકૂલ કરી શકશે. આથી હિન્દુઓના મોહનદાસ કરમચંદ ગાંધી તે મુસલમાનોના મોહીયુદ્દીન કરમાલા ગાંધીના થશે અને ભવિષ્યમા જો તેમાં પારસી અંગ્રેજના નામો પણ વપરાશે તો અશ્રુતપૂર્વ નામો સાંભળવાના મળશે. વીણાબ્હેન તે સૌ. વેલેન્ટાઇન તુલજાશંકર ખેરાજ ત્રિવેદી થશે. તેમજ નિર્મલઉદ્દીન રહીમકુમાર પૅટસન કે મોતીલાલ પીરોજશા કીચલુ, એડવર્ડભા કમળશી ગંડજી, કમળાબીબી નરગીસકાન્તા, પીરોજાકુમારી વગેરે નામો દાખલારૂપે સૂચવ્યાં છે. રશીદાગૌરી ટોમલીજસન મિરઝા, નરેન્દ્રખાન પેસ્તનસિંહ કર્ઝન, જિલ્બર્ટ અલી સૈયદશંકર મર્ઝબાન, તૈયબસિંહ નરેન્દ્રહુસેન જોશી વગેરે નામોનો ઉપયોગ પણ વિપુલ થશે.

અને આ પ્રમાણે વિશ્વબંધુત્વની ભાવના વિસ્તરશે.

મુનિકુમાર મણિશંકર ભટ્ટ

વ્રતસાહિત્યનું લોકધન

ઋષિઓએ તપોવનોને સરિતા–તીરેથી પ્રકૃતિને જે પ્રતાપભર્યા પદ્ય–સ્તોત્રોવડે આરાધી તે વેદ કહેવાયા, અને લોકોએ પોતાની જે સાદી કવિતામય પણ ચાલુ વાણીમાં ગ્રામ્ય–દેવતાનું આવાહન કર્યું તે વ્હેમ કહેવાયા! વેદના ગાનારાઓએ પણ પોતાની જ અમુક કામના સાધવા માટે ઇંદ્ર, વરૂણ, ઉષા આદિ દેવતાઓને સંબોધ્યા. ગ્રામ્ય–જનતાએ પણ અમુક ફલની પ્રાપ્તિને કાજે જ પોતાના ઇષ્ટ દેવોને ઉદ્દબોધ્યા. બન્નેએ પ્રકૃતિનાં રમણીય વા ભીષણ સત્વોને સજીવારોપણ કર્યું. સૌમ્ય અને વિકરાલ વિભૂતિઓને પોતાની અનુકૂલતા મુજબ પૂજી પ્રસન્ન કરી. એટલું જ નહિ પણ વેદના સૂક્તો વાડે તપોધનોએ કરેલી સ્તુતિઓ તો આત્મલાભની એટલી હદ સુધી જાય છે કે

"હે દેવ, તું અમારા વૈરીયોને સંહારી નાખ. તો અમે તને દહીં દૂધથી તૃપ્ત કરીશું."

બન્નેના ગર્ભમાં વ્હેમ પ્રધાન વસ્તુ છે. છતા વેદ આપણા આર્યાવર્તનું અમુલખ ધન મનાયું તે એક જ દૃષ્ટિથી કે એણે આપણી પ્રજાના બાલ્ય–સમયનું જે જીવન, તેનું પ્રતિબિમ્બ જાળવી રાખ્યું છે; એણે આપણી આર્યતાની શૈશવની વાણીને અમલ જેવી ગુંજી ઉઠેલી તેવી જ સંઘરી રાખી છે. અને આપણા પ્રથમ પ્રભાતનું ગંભીર ગાન, પ્રથમ સંગીત, પ્રથમ સાહિત્ય, ભવ્ય કલ્પના, પચરંગી માનસ, અતૃપ્ત કામનાનું પૂજન-અર્ચન, અને જીવનનો એકેએક

આશ્વાસનિઃશ્વાસ એ તમામને અમર ગાથામાં બાંધીને વિશ્વમાં વહેતાં કરી નાખ્યાં છે. એ આપણું સાહિત્ય છે.

આજે એ જ પ્રકારની ન્યાયબુદ્ધિને સાદ કરી, હું આપણા લોક-જીવનનું વ્રત સાહિત્ય નિહાળવા સાહિત્યકારોને નિમંત્રણ કરું છું. માટીમાં બાઝેલા સુવર્ણની મિસાલે એક મુલ્યવંત સાહિત્ય લોક-વ્હેમ અને લોક-વૃત્તિઓની અંદર ચોંટી રહ્યું છે. કોઈ સુધારકની તર્કદ્રષ્ટિને એમાં રસ નહિ પડે. બધી વાતમાં તર્ક નથી પાલવતો. જીવનમાં તર્કથી યે વિશેષ દિશાઓ-વિવિધ વારિકાઓ પડી છે. તર્ક વડે કસાયેલે સાચું સાહિત્ય, પેદા થતું નથી. અંતરના ઉંડાણમાંથી, જીવનના ગર્ભમાંથી સ્ફુરતી કાવ્ય-માયા તો સમસ્ત જીવનને સ્પર્શીને વ્યક્ત કરે છે. પશુ ને પંખી, દેવ ને દેવી, ઝાડ ને પવન, નદી ને સમુદ્ર, સહુ સજીવ બનીને લોકસાહિત્યમાં પોતાનું સ્થાન લે છે. સહુ સામસામાં હસેરડે છે, રીઝેખીજે છે, સહાય કરે છે ને કોપે છે, અને એ કેવળ સાહિત્યની કથા નથી. આજના વ્હેમો આવતી કાલે વિજ્ઞાનનાં સત્યો બની સિદ્ધ થતા શું આપણે નથી જોતાં ? ગઈ કાલના ગપ્પાંઓ શું આજે જીવન્ત ચમત્કારો તરીકે નથી નોંધાઈ રહ્યા ? અને એક એવું શોધક-ખાતું મોજુદ આપણે ન જાણીએ તેમ ચાલ્યું આવે છે, કે જે આવતી કાલે જ આપણે તુચ્છ કરી દીધેલાં અનેક વ્હેમોને વૈજ્ઞાનિક સત્ય-જીવત સત્ય રૂપે જગત કને કબૂલ કરાવશે. એટલે કે હું શતકોના ધા ઝીલીને જીવનમાં જીવતી રહેલી અનેક ક્રિયાઓને વ્હેમ કહી ફગાવી ન દેતાં એક સંશોધનના અભ્યાસી તરીકે પણ આપણે ક્રમશ અંગુલિ-સ્પર્શ કરી એનાં પોપડાં તપાસીએ ને એ સૃષ્ટિનાં નિવાસી બની લોક-હૃદયનાં રહસ્યો ઉકેલીએ.

વ્રતોનું સાહિત્ય આપણે ત્યાં બે જાતનું છે. એક પુરાણનો આધાર ધરાવતાં વ્રતોની વિધિઓ; ને બીજાં લોક-જીવનમાંથી ઉદ્ભવેલાં સ્વતંત્ર વ્રતોનું વાર્તાસાહિત્ય.

પૌરાણિક વ્રતો

પૌરાણિક કથાઓને આધારે સરજાયલાં, પ્રત્યેક માસની અંદર દસ દસ પંદર પંદરની સંખ્યામાં ટોળે વળેલા, ક્રિયાકાંડના જટિલ વિધિ-

જાળમાં અટવાયેલાં, આડંબર ભરપૂર સંસ્કૃત વિવેચનો અને વર્ણનો વડે ગૂંગળાવી દેતાં, માનવ-જીવનનો સાચો શ્વાસનિઃશ્વાસ જેમાં વ્યક્ત નથી થયો, જન-સમાજનો ઇતિહાસ જેમાં અંકાયો નથી, જીવનનું અંતરમય વેદનાગાન વા હર્ષગાન જેમાં કદી સંભવાતું નથી, તેવાં સૈંકડોને હિસાબે ગણાતાં વ્રતોઃ 'વ્રતરાજ' નામનો એક દળદારગ્રંથ ૪૮૩ પૃષ્ઠોમા એ વ્રતોની પુરાણ-કથાઓ અને વિધિઓ વર્ણવે છે. અમુક એકાદ વ્રત પણ કરનારી યા ભાંગનારી હિન્દુનારીને એ પુરાણ-સત્તા પરભારી કાં તો કરોડો યજ્ઞોનું પુન્ય આપી દે છે, અથવા તો કુંભીપાકની સજા ફરમાવે છે. એ તો "ફક્ત સ્ત્રીઓને માટે"નું એક કારાગૃહ છે. એમા લોક-સરજેલું સાહિત્ય નથી. બંગાલાના વિશ્વવિખ્યાત કલાધર અવનીન્દ્રનાથ ઠાકુરનો પણ એ જ ઉદ્‌ગાર છે કે "શાસ્ત્રીયવ્રતો તો અનુર્વર, નિરાનંદ અને નિષ્પ્રાણ છે."

લોક-વ્રતોનું સાહિત્ય

એને પુરાણની એક પણ ઘટનાનો આધાર નથી. એમા ક્રિયાકાંડની જટિલ અટવી નથી. બ્રાહ્મણ-પુરોહિત ઘણે ભાગે એમા ગેરહાજર છે. હાજર હોય તો પણ તે પુરોહિત તરીકે નહિ, પણ લોક-કવિ તરીકે. એની કથાઓ જીવનની ઘટનાઓમાથી સ્ફુરિત છે. એમાં કવિતા, કલ્પના, કૌટુમ્બિક, સામાજિક અને વિશ્વસ્પર્શી સ્નેહ-વ્યથા, ઉપકાર-પ્રત્યુપકાર અને નિર્દોષ મોહ-મૂર્છનાઓ મ્હેકે છે. અવનીન્દ્રનાથ ભાખે છે કે એનો ઉદ્‌ભવ વેદકાલથી યે વ્હેલેરા સમયમાંથી થયો છે. પ્રાચીનથી યે પ્રાચીન કોઈ સંસ્કૃતિનું એ ગુપ્તપણે ચાલ્યું આવતું ઝરણુ છે. આર્યપ્રજાના અંત-પુરની વાટેથી જ એ વ્હેતું રહ્યું છે. સકલ પ્રજાનું પ્રાચીન ધન સદા અંતઃપુરોમાં જ સચવાતું આવ્યું છે. આજ પણ ઘરનાં પુરાણાં ઓસડીયાની કોથળીઓ ને ચીંથરીઓ, નાનપણનાં રમકડાં ને કપડાંઓ, ઘરેણા ને રાચરચીલાંઓ ઘરની ડોસીઓ વિના બીજું કોણ સંઘરે છે? કેમકે અંત.પુરને જ બહિર-જગતના શોર-બકોર મુંઝવતા નથી.

જેમ બંગાલમાં તેમ ગુજરાત-કાઠિયાવાડમાં, લોકવ્રતોના બે વિભાગો છે. એક કુમારિકાનાં વ્રતો, ને બીજાં સૌભાગ્યવંતી સ્ત્રીઓનાં વ્રતો.

કુમારિકાનાં વ્રતો

એ તો જાણે કે વ્રતો નથી, પણ વર્ણોવર્ણ, ઋતુ યે ઋતુના રંગ અનુસાર, નાની કન્યાઓની સાથે રમવા આવતી તેવતેવડી સહીયરો છે. માનવ-દેહ ધરીને કુદરતમાતાની કન્યાઓ જાણે કે પગલાં ઉતારી છે. એને મળતાંની વાર જ કુમારિકાઓનાં ઉલ્લાસ કવિતારૂપે પ્રગટ થાય છે. એ કુમારિકા-વ્રતોનું સાદામાં સાદું એક સ્વરૂપ લઈએ: કોઈ પણ સાંજરે નાની કન્યાઓ રમવા નીસરે, એમાંની જે કન્યા પહેલવહેલું ચાંદરડું આકાશમાં ઉદય પામતું નિહાળે, એટલે તુર્ત જ હાથની કલ્પિત કુંકાવટી કરી, કલ્પિત છાંટા ઉરાડી સૂત્ર સમું જોડકણું બોલવા લાગે:

પે'લું ચાંદરડું મેં પૂજ્યું
પછી મારા વીરે પૂજ્યું,
આભલું ડાભલું
કૂલડીમાં સાકર
ભાઈ બાપ ઠાકર
દરિયામાં દીવો
ભાઈ બાપ જીવો
સૂડી વચ્ચે સોપારી
મારો ભાઈ વેપારી
ધાન ખાઉં ધૂળ ખાઉં
ભાઈ ઉપરથી ઘોળી જાઉં.

બસ! વર્ષની ત્રણુસેં ને પાસઠ સંધ્યાઓનું એક અમર વ્રત ચાલુ થઈ ગયું. એક બાજુ પ્રકૃતિનું પુજનઃ બીજી બાજુ કૌટુમ્બિક પ્રીતિઃ આભનો તારો; દરિયાનો કોઈ દીવો અને પોતાનો ભાઈઃ એ ત્રણે વચ્ચે કંઈક અગમ્ય સામ્યની દૃષ્ટિ! અને સહુ ઊર્મિના શિરપર- કુટુંબ પરથી ન્યોછાવર થઈ જવાની બલિદાનવૃત્તિ.

એવું જ વ્રત લો આખરડાકોફરડાનું, પોષીપૂનમનું, કે તુલસી-વ્રતનું. કન્યા સમજણી થાય કે તુર્ત જ કાર્તિકના શુક્લપક્ષની વ્હેલી પરોડે, છતે ચાંદરડે ઠંડા પાણીનું સ્નાન કરી અંધારામાં ને અંધારામાં ચાર નાના ફૂલો લઈ દેવમંદિરે દોડે, અને સાથીઆ કરતી કરતી પશુ-જીવનની કેવી કરૂણાજનક કલ્પનાનું જોડકણું ગુંજવા લાગે!

આય રે ગા
તું મોરી મા
નત નત ચારો ચરવા જા
ચરી કરી પાછી વળી
ગંગાજી પાણી પીવા ગઇ
સામો મળીયો સિંહ ને વાઘ
વાઘ કે' મા તને ખાઉં
ના રે ભાઇ મને તો ખવાય
મારા છાણનો ચોકો થાય
મારા ઘીનો દીવો બળે
મારૂં દુધ મહાદેવને ચડે

પશુઓ પ્રત્યેની પ્રત્યુપકારબુદ્ધિ, જીવનની વિશુદ્ધિ, અને કલ્લોલ કરતી તિતિક્ષાઃ એ બધું સ્વયંપ્રેરિત–કશું બલાત્કારમાંથી ઉદ્‌ભવેલું નહિ. મોળાકત, અલુણીપલુણી ઈત્યાદિ કુમારિકા–વ્રતોમાં પણ એ જ કૌટુમ્બિક ભાવનાને એવી જ કાવ્યમય કલ્પના વિલસી રહી છે. મોળાકત તો 'ગૌરી'નું–ગોર્યનું વ્રત છે. પણ 'ગોર્યમા'ની એ બાલ–કલ્પનામાં કશું ભયંકર, ડાકભર્યું, ભવ્ય, કે કઠોર તત્ત્વ નથી. 'ગોર્યમા' તો જાણે કોઈ ફોસલાવી શકાય, ખોળામાં રમી શકાય, ને અંતર ખોલીને જેની કને થી

કંથ દેજો કહ્યાગરો
નણંદ દેજો સાહેલડી
સાસુ દેજો ભૂખાળવા
સસરો દેજો સવાદીઓ

એવી બક્ષીસો માગી શકાય તેવાં બાળાંભોળાં જ કલ્પાયાં છે.

એટલું જ બસ નથી. જ્યારે જ્યારે કોઇ પૌરાણિક વ્રતને પણ આ કુમારિકાઓનાં લોક–વ્રતોમાં પેસી ગયેલું આપણે જોઇયે છીએ, ત્યારે પણ લોક–કવિએ એ વ્રતની અસલની તમામ કઠોર રેખાઓને ભૂંસી નાખી, ફળ અને શિક્ષાના અતિશયોક્તિ ભર્યાં ભયાનક ખ્યાલો અળગા મેલી, પાંડિત્યની બધી પરક ચુંટી કાઢી, પોતાની કલ્પનાના કોમલ સ્પર્શવડે કેવું સૌમ્ય સ્વરૂપ ઘડી કાઢ્યું છે! 'તુલસી–વ્રત' લો. તુલસીવ્રત એટલે કાર્તિક શુદ એકાદશી–દેવદીવાળી. 'વ્રતરાજ'–માંનું એનું પૌરાણિક વર્ણન અસહ્ય થઈ પડે તેવું છે. હવે એને લોક–

કન્યાઓએ કેવી રીતે સારું બનાવી કાઢ્યું! તુલસીને જેમ શ્રીકૃષ્ણ સરખો સ્વામી મળ્યો, તેમ મને પણ મળો, સંસારમાં હું સામાન્ય સુખી રહું, એટલી જ સાદી સરલ વાંછનાથી પ્રેરાઈને કન્યા કહે છેઃ

તુલસી મા તુલસી મા
વ્રત દ્યો, વરતોલા દ્યો.

ત્યારે તુલસીમા કહે છે કે

તમથી વ્રત થાય નહિ
ને વ્રતનો મહિમા પળાય નહિ

હઠીલી કુમારીકા કહે

થાય તો ય દ્યો
ન થાય તો ય દ્યો.

ત્યારે સુંવાળી વાણીમાં માતાજી સમજાવે છેઃ

આષાઢ માસ આવે
અંજવાળી એકાદશી આવે
સાતે સૂર્યે સાત આંટે દોરો લેવો
નરણા ભૂખ્યાં વાર્તા કહેવી.
વાત ન કહીએ તો અપવાસ પડે.

વાર્તા કહેવાની પ્રથાને ચિરંજીવ કરવા માટે કેવું લાગતું છતાં કડક બંધન મૂકી દીધુ! અને કાવ્યમંથના તો હવે આવે છે; વાર્તા કોને અને શી રીતે કહેવી?

પીપળાને પાન કહેવી
કુંવરીને કાન કહેવી
તુલસીને ક્યારે કહેવી
ધીને તો દીવે કહેવી
બામણને વચને કહેવી
સુરજની સાખે કહેવી

આટલા શબ્દોમા જ આર્ય-ગૃહજીવનની રમ્ય વિશુદ્ધિનો-મર-જાદી ચોક્ખાઈનો નહિ-સર્વાંગ સુંદર આભાસ થઈ જાય છે. આપણી આસપાસ જાણે એ જીવન-શુદ્ધિની સુવાસ ફેરે છે. અને એ વ્રતનું ઉજવાણું કેવું સારું! વ્રતની પાછળ રહેલી કામના પણ કેવી સાંસારિક! કોઈ દેવને વસમી ન પડે તેવી.

પે'લે વરસ લાડવો ને ધાડવો
આવે ચોખો જનમારો
બીજે વરસ મગનું ફૂંડું
આવે રે એવાતણ ઈંડું
ત્રીજે વરસ શાળ સુપડું
ચોથે વરસ ચરણું ચોળી
આવે ભાઇ પૂતરની ટોળી
પાંચમે વરસ ખારે ખાંડે ભર્યા ભાણાં
આવે શ્રીકૃષ્ણનાં આણાં !

પોષી પૂનમના વ્રતમાં પણ પ્રકૃતિ-પૂજન, અને કૌટુમ્બિક મમતા કાવ્યની વાણી વાટે વ્યક્ત થાય છે. આઠ આઠ વર્ષની કન્યાએ નદી-એથી સ્વહસ્તે માંજને નાનું બેડું ભરી આવવું અને અલાયદો ચૂલો કરીને ઉઘાડા આભ નીચે-છાપરા વિનાની જગ્યાએજ રસોઈ કરવી: બનતાં સુધી અગાસીજ પસંદ કરવી.

"પોષ મહિનાની પુનમે રે
અમાસે રાંધ્યાં અન વા'લા."

અને પછી એક ચાનકી કરી, તેમાં કાણું પાડી તે ચંદ્રમા આડી ધરી, કાણા વાટેથી ચંદ્રને નિહાળી કાવ્ય સંબોધવું કે

ચાંદા વાગી ચાનકી
મારે ચુરમુ
ભાઇ જમ્યો
બેન ભૂખી !

અને પછી

ચાંદા તાગી ચાનકી
કુતરા વારી રોટલી
આજ મારી પોષી પૂનમ !

એટલું કહી કુતરાને રોટલી નાખવી. અને પછી

પોષી પોષી પૂનમડી
અગાસીએ રાંધ્યાં અન
ભાઇની બેન જમે કે રૂમે ?
જમ બે'ન જમ !

એમ બોલીની રજા લઇનેજ પોતાનું રાંધેલું અન પૂર્ણ ચંદ્રોદયની

અંદર બેઠાં બેઠાં જમવું: એ બધી ક્રિયા કોઇ શાસ્ત્રીય વ્રતમાંથી નહિ જડે. એ વ્રતના ગર્ભમાં શી શી ભાવનાઓ વિલસી રહી છે: સંપૂર્ણ સ્વાશ્રય: એક દિવસનો સ્વતંત્ર ગૃહ સંસાર: ઉઘાડા ગગન સાથે મહોબ્બત: ચંદ્રિકાની તેજ—ઔષધીઓનું રસોઇમાં ઝીલાવું: આભના ચંદ્ર અને ધરતીના 'ભાઇ' વચ્ચે સામ્યની દૃષ્ટિ: અને પશુજગતનાં પ્રતિનિધિ તરીકે કૂતરાનો પણ એ અન્નમાં હિસ્સો: એક નાની કન્યાના અંતરમાં આટલી એકસામટી પ્રેરણા પૂરવાનું કેટલું સહજ કાર્ય આ વ્રત કરી આપે છે! આ વ્રતને આપણે એક કાવ્યજ કાં ન કહીએ? બાલ-સમુદાયમાં રસના ઉલ્લાસ જગવવાની આ વિરલ સામગ્રીઓ આજે આપણે ગુમાવી બેઠા છીએ.

બંગાળાનું કુમારિકા વ્રતસાહિત્ય

એ બંગાળાનાં સાચાં લોકવ્રતો: શુષ્ક શાસ્ત્રીય વ્રતોથી જુદાં પાડેલા એ વ્રતોને "મેયેલી વ્રતો" એવું નામ દેવાયું છે. "ઠાન દિદિર થલે"—બ્હેનનો થાળ—એ નામના પુસ્તકમાં લોક સાહિત્યના સુવિખ્યાત સંશોધક શ્રી દક્ષિણારંજન મઝમૂદારે, રવીન્દ્રનાથ ઠાકુરની પ્રેરણાથી, આ વ્રતોનો શુદ્ધ કંઠસ્થ શૈલિમાંજ સંગ્રહ કર્યો છે. અનન્ય વફાદારીથી એણે સ્ત્રીના મુખમાંથી એનો શબ્દે શબ્દ ઝીલ્યો છે. અને ત્યારપછી એ સાહિત્યની છલોછલ ભરેલી ચિત્રકલા, નાટ્યકલા, કલ્પનાવૈભવ, ઇતિહાસ તેમજ ઊર્મિઓનું પ્રકટીકરણ વિશ્વવંદ્ય કલાધર અવનીન્દ્રનાથ ઠાકુરે "બાંગ્લાર વ્રત" ગ્રંથમાં વિશદ ઝીણવટથી કરેલું છે. આ ગ્રંથ ફ્રેંચ ભાષામાં ઉતરીને આંતર્-રાષ્ટ્રીય મહત્તા પામેલો છે. આજે આ લેખમાં આ બંગીય કુમારીવ્રત સાહિત્યની સુદીર્ઘ સમાલોચનાનો અવકાશ નથી. એ યત્ન તો સૌરાષ્ટ્ર સાહિત્ય શ્રેણીના આગામી પુસ્તક—"આપણી વ્રત કથાઓ"—ના પ્રવેશકમાંજ થશે. પરંતુ સંક્ષેપમાં કહી દઇએ કે આ વ્રત સાહિત્યનું પ્રધાન અંગ રેખાળી ચિત્રકલા છે. જે સો જાતનાં ચિત્રો બંગીય કુમારિકાઓ કેવળ આંગળીઓ વડેજ હાથમાં રંગ લઈને રમતી રમતી કરે છે, તેમાંનું એકજ, કમ્પાસ અને સેટ સ્કેવરની સહાયથી ચિતરવા જતા એક નામાંકિત યુરોપી કલાધરને પણ પસીનો ટપકેલો

રતો. અને અવનીન્દ્રનાથ ભાખે છે કે "આ અણુશીખાઉ છોરીઓનાં ચિત્રોએ તો આર્ટ-સ્કુલના સિદ્ધહસ્ત ચિત્રકારોને પણ હાર કહેવરાવી છે." અને ચિત્રકલા ઉપરાંત જે ઉચ્ચ કાવ્યકલા અને કલ્પના તેમાં છે તેની બરાબરી તો આપણું ગુર્જર વ્રતસાહિત્ય પણ કરી શકે તેમ નથી અવનીન્દ્રનાથ એને "ઋતુઓના ઉત્સવો" કહે છે. અને બીજું શું શું કહે છે?

"એ જોડકણાં વાચતાં વાંચતાં તો ગ્રામ્ય જગતની જીવન-યાત્રાની એવી એક સ્વચ્છ છબી આપણા અંતરમાં જાગી ઉઠે છે કે જે કોઇ પણ શાસ્ત્રીય વ્રતોમા નહિ જડે. એ તો જીવન્ત દૃશ્ય-કાવ્ય છે."

"પ્રત્યેક ઋતુમાં પુષ્પો, પત્રો, આકાશ, અને વાયુની સાથે આ અશાસ્ત્રીય છતા અલૌકિક રસ-સૌન્દર્યે અને ચિત્ર ભરપૂર બંગાળી વ્રતોનો એવો ઉંડો યોગ દેખાય છે. કે આ વ્રતોને તે ધર્મમાં અનુષ્ઠાનો કહેવાં કે ઋતુઓના ઉત્સવો કહેવા; તે કહેવું મુશ્કેલ છે."

"આ કુમારિકા-વ્રતોમા દેવ દેવી પણ તદ્દન નિર્મલ દેખાય છે."

"એકજ વાક્યમાં કહીએ તો આ વ્રતો ગાન વાટે ચિત્ર વાટે ને નૃત્ય અભિનય વાટે વ્યક્ત થતી માનવ-કામનાઓ છે."

આપણાં ને બંગાલના કેટલાએક વ્રતો મળતાં પણ આવે છે. આપણા 'મોળાકત' જેવુંજ એનું 'શસ્પાતા વ્રત' છેઃ એમાં જવેરા છે, અને જાગરણ પણ છે. એ કુમારિકાઓના ઉચ્ચારોમાં આપણીજ માફક, કૌટુમ્બિક સુખની યાચના, પ્રવાસે ગએલાં સ્વજનોની મંગલ-વાંછના, ગાય, પીપળા અને ધરતીને વંદના છે. વેદગાથાને વિસરાવે તેવો કલ્પનાવૈભવ છે. બારે માસનાં ભિન્નભિન્ન ઋતુસ્વાગતો છે.

પરિણિતાઓનાં વ્રતો

બંગાળામાં આ વ્રતો શાસ્ત્રીય આડમ્બર અને બ્રાહ્મણી ક્રિયા-કાંડમાં ગુંગળાઈને પોતાનું લોક-સ્વરૂપ ખોઇ બેઠા છે મહારાષ્ટ્રની વ્રત-કથાઓ અતિ સામાન્ય કોટિની અને એકજ બીબાંમા ઢળાયલી હોય તેવી પરસ્પર મળતી છે. પણ ગુર્જર વ્રતો તો વૈવિધ્ય, ભાવના, કલા, વાણીની મીઠાશ, અને ઉચ્ચ વસ્તુ-ગુંથન વડે ક્ષણે ક્ષણે મ્હેકી

ઉતરતી નવીનતાનો ગુણ ધરાવે છે. એ ગોવરત, બોળચોથ, નાગપાંચમ, શીતળાસાતમ, વીરપસલી વિગેરે વ્રતોને દિવસે ડોસીમાને કંઠેથી કોઈ પીપળાને છાયડે અથવા નદીને તીરે સંગીતમય હેકાયી કહેવાતી અને વ્રતધારિણીઓના વૃંદ વચ્ચે ઝીલાતી વ્રતકથાઓએ આપણા નારી-જીવનને નિર્મલ, ત્યાગમય, કાવ્યમય અને બલિદાનમય બનાવવામાં મહદ્ હિસ્સો આપ્યો છે. એ આખી સૃષ્ટિ લોક-કલ્પનામાંથીજ શતદલની માફક સરજાયલી છે. એ બધા તો માનવી, કુદરત, દેવદેવી અને પશુપંખી વચ્ચેની સ્નેહગ્રંથિઓ છે. ગોવરતની કથા. તપાસીએ તો તેમાં લોક-નારી કોઈ પણ શાસ્ત્રની આજ્ઞા મુજબ નહિ પણ સ્વયંભૂ સ્નેહભક્તિથી પ્રેરાઈ, પોતાના મૃત પતિની પાસે ઉભી રહે છે. અને પોતાના ચાર પુત્રોનું બલિદાન દઇ પતિનું આયુષ્ય મેળવે છે. લોકજીવનની એ સાવિત્રી પુરાણની સાવિત્રી કરતાં અધિક વંદનીય છે. 'વીરપસલી' મા બ્હેન ભાઈઓની કૃતઘ્નતા તેમજ કૃતજ્ઞતા પ્રત્યે સર્વ બ્હેનોને સહજ એવી સૌમ્યતા દાખવી, કેવળ બંધી દેનારા ભાઈને કાજે પણ

"વરસજે વાદળી વીરના ખેતરમાં"
"ખટીનું ઢેબરું બ્હેનના પેટમાં."

એવી આશિષ ઉચ્ચારે છે. 'બોળચોથ'માં ગાયો પ્રત્યેનો સ્વાભાવિક પ્રેમ, 'નાગપાંચમ' સર્પોના ભુવનનું રૂપકથા-સર્જન, શીતળાસાતમમાં ગામડાંની civic life-સામાજીક જીવનવ્યવહારનાં આવશ્યક સંબંધો ઉપર આગ્રહ, 'નોળી નોમ'માં નોળીઆ પ્રતિ પુત્રવત પ્રેમ, અને એક રાજાની અણમાનેતી રાણીના દીકરાને મૃત્યુમાંથી ઉગારી સંતાડી રાખનાર, ઘરોનું ઘાસ, પીપળો, ગાય, વગેરેને પણ માનવના સહજ કૌટુમ્બિકતા વડે નવાજતી 'ધરો આઠમ'.ની કથા. એ તમામ કથાઓ લોકજીવનની છાયા ઝીલીને અમર ઉભી છે. એમાં વિરહનાં દેવદેવીઓ પણ ભદ્રિક, રાંકુડાં, અને સુંદર છે. ફુરકણી જેવો સરીખાં છે.

એ કથાઓની શૈલી સમતોલ વાક્યોવાળી, સચોટ શબ્દોવાળી. તરલ ગતિવાળી અને અમુક ચોક્કસ આકારવાળી છતાં, જુદાં જુદાં કહેનારાંની વ્યક્તિગત કલ્પના શક્તિ નવા રંગોને પણ છૂટથી ઝીલનારી છે. એક ડોસી પાસેથી સાંભળીએ તે પછી બીજી પાસેથી,

તો સમજાય કે વ્યક્તિગત કલાવિધાનને રમવાની તેમાં કેટલી છૂટ છે. સદાય નવી નવી શૈલીઓ વાટે વ્યક્ત થતું એનું એ વાર્તા-વસ્તુ આપણને યુગયુગો સુધી પણ નિત્ય નવપલ્લવિતજ લાગ્યા કરે છે. લોક-હૃદયનું કવિત્વ એ વાર્તા શૈલીમાં એક સામટા અલંકારોના કે વાણી વિલાસના હેરા કરવાને બદલે સુપ્રમાણ ચમકારા flashes નાખ્યાં કરે છે. જેમ બંગીય વ્રતસાહિત્યની વિશિષ્ટતા રંગોળીમાં છે તેમ આપણા વ્રત-સાહિત્યનું અનેરૂં તત્ત્વ આ કથાઓ છે. એને ધાર્મિક તત્ત્વજ્ઞાનની તુલામાં તોળવાનું ન હોય. એને તો આપણું સાહિત્યધન સમજીને કસવું ઘટે છે.

એનાં સૌન્દર્યનાં અંગો સમજવા માટે નીચે એક કથા ઉતારીએ છીએ:

એવરત—જીવરત

[એવરત એટલે આષાઢી અમાવાસ્યાનો દિવસ, પરણીને આવેલી હિન્દુ નારી તે દિવસે ઉપવાસ કરે; ન્હાઇ, ધોઇ, નીતરતી લટે બ્રાહ્મણને ઘેર જઈ ધીને દીવે, એવરત-જીવરત નામના દેવીઓ આલેખ્યાં હોય તેનાં દર્શન કરે, સાંજે ફળાહાર કરે; રાત બધી ઉજાગરા કરે, એવું વ્રત ચાર વર્ષ સુધી કરે; પાંચ વરસ પૂરાં થાય એટલે ઉજવણું કરે

ઉજવણું કેવી રીતે કરે? પહોંચ હોય તો પાંચ ગોરણીઓ નોતરીને લુગડાં કરે; ન પહોંચ હોય તો પાંચ ટોપરાના વાટકા, પાંચ પૈસા; પાંચ સોપારી; પાંચ નાડાછડીના કટકા; પાચ ચાંદલા; :એટલી ચીજો આપે. આ વ્રતનો ઉદ્ભવ નીચે લખી ઘટનામાંથી થયો છે.]

બામણ અને બામણી હતાં. એને પેટ જણ્યું ન મળે. બામણ તો રોજ મા'દેવની પૂજા કરીને માથે ફુલ ચડાવે. એટલે મુસલમાન રોજ બામણની પૂજા લૂંસીને મા'દેવજીને માથે મોજડા ચડાવે.

બામણને તો વિચાર થયો છે કે

અરરર! આ ન કરવાનાં કામાં કરનારો મુસલમાન—એને ઘેરે ઘેરો એક જણ્યાં, ને મારે ઘેરે ઘોડીયું બાંધવા યે છોરૂ નહિ!

દેવળમાં જઇને બામણ તો પેટ છરી નાખવા તૈયાર થાય છે. ત્યાં તો મૂર્તિના મોંમાંથી આકારો થાય છે કે

મા! મા!

બામણ કહે, "કાં!"

મહાદેવજી પૂછે છે કે "પેટ કટાર શીદને નાખ છ ભાઇ?"

અરે મહારાજ! ઓલ્યો મુસલમાન રોજ માછલાં ચડાવે એણે ઘેરો જરયાં; અને મારે ઘેરે ઘોડીયું બાંધવા યે છોરૂ ન મળે!

એને ઘેર જઇને જોઈ આવ તો ખરો!

બામણ તો મુસલમાનને ઘરે જઇને જોઈ આવ્યો છે. મા'દેવજી તો પૂછે છે કે "ભાઈ તેં શું જોયું?"

મા'રાજ, મેં તો છાણનો પોદળો જોયો. ને માલીપા કીડા ખદબદતા જોયા!

"હે ભાઇ, એના ઘેરો જરયાંની દશા તો એ પોદળામાં ખદબદતા કીડા જેવી જાણજે. જા, તને એક દીકરો દઉં છું. પણ દીકરાને ભણાવીશ મા, ને ભણાવ તો પરણાવીશ મા."

બામણને તો વિચાર થઇ પડયો છે, એના મનમાં તો થયું છે કે "ઠીક જીતવા, અટાણે તો દીકરો લઇ લેવા દે! પછીની વાત પછી જોવાશે."

સ્વસ્તિ કહીને બામણ ઘેરે ગયો છે. ગોરાણીને તો મહિના રહ્યા છે. નવ મહિને દૂધમલ દીકરો આવ્યો છે. દીકરો તો દિ'એ ન વધે એવો રાતે વધે છે ને રાતે ન વધે એવો દિ'એ વધે છે; અડાડે ઉઝર્યો જાય છે; હાં! હાં! કરતા તો દીકરો છ મહિનાનો, બાર મહિનાનો, બે વરસનો થયો છે. એને તો રમાડે છે, ખવરાવે ને પીવરાવે છે. દીકરો તો શો મોંઘો! શો મોંઘો! કોઇ વાત નહિ એવો મોંઘો! સાત ખોટયનો એક જ દીકરો!

એમ કરતા તો દીકરો પાંચ વરસનો થયો છે. માબાપને તો વિચાર થયો છે કે અરેરે, દીકરાને નહિ ભણાવીએ તો પેટ ખાશે શું? ને નહિ પરણાવીએ તો વસ્તી રે'શે શું?

દીકરાને તો નિશાળે બેસાર્યો છે. દીકરો બાર વરસનો થયો ત્યાં તો ભણી ગણીને બાજદો થયો છે. એને તો નાળીએર ઉપર નાળીએર આવતાં થયાં છે. પણ મા'દેવજીની તો દુવાઇ છે કે

દીકરાને ભણાવીશ મા, ને ભણાવ તો પરણાવીશ માં.

ગોર ગોરાણી તો વિચાર કરે છે, કે પૂતરને નહિ પરણાવીએ તો વસ્તી રે'શે શું?

ઠીક! જે થાય તે ખરૂં! વધાવી લ્યો નાળીએર.

નાળીએર વધાવી લીધું છે. એમ કરતાં તો લગન આવ્યાં છે. દીકરાને તો પરણાવવા ચાલ્યાં છે. જાડેરી જાન જોડી છે. બેન્યુ, કાકા, મામા, કળશી કટંબ જાનમાં સોડ્યું છે.

પરણાવીને જાન પાછી વળી છે. સાંજ પડયે ગામનો સીમાડો આવ્યો છે. મા'રાજ મેર બેઠા છે. અને આભમાં વાદળાં ઘેરાણાં. અનરાધાર મે તુટી પડયો.

બરાબર શ્રાવણ મહિનાની અમાસ અને એમા ભળ્યો મે. અંધારૂં! અધારૂં! ઇ તો કાંઇ અંધારૂં! અને ધરતી માથે તો પાણી! પાણી! પાણી ક્યાંય માતા નથી.

ગાડાં હાલતા નથી. એટલે સહુ ગાડામાંથી ઉતરી જાય છે. વરઘોડીયાં કહે, અમે ય ઉતરી જાઇએ. ઉતરીને વર વહુ એમ હેઠે હાલવા મંડયાં છે.

એમા વરના જમણા પગને અંગૂઠે સરપ–ડંસ થયો. વિજળીના અંજવાસમાં જોયું તો પાણીના વ્હેનને માથે વેંત એકનો પટો પડગો જાય અને કાળોતરો એરૂ હાલ્યો જાય.

વર કહે, મા' બાપા! મારાથી હલાતુ નથી. મારી આંખ્યે લીલાં પીળાં આવે છે.

એમ કહીને વર તો બેસી ગયો છે. એનું તાળવું ફાટી ગયું છે. એ ટાણે ત્યાં તો ધા પોકાર થઈ રહ્યો છે.

જાનૈયા બોલ્યા, અરે ભાઈ, આ માથે મેની રમઝટ! આ અનગળ પાણી પડે છે! આ અંધારી રાન! અટાણે આંહી રોઇને શું કરશું! આપણે ય જીવના જાશું. અટાણે આ મડદું ભલે આંહી પડ્યું! આવીને આપણે અગનદાહ દેશું. હાલો સૌ ગામમા.

સૌ ગામમાં હાલ્યાં છે. વહુ એકલી થંભીને ઉભી થઇ રહી છે. સાસુ સસરો તો બોલ્યા કે,

અરે માટી! વહુ દીકરા! હવે એની માયા મેલી દ્યો. અને હાલો.

વહુ કહે, હવે તો હાલી રીયાં ! જ્યાં ઈ ત્યાં જ હું.

માવતર અને સગાં વાં'લાં તો મડદાને મેલીને હાલી નીકળ્યાં છે. બાઇ એકલી મડદાનું માથું ખોળામાં લઇને બેસી રહી છે. અઘોર રાત જામી છે. એનાં પાણી તો માતાં નથી.

બાઈ તો વિચાર કરે છે કે, અરે જીવ ! આંહી બેસી રહીશ તો નાર ખોરને સાવઝ દીપડા આ મડદાને ફરડી જશે. મારા પંડની તો બે' નથી, પણ મડાની બે' છે. મડાને જો જાનવર તાણશે તો બામણના દીકરાની અસર ગતિ થશે. પણ હું શું કરૂં ? ક્યાં લઇ જાઉં ?

એમાં વિજળીનો એક અંજવાસ થયો છે. અંજવાસમાં આઘેરૂં એક દેરૂં કળાણું છે.

હા ! કાંઇક દેરા જેવું લાગે છે. મડાને લઇને ત્યાં પહોંચી જાઉં તો મડું ઉગરે. મડાને પગેથી ઢરડું તો તો મારા સ્વામીનાથનું માથું રગદોળાય. માટે માથું જ ઝાલીને ઢરડું. પગ ભલે ઢરડાતા આવે. એનો વાંધો નહિ.

બાઈ તો ધણીનું માથું ઝાલીને મડું ઢરડવા માંડ્યું છે. વિજળીનો અંજવાસ રહે એટલી ઘડી હાલે છે. વળી અંધારૂં થઈ જાય એટલે ઉભી થઈ રહે છે. વિજળીને સબકારે સબકારે દેરાની દસ્ય સાધે છે.

એમ કરતી કરતી તો બાઇ દેરે પહોંચી છે. મડાને માલીપા લઇ ગઇ છે. અંદરથી બાર બીડીને સાંકળ ચડાવી છે. અને એકલી સ્વામીનાથનું માથું ખોળામાં લઇ બેઠી છે.

હાશ ! હવે બે' નથી. હવે મારૂં ગમે તે થાઓ !

૨

અધરાત થઈ ત્યાં તો એવરત મા આવ્યાં. જોવે તો દેરૂં માલીપાથી દીધેલું ! અરે આ મારા થાનકની સાંકળ કોણે વાસી છે ? ઉઘાડ, ઝટ ઉઘાડ ! નીકર બાળીને ભસમ કરૂં છું.

બાઇએ તો બાર ઉઘાડ્યાં છે. આંખો તો માતાજીના તેજમાં અંજાઇ જાય છે. અંધારી રાતે અજવાળાં સમાતાં નથી.

અરરરર ! એલી તું કોણ ? ડેણ છો ? ડાકણ છો ? આ મડદાને દેરામાં આણીને અમને આભડછેટ લગાડનારી તું છો કોણ ? બોલ, નીકર બાળીને ભસમ કરી નાખું છું.

માતાજી, ખમૈયા કરો. હું નથી ડેણ કે નથી ડાકણ. પરણીને આવતાં અંતરીયાળ મારા સ્વામીનાથને એરૂ ડસ્યો. જાનવર બીકે રાત કાઢવા તમારો આશરો લીધો છે.

તારો ધણી સજીવન થાય તો? તો મારે બોલે પળીશ?

અરેરે માતાજી, એવાં ભાગ્ય ક્યાંથી?

તારો કોલ છે?

હા, કોલ છે.

ત્યાં તો મડાના જમણા પગનો અંગૂઠો હલ્યો છે. એવરત મા અંતરધાન થયાં છે.

બીજો પહોર થયો ને જીવરત મા આવ્યા છે. દેરાનાં બાર માતાજીએ તો બંધ દેખ્યાં છે.

ઉઘાડ! ઉઘાડ અમારા થાનકમાં બેસનાર તું જે હો તે ઝટ ઉઘાડ. નીકર બાળીને ભસમ કરૂં છું.

બારણું ઉઘાડીને બાઇએ તો બીજાં માતાજીને જોયાં છે. તેજના અંબાર પથરાણા છે. મેઘલી રાતે જાણે ચંદરમા ઉગ્યો છે.

અરરર! એલી તેં અમારૂં થાનક અભડાવ્યું? બોલ. તું કોણ છો? ડેણ છો? ડાકણ છો? બોલ, નીકર સરાપ દઉં છું.

માતાજી, હું ડેણ નથી, કે ડાકણ છું તો કાળા માથાનું માનવી અને વખાની મારી આંહી આવી છું. મારા સ્વામીનાથનું મોત બગડે નહિ, માટે બેઠી છું.

તારો ધણી જીવતો થાય તો? અમારે બોલે પળ્ય?

પળું.

કોલ દઈશ?

કોલે દઉં છું.

એટલું કીધું ને મડાનું જમણું પડખું ફર્યું છે. જીવરત મા તો અંતરધાન થયા છે.

ત્રીજો પહોર મંડાય છે. ત્યાં વળી અજૈયા માતા આવે છે. ઉઘાડ! ઉઘાડ! કહીને કમાડ ઉઘડાવે છે.

અજૈયાએ તો દેરામાં મોઢું દીઠું છે. ડોળા ફાડી ફાડીને બાઇને ડારા દીધા છે. કહ્યું છે કે ઝટ બહાર નીકળ, નીકર બાળીને ભસમ કરીશ.

બાપ તો કહે કે નહિ નીકળું, સળગાવી દો તોય મારા સામી-નાથના મડાને નહિ રઝળાવું.

અજેપાએ ય બામણને સજીવન કરવાનાં વરદાન દીધાં છે. બેઉએ પળ્યાના કોલ લીધા છે. લઇને અંતરધાન થાય છે. બામણનું ડોળું અંગ હલવા માંડે છે.

ચોથે પહોરે વજયાઠ્ઠ પધાર્ય છે. એણેય કોલ લીધા છે. વરરાજા આળસ મરડીને બેઠો થયો છે. વહુને પૂછે છે.

અરે હે અસ્ત્રી ! આપણે આંહી દેરામાં ક્યાથી ? મારાં માબાપ ક્યાં ? જાનૈયા ક્યાં ?

હે સ્વામીનાથ ! રાતે મૂરત સારૂં નહોતું. તમને નીંદર આવી ગઇ'તી. સવારે સારૂં ચોઘડીયું આવે ત્યારે સામૈયું કરવાનું કહીને મા બાપ ગામમા ગયાં છે.

વાટ જોઇ જોઇને તો પરોઢ થયું છે. સોનાનો સૂરજ ઉગ્યો છે.

હે અસ્ત્રી ! મને ભૂખ લાગી છે ને થાક લાગ્યો છે, વાટ જોતાં વેળા ખુટશે નહિ. હાલો આપણે નવકુંકરી રમીએ.

દેરાને ઓટે, પ્રભાતને પો'ર, વર–વહુ નવકુંકરી રમે છે.

વહેલી પરોઢ્યે બે ગોવાળીઆ એનાં વાછરૂ ખોવાણાં તે ગોતવા નીકળ્યા છે. બેય જણાએ વર–વહુને નવકુંવરી રમતાં દીઠાં છે. બેય વાતો કરવા મંડયા છે.

એલા એ ય ! ઓલ્યાં મુરખ્યાં બામણીયાં તો જો ! ઘરે આરડ બેરડ કરી રીયા છે. દીકરાને કૂટી રીયાં છે. અને આ તો મારાં દીકરાં બેય જણા નવકુંકરી રમે છે.

હાલ્ય હાલ્ય, જઇને વાત કરીએ.

બેય ગોવાળીઆએ પગરખા હાથમાં લઇને હડી મેલી છે. ઘેરે જઇને બામણને વાત કરી છે. રોકકળ થંભી ગઇ છે.

ડોસો કહે છે કે "અરે ભાઇ, તમે શીદ મારી ઠેકડી કરો છો ?"

ડોસો તો ભાગ્યે પગે દેરે જાય છે. જઇને જોવે ત્યાં તો સાચોસાચ વહુ–દીકરો નવકુંકરી રમે !

વરઘોડીયાને તો ગામમાં આવી વાજતે સામૈયું કર્યું છે.

૩

એમ કરતાં કરતાં આસો માસ આવ્યો છે. બાઈને તો દસૈયાનું આણું આવ્યું છે. પણ ચારે માતાજીએ તો બાઈને કહી રાખ્યું તું કે 'પીર જાઈશ નહિ.'

બાઈ બોલી કે "કે'નારા કહી રહ્યા; મારે પીર નથી આવવું. મારે આવવું હશે ત્યારે વાવડ મેલીશ. આણું પરિયાણુ બધું એ ટાણે કરજો."

પીયરીયાં તો પાછાં ગયાં છે. ને બાઈને તો આશા રહી છે. દિ' ચડયે જાય છે.

નવ મહિને દૂધ જેવો દીકરો આવ્યો છે.

રાત પડી છે. રાંધી ચીંધી, વહુના ખાટલા હેઠળ શેક નાખી સાસુ ઓસરીમાં સૂતી છે. છોકરો માચીમાં સૂતો છે. ઝડસ્તો દીવો બળે છે.

અધરાત થઈ ત્યાં એવરત માતા આવ્યા.

"દીકરી! દીકરી! સૂતી છો કે જાગછ?"

"જાગું છુ માતાજી!"

"કોલ દીધો'તો ઈ સાંભરે છે?"

"સાંભરે જ તો!"

"માગું ઈ આપીશ?"

"આપીશ જ તો."

"તારો છોકરો દઈશ?"

"દઈશ જ તો!"

એમ કહીને બાઈએ તો બાળોતીયું લીધું છે. બાળોતીઆમાં વીંટીને છોકરાનો ઘા કર્યો છેઃ "આ લ્યો માતાજી!"

છોકરાને ઝીલીને એવરત મા તો અલોપ થયા છે.

સવાર પડયું છે. સાસુ જુએ તો માચીમાં છોકરો ન મળે'

"અરે વહુ, છોકરો ક્યાં? કોઈ કૂતરું મીંદડું આવ્યું'તુ?"

"મને કાંઈ ખબર નથી."

વહુએ તો ટુંકો જવાબ વાળ્યો છે. એને તો કાંઈ ફાળ ફડકો નથી. સાસુને તો વ્હેમ પડયો છે.

હાય! હાય! નભાઇ સમશાનમાં રાત રહી આવી ને ડાકણ થઇ આવી! છોકરો ખાઈ ગઈ!

વહુ કહે, "હા. હું ખાઇ ગઇ છું!"

આખા ગામમાં તો હાહાકાર બોલી ગયો છે કે બામણની વહુ તો સમશાનમાં જઇ આવી ને ડાકણ થઇ આવી!

ધાવતું છોકરું હોય તો ઉવેલ હોય. ધાવતું છોકરું ન હોય તો તરત આશા રહે. એટલે બાઇને તો તરત ઓધાન રહ્યાં છે. દિ' જવા માંડયા છે. નવ મહિને બીજો દીકરો આવ્યો છે.

આજ તો નભાઇ ચૂડેલને ખાતા દઉં જ નહિ! એની પાસે છોકરાને સૂવરાવું જ નહિ!

એમ કહીને સાસુએ તો બીજા ઓરડામાં માચી મૂકી છે. માચીમાં છોકરાને સુવાડયો છે. પોતે પડખે સુતી છે. સાંકળીથી ઓરડાને તાળું માર્યું છે.

અધરાત થઇ ત્યાં તો જીવરત મા આવ્યાં છે.

"દીકરી દીકરી! સુતી છો કે જાગછ?"

"જાગુ છું માતાજી'"

"બોલે પળતું છે ને?"

"હાજ તો માતાજી'"

"તો લાવ્ય તારો દીકરો!"

'દીકરો તો સાસુએ સંતાડ્યો છે!"

"પણ તું તો આપણે!"

"હા જ તો માતાજી, હુ તો આપી ચુકી છું ને!"

"તો લાવ્ય બાળોતીયું."

બાઈએ તો બાળોતીયું ફગાવ્યું છે. જીવતર માએ તો સાસુને ઓરડેથી છોકરો બાળોતીઆમાં ઉપાડ્યો છે. ઉપાડીને પોતે અલોપ થઇ ગયા છે.

સવાર પડ્યું છે. હાય હાય! માચીમાં છોકરો ન મળે! નક્કી વાલા-મુઇ વહુ જ ડાકણ થઇને ગળી ગઇ. સાસુએ તો વહુને એમ વગોવી છે.

બાપલીઆ! બામણી તો બન્ને ખાઇ ગઈ!

ગામ આખામાં ફેં' ફાટી ગઇ છે.

વળી પાછી બાઇને તો આશા રહી છે. નવ મહિને દીકરો આવ્યો છે.

સાંજે દીકરાનો જલમ થયો છે ને અધરાતે દીકરા ઉપડી જાય છે. આ વખતે તો પહેલી રાત બરાબર જાળવવી છે.

આડોસી પાડોશી આવ્યાં છે. સગાં વ્હાલાં આવ્યાં છે. કોઇ ઓસરીમાં બેઠાં, કોઈ ફળીમાં બેઠાં, કોઇ ડેલીમાં બેઠાં છે. કોઇએ તરવાર લીધી છે ને કોઇએ બંદૂક લીધી છે.

સહુ જાગે છે. માચીમાં દીકરો રમે છે. કોઈ પાંપણને પલકારોય કરતું નથી.

બરા...બર મધરાત થઇ ને અજૈયા મા આવ્યાં છે. બસેં માણસ બેઠું'તું એની આંખામાં ધારણ મૂકી દીધું છે. કોઇ બોલે કે ચાલે! સડેડાટ માતાજી ઓરડામાં ગયાં છે.

" દીકરી, સૂતી છો કે જાગ છ ?"

'જાગુ છું માતાજી !'

'બોલે પળનું છે કે ?'

'હાજ તો માતાજી !'

'તો લાવ્ય દીકરો.'

'મારી આગળ ન મજે.'

'પણ તું તો દઇ ચુકી ને ?'

'હા જ તો માડી !'

'તો લાવ્ય બાળોતીયું.'

બાઇએ બાળોતીયું દીધું છે ને માતાજીએ લઇ લીધું છે. દીકરાને ઉપાડયો છે ને માતાજી અલોપ થયાં છે.

હાય હાય ! આ તે ભગવાનના ઘરનો કોપ જાગ્યો ! કે વહુ ડાકણ જાગી ! બામણના ત્રણ ત્રણ દીકરા ચોરાયા ' ગામમાં તો હાયકારો બોલી ગયો છે.

ગામના રાજાને ખબર પડી છે.

રાજા કહે કે " આ ફેરે તો હું પંડે જ ચોકી દેવા આવું છું. ભાર શા છે કે બામણનો દીકરો ભરખાય ?"

બાઇને તો ચોથી વારનું આધાન રહ્યું છે. નવ મહિને બેટો જલમ્યો છે. રાજાને બામણે ખબર દીધા છે.

ફળીયામાં માચી, માચીપા, દીકરો, અને ફરતી સાતથરી ચોકી મેલી છે. રાજા પંડે ઉઘાડી તરવારે માચી આગળ બેઠા છે.

ગામને પણ રોણું જોણું ને વગોણું થયું છે. ફળીઆમાં ને ઓસરીમાં તો આખા ગામડાનું માણસ હલક્યું છે.

માણસ! માણસ' માણસ! ઈ તો મનખો ક્યાંય માતો નથી.

બર...બર અધરાત થઇને વજૈયા માતા આવ્યાં છે. અરે સાતથરી શું, સોથરી ચોકી મેલો ને! માતાજીએ તો દાણા છાંટીને સહુને ધારણ વળી દીધું છે. સડેડાટ પોતે ઓરડામાં હાલ્યાં ગયાં છે. જઇને સાદ દીધો છે,

'દીકરી, સૂતી છો કે જાગ છ?'

'જાગું છું માતાજી!'

'વચને પળવું છે ને?'

'તો લાવ્ય દીકરો'

'મારી પાસે ન મળે.'

'પણ તું તો આપી ચુકી ને?

'તે દિની જ.'

'તો લાવ્ય બાળોતીયું.'

બાળોતીયું લઇ, માતાએ દીકરાને તેડી લીધો છે. તેડીને અલોપ થયા છે.

આખ મીંચાણી ને ઉઘડી! ત્યાં તો દીકરો અલોપ!

સહુ ખોઈ જેવા મોઢા લઇને પોતપોતાને ઘેર ચાલ્યું ગયું.

બીજા નવ માસ થયા અને બાઇને દીકરી આવી છે. દીકરીને તો પથરો ય પડતો નથી. સાસુ સુવાડે તોય સૂઈ રહે છે, ને વહુ સુવાડે તોય સૂઈ રહે છે. સૌ બોલે છે કે:

'નભાઈ ચુડેલ! ચાર ચાર દીકરા ભરખીને હવે છોકરીને જીવાડે છે!'

૪

ચાર વરસનાં ચાર વ્રત પૂરાં થયાં છે. બાઈ કહે છે કે 'બાઈજી મારે ગોરાણીયું જમાડવી છે. વ્રતનાં ઉજવણાં કરવાં છે.'

સાસુ કહે, 'તને ફાવે તેમ કરને ભા!'

બાઈ તો નાહી ધોઈ, નીતરતી લટ મેલી, કંકાવટી ને ચોખા લઈ સડેડાટ નદીને સામે કાંઠે દેરે ગઈ છે. જઈને ચાર ચાંદલા કર્યા છે. કરીને બોલી છે કે :

એવરત છવરત !
અજેયા વજેયા !
ચારે બેન્યું મારે ઘેરે જમવા આવજો
ચારેને ગોરણીયું કરી લઈ જઉં

ઘરે જઈને બાઈએ તો લાપસી રાંધી છે. સાસુ તો આડોસી-પાડોસીમાં પૂછી આવી છે. કે "મારી વહુ કોઈને ગોરણુ નોતરી ગઈ છે?"

સૌ કહે, "ના રે બાઈ!"

ત્યારે વાલામુઇ કોને કહી આવી હશે?

જમવાનું ટાણું થયુ છે. ત્યાં તો ચારે દેવીઓ ચારે દીકરાને આંગળીએ વળગાડીને હાલી આવે છે.

સાસુડી તો જોય રહી છે! ઓહો! શા રૂપ ને શાં તેજ! આ તે શું વહુ ગરાસણીયુંને ગોરણી કરી આવી હશે!

ચારે માતાજીના પ્રથમ તો પાણીએ પગ ધોયા છે. પછી દૂધે પગ ધોયા છે. અંગુઠાનાં ચરણામૃત લીધા છે. ચારેને હેકુએ બાજોઠ છે. પછી જમવા બેસારેલ છે.

ચારે માતાજી જમ્યાં જુઠ્યાં. જાવા તૈયાર થયાં ત્યાં ઘોડીયા-માંથી છોકરીએ રોવું આદર્યું છે.

ચારે બેન્યું પૂછે છે કે "શગી કેમ રોય?"

દીકરી કહે છે કે "સૌને તો એક બાઈ, ને મારે એકેય નહિ!"

"આ લે ને માડી તારો ભાઇ!" કહી એવરતે આંગળીએથી દીકરો સોંપ્યો. વળી ચોઘડું હાલ્યાં. વળી દીકરી રોય.

'ગગી કેમ રોઇ ?'

'સહુને બબ્બે ભાઇ, ને મારે તો એક જ!'

'આ લે ને બીજો ભાઇ.'

એમ કરીને ઝવરતે ભાઈ દીધો છે. વળી આગળ હાલ્યાં ત્યાં દીકરી રોઈ છે.

'ગગી કેમ રોઇ ?'

'સહુને તો ત્રણ ત્રણ ભાઈ, ને મારે તો બે જ!'

'આ લેને આ ત્રીજો ભાઈ!'

એમ કહીને અજૈયા માએ ત્રીજો ભાઈ દીધો. વળી આગળ હાલે ત્યાં છોકરી રોઇ.

'કેમ રોઇ માડી ?'

'સહુને તો ચચ્ચાર ભાઈ, ને મારે તો ત્રણ જ!'

'આ લે આ ચોથો ભાઈ.'

એમ કહીને વજૈયા માએ ચોથો છોકરો આપી દીધો. ચારે જણીઓ ચાર દૂધમલીઆ દીકરા લઇને ચાલી ગઈ.

બાઇને થાનેલેથી તો ધાવણની ધાર વછૂટી છે. પોતાના ચારે દીકરાને ઉછેરીને માતાજીએ પાછા દીધા છે.

ગામમાં તો આખી વાતનો ફોડ પડ્યો છે. ધણીને સજીવન કરવા બાઇએ ચાર ચાર દીકરા ચડાવ્યા'તા' અરે બાઇ! સગાં માવતર દીકરાને ધમધોરી રાતે મેલીને હાલ્યાં આવ્યાં'તાં! અને દીકરો જીવ્યો તે તો વહુને પુન્યે!

વહુનાં વ્રતની તો જે! જે! બોલાણી છે. સાસુ સસરો વહુને પાયે પડ્યાં છે.

એવરત જીવરત ને અજૈયા* વજૈયા એને ફળ્યાં એવાં સૌને ફળજો!

ઝવેરચંદ મેઘાણી

Literary simplicity is one of the most difficult of all things to attain.

Hugh Walker

---

* જયા વિજયા.

સુન્દિર સરિતા

રૂડી સુન્દિર સરિતા રે નિર્મળ ઝરણે વહેતી
સ્નાન કરવાને ચાલ્યાં રે મળી સહુ સાહેલી.

પહેર્યા વસ્ત્ર પવિત્ર ને જળની ઝારી હાથ,
વૃત્તિ નિર્મળ રાખીને આનંદ ઉર અથાગ.
ચાલ્યાં પૂજન કરવા રે મળી સહુ હરખાતાં
લઇ કુમકુમ અક્ષત રે વિધિમંત્ર ઉચ્ચરતાં
—રૂડી૦

કરવા પૂજન પ્રેમથી જળથી કીધાં સ્નાન,
ચંદન અક્ષત પુષ્પથી શીવનાં કર્યાં વિધાન.
ફળ નૈવેદ્ય ધરિયાં રે સુખવાસ સોડમ કાજે
ધૂપ, દીપ ને આરતી રે વળી જપ તે સાથે.
—રૂડી૦

પૂજનવિધિ થઇ રહી પુષ્પાંજલિ અપાય,
ભક્તિ મુક્તિ માગીને થયાં સહુ વિદાય.
ઉરે આનંદ લેતાં રે વ્રત્તોના નિયમકારી
કીધાં પારણાં પ્રાતે રે થઇને સહુ ભાગી.
—રૂડી૦

મંજુબહેન મહેતા

જીવન, યૌવન, પ્રેમ

સનમ! આ આંસુ શાના ?

જીવન ને યૌવન માત્ર એક ક્ષણનાં છે એના તરંગ આવ્યા કે શું ?
તો–યે આપણો પ્રેમ અનન્ત ક્યાં નથી ?

ત્ર્યંબક દવે !

૧૨૮–!

વીણા

ચિત્રકાર. જગમોહન મિસ્ત્રી

પમની સ્વ. પત્નિશ્રીના સ્મરણાર્થે
શ્રી ફાર્બસ ગુજ. સભાને
શ્રીયુત દાદાભાઈ આનંદજી ચાવડા
તરફથી સવિનય સપ્રેમ ભેટ.

કુમાર પ્રિન્ટરી: અમદાવાદ

મેદાનમાં અમુક ચોક્કસ જગ્યાએ બેસી જતો. એ જગ્યાની પસંદગી ઘણુંખરૂં તે ભદ્ર અને ખાનપુરની વચ્ચેના કોઇ સારા જેવા રેતીના પટમાં કરતો. આજે કઈ જગ્યા પસંદ કરવી તેનું ધોરણ ઘણુંખરૂં ટીપુ પાસે જ રહેતું. અને એના એ હકમાં તેના બે મિત્રોએ ક્યારેય વાંધો ઉઠાવેલો નથી.

તેના બે મિત્રોમા એક પેન્શનખાતું કુંભારનું લંગડું ગધેડું હતું. તેનું નામ ગોટી હતું. છેલ્લાં પાચ વર્ષ થયાં તે પેન્શન પર હતું, અને ટીપુ સાથે તેણે મૈત્રી સાધી તે પહેલાં પણ સાબરમતીના વિશાળ પટમા, સાંજે ઝાંખા ઉજાસવાળી રાત્રિમાં તે એકલું જ ફર્યા કરતું. તેને બહુ વહેલા ઉઠવાની ટેવ ન હતી એટલે તે સૌથી મોડું સુતું. ત્રીજા મિત્રને, આ બે મિત્રના જેવી સ્વતંત્રતા મળી ન હતી: કારણ કે તે અશક્ત અને કાંઈક તેજસ્વી હતો. ઘણુંખરું તે સાંજે ચોરી છૂપીથી આહીં આવી જતો અને સવારમાં માણસના અવરજવર થાય તે પહેલાં ચાલી નીકળતો. એ કોઈ બેદરકાર શેઠનો જુવાન પાડો હતો. એનું નામ રાણો હતું. તે ઘણો આળસુ, શોખીન, ગમતી અને તોફાની હતો. સાજ પડે એટલે હમેશાં તે પોતાનું જાડું માથું ધૂણાવતો આ મિત્રોને મળવાને માટે એક કે બીજે રસ્તેથી, આવતો હોય.

એ ત્રણ મિત્રો ખરેખર સુખી હતા. ટીપુ અને રાણો હમેશાં લડતા અને ભાર ઉપાડી ઉપાડીને ડાહ્યો થયેલો ગોટી તેમના પ્રત્યે જાણે શિખામણના શબ્દો બોલતો હોય તેમ મુંગો મુંગો જોયા કરતો. ટીપુ રાણાનું પૂછડું ખેંચતો અને રાણો ટીપુને પોતાને હજી તો ઉગતા આવતાં શીંગડાથી ખોટી શિક્ષા કરતો! ગોટી ચુપચુપ ઉભો ઉભો એ જોયા કરતો અને જ્યારે પેલા બન્ને જુવાનીઆ થાકી જઇને નીચા બેસે ત્યારે તેમની સોડમાં લપાઈને હુંફ લેવા માટે તે પણ છાનોછાનો બેસી જતો.

એ ત્રણે મિત્રો એ પ્રમાણે એક દિવસ બેઠા હતા ત્યાં એક ગરીબ માણસ આવ્યો.

ત્રણે જણાએ નવા આવનાર પ્રત્યે બેદરકારીથી જોયું: આવનારમાં બધા દોષ હતા: નબળું ને કદરૂપ શરીર હતું: રોગથી તે વધારે

કુરૂપ લાગતું હતું. માથામાં ઉંદરી હતી. પણ આટલા અંધારામાં આ ત્રણ જણને જ ત્યાં બેઠેલા જોઈ તે પણ તેમનાથી બહુ દૂર નહિ, ત્રણ પોતાનું માન સચવાય તેટલે છેટે બેઠો.

તેણે એક કાણું ઠીબડું કાઢ્યું. ઘણા સ્વાદ મળવાથી બેસ્વાદ થયેલો ખોરાક તેણે કાઢ્યો. ધરાઈને સંતોષથી તેણે તે ખાધો અને પછી પાણી પીને, પેલા મિત્રો પાસે થોડે દૂર રેતીમાં સૂતો.

આ ત્રણ જણાને એક નવો મિત્ર મળ્યો. પછી તો એ મંડળ હમેશાં સાંજે ત્યાં ભેગું થતું. ને ત્રણે મિત્રો સાથે પેલો નવો મિત્ર પણ વધારે ને વધારે ભળતો ગયો. ગમે તેમ પણ, જ્યાં પોતાને છાના વિરોધથી દંભ ભરેલા વિવેકથી, ખોટી શ્રેષ્ઠતાથી કે અધુરા પ્રેમથી કોઇ ઠગતું નથી, ત્યાં મનુષ્યને એક જાતનો આનંદ મળે છે. જ્યારે આખું ગામ નિરાંતે ઘોરતું હોય, અને સવારે એક બીજાનાં ગળાં વધારે તેજસ્વી જ્બાનથી કાપી શકાય માટે જ માણસો આરામ લેતા હોય, ત્યારે આ મુગાં ચાર પ્રાણીઓ, બોલ્યા ચાલ્યા વિના, માત્ર એક બીજાની પાસે બેઠા છે એટલા જ જ્ઞાનથી સંતોષ માનીને સુખમાં રાત્રિ ગાળતાં.

૨

ચાર પ્રાણીઓ એને વાત તદ્દન જ સાચી હતી. પેલો માણસ પણ પ્રાણી જેવો જ હતો. એને માણસ કોણ લેખે ? જ્ઞાનશૂન્ય 'હતો: જડ હતો: ભિખારી હતો' અને વધુમાં જરાક રોગી પણ હતો. એક માણસ આવી સ્થિતિમાં હોય છે પછી તેને સમાજમાં કાંઈ સ્થાન નથી. એ જાનવર નથી એટલા માટે માણસો ઘણી વખત એને નિભાવે છે, પણ તેને માટે સારો રસ્તો તો નવા મિત્રો શોધવાનો જ છે. એટલે આ નવાં પ્રાણીને પોતાના ભાઇઓ સાથે ધીમે ધીમે ગોઠી ગયું. એના તરફ થોડાક ટૂકડા ભુકડા બેદરકારી અને ધિક્કારથી માણસો ફેંકી દેતા: તે એ ખાઈ લેતો. ઇશ્વરે આપેલું સાબરમતીનું પાણી, ઠંડી મીઠી રેતીની બિછાત, અને ઉપર ભરતી અને નીચે આકાશ. પણ એ સ્થિતિમાં આ ભિખારીદાસને એક આનંદ આવવા લાગ્યો. પેલો પાડો ને કુતરો લડતા હશે, અને આકાશે વૃદ્ધ બનેલો,

ગધેડા એમને ઠપકો આપતો હશે અને એ બધું પોતાને જોવા મળશે એ વિચારથી ઘણી વખત આ ભિખારીને હવે ગામમાંથી બહાર આવતાં જાણે ઘેર આવતો હોય તેવું લાગતું. એટલે ઘર નહિ છતાં ઘરના જેવો આનંદ ભોગવવાની મીઠાશ એના જીવનમાં વણાટની માફક ગુંથાવા લાગી.

અને અંતે જીવન પણ ઘણી વખત તો મીઠાશનું જ બનેલું છે ને ?

તેથી ન માની શકાય તેવો એક ફેરફાર એના જીવનમાં થવા લાગ્યો. એ રાણાને અને ટીપુને લડતા જોતો ત્યારે હસ્યા જ કરતો. એને મોટેથી હસતો જોઈને ઘણી વખત તો ગોટી તેના તરફ ઠપકા-ભરી આંખે ડાહ્યો બનીને જોઈ રહેતો. માણસને આટલો આનંદ કરતો જોઈ, પોતે એના કરતાં વધારે ડાહ્યો છે એમ પણ કદાચ મનમાં આવતું હોય. ઘણી વખત સારા ગંભીર માણસો એવી જ રીતે ઉગતી જુવાનીને જૂએ છે.

ગમે તેમ પેલા માણસ માટે તો આ મજા ઠીક નીવડી. ટીપુ ઘણી વખત તો એને પણ છેડતો. અને એ બન્ને વચ્ચે પણ પકડ દોડની હરિફાઈ જામતી. એનું શરીર ધીરે ધીરે સુધરતું ગયું.

પછી એને એક નવો ધંધો સૂઝ્યો. એ કેમ સૂઝ્યો; એ તો કોને ખબર ? પણ આ ત્રણ જણા માટે કાંઈને કાંઈ લાવવાનું એને મન થવા લાગ્યું.

એક દિવસ તે સ્ટેશન તરફથી પાછો ફરતો હતો ત્યારે એક લારીવાળો ભાર ભરીને ચાલ્યો આવતો હતો. લારીમાં ભાર ઘણો હતો અને એ તથા એનું બૈરું બન્ને ખેંચતા હતાં છતાં પાછળના ધક્કાની જરૂર વારંવાર લાગ્યા કરતી હતી.

ભિખારીદાસે આ જોયું અને પોતે તેમના કહ્યા વિના ધીમે ધીમે પાછળથી ધક્કો મારતો ગયો. આટલી મદદ મળવાથી આગળ ખેંચનારને એકદમ રાહત મળી, અને તેમણે પાછળ જોયું તો પોતા-ના મદદગારને દીઠો. કાંઈ પણ બોલ્યા વિના ઇશારતથી ધણી-ધણીયાણીએ પોતાના મજુરીમાં આ માણસ પાછળથી હિસ્સો તો

નહિ માગે નાં; એમ એકમેકને પુછી લીધું. અને ફિસ્સો માગશે તો શું માગશે;–કાંઇ નહિં, પછી જોઈ લેવાશે, એવી ધણીની એકરકાર ઇશારતથી ધણીયાણી શાંત રહી. અને સારી સુખરૂપ વધવા લાગી.

સારી અટકી. માલ ઉતર્યો. ભીખારીદાસે તેમાં પણ મદદ કરી અને પછી જેવો વેપારી પાસે પેલો મજૂર પૈસા લેવા ગયો કે તરતજ તે મુંગો મુંગો ચાલતો થઈ ગયો.

પણ તેને રકઝક વિના કે ભાગ માગ્યા વિના જતો જોઇને પેલા મજૂરને પોતે તેના કરતાં પણ હલકો છે કે શું; એવી લાગણી થઇ આવી. અને પાછળ દોડીને પેલા ભીખારીદાસને પકડી પાડયો.

'લે આ ચાર પૈસા' કહીને તેણે પોતાનો હાથ આગળ ધર્યો. જેણે કોઇ દિવસ પૈસો આવી રીતે આવે છે એ અનુભવ્યું ન હતું તેની દષ્ટિ આગળ આ એક નવી સૃષ્ટિ ખડી થતી લાગી. તેણે હાથ ઉપર જરા જેવી નજર ફેરવી; તેમાં એક પૈસો, કોરો, ચળકતો, નવા ત્રાંબાનો–ઇ. સ. ૧૯૨૬ નો હતો. તેનો હાથ આ પૈસા પર સહજ જ પડયો.

બીજી ક્ષણે તેના હાથમાં પેલા મજૂરે ચારે પૈસા મૂકી દીધા.

આજે એના મનમાં પહેલવહેલી માલિકી એટલે શું; એનું સહજ ભાન આવ્યું. એ ચાર પૈસાનો માલિક હતો. ગમે તે દુકાન પર જઈને, એ સત્તાથી ઉભો રહી શકશે એવું એને લાગ્યું. અને હવે રસ્તે ગમે તેવા ઉજળાં લુગડાવાળા માણસ પાસે પણ માગવા માટે તેની જીભ કે હાથ જાણે નકાર ભણી રહ્યા હોય તેમ તેને લાગ્યું.

હમેશા જે ભીખમાથી બચાવતો તેણે આજ આત્મમર્દનનથી બચાવ્યું. તેની નજર આગળ નવા જીવનનું પ્રભાત ધીમે ધીમે ઉઘડતું જતુ હતુ. તેણે એ ચારે પૈસા વાપરી નાખ્યા. એક પૈસાના સૂળા લીધા અને ત્રણ પૈસાના ગાંઠીઆ લીધા. હવે સાયંકાળે પોતાના મિત્રને આ ભેટ ધરી શકશે, એવા ઉલ્લાસમાં તે પોતાના ઘર તરફ વળ્યો.

*

તે જ્યારે સાયંકાળે સાબરમતીના પટમાં પહોંચ્યો ત્યારે વાદળાં

ઘેરાઈ વરસાદ પડવો શરુ થયો હતો. અને અમદાવાદનાં ખાળનાં ડોળાં પાણી સાબરમતીને મળવા ચાલી નીકળ્યાં હતાં. પણ જ્યારે તે સાબરમતીને કાંઠે પહોંચ્યો ત્યારે તો ઘસારા દેતી સાગર જેવી સાબરમતી ખળભળી રહી હતી. મોટો લાગતો એલીસબ્રીજ તો નાના નેવા જેવો બની ગયો હતો. પાણીની છોળો કોટ સાથે ભટકાઈ રહી. હતી. અને હંમેશની શાંત સાબરમતીમાં પણ ઘુઘવી દેતાં ડોળાં પાણી' એવાં વેગથી વધી રહ્યાં હતાં કે જાણે હવે અબઘડી બધું પાણી ખલાસ થઈ જશે. પણ પાછળ કે આગળ જ્યાં નજર ફેરવે ત્યાં પાણીના ડુંગરા એટલા જ વેગથી ચાલ્યા આવતા હોય! લોખંડ, લાકડા જાણે નાનાં સાંઠીકડા હોય તેમ સપાટાબંધ ઘસડાતાં હતાં. અને માણસ, પશુ, ઝાડ, જે કાંઇ ઘસડાતું આવે તે જુઓ ન જુઓ ત્યા તો, જાય ઘુમરી ખાતુ, ચકરી ખાતું, કોઈ મોટા પાણીની ઘુનામાં.

ભીખારીદાસે આ જોયું ને તે કાંઠે થંભી ગયો. તેનું ઘર તો પાણીના સાગરમાં લુપ્ત બની ગયુ હતું.

આખી રાત તેણે ઘુઘવતો સાગર જોયા કર્યો. અને સવારે પાણીનો વેગ નરમ પડયો, કાંઠા ઉઘડયા, ત્યારે ધીમે પગલે તે. પોતાના ઘર તરફ ગયો. પણ ત્યાં કોઇ હતું નહિ.

સાંજે તે ગામમાંથી વહેલો પાછો ફર્યો. પેલા ગાંઠીઆ ને મૂળા એક ચીંથરા જેવા કપડામા બાંધી રાખ્યા હતા. અને આજે પણ ચાર પૈસા કમાઈને તેમા તેણે વધારો કર્યો હતો.

પણ તે પોતાને ઘેર પહોંચ્યો ત્યારે ત્યાં કોઈ હતું નહિ. અકાલે ડાળાં બનેલા ગોરી, પેલા રાણુાને અને ટીપુને ઠપકો આપતો બેઠો હશે, એ જોવા તે હોંશથી જલ્દી દોડતો આવ્યો હતો. પણ ટીપુ કે ગોરીનું તો નામ નિશાન પણ હતું નહિ.

તે છેક દૂર દૂર દ્રષ્ટિ ફેરવવા લાગ્યો. સાંજ પડતી હતી. અંધારૂં વધતું હતું. એલીસબ્રીજના દીવા વધારે પ્રકાશવા લાગ્યા.

*

ઉપર દૂર એલીસબ્રીજ પાસેથી તેણે રાણુાને આવતો જોયો. તે પણ ધીમે પગલે એ જગ્યાએ જ આવ્યો.

પશુએ અને મનુષ્યે એક બીજાના સામે જોયું. રાણાએ જરાક અવાજ કર્યો: ભિખારીદાસે તેના માટે લાવેલા મૂળા આગળ ધર્યા. પણ તે એક પછી એક નીચે પડી ગયા. રાણાએ ડોકું નીચે નમાવ્યું. પોતાની ઉગતી શીંગડીઓ, ભીખારીદાસના પગમાં ભરાવી અને એક રણકાર કર્યો.

ન સમજી શકાય તેવી નિશાનીથી બન્ને સમજી ગયા કે ગોરી અને ટીપુ, વેગભર્યાં પાણીમાં, કોણ જાણે કેટલે દૂર ઘસડાતાં હશે.

ભિખારીદાસ એ રણકાર સાંભળતાં જ ધબ દઈને નીચે બેસી ગયો. તેનું ઘર, આરામસ્થાન, વિનોદભવન, શાંતિનું ઠેકાણું, જેને માટે એ મજૂરીમાં આનંદ લેતા શીખ્યો તે મિત્રો: સર્વસ્વ આજે હતું ન હતું થઈ ગયું.

અંધારું વધ્યું ને થોડાક જુવાનો રેતીમા લલાટ મારના હશે તે ચાલ્યા ગયા. મીલના ધૂમાડા જરાક ઓછા થવા લાગ્યા. ત્યારે ભીખારીદાસે, હૃદય ચીરી નાખે તેવા સાદે એક બૂમ પાડી: 'પાણી! પાણી! અમારા મિત્રો પાછા દે!'

આછા પડઘા સિવાય કાંઈ જવાબ આવ્યો નહિ. માત્ર રાણો, એનું કહેવું સમજ્યો હોય તેમ કરુણ રણકારથી, તેની ગોદમા વધારે ને વધારે પાસે સર્યો. ને પોતાની ઉગતી શીંગડીઓથી તેને ખંજવાળવા લાગ્યો.

ધૂમકેતુ

While it is true that the story is, or may be, simple, it is a profound mistake to suppose that it can be told by any one and without art.

Hugh Walker

પ્રયાણ

ગગનમાં સળગે શગડી સદા,
અવનિના ઉર આ મૃદુ ડામતી;
મુજ ઉરે સળગ્યાં સ્મરણો બધાં,
અનલઝાળ નિરંતર એ થતી.

મરણ તો ચૂશસે વિષ ડંખનું.
સ્મરણ ડંખ રહે પછી ના જરીઃ
ફલક સંસ્મૃતિનું વણ રંગનુંઃ
સ્મરણ ધન્ય અધન્ય જશે ખરી.

ઉદય અસ્ત તણી ન પ્રદક્ષિણા!
પ્રલય માટ બધું જગ થાકશે,
હૃદયકંપ અહીંજ વિચક્ષણા,
ભય ન એ મુજને જરીએ હશે!

જીવન-અંત-પ્રયાણ હવે હશે,
ભગિનિ! રૂપ હવે નવું હું ધરૂં.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

આવતી કાલનાં લોકગીત

ગુજરાત ઉપર કવિતાદેવી પહેલેથી પ્રસન્ન છે. નરસિંહ મહેતાએ ગુજરાતી ભાષામાં પહેલી કવિતા કરવા માંડી ત્યારથી આજ સુધીમાં ગુજરાતી ભાષાની કાવ્યસમૃદ્ધિ તપાસીએ તો જરૂર એમ લાગે કે નરસિંહ મહેતાની બોણી બહુ સારી. લાંબા કાવ્યો, ટૂંકા કાવ્યો, આડાં કાવ્યો, પહોળાં કાવ્યો, ખંડ કાવ્યો, ગદ્ય કાવ્યો વગેરે ભાત ભાતનાં કાવ્યો આજ લગીમાં ગુજરાતી ભાષાના ભંડારમાં જમા થઈ ચુક્યાં છે. ચ્હાની હોટેલોની દિવાલો પર કાવ્યો, રેલ્વેમાં વ્હેંચાતી જાહેર ખબરોના દસ્તપત્રોમાં કાવ્યો, માસિકોમાં આવતી જાહેર ખબરમાં કાવ્યો, રાજકીય ચળવળના સરઘસોમાં કાવ્યો, ભોંગીલાલના ભાષણોમાં ચાલુ કાવ્યોઃ એમ ચોપાસ કવિતાદેવીની સમૃદ્ધિ વિપુલ પથરાઈ ગઈ છે.

છતાં, એટલેથી બસ ન થતું હોય તેમ નવી-રોજ તાજી તાજી બનતી, દર માસે ઢગલાબંધ માસિકોમાં, દર અઠવાડીયે કુદી બંધ સાપ્તાહિકોમાં, અને અને દૈનિકોમાં, ખાસ અંકોમાં અને દસ્તપત્રોમાં ક્ષણે ક્ષણે દેખાવ દેતી-કવિતાથી સંતોષ જાણે ન થતો હોય તેમ આજકાલ કેટલાક ઉત્સાહીઓએ જુના ભંડાર ખોલી ખોલીને, આજ સુધી છાપખાને ન ચડેલાં, ચોપડીઓમાં ન લખાયલાં, હેન્ડબીલો કે છાપાંઓમાં ન છપાયલાં એવાં કેવળ કંઠોપકંઠ ચાલ્યાં આવતાં લોક-ગીતોને મુદ્રાયંત્રમાં પુનર્જન્મ આપવાનો, ગળા મારફતે લોકોના કાને પહોંચાડવાનો, અને એ રીતે પ્રસિદ્ધિ પામવાનો પ્રયાસ આદર્યો છે.

આવતી કાલનાં લોકગીત

નાવાં જુનાં ગીતોને લોકગીતો કહે છે. આ "લોકગીત" શબ્દની નોખી નોખી વ્યાખ્યાઓ કરવામાં આવે છે. ભાવનગરની સાહિત્ય પરિષદ્ વખતે "કાઠીયાવાડના લોકગીતો અને ચરણી સાહિત્ય" માટે પરિષદ્‌ને છેલ્લે દિવસે (મંત્રીઓની બહુ મરજી ન હોવા છતાં) મહા પ્રયાસે એક ખાસ મિજલસ મેળવી શકાઈ હતી. મિજલસ મળ્યા પછી એ મિજલસનો હેતુ મંત્રીઓથી માંડીને 'મહાજનીઆઓ' (વગર નોતરે સભામાં ઘુસી જનારા સત્પુરુષોને 'મહાજનીઆઓ'ના નામથી ઓળખવાની કાઠીયાવાડની "લોકભાષા"માં પ્રથા છે) સુધીના તમામ માણસો ભુલી ગયા હોય એમ લાગ્યું. થોડાક ચારણોએ ચારણી સહિત્યના કેટલાક નમુનાઓ બતાવ્યા, શ્રી મેઘાણીએ કૈંક બંગાલી સાહિત્યની પ્રસાદી આપી, અને પછી બૉઝવેલ અને જોનસેન સમી શ્રી રાયચુરા અને શિવજીભાઈની અદ્વિતીય જોડલીએ કોઈ અનેરાં ગીતો ઝીલવા માંડયાં. શ્રી રાયચુરાને એ વખતે આવડતું એકજ ગીત—"કેર કાંટો વાગ્યો:" ચવાઈને કુચ્ચા જેવું કરી નાંખેલું એ એક જ ગીત—કાઠીઆવાડને ગામડે ગામડે જાણીતું છતાં પોતે જાણે કે બહુ ભીષ્મ પ્રયાસે પ્રાપ્ત કરેલું હોય તેવી પ્રસ્તાવના અને તેવા દમામ સાથે ફેંકી દીધું અને પછી તેમનો લોકગીતોનો ભંડાર ખુટતા તેમના બૉઝવેલ ઉર્ફે શ્રી શિવજીભાઈએ પોતાના જોનસન સમા રાયચુરાના કેટલાંક કાવ્યો "લોકગીત"ને નામે અડાવવા માંડયાં. "આ પણ એક લોકગીત" કરીને "પ્રિયતમ પ્રેમીને પૂછું: જગત પ્રેમી થશો કયારે?"ની મશહુર કવ્વાલી ફેંકી સભાજનોની તાળીયો ઝીલી નાખી. રાયચુરા કાવ્ય રચે, અને તે કાવ્ય તેના ઉપરના ભાષ્ય સાથે, કર્તાની અત્યુત્તમ શક્તિપ્રભાની પ્રશંસા સાથે શિવજીભાઈ કોઈ પણ સભામાં તક મળ્યે ગાઈ બતાવે એ ક્રમ વીલેપારલેની સભાઓમાંથી શરૂ થઈને છેક ભાવનગરની સાહિત્ય પરિષદ સુધી ચાલુ રહ્યો હતો. એટલે, લોકગીતની એ બૉઝવેલ સમા શિવજીભાઈની એક વ્યાખ્યા.

ત્યાર પછી શ્રી મેઘાણીએ લોકગીતની બીજી વ્યાખ્યા કરી. "કોઈ કવિના નામ વગરનાં, કંઠસ્થ સાહિત્ય રૂપે જળવાઈ રહેલાં, ગામડાઓની 'રઢીયાળી રાત' ને આનંદી બનાવનારાં, છેક

સામાન્ય કોટિનાં સ્ત્રીપુરુષોએ પોતાનાં નિત્ય જીવનની પ્રતિમા રૂપ, આપોઆપ ઊર્મિથી રચી કાઢેલાં, સાદી ભાષાનાં અને સાદા ભાવોનાં ગીત તે લોકગીત એવા કંઈક અર્થની વ્યાખ્યા એમણે રચી. એ વ્યાખ્યામાં જેનો સમાવેશ થઇ શકતો હોય તેવાં પુષ્કળ સુંદર ગીતો એકઠાં કરી, પુસ્તકાકારે બહાર પાડી, સ્થળે સ્થળે જઇ, જાતે ગાઇ બતાવી, ગૂજરાતકાઠીયાવાડની પ્રજાને એમણે એનો પરિચય કરાવ્યો. લોકગીતની એ એક બીજી વ્યાખ્યા.

એ બીજી વ્યાખ્યા સામાન્ય રીતે તો ગમી જાય તેવી, ખરી લાગે તેવી હતી, પણ તેમાંયે મતભેદ, કે સુધારો 'ના' થઇ શકે તેવું ન રહ્યું. થોડા વખત ઉપર ભાવનગરની સામળદાસ કોલેજમાં એક મિજ્લસ થઇ હતી, જેમાં વક્તા તરીકે શ્રી પરશુરામ બ્હાલાભાઈ રામી "લોકસાહિત્ય (કેટલાક સંગીત સાથે)" વિશે વિવેચન કરનાર હતા. શ્રી મેઘાણીના લોકગીતો અને લોકવાર્તાઓનાં રંગે રંગાઇ ગયેલ ભાવનગર કોલેજ તો, એ પ્રકારનું બીજું કંઈક સાહિત્ય શ્રી પરશુભાઈ પાસેથી મળશે એવી આશા બંધાઈ. પણ લોકગીતો— બલ્કે લોકસાહિત્યની શ્રી પરશુભાઇની વ્યાખ્યા કંઈક નવીન નીકળી. રેંટીયા વિશેનું પોતાનું એક કાવ્ય, કવિ ન્હાનાલાલના રાસ, શ્રી રાયચુરાનો એક રાસડો: આ સામગ્રી તેમણે પુષ્કળ ધાર્મિક, આર્થિક, રાજકીય અને સામાજીક ચર્ચાઓ સાથે "લોકગીતો" રૂપે રજુ કરી દીધી.

એટલે એકંદર રીતે, "લોકગીત"નો સર્વે ગુજરાતીઓ સ્વીકારે તેવો એક ચોક્કસ અર્થ થવો હજુ બાકી છે. અને એ કામ આપણે આપણા ધુરંધર સાક્ષરોને માથે રહેવા દઇએ. શ્રી મેઘાણી જે એક વસ્તુને લોકગીત કહે છે, તે ઉપરાંત પોતાના કાવ્યોને પણ શ્રી રાયચુરા લોકગીતમાં ગણે છે, અને એ બન્ને ઉપરાંત શ્રી પરશુભાઈ પોતાનાં કાવ્યોને લોકગીતમાં ગણે છે; વળી બીજા કેટલાયે કવિઓ, લેખકો, ગાયકો, સાક્ષરો, વિવેચકો અને બજાવકો લોકગીતમાં કેવાં કેવાં પ્રકારનાં સાહિત્યનો સમાસ કરતા હશે એ તો પુરી શોધખોળ કરનારને જ માલમ પડે.

પણ વાતનો મુદ્દો એ છે કે, ગમે તે કારણથી પણ હમણાં ગુજરાતની પ્રજાની લોકગીત તરફની અભિરુચિ દિવસે દિવસે વધતી જતી દેખાય છે. "સોનીડા રે ઘડજે રૂડા ઘાટ" અથવા તો "સમજાવશો કો પીસ્તુરી ઉન્હાં ઉન્હાં ચુંબન તણી (કે ભજ્યાં તણી?)" એવી એવી અનેક કાવ્ય ચમત્કૃતિઓથી ધરાઇ ગયેલ ગુજરાતી પ્રજાને, જેમ હમેશાં મિષ્ટાન્ન ખાઇ ખાઇ ઓખરી જનારા શ્રીમંતોને ક્યારેક વાસી રોટલો ખાવામાં આનન્દ લાગે તેમ, રોજે રોજની તાજી બનતી અવનવી કવિતાઓને બદલે હાલ જુના લોકગીતો ગાવા સાંભળવામાં રસ પડતો જાય છે. જન-સમુહને જે વસ્તુ રુચતી હોય, તેજ વસ્તુ તેને પુરી પાડવામાં વેપારીની બુદ્ધિનું ખરું કૌશલ્ય રહેલું છે અને ગુજરાતની પ્રજા તો વેપારી બુદ્ધિ માટે પ્રખ્યાત છે. નાટકશાળાઓમાં છેલ્લા વર્ગમાં બેસનારા પ્રેક્ષકો સૌથી વધારે પૈસા ખરચનારા હોય છે, તેથી તેમની વૃત્તિઓને રુચે તેવા નાટકો રજુ કરવા માટે નાટક રચનાર જે પોતાને પણ કદાચ ન રુચતું હોય તો પણ સ્થળે સ્થળે અમુક પ્રકારના અશ્લીલ શ્રૃંગારની તેને રચના કરવી પડે છે, અને એવી રચના માટે જ ગુજરાતી નાટકો પ્રખ્યાત છે. અસહકારનો ને ખાદીનો યુગ ચાલ્યો ત્યારે ખાદીની ટોપી પહેરનારા કેટલાયે વેશધારીઓએ વ્યાપારી-બુદ્ધિએ પોતાના ખૂબ સ્વાર્થો સાધી લીધા, એજ પ્રમાણે હવે જ્યારે લોકગીતનો યુગ શરૂ થવા લાગ્યો છે, ત્યારે દ્રવ્ય નહીં તો છેવટ કીર્તિ પણ મેળવવાની આકાંક્ષા ધરાવનાર વેપારીઓએ ગમે ત્યાંથી ઉભાં કરી કરીને પણ લોકગીતો સ્થલ કે પ્રસંગનો વિવેક વિચાર્યા વગર પણ, જનસમુહ પાસે મોટી સંખ્યામાં મુકી દેવાં તેમાંજ તેમની કારીગીરી છે. પછી એ લોકગીત "એમણે વાડામાં છાનામાના છુપાઇ રહીને, માર ખાવાના કે જીવ ખોવાના જોખમે પ્રાપ્ત કર્યું હોય," "ગામડામાં ફરતે ફરતે ૯૦ વરસની કોઇ ડોસી પાસેથી ઉતારી લીધું હોય," કે "ન્હાના ન્હાના રાસ"માંથી ગોખી કાઢ્યું હોય કે છેવટે પોતે જ નવું જોડી કાઢ્યું હોય; પણ તે ગીતને લોકગીત કહેવું જોઇએ, અને એવાં લોકગીતો કોઇ પણ

પ્રકારની મિજલસ મળી હોય તેમાં તક શોધીને, અને નહીં તો એ માટે ખાસ મિજલસ મેળવીને પણ એમાં ગમે તેવા કદ્દીશ કરીને પણ ગાઇ બતાવવાં જોઇએ.

સુભાગ્યે કે દુર્ભાગ્યે એ તો ઇશ્વર જાણે, પણ હજુ અત્યાર સુધીમાં આ વણિક બુદ્ધિનો ઉપયોગ કરનારાઓની સંખ્યા બહુ ઓછી રહી છે. પણ એથી કંઇ અડસટ્ટો બાંધવાનો નથી. લોકવૃત્તિનો પ્રવાહ એક દિશામાં એકાએક વળવા માંડે પછી કેટલી ઝડપે તેનો વિસ્તાર થાય છે એ તો ઇતિહાસમાં ઠેર ઠેર દાખલાઓ જોતાં જણાઈ આવે તેમ છે. કદાચ ટુંક વખતમાં જ એવો પણ સમય આવી પહોંચે કે જ્યારે પ્રત્યેક સભામાં શરૂઆતના મંગલાચરણમાં લોકગીત ગવાય, પ્રત્યેક માસિકની શરૂઆતની કવિતાઓનો વિભાગ લોકગીત વડે ભરાઈ જાય, અને પ્રત્યેક કવિ (જેમની સંખ્યાનો ગુજરાતમાં તુટો નથી) નવી કવિતા રચતો જાય તે સાથે લોકગીતો પણ ગમે ત્યાંથી ઘસડી લાવીને પ્રજાને ભેટ કરતો જાય. આ વસ્તુસ્થિતિ છેક કાલ્પનિક નથી, અને કોઇક વાર આપણે ધાર્યું ન હોય તેવામાં આવીને ઉભી રહેશે. એ વેળાએ, જુના કાળમાં જેમ શેરીએ શેરીએ ગામડાંની સ્ત્રીઓ અજવાળી રાતે એકઠી મળીને ધરણી ધ્રુજાવતી ગરબાઓ અને રાસડાઓ ગાતી; નવરાત્ર ઉત્સવમાં પુરુષોના અને સ્ત્રીઓનાં ટોળાં મળીને (ક્યાંક ઉભય સાથે અને ક્યાંક નોખા નોખા) માતાજીના ગરબાઓ ગાતાં ને દાંડીઆ રાસ ઝીલતા, તેને બદલે હવેના કાલમાં કોઇક ટાઉનહોલમાં, કે સભાગૃહમાં, કોઇક થીએટરમાં કે આનન્દવિનોદના ખાનગી જલસામાં બસ્સો પાંચસો માણસોની મેદની તાળીઓ પાડતી ને ઝોકાં ખાતી હોય તેની વચ્ચે એકાદ મેઘાણી, એકાદ રાયચુરા કે શિવજીભાઈ, એકાદ પરભુભાઈ કે અન્ય કોઇ પણ "શામજી, બાળજી ભટાચાર" લોકગીતો લલકારતા થશે.

પણ પ્રશ્ન એ રહે છે કે, એ સર્વેને માટે લોકગીતો લાવવા ક્યાંથી? મેઘાણીના "રઢીયાળી રાત" જેવો ન્હાનકડો સંગ્રહ તો ટુંક વખતમાં ગુજરાતમાં જુનો થઇ જશે. અને પછી તો, શરૂઆતમાં ભજીયાં ચટણી ખાવાથી જેની ભુખ ઉશ્કેરાઇ હોય તે ખાનાર વધુ ને

વધુ વસ્તુઓ પીરસાવાની રાહ જોયા કરે, તેમ લોકગીત પીપાસુ ગુર્જરપ્રજા નવાં ને નવાં—વધુ ને વધુ—લોકગીતો માગ્યાં કરશે. ને લોકગીતોની કાંઇ આપણા વડવાઓએ ક્યાંયે ખાણ ખોદી રાખી નથી. ગામડાંઓમાં હજુ ઘણે ઠેકાણે પુષ્કળ નરનારીઓની જિહ્વાએ ઢગલાબંધ લોકગીતો હયાતિ ધરાવી રહ્યાં છે ખરાં, પણ ત્યાં ફરી ફરી, તેમની પાસેથી અનેક કષ્ટો સહન કરી કરીને એ વસ્તુ મેળવવાની આપણા આજના જમાનાના ઉદ્યોગી સાક્ષરોને ફુરસદ ક્યાં છે? આજે તો છાપેલાં પુસ્તકોમાં લોકગીતો જોઇએ, અને કોઈ તૈયાર સામગ્રી બનાવીને આપે તો પછી એ પીરસવાનો જશ લેવા માટે સ્વયંસેવકો ખુબ મોટી સંખ્યામા નીકળી આવશે.

કારણ કે આજનો જમાનોજ ત્વરાયુગ છે. ત્રણ કલાકે દસ શેર અનાજ દળાય તેવી ઘંટીઓને બદલે કલાકમા ત્રણ મણ અનાજ દળી આપે તેવા સંચાઓનો, આખા દિવસની મહેનતને અંતે એક વાર કપડું વણાય તેવી શાળોને બદલે કલાકમા કેટલાયે વાર કપડું વણાઇ જાય તેવી મીલોનો આ જમાનો છે. એટલે, આટો બાંધવો, તેની રોટલી વણવી, શેકવી અને ચોપડવી, તેનાં કરતાં તૈયાર બીસ્કીટનો ડબ્બો તોડી ખાવામાં જેટલી સહેલાઇ છે તેટલી સહેલાઇથી લોકગીતો પ્રાપ્ય થવાં જોઈએ.

અને એ કામ બહુજ સહેલું છે. થોડાક વરસો પહેલાં ગુજરાતમાં એક કવિતા કરવાનું કારખાનું ખુલ્યું હતું. કોણ જાણે શાથી યે, જેમ અનેક લીમીટેડ કમ્પનીઓ સવાર પડતા સ્થપાઈને સાંઝે બંધ થઇ જાય છે તેમ એ કારખાનું પણ હાલ તો હયાતિ ધરાવતું હોય એમ લાગતું નથી. એ કારખાનું ચાલતું હોય, તો આજે એમાંથી કેટલીએ કવિતાઓ બની બહાર પડી હોત. પણ એ બહાર નથી પડી તો તેથી ગુજરાતની કવિતાસમૃદ્ધિ લેશ કંગાલ રહી નથી.

પણ, એ જમાનો હવે ગયો હોય, તો લોકગીતો માટે એવું એક કારખાનું—એક નહીં, પણ અનેક કારખાનાઓ કાઢવાની ગુજરાતમા હાલ જરૂર છે. એવી ફેક્ટરી અથવા ફેક્ટરીઓમાં લોકગીતો પુષ્કળ સંખ્યામાં તૈયાર થઈ શકે. એકાદ નવું કાવ્ય લઈ, તેને

ફેક્ટરીમાં મુકી દેવું, ભાષામાં જ્યાં જ્યાં જોડણીના કપરા પ્રયોગો વિવાદ ઉપજાવે તેવું હોય ત્યાં જોડણી છોડી નાખવી, 'સ' હોય ત્યાં 'દ' કરી નાખવો, છેવટે 'રે' કે 'લોલ' એવું કંઈક મુકી દેવું, અને એમ આખો ઓપ ફેરવી નખાય તો છેક નવાજ કાવ્યનું પાંચકલ્ણમાં ત્રણ સૈકા પહેલાનું જુનું લોકગીત બની જાય. દૃષ્ટાંત તરીકે, એક ચાલુ દોહરાનું પદલાઇ, તેને 'લય'ના દુહામા પલટાવી નાંખવો હોય, તો તેના ચરણો બદલી નાખવાથી એ કામ તત્કાલ બની શકે છેઃ

એઠા માળો બાંધવા ભાગ્યો કાળો કાગ,
બે પાખાળો બોલતો નદી રૂપાળો રાગ

ને બદલે

ભાગ્યો કાળો કાગ, એઠા માળો બાંધવા,
નદી રૂપાળો રાગ, બે પાખાળો બોલતો

એ પ્રયોગથી 'દોહરા'નો 'દુહો' કેવી સહેલાઇથી બની શકે છે?

એજ પ્રયોગ બધા દોહરા ઉપર અજમાવી શકાય. પણ લોક-ગીતોનો વિસ્તાર દોહરા પુરતો નથીજ. શ્રી મેઘાણી એમ બતાવે છે કે 'લોકગીતો'મા પુષ્કળ રાગ. રાગણીઓ અને નૈસર્ગિક સંગીત હોય છે. આ હકીકત તો ફેક્ટરીનું કામ ઉલટું વધારે આસાન બનાવે છે. હાલની આપણી કવિતાઓમા અવનવા રાગો ને રાગણિઓનો તુટો નથી. કેવળ શબ્દપ્રયોગ અતિ સંસ્કૃત અને ઉચ્ચારકઠિન હોય છે તેને જો બદલી નાખી શકાય, તો કોઇ પણ પ્રકારની "તકરારની"ના હોર વિના સહેજે અનેક લોકગીતોની શોધ કર્યાનો જશ મેળવી શકાય, અને જેવી રીતે લેંકેશાયરના બનેલા ધોતીયા ઉપર "હિંદુસ્તા-નમાં બનેલો માલ" એટલા અક્ષરો પાડીને તેને અમદાવાદની મીલનાં સ્વદેશી ધોતીયાં તરીકે, કે જાપાનમાં બનેલી ખાદીને સત્યાગ્રહઆશ્રમ-ની ખાદી બનાવીને વેપારીઓ વેચી શકે છે, તેવીજ રીતે આવા અનેક કાવ્યોને ઉપર 'લોકગીત'નો સિક્કો મારીને અનેક સાક્ષરો તેના ઉપર કીર્તિ ખરીદી શકશે.

આ યોજના કેટલી વ્યવહારૂ અને કેટલી સરલ છે, તે બતાવવા માટે હવે અંતમાં આ નીચે એવી 'ફેક્ટરી'મા ઉત્પન્ન કરી શકાય તેવાં કેટલાંક લોકગીતોનાં નમુનાઓ આપવામાં આવે છે.

(૧)

(ચંદ્રીએ અમૃત મોકલ્યાં —એ રાગ)

ભાભીએ આટા બાંધીયારે લોલ,
ભજીયાં કચોરી તળી લાવ્ય, મારી વ્હાલુડી રે લોલ.
ભજીયાં વિના આ ભૂખ નહીં શમે રે લોલ

ભજીયાંમાં રાણપુરી મરચાં રે લોલ,
ભજીયામાં ડુંગળીનાં કંદ, મારી વ્હાલુડી રે લોલ,
ભજીયાં વિના— ૦

જમશું નહીં તો ઠરી જશે રે લોલ,
જમશું તો દુઃખશે પેટ, મારી વ્હાલુડી રે લોલ,
ભજીયાં વિના—૦

કચોરીમાં મસાલા, સંભાર છે રે લોલ.
સંભારી કચોરી તળી લાવ્ય, મારી વ્હાલુડી રે લોલ,
ભજીયાં વિના—૦

આવાં ગીત ઉપર વિવેચન કરતા એમ કહી શકાય કે, મરચાં રાણપુરમાં સારાં મળે છે વગેરે બાબતોનું લોકગીતો રચનારી આપણી નિરક્ષર બ્હેનોને જ્ઞાન હતું તેમને એ ભુગોળ આવડતી. ભજીયાં વધારે ખાવાથી પેટ દુખે છે એટલું વૈદકનું જ્ઞાન પણ તેઓ ધરાવતી.

(૨)

(તમે મારા દેવના દીધેલ છો—એ હાલરડાંનો રાગ)

તમે મારા માંદી બાળેલ છો,
તમે મારા લોહીના પીચેલ છો,
આવ્યા ત્યારે ઝખ મારીને રૂડો.
કોકાંયે પુરવે પાપ કીધા હશે એ નવ જાણું લેશ
આપ આ ઘરમાં અવતર્યાં ત્યાંથી જોઉં છું રોજનો કલેશ.

તમે મારા કુલ હલામણ છો,
તમે મારા નાક વઢામણ છો,
આવ્યા ત્યારે ઝખ મારીને રૂડો.

અનેક આશાઓથી ઉછરેલ સપુત જ્યારે કોઇવાર વિધવા માતાને પોતાની અખાડા "તાલીમબાજી"થી સંતોષ આપતો હોય તેની વેળા

કોઈક દુઃખી માતાના દિલમાંથી ઉપજેલ કાવ્ય તરીકે આ લોક-ગીતને, ખુબ અસર કરાવી શકે તેમ, ગાઈ શકાશે.

(૩)

(આવી રૂડી રઢીયાળી રાત—એ રાગમાં)

આવી રૂડી નાટકની રાત, સાથીઓ પીવા નીકળ્યા રે માણારાજ.
પીધાં પીધાં ગ્લાસ બે ગ્લાસ, ગોરાંદે તેડાં મોકલે રે માણારાજ.

ઘરે આવો નણદીના વીર, અમારે સુવું સેજમાં રે માણારાજ.
આવો રૂડો આંડી ગ્લાસ, ઉઠીને ગોરી નહીં આવું રે માણારાજ

ગોરાંદેને ચડીયલ રીસ, કંઉ સાજી ધાલીશે રે માણારાજ.
લીલી પીળી ગવન રે ગોરાંદે ચાલ્યાં સ્ટેશને રે માણારાજ.

ઘોડી ઝાલ્યો સાજુનો છેડો રે, અબોલે જવા નહીં દઉં રે માણારાજ.
મેલો મેલો સાજુનો છેડો રે ટ્રેન પહોચી યાર્ડમાં રે માણારાજ.

મને ગોરી અંબાજીની હોસ, અંબીકા રેશમી સટનો રે માણારાજ.
રહો રહો આજુની રાત, અંબીકા તમે ખેલવો રે માણારાજ.

મેલો મેલો સાજુનો છેડો, ટ્રેન પોગી સ્ટેશને રે માણારાજ.
મારે નથી ભાઇબંધ કે દોસ્ત, કોની રે સંગે ખેલશું રે માણારાજ.

તમારે છે દારૂડીયાનો સાથ, તેની રે સંગે ડાયલો રે માણારાજ.
ઘરમાં ફોડ્યા દારની પગથાર, ફરેમ ફેંકી બારીએ રે માણારાજ.

રીસાઇ ચાલ્યાં રેલને સ્ટેશન ધણીયે જાણ્યુ ખવા ટળી રે માણારાજ.
આવી રૂડી નાટકની રાત, સાથીઓ પીવા નીકળ્યા રે માણારાજ.

આ લોકગીત છેક અર્વાચીન હોય તેવું લાગે છે. અંગ્રેજી ભાષાના પ્રચાર પછીનું, અને રેલ્વે ટ્રેનના ખુબ પરિચય પછીનું છે ધણીના વ્યસનથી કંટાળી જનાર કોઇ સતીના નારીહૃદના અદ્ભૂત દાખલા તરીકે, "લોકોના નિત્યજીવન"ની કોઇક "પ્રતિમા" રૂપે હૃદયમાં આબાદ કોરાઇ રહે તેવું મઝાનું છે.

(૪)

(રઘુપતિ રામ રૂદેમા રહેજો—એ રાગનું)

સખિ, પડવે તે પાપડ ખાધા રે,
સીતા કાચાં કાચાં ખાવા માગ્યાં રે,
ત્યા તો સુલોચના॰ બાઇ રાઝ્યાં—
રતિપતિ કામ રૂદેમાં રહેજો રે.

આવતી કાલનાં લોકગીત

સખિ, બીજે તે બીસ્કીટ મંગાવ્યા રે,
દંટલી પામરના મન ભાવ્યાં રે,
જેને રેડીંગે અમર બનાવ્યાં—રતિ પતિ કામ૦—

સખિ, ત્રીજે તમાકુ તમતમતી રે,
રામે ચપટી ભરી મનગમતી રે,
નાકે છિંકો બહુ છણછણતી—રતિ પતિ કામ૦—

સખિ ચોથે તે ભીંજડો મંગાવ્યો રે,
લક્ષ્મણ આઠ આનાનો લૈ આવ્યો રે,
બધો કૈકેયીએ જ ઝડાવ્યો—રતિ પતિ કામ૦—

સખિ પાંચમે પંચ બનાવ્યા રે,
બરફ સાથે મજેથી દબાવ્યા રે,
પીને પાન સોપારી ચાવ્યાં—રતિ પતિ કામ૦—

લોકગીતોમા રામ અને કૃષ્ણ જેવા મહા પુરુષોનાં નામો મુકી મુકીને, તે નામે સામાન્ય મનુષ્યોનાં ચરિત્રો વર્ણવ્યાના અનેક દાખલાઓ "રઢીયાળી રાત"ના સંપાદકે આપેલા છે, તેવો આ એક દાખલો છે. આમા આજકાલના સામાન્ય માણસોના નિત્યજીવનના કેટલાક પ્રસંગો રામ અને સીતાના નામે વર્ણવેલા જોવામાં આવે છે.

રામુ ઠક્કર

Often, too, comic-handling is morally most effective and it is for this reason that humour has always been the most potent intrument for the correction of manners and castigation of vice.

W. Hudson

• ઈંદ્રજીતની સ્ત્રી

ચંબેલીને

મધુર કુમળી ચંબેલી હો! ખીલી તું, સખે ખીલી!
સુરભિ સુરભિ હ્યાં રેલી હો! ખીલી તું, સખે ખીલી!
મૃદુ મૃદુ કળી કાલે તું તો હતી·રમતી કંઈ,
પ્રમદ ખીલતી યુવા આજે તને નમતી કંઈ.

૧૪૭

ચંબેલીને

સૌંદર્યની નવીનતા કળીમાં હતી ત્યાં,
જામી રહી નવલ મોહની કંઇ રતિમાં;
જો નિત્ય તું નવીન, તું નવલીજ રહેજે,
સૌંદર્યની ખુબી અખંડ નવીનતા છે.

આ વેલ નીલ કરપલ્લવ આંગળી એ,
હારે તને શીખવતી કંઇ રમ્ય નૃત્ય;
ખોબા ભરી પદ્મપરાગની તુજ રેણું,
આ વેરતો અનિલ વિશ્વમહીં વખાણી.

તવ રજતણી ખુશબો સુંઘી દ્વિરેફ પ્રશંસતા,
"સુરભિ, સુરભિ કયાં છે?" કહી કહી ગુંજતા,
પદરજ તણા ઇલ્મે એંચ્યા અધીન બનાવતા;
જહીં તહીં ભૃંગો જો આ અહીં અહીં આવતા.

ચોમેર એ ઝઝુમતી વિનવે ચમેલી,
શ્વેતાસ્વયંવર મહીં ઘનશ્યામ ટોળી;
ચંબેલી માનિનિ! અહીંથી ખસે તહીં તું,
ભૃંગોતણા હૃદયભાવ કસે હજી તું.

આ ઉમટે ભ્રમરવાદળ થઈ અધીરૂં,
ગુંજારવે હૃદયસાવ કરે છ ભીરૂ!
ઘેરે છ મેઘદલ ઉજ્જ્વલ ચંદ્રિકાને,
રૈડે શિરે ગરજતાં ઉર સાર જાણ્યે.

કવણ જીવિતે ચંબેલી હો! થશે અધિદેવી તું!
કવણ જીવને વ્હેશે સાથે અમીરસરેલ તું!
સુમનસુરભિરાણી તું તોઃ નક્કી નિર્માણ એ,
પતિ તવ હશે સૌગંધીનો રસજ્ઞ સુજાણ એ.

વિઠ્ઠલરાય યજ્ઞેશ્વર આવસત્થી

વસુલાતી અધિકારી

"ગમે એ થાય, તમારે મહેસુલ તો આપવીજ પડશે."

"બાપુ! આ વરસ ખમી ખાવ, કંઈ પાક્યું નથી. આવતે વરસે બમણો ભાગ ભરી આપશું."

"આતો રાજદરબારનાં કામ છે, પટેલ. સમજ્યા? અમારે ઉધારીનો વેપાર ન ચાલે."

"શું કરૂં? રાતી પાઇએ ભરવાની નથી," નિશ્વાસ મૂકી આંખા પટેલે કહ્યું.

"કરે શું? જમીન વેચી દ્યો. ઘરેણાંગાંઠાની હરરાજી કરી મહેસુલ આપો. નહિં તો ટાચ આવશે, સમજ્યા?" પૂરા રૂવાબથી વસુલાતીએ જવાબ આપ્યો.

"બાપુ! અમે તો ઢોર કહેવાઇએ. અમારી આનરટી કરવાથી અમારો બાપ રાજી ન થાય. સાચુંજ કહું છું: ઘરમાં કંઈ એ નથી. નીકર કંઈ મહેસુલ આપવાની ના પાડું?" પટેલની આંખ દયા માગી રહી હતી. એણે ધીરા અવાજે કહ્યું.

"કશુંય માનવાનો નથી. ચોવીસ કલાકની મહેતલ આપુ છું. દેવાના કરી પણ મહેસુલ આપો. જૂઓ: પછી પાછું મ્હારે નગર જવાનું છે. એ પહેલાં આ વાતનો નીકાલ આવી જવો જોઇએ. નહિતર જપ્તી આવશે." દયાનો અંશ દુનિયા પરથી સાવ નાબુદ થઈ ગયો હોય ને પછી જ માણસ કંઇએ ઉચ્ચારે એવા શબ્દો સંભળાયા.

વસુલાતી અધિકારી

પીજૂષ
વારિંક

"અરે બાપા શું કરું ? આવું ન્હોતું ધાર્યું" કરગરતો અવાજ નીકળ્યો.

"પટેલ ! ઉતારે દૂધ પહોંચ્યું ? જો, જો, વેળાસર ઘોડાને માટે ચંદી મોકલાવી દેજો. નીકર ચામડું ફાટી જશે, સમજ્યા ?" વસુલાતીએ એક વધારે ફરમાન બહાર પાડ્યું.

આંખા પટેલનું દેધુ ધ્રુજી રહ્યું હતું. હવે તો શરિરે ધ્રુજવા માડ્યું. થરથરતો અવાજ નીકળ્યો: "હમણાં મ્હારા બાપ."

૨

ગોપાળ કોણ; ને ક્યાંનો; એ કોઇએ જાણતું નહોતું. થોડાંક વર્ષો પહેલા કોઈ યુરોપીયન અમલદારના હમાલ સાથે એક છોકરો આવેલો: સાહેબ ગયા: હમાલ ગયો: પેલો છોકરો રહ્યો. પેટ ભરવા ખાતર નગરની હોટલમા પ્યાલા વીછળવા એ રહ્યો: ને દિવસો ગુજારવા લાગ્યો. હોટલમાલિક મહિને દહાડે બે ત્રણ રૂપીયા આપે એ પર એ ગુજારો કરતો: ખાવાપીવામા એને ઝાઝો ખર્ચ લાગતો નહિ. ચ્હા પીવા આવતા લોકોના વધેલા નાસ્તા પર એ મારો ચલાવી ભૂખને ચટી પાડતો. આમ વરસો વીત્યા. નસીબની ચક્રી લાગી ગઇ. શરીરે દેખાવડો ને મજબુત બાંધાનો હતો. ઉચા હોદાના અમલદારને ત્યાં એ પટાવાળામા દાખલ થયો. એ સમયે છેલ્લા વિગ્રહની શરૂઆત થઇ: પેલા અમલદારને ફ્રાન્સની રણભૂમી ઉપર જવાનું ફરમાન મળ્યું: તેમણે સાથે પેલા છોકરા ગોપાળને લીધો. શું એ નશીબમાં લખાવી લાવ્યો હશે તે એ ઠેઠ રણભૂમી સુધી પહોંચ્યો ? પોતાના અમલદાર સાથે એ યુરોપીય સિપાઇઓના ઘોડાના તબેલામાં પડી રહેતો: ત્યાં આપ ઉકલતે એ ઇંગ્લીશભાષા ને થોડીએક તોછડાઇભરી સુધરેલી રીતો શીખી ગયો. બીજેત્રીજે વર્ષે અમુક કામ કરવા જતાં એની નાલાયકી પુરવાર થઇ. ને પાછો હિંદ તરફ મોકલી દેવામાં આવ્યો.

એકલો મુંબઇને બારે ઉતર્યો: ગમે એ રીતે થોડો સમય આમ–તેમ એણે કાંઢી નાખ્યો. એવામાં નગરના ગત મહારાજના પુત્ર યુરોપમાથી મોટી સરકારનું રાજા તરીકેનું પ્રમાણ લઈ મુંબઈ આવેલા. તેમને એ મળી ગયો.

ગોપાળે પોતાના રૂવાબથી તેમને છૂટા કરી નાંખ્યા. રાજાએ નોકરી આપીશ એમ કહ્યું ને રસાલો નંદનગર પહોંચ્યો. રાજ્યમાં એડમીનીસ્ટ્રેશન ગયેલું એટલે સંપૂર્ણ અંધાધુધી જાગેલીઃ સહુ સહુ પોતાને રાજ્યના થાંભલા માની બેઠા હતા. નસીબના પાધરા એ નવા રાજા આવતા રહ્યા ને બીજાઓને 'પાણીચાં' પકડાવવામાં આવ્યાં.

ગોપાળજી–યુરોપ જઈ અનુભવ મેળવી આવેલા ગૃહસ્થ—ને વસુલાતીની જગ્યાએ નીમવામાં આવ્યા—એટલા જ પ્રમાણપત્રે કે એ યુરોપ જઈ આવ્યા છે.

*

ગરીબીની મજા માણ્યા પછીની નિરંકુશ સ્વતંત્રતા માણસને સ્વાભાવિક રીતેજ ઉચ્છૃંખલ બનાવે. ગોપાળને ગરિબો પ્રત્યે ઘૃણ થઈ. નવાબી હાથ લાગતાં પેલી ગરિબી વીસરી ગયો. તેની નજર સામે તો હવે રૂપાસોનાના નાણાંની કોથળીઓનુંજ નૃત્ય દેખાતું. 'ગમે એમ અસ પૈસા લાવો' એજ એનો મુદ્રાલેખ થઈ પડયો. નગરમાં એની ઉમ્મરનાં માણસો હજી જુવાન હતા. ગોપાળને હોટેલમાં પ્યાલા સાફ કરતો એમણે જોયો હતો. પણ હવે એ લોકોના ભાર ન હતા કે ભૂતજીવન સ્હેજે યાદ કરી શકે. ગોપાળનો કોયડો ફાટતો. એને ઝપાટે ચડતા એ કાં તો ન્યાલ ગઈ જતા યા તો ધૂળની કિંમત આંકવા મંડી જતા. પ્રભુ તો ન્યાયે કે અન્યાયે એને હાજરાહજુર હતા. રાજા ગોપાળ સીવાય અન્યને દેખાતજ નહિ. ને એ રૂએજ એનો આબાદ વકર જામી જતો. દિવાન હતા પણ એ રાજ્યના થાંભલારૂપ વસુલાતીની મોરલીપર નાચનારાઓ. ગોપાળ એનો જીવનદસ્તો મ્હાણનો હતો.

આખા રાજ્યની વસુલાત એ એકલે હાથે વસુલ કરતો. ને એમાં એ ગમે એ ગોટાળો કરવાને પૂરેપૂરો સત્તાવાન હતો. કોઈ એને વાર્ષિક આવક પૂછવાને હિંમત ન કરતું. ફક્ત રાજાસાહેબને એ સાચાખોટા આંકડા પાડી સમજાવી દેતો. એ બધાના પરીણામરૂપ નંદનગરના એક ખૂણે એણે 'ગોપાળ વિલાસ' ઉભો કર્યો હતો. ગામનો મજુર વર્ગ કહેતો કે, "હરામ છે જો રાતી પાઈ મજુરીની

લીધાં હોય, કે એણે આપી હોય તો." મોસમ આવતી ત્યારે રાજ-શાહી ઠાઠથી એ વસુલાત એકઠી કરવા નીકળતો. ને જ્યાં જ્યાં જાય ત્યાં ગામને પૈસે મનમાન્યા વિલાસ મ્હાણી લેતો. ભોળી કણબી જાતની પાસેથી તેમના બાપદાદા વતીના પૈસા લેણા છે કહી બમણા ત્રમણા કઢાવતો. કણબી પણ હાથજીભ કાઢી જતી. શેઠાની બાબતમાં એનો ન્યાય બિલાડી જેવો હતો. આંધળા જેવા ખેડુતો એની 'હા' એ 'હા' ભણતા. એક કટકા બોય માટે એને ખેતર આપી દેતા. વસુલાતી એજ ઘડીએ એ ભોંના મનમાન્યાં નાણાં લઇ અન્ય ખેડુતના ગળામાં પહેરાવી દેતા.

૩

ઉપરાઉપરી વરસ નબળાં આવવા લાગ્યાં. રાજ્યની તિજોરીમાં તળીયું દેખાયું: વસુલાતીને ફેરણી ફરી મહેસુલ જેમ બને એમ જલ્દી ઉઘરાવવાનો તાકીદનો હુકમ મળ્યો. બિલાડીને દુધ જોતું હતું ને ઢળ્યું. વસુલાતીએ, ગામ પછી ગામ, જાણે કોઈ વિજયી એક પછી એક ગામ સર કરી ચાલ્યો ન જતો હોય એમ ફરવા માંડ્યું 'બસ પૈસા લાવો. નહિતર જપ્તી' આ જ સવાલ હતા.

આજે સરતાનપરા મુકામ હતો. ગામના આંબા પટેલને દમ ભરાવ્યો. એની પાસે પૈસા આપવાના ન હતા. 'ગમે એમ કરી પૈસા ભરી આપો,' એવું નિર્દય ફરમાન સંભળાવી દીધું હતું. એ સાથે પોતાની સગવડ માટે પણ ચાર પાંચ હુકમો છોડી મૂક્યા હતા. ઘરના છોકરાને દુધ માટે રોવરાવી દરબારી ઉતારે પહોંચાડવું પડે, ચાકરીપર ઘડાને એમને એમ રહેવા દઈ કુંભારને નદીએથી પાણી ભરવા દોડવું પડતુ. દરબારી પટાવાળાઓ ગામના ગમે એ લોક-વર્ણને ત્યા ખાવા જતા ને ત્યાં ખાવા જવાનો જન્મસિદ્ધ હક લેખતા. ભલે ને પછી રાજ્ય પાસેથી એનું ભથ્થું લેવાનું હોય! આવી બાબતો તો સાધારણ દેશી રાજ્યો માટે પ્રણાલિકાજ ગણાય છે.

આંબા પટેલને ત્યાં રો કકળ થઈ રહી. વરસ નબળું હતું. આવતી કાલે ખાવા જેટલું અન્ન પણ ઘરમાં ન હતું. જોધારમલ જેવો દિકરો આજે છ મહિનાથી ખાટલે પડ્યો હતો. સાથીઓ મોઢાં

શહેરમાં પેટ ભરવા ચાલી ગયા હતા. પટેલને જતી ઉમ્મરે બધુંયે એકલે હાથે કરવાપણું હતું. વસુલાતીનો ઉનારો થયો એટલે શું! દુધ, દહિં, ઘી, ઘોડાના ચણા ને એવી તો કેટલીયે વસ્તુઓ ગામમાં દેવું કરી એમને મોકલવી પડી. એ બધુંયે છતાં 'ટાંચ, ચોવીશ કલાકમાં ટાંચ' એ શબ્દનો પ્રતિધ્વનિ એને પળે પળે થતો હતો.

વાણીયાને ત્યાં ગયા. પૈસા માટે કોઇ દિ નહિ ને પટેલે આજ લાંબો હાથ કર્યો. વાણીયો પવન પ્રમાણે ફરનારો માણસ સમો વીચારી ગયો. પૈસા આપું ને સાહેબને ખબર પડે ને એના ઉપર ઝપાટો કરે તો? પટેલને એણે 'ના' પાડી. સાંભળતાંજ પટેલને થયું કે ધરતી મારગ દે તો સમાઇ જાય.

પટેલ ગામનું નાક, આજ ગામનેજ વાણીયે પટેલને ના પાડી! એને નામે પરગામમાં પણ નાણાં ધીરાય. સાંજ પડતાં ફરી વસુલાતી સમક્ષ એને હાજર થવું પડ્યું.

"કેમ પટેલ? શું વિચાર્યું?"

"બાપુ! એક પાઇએ આપવાની મારી પાસે હોય તો પ્રભુ મને પૂછે."

"એ કશું યે નહિ ચાલે. રામશંકર! આવતી કાલે પટેલના ઘરની જપ્તી લેજો ને પોલીસનો જાપ્તો રાખજો. જો કંઈએ નીકળે ને આપવાની 'હા, ના' કરે તો એના ઘર–બાર–ખેતર દરબાર દાખલ કરજો."

છેલ્લું ફરમાન બહાર પડયું કે આખા પટેલની આંખમાંથી દડદડ આંસુની ધાર ચાલી. શ્વાસ ભર્યો એક શબ્દ બહાર પડયો: "બાપુ........."

"જાવ ચાલ્યા જાવ." ફાટતે અવાજે વસુલાતીએ ફરમાવ્યું.

૪

બીજે દિવસે સવારે રામશંકર પટેલને ત્યાં એકલે પંડે ગયો. પટેલને તો પોલીસની રાહ હતી એકલા રામશંકરને ભાળી જરા નિરાંત થઇ. ફળીયામાં ખાટલો નાખ્યો. બન્નેએ જપ્તી ન લાવવા ને પટેલનું નાક રાખવા રામશંકરે વસુલાતીને સમજાવ્યા છે એમ

પટેલના જાણ્યામાં આવ્યું. છેવટે મુદ્દાની વાત પર આવ્યા.

"સારે પટેલ, એય વાત કહું. મને તો એકજ રસ્તો થાય એમ લાગે છે."

"એક શા માટે? બાપ! એ કહોને?"

"બીજું કંઈ નહિ......સમજ્યાને...આ તો હાથગરણા જેવુંજ ગણાય. સમજ્યાને? આ તમારી વાડી છે ને? સાહેબને નામે ચડાવી દો......સમજાયું ને?" મેલાં ચશ્માંમાં આંખ ફરકાવતા ને ભાંગને સુંઘતા વસુલાતીના હથીઆર સમા રામશંકરે સમજુતી આપવા માંડી.

"અરેરે! વાડી તો મારી જીવનદોરી છે. એના એક પાકે મ્હારૂં આખું જીવતર સુધરી જાય. એ આપી દઉં? મ્હારો માંડો દિ બેઠો. કંઇ બીજો ઉપાય?"

"વાહ, રસ્તો બતાવીએ ત્યારે ગળગળા થઈ આનાકાની કરો છો. એ તે કંઈ પરવડે? ઠીક છે. આ તો મ્હારા મનના ઘોડા છે. સાહેબને કાને વાત નાંખીશ. સમજાયું ને? માને તો ઠીક છે. નહિ તો પછી તમારા નસીબ. તમારી વાડી સાહેબ રાખી લે ને આ વરસની મહેસુલ એ એમને પૈસે ભરે. સમજાયું ને? કંઈ નહિ. કાલે તો સાહેબ જશે. તમે નગર આવી આ વાતનો ફડચો પાડી દેજો. આ તો તમારા માટે મને લાગે છે એટલે જરા રસ્તો બતાવું છું." સમજ્યાને. રામશંકરે માર્ગ દેખાડ્યો. પટેલના મ્હો પર આવતા દુઃખની રેખાઓ અંકાઇ.

તમાકુ સુંઘના રામભાઈ ચાલી ગયા.

છ છ મહિનાથી ખાટલે પડેલ પટેલના છોકરા હરશને આ વાત સાભળી· એનુ ચિત્ત બહેકી ગયુ પરિણામે એનો કષ્ટ પામતો દેહ વધારે દુઃખી થયો. ને એ આ દુનિયાપરથી બીજી દુનિયાને માર્ગે પળ્યો.

આંબા પટેલની આંખની કીકી સમાન દિકરો ગયો. જીવનમાં હવે કોણ રહ્યું? છોકરાની મા તો આજથી સાત વર્ષ પહેલાં મૃત્યુ પામી હતી. આંબા પટેલને પીંડ પહોચાડનાર હવે કોઇ રહ્યું નહિ. હળહળતે હૈયે બારમું કરી પટેલે નગરનો મારગ લીધો. હવે એનો વિચાર

તો વાઢી લખી આપવાનોજ હતો. પાછળ વાપરનાર કોણ હતું? નમર જઈ વસુલાતીની ઇચ્છા પ્રમાણે એ વર્ગોઃ મગજની અસ્થિર સ્થિતિમાં એણે રામશંકરે લખેલા અક્ષરો પર સહી કરી આપી. વસુલાતીની આંખમાં વિજયનો મદ ઘેરાયો. મૂછપર હાથ ફેરવ્યો. પટેલ ગયો. ક્યાં? વિશાળ પૃથ્વીના કોઈ ઘાડા જંગલમાં.

૫

કોણે સદાયે જીવનમાં એકધારું સુખ ભોગવ્યું છે? દુનિયા ભલે માને કે સ્વર્ગ ને નર્ક એ મૃત્યુદ્વાર ઓળંગ્યા પછીનાં વિશ્રામ-સ્થાનો છે. પણ ના,-એ બન્નેજ આ પૃથ્વીપર છે.

વૃદ્ધ દિવાન હૃદય બંધ થવાથી અચાનક ગુજરી ગયા. વસુલાતીની ઉમેદ હતી કે રાજ્યમા એ સ્થાન પૂરવા માટે તેની માંગણી કરવામાં આવશે. પાપપ્રારબ્ધ ખરેજ હવે એની ધારણાઓથી ઉંધું ફરતું હતું. ગરીબ'ડગેની હાય ખરેજ હવે પગભર થઇ હતી. મોટી સરકારે કોઇ નવોજ જુવાન અધિકારી પસંદ કરી નગરના દિવાન તરીકે મોકલી દીધોઃ ને રાજાને રમકડા તરીકે એ સરકાર લેખે છે એમ પૂરવાર કર્યું.

નવો દિવાન એટલે ભીનજનું ખોખું. પોતાનુ ધાર્યુંજ કરવાવાળો નીકળ્યો. એક પછી એક એમ ખાતાની તપાસણીઓ શરૂ થઇ· વસુલાતી ખાતાના દફતરો જોવાયા. થોડીક વસુલાતી વિરૂદ્ધની અરજીઓ ઉપર ધ્યાન આપવામા આવ્યુઃ વર્ષોના હિસાબના ગોટાળા હતાઃ બધીયે જુમેદારી વસુલાતીને તથા રામભાઇને શીર ઉતરી. પૂરેપૂરી લાંચ દિવાનને ધરાઇઃ પરિણામ ન ધાર્યું આવ્યું. રામભાઇને સીધી કેદ મળીઃ વસુલાતીને ચાલીસ કલાકમા સરહદ છોડી દેવાની સલાહ મળી.

હજીયે ગોપાળ પૂરેપૂરા સજ્જન તરીકે ઢોંગ રાખી રહ્યો છે. સફેદ પોશાકમા, નાકે ચશ્મા ને હાથમાં લાકડી લઈ હજીયે એ સાંજના સમયે એક કોઇ શહેરના તળાવને કિનારે ફરતો ફરે છે.

કાન્તિ મ. જોશી

The artist of the short story makes the reader's thought spring out of the story and open wide.

Barry Pain

'૮૨નું અક્ષરસર્જન

જગતવ્યવહારમાં સફળતા મેળવવા માણસે પોતાનાં કાર્યોનું વર્ષને અંતે નિરીક્ષણ કરવું એ સર્વમાન્ય વાત છે. આખા વરસની વિવિધ પ્રવૃત્તિઓની સમીક્ષા કરવાથી માણસને પોતાની ઉણપો તથા સબળાનું ભાન થાય છે. અને એ ભાનને આધારે એ નવા વર્ષમાં ઉત્સાહથી કામ કરી શકે છે અને આ ઉદ્દેશથીજ '૮૨નું સર્જનાત્મક સાહિત્ય સમીક્ષવાનો આ પ્રયાસ કરવામાં આવે છે.

કાવ્યસાહિત્ય

કાવ્યસાહિત્ય પ્રથમ હાથમાં લેતાં તે આશાભર્યું લાગે છે. 'કલિકા' 'અંજલી' 'યમલ' 'ખંડકાવ્યો' 'શાપસંભ્રમ' અને 'રામકથા' આ વર્ષને નોંધવા યોગ્ય ફાલ છે. પ્રથમ ત્રણ કૃતિઓ ખાસ ધ્યાન ખેંચે છે; પહેલો ગ્રંથ હાથ બેસી ગયેલા કવિનો છે; બીજો મધ્યકક્ષાના અનુભવીનો છે, અને ત્રીજો કાવ્યસાહિત્યમાં પ્રવેશ કરતા આશાભર્યા યુવકનો છે.' બીજા વિભાગના ત્રણ ગ્રંથો સાધારણ પ્રકારના હોવા છતાંય એમાં એમનું વ્યક્તિત્વ છે. પ્રથમ વિભાગ જેટલાં ઉંચાં તત્વો એમાં આપણને જડશે નહિ છતાં પણ સર્જનાત્મક કૃતિઓ તરીકે એ ઠીક ભાત પાડે છે. 'રામકથા'માં એક મોટે ભાગે નિબંધકાર રામાયણનો પદ્યમાં સાર આપે છે. એટલે આ કાવ્યમાં સ્વતંત્ર વિચાર બહુ ઓછા જડે. પરંતુ સરલતાથી વર્ણનાત્મક કાવ્ય લખવાની રા. રંજીતલાલની શક્તિ છે. અને વર્ણનાત્મક (narrative) કાવ્ય

તરીકે જ એની કિંમત છે. 'ખંડકાવ્યો' એ એક બહેન પ્રસાદી છે. અ. સૌ. દીપકબા દેસાઈની આ કાંઇ પહેલી કૃતિ નથી. એથી આમાં એમનો હાથ બમતો જતો દેખાય છે; અને સ્ત્રી લેખકો ગુજરાતી સાહિત્યમાં વધતી જાય છે એમાં એમણે પોતાનું નામ નોંધાવી દીધું છે. એમના 'સ્તવનમંજરી' કરતા આમા સારો વિકાસ થયેલો જણાય છે. ભાષાડંબર કે કૃત્રિમતા એમનામાં નથી, અને સાદાઇ તરફ એમનું વલણ વધારે છે.

'શાપસંભ્રમ' સ્વ. નર્મદાશંકર ભટ્ટનું છે. આ ગ્રંથને પ્રવર્તમાન યુગ સાથે સંબંધ નથી. પરંતુ આ કૃતિથી સ્વ. ભટ્ટની કવિ તરીકેની શક્તિ સ્પષ્ટ જણાઈ આવે છે. એમનામા વર્ણનશક્તિ પણ છે. સંસ્કૃતનો અભ્યાસ 'પુષ્પબાણવિલાસ'ના ભાષાન્તરમાં જણાય છે; અને બોટાદકરના જેમ સંસ્કૃત સમાસોના ઉપયોગ પરથી પણ એ અનુભવ બાંધી શકાય. અંગ્રેજી સાહિત્યનું જ્ઞાન બાયરનના ભાષાન્તર-સાથી અનુમાનાશે. આમ આ કૃતિમા જૂના યુગના તેમ જ નવા યુગનાં તત્વો જણાય છે.

આપણે હવે પ્રથમ વિભાગના ગ્રંથોને અવલોકીએ. એ ત્રણે ગ્રંથોમાં પોતાનું નવીન તત્વ છે. 'કલિકા' તથા 'યમલ'માં અંગ્રેજી સાહિત્યને આધારે દેહમાં ફેરફાર કરવાના સ્વતંત્ર વિચારો દેખાય; અને 'અંજલી'માં એક તત્વ જૂના જમાના પ્રમાણે ચાલ્યું આવતું દેખાશે. 'કલિકા'મા રા. ખબરદાર નવો જ છંદ યોજી સ્વતંત્રતાથી એકવિધના આવ્યા વિના લખાય એમ સરળતા કરવા માગે છે. એ ગુજરાતી કવિતામાં નવું તત્વ પેસાડી શકતા લાગે છે. એમનો મત એમ છે કે ગુજરાતી ભાષામાં અંગ્રેજી પ્રમાણે પ્રયત્ન છે અને એ પ્રયત્ન પર આધાર રાખી નવો જ છંદ એમણે યોજ્યો છે. મનહર છંદમાં ફેરફાર કરી આ છંદની યોજના પ્રયત્ન તત્વોને આધારે કરવામાં આવી છે.

. 'કલિકા'નો હવે આત્મા તપાસીએ. 'કલિકા' એટલે ૨૬૫ નાનાં કાવ્યોનું બનેલું એક મોટું કાવ્ય. આ કાવ્ય સુષ્પત્વે વસ્તુ વિનાનું કહી શકાય. આવા વિષય પર તો માત્ર નાના કાવ્યો જ

માત્ર અસરકારક નીવડી' શકે. લાંબું કાવ્ય અસરકારક બનાવવું હોય તો એને મજબૂત' કરોડની' જરૂર પડે છે, કારણ એકલી કલ્પનાઓ માત્ર હવામાં જ ઉડી' અદ્ધર વિનાની નીવડે છે.

આ કાવ્યને આમ કરોડ નથી અને તેથી એક સળંગ કાવ્ય તરીકે હાથમા લેનારને અંતે આંખો મીચવી પડે છે. વચમાં વચમાં એકની એક કલ્પનાનો અતિરેક કંટાળો પણ આવે. આથી આ કાવ્યનું મહત્વ એનાં છૂટાં કાવ્યો ઉપર જ આધાર રાખશે. અને પ્રેમના વિષયમાં તો નાનાં કાવ્યો જ ઉત્તમ નીવડે છે. 'કલિકા'માં ઘણાંય નાનાં કાવ્યો ઉત્તમ છે. એ કાવ્યોમાં લેખકની કલ્પના, અલંકાર તે વર્ણશક્તિ: દરેક છે. આ ગ્રંથ આમ પ્રેમકાવ્યોમા સારો વધારો કરે છે.

રા. ચંદ્રવદનની 'યમલ' એ પહેલી જ કૃતિ છે એટલે એમાં ઉઘડતા પુષ્પની અપૂર્ણતાઓ જણાશે, પરંતુ એ અપૂર્ણતાઓમાં પણ સૌન્દર્ય વિલસે છે. લેખકમાં કવિત્વ શક્તિ છે અને ભાવ તથા પ્રસંગને પણ એ બરાબર વર્ણવી શકે છે.

પરંતુ પહેલેથી એક સૂચના આપવી ઉચિત લાગે છે. 'જોડીઆ ભાઈબેનની અર્ધી આછી કથા' જેવો વિષય લઇ માત્ર સોનેટ ખાતર એક ઉત્તમ કાવ્ય લેખકે ખોયુ છે. અને લેખક ઉર્મિથી કે વિષયની ઉત્તમતાને લીધે કાવ્ય બનાવવાને બદલે રૂપમા જ લીન બની, એ માટે વિષયનો ઉપયોગ કરે છે: અને તેથી કાવ્ય રૂપપ્રધાન બને છે. એ પોતાની કવિત્વશક્તિને જંજીર પહેરાવે છે. "અંગ્રેજી સોનેટ બધના મોહમાં, એ સુંદર કાવ્ય, કલામય રચના કંઇક અંશે ગુજરાતી કવિતામાંયે ઉતારૂં એવી લાગણીથી પ્રેરાઇને આ ઇતિહાસ જેવો આવે તેવો સોનેટમાળામાં ઉતારવા મથ્યો છું." (પાનું ૮) આ ઉપરથી લેખકનો મુખ્ય ઉદ્દેશ સોનેટ ઉતારવાનો છે અને એક રૂપબંધો ખાતર એક ઉત્તમ કાવ્ય લેખકે જતુ કર્યું છે.

રૂપમા નવીન વિચારો મૂકના બે કાવ્યો છોડી આપણે હવે ગેયતત્વને પ્રાધાન્ય અર્પતા 'અંજલી'ને જોઇએ. જ્યા ગેયતત્વ હોય અને સાથે કવિના પણ ઉત્તમ ગુણો વાળા હોય ત્યાં અસર આહ્લાદ ઉત્પન્ન થઈ શકે: આવુ મુખ્યત્વે નાના જ કાવ્યમા બને છે. અને

એ પ્રકારના દાખલા રા. નાનાલાલ કવિમાંથી આપણને મળી આવે છે. ‘ અંજલી ’માં પણ એ રસ્તે ધપતાં કાવ્યો નજરે ચઢે છે. કે. હ. શેઠ શુદ્ધ ગુજરાતી કવિતા આમાં આપણને આપે છે. સ્ત્રીઓના સાહિત્ય માટે રા. નાનાલાલ તથા બોટાદકર પછી રા. કે. હ. શેઠ તુરત જ આવી શકે છે. ગેયતત્વ ને ભાવનાઓ માટે રા. કવિની એમના પર ખાસ અસર છે. અને વિષય બાબતમાં ગાંધીયુગની છાયા પણ આવી જાય છે. આમ બેનું મિશ્રણ એમનાં કાવ્યોમા આપણને જણાશે. કોઈક કોઈક કાવ્યમા ગેયતત્વ નીચે વિચાર દબાઈ જતા લાગશે પરંતુ ઘણાં નાના ઉર્મિપ્રધાન કાવ્યો હોવાથી અસર સારી ઉત્પન્ન થાય છે. આ અનુભવીનો પ્રયાસ આવકાર પાત્ર છે.

લોકસાહિત્ય

બે ચાર વર્ષથી શરૂ થયેલી લોકસાહિત્યની પ્રવૃત્તિ આ વર્ષે પણ ચાલુ જ રહી છે. પરંતુ આરંભ થયાપછી ઉત્સાહને લીધે મધ્ય ગાળો તેજસ્વી જાય ને અસ્ત શરૂ થાય એમ આમા પણ થયું લાગે છે. આ વર્ષમાં બહાર પડતુ લોકસાહિત્ય તળીએથી ઘસાઈને આવે છે. રસધાર ભાગ ૪ મા મોટીથી તે ઠેઠ નાની વાર્તા પુરેપુરી આપી દેવામા આવી છે. અને રઢીયાળીરાત ભાગ ૨ મા પણ એજ સ્થિતિ આવી પહોંચી છે. રા. મેઘાણી એમની પ્રવૃત્તિ આટલેથી બંધ ન કરે એમ દરેક ઈચ્છશે જ. રા. મેઘાણીની દિશામા કામ કરના રા. રાયચુરાએ પણ આ વર્ષમાં લોકસાહિત્ય બહાર પાડયુ છે. ‘ કાઠીયાવાડની લોક વાર્તાઓ ’ એમની સેવાનું પરિણામ છે.

રાષ્ટ્રીય પ્રવૃત્તિઓએ આપણામા અંગ્રેજોના આગમન પહેલાંની આપણી ઉચ્ચ સંસ્કૃતિ જાણવાની જીજ્ઞાસા પેદા કરી. એ જમાના જાણવા લોકસાહિત્ય સંગ્રહાવા માડ્યું. આ લોકસાહિત્યમા આપણે મુખ્યત્વે લોકોના વિચાર વર્તન અને વાતાવરણ જોઈએ છીએ.

આ પહેલાં પ્રચલિત વાર્તાઓ માત્ર વાંચવાના શોખને પુરો પાડવા એકત્ર કરવામાં આવતી. ગત સંસ્કૃતિમાથી પ્રેરણાઓ લેવાનું તત્વ એ વખતે સમજાયુ નહોતું. ઠેઠ ૧૮૭૫મા ‘ ગુજરાત અને કાઠીયાવાડ દેશની વાર્તાઓ ’ ફરામજી બમનજીએ પ્રસિદ્ધ કરેલી.

'ગુજરાતની જુની વાર્તાઓ, એ જ ઉદ્દેશે પ્રસિદ્ધ થયેલી. પરંતુ ત્યારપછી 'કચ્છની જુની વાર્તાઓ' તેમ જ ૧૯૨૨માં 'કાઠીયાવાડની જુની વાર્તાઓ' પ્રસિદ્ધિમાં આવી. છેલ્લા પુસ્તકમાં નવા જમાનાની આગાહી, શૈલી તેમ જ લેખનપદ્ધતિમાં જોવામાં આવે છે. અને લોકસાહિત્ય તરીકે એમાં ભાર મૂકવામાં આવે છે.

પછી તો એ દિશામાં વિજયધ્વજ ફરકાવનાર 'રસધાર' આવે છે: અને 'રસધાર'નું આકર્ષણ વિષય ને શૈલી બે છે. રા. મેઘાણીની વાર્તા લખવાની ને રસ જમાવવાની શૈલીથી વાર્તાની અદ્ભૂતતામાં વધારો થાય છે અને એને કાઠીયાવાડી જુના જમાનાનું વાતાવરણ બરાબર મળે છે આ શૈલી વિના રસધારના પહેલા ભાગો પાછલા કરતા રસમાં ઉતરે છે.

આટલી ઉત્તમ શૈલી 'લોકવાર્તાઓ'ની નથી. પરંતુ પ્રસંગોનું, આધુનિક જમાનાની અસર નીચે, આલેખન કરી આપણુને રસ આપવા પ્રયત્ન કરવામાં આવ્યો છે અને એમાં પણ રા. રાયચુરાનું વ્યક્તિત્વ વાર્તાઓમાં આકર્ષણ લાવે છે.

'રસધાર'મા એક ધ્યાન ખેંચતી બાબત છે. કેટલીક વાર્તાઓમાં એક જ પ્રસંગો ફરી ફરી આવતા જણાય છે; અને આ એકવિધતાને લીધે વાંચતાં કેટલીક વખત કંટાળો આવે છે. એક જ વાત જુદા જુદા જીલ્લામાં જુદા જુદા રૂપે પ્રચલિત હોય તો એમાંથી સરસ જ વાર્તાઓ લેવી જોઈએ. બીજું દરેક વાત મુખ્યત્વે પ્રેમશૌર્ય ઉપર ઘડાઇ હોવાથી 'રસધાર'માં વિષયની વિવિધતાની ખામી છે.

આટલા દોષ જોયા પછી 'રસધાર' અમૂલ્ય છે એમ કહ્યા વિના ચાલે જ નહિ. આના જેવો પ્રયાસ હજુ ગુજરાતી સાહિત્યમાં બીજે થયો નથી અને રા. મેઘાણીનું કાર્ય અદ્વિતીય છે. એ વાર્તાઓમાં જુનો જમાનો નજર સમક્ષ તરવરે છે. આપણી કલ્પનાઓ અને ભાવનાઓ ઉંચી ઉડે છે. એ વીર સ્ત્રીપુરુષોના જગતમાં આપણે આદર્શ શોધવા વિહરતા હોઇએ એમ લાગે છે.

'રસધાર' પછી હાથમા શૈલી ને કલાનાં લક્ષણોને લીધે 'લોકવાર્તાઓ' લેવી ગમે. પરંતુ એ જ દિશામાં જુદી રીતે પ્રયાસ

કરતા શ્રી. અડાલજાની 'વીરની વાતો' (ભા. ૨) તો વાંચનનાં કંટાળો આવે છે. આને આપણે આ વિભાગમાં લીધી એનું કારણ એમાં ઇતિહાસ તે દંતકથાને આધારે લખાયલી કાઠીયાવાડની વાતો છે એટલું જ. ઘણ ઉપરાંતનું લંબાણને શુષ્ક ઇતિહાસ એનાં લક્ષણ. વિષય સરસ ત્યારે લખાવટ શુષ્ક. આ વિષયમાંથી ઉત્તમ અને અદ્ભૂત કથાઓ પેદા થઈ શકે અનવા આદર્શો અર્પી શકાય. પરંતુ શ્રી. અડાલજાની રગશીયા શૈલી રસ ઉત્પન્ન કરી શકતી નથી. અને આ વાર્તાઓ પ્રચલિત લોકવાર્તાઓનો સંગ્રહ નથી, કારણ ઇતિહાસ અને દંતકથાને આધારે લેખકે ઉપજાવી કાઢી છે. આટલો 'રસધાર' અને એમાં ફેર ધ્યાનમાં રાખવો જોઇએ.

રણજીતરામે આરંભેલા લોકગીતના સંગ્રહનું પરિપક્વ પરિણામ 'દીવાળી રાત'માં છે. ગતયુગની સંસ્કૃતિ દર્શાવનાં ને લોકહૃદયો રજુ કરતાં આ લોકગીતો વાચવા યોગ્ય છે.

નાટક અને નવલ

આ બે માટે એક જ વિભાગ રાખવો પડે છે એ એમની પડતી દર્શાવે છે. ચડતી પડતીનું ચક્ર ફર્યા કરે છે એ પ્રમાણે આ વર્ષ નાટકનવલની પડતી જુએ છે. ક્યા ગયા વર્ષની આ વિભાગની ઉત્તમ કૃતિઓ અને ક્યા નાટકને નામે આ વર્ષે મીંડું અને નવલમા ત્રીજી કોટીની ત્રણચાર નવલો' અધમ વૃત્તિને પોષતા કાંઇક નાટક ને નવલ પ્રસિદ્ધ થયાં હોય તેના નામનિર્દેશ આપ્યે શો ફાયદો?

નવલિકા

કાવ્યમાહિત્ય ને લોકસાહિત્યની માફક આ દિશામાં '૮૨ નું વર્ષ સરસ પ્રગતિ કરે છે: અને એ માટે ધન્યવાદ 'તણખા'ને છે. સાહિત્યની પ્રથમ પંક્તિની જૂજ કૃતિઓમાની એ એક છે અને નવલિકાસાહિત્યમાં તેમજ સર્જનાત્મક સાહિત્યમાં એ અવનવીન ભાત પાડે છે. આ કલાન્વિત કૃતિ સાથે બીજી અધકચરી કૃતિઓ પણ આમજ ધપવા ડાંફાંયાં કરે છે અને તે 'કુમારનાં સ્ત્રીરત્નો' અને 'ઓલીયા જોશીનો અખાડો'. આ કૃતિઓને 'તણખા' સાથે કલાસંબંધ તદન નજીવો છે; કારણ 'સ્ત્રીરત્નો' એ મોટે ભાગે કુમારના

વાર્તામાં વિચારોજ દર્શાવે છે, અને 'અખાડો' તો એ બંને કરતાં જુદુંજ રૂપ છે: કારણ એમાં મુખ્ય ઉદ્દેશ વાર્તા નથી હાસ્ય દ્વારા સુધારો દર્શાવવો યા ફક્ત આનંદ આપવો એ એનો ઉદ્દેશ છે.

'કુમારનાં સ્ત્રીરત્નો'માં છ વાર્તા દ્વારા વર્તમાન હિન્દુસમાજમાં સ્ત્રીઓની શી સ્થિતિ છે; તથા એમાં શા ફેરફાર થવા ઉચિત છે; તે કુમારે રચેલી સ્વપ્નસૃષ્ટિ પ્રમાણે જણાવવામાં આવ્યા છે. આવું પુસ્તક પહેલાં પુસ્તક લખાયેલું છે તેથી આ છૂટીછૂટી છે અને વાર્તાએ મા આવતા પાત્રો ઉપરાંત એ કુમારનું પાત્ર પણ વાર્તાએ વાર્તાએ નવુંજ રૂપ લે છે. આ કુમાર વકીલ તે રા. ઇન્દુલાલ હો કે ગમે તે પણ એને સ્ત્રીઓ- કુમારીકાઓથી તે પ્રૌઢાઓ સુધીનો કુસુમકુમારીઓથી તે 'શાન્તિસુંદરી'નો અનુભવ લીધા પછી-પ્રત્યે માન ઉત્પન્ન થાય છે. સ્ત્રીઓનાં દુઃખ એમના આદર્શો એ કચરાઈ જતા 'કુસુમ' મા જણાય છે: અવિભક્તિ કુટુમ્બમા 'મધુરી'ને એ સહન કરતી દેખાડે છે-અને સ્ત્રીરત્નોનું નાક એ મધુરીજ છે. મધુરીનું બલિદાન હૃદયદ્રાવક છે અને એના પ્રસંગો વાંચતાં ગુણસુંદરી યાદ આવે છે. 'મધુરીનું બલિદાન'માં કરૂણરસ જમાવવાની ખુબી પણ કુમારે કરી છે; અને કંઇક કલા સાથે ચિતાર ને વિચાર લાવતી તો એ એ પ્રથમ કૃતિઓજ છે. પછીની કૃતિઓમાં વિચાર પ્રાધાન્ય લે છે. આમ પાછલી વાર્તાઓ માત્ર એકલા નિબંધ વાંચતાં કંટાળો ન આવે એ માટે સુગરકોટેડ નિબંધો બને છે અને નવલિકા તરીકેના લક્ષણુ સમૂળગા છેવટે ઉડી જાય છે. પણ આ માટે લેખકને દોષ દેવો ઉચિત નથી. કારણ નવલિકા તરીકે ઉચ્ચ પદ અપાવવા એમનો પ્રયાસ પણ નથી.

આમ ગંભીર નવીન વિચારો ચર્ચ્યા પછી જરા એ ગાંભીર્ય છોડીએ. 'અખાડો' શબ્દદ્વારા ને પ્રસંગોદ્વારા કુપ્રથાઓને હસનીય રીતે ચીતરી આનંદ આપે છે. 'સામાજીક' વિભાગમાં વાર્તાઓ ગંભીરતાથી જે પરિણામ લાવવા પ્રયત્ન કરે તે હાસ્યદ્વારા કરી શકાય છે. અને મશ્કરીથી ટોણો ખરાબ મારી શકાય છે તેમ ઉપર કટાક્ષોને દાબવા હાસ્યનો ઉપયોગ કરવાથી સુધારો સરસ થઈ શકે છે. આસ્થિપલખાણોમાં હાસ્યનો ઉપયોગ બહુ જ ફલદાયક છે. અને રા.

ઓળીયા જેવીની હાસ્યપૂર્ણ વાર્તાઓમાં આ ઉદ્દેશ જ્યાં છે તે ત્યાં ઠીક અસર ઉત્પન્ન થાય છે. કારણુ એ બરાબર પ્રયાસો પર ટીકા સચોટ શબ્દોમાં કરી શકે છે.

આ વાર્તાઓમાં આપ મુખ્ય હાસ્ય પ્રવર્તનું હોવાથી એમા પાત્રાલેખન કે વસ્તુસંકલના લેખકો છોડી દે છે. જો આનો પણ બરાબર ઉપયોગ કરવામાં આવે અને હસતીય પ્રસંગોના વર્ણન કરતાં મનુષ્યસ્વભાવનાં લક્ષણો જોઈ હાસ્ય ઉત્પન્ન કરવામાં આવે તો એની અસર સાર્વજનિક અને ચીરકાલીન થવા સંભવ છે. નર્મ કરતા મર્મ સાર્વજનિક અને ચીરકાલીન છે આથી જ આપણે શેક્સપીઅરની 'કૉમેડીઝ'માંનો કેટલોક નર્મ માણી શકતા નથી, જ્યારે 'હેમ્લેટ'નો મર્મ સર્વ ગમ્ય છે.

'૯૨ નું વર્ષ નવલિકાનું એક ઉત્તમ પુસ્તક આપણને આપે છે.' 'તણખા'થી નવલિકા સાહિત્યમાં નવી જ પ્રવૃત્તિ હાથ ધરાય છે. રશીઅન અને ફ્રેન્ચ સાહિત્યની Naturalism—Realismના આંદોલનને મળતી પ્રવૃત્તિ ગુજરાતી સાહિત્યમાં અત્યારે પ્રસરી રહી છે તેનુ આમા પ્રતિબિંબ પડે છે અને શ્રી. ધૂમકેતુ ઉપર એ લેખિનીની અસર થઇ હોય એવો સંભવ છે. પાશ્ચાત્ય સાહિત્યની અને ખાસ આંગ્લસાહિત્યમાં જોવામાં આવતી હેતુકૃતિઓ તરફ પણ શ્રી ધૂમકેતુ વળ્યા છે. અને આમ પ્રવર્તમાન સાહિત્યના મુખ્ય આંદોલનો આપણને આ પુસ્તકમાંથી બરાબર મળે છે.

નવલિકા સાહિત્યમાં આનું સ્થાન બરાબર સમજવા એનો વિકાસ જરા જોઇએ. કલાદષ્ટિએ નવલિકા જોઇએ તો વીસમી સદીનું એ ફળ છે અને એમા પણ પાશ્ચાત્ય અસર ભાગ ભજવે છે. એ ઉપરથી અમે એમ નથી કહેવા માગતા કે આપણા સાહિત્યમાં વાર્તાઓ જ નહોતી. સંસ્કૃતમાં 'બૃહત્કથા' 'કથા સરિત્ સાગર' 'પંચતંત્ર' ની વાર્તાઓ તથા ગુજરાતીમાં લોકવાર્તાઓમાં આપણું વાર્તાસાહિત્ય જળવાશે. પરતુ આથી પશ્ચિમની અસરનો ઈન્કાર ન કરાય.

દરેક દેશમા કોઈ કોઇ અસરથી સાહિત્ય ખીલે છે. આંગ્લ-

નવલિકા પણ ગુજરાતી નવલિકા જેવો જ વિકાસ દર્શાવે છે. એ ૧૯ મી સદીમાં આરંભે છે અને વિકસે છે. પરંતુ ત્યાર પહેલાંય સીધા સ્વરૂપે એ જૂના જમાનાથી જોઈ શકાય. ઠેઠ બાઈબલની વાર્તાઓમાં આંગ્લ નવલિકાનાં મૂળ જોઇશું. Prodigal Son વાર્તા, એમા રહેલી સાદાઈ, વાર્તાલાપ પરથી જૂનું વાર્તા સાહિત્ય સૂચવે છે.[1] અને શ્રી વૉર્ડના શબ્દો ખાસ એ તરફ પ્રકાશ પાડે છે. " While however the short story as a literature of immemorial antiquity, that particular type of it with which we have here to deal, namely the short story told in prose and in the English language is of quite recent growth."[2] આજ શબ્દો ગુજરાતી નવલિકા સાહિત્યને બરાબર લાગુ પડે છે. કારણ શામળની કવિતામા વાર્તાઓ જોવામાં આવશે. પરંતુ એલીઝબેથ યુગમાં વાર્તાસાહિત્યની પ્રગતિ જોવામાં આવતી હતી એવી ગુજરાતી સાહિત્યમા નથી. ગદ્ય સાહિત્યનો જ્યારે પુર્ણ વિકાસ થાય છે ત્યારે જ આ નવલિકાઓ આગળ ધપે છે.

આપણી નવલિકાઓ ૨૦ મી સદીમાં માસિકસાહિત્યની પ્રગતિ સાથે આગળ ધપે છે. 'વસંત' કે 'બુદ્ધિપ્રકાશ' આ સદીના આરંભે હતા છતાં પણ એનાથી આ દિશામાં કામ થયું નથી. ત્યાર પછી ૧૯૧૨ પછી 'સાહિત્ય' તથા 'સત્ય'માં કંઇક કંઇક વાર્તાઓ શરૂ થતી ગણી આપણે એનું પરિપક્વ સ્વરૂપ 'વીસમી સદી' માં ૧૯૧૬ થી ગણીએ: અને એ માસિક-સાહિત્યમાથી જ આધુનિક નવલિકા પેદા થઇ છે. સ્વ. મલયાનિલ, રા. નારદ એ આ કલામાં આરંભના લેખકો છે. પરંતુ વાર્તામા હાસ્યરસ આલેખતા રા. જાગીરદાર, રા. ઓલીયા જોષી, રા. મસ્તફકીર પણ કંઇક કંઇક વાર્તાસાહિત્યની સેવા કરી તે માસિક-

૧ Alfred C. Ward.

૨ Introduction " The Short Story in English"

સાહિત્યને લીધે જ ગણી શકાય. રા. ધનસુખલાલની વાર્તાઓ પણ એ જ દિશામાં કામ કરે છે.

૧૯૧૬ પછી તો વાર્તા સાહિત્ય નવા અભ્યાસો ને નવા તત્ત્વોની અસરથી ખીલવા પ્રયત્ન કરવા લાગ્યું. રા. મુનશી, રા. ઉમરવાડીઆ, રા. ધનસુખલાલ, રા. બળવંતરાય વિગેરે આગળ ધપના તત્ત્વો સુચવે છે. આ નવલિકામાં હાસ્ય તથા વાર્તાના કલા તરફ જવાના પ્રયાસો જોવામાં આવે છે. 'દર્શનિયા' મા તો મુખ્યત્વે ભાષાન્તરો છે અને આરંભના પ્રમાણે ઉપદેશ આપવાની રીત પણ છે. બીજી નવલિકા-ઓમા પણ ઉપર ઉપરના વિષયો ચર્ચતી ફક્ત વિનોદ માટેની વાતો છે.

આ નવલિકાનું સાહિત્ય ૧૯૨૧ પછી બહુ જ ખીલ્યુ છે. નવલિકા આ જમાનાનું ખાસ અંગ છે કારણ આ જમાનો ત્વરાનો છે અને માણસ ટુંક વખતમા અસર કરે એવું સાહિત્ય માગે છે. લેખકો પણ એ દિશા તરફ પ્રયાણ કરે છે. આજ પ્રમાણે અંગ્રેજી સાહિત્યમા નવલિકાનો વિકાસ થાય છે. આંગ્લ સાહિત્યમા નવલિકા ૧૯મી સદીમા પેદા થઈ અને એનો આરંભ અમેરીકામાથી થાય છે. વોશીંગટન ઇરવીંગથી અંગ્રેજી નવલિકાની શરૂઆત માને છે. એની Sketch Book' (૧૮૧૯)મા અધકચરે સ્વરૂપે નવલિકાઓ સાહિત્યના જગ-તને આપ્યું છે અને 'Rip Van Winklo'થી એ દિશા બરાબર ખુલ્લી મુકાય છે. ત્યાર પછી હોથોર્ન 'Tanglewood Tales'મા આ અધકચરા સ્વરૂપને નવા તત્ત્વોથી પૂર્ણ બનાવવા પ્રયત્નો કરે છે; અને મોટે અંશે આધુનિક સ્વરૂપમાં મળી જાય છે. પછી અમેરીકામાં આ કલા બ્રેટહાર્ટ ઓ. હેન્રી વિગેરે ખીલવે છે.

પરંતુ સાહિત્યના દરેક અંગ પર અસર થાય એમ એનાપર ડૉડેટ અને મોપાસાની અસર થઈ છે. પરંતુ જાણવા જેવી વાત એ છે કે ફ્રાન્સમાં પો અને હોથોર્નની માફક મેરીમી અને બાલ્ઝેક rom-antic વાતાવરણની જ નવલિકાઓ રચતા. પરંતુ ત્યાર પછી ફ્રાન્સમા ઝોલાની અસરથી Naturalism ની શાળા ઉભી થઈ અને મોપાંસા વિગેરે એ તરફ વળ્યા.

આમ ફ્રાન્સ અને અમેરીકામાં નવલિકાનો વિકાસ ચાલુ હતો ત્યારે ઇંગ્લેન્ડમાં R. L. Stevenson થી કલાન્વિત કૃતિઓ નવલિકાઓ બહાર પડવા માંડી. "At any rate Mastered the art of the short story." આમ ઇંગ્લેન્ડમા સ્ટીવનસને નવલિકાને ખરૂં સ્વરૂપ આપ્યું.

આમ અંગ્રેજી અને ગુજરાતી સાહિત્યમાં નવલિકાની ઉત્પત્તિનાં તેમ જ વિકાસના કારણો સર્વથા જણાશે. પરંતુ આપણી નવલિકાઓને હજુ કોઇ સમર્થ વ્યક્તિએ હાથ ધરી નહોતી તેથી માત્ર વિનોદ પુરતી જ ઉપયોગમા લેવાતી. આરંભની નવલિકાઓમાં નવલિકાનાં તત્વો ઉપર પણ ખાસ ધ્યાન આપવામાં નહોતુ આવતુ એટલે એની અસર પણ ન થાવ. આપણા લેખકો નવલિકાને નવલનું તાજું રૂપ સમજી એમા જેટલું ભરાય એટલું ભરે છે, એમા કાંતો આડકતરા પ્રસંગો ઉમેરશે કે પાત્રો વધારશે અને એમ અસર ઉત્પન્ન નહિ કરી શકે.

નવલિકા માટે આ નિયમ ખાસ સર્વમાન્ય છે: "A short story must contain one and only one informing idea, and that this idea must be worked out to its logical conclusion with abolnte singleness of aim and directness of method"× આ નિયમપરથી નવલિકાના દરેક નિયમો સમજાશે. નવલિકા ટુંકી હોવી જોઈએ એટલે બેઠક વંચાવી જોઇએ. 'Easily read at a single sitting.' એમા ઐક્ય જાળવાવવું જોઇએ. એમાં જરાપણ નકામું કહેવું ન જોઈએ, અને લાંબી લપછપ વિના એની શૈલી પોતાના ધ્યેય તરફ સોંસરી ચાલી જાય. "In the whole composition there should be no word written of which the tendency direct or indirect is not to the one preestablished design." આમ હોથોર્નની વાર્તા પર ટીકા કરતા પો 'ગ્રેહામ મેગેઝીન'મા ૧૮૯૨ મા લખે છે. આજ મુખ્ય નિયમ ધૂમકેતુ 'તણખા' માં બરાબર પાળે છે અને તેથી જ

× Hudson 'Intro to Lit'. 454.

'તણખા' ની અસર મગજ પર ખસે નહિ એવી પડે છે. અસર ઉત્પન્ન કરવા માટે એમાં આડકતરા પ્રસંગો કે છૂટા પાત્રો ન જોઈએ: અને એ બાબતમાં એને ગ્રીક નાટક સાથે સરખાવી શકાય. કેટલાક નવલિકાને ઉર્મિ કાવ્ય સાથે સરખાવે છે અને ડાઉન્સ કહે છે: "A short story may be regarded a prose lyric in which emotional experience is made dramatic in concrete narrative" આમ ધ્યેય તરફ વળતું વસ્તુ સચોટ અસર કરે છે એમ સૌ માને છે.

અને આ કલાતત્ત્વ રા. ધૂમકેતુએ 'તણખા' માં બરાબર જાળવ્યું છે એમ કહ્યા વિના રહેવાતુ નથી. એક વિષયપ્રસંગ વા પાત્રાલેખન વા વાતાવરણ લાંબી વા આડીઅવળી વાત વિના અક્ષરે અક્ષર અર્થપૂર્ણ લખી આપી દેવામાં આવે છે. મોટે ભાગે ગુજરાતી નવલિકાઓ આ તત્ત્વ ધ્યાનમાં રાખતી નથી એટલે નિષ્ફળ જાય છે.

આ કલાતત્વ ઉપરાત વિષયપસંદગી તથા વિચારમાં રા. ધૂમકેતુ તેવો જ ચીલો પાડે છે અને એમા એમને ગાંધીયુગની પૂર્ણ છાયા છે. શૈલીમાં એ મુનશી શાખાના છે અને આત્મા એ ગાંધીશાળાનો ધારે છે. 'તણખા' પહેલાની નવલિકાઓમાં મુખ્યત્વે એક જ પ્રકારના વિષયો ચર્ચાતા. નવપરણિત દંપતી—તેમાં વળી નાયક ગ્રેજ્યુએટ હોય અને શિક્ષીત કન્યાના પ્રેમમા હોય અને સ્થિતિને લીધે અંતકાલ આવે એટલે છેવટે પરણે. શહેરમા જ આનું સ્થળ હોય. વાર્તાનો અંત સાદો જ હોય. આ પ્રકારની વાતોમાથી છેવટે પ્રેમઘેલાપ્રેમલીની વાતો આવી અને રસકસ વગરનું ખાતુ ચાલતુ હતું. વિનોદ અને ઉપરછલા પ્રસંગો ચીતરવા એજ એમનું ધ્યેય. બીજું એમા આડીઅવળી ઉપદેશની કે બીજી ટીકારૂપ વાતો પણ ચાલે. આમ એકતરફી વાતાવરણ નવલિકામા હતું ત્યાં સર્વ ક્ષેત્ર અને સર્વ પ્રકારનાં મનુષ્યોને પોતાના માનનાર, ગરીબમાં પણ મનુષ્યત્વ જોનાર રા. ધૂમકેતુ આવ્યા. એમણે નવલિકાના વિષયમા વિવિધતા આણી તથા સ્વાતંત્ર્ય દર્શાવ્યું. ગ્રેજ્યુએટને બદલે એમના નાયક 'અલી ડોસો' 'ભીસ્તી' 'મોચી' બીખુ ભિખારી'

'ભૈયાદાદા' જેવાં ઉતરતી કોટીનાં પાત્રો છે. આનું કારણ ગાંધીજીની જનસમાજને માટે ચર્ચતી પ્રવૃત્તિ પછી મનુષ્યને મનુષ્ય તરીકે એના હૃદયથી જોવાની એમનામા શક્તિ આવી છે. એ ગરીબહૃદય કે તવંગર-હૃદય આધુનિક કે પ્રાચીન દરેક આલેખી શકે છે.

આવો વિષય ને ફેરફાર અંગ્રેજી સાહિત્યમાં આપણે રોમેન્ટીક મુવમેન્ટમાં રુસ્સોના 'Natural Man'ની પ્રવૃત્તિ પછી જોઇએ છીએ. ગાંધીજીની પ્રવૃત્તિ પછી ધૂમકેતુની નવલિકાઓમાં પણ ભેદ વિના એ હૃદયને માન અપાતું દેખાય છે. ૧૮ મી સદીમાં ડ્રાયડન અને પોપ 'classical' યુગના અધિષ્ટાતાઓ શહેરીજીવનને જ પ્રાધાન્ય આપતા. એમની કૃતિઓમાં ઉચ્ચ સ્થિતિને જ માન: કુદરત પણ એ પુસ્તકોમા વાચેલી તે આલેખતા અને આમ કૃત્રિમના હદ ઉપરાતની આવેલી. આ સ્થિતિ વર્ડ્ઝવર્થે 'Lyrical Ballards' મા કાઢી એણે કાવ્યના નાયકો રાજામહારાજાઓ વા ઉચ્ચ પુરુષો કરતાં કોઇ 'Lucy Gray' કે 'Solitary Reaper' ને જ બનાવવા માડ્યા અને એમ મનુષ્યહૃદય તરફ એ વળ્યો. ગરીબ થયો એટલે એને હૃદય ન હોય એમાનવું જ ભૂલ ભરેલું છે. અને આ વર્ડ્ઝવર્થની રીત બરાબર 'તણખા'મા અમલમા મૂકાયલી જોવામાં આવશે.

બીજુ વાર્તાને ધૂમકેતુ વધારે અસરકારક બનાવવા કરુણાન્ત જ બનાવે છે. માત્ર 'મહભર નૈના'જ સુખી અંત વાળી ખાસ કહી શકાય અને એમા પણ એ નવું જ પગલું ભરે છે. પછી કેટલીક નવલિકાઓ-મા એ અત ખેંચીનાખીને પણ આણેલો તે અતિરેકવાળો પણ જણાશે; પરંતુ આ ખાસ આ નવલિકાઓનું લક્ષણ છે.

નવલિકાઓમા મુખ્ય ત્રણ વસ્તુ હોય છે: ૧ પાત્ર, ૨ વસ્તુ અને ૩ વાતાવરણ. અને આ ત્રણેમા જેને પ્રાધાન્ય તેવી નવલિકા બને[1]. પાત્ર મુખ્ય લઈ એને સમજાવવા પ્રસંગો આપો તો પાત્ર-પ્રાધાન્ય નવલિકા બને: વસ્તુ લઇ એનો જ અંત પાત્રોદ્વારા દર્શાવો તો વસ્તુનવલિકા: અને વાતાવરણ લઇ એમાં પાત્ર પ્રસંગ યોજને તો એ વાતાવરણનવલિકા: અને આ ત્રણે પ્રકારની નવલિકા 'તણખા'

1 Grahm Balfour 'Life of Stevenson.'

માં આપણને મળશે. ‘ આત્માના આંસુ ’ ‘ સોનેરી પંખી ’ ‘ કલ્પનાની મૂર્તિઓ ’ એ દરેક વાતાવરણ કલ્પી, એમાં પાત્ર પ્રસંગો યોજી એને તાદૃશ કરવા મથે છે. આવી નવલિકાઓમાં વાતાવરણ કલ્પી એવી અસર ઉત્પન્ન કરી શકાય છે. પાત્રનવલિકાઓ, ‘ ભૈયાદાદા ’ ‘ પોષ્ટઓફીસ ’ ‘ મદભર નેના ’ વિગેરે છે અને ‘ તારણહાર ’ તથા કેટલેક અંશે ‘ એક ભૂલ ’માં વસ્તુનવલિકા આપણને મળે છે. નવલિકાના આ ત્રણ વિભાગ ખાસ પાડવા પ્રયત્ન કરવામાં આવતો નથી. ‘ એક ભૂલ ’મા વસ્તુ જેવું છે, એનું કારણ એમાં અંત વસ્તુભાવ છે પ્યારેમોહન અને બંસી છેવટે જૂદા પડે છે એનું કારણ પ્રસંગ છે; નોકર ભૂલ કરે છે.

“ પરણેલા લાગે છે.”

“કેમ નહિ ! નાનો છોકરો નેડ્યાં છે ને ?” અને બંસી હતાશ થાય છે. છેવટે “ અને પડોશીનો છોકરો હતો હુતો એકલો જ હું ” એવી વાર્તાનું ખરું સ્વરૂપ જણાય છે

આપણે ઉપર જોયુ કે નવલિકામા સાંધી સોસરી વાત જવી જોઇએ અને ઐક્ય હોવું જોઇએ અને ધૂમકેતુના દરેક પાત્રો પણ એવાજ એકતાન છે. દરેક પાત્ર એકતાન બની મોટે ભાગે મૃત્યુ પામે છે. અલીડોસો પોસ્ટમા કાગળની રાહ જોઇ પુત્રીપ્રેમમા લીન બને છે: ભૈયાદાદા એમના સ્થલ પ્રત્યે ઐક્ય સાધે છે: બીરસી એના પાડા જોડે: વિધુશેખર કલ્પનાની જલસુંદરીમા લીન બને છે· મોચી સ્થલનો પ્રેમી છે: મશહૂર ગવૈયો એની કલામા લીન છે· અને દોલત પોતાની માતાના પ્રેમમા લીન બને છે. આમ કોઈ કલ્પિત કે આદર્શ કે સ્થૂલ પૃથ્વીપરની વસ્તુ સામે પાત્રો ઐક્ય સાધી લીન થાય છે : અને લીનતા તૂટે છે વા એ કલ્પિત આદર્શ અનુભવ કરવા જતા દરેક પાત્ર મૃત્યુ પામે છે. ‘ તાણખા ’નું પાનુએ પાનુએ ફરી વળો અને આજ લક્ષણ જણાશે. એક વાક્યજી મોચીને પોતે જગ્યા છોડી તેથી લાગણી પેદા થાય છે· અને એમા હૃદયદર્શન એ જ ‘ તણખા ’નો હેતુ દેખાશે.

કાંઇક હેતુ સિદ્ધ કરવા નવલિકા લખવી અને એ હેતુ

શોષણે। જણાવવો એ કલામાં ખામી લાવે છે. ચીરકાલીન અને શિષ્ટ પુસ્તકોમાં એવા વિષયો ગુપ્ત રીતે ચર્ચેલા હોય પણ ઉપર પાદરીવેડા વા નિબંધરૂપ એમાં ન આવે. ' તણખા 'માં કોઇક કોઇક જગ્યાએ આ દોષ આવતો જોવામાં આવે છે. ' કેસરી વાઘા ' અને ' અખંડ જ્યોત 'માં લેખક પુનર્જન્મમાં માને છે અને એ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. વાસના રહ્યાથી ભૂત થાય અને ત્યાર પછી જ મોક્ષ પ્રાપ્ત થાય છે એમ એમાં ચર્ચેલું છે. ' અખંડ જ્યોત 'માં મરતી વખતે એ જ પતિ મળો કહેતી સ્ત્રી બીજા અવતારે એને જ પરણે છે. આ સર્વમાન્ય વાત નથી એની એથી અસર ટુંકા પ્રમાણમા થાય. જો કે એથી વાર્તામાં અદ્‌ભુત તત્વ આવે છે અને રસ ઉત્પન્ન થાય છે. બીજું પ્રચલિત સામાજીક સ્થિતિ પર એ કટાક્ષો કરે છે. ' ગોવિંદનું ખેતર 'મા મોટે અંશે આ જણાય છેઃ અને એ નિબંધ જેવું જ છે. પછી એ કટાક્ષો ' લેયાદાદા 'માં યંત્ર જગત પર તથા ' જન્મભૂમિનો ત્યાગ 'માં અમલદારો પર કંઇકઃ 'ભીખુ' માં ભીખારીઓને મોજશોખ માટે તથા ' પોસ્ટઓફીસ 'માં સ્થિતિનો ખ્યાલ ન કરવા માટે. આમ આ દરેક પ્રશ્નો ચર્ચી અને એ ઉપર વિચારો હેતુ સાધવા ચાલે છે અને કલાને ખામી થાય છે.

' તણખા 'મા realism અને romance બન્નેના અંશો જોવામાં આવશે. અદ્‌ભુત અંશો સાથે સમકાલીન ચિત્ર પણ કલ્પનાને બળે એ લાવી શકે છે. કલ્પિત વાતાવરણ તેમ જ તાદશ ચિતાર બન્ને આમાં આપણને જડશે. ' સોનેરી પંખી ' ' આત્માનાં આંસુ ' ' કલ્પનાની મૂર્તિઓ ' ' કેસરી વાઘા ' ' પૃથ્વી અને સ્વર્ગ ' ' અખંડજ્યોત ' આટલામા જોઇએ એટલા અદ્‌ભુત તત્વો તથા દૂર દૂરનાં જમાનાનાં ચિત્રો વા કલ્પિત વાતાવરણ મળી આવશે. આથી વિરૂદ્ધ તાદશ ચિતાર, આંખ આગળ ખડા થતા દરરોજના બનાવો ' જુમો ભીસ્તી ' ' ભીખુ ' ' લેયાદાદા ' 'ગોવિંદનું ખેતર' ' એક ભૂલ ' વિગેરેમાં દેખાશે અને કોઈ કોઇ વાતમા તો આ બે અંશો ભેગા મળી સરસ અમર ઉત્પન્ન કરે છે.

' તણખા 'ના વિષયમાં વિવિધતા છેઃ કારણ ઉચ્ચથી નીચ, છેક વેદકાલથી તે આજસુધીનો ઇતિહાસ, કારભાર કે અમદાવાદ બધે તે

જગ્યાએ એ કલ્પનાને બળે વિહરે છે. અને આમ વિષયની ભિન્નતાને લીધે રસ ઉત્પન્ન થાય છે. 'તણખા'નું આટલાં નવીન તત્વોને લીધે ગુજરાતી સાહિત્યમાં મહત્વ છે. પરંતુ હજી નવલિકાસાહિત્યમા અનેક દિશાઓ ખીલવવાની જરૂર છે. ડોમલ, ફ્રીમેન ને બેહાસા જેવી ભેદ-વાર્તાઓ આપણે ત્યાં ક્યાં છે? આ દિશા તરફ તો હજુ કોઇએ પ્રયાસ પણ કર્યો જોવામાં આવતો નથી.

જીવની અને રેખાચિત્ર

'ઝંડાધારી' અને 'દેશબંધુ'થી આ વર્ષે આપણા નજીવા જીવની સાહિત્યમાં વધારો થાય છે; અને આ બેમાંય પહેલા કરતાં બીજું સારી શક્તિઓ દર્શાવે છે. રા. જયંતકુમારની ગદ્યશૈલિ એ જીવનીમા વધારે રસ રેડે છે અને સાહિત્યમા એ સારૂં કામ કરી. શકશે એમ આ એમનો પ્રયાસ સુચવે છે. આ બન્ને જીવનીમાં વીર-પૂજાના અંશો છે. પરંતુ જીવનીને પ્રથમ પંક્તિની બનાવવા જોઇતા અંગત સબંધ ને હકીકતને અભાવે એ મધ્યમ કક્ષાએ બીરાજે છે.

જીવની સાથે સંપૂર્ણ તો નહિ પણ કંઈક અંશે સબંધ ધરાવતું અંગ રેખાચિત્રોનું છે. અ. સૌ. લીલાવતીના 'રેખાચિત્રો' અમુક અમુક વ્યક્તિઓની રેખાઓ દર્શાવી આપણુને જીવની આપે છે. અને 'સ્મરણમુકુર'માં આવતા સંસ્મરણો મુખ્યત્વે વ્યક્તિઓ પરત્વે હોઇ આછુંવતું ચરિત્ર જ આલેખે છે. 'મુકુર'માં જેના જેના પ્રસંગમા રા. નરસિંહરાવ આવેલા તેમના આછાં ચિત્રો છે. મોટા પુરૂષોના છિદ્રો જોવાની ટેવ આમા જણાય છે. પરંતુ એ સમય ઘડ-વામા આ લોકોનો કેટલો હિસ્સો હતો તે રા. નરસિંહરાવ ઠીક સમજાવે છે. એમના સંબંધમા આવેલા લોકો વિધવિધ છે અને ઉંચી કોટીના પણ છે.

'રેખાચિત્રો' કરતા 'મુકુર'મા કંઇક વધારે તત્વો છે. કારણુ પ્રસંગો ઉમેરી પોતાની હાસ્યવૃત્તિને બળે એમણે એ રસમય બનાવ્યાં છે. એમાં આત્મલક્ષી પ્રસંગો ને સૂચનો પણ ઘણાં છે: કારણુ એક વ્યક્તિના આ સંસ્મરણો છે. આ આત્મલક્ષી તત્વ ચિત્રો પાછળ વહી મહત્વનું તત્વ 'મુકુર'માં ઉમેરે છે, અને

એમાં જ એનું ખાસ વિશિષ્ટત્વ છે. તદ્દન હૃદયને લગના પ્રસંગો આવે છે ત્યારે રા. નરસિંહરાવ ઉચ્ચ કોટીએ પહોંચે છે. આવું પુસ્તક આપણા સાહિત્યમાં નવીન ભાત પાડનારૂં છે અને એને વરેલી થોડી ક્ષતિઓ બાદ કરતાં રા. નરસિંહરાવે સારૂં કર્યું છે એમ કહવું પડશે. દરેક લેખકમાં કાંઇક ખાસીયત હોય છે એમ રા. નરસિંહરાવમાં નકામી બાબતોને મહત્વ આપી પોતાનો અહંભાવ દેખાડવાની ટેવ છે. દુન્યવી બાબતોને લક્ષ્યમાં લઈ મોટા માણસોને નીચા પાડવા એ સારૂં નથી અને આજ 'મુકુર'માં એ દોષ આવી ગયો છે. ગદ્યસાહિત્યમાં પણ 'મુકુર' થી સારો વધારો થયો છે. 'મનોમુકુર'ના વિદ્વતા-ભર્યા લેખોના નિરસ ગદ્ય કરતા આત્મલક્ષી પ્રસંગો આવવાને લીધે આ ગદ્ય કાંઇક ભાવવાહી બને છે. અને છેલ્લું 'મુકુર' તો સંતાનો વિષેના પ્રસંગો નોંધનું હોવાથી હૃદય ઉપર ન ભુસાય એવી અસર કરે છે.

આ સસ્મરણોના ચિત્રો છોડી આપણે 'રેખાચિત્રો' જોઇએ. 'રેખાચિત્રો'ની વ્યક્તિઓ આજ ફરી પણ ગઇ છે. પરંતુ આ ઉપરથી આપણે માણસમા શાં શાં પરિવર્તન થાય છે એ જાણી શકીશું. એમને રેખાચિત્રો કહ્યા છે એનું કારણ જ આ પ્રમાણેના અપૂર્ણ ચિત્ર રચ્યા છે માટે. દ્રૌપદી, પાર્વતી વિગેરેમા એ પાત્રો ગત યુગોના હોવાથી આ પરિવર્તનનાં પરિણામ આવતા નથી. અને એ રેખાચિત્રો બરાબર અસર કરે છે. એ રેખા-ચિત્રોમા વિચાર વા દૃષ્ટિબિંદુની ભિન્નતાને લીધે રસ ઉત્પન્ન થાય છે.

આ રેખાચિત્રો લખવામા તીક્ષ્ણ નિરીક્ષણ શક્તિની જરૂર પડે છે રેખાઓ બરાબર માપની જોઇએ અને એના રંગ પણ વિચારવા જોઇએ. જેટલી ઓછી નિરીક્ષણશક્તિ એટલી એમાં અપૂર્ણતા આવે. સૌ. બેન લીલાવતીનો પ્રયાસ આ ક્ષેત્રમા નવીન જ હોવાથી અને એમા નવા વિચારના લક્ષણ હોવાથી એ મોટે ભાગે ફળીભૂત થયો છે: અને એ માટે એમને ધન્યવાદ ઘટે છે.

ગદ્યપ્રવાહ: અન્યકૃતિઓ

અને '૮૨ મા તો ગાંધીજી અને મુનશીજીની શાખાઓએ મોટો હિસ્સો આપ્યો છે. ગાંધીજીની ત્રણ સમર્થ કૃતિઓ 'આત્મ-

કથા' 'ત્યાગમૂર્તિ' અને 'દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ' ભા. ૨, આ વર્ષમાં ગુજરાતી સાહિત્યને મળે છે. 'ત્યાગમૂર્તિ' ગાંધીજીને નવી જ દિશામાં મૂકે છે. એમાં રાજકીય પ્રવૃત્તિ છોડ્યા પછી હિન્દની મદા પ્રશ્ન એમણે હાથમાં લીધો છે. હિન્દ રહીમાં જકડાઈ ગયું છે અને લોકોના વિચારો એ જૂના વિનાશપૂર્વ ચીલેથી પાછા નહિ હટે તો સ્વરાજ્ય નજદીક નથી. સમાજ શિક્ષિત હોય તો જ સ્વરાજ્ય સુગમ છે. અને એથી જ સમાજસુધારવાનો પ્રશ્ન ગાંધીજીએ હાથમાં લીધો છે. અને એ સુધારા તરફ ને બહોળા વિચારો તરફ ફેરવવાનો પ્રયાસ કરતું 'ત્યાગમૂર્તિ' તો અમૂલ્ય પુસ્તક છે એમાં નવીન અને સ્વતંત્ર વિચારો છે: સ્ત્રીપુરુષના સમાન હક્કની વાત પણ એમાં આવી જાય છે; અને 'Plain living and high thinking'નો સિદ્ધાંત તો એમાં દરેક સ્થળે નજરે ચડે છે. લોકોને સમજાવવા ગાંધીજીની મધુર સરળ દાખલા દલીલોવાળી શૈલી ગમે તેને પણ આકર્ષે. વિચારોની દૃષ્ટિએ આમ ઉત્તમ હોવા છતાંય અને કેટલાક લેખોમાં નિબંધસ્વરૂપ હોવા છતાંય શુદ્ધ સાહિત્ય તરીકે 'આત્મકથા' તથા 'ઇતિહાસ' જેટલું એનું મૂલ્ય નથી.

એક નોંધવા જેવી વાત એ છે કે ગાંધીજીએ જેલમાંથી આવ્યા પછી રાજકીય પ્રવૃત્તિ ઓછી કરી છે અને મહાન પુરુષ પોતાની ગત પ્રવૃત્તિનું નિરીક્ષણ કરી પોતે ક્યાં છે તે તપાસે એમ કરવા માંડ્યું છે. 'આત્મકથા' અને 'ઇતિહાસ'માં એમની ગત જમાનાની વાતો છે. આ બે ગ્રંથો ઉપરથી ગાંધીજીની સ્મરણશક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. પ્રસંગોને નામો એ યાદ રાખી શકે છે અને તાદશ ચિતરી શકે છે. પ્રસંગવર્ણનમાં એ હાસ્યવૃત્તિને લીધે તથા મનુષ્યસ્વભાવના જ્ઞાનને લીધે રસ મૂકી શકે છે સંવાદ-આલેખન તેમ જ વર્ણનશક્તિ પણ પાછા પડતા નથી. સરખામણી માટે એક જ પ્રસંગ લઈએ: 'નારાયણ હેમચંદ્ર'પરનાં ગાંધીજી તેમ જ રા. નરસિંહરાવનાં સંસ્મરણો. બન્ને લેખોમાં મર્મશક્તિ છે; પરંતુ ગાંધીજીએ આપેલું એ નાનું રસિક ચિત્ર આપણી આંખ આગળ ખડું થાય છે. સાધારણ પ્રસંગો વર્ણવી એમાં એમણે કેટલો

રસ મૂક્યો છે! સાહિત્યમાં એમનું સ્થાન ન કબુલનારાઓને એમની આ વર્ષની સેવાઓ પ્રથમ કક્ષામાં મૂકવી પડશે.

ગાંધીજીની સેવાઓ જોયા પછી મુનશીશાળાનો ફાળો જોઈએ. એ શાળા પણ પોતાના નવીન વિચારો જોસથી આપી વિશ્વવ જગાવી રહી છે. મુનશીજીના 'કેટલાક લેખો'માં ખાસ કાંઈ આકર્ષણ નથી, કારણ આમાં એમના મધ્યાન્હ પહેલાંના કેટલાક લેખો છે. આ લેખો વાચતાં આપણે મુનશીજી કઈ સ્થિતિમાંથી લેખનકાર્યમાં કઈ સ્થિતિએ પહોંચ્યા તેનું માપ કાઢી શકીએ. અને 'જયોનિર્ધરો' તો માત્ર મહાપુરૂષોના રા. મુનશીને ગમ્યાં તેમ યશોગાન કરતું આલ્બમ છે. નવીન અસર દર્શાવતું મુનશીજીનું કોઈ ખાસ પુસ્તક આ વર્ષે બહાર પડ્યું નથી; પરંતુ દરેક પ્રવૃત્તિનું મધ્યબિંદુ તો એ જ છે.

આ શાળાના ભાન પાડતા લેખો—શૈલી તેમ જ વિચારમાં—તો સૌ. બેન લીલાવતીના જ છે. જરા પણ અચકાયા વિના છૂટથી એ પોતાના વિચારો સચોટતાથી રજૂ કરે છે. પુરૂષો પ્રત્યે તિરસ્કાર એમાં લખવામાં આવેલો દેખાશે તેમ જ પોતાની જાતિનું માન વધારવા પુરતા વિચારો પણ એમાં છે. આ સ્વતંત્ર વિચારો ઉપરાંત એ શૈલી નિબંધોને રસિક બનાવે છે. આવી શૈલી સહજ નથી. બરાબર કટાર પેઠે સોંધી સોંસરી પેસતી એ અર્થવાહી શૈલી છે. એમાંથી બુદ્ધિ ઝરે છે, અને એ બુદ્ધિ આપણને બે ઘડી સ્થંભિત કરે છે. એમની શૈલી પર રા. મુનશીની ચોખ્ખી અસર છે.

પુનર્ઘટન (Renaissance) પછી ગુજરાતી સાહિત્યની સેવા કરતી સ્ત્રીઓમાંથી એમને પ્રથમ પદ ઘટે છે. અન્ય સ્ત્રીઓ ઉપયોગ પુરતું સાહિત્ય સર્જન કરતી: સાહિત્યસેવા એમનું ધ્યેય નહોતું. એથી એમાં શુદ્ધ સાહિત્યના લક્ષણો બહુ જ ઓછાં હતાં. સૌ. બેન લીલાવતીએ શુદ્ધ સાહિત્યમાં વિચરી રહ્યાં છે, અને ભવિષ્યમાં ગુજરાતી સાહિત્ય એમના તરફથી આથી પણ વધારે આશા રાખે તો નવાઈ નથી.

આખા ગદ્યસાહિત્યની શૈલીનો વિકાસ સમજવો હોય તો રા. મગનલાલ ભટ્ટનું 'ગદ્યનવનીત' જોવું જોઇએ. ગદ્યસાહિત્યનો આવો આ પ્રથમ જ સંગ્રહ છે એમ કહી શકાય. પદ્યમાં તો અર્વાચીન કૃતિઓના સંગ્રહ રા. હિંમતલાલ અંજારીઆએ તથા રા. રામનારાયણ પાઠકે કર્યા છે પરંતુ ગદ્યમાં તો માત્ર શાળોપયોગી પુસ્તકોમાં કોઇક કોઇક સંગ્રહ હતા. સરસ ચૂંટણી કરી રા. ભટ્ટે શિષ્ટ ગદ્યનો ઠેઠ આજ સુધીનો સંગ્રહ બહાર પાડી સાહિત્યની સેવા કરી છે. સંગ્રહ પૂર્ણ છે એમ તો ન જ કહેવાય અને બે ભાગ કર્યા હોત તો સારૂં એમ લાગે છે. પરંતુ આ પ્રવૃત્તિ આટલેથી અટકવી ન જોઇએ ગદ્યસાહિત્યની દરેક દિશા ખીલી છે એટલે એ દિશાઓમાંથી ચૂંટણી કરી સરસ સંગ્રહો થવા જોઇએ વિવિધ લેખકોના નિબંધસંગ્રહ તથા વિવેચનના નિબંધ સંગ્રહના કામ હાથ ધરવા જોઇએ.

રામચંદ્ર શુક્લ

માનવજીવનના ઇતિહાસ પંચાંગોથી નથી ઘડાતા તો પણ એક વર્ષ દરમિઆન થયેલી પ્રવૃત્તિની નોંધ લેવામાં આવી હોય તો ભવિષ્યમાં 'તવારિખનવેશનું' કામ સરળ થઇ જાય.

રણજીતરામ

અભ્યર્થના

સખે ! સૃષ્ટિ આજે અનુપ મીઠડાં હાસ્ય કરતી,
રુડા શૃંગારો શા તનદીપવતા અંગ ધરતી;
ખીલે પુષ્પો રૂડાં સુરભિ ઝરતાં વિટપે,
તરંગો ઉછાળી વહતી સરિતા ગાન કરીને.

ભૂરાં ઉંચાં ઉંચાં ગિરિવર તણાં શૃંગ ઉપરે,
ભમી વૃક્ષે વૃક્ષે અનિલ મધુરી બંસી ગજવે;
ઉંચે ઉડે પક્ષી રમત કરતાં વ્યોમઘુમટે,
ગજાવે કોકિલા અમિત સૂરથી રમ્ય જગને.

સખે ! આવા રુડા સુભગ દિનની ધન્ય ઘડી એ,
અંહી આવી મ્હારી નિકટ રહીને ગાન કરીને !
અને તંત્રીકેરા અણુ અણુ સૂરે વિશ્વ ભરીને,
મ્હને ખેંચી લેને પ્રિય પ્રિય સખા ! તુજ સમીપે !

અમીધારા ત્હારા નયન તણી હું નાથ ! ઝીલતાં,
સુધામંત્રો બોલી વહવીશ જગે સ્નેહ ઝરણાં !
બધાં કાર્યો મ્હારાં ક્ષણભર ભૂલી નાથ ! જઇ હું,
અહા ! સંગે ત્હારી રમીશ કરતાં ગાન મધુરૂં !

સદા મ્હારી પાસે અચળ ધ્રુવ શો સ્નિગ્ધ બને રૂહે,
અને સેવાકેરા શીખવ મધુરા પાઠ મુજને:
મ્હને સ્વીકારીને જીવન મુજ તું તુંમય કરી,
સખે ! દોરી જાને વિમળ પથમાં સ્વાર્પણ ભણી !

સ્નેહરશ્મિ.

વીણા પનિહારી ૧૯૨૭

ચિત્રકાર · છોટાલાલ જોશી

આરામગાહ

તારકો ?

તારકો શું છે એની તમને ખબર છે ?
એ તો કોઈ દિવાનાએ વસ્લની રાતને માટે બીછાવેલાં ફૂલો છે.
કોઈ આશકે જુદાઈની રાહમાં પાડેલાં આંસુઓ છે.
કોઈ શરીરના અંતરમાં સળગતી આગના તણખા છે.

પ્રભુલાલ શુકલ

ચિત્તશાસ્ત્રનાં* દૃષ્ટિબિંદુ

આપણે આપણા વિષયમાં જઇએ તેના પહેલાં કાંઇક સાદો વિચાર કરીએ. સાધારણ રીતે રસ્તે જતા કોઇ પણ માણસને આપણે પૂછીએ કે ફીલસુફી શું છે તો તે આપણને એટલું કહેશે કે જે વિચાર આપણે સમજી શકીએ નહિ તેવા વિચારો ફીલસુફીમાં હોય છે અને ફીલસુફી એ એક તદ્દન નકામો વિષય છે.

આમાં એક મોટી ભૂલ છે. સાધારણ માણસ હમેશાં વિચાર વગર માન્યતાઓ બાંધી તેમાં પોતાનું જીવન ગાળે છે, એવી જ આ વિચાર વગરની એક માન્યતા છે. ફીલસુફી એ એક નકામો વિષય છે એ માન્યતાને જે તરફથી થોડું ઘણું પણ બળ મળે છે તે આપણે તપાસીએ. ઇતિહાસમાં એમજ બન્યું છે કે બધાં વિજ્ઞાનશાસ્ત્રો પહેલા ફીલસુફીમાં સમાયેલાં હતાં. ગ્રીસનો તત્ત્વવેત્તા થેલીસ એ એક. ફીલસુફ જ નહિ પણ ગણિતશાસ્ત્રી અને ખગોળવેત્તા પણ હતો. દુનીઆ જેમ જ્ઞાનમા આગળ વધતી ગઇ તેમ આ વિજ્ઞાનશાસ્ત્રો તો ફીલસુફીમાંથી જૂદાં પડ્યાં. અસલ વિશ્વના ઇતિહાસમાં વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે તે પ્રમાણે એક નેબ્યૂલા હતી. તેમાંથી ધીમે ધીમે સૂર્યો અને તારાઓ જૂદાં જૂદાં બિંદુએ પડતાં ગયાં. ફિલસુફી એ વિચાર વિશ્વની નેબ્યૂલા છે, અને તેમાંથી બીજાં શાસ્ત્રો વખત આવ્યે જૂદાં પડતાં જાય છે. સાધારણ માણસ જેને નેબ્યૂલા માટે

*ચિત્તશાસ્ત્ર: Psychology. જુઓ 'ચિત્તની પાંચ વૃત્તિઓ.' પુરાતત્ત્વ પુ. ૧, અં. ૨.

દરકાર નથી તે તો એમજ કહે કે વિજ્ઞાન જેમ જેમ આગળ વધશે તેમ તેમ કીવસુરી પાછળ હઠતી જશે. છેવટ વિશ્વનું આખું ક્ષેત્ર તે પોતાને હાથ કરી લેશે અને કીલસુફી રહેશે જ નહિ. વિજ્ઞાનના ક્ષેત્રમાં પોતાની ફત્તેહોથી ઉન્મત્ત થઇને વિજ્ઞાનશાસ્ત્રીઓએ આ માન્યતાને ગયા સૈકામાં ખુબ ફેલાવી. મેકાલે સાહેબે કહેલું કે જેમ જેમ સુધારો આગળ વધશે તેમ તેમ કવિતા નષ્ટ થશે. આ માન્યતા જેટલે અંશે મુર્ખાઇ ભરેલી છે તેટલી જ ઉપરની માન્યતા પણ છે. સત્ય તો એ છે કે દુનીઆમાં જેમ સંસ્કૃતિ આગળ વધશે તેમ બધું જ કવિતામાં રસબોળ થશે અને જેમ વિજ્ઞાન આગળ વધશે તેમ બધુંજ ફીલસુફીમય થશે.

આના ઉપર આપણે જરા વધારે વિચાર કરીએ. વિજ્ઞાન વધારે ને વધારે ફીલસુફીમય કેમ થતું જાય છે તે આપણે જે જૂદાં જૂદાં વિજ્ઞાન-શાસ્ત્રોનાં દષ્ટિબિંદુઓ તપાસીશું તો એકદમ માલુમ પડશે. દરેકે દરેક વિજ્ઞાન એકલક્ષી (abstract) હોય છે. એક વિજ્ઞાનશાસ્ત્ર જે નિયમો માંડે છે તે બીજા વિજ્ઞાનની દષ્ટિએ સાંકડા અને ખાટા લાગે છે. ફીઝીકસમાં ફક્ત પરમાણુ કેવી રીતે આકાશમાં ગોઠવાય છે તે તરફ આપણે લક્ષ આપીએ છીએ. બે રંગ મળી એક રંગ કેમ થાય છે? બે તત્ત્વો મળી એક તદ્દન નવું તત્ત્વ કેમ થાય છે?–આવા સવાલોને એ વિજ્ઞાનશાસ્ત્રી બીલકુલ ગણકારતો નથી. રસાયનશાસ્ત્રી એ બધું ઉકેલવા મથે છે. રસાયનશાસ્ત્રીનું દષ્ટિબિંદુ જ્યારે આપણે જીવનના પ્રદેશમાં આણીએ છીએ, ત્યારે તદ્દન અસત્ય કે એકદેશી લાગે છે. આપણી દુનીયામાં જીવનનું તત્ત્વ કેવી રીતે આવ્યું એ વિષે વિચાર કરતાં લૉર્ડ કેલ્વીન જેવા વિજ્ઞાનશાસ્ત્રી પણ કોઇ કવિની માફક કહે છે કે–આપણી ક્ષુદ્ર અને નજીવી પૃથ્વીની ઉપર એક ખરતો તારો જીવનનું તત્ત્વ લઇ આવ્યો.

હવે આપણે બીજી રીતે આ બધાં શાસ્ત્રોને તપાસીએ. ખાલી આકાશમાં જેમ કશો ગુણ નથી (આકાશને શબ્દગુણાત્મક કહ્યું છે તે ન ગણકારતાં) તેમ પરમાણુમાં કશો ખાસ ગુણ નથી. એક પરમાણુને બદલે બીજું પરમાણુ મૂકવામાં આવે તો ભૌતિકશાસ્ત્રીને કશો ફેર પડે

નહિ: પણ રસાયનશાસ્ત્રી ગુણોનું વિવેચન કરે છે. વળી જીવનશાસ્ત્રમાં આપણે જેને એક અવયવી (Organism) કહીએ એને ઉપરનાં બે શાસ્ત્રોમાં કશું સ્થાન નથી. અવયવીમાં ખાસ વ્યક્તિત્વ મનાતું નથી પણ આ બધાં શાસ્ત્રોથી દૂર જઈ આપણે જ્યારે ચિત્તશાસ્ત્રની નજીક આવીએ છીએ ત્યારે જ પહેલી વાર વ્યક્તિત્વને પરેપૂરું સ્થાન મળેલું આપણે જોઈએ છીએ.

હાલમાં વિજ્ઞાનવાદીઓ પોતાનો હક સાબીત કરવામાં જરા મોળા પડ્યા છે. જ્યારે તેઓ ભેગા થઈને પરમાણુ ઉપર વિચાર કરે છે ત્યારે તેનો ભૌતિક સ્વભાવ ગળી જતો હોય તેમ લાગે છે અને છેવટ પરમાણુઓ અમુક શક્તિનાં ફક્ત કેન્દ્ર છે એમ એમને કહેવું પડે છે. વિજ્ઞાનનો અહંકાર દિવસે દિવસે ઓછો થતો જાય છે. વિજ્ઞાનનું દૃષ્ટિબિંદુ બાહ્ય છે. એ પરમાણુના બાહ્ય સ્વરૂપનો વિચાર કરે છે. આંતરિક દૃષ્ટિએ પરમાણુમાં કંઈ પણ વ્યક્તિત્વ હોય તો તેને છોડી દે છે. એ દૃષ્ટિબિંદુ રસાયનશાસ્ત્ર સુધી નભી શકે છે. પણ જીવન શાસ્ત્રમાં તે તદ્દન તૂટી પડે છે. તે વિષે આપણે વિચાર કરીએ.

આપણે એક અવયવી પ્રાણી લઈએ. તેના જુદા જુદા અવયવોના જુદા જુદા ધર્મો હોય છે. અવયવોની સમજ અવયવોના ધર્મોથી જ પડે છે. બધા અવયવોને ભેગા મૂકવાથી કોઈ એક પ્રાણી ઘડાય નહિ. પ્રાણીમાં જીવનનું તત્ત્વ એક છે અને તેટલા માટે જે વ્યક્તિત્વ આપણને કોઈ પણ એક અવયવમાં મળતું નથી તે વ્યક્તિત્વ એ પ્રાણીમાં હોય છે. એ વ્યક્તિત્વ પ્રાણીના અવયવોમાં અમુક ઐક્ય સાધે છે. અવયવો એક બીજાને અનુકૂળ થઈને કામ કરે છે. પેટ ભેડું ભેડું ખાય અને પગ, હાથ, આંખ વગેરે એની અદેખાઈ કરે એ તો માત્ર " એક હતો રાજા " એવા વાર્તાના જ પ્રદેશમાં સંભવી શકે.

આ ઉપરથી આપણને માલુમ પડશે કે ભૌતિક વિજ્ઞાનના અને રસાયનશાસ્ત્રના સંકુચિત બાહ્ય દૃષ્ટિબિંદુને બદલે જીવનશાસ્ત્રમાં પ્રાણીના અવયવોના ઐક્યને સમજવા આંતરિક દૃષ્ટિબિંદુથી જીવનશાસ્ત્ર લખાય છે. પણ એ સમજવા પુરતું જ દૃષ્ટિબિંદુ

આંતરિક હોય છે. એ પ્રાણી પોતાના દરેક પ્રકારના અનુભવનું કેન્દ્ર છે એમ ગણવામાં આવતું નથી. જ્યારે ચિત્તશાસ્ત્રમાં એ જ સાવયવીને—ખાસ કરીને મનુષ્યને—એના પોતાના અનુભવના કેન્દ્ર તરીકે ગણવામાં આવે છે.

આ પ્રમાણે વિચાર કરતાં આપણે સમજી શકીશું કે ભૂમિતિ અને ભૌતિક વિજ્ઞાનનાં જેવાં શાસ્ત્રો આપણા અનુભવથી દૂર વસેલાં છે. ભૂમિતિનું આદર્શ વર્તુળ આપણે કોઇ દિવસ દોરી શકતા નથી. એવું આદર્શ વર્તુળ સર્વસમ્મત છે કારણ તેમાં ઓછામાં ઓછું વ્યક્તિત્વ છે. એક પાને એક વર્તુળ દોર્યું હોય અને બીજે પાને તેવુંજ બીજું દોર્યું હોય, તો તે બેમાં એટલો જ ફરક છે કે પહેલું વર્તુળ એક જગ્યાએ છે અને બીજું બીજી જગ્યામાં આવેલું છે. ખાલી આકાશમાં જે સ્થિતિભેદ હોય છે તેને લઇને એ બન્નેમાં નજીવું વ્યક્તિત્વ ઉતરે છે અને એટલા માટે આપણા અનુભવથી દૂરમાં દૂર કોઇ વિજ્ઞાન હોય તો તે ભૂમિતિ છે. પછી આપણે જેમ જેમ ઉપર જઇએ તેમ તેમ વિજ્ઞાન આપણા અનુભવ પાસે આવતું જાય છે. એનું એકદેશીયત્વ (abstractness) ઘટતું જાય છે અને એ વ્યક્તિત્વ તરફ એટલે કે આપણા જીવન્ત અનુભવ તરફ વળે છે. આ રીતે આપણે કહી શકીએ કે આપણા બધા અનુભવોનું શાસ્ત્ર તે ચિત્તશાસ્ત્ર છે.

ઉપર આપણે કહ્યું કે જેમ વ્યક્તિત્વ ઓછું તેમ તે વસ્તુ વધારે સર્વસમ્મત હોય છે. ચિત્તશાસ્ત્રનું દૃષ્ટિબિંદુ વ્યક્તિગત અનુભવો પરત્વેનું છે તો તે સર્વસમ્મત કેમ હોઇ શકે એ સવાલ સાધારણ રીતે ઉભો થાય છે. કોઇ એમ કહે કે—આપણા અનુભવમાં આપણા વ્યક્તિત્વનો પડઘો પડે છે. જેમાં વ્યક્તિત્વ હોય તે સર્વસમ્મત હોઈ શકે નહિ, વ્યક્તિનો અનુભવ એ એની ખાનગી મીલ્કત છે, અને જે સર્વસમ્મત હોઇ શકે નહિ—એટલે કે જેને ગણિતના આંકડામાં દેખાડી શકાય નહિ—તે વિષયને વિજ્ઞાનના ક્ષેત્રમાં લઇ શકાય નહિ—તો ચિત્તશાસ્ત્ર જેવું શાસ્ત્ર દુનિઆમાં હોઇજ શકે નહિ. આનો જવાબ આપતાં આપણે તત્ત્વજ્ઞાનના ઊંડા પાણીમાં ઉતરવું પડે; પણ તે હાલ આપણો વિષય નથી. એના જવાબમાં આપણે

હાલ એટલું કહીશું કે એ વાંધો તદ્દન સાચો છે. પણ સદ્દભાગ્યે આપણું વ્યક્તિત્વ સંપૂર્ણ નથી. આપણા અનુભવો જેટલે અંશે પરિપૂર્ણ નથી તેટલે અંશે આપણામાં વ્યક્તિત્વ ઓછું છે. એટલે કે મનુષ્યના અનુભવો વિશે (અનુભવોમાંથી નહિ) આપણે કેટલાંક તો લગભગ સર્વ-સમ્મત સત્યો શોધી શકીએ. ભવિષ્યમાં મનુષ્યનું વ્યક્તિત્વ વધારે ને વધારે ખીલે અને એના અનુભવો લગભગ પરિપૂર્ણ થાય, તો પરિપૂર્ણ વ્યક્તિના ચિત્તશાસ્ત્રને કદાચ સર્વસમ્મતતાની જરૂર પણ ન પડે.

વળી દરેક વ્યક્તિનો અનુભવ ભલે એનો પોતાનો જ રહ્યો, પણ મનુષ્યનું વ્યક્તિત્વ સમાજમાં ઉગે છે અને ખીલે છે, તો બીજી વ્યક્તિઓના અનુભવ સાથે સરખાવતા પણ કેટલાક સામાન્ય નિયમો ઉપજાવી શકાય.

જીવનશાસ્ત્ર અવયવીનું વર્ણન કરતાં એમ કહે છે કે દરેક અવયવી પ્રાણીના અવયવોના જૂદા જૂદા ધર્મો હોય છે. અવયવને તેના ધર્મને ધ્યાનમાં લીધા વગર પૂરેપૂરો સમજી શકાય નહિ. હવે જે સંબંધ અવયવ અને તેના ધર્મ વચ્ચે રહેલો છે તે જ સંબંધ ગમે તે વિજ્ઞાનનું ક્ષેત્ર અને તેના દષ્ટિબિંદુ વચ્ચે રહેલો છે. આથી જો કે અત્યારે આપણો વિષય નથી પણ એટલું કહી શકીએ કે કોઇ પણ વિજ્ઞાન ગમે તેટલું એકદેશી હોય તોપણ તે અવયવી છે. કારણ વિજ્ઞાન આપણું કરેલું છે અને આપણો સ્વભાવ સાવયવી છે અને આપણા જ્ઞાનમાં આપણા સ્વભાવનું ચિત્ર અમુક અંશે ચીતરાય છે.

ત્યારે જેમ અવયવને એનો ધર્મ સમજ્યા સિવાય સમજી શકાય નહિ તેમજ કોઈ પણ વિજ્ઞાનનું ક્ષેત્ર એનું દષ્ટિબિંદુ સમજ્યા સિવાય નિર્મિત થઈ શકે નહિ. એટલે કે દરેક સાયન્સનું ક્ષેત્ર એના દષ્ટિબિંદુથી નિર્મિત થાય છે. આપણે ઉપર જણાવેલાં ઘણાંખરાં વિજ્ઞાનનાં દષ્ટિબિંદુઓ જોયાં, તો હવે તેમનાં ક્ષેત્ર શા છે તે તપાસીએ અને ચિત્તશાસ્ત્રનું ક્ષેત્ર એના દષ્ટિબિંદુને લઇને બીજાં વિજ્ઞાનશાસ્ત્રોના ક્ષેત્રથી કેટલે અંશે જુદું પડે છે તે પણ જોઇએ.

આપણે ઉપર ટુંકામાં કહી ગયા કે ભૌતિકવિજ્ઞાન અને

રસાયનશાસ્ત્રનાં દૃષ્ટિબિંદુઓ તદ્દન એકદેશી હોય છે. માટે તેમનું ક્ષેત્ર પણ ઘણું એરો પરવાસ્તી રહેશે. ભૌતિક વિજ્ઞાન વસ્તુઓના બાહ્ય સ્વરૂપનું જ અવલોકન કરી તેમાંથી નીપજી શકે તેવા સામાન્ય સિદ્ધાન્તો શોધી કાઢે છે. એની દૃષ્ટિએ વિશ્વમાં રૂપ સિવાય જે કંઇ રસ કે ગન્ધ છે એ તમામ ઉપાધિરૂપ છે. એ બધા ગુણોની અવગણના કરી શુદ્ધ ગણિતના આંકડામાં આખા વિશ્વને મૂકવાનો તે પ્રયત્ન કરે છે. રસાયનશાસ્ત્રી તત્ત્વોના ભેદને માને છે, જડ અને ચેતનના ભેદને માનતો નથી. જડ તત્ત્વોમાં જે કંઇ સામાન્ય રસાયનિક ફેરફારો થાય તે ઉપરથી જ ચેતનના વ્યાપારો કે રૂપાંતરો પણ છેવટ સમજી શકાશે એવી અંતિમ શ્રદ્ધાથી * એ પોતાના પ્રદેશમાં ઉદ્યુક્ત થાય છે. તત્ત્વો તદ્દન ભિન્ન છે કે એક છે, એક તત્ત્વનાં અંતિમ પરમાણુનું બીજા તત્ત્વના પરમાણુમાં રૂપાન્તર થઈ શકે કે કેમ—જડ તત્ત્વોમાંની રસાયનિક ક્રિયાઓ × અને ચેતનના અધિષ્ઠાન નીચે થતી એનાં એ જડ તત્ત્વોની પ્રક્રિયાઓ—એ બન્ને વચ્ચેનો તફાવત વગેરેને પોતાની દૃષ્ટિએ એ ઉકેલવા મથે છે. સંખ્યાપરિણામ ઉપરાંત ગુણપરિણામને 'રસાયનશાસ્ત્ર માને છે, પણ તે ગુણપરિણામ જડ મનાતાં તત્ત્વોના આઘાતપ્રત્યાઘાતના પરિણામ રૂપ જ મનાય છે. ગુણોમાં માનવા પૂરતું રસાયનશાસ્ત્રનું ક્ષેત્ર ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્ર કરતા આપણા અનુભવની નિકટ છે. માત્ર બાહ્ય સ્વરૂપનું જ અવલોકન ન કરતાં અંદરના ગુણોનું પણ વિવેચન એમાં કરવામાં આવે છે.

પરંતુ રસાયનશાસ્ત્રમાં ચેતન વ્યાપારોનું પૃથક્કરણ કરવામાં આવતું નથી—અથવા તો જે કંઈ પૃથક્કરણ કરવામાં આવે છે તે વિશ્વમાં ચેતન જેવું કંઇ નથી એમ માનીનેજ કરવામાં આવે છે. આથી પ્રાણીઓમાં જે શુદ્ધ ચેતનને જ પ્રકટાવેલી ક્રિયાઓ છે તેને રસાયનશાસ્ત્ર બાજુપર મૂકે છે. એ ક્રિયાઓને રસાયનશાસ્ત્રના

* Methodological Postulate.

× Inorganic Chemical Processes અને Organic Chemical Processes

ક્ષેત્રમાં કશું સ્થાન મળતું નથી. માટે જીવન વ્યાપારોને જ પોતાના શુદ્ધ વિશિષ્ટ વિષય તરીકે માનનાર વિજ્ઞાન જીવનશાસ્ત્ર+ ઉત્પન્ન થયું. અધિભૌતિક કે રસાયન ક્રિયાઓથી ન સમજી શકાય એવા જીવનવ્યાપારો હોય છે એમ એ શાસ્ત્ર માને છે; અને ભૌતિકશાસ્ત્ર કે રસાયનશાસ્ત્રના કરતાં જીવનશાસ્ત્ર જેટલે અંશે ઓછું એકદેશી હોય છે. એટલેજ અંશે એ શાસ્ત્રની દૃષ્ટિ બાહ્ય મટીને સાવયવી પ્રાણીના જીવનવ્યાપારોને સમજવા પૂરતી આંતરિક થાય છે.

આ રીતે આપણે જોઈએ છીએ તો સમજાય છે કે વિજ્ઞાન જેમ જેમ પોતાનું એકદેશીપણું છોડીને પોતાના ક્ષેત્રની બધી બાજુઓને તપાસવા જાય છે તેમ તેમ એની દૃષ્ટિ બાહ્ય મટી ને આંતરિક થાય છે. જીવનશાસ્ત્રમાં ચેતનના વ્યાપારો જેટલે અંશે જ્ઞાનતંતુઓ દ્વારા બાહ્ય ચેષ્ટામા પરિણમે છે તેટલે અંશે જ તેમને સ્થાન આપવામાં આવે છે. સુખદુઃખની લાગણીનું પૃથક્કરણ પણ શરીરની ચેષ્ટા દ્વારા મુખ્યત્વે કરવામાં આવે છે.

ભિન્ન ભિન્ન જીવનવ્યાપારો વચ્ચે ઐક્ય સાધનાર એક જીવન તત્ત્વ છે એમ માની લેવામા આવે છે, પરંતુ તેના સ્વરૂપનું નિરૂપણ કરવામા આવતું નથી. વળી જીવનવ્યાપારોનું પ્રેરક બળ ચેતનામાંથી મળે છે કે કેમ એ પ્રશ્ન પણ ત્યા ભાગ્યેજ ચર્ચવામાં આવે છે અને જો સામાન્ય ચેતનાને સ્થાન ન હોય તો સ્વસંવેદીચેતના,* આંતરિક કે અર્ધચેતના, નોચેતના વગેરેને તો એમાં સ્થાન હોઇ જ ન શકે એ સ્વાભાવિક છે.

પરંતુ આ બધા પ્રશ્નો એટલે તો આપણે સમસ્ત અનુભવ થયો. જીવનશાસ્ત્રમા પ્રાણી પોતે પોતાના અનુભવનું કેન્દ્ર છે એમ ખાસ મનાતું નથી. જેટલે અંશે એનું દૃષ્ટિબિંદુ એકદેશી તેટલે અંશે તે પોતાના ક્ષેત્રનું નિરૂપણ બાહ્ય દૃષ્ટિએ જ કરવાનું. જીવનશાસ્ત્ર-થી પણ આગળ જતાં, જો કોઇ વિજ્ઞાનની શાખાએ સંપૂર્ણ રીતે આંતરિક દૃષ્ટિ કેળવી હોય તો તે ચિત્તશાસ્ત્ર જ છે. બીજી રીતે જોતાં

+ Biology . . .

* Self-consciousness, sub-consciousness, unconnsciousness.

પણ વિજ્ઞાનની બીજી કોઈ શાખા ચિત્તશાસ્ત્ર જેટલી આંતરિક દૃષ્ટિ કેળવી શકે જ નહિ, કારણ આપણા પોતાના અનુભવ વિષે જ આપણે એ દૃષ્ટિ કેળવી શકીએ. મનુષ્યબુદ્ધિને જો પૂરેપૂરો–સીધેસીધો કશાનો અનુભવ હોય તો તે–પોતાના અનુભવનો જ છે.

આ વિધાનમાં આપણે કશું નવું નથી કહેતા એમ લાગે છે; પરંતુ વિકાસવાદની દૃષ્ટિએ પણ જે સૌથી પહેલું હોય છે એનું જ્ઞાન સૌથી છેલ્લું જ આવે છે. બાળકને પણ જ્યારે બાહ્ય સૃષ્ટિનું સારું એવું જ્ઞાન પ્રાપ્ત થાય છે,+ પછી જ એ પોતાને વિષે પહેલા પુરુષ એક વચનમાં વાત કરે છે, અને હું, મારું, મને વગેરે વાપરે છે. આ રીતે સ્વસંવેદી ચેતના સૌથી છેવટ આવે છે, અને એનું શાસ્ત્ર પણ સૌથી મોડું ઉદ્ભવ પામે છે. આ શાસ્ત્ર તે ચિત્તશાસ્ત્ર છે.

ચેતના, આંતરચેતના, નોચેતના, સુખદુઃખ (આંતરિક દૃષ્ટિએ) ઇચ્છા, ઈહા, (will) વિચારવ્યાપાર, જ્ઞાન, કલ્પના, સ્મૃતિ, સ્મરણ-વ્યાપાર,* મનોભાવ, મનોવિકાર, સ્વત્વનું ભાન, સ્થલ અને કાલનું દર્શન કે ઉપલબ્ધિ× (Perception) અને બાહ્ય સૃષ્ટિનું જ્ઞાન–કે ઉપલબ્ધિ, નિદ્રા, સ્વપ્ન–આ બધી વિગતોનુ નિરૂપણ ચિત્તશાસ્ત્રમાં આવે છે. આપણા અનુભવ સમસ્તને અનુભવ તરીકે એમા સ્થાન છે, અને અનુભવ એ કોઈ વ્યક્તિનો જ હોઇ શકે માટે ચિત્તશાસ્ત્રમા વ્યક્તિત્વના પ્રશ્નને પણ સ્થાન હોય છે, અને મનુષ્યના વ્યક્તિત્વની પાછળ આત્મા જેવું અમરતત્ત્વ છે કે નહિ તે વિષે પણ ચર્ચા કરવામાં આવે છે.

વ્યક્તિગત ચિત્તશાસ્ત્ર પરથી ગાંડાઓના ચિત્તનો, સમાજના માનસનો, બાળકોનો, જંગલી લોકોનો, પ્રાણીઓનો–વગેરેનો અભ્યાસ કરવામાં આવ્યો છે, અને દરેક શાખાના ક્ષેત્ર અનુસાર ચિત્તશાસ્ત્રના

+ લગભગ છ વર્ષની ઉમરે

* સ્મૃતિ અને સ્મરણના ભેદ માટે જુઓ સ્મૃતિ પરનો નિબંધ દક્ષિણામૂર્તિ પુ ૧. અં. ૨

× Perception માટે ઉપલબ્ધિ શબ્દ સારો છે. કારણ દર્શનનો આપણી પરિભાષા પ્રમાણે જુદો જ અર્થ થાય છે ષડ્દર્શન. વળી દર્શનમાં જોનાર પોતે નિષ્ક્રિય એમ લાગે, જ્યારે ઉપલબ્ધિમાં સક્રિય લાગે.

જુદાં જુદાં નામો પણ આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત ચિત્તશાસ્ત્રના ક્ષેત્રમાં પ્રયોગો પણ કરવામાં આવે છે, અને યુરોપમાં પ્રયોગશાળાઓ (laboratories) પણ ચાલે છે.

ઉપરનાં વિવેચન પરથી એટલું સ્પષ્ટ થાય છે કે ચિત્તશાસ્ત્રનું દૃષ્ટિબિંદુ આપણા અનુભવનું જ છે, અને એ રીતે એ શાસ્ત્ર સર્વ-દેશી છે, જ્યારે બીજાં બધાં શાસ્ત્રો બાહ્ય દૃષ્ટિએ પોતાના વિષયનું નિરૂપણ કરતાં હોઇને એકદેશી (abstract) છે. કોઇ મિથ્યા વસ્તુનો ખ્યાલ પણ આપણા ચિત્તમાં છે એ બાબત ચિત્તશાસ્ત્ર માટે પૂરતી છે. વસ્તુતઃ એ બાબત છે કે નહિ એ સવાલ ચિત્તશાસ્ત્ર માટે ઉત્પન્ન જ થતો નથી. આ રીતે હરકોઈ વસ્તુ ચિત્તશાસ્ત્રનો વિષય બની શકે છે.

પ્રાણજીવન વિશ્વનાથ પાઠક

•

The standpoint of Psychology is Individualistic: by whatever methods, from whatever sources its facts are ascertained they must...be regarded as being part of some one's consciousness. In this sense 'the choir of heaven and furniture of earth' may belong to Psychology.

J. Ward

તંત્રીના ચશ્માંમાંથી

ભવિષ્યવાણી સાચી ઠરી છે. એક આખા વર્ષના કાળ પહેલાં

ભવિષ્યવાણી

આ સ્થળેથી એવી કલ્પના થએલી કે આવતે વર્ષે 'વીણા'નો બીજો અંક બહાર પડવા સંભવ છે. અત્યારે એ કલ્પના અનુભવ થતાં ને એ સંભવ સત્ય બનતાં જણાવવાની રજા લઉં છું કે ભવિષ્યવાણી સાચી ઠરી છે.

'વીણા' અંક ૧

'વીણા' સાહિત્ય ઉત્તેજક સમાજ તરફથી પ્રગટ થાય છે. એ સમાજના ૧૯૨૬ ના નિવેદનમાં 'વીણા'નો હિસાબ નીચે મુજબ અપાયો છે:

"આ વર્ષે 'વીણા' વાર્ષિકની અમે ૫૦૦ નકલો કાઢેલી, તેની છપામણી વિગેરેનું કુલ ખર્ચ રૂ. ૪૧૫) આવેલું છે.

"સમાજને અંગે એકંદર નીચે જણાવેલી ૨૨૩) નકલો બીન વેચાણે મફત્રી પડેલી છે:

સમાજને	ભેટ	નકલ	૯૫
લેખકોને	"	"	૪૮
શુભેચ્છકોને	"	"	૪૨
જાહેર ખબર		"	૧૧
નુકસાનીની		"	૨૭
			૨૨૩

"આમ વેચાણને માટે ૨૭૭ નકલ રહેલી હતી જે પૈકી ૬૦ નકલ અમારી પાસે આજ વેચાણ માટે સીલીક ખાતે છે. આ ઉપરથી જોઇ શકાશે કે વર્ષ દરમ્યાન રૂ. ૨૧૭) નું રોકડ વેચાણ કરેલું છે. વેચાણના આ રૂ. ૨૧૭) માં જાહેર ખબર પેટે મળેલા રૂ. ૬૭) ઉમેરતાં 'વીણા' ખાતે અમારી આવક રૂ. ૨૮૪) ની થાય છે.

"રૂ. ૪૧૫) ના એકંદર ખર્ચમાંથી રૂ. ૩૮૪) ની એકંદર આવક બાદ કરતાં 'વીણા'ને અંગે આ વર્ષ આગે રૂ. ૭૧) ની ખોટ બતાવેલી છે."

પરંતુ ચોકસાઈથી તપાસતાં ઉપરનો હિસાબ જરા આડાઅવળો હોતા સુધારાપાત્ર છે. એ સંબંધી સમાજના કાર્યવાહક મંડળે જે ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો છે તે, 'વીણા'નો કોઇ પણ વાચક એની આવકજાવક વિષે ખોટા ખ્યાલમાં ન રહે એ ખાતર, નીચે રજૂ કર્યો છે:

"૧૯૨૭ના કાર્યવાહક મંડળની તા: ૯-૧-'૨૭ ની બેઠક એમ ઠરાવે છે કે સમાજના ૧૯૨૬ના નિવેદનમાં 'વીણા'નો જે હિસાબ રજૂ થયો છે તે ગામુક રીતે બહાભરેલો હોઈ, ખરો હિસાબ 'વીણા'-૧૯૨૭ મારફત જાહેર કરવો. તે નીચે મુજબ છે:

"કુલ નકલ ૫૦૦ જાવક ખર્ચ રૂ. ૪૧૫

"નકલ ૫૦૦માંથી ૪૮ લેખકો, ૧૧ જાહેરખબરકો ને ૨૭ ઉધાઈ મળી ૮૬ ભેટ ને નુકશાની પેટે ગઈ છે. ખર્ચના હિસાબમાં જાહેરખબરની રૂ: ૬૭ની આવક થઇ હતી. પરીણામે આમ ૫૦૦-૮૬=૪૧૪ નકલ રૂ. ૪૧૫-૬૭= રૂ. ૩૮૪માં પડી મનાય. એમાં ૨૧૭ નું રોકડ વેચાણ, ૯૫ સભ્યો ખાતે ને ૪૨ ગુજરાતીઓને મળી ૩૫૪ નકલના રૂ. ૩૫૪ સમાજ તરફથી 'વીણા' ખાતે જમા થાય છે. ઉપરાંત જે ૬૦ નકલ બીન વેચાણ પડી છે તેના રૂ. ૬૦ માલજ઼ તરિકે સ્વીકારતા 'વીણા'ને રૂ. ૬૬ નો નફો રહે છે."

ઠરાવ ચોકખો ને ચટ છે એટલે તંત્રીને વિદ્વતા વાપરવાનું-ઊંડું ડહાપણ કરવાનું-રહેતું નથી. તોય બે શબ્દો લખાય નહિ તો એ તંત્રીપદું શાનું? એક ભૂલ થયા પછી એની કબુલાત અને પરીણામે દિલગીરી: આથી વિશેષ કશો વિધિ ન થાય તોય વીસમી સદી માટે એ પૂરેપૂરો વિવેક છે. સાહિત્ય ઉત્તેજક સમાજની ઉપસ્થાપિત શુદ્ધિ, પોતાના ઇતિહાસમાં ઊણપ નહિ પણ ઉચ્ચતાનાં દર્શન કરાવે છે.

અંગ્રેજ પાચમીજી કાઢવાના પ્રસંગ હશે ત્યારે એ બાબતનું ગોઠવેલું કે જ્યારે કોઈ છાપાનો તંત્રી નોંધ લખવા

અમે ને હું બેસે ત્યારે એને એકમાંથી અનેક થઇ જવું પડે અને 'હું' 'મને' ઇત્યાદિને બદલે 'અમે' 'અમને' લખવું પડે. એ જ્ઞાનનો ઉપયોગ, અનેક અંગત આંકડા રજૂ કરવાના હોઇ, અહિંઆંનથી થઇ શકયો એટલું સશોક સ્પષ્ટ કરૂં છું. એ પ્રયોગ ખોટો જ હોય-ભલે હોય-તો વાંક તીન અજ્ઞાનનો નહિ પણ નમ્ર આત્મનિવેદનનો છે.

...અકસ્માત ?

વાતમાંથી વાત જન્મે તેમ ભૂલમાંથી ભૂલ સાંભરે છે. 'વીણા' અંક ૧લા માટે લેખોની મહા મારામારી હતી. ત્યાં જાણે નારદજીએ જ મોકલી હોય એમ, અકસ્માતવશાત એક પ્રસિદ્ધિવાંચ્છુ લેખક નામે રા. ગજાનન જોશીની મદદ આવી મળી. સ્વ. દામોદર બોટાદકરનો એક અપ્રસિદ્ધ શંકરાભરણ-ઝૂલણા રાસ અમને એમના તરફથી મળ્યો. અને 'શૈવલિની'ના અન્ય રાસ સાથે સરખાવતાં એમાં અનેક સામ્ય હોવાથી વિનાશંકા છાપ્યો. એ છાપ્યો તો છાપ્યો પણ કેટલાક દિવસે રા. અમૃતલાલ દાણી તરફથી સમાચાર આવ્યા કે એ રાસ સ્વ. બોટાદકરનો હોઇ શકે નહિ. સંપાદક સાહેબને પૂછાવ્યું તો કહે રાસ આપ્યો છે જ કોણે: ને વાત જાણે છે જ કોણ ?

કી...છ...ક. પણ એમનાથી એક પાપ થઇ ગયું હતું. 'વીણા'નો અંક બહાર પડ્યો એ અરસામાં એમની સુજ સલાહ આવેલી કે સ્વ. બોટાદકરનાં પત્નીને 'વીણા'ની નકલ નહિ પણ રોકડ રૂપિયો તંત્રીએ મોકલી આપવો. બોગજોગે એક પત્તું મોજુદ હતું એટલે વધુ પડતું ન લખતાં એટલું જ એમને જણાવ્યું કે એ પત્તું ને અત્યારનો ઉત્તર બન્ને સાથે છપાશે એટલે એમની કિંમત ને રાસની હકીકત મફત પ્રગટ થઇ જશે.

હવે સીધા થયા વિના છૂટકો નહોતો. એકદમ કબુલ્યું કે એ રાસ તો એમનો પોતાનો હતો. આમ સ્વર્ગસ્થ દામોદર બોટાદકરને નામે નોંધાયલો રાસ વસ્તુતઃ પૃથ્વીસ્થ ગજાનન જોશીનો હતો.

આમાં એક વાત રહે છે. એ રાસ 'શૈવલિની'ના રાસ સાથે ખૂબ મળે છે; ટૂંકમાં રા. ગજાનન જોશીએ ૫-૬ લીટીઓ તો સ્વ. બોટાદકરની પરબારી ઉપાડી છે. બાકીનીમાં વાતાવરણ સ્વ. બોટાદકરનું છે. એટલે રા. ગજાનને તો આડકતરી કે સીધી રીતે રાસમાં પોતાનું કશું રહેવા દીધું જ નથી-કંઇપણ હોય તો માત્ર અપહરણકલા.

આ બધી વાત જુદા શબ્દોમાં, આછી રીતે 'સાહિત્ય'ના મે ૧૯૨૬ના અંકમાં છપાઇ ગઇ છે. પણ ઘરની વાત ઘરનાંએ તો પહેલી જાણવી જોઇએ એ ન્યાયે અહિં ઉતારી છે-જો કે કેટલાય તંત્રીઓ તો રા. ગજાનન જોશીનું નામ આ ઉપરથી ગોખી લે તોય નવાઇ નહિ.

એક ચર્ચાપત્ર

એક ચર્ચાપત્ર આવી ચડ્યું છે. ચર્ચાપત્રીને 'સાહિત્યમાં' એ છાપવા મોકલવાની સૂચના કરી—એ પાછું વાળતાં એમ લખી મોકલીને કે 'સાહિત્ય' ને 'ચર્ચાપત્ર' એ બે શબ્દોને કોઇ પુરાણુ કાળનું તળપદી સગપણ છે એટલે 'ચર્ચાપત્રો' તો 'સાહિત્ય'માં જ શોભે—તો વળી ત્રીજે દિવસે બપોરે એનું એ ચર્ચાપત્ર ટપાલમાં પાછું આવ્યું: એવી દલીલ સાથે કે 'ચર્ચાપત્રો' 'સાહિત્ય'માં જ છપાય છે એ વાત હડહડતી જૂઠી છે; રા. નરસિંહરાવ એમનાં ચર્ચાપત્રો મુખ્યત્વે 'વસંત'માં જ ક્યાં નથી છપાવતા ?......ને હાલહાલમાં રા. બળવંતરાયે 'ગુજરાતી'ને ક્યાં નથી હાથમાં લીધું ?......ને રા. મુનશી...ને રા. વિજયરાય......વાહ ! કેટલા ગણવું ? એટલે એ ઐતિહાસિક ચર્ચાપત્ર હવે તો છાપ્યા વિના છૂટકો નથી. તે આ રહ્યું:

'વીણા'ના તંત્રી,×

એકાદ બે ઘડી મોજ આપવાના બહાને મુંબાઇમાંથી એક અઠવાડિક છપાઇને બહાર પડે છે તે આપ જાણો છો ?* એના એક જ અંકની એકજ લીટીએ મારા સાહિત્યજ્ઞાનપર એવો અજબનો પ્રકાશ પાડ્યો છે કે એની જાહેર નોંધ લેવાને હું લલચાઉં છું. તમે તે છાપશો ખરા ?

એમાં એમ હતું કે અગાઉ 'સેહેની' સંજ્ઞાથી જે કવિતાઓ આવતી તે આપણા પ્રો. બળવંતરાયની છે, વસ્તુતઃ એ સંજ્ઞા જ પ્રો. બળવંતરાયની છે.

તંત્રીજી, મને યાદ આવે છે. 'સુદર્શન,' 'ચંદ્ર,' 'જ્ઞાનસુધા' વિગેરેના અંકો જ્યારે મેં વાંચેલા ને જ્યારે જ્યારે 'સેહેની'નાં કાવ્યો હું વાંચતો ત્યારે એનું લખનાર કોણ એ જાણવા અતિશય ઉત્સુક રહ્યા કરતો. આજ આટલા વર્ષે એ અજ્ઞાન દૂર થયું એ ઓછા આનંદની વાત ન ગણશો.

પછી થયું કે જ્યારે મારૂં અજ્ઞાન ખસ્યું ત્યારે મારા જેવા અન્યોનું મારે કેમ ન ખસેડવું ? એટલે જેનાં જેનાં કાવ્યોએ મારાપર અસર કરેલી એના ખરા લખનાર કોણ છે એની સતત શોધ ચલાવી, અરે ! ગામે ગામ રખડ્યો, ને પરીણામે જેટલું જાણ્યું તેટલું જણાવું છું.

× તંત્રીજી, 'વીણા' એટલે જ 'તંત્રી' નહિ ?+ —ચર્ચાપત્રી

+ હાજી. પણ 'તંત્રીજી' એટલે 'વીણાજી' નહિ. —તંત્રી

* શું કામ નહિ ? રા. પ્રેમજીની 'સેવાધારા' નવલિકા એકસીમ ગોર્કી 'The Signal' પરથી છે એ પણ વગરનું જપ ત્યાંથી જ હડ્યું હતું.–તંત્રી

સંજ્ઞા લેખક	લેખક પોતે
કલાપી	સ્વ. સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ
કાન્ત	સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ
પ્રેમભક્તિ	રા. ન્હાનાલાલ દલપતરામ કવિ
મકરંદ	સર રમણભાઇ મહીપતરામ નીલકંઠ

બીજા સંજ્ઞાધારીઓનાં ખરાં નામોની શોધમાં છું. જડશે એટલે ' વીણા ' ના આવતા અંક માટે મોકલીશ મોડામાં મોડું ક્યાં સુધી ચાલશે તે જણાવશો.

૨-૨-૧૯૨૧ લી• મુનિકુમાર મણિશંકર ભટ્ટના વંદે

એક ઉપકારની દરખાસ્ત મૂકું છું. ' વીણા 'ને લેખ લખીને, ચિત્ર દોરીને કે અન્ય કોઇ રીતે જેણે જેણે

આભારમાળા મદદ આપી છે તે સૌનો આ સ્થળે એકસામટો આભાર માનુ છું. તોય તે, અમુક વ્યક્તિઓનો વ્યક્તિગત આભાર માનવાની જરૂર જોઉં છું: તો બાકીનાને એટલીજ વિનવણી છે કે આનો અર્થ એ નથી જ કે એમના આભારને હું લેશમાત્ર પણ ઉતરતો ગણું છું—(નેપથ્યમાંથી અવાજ આવે છે કે તંત્રીએ એટલું જાણવું જોઇએ કે લેખકો એટલું જાણેજ છે)—અસ્તુ.

સ્વ. મણિભાઇની પત્રધારા સંબંધી રા. બલવંતરાય ઠાકોરનો આભાર નોંધવાનો લાભ લઉં છું. સ્વ. મણિભાઇના મળ્યા એટલા પત્રો એમને સુપ્રત કરતા એમાંથી તારવણી કરી કરી, તારવેલા પત્રોમાંથી વળી વાક્યોની તારવણી કરી એમણે, મુખ્યત્વે માત્ર અનુવાદનું કામ બાકી રાખી, કેટલીય ધ્યાનયોગ્ય સૂચના સાથે એ પત્રો પાછા સોંપ્યા. એ તારવણીને સંપૂર્ણપણે વળગી રહેવાનું મારાથી બન્યું નથી. તોય એમની મદદનું મૂલ્ય એથી કાંઇ ઘટતુ નથી. એ પત્રધારાનો પ્રવેશક પણ એવી જ મમતાનું પરીણામ છે.

અનુવાદની દિશામા પણ મુખ્ય મહત્વનો ધર્મમન્થનનો પત્ર તો પ્રસંગવશાત્ રા. રામનારાયણ પાઠકે અનુવાદી આપ્યો છે. એટલે એમનો આભાર પણ સ્વીકારી લઉં છું.

આ પત્રધારાને પ્રસિદ્ધિ આપવાની રજા માટે રા. લાભશંકર લક્ષ્મીશંકર ભટ્ટ અને રા. મુનિકુમાર મણિશંકર ભટ્ટનો ગુજરાતે આભાર સ્વીકારવાનો છે—હું તો સ્વીકારૂં જ છું.

તંત્રીના ચશ્માંમાંથી

એક બીજી વાત. સદ્‌ભાગ્યે સ્વ. મલયાનિલની ' એક બે કૃતિ ' વીણા 'ને મળી છે. સ્વ. મલયાનિલની નવલિકાઓ એ ' વીસમી સદી 'નું અજબ આકર્ષણ હતું. એવો ' ગોવાલણી 'નો લેખક ફરી વાર મળવો મુશ્કેલ છે. એવા નવલિકાકારની અપ્રસિદ્ધ કૃતિઓ આપવા બદલ શ્રી. ભાનુબ્હેન મહેતાનો સહૃદય આભાર માનતાં માનતાં એક સૂચના કરવાનું સાહસ કરું છું. સ્વ. મલયાનિલની પ્રસિદ્ધ ને અપ્રસિદ્ધ નવલિકાઓનો જો એઓ સંગ્રહ બહાર પાડે તો આપણા ખીલતા જતા નવલિકાસાહિત્યમાં એક એવો ઉમેરો થાય કે જે માત્ર પોતાના વિભાગનું જ નહિ પણ આખા ગદ્ય-સાહિત્યનું પણ અનન્ય અંગ બની રહે.

શ્રદ્ધા છે કે ઉપલી દરખાસ્તને વાચકવર્ગનો ટેકો મળી રહેશે.

આખર એક વિનતિ. ' વીણા 'ના લેખક, ચિત્રક, શુભેચ્છક, જાહેરખબરક, ગ્રાહક ને વાચક એકેએકને નમ્ર વિનતિ

એક વિનતિ છે કે આ અંક વિશેનો પોતાનો વ્યક્તિગત મત લખી મોકલવા જરૂર તસ્દી લે. ખાત્રીબંધ કહેવાની રજા લઉં છું કે ક્યાંય ' વીણા 'ની જાહેરખબરમાં એનો સદુપયોગ નહિ જ થાય. દાનત એટલી જ છે કે જાહેર પ્રજાનો અંગત અવાજ આમ સુણી શકાય તો ભવિષ્યમાં આપમેળે સુધારા વધે ને કુધારા ઘટે.... પછી તો જેને જેવી બીક.

એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, અગિયાર, બાર. ઘડિયાળના આ ગણતા ટકોરા

વિદાય છે. તંત્રી એને ચશ્મા ઉતારવાની ટ્રેન્ડ્રી તરિકે માની લે છે.

યશવંત સવાઇલાલ પંડ્યા

The little that is done seems nothing when we look forward and see how much we have yet to do.
Goethe

વીણા

૧૯૨૮

વાર્ષિક

તંત્રી

સનાતન જન્મશંકર બુચ

તંત્રીના ચશ્માંમાંથી

એક બીજી વાત. સદ્‌ભાગ્યે સ્વ. મલયાનિલની એક બે કૃતિ 'વીણા'ને મળી છે. સ્વ. મલયાનિલની નવલિકાઓ એ 'વીસમી સદી'નું અજબ આકર્ષણ હતું. એવો 'ગોવાળણી'નો લેખક ફરી વાર મળવો મુશ્કેલ છે. એવા નવલિકાકારની અપ્રસિદ્ધ કૃતિઓ આપવા બદલ શ્રી. ભાનુબહેન મહેતાનો સહૃદય આભાર માનતાં માનતાં એક સૂચના કરવાનું સાહસ કરૂં છું. સ્વ. મલયાનિલની પ્રસિદ્ધ ને અપ્રસિદ્ધ નવલિકાઓનો જો એઓ સંગ્રહ બહાર પાડે તો આપણા ખીલતા જતા નવલિકાસાહિત્યમાં એક એવો ઉમેરો થાય કે જે માત્ર પોતાના વિભાગનું જ નહિં પણ આખા ગદ્ય-સાહિત્યનું પણ અનન્ય અંગ બની રહે.

શ્રદ્ધા છે કે ઉપલી દરખાસ્તને વાચકવર્ગનો ટેકો મળી રહેશે.

એક વિનતિ આખર એક વિનતિ. 'વીણા'ના લેખક, ચિંતક, શુભેચ્છક, જાહેરખબરક, ગ્રાહક ને વાચકઃ એકેએકને નમ્ર વિનતિ છે કે આ અંક વિષેનો પોતાનો વ્યક્તિગત મત લખી મોકલવા જરૂર તસ્દી લે. ખાત્રિબંધ કહેવાની રજા લઉં છું કે ક્યાંઇ 'વીણા'ની જાહેરખબરમાં એનો સદુપયોગ નહિં જ થાય. દાનત એટલી જ છે કે જાહેર પ્રજાનો અંગત અવાજ આમ સુણી શકાય તો ભવિષ્યમાં આપમેળે સુધારા વધે ને કુધારા ઘટે... પછી તો જેને જેવી બીક.

વિદાય એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, અગિયાર, બાર. ઘડિયાળના આ રાતના ટકોરા છે. તંત્રી એને ચશ્મા ઉતારવાની મંજૂરી તરિકે માની લે છે.

યશવંત સવાઇલાલ પંડયા

The little that is done seems nothing when we look forward and see how much we have yet to do.
Goethe

અંક ૩ | ૧૯૨૮

વીણા

વાર્ષિક

ચિત્ર	ચિત્રકાર	પાનું
હેમન્તકાલ	રા. કનુ દેસાઈ	મુખ પૃષ્ઠ
સ્વ. રામપ્રસાદ જેશ્વર		

લેખ	લેખનાર	
પ્રાર્થના	સંપાદક રા. રા. રસીકલાલ પરીખ	૧
સદ્બોધ	મહાત્માજી	૩
કાળની પંજરી	રા. ન્હાનાલાલ દલપતરામ કવિ	૪
સબસીડિઅરી સીસ્ટમ	કાકા કાલેલકર	૫
ચિન્તન સૌન્દર્ય	રા. મોહિનીચંદ્ર	૬
અમે-એ અને હું	રા. મધુકર	૯
સ્ત્રીઓના લેખો	એક પત્ર	૧૪
પરસેવાના પાણીટમા	રા. ઓલીયા જોશી	૧૭
કૃષ્ણા	રા. નવનીતલાલ એમ. ચોકસી	૨૨
ખડર ઉપર	રા. દેશળજી પરમાર	૩૨
નવેમ્બરની ડાયરીમાંથી	રા. વિનોદકાન્ત	૩૩
રસ કાવ્યો	રા. રસડાંખળી	૩૮
ગંગાયમુનાને–	રા. લલિત	૪૦
વિકાસવાદ વિષે થોડુંએક	રા. આપુજી વિશ્વનાથ પાઠક	૪૧
ર.જ.ક.ણુ.	રા. ધુમકેતુ	૫૨
યોગીરાજને નિમંત્રણ	રા. રમણીકલાલ અમૃતલાલ હીંડયા	૫૭
બસ, પરણો જ	રા. વસુભાઈ	૫૯
બ્હેનને	રા. સ્નેહરશ્મિ	૬૫
એક રસનાટિકા	રા. સુન્દરમ્	૬૭
એક ચિઠ્ઠી	સ્વ. કલાપી	૭૭
પત્રોમાંથી થોડુંક	સ્વ. રામપ્રસાદ હરપાળ જેશ્વર	૭૯
પ્રેમને ખાતર	રા. સનાતન જન્મશંકર બુચ	૮૪
ભૂલભ્રમો	રા. નટવરલાલ ચીમનલાલ ચોકસી	૯૬
કર્ણ અને અર્જુન	રા. કૃષ્ણચંદ્ર ગંગાશંકર ભટ્ટ	૧૦૨

લોકવાર્તાઓનું વાતાવરણ રા. મંજુલાલ રણછોડલાલ મજમુદાર ૧૦૭
મંત્ર રા. ત્રીભુવન ગૌરીશંકર વ્યાસ ૧૨૨
સનમને રા ત્રંબક દવે ૧૨૪
ઉચ્ચાં અમારાં ઉડવાં રા. યશવંત પંડ્યા ૧૨૮
તંત્રીસ્થાનેથી ૧૪૯
યુગના યુગધર્મ રા. ન્હાનાલાલ દલપતરામ કવિ

નિરોગી અને બળવાન શરીર તેજસ્વી મુખમુદ્રા • અને મધુર કંઠ તીવ્ર અને ચમકદાર બુદ્ધિ શક્તિ પોતાને હોય એવું કોણ ન ઈચ્છે?

હિમાલયમાંથી મંગાવેલી અણમોલ ઔષધિ

બ્રાહ્મી

ના નિત્ય સેવનથી એ બધું પ્રાપ્ત કરી શકાય છે.

બ્રાહ્મીમાંથી બનતી નીચેની વસ્તુઓ તૈયાર મળે છે.

બ્રાહ્મી તેલ ૧૦ તોલાના ૦-૧૫-૦ બ્રાહ્મી ગોળી નંગ ૪૦ ના ૧-૦-૦
બ્રાહ્મી શરબત ૧૦ તોલાના ૦-૧૫-૦ બ્રાહ્મી ઘૃત ૧૦ તોલાના ૧-૦-૦
બ્રાહ્મી પત્તાં ૫ તોલાનાં ૦-૮-૦

એલ. કે. મેઘાણી ૧૪. અમરતલા **કલકત્તા.**

વીણા

વાર્ષિક

પ્રથમ અંક

એક પણ નકલ બાકી રહી નથી.
મહેરબાની કરી કોઈએ મંગાવવો નહિ

મુદ્રણસ્થાન : 'વસંત' મુદ્રણાલય
મુદ્રક: ચીમનલાલ ઈશ્વરલાલ મહેતા
ઘીકાંટા રોડ :: અમદાવાદ

વીણા

:: વાર્ષિક ::

: અંક ત્રીજો :: ઈ. સ. ૧૯૨૮ :

∴ તંત્રી મંડળ ∴

રા. રા. ચીનુભાઈ નારણભાઈ પરીખ
રા. રા. રતિલાલ મણિલાલ દલાલ
રા. રા. મુકુન્દરાય ચીમનલાલ પંડ્યા
રા. રા. નટવરલાલ ચીમનલાલ ચોકસી
રા. રા. સનાતન જન્મશંકર બુચ (તંત્રી)

સાહિત્ય ઉત્તેજક સમાજ
: રાયપુર :
અમદાવાદ

સાચી શક્તિનો સંગ્રહ કેમ કરશો ?

આંતરડાનો સડો અટકાવી

પાચનશક્તિને ખુબ ખીલવી
સંગીનમાં સંગીન ખોરાક પચાવી

ધાતુની નબળાઇ

જ્ઞાનતંતુની નબળાઈ
સાધારણ નબળાઈ

ગમે તે નબળાઇ મટાડી

તંદુરસ્તી તાકાતની જમાવટ કરનાર
બધી મોસમમાં વાપરવા લાયક

ઝંડુની સુવર્ણમિશ્રિત

મકરધ્વજ ગુટી

પુર્ણચંદ્રોદય તથા સોનું તથા
ચંદ્રોદયનું અનુપાન મેળવી
બનેલી સોનેરી પડવાળી

સુંદર ગોળીઓ વાપરી

સાચી શક્તિનો સંગ્રહ કરો.

ઝંડુ ફાર્માસ્યુટીકલ વર્કસ લીઃ

મુંબઈ નં. ૧૪

અમદાવાદના એજન્ટઃ ભોગીલાલ બ્રધર્સ, ૧૧૪, રીચીરોડ

કીંમતઃ-તોલા એકના રૂપીઆ આઠ

વધારે વિગત માટે મકરધ્વજનું માહિતીપત્ર માગો

पीलु

हेमन्तकाल. समुपागतोऽयम्

चित्रकार . सतु देसाई

[illegible]

विन्देम देवतां वाचममृतामात्मनः कलाम्।

अहं राष्ट्री संगमनी वसूनां चिकितुषी
प्रथमा यज्ञियानां। तां मा देवा व्यदधुः
पुरुत्रा भूरिस्थात्रां भूर्यावेशयन्ती ॥ ३ ॥

अहमेव स्वयमिदं वदामि जुष्टं देवेभिरुत
मानुषेभिः। यं कामये तं तमुग्रं कृणोमि
तं ब्रह्माणं तमृषिं तं सुमेधां ॥ ५ ॥

अहं रुद्राय धनुरा तनोमि
ब्रह्मद्विषे शरवे हंतवा उ। अहं जनाय समदं
कृणोम्यहं द्यावापृथिवी आविवेश ॥ ६ ॥

ऋग्वेद–वाग्सूक्तम्

હું રાષ્ટ્રી છું, વસુઓની ભેગી કરનાર છું, ચિકિતુષી છું, યજ્ઞિ-ઓમાં પ્રથમ છું. તે મને દેવોએ બહુમાં રહેલીને, બહુમાં પ્રવેશ કરતીને બહુસ્થાનોમા મૂકી.—૩—

હું જ સ્વયં આ બોલું છું—દેવો અને માણસોને ગમે એવું—, હું જેને ઇચ્છું તેને તેને ઉગ્ર કરું છું—તેને કવિ, ઋષિ, સુમેધાવી કરું છું—૫—

હું રુદ્ર માટે બ્રહ્મદ્વેષી હિંસકને હણવા માટે ધનુષ તાણું છું. હું માણસને સમદ કરું છું. મેં દ્યાવાપૃથ્વીમાં પ્રવેશ કર્યો.—૬—

ઋગ્વેદ ૧૦–૧૨૫ વાક્‌સૂક્ત

(રા. રા. રસિકલાલ પરીખની વૈદિક પાઠવલીમાંથી એમની જ સૂચનાથી.)

સદ્બોધ

પરમ પૂજ્ય મહાત્માજી

૧ ઉત્તમ વિદ્યા કઈ?	આત્મજ્ઞાન
૨ યૌવનનું ભૂષણ શું?	બ્રહ્મચર્ય
૩ પ્રજાની સંસ્કૃતિનું શ્રેષ્ઠ લક્ષણ કયું? . .	સત્યનિષ્ઠા
૪ જીવનની સાર્થકતા શેમાં? .	પોતાને ઓળખવામાં
૫ જીવનનો શ્રેષ્ઠ આદર્શ કયો? . .	સત્યાગ્રહ
૬ સ્ત્રીનું પ્રશંસાયોગ્ય લક્ષણ કયુ? . .	પવિત્રતા
૭ પુરુષનું પ્રશંસાયોગ્ય લક્ષણ કયુ? . .	પવિત્રતા
૮ આપનું પ્રિય પુસ્તક કયું? . . .	ગીતાજી
૯ આપને સૌથી પ્રિય શું?	સત્ય
૧૦ સહી	મોહનદાસ

ગુજરાત મહાવિદ્યાલયના કેટલાક વિદ્યાર્થીઓ 'અંજન' નામનું ત્રૈમાસિક હસ્તલિખિત પત્ર ચલાવે છે તેને માટે ઉપરના પ્રશ્નોદ્વારા મહાત્માજીનો સદ્બોધ ખાસ મંગાવેલો. 'વીણા'માં તે પ્રસિદ્ધ કરવા લખી પૂછયું હતું.

-તંત્રી

કાળની ખંજરી

ન્હાનાલાલ દલપતરામ કવિ

કાળની ખંજરીના ઝણુકાર
ઝીલજો, ભવરણુના રમનાર !

રજની આથમે, દિવસ ઉગે છે, દિશા ઉઘાડે દ્વાર;
યુગ ઉતરે, નવયુગ બેસે આ; એના મહાઉચ્ચાર—
એહવા વીરના ધનુટંકાર
ઝીલજો, ભવરણુના રમનાર !

શીંગી વાગી, શંખ પૂર્યા દુંદુભિ દે છે વિધિકાલ;
અવની ઉરમાં, ગગન ગુફામાં ગાજે યુગના બોલ;
ભૂત ભવિના એ ભણુકાર
ઝીલજો, ભવરણુના રમનાર !

રુદ્ર ન્હોતર્યા, જોગણી ન્હોતરી, ન્હોતરિયા યમદેવ;
ભાગ્યબોલ બોલે છે આજે કાળપુરુષ સ્વયમેવ;
ઝીલજો, ભવરણુના રમનાર !
કાળની ખંજરીના ઝણુકાર

કાળની ખંજરીના ઝણુકાર
ઝીલજો, ભવરણુના રમનાર !

સબસીડિયરી સિસ્ટિમ

કાકા કાલેલકર

" તમે તસ્દી નહિ લેતા,

તમારું કામ અમે કરીશું "

એમ કહેનારાઓથી ચેતજો. અંગ્રેજો એજ રીતે વેપારમાં અને રાજ્યમાં આપણા ઉપર સવાર થયા.

ધર્માચાર્યોએ પણ એજ ભાગ ભજવ્યો મનાય; અને દુનિયાના લાવણીકારો પણ આજે એ જ વચન ઉચ્ચારે છે

યથાપરપથં દુઃખમ

તિરપુર, દિવાળી.

ચિન્તન સૌન્દર્ય

મોહિનીચન્દ્ર

(અંજની ગીત)

૧

દિન-રજનીના કુંડા ઢોળી,
કનક કિરણની પીંછી બોળી:
સન્ધ્યાની સુન્દરતા ઘોળી,
જીવન ચીતરજો,

૨

નવ આશાનો શીતળ વાયુ-
ઉજમાળું કરી દે અમ આયુ:
પ્રફુલ્લતાથી ઉર ઉભરાયું
ઉજ્જ્વળ બળ દેજો,

ચન્દ્ર ઉગે આકાશે જ્યારે-
ઉદધિ આ ઉછાળા મારે:
અન્તર આ ઉલ્લાસે ત્યારે
નભમાં વિલસજો.

૩

ફુલ-ફુલની મકરંદ વછૂટે:
સૂર્યરાજની ટશરો ફૂટે.
ઇન્દુતણી અંગુલિઓ છૂટે:
ઘર-ઘરમાં આજો.

પવિત્રતાને મ્હેલ ગુલાબી-
પથરાવી કુમકુમની ગાદીઃ
પ્રેમભરી ચાદર બિછાવી
સુહવજે આજે.

૪

ઇચ્છાની વેલડીએ ચડતો-
આત્મા મારો રમતો ભમતોઃ
દશે દિશાએ શોધી વળતોઃ
દર્શન તું દેજે.

૫

સચરાચરની ચોકી કરતોઃ
અણુ અણુમાં દીવો બની બળતોઃ
બ્રહ્માંડે ખોળ્યો ના જડતોઃ
સૂક્ષ્મ બધે રાજે.

સાગરની ગંભીરતા માપી-
પૃથ્વીની પણ સીમા માપી-
વ્યોમ-ભવ્યતા માંહી વ્યાપી-
સૂક્ષ્મ બધે રાજે.

કાંકરની કોમળતા કરતોઃ
શુષ્ક ભૂમિમાં રસ રેલવતોઃ
અવકાશે સૌરભભરી રમતોઃ
સૂક્ષ્મ બધે રાજે.

નેત્ર તણાં પરિમિત અજવાળાં
ઓળંગી તુજ પગલાં પડતાંઃ
દિવ્ય દિવ્ય કંઈ હસી હસવતાંઃ
સૂક્ષ્મ બધે રાજે.

રુદનમાં કલ્લોલ મચાવી,
ભીતિમાં નિર્ભયતા લાવી,
મોહ મહીં પ્રીતિ ફેલાવી.
સૂક્ષ્મ બધે રાજે.

આંખોથી જોવાય નહિ તું:
કાનોથી સૂણાય નહિ તું:
મોઢથી બોલાય નહિ તું:
સૂક્ષ્મ બધે રાજે.

માગું માગું ત્હોય મળે નહિ:
જાગી જોઉં ત્હોય જડે નહિ:
નિદ્રામાં સ્વપ્નાં આવે આઢ:
સૂક્ષ્મ બધે રાજે.

અનન્ત આનન્દે છલકાતો,
વિરાટ થઇ લઘુતામાં વસતો;
ચૌદ ભુવનના પ્રાણ નચવતો:
સૂક્ષ્મ બધે રાજે.

૬

તારકગણ તુજ તેજલ આંખે–
ભાવિ તણી મુજ કથની ભાખે:
પરમ ધામનો મારગ દાખે:
ધીમે દોરવજે.

દૂર દૂર ઉંચે રહી ગાજે:
મૂર્તિ ત્હારી હૃદય બિરાજે:
હાથે હાથ મિલાવી આજે.
સ્નેહે દોરવજે.

પત્થરમાં ચેતન પ્રગટે ત્યાં,
કંટકમાં ગુલાબ ખીલે ત્યાં,
મૃત્યુમાં અમૃત વિલસે ત્યાં,
અમને દોરવજે.

અમે—એ અને હું

મધુકર

જીન્દગીની ઉણપો પૂરવા જ કલ્પના અને સ્વપ્નાં આવે છે એવું વાચનાર ! ત્હમને નથી લાગતું ? કેટલાક કલ્પનાજીવી ને સ્વપ્નજીવી હોય છે. જીન્દગીમા નથી ત્હેની જ. તેઓ સુન્દર કલ્પના કરી શકે છે. મ્હારો મિત્ર વસુપરણ્યે પ્રેમના સર્વાંગ સુન્દર કાવ્યો રચે છે. કલ્પનાની મિઠાશ જ ઓર નથી ?

In some close corner of my brain:
There I embrace and kiss her:

આજ હું નિદ્રામાં સ્વપ્નહિંડોળે હિંચકતો હતો ત્હાં પરોઢિયે પવનદેવનાં પગરણુ થયાં ત્હેની યે મ્હને ખબર ન પડી. એને મ્હેં જોઇ, અમે જરા બોલ્યાં ત્હારથી જ મ્હને એવું કામણુ લાગ્યું હતું. મ્હારી આંખ આગળ જ એ હમેશાં તરવરતી. રાત્રે સ્વપ્ને પણુ આવીને મ્હને કરાંગુલિથી રમાડતી. સ્હવાર પડે ને

જાગીને જોઉં તો સુનનુ દીસે નહિં !

એમ હું સુતો હતો ને પવનની મીઠી લ્હેરે ને જાગ્યો. મોરલિયા ને કોયલો ટહુકી: દૂર દૂર વનમાં જાણે દિવ્ય સંગીત શરૂ થયું ને

હું જાગ્યો. પણ આજ તો હું ઉઠ્યો તે પ્હેલાં જ મ્હારી ઉપર ફૂલડાં વેરાયાં. મ્હારી બારીમાંથી કોઇકનું કિલકિલાટ હાસ્ય વરસ્યું. હું ઝબકીને બારીએ ગયો ત્યાં કોઇયે ન્હોતું. કલ્પના ઉડી ગઈ.

હું બારીએ ઉભો ને આસપાસ ઉંચેઇ જોવા માંડ્યો. ક્યહાં ઉડી ગઇ ? હું કલ્પનાની પાછળ ઉડ્યો ને સારૂંયે વિશ્વ ફરી વળ્યો. ક્યહાંક મોહની ઝાંખપ ન્હડી; ફીકી જેવડા હાથ પડ્યા પણ ઉડ્યો. અન્તે થાક્યો. ક્યહાંય ન જડી. પાછો બારીએ આવ્યો ત્યહાં મ્હારી જ વાડીમાં દૂર દૂર એનાં દર્શન થયાં. મ્હને મ્હારી મૂર્ખાઇ ઉપર હસવું આવ્યું.

કલ્પના ને સ્વપ્ના આખર તો જુઠ્ઠાં જ ને ? સાચ્ચી તો એ જ.

* * * *

પ્રાતઃકાલે દેવનું પૂજન કરીને હું મ્હારી રસમૂર્તિનાં દર્શને જતો.

કોઇકવાર છતે દિવસે અંધારે ચાલતો. મ્હને ખબર ન પડતી કે મ્હારી દેવી મ્હારી જ વાડીમાં છે.

જીન્દગીમાં ઉણપ લાગે છે ત્યહારે જ કલ્પનાઓ આવે છે.

મ્હારા બાગમાં જ આજ વસન્ત પ્રફુલ્લી હતી. મ્હારા અન્તરમાં યે એમ જ હતું. એનો મઘમઘાટ મ્હને આનન્દઝોલે આજ ઝુલાવતો હતો.

વાંચનારા ! ત્હમારૂં કોઇ પ્રિયજન છે ને ? એમને ત્હમે મળ્યા છો ? એ મળ્યા ત્હારે ત્હમારા હૃદયના ભાવ હતા એ જ આજ મ્હારા હતા. એ શી રીતે લખું ? કોઇથી લખાયા છે ?

ઓધવજી ! છે અળગી રે વાત એક પ્રેમતણી.
એ વાતો કોઇ લખી શક્યું છે ? એ તો
અનુભવી જાણે રે.

અને હું ચાલ્યો. આજ મ્હારી રસમૂર્તિનું પૂજન કરવાનું હતું.

વાડીમાં એક ન્હાનકડું વૃક્ષ હતું ત્યહાં તે ઉભી હતીઃ જાણે કૌમારની વેલડી ! એ કુમારિકાનું યશોગાન તો મહાકવિએ એક જ શ્લોકમાં ગાયું છે :

अनाघ्रातं पुष्पं किसलयमलूनं कररुहै
रनाविद्धं रत्नं मधु नवमनास्वादितरसम्
अखंडं पुण्यानां फलमिव च तद्रूपमनघम्

[શાકુંતલ]

એ અનઘ રૂપવાળી પવિત્ર કુમારિકા અણસૂંઘ્યાં ફૂલ સરાખડી ત્હાં ઉભી હતી. ગૌરાંગી નહિં ત્હોયે ગૌરવભરી એ સુન્દર કુમારી ઉભી હતી.

ઘણીવાર બહુ ગોરાં ફૂલમાં સુગન્ધ થોડી હોય છે. આ કુમારિકા તો ખોરસલ્લી જેવી હતી: પરિમલનો તો જાણે ફુવારો!

* * * *

એ જ મ્હારી દેવી.

આછી ત્હોયે અંગઅંગને લજ્જાંએ ઢાંકતી નીલેરી ઓઢણી ત્હેણે પ્હેરી હતી. ત્હેની સોનેરી કોર જમણા ગાલ ઉપરથી સરતી સરતી હૈયા ઉપર ઢોળાતી હતી. જમણી કટિએથી જલધોધ શો શ્વેત ચણિયાનો રેશમી ઘેર ધરતી ઉપર ઢોળાતો હતોઃ જાણે કૌમારની ઊર્મિઓની સંકેલેલી કલા! ચોળીમાંથી નીતરતી જાણે અન્તરની પવિત્ર રસધારા! ઉરદેશે ઓઢણીનો છેડો વારંવર ઉંચો લઈ લઈને એ કૈંક સંતાડતી. શું સંતાડતી તે કૌતુક હતું. કોઈ કહે ત્હાં મનોજદેવ પધાર્યાં છે, કોઈ કહે ત્હાં પ્રેમનું ગન્દિર છે, અને એમ અનેક કલ્પના થતી, મ્હેં તો પાછળથી જાણ્યું કે ત્હાં કોણ છે.

લાવણ્યભર્યા કંઠે એક સુવર્ણાભરણ ફરતું હળતું હતું ને હૈયે સરી જતું હતું. ઉષાને મુખડે શુક્રતારક સમી હીરાની શ્વેત ચૂંક ઝબક ઝબક થતી હતીઃ જાણે વીજળીનો ફુવારો! ત્હેની ચપળ કીકી શા લોલવિલોલ કર્ણફૂલ કાને ઝૂલતા હતાં. કેશકલાપની અલકલટાવલી લ્હેરીઆં પાડતી અંબોડામાં સમાતી હતી.

ભમ્મરનાં સિંહાસન હજી તો રચાતાં હતાં.

જેમ કો નુવીન દેવમન્દિરમાં દેવને પધરાવવા તૈયારી થાય તેમ હેને દેહમન્દિરે—એ દેહમન્દિરને ખડે ખડે વસન્તદેવ અને મદનદેવની મિત્રજોડલીના સ્વાગત માટે સામગ્રી તૈયાર થતી હતી. અંગઅંગે કોકિલા ટહૂકતી ને વસન્તને ન્હોતરતી. રોમરોમ પ્રેમપરિમલ મ્હેકતો ને મદનને ન્હોતરતો.

પગનાં ન્હાનાં નૂપુરની ઘુઘરી ઘમકતી: જાણે અન્તરની સિતારીના તાર ઝણઝણ્યા! અદીઠ ને અનુપમ.

નવમધુ સરીખડી ત્હેની મિઠાશ તો મ્હેક—મ્હેક મઘમઘી ઉઠી હતી. એ મઘમઘાટ લેવા હું પાસે ગયો.

* * * *

સોટીઉં વાળીને નીચે વદને એ ઉભી હતી. હું પાસે ગયો. એટલે ભમ્મર સરસાં બે નયતીર મ્હારી ઉપર ફેંક્યાં: જાણે શરમની સેર ફૂટી. બે કટાક્ષ ફેંકી નયનને વાળી લીધાં, મુખની તો જાણે ગુલાબની કળી બનાવી દીધી!

એ કટાક્ષમા ને એ ગુલાબીમાં મ્હેં ત્હેના અન્તરનો થનગનાટ વાંચ્યો.

જોયું જોવાય નહિં આંખના તારાની સ્હામે,
બોલ્યું બોલાય નહિં ઉરના આરામ સ્હામે;
કૈંક જોઉં, કૈંક બોલું;
ઉરે એમ થાય છે,
ને હસી પડાય છે:
વ્હાલાં પ્રાણ સમાં પ્રિયજનને જોતાં કૈંક થાય છે,

(લલિત)

ગુલાબની સૌરભ લેવા ભ્રમર જાય તેમ હું ચાલ્યો. પણ ત્ય્હાં તો એક ભમરો આવ્યો ને ત્હેને પજવવા માંડ્યો; એ ત્હેને ઉડાડવા મંડી. ગામ્ભીર્ય ભાંગી પડ્યું. એટલે હું હસ્યો. એ યે કિલકિલાટ હસી પડી: મુખનું ગુલાબ ખાલ્યું. મ્હેં ત્હેનું અમૃત લીધું.

મ્હારો એક મિત્ર સંસ્કૃતનો ખાં છે. ત્હેણે મ્હને કહેલું:

अधरमधु वधूनां भाग्यवन्तः पिबन्ति ।

મ્હને થયું કે આજથી હું ભાગ્યશાળી બન્યો.

*　*　*　*

પુરુષ જીવનનો જુગારી છે. એ જીવનમાં જુગાર જ રમ્યા કરે છે. સંસારના અટપટા શેતરંજ ઉપર દાવના દાવ બેસે જાય છે. હારે છે ને જીતે છે. પણ જ્હારે ત્હેમાં થાકે છે ત્હારે સુન્દરી ત્હેને અમી પાઇને સ્વસ્થ બનાવે છે. સુન્દરી જીવનનું અમૃત છે, મિષ્ટાન્ન છે, સૌન્દર્ય છે, સંગીત છે. એ બધું એની પાસેથી મ્હેં જાણ્યું. એ મ્હારા ઝેર ઉતારે છે, મ્હને સૌન્દર્યનું દર્શન કરાવે છે, મ્હને મીઠાશ પીરસે છે, મ્હારી કર્કશતા ટાળે છે, મ્હારૂં જીવન એના પરિમલથી જ પવિત્ર ને ઉજળું બનાવી દે છે.

તે દિવસે મ્હેં પ્રણયમધુ પીધું અને
સુધાનાં સત્ત્વોનું મધુર મધુ કોને નવ ગમે?

कान्त

એ પ્રણયમધુ જગતનું જીવન છે, ચેતન છે, સર્વસ્વ છે. એ કોને ન ગમે? પ્રેમનાં મધ પી પીને તો મસ્ત પ્રેમીલાઓ જગતમાં આનન્દમાં રાચે છે. એ સુધાનાં સત્ત્વો સારવેલું સાત્ત્વિક મધ પીને ગોપિકાઓ ગાતી કેઃ

મધ પીને મસ્તાની થઈ.

મ્હને યે આજે એ અમીનાં સત્ત્વભર્યું પ્રણયમધુ મળ્યું ને હું તે દિવસથી મસ્ત બનીને આનન્દમાં મ્હાલું છું. એ પ્રણયમધુનો આસ્વાદ સદૈવ લઉં છું. એનો સંતોષ થયો નથી—થતો નથી—થશે યે નહિ.

અત્યારે ને હવે તો મ્હને
સુધાનાં સત્ત્વોનું મધુર મધુ એ એક જ ગમે.

સ્ત્રીઓના લેખો

***એક પત્ર.**

પ્રિય ભાઈ,

"વીણા" માટે તમારું આમંત્રણ મળ્યું.

x x x x

અને તમે લખો છો કે તમારી પાસે એક પણ સ્ત્રીનો લેખ નથી તો મોકલી આપો. પણ પ્રથમ તો હું ક્યાં લખું છું જ એ તમે સારી રીતે જાણો છો. અને બીજું એ કે તમને સ્ત્રીઓના લેખો વિષે

* એક પ્રસિદ્ધિમાં નહિં આવેલાં વિદ્વાન બ્હેનને "વીણા" માટે આમંત્રણ આપેલું. 'લેખ નથી લખતી' એમ દલીલ કરીને લેખ ન મોકલ્યો. પણ એમના વિગતવાર પત્રમાં જ લેખ જેવું ઘણું છે તેથી અંગત કે એવો ભાગ બાદ કરી તે અત્ર પ્રસિદ્ધ કર્યો છે. -તંત્રી.

આટલો બધો મોહ શા માટે છે એ મ્હને નથી સમજાતું. અત્યારે ગુજરાતમાં એક અપવાદ સિવાય કઇ સ્ત્રી ચિન્તનશીલ ને ઉત્કૃષ્ટ પ્રકારનું લખાણ લખી શકે છે? અપવાદ તે શ્રી. તારાબ્હેન મોડકનો. બીજાં બધામાં તો ત્હમારા જેવા લખે કે લેખ મોકલો ને મ્હારા જેવી કોઈ હોય તે વખત હોય ન હોય તો પણ એકાદ બે અંગ્રેજી ચોપડીઓ વાંચી હોય ત્હેના જ વિચારો મૂકીને મોકલી આપે એ વિચારો આપણા સમાજને અનુકૂળ છે કે નહિં તે નહિં જોવાનું. ત્હમારા જેવા વળી સ્ત્રીનો લેખ માટે પ્હેલો છાપે. મ્હને તો ઘણીવાર લાગે છે કે વગર વિદ્વત્તાએ વિદ્વાન ગણાવું હોય તો કોઈ પણ બી.એ. થએલી સ્ત્રી માટે એ અત્યંત સુલભ છે. અને આજનાં સ્ત્રી-લખનારાં કહો તો ત્હમને ગણાવું ને કહું કે કોનામા કેટલું છે. ચાલો, ગણાવું–

× × × ×

તેટલા માટે એમ માનશો નહિં કે હું પણ બી. એ. થઇ છું તેથી લખનારી પણ થઈ ગઈ. એવો સ્ત્રીના લેખો માટે હવે ત્હમારો મોહ જવા દો. કોઇ સ્ત્રીના દ્ખથી ત્હમારૂં "વીણા" સમૃદ્ધ થઇ જશે એમ ન માનશો.

પણ એક ચેતવણી આપું છું. સ્ત્રીઓ લેખો ન લખી શકે એમ કોઇ માનતુ હોય તો મ્હારો સખ્ત વિરોધ છે. માટે મ્હારા ઉપરના કહેવા ઉપરથી ત્હમે એમ ન માનશો.

× × × ×

મ્હને તો એમ લાગે છે કે અમારૂં એ ક્ષેત્ર નથી. મ્હારા જેવી ભણેલી તરફથી આ વાક્ય વાંચી ત્હમને આશ્ચર્ય થયા વિના નહિં રહે. પણ મ્હને તે ખરેખરૂં એમ લાગે છે. યૂરપના સ્ત્રી સમાજ ઉપરથી કેટલીક સ્ત્રીઓ એમ માનવા મનાવવા ભલે મથતી હોય કે આપણા સમાજમાં પણ પુરુષની સાથે હરીફાઇ થવી જોઇએ. પણ એ બધી આપણા સમાજને પૂરેપૂરો જોયા વિનાં જ કહે છે. પશ્ચિમનો સમાજ અને પૂર્વનો સમાજ એ બન્ને તદ્દન ભિન્ન ક્ષેત્રો છે. એકમા થાય તેજ બીજામાં થવું જોઇએ એ માન્યતા જ આછકલી છે. મ્હેં પણ

પશ્ચિમના સ્ત્રી સમાજ વિષે થોડાંક પુસ્તકો વાંચ્યાં છે. પણ ત્યાં પણ અસંખ્ય સ્ત્રીઓ એવી છે જે એમ દૃઢતાથી માને છે કે સ્ત્રી પોતાનું જ કાર્ય કરે તો ત્હેને બીજા કાર્ય માટે અવકાશ પણ ન રહે. "ગુણસુન્દરી" માં ન્હાનાલાલનો સન્દેશ હમણાં જ આવ્યો છે. ત્હેમાં એ જ માન્યતા જોઇને મ્હને આનન્દ થયો. અને ખરેખર, સ્ત્રી જો પરણે તો પછી ઘરનું કાર્ય એ ત્હેને માટે whole time job છે. ન પરણે તો પછી ભલે બીજી ધાંધલ કરવી હોય તે કરે. ત્હેમાં યે લેખો લખવાથી સ્ત્રીઓની ઉન્નતિ થાય કે ત્હેમનામાં શિક્ષણ પ્રચાર થાય એમ પણ હું નથી માનતી. પાકશાસ્ત્રનાં લેખ લખવાથી રાંધણકળા પ્રચાર ન પામે. પ્રત્યક્ષ શિક્ષણ એ જ સ્ત્રીનો વિષય ને પ્રવૃત્તિ છે. સ્ત્રી હવામાં રહે તે જ પ્રથમ ન ચાલે. ત્હેને તો ડગલે ને પગલે પ્રત્યક્ષ પ્રવૃત્તિ જ કરવાની છે. અને તે માટે સ્ત્રીઓનાં મંડળો કાર્ય કરે છે તેમ વધારે થવું જોઇએ.

પણ આ બધુ પત્રમાં શા માટે લખ્યું ? ત્હમે મ્હને હવે કોઇ દિવસ લેખ માટે આમંત્રણ ન આપો તે માટે જ આ વિગતથી મ્હારા વિચાર ત્હમને લખું છું. ગૃહકાર્ય એ મ્હારે માટે તો whole time job છે. એટલે મ્હને લેખ લખવા વખત જ નથી મળતો. તો હવેથી લેખ માટે ન લખશો.

અને જૂઓ ! લેખ લખવામાં હું તો મ્હારી ફરજ ભૂલી જ જાઉં એમ લાગે છે. આ પત્ર જરાક એવો લખાયો ત્યાં તો મ્હારાં ભાભીને છેક જ ભૂલી ગઇ. મ્હારા તરફથી એમની માફી માગશો અને કુશળતા પૂછજો. × × × × ×

"પરસેવાના પાકીટમાં"

ઓલિયા જોશી

'સત્યમેવ જયતે' અને 'સત્યાન્નાસ્તિ પરોધર્મ' કે 'સત્યંપરં ધીમહી' ઇત્યાદિ ઇત્યાદિ પુરાણાં સૂત્રો કે વૃત્તાન્ત પડીકાં વાળીને ધર્મ-સ્થાપકમાંજ રહેવા દયોની! આજે કોઈ સત્યવાદી હરિશ્ચન્દ્રનો સાથો પહેરવા જાય તો કયી તારામતિ કે કયો રોહિતકુમાર ઘરબાર વેચીને સાથે તીરથ કરવા નીકળશે? નીકળે, અને માણેકચોકમાં બૈરાં છોકરાં સુદ્ધાં વેચાય, તોપણ કયો વસિષ્ઠ કે કયો નારદ આકાશમાંથી ઉતરીને બ્હારે ધાય તેમ છે? ઇસ્વીસન અગ્યાર હજાર સૈકા અગાઉના કહેવાતા સત જુગની રહેણી કહેણી પ્રમાણે આ વીસમી સદીમાં વર્તન રાખવા જાય તો–સુખે રહે અને ભુખે મરે–બીજું શું!

ફોઇબાએ નામ પાડયું વિક્રમશી. વિક્રમશી એટલે વિક્રમસિંહ; સી. આઈ. ડી. ના શિરોમણી રાજા વીર વિક્રમને પણ હંફાવે એવો વક્રસિંહ. વિક્રમશી એટલે મહમદ છેલ. ગમે તેવી નાનીશી ચીજ–સમજો કે તમારૂં સુવર્ણ કોલર બટન–હેઠળ પડ્યું, અને વિક્રમશીની નજર પડી તો, ચપ દેતે ગેબ.

હાથ ચાલાકીમાં ચબરાક આપણો વિક્રમશી બે પાંદડે નહીં થવાનું મુખ્ય અને મહત્વનું કારણ મને તો એમ લાગે છે કે, આપણા લોકોને ખીસ્સા–પાકીટ છાતીએ દાબીને બહાર નીકળવાની ખૂરી ટેવ પડી ગયેલ

છે. ફક્ત અજમાયશ દાખલ તમારા ગજવામાં જરા કાણું રાખો, અને પછી જોઈ લ્યો કે પાકીટને પાંખ આવે છે કે નહીં ! કહેવાય છે કે બકરૂં ન મેલે કાંકરા અને ઉંટ ન મેલે આકડો, તેમ આપણા વિક્રમશીને પણ કેડીયે હલાલ અને બચકીયે હલાલ હતી.

વિક્રમશીએ સોળે સરાવ્યા હતા. જેવો ચીજ સેરવવામાં હાથ હળવો, તેવા જ છક્કા પંજામાં પણ હાથ પાવરધો. લુણ વગર જેમ તરકારી લુખ્ખી, તેમ વીરપુર–સરદારગઢ કે વઢવાણના મેળા વિક્રમશી વિનાના મોળા. એકના છ કે એકના બાર લેવા એતો એને મન બચ્ચાંના ખેલ હતા.

એક રોજ વિક્રમશીએ શ્રી વર્દ્ધમાનપુરના મેળામાં હાથમારી, રૂપીયા પાચસોહની નોટોનો ઉસરડો કરી, હસતે મુખડે અમદાવાદ એક્સ-પ્રેસ પકડી અમદાવાદ સ્ટેશન બહાર ઉપાહાર ગૃહમાં પેટપૂજન કરી. પાનબીડું મુખમાં ઓળવી, પાંચ કૂવા તરફનો રસ્તો લીધો.

મોઢા આગળ કોઈ મુલ્તાની જેવો ચાલ્યો જતો હશે, તેના ખીસ્સામાંથી પાકીટ હેઠળ સરી પડયું. મોરોક્કો ચર્મનું મોટું પાકીટ વિક્રમશાની દૃષ્ટિએ ચડ્યું; પછી ! બકરૂં વાઘની દૃષ્ટિએ પડે પછી જીવતું જાય કે ! વિક્રમશી એવો ક્યાં વાંગડ હતો કે મોઢે આવેલો કોળીઓ પાછો વાળે ! વિક્રમશીએ–વળી યુદ્ધિષ્ટિર હોવાનો કયે દહાડે દાવો કર્યો હતો કે, પોલિસ ચોકીએ જઈ–' લ્યો. સાહેબ ! રસ્તા ઉપરથી આ પાકીટ જડયું છે '–કહી પોલિસને સ્વાધીન કરે ! વિક્રમશીએ તો આમ તેમ ખાત્રી કર્યા પછી ચુપચુપ પાકીટ ઉપાડીને સેરવ્યું પોતાના ગજવામાં. વિક્રમશીનું ગજવું–એટલે–આપણા કવિવરની ભાષામાં બોલીએ તો–ગોદરેજની પહેલા નંબરની તીજોરી; આવા પાંચ દશ પાકીટ સાચવવાનું નિર્ભય સ્થાન.

'જેસલ કરીલે વિચાર–' વાળો દુહો લલકારતે લલકારતે વિક્રમશી કાળુપુર દરવાજામાં પ્રવેશ્યો. જરા બીડી સળગાવી. કોણ જાણે શું કામ તેણે પાછું વાળીને જોયું; અને કોણ જાણે શા કારણે તેના માથાના વાળ એકાએક ઉભા થઈ ગયા; અને વિચારમાં પડયો.

પચીસેક ડગલાં પાછળ પાછળ એક પોલિસને આવતો વિક્રમશીએ જોયો. સુથારનું મન બાવળીયે, તેમ ચોરનું મન ચાવડીએ. રખે! રસ્તેથી પાકીટ ઉપડતા આ ક્ષેત્રપાળે જોયું હશે! અને રખે પોતાને પકડવા પાછળ આવતો હશે!

બેબાકળા બની બસ કે ટેક્ષી માટે આમ તેમ ટગર ટગર જોવા લાગ્યો; પણ બિચારી આડી ઉતરે ત્યારે મોટર બસો પણ ખીચોખીચ ભરાઈને-દોડ્યે જતી હોય; ઉભા રહેવાની તસુ એક જગ્યા હોય તો ચોભેને! વિક્રમશીએ પગ ઉપાડ્યા; રીચીરોડને મોટે રસ્તે માંડ્યું ચાલવા. રક્ષક દેવનો પડછાયો પણ પુંઠે જ પડ્યો. શું સીપાઈ દાદો નજીક આવ્યો! વિક્રમશીની છાતી ધડકવા લાગી; અને હાંજા ગગડવા માંડ્યાં.

તેણે ઝુલ્ફીવાળી હડીમેલી. વિક્રમશી દોડ્યો, એટલે પોલિસ પણ દોડ્યો. રીચીરોડ ઉપરથી વિક્રમશીએ ખાડીયાને રસ્તે વળાંક લીધો. પાછળ 'પકડો-પકડો' એવી બુમ પણ તેણે સાંભળી.

એક શખ્શ વિક્રમશી આડો ફર્યો, પણ વિક્રમશી ક્યાં ગાંજ્યો જાય તેવો હતો! તેના પગમાં જરા આંટી લગાવતાં અમદાવાદી ગડથોલું ખાઈ ગયો, તેવો વિક્રમશી હરણની પેઠેમ છલાંગ મારતો ભાગ્યો. 'પકડો પકડો' પોકારતું પોલિસોના માણસોનું ટોળું પણ પાછળ પાછળ દોડ્યે જતું હતું.

પાટનગરમાં જાણે ધાડ પડી હોય, અને હથીયારબંધ બારવટીયાઓ આવ્યા હોય, અગર હિન્દુ-મુસ્લમાનનું હુલ્લડ થયું હોય, તેમ સોફામા નાસ ભાગ થવા લાગી. દુકાનો અને હાટો ટપોટપ બંધ થવા લાગ્યાં. આખા શહેરમાં ચેં-મેં થઈ રહી.

ખાડીયાના ચોકમાં ઉભેલી એક ખાલી ટેક્ષીમાં વિક્રમશીએ ઠેકડો માર્યો; અને 'એકદમ ચલાવ! ફાયરબ્રિગેડ પાસડી!' એમ અંદર પડતાં આજ્ઞા કરી. ગજવામાં છુટા દશ દશના ત્રણ કાગળ હતા. તે શોફરના હાથમાં સેરવતા, હાંકનારના અંગમાં ગરમાવો આવ્યો, તેવી એનજીનની પણ એવી સ્ફુર્તિ વધી કે મોટર માંડી ગજગજ ઉછળવા.

"પરસેવાના પાકીટમાં"

વિક્રમશીનો જીવ ખોળીયામાં હશે, પણ આંખો તો પછવાડે જ ફાટી રહી હતી. સિપાઈ દાદાએ પણ એક ચાલતી મોટરને ઉભી રખાવી, તે ઉપર કુદકો મારી, પાછળ ચાલુ કરી. 'ચલાવ—હાંકયે રાખ્ય—પાછળ વાળો ન પોંચે તો દોસ! બીજા પાંચ કામ ઇનામ—હાંક એકદમ!' એમ વિક્રમશીએ—પ્રોત્સાહન દેવા માંડયું.

રાજનગરને જાણે ભૂકમ્પના આંચકા આવતા હોય, તેમ મોટરોના ધડધડાટથી આખી પોળો ધ્રુજી ઉઠી. રાહદારીઓ દોડંમદોડીમાં કોઈ કચરાયા, કોઇ ભચકાયા, કોઈ રંગાયા, કોઇ મુંડાયા. માણેકચોકની ભીડમાંથી જુમામસ્જિદ વળોટી, ઈમ્પીરીયલ મેઇલની ઝડપે વિક્રમશીની ટેક્ષી રીચીરોડ ઉપરથી ત્રણ દરવાજામાં દાખલ થતાં ટાયરમાં કાંણુ પડતાં પિસ્તોલ જેવો ભડાકો થયો, અને ફટ દેતે ટેક્ષીનો ટાંગો લુલો થઇ ગયો. વિક્રમશીએ ઠેકડો મારી, સંસ્સેકા તીન પાઉં કરી માંડયું દોડવા.

પાછળની મોટર આવી પોંચતા, પોલિસે ઉતરીને શોફરને માંડયો પકડવા.

'દાદા! એ નહીં. ઓ—ચોર ભાગ્યો જાય,' કહી શોફરે આંગળી ચીંધી. સિપાઈ દાદાના જીવનની આજે ધનઘડી હતી. મોટા મીરખાન ડાકુ હાથ કરી જમાદારની પાયરી મેળવવાની સુન્દર તક તેને પ્રાપ્ત થઇ હતી તે શી રીતે જવા દયે! એટલે તેણે પણ વિક્રમશીનો બરાબર પીછો લીધો. 'પકડો—પકડો'ના પોકાર થયા કરે, પણ પાટનગરમા કોની માયે શેર સુંઠ ખાધી હોય કે વિક્રમશી ઉપર હાથ નાંખી શકે! ભદ્રનો કીલ્લો વળોટી એલિસ પૂલ ઉપર વિક્રમશી પોચ્યો, ત્યારે સિપાઈ દાદા વચ્ચે પોતાને માત્રને વિસેક ડગલાનું જ અંતર હતું.

ઓ—પોલિસ પોંચ્યો! ઓ—ઘેરણ્યો! વિક્રમશીને ભણકાર લાગવાથી ગજવામાથી લાગુસું પાકીટ ખેંચી કાઢયું, અને હોમ્યુ સાબરમતિમાં જે હરીની આરતી! ભય થા સો ડાલ દીયા. સાબમતી માતા પાકીટ ગળી ગયા. બસ ખલાસ.

'ઉતાવળી ગતીએ સરીયામ રસ્તા ઉપર ચલન ક્રિયા કરવી' એવા ગુન્હાની કોઇ કલમ ફોજદારી કાયમાં દાખલ થયેલ છે જ નહીં. તે કારણસર પોલિસ પોતાને પકડે તોપણ શું! કેદી પાસે કબુલત કરાવવાની કળ વિક્રમશી ઉપર ફેરવાય તો પણ શું? વિક્રમશી કાંઇ કબુલ કરે એવો કાચો પોચો હતો જ નહીં. પુરાવો શું? રસ્તા ઉપરથી ન ધણીયાતી વસ્તુ ઉપાડેલી તે તો તેણે સાભ્રમતિ માતાને અર્પણ કરી દીધેલી. ઉતાવળા ગતિએ ચાલવા માટે મરનભરેતોટક્ષીવાળા વિક્રમશીને શું?

બાપડા પોલિસો આલબેલ આપી વિક્રમશીને રજુ કરી ઘણી દલીલ કરી, પણ સબ ઇન્સ્પેક્ટર સાહેબે હકીકતને અંતે 'આયદે આવી હડીયાહડી ન કરવી' એટલી ચેતવણી આપી વિક્રમશીને મુક્ત કર્યો. બાપડા જમાદારને પગે પાણી ઉતર્યાં તે સઘળાં વ્યર્થ ગયાં; અને સુકાઇ ગયાં.

વિક્રમશીને પણ આજનો પરિશ્રમ એવો પડયો હતો કે વિશ્રાન્તિ લેવા નિમિત્તે વિક્ટોરીયા ગાર્ડન્સમાં એક ખાલી બાકડા ઉપર બેઠો. ફેરીયાવાળા પાસેથી ડબલકોપ ચ્હા લઇને પીધો. એક આનો ચુકવવા માટે ગજવામાંથી પોતાનું પાકીટ કાઢીને ખોલે છે તો——સુભાન અલ્લાહ!! પોતાની પાંચસોની નોટોવાળું પાકીટ જ સાભ્રમતિજીને સુપ્રત કરી દીધેલું. અને જે મારોકક્ષોના ચામડાના જુના પાકીટ પાછળ હીરા–મોતિના પડીકાની આશાએ પોતાના પગના પાણી કર્યાં, તેમાંથી તો કેવળ નામદાર શહેનશાહની મૂર્તિવાળો ત્રાંબાનો ઢબ્બુ એક અને પાઇ બે જેટલો જ કીમતી અવેજ નીકળ્યો. વિક્રમશીએ કપાળ કૂટયું. કોઇ પછવાડેથી બોલ્યું કે—'એ તો દૂધના દૂધમાં, અને પાણીના પાણીમાં.' વિક્રમશીએ પણ ધડો લીધો કે—'પરસેવાના પાકીટમા અને છક્કા પંજાના પાણીમા.'

કૃષ્ણા

-નવનીતલાલ એમ. ચોકસી
સભ્ય, સાહિત્ય ઉત્તેજક સમાજ

(એક અંકી નાટક)

પાત્રો.

મગનઃ નગીનદાસ શેઠની ચાલમાં રહેતો એક મીલ મજુર.

કૃષ્ણાઃ તેની સ્ત્રી.

આશાઃ તેની નવ વર્ષની પુત્રી.

નગીનદાસ શેઠઃ લક્ષાધિપતિ મીલ માલેક.

સિવાયઃ શેઠનો છોકરો, પોલીસ, ફોજદાર, મહમદ પઠાણ, બેલીફ વગેરે.

નવનીતલાલ એમ. ચોકસી

સ્થળ: મગનનું ઘર.

સમય: હડતાળના દીવસોની એક સવાર.

[**દેખાવ:**—મગનની ઓરડી. ઓરડીમાં એક બાજુ ચુલો છે. ચુલાની પાસે રાંધવાનાં થોડાં ભાંગ્યાં તુટયાં વાસણો પડયાં છે. એક નાની બાળકી પાસે બેઠી બેઠી ચુલામાં દેવતા સળગાવે છે. બીજી બાજુ ફાટયાં તુટયાં ગાદલામાં મેલાં વસ્ત્ર પહેરી કૃષ્ણા સુતી છે. પાસે મગન બેઠો છે. તેને કાંઇ દવા આપતો જણાય છે. ઘરમા બીજો કાંઈ સામાન જણાતો નથી.]

કૃષ્ણા:—આજે તમે કામ પર જજો.

મગન:—મીલો ચાલતી નથી. બધાએ સંપ કરી આજ બાવીસ દીવસથી હડતાળ પાડી છે. બીજે મહામહેનતે મજુરી મળે છે. કાલે આખો દીવસ રખડયો ત્યારે આઠ આના મળ્યા. વળી આજે તારી તબીઅત વધારે લથડી જણાય છે.

કૃષ્ણા:—(ધીમે સ્વરે) ના, ના. તેવું કાંઇ નથી. એ તો જરા દમ ઉપડયો હતો તેથી એમ લાગે છે. તાવ જરા ઓછો છે. આજે હજુ છાતીમાંથી લોહી પડયું નથી.

મગન:—શા માટે જુઠું બોલે છે ? હું બધું જોઇ શકતો નથી. આજકાલ કામ મળતું નથી. મળે છે તેનાથી કાંઇ પુરૂં થતું નથી. વળી તારી માંદગીમાં પચીસ રૂપીઆ દેવું થઇ ગયું છે. તારે માટે આશાને ઘેર મુકી જવી પડે છે. મારાથી આખા ઘરનું ખર્ચ ચલાવી શકાતું નથી. વળી શેઠનું છ માસનું ભાડું ચડયું છે.

કૃષ્ણા:—હા, એ તો હું ભૂલી જ ગઈ. શેઠનો મેહેતો પરમ દીવસે બે વખત આવી ગયો હતો. એ કહેતો હતો કે ભાડું આપી દો નહિ તો તમારો સામાન વેચીને ભાડું વસુલ કરીશ. છ મહિના સુધી ઘણા ધક્કા ખાધા હવે વાયદા નહિ ચાલે.

(દમ ચઢી જાય છે એટલે ખોંખાં કરતી શ્વાસ લે છે.)

મગનઃ—હે, પછી ?

કૃષ્ણાઃ—સાંજના પછી શેઠ તથા એક બીજો કોટપાટલુનવાળો સાહેબ જેવો કોઈ આવ્યો હતો આપણા ઘરનો સામાન તપાસી ગયા અને તેની કિંમત કરી શેઠે કહ્યું કે તમારા ઘરના સામાનની કિંમત દસ રૂપીઆથી વધારે થાય તેમ નથી. ભાડું ત્રીસ રૂપીઆ થાય છે. માટે કાલે ભાડું આપી દેજો નહિ તો પછી પોલીસ...... તમે લોકો રૂપીઆ જમીનમાં દાટી રાખો છો તે મારાથી અજાણ્યું નથી. (થોડીવાર શ્વાસ લેછે) મેં ઘણા કાલાવાલા કર્યા પણ તેમણે માન્યું નહિ. તમે કાલે રૂપીઆ આપી આવ્યા નથી. કોણ જાણે આજે શું થશે !

આશાઃ—બાપા, ઘરમાં લાકડાં નથી. બાજરીનો લોટ પણ થઇ રહ્યો છે. અને ભાતે માટે ચોખા પણ નથી. એક આખું લાકડું એ ઘરમાં નથી.

મગનઃ—બેટા, જા, ભીમા કાકાના ઘરમાંથી લાકડાં લઇ આવ. કહેજે કે બાપા બજારમાંથી લાકડા લાવશે ત્યારે પાછાં આપી જશે. લોટને ચોખા હું લઇ આવું છું.

[આશા જાય છે]

(કૃષ્ણાને)

શેઠનો બેટો તો રોજ એમ કહેતો હતો. હમણાં કાંઇ આપ્યું નથી તેથી બબડતો હશે. પણ હવે શેઠ પોતે આવ્યા હતા એટલે વાત વધી હશે એમ લાગે છે. થવાનું હશે તે થશે. જરા આશા સામુ તો જો. કેટલી સુકાઇ ગઇ છે ! બિચારી છોકરી, બે વખત પુરૂં ખાવા પણ મળતું નથી. છતાં વખત સમજીને બોલતી નથી. આખો દીવસ ઘરનું વૈતરું કરે છે છતાં એ જરા પણ મુંઝ.તી નથી. હે ભગવાન ! બિચારી એ, ક્યારે પુરૂં ખાવાનું પામશે ! આજે રામલાલનો રૂપીઓ ઉછીનો લેવો પડશે. નહિ તો પાબુભ પાસે જવું પડશે. પણ, પણ......

(એમ બોલતો ચુપ થઇ જાય છે.)

કૃષ્ણા—ના. કેમ તમે ચુપ થઇ ગયા! કાંઇ કહેવા જતા હતા ને!

મગનઃ—કાંઇ નહિ, ચાલ. હું બને તો રૂપીઆ લઇ આવું.

કૃષ્ણાઃ—ના. તમે કાંઈ કહેતા અટકી ગયા છો. મારા સમ ના કહો તો.

મગનઃ—એતો મહમદ પઠાણના પંદર રૂપીઆ અને પાંચ રૂપીઆ વ્યાજના મળી વીસ રૂપીઆ કાલે આપવાના છે. પઠાણનો વાયદો. કાલે ના આપ્યા એટલે સાંજે કહેતો હતો કે તે હવે મારૂં ખુન કરશે; કે પોલીસમાં પકડાવશે.

કૃષ્ણાઃ—ઓ મા રે! ત્યારે તો તમે બહાર ના જતા.

મગનઃ—ના. ના. એમાં શું? હું યાકુબને સમજાવી બે રૂપીઆ લઈ આવીશ. યાકુબ મારો દોસ્ત છે. હું તેને મહમદને સમજાવવા વિનંતિ કરીશ.

(આશા લાકડાં સહિત અંદર આવે છે)

આશાઃ—બાપા, બીજા કાકા કહે છે કે લાકડાં પાછાં આપવાની કાંઇ જરૂર નથી. એ કહેતા હતા કે જો મીલો ચાલતી હોત તો તેઓ આપણને બીજી થોડી મદદ કરત.

મગનઃ—હશે દીકરી, તું તારી મા પાસે બેસ. હું લોટ ચોખા લઇ હમણાં આવ્યો. તારી માને સાચવજે.

આશાઃ—વારૂ.

(મગન જાય છે)

આશાઃ—(કૃષ્ણાની પાસે જઇને) બા, આજે તને કેમ છે? માથું બહુ દુખે છે?

કૃષ્ણાઃ—ના. આજે તો ઠીક છે.

આશાઃ—(તેના શરીરને હાથ અડકાડી.) બા, આજે તારૂં શરીર આટલું બધું ઉનું કેમ? તાવ બહુ આવ્યો લાગે છે.

કૃષ્ણા:—(બોલવા જાય છે પણ દમ ચઢવાથી અટકી જાય છે. તેને શેઠીની હલકી થાય છે; આયા પાણી લાવી તેને ચોકુ પાય છે. અને પછી બગલો જ્યા સાફ કરે છે. એટલામાં શેઠનો ભૈયો આવે છે. તેને જોઈ વિહ્વળ બની તેના સામું જોયા રહે છે.)

ભૈયો:—મગન છે ઘરમાં? શેઠે કહેવડાવ્યું છે કે હમણાં ને હમણાં ભાડાના રૂપીઆ આપી દો. નહિ તો ઘરનો સામાન લીલામ થશે. છતાં પણ છુટશે તો મગનને પોલીસ પાસે પકડાવશે.

કૃષ્ણા:—ભૈયાજી! તમે પણ કેમ આવા ઘાતકી બનતા હશો. અમારી સ્થિતિ તો જુઓ. મારાથી કામ થતું નથી. છોકરી ઘરનું કામ કરે છે. એટલે તે પણ કામે જતી નથી. એક મહીનો ચોભી જાઓ તો મહેરબાની.

ભૈયો:—બાઈ! મારી સાથે વાત કરવાથી શો લાભ? શેઠનો હુકમ છે. મારે તે બજાવવો પડે.

કૃષ્ણા:—ભૈયાજી! તમારે પણ બૈરાં છોકરાં હશે. તેમની સ્થિતિઆની હોય તો? જરા તો દયા રાખો. શેઠને તમે સમજાવો. અમારી ફરીઆદ કોણ સાંભળે! હાય! આ દેશમાં ગરીબ હોવું એ પણ પાપ છે.

ભૈયો:—હું તારી સાથે માથાકુટ કરવા નથી આવ્યો. રૂપીઆ હોય તો આપી દે નહિ. તો હું શેઠને ખબર આપું છું કે મગન ઘરમાં નથી અને તેની સ્ત્રી ભાડું આપવા ના પાડે છે. જમીનમાં રૂપીઆ દાટી રાખો છો તે બધાં જાણે છે.

(મગન હાથમાં લોટનું પોટલું લઈ આવે છે. ભૈયાને જોઈ પેટમાં ફાળ પડે છે.)

મગન:—સલામ ભૈયાજી! આજે કાંઈ અત્યારમાં?

ભૈયો:—એ ભાઈ, તું ભાડું આપી દે. તારી સ્ત્રીએ વાત કરી હતી કે નહિ? અત્યારે જ ભાડું આપ નહિ તો રૂપીઆ સામાન વેચી વસુલ કરીશું.

મગનઃ—પણ મારી પાસે તો પાઈ પણ નથી. હોય તો શું બચકાં ભરવાં છે? ચોખા લાવવા તો પૈસા નથી. ઘરમાં તે માંદી છે. તો પણ દવા લાવવા જેટલા પૈસા નથી. તો પછી છ મહિનાના ભાડા જેટલા રૂપીઆ તો ક્યાંથી લાવું?

ભૈયોઃ—ત્યારે એમ કહેને કે તું ભાડું આપવા ના પાડે છે. મારે તારા ઘરની પંચાતમાં પડવું નથી. સીધો જવાબ આપ.

મગનઃ—ભૈયાજી, અત્યાર સુધી રૂપીઆે બે રૂપીઆ આપી તમને રાજી લેવા કહ્યું, આજે પણ તેમ કરત. પણ અત્યારે મારી પાસે કાંઈ નથી. મહેરબાની કરી એક મહિનો માફ કરો. પછી હું ભાડું આપીશ. શેઠને જો આટલું સમજાવી દો તો આ ઉપકાર હું ભૂલીશ નહિ.

ભૈયોઃ—સાલા, મને લાંચ લેનારો કહે છે? જવાબ આપ. ભાડું આપે છે કે નહિ?

મગનઃ—(દયામણે મ્હેરે) લાચાર છું કે ના પાડવી પડે છે.

ભૈયોઃ—(જતાં જતાં) તમે દોડો જેલમાં જશો ત્યારે જ માનશો.

(ભૈયો જાય છે).

(આશા ટગર ટગર તેની સામે જોયા કરે છે. કૃષ્ણાની આંખમાંથી આંસુ ટપકે છે. મગન એક ઉંડો નિશ્વાસ નાખે છે.)

મગનઃ—ચાકુએ રૂપીઆ ના આપ્યા. મોદીને ત્યાંથી છજીનો એકયો ઘોટ લાવ્યો છું. બીમા પાસેથી રૂપીઆે લઈને આ સાલા ભૈયાને આપુ. નહિ તો તે શેઠને કાંઈ ભરમાવશે. અને કાલે આવતી જપતી આજ આવશે.

(મગન જાય છે).

કૃષ્ણાઃ—આશા, તું રાંધી રહી?

આશાઃ—હા બા, રોટલા કરી રહી છું. તારે માટે આજે ભાત નથી. કાશી કાકીએ પારોઠ દુધ આપ્યું છે તે પીજે. આજે ઘી પણ નથી.

કૃષ્ણાઃ—તું દુધ સાથે રોટલો ખાઈ લે. મારે આજે કાંઈ ખાવું કે પીવું નથી. તારાથી ભૂખી નહિ રહેવાય.

આશાઃ—ના, બા. હું તો મારા બાપા સાથે ખાઈશ. તું દુધ તો પીજે. તારાથી કશાએ આધાર વગર જીવાશે?

કૃષ્ણાઃ—આજે મને જરાએ ભૂખ નથી. કાલે રાતના ભાત ઘણો ખાધો હતો. એટલે આજે અજીર્ણ થયું છે. આજે નહિ ખાઉં એટલે મટી જશે, અને મને આરામ થશે. પણ તું ખાઈ લે. એમનું આવવાનું ઠેકાણું નહિ. તારાથી કેમ ભુખ્યું રહેવાય? ખાશે નહિ તો ઘરનું કામ કેમ કરી શકશે?

આશાઃ—ના, બા. હું તો હમણાં નહિ ખાઉં:

કૃષ્ણાઃ તું ડાહી છે ને મારી દીકરી ખાધા વગર કાંઇ રહેવાય છે? નાનાં છોકરાંઓને તો ત્રણવાર ખાવા જોઇએ.

(કૃષ્ણા મહામહેનતે ઉઠે છે અને આશાને ખાવા બેસાડે છે. આશા ખાવા બેસે છે. કૃષ્ણા પાછી સુઈ જાય છે. ખાતાં ખાતાં આશા કાંઇ ગાતી જાય છે. થોડો વખત ઘરમાં શાંતિ રહે છે. કૃષ્ણાને જરા ઉંઘ આવી જાય છે. પાછી જાગે છે. પાછી આંખ મીચી દે છે.)

આશાઃ—બા, ઉંઘી ગઇ?

કૃષ્ણાઃ—(ઉંઘમાંથી જાગે છે) ના, એ તો જરા આંખ મીચી હતી. કેટલા વાગ્યા હશે?

(આશા બહાર જાય છે અને પાછી ફરે છે.)

આશાઃ—બા, શેઠ, પરમ દીવસવાળો સાહેબ, બે સિપાઇઓ અને બેપો બધા અહીં આવે છે:

કૃષ્ણાઃ—ઓ પ્રભુ! શું થશે? મારી આશાનું રક્ષણ કોણ કરશે?

(રડે છે.)

આશાઃ—કેમ રડે છે? આ લોકો આપણને શું કરશે? ઘરમાંથી કાઢી મુકશે? આપણે ક્યાં જઇશું? (કૃષ્ણા કાંઇ બોલતી નથી.) કેમ બોલતી નથી? (તે પણ રડવા માંડે છે.)

નવનીતલાલ એમ. ચોકસી

(નગીનદાસ શેઠ, એક ફોજદાર, બે સિપાઇઓ અને શેઠનો ભૈયો આવે છે.)

ભૈયો:—કેમ મગન ક્યાં નાસી ગયો? હમણાં તો ઘરમાં હતો ને? શેઠ આવશે એમ ધારી નાસી ગયો કે?

શેઠ:—બાઇ, ભાડાના રૂપીઆ ચુકાવવાનો વિચાર છે કે નહિ? તારા ધણીએ છેલ્લો માર્ગ લેવાની મને ફરજ પાડી છે.

કૃષ્ણા—(દમ ચઢી જાય છે તેથી અચકતાં. અચકતાં) શેઠ સાહેબ.........અમારા જેવા ગરીબ પર દયા કરો. (આશાને રડતી જોઇ) આશા! રડે છે શાની? છાની મરને! શેઠજી, અમારી પાસે રૂપીઆ હોય તો આપનું ભાડું શા માટે ના ચુકવીએ? છેલ્લા પાંચ વર્ષથી આપનું ભાડું કોઇ દિવસ આપ્યું નથી એમ છે?.........છ મહિનાથી મારા મંદવાડને લીધે અને વચમાં એમનો પગ ભાંગી ગયો હતો તેથી દવામાં પૈસા વપરાઇ ગયા.........અમારાથી કામે ના જંવાયું. કમાણી ઘટી અને ખર્ચ વધ્યું. અમે કરજદાર થયા છીએ. તો પછી અત્યારે ભાડાના રૂપીઆ ક્યાંથી લાવીએ?

શેઠ:—છેલ્લાં પાંચ વર્ષથી ભાડું આપો છો તેમાં કાંઇ ઉપકાર કરો છો? ભાડું આપતા હતા ત્યારે તમને કોઇ કાંઇ કહેતું હતું? તમે માંદાં થાઓ કે કામ ના કરો તે અમારો ગુન્હો ગણાય? અમારૂં ભાડું તો તમારે આપવું જોઇએ. એ તો અમારી ભૈયાની ભલમનસાઇથી હું છ મહિના સુધી કાંઇ બોલ્યો નહિ. મેં જાણ્યું કે મગન સારો અને ભલો માણસ હશે. પણ આ તો લુચ્ચો ને હરામી નીકળ્યો. હું આવું છું ત્યારે નાશી જાય છે.

કૃષ્ણા:—શેઠજી અમે ભાડું આપવા ક્યા ના પાડીએ છીએ? ફક્ત એક મહિનો થોભી જાઓ. અમારી એટલી વિનંતિ છે.

શેઠ:—છ મહિના કાંઇ નાનો વાયદો ના કહેવાય. મેં ઘણી વખત કહેવડાવ્યું હતું. પણ તમે લોકોએ માન્યું નહિ. છ મહિના સુધી ભાડું આપવું નહોતું તો પહેલે કે બીજે મહિને ઘર ખાલી

કરવું હતું. તમારા સામાનની કિંમત પુરા દસ રૂપીઆ પણ નથી. ભાડું ત્રીસ રૂપીઆ છે. એ તો મગન કદમાં જશે ત્યારે દારેદાં ધન નીકળશે. મને તમારા લોકોની ટેવનો ક્યાં અનુભવ નથી? (ફોજદારને) ફોજદાર સાહેબ, જુઓ આ લોકોનાં ઢોંગ. સિપાઇઓને મગનને શોધવા મોકલો. આપણે ચાલમાં ક્યાંક સંતાઇ રહેલો હોય તો તપાસ કરીએ.

. (બધા જાય છે.)

(મગન હાંફતો હાંફતો દાખલ થાય છે.)

મગનઃ—ઓ ઇશ્વર! હવે તો દુઃખનો પાર જ નથી.

કૃષ્ણાઃ—શું થયું? કાંઇ નવું પાછું! (ગભરાઇ જાય છે.)

મગનઃ—મહમદે મારા નામનું પકડવાનું વોરંટ કઢાવ્યું છે. મારી પાછળ પોલીસ ફરે છે. હમણા મને પકડવામાં આવશે. રસ્તામાં લોકોનાં ટોળાને લીધે છટકી ગયો. ઓ પ્રભુ! હવે શું થશે?

કૃષ્ણાઃ—(રડતાં રડતાં) અહીં પણ શેઠ સિપાઇઓને લઇને આવ્યા હતા.

(બોલતાં બોલતાં દમ ચઢી આવે છે. ફરીથી લોહીની ઉલટી થાય છે. એટલામાં મગનનો અવાજ સાંભળી શેઠ, ફોજદાર તથા લોકો આવે છે.)

શેઠઃ—મગન આવ્યો છે કે? પકડો એને બેયાઝ.

(લોકો મગનને પકડે છે અને દોરડાથી એના હાથ બાંધે છે.)

મગનઃ—(રડમસ અવાજે) ઓ શેઠજી કાંઇ દયા કરો; આ મારી સ્ત્રી માંદી છે. આ મારી છોકરી સામે તો જુઓ. ઘરમાં કાંઇ ખાવા નથી. પૈસા નથી. તેઓ શું કરશે? (આખા આખો વખત હસકે હસકે રડે છે. કૃષ્ણા તેને છાની રાખવા મથે છે. પણ તેનાથી જ રડી જવાય છે.)

શેઠઃ—(સાંભળ્યું ના હોય તે પ્રમાણે) આ લોકોનો સામાન બહાર કાઢો અને તેનું લીલામ કરી વેચી નાંખો.

(ભૈયાજી સામાન કાઢવા માંડે છે. મગનની આંખમાંથી પણ આંસુ નીકળી જાય છે. મહમદે મોકલેલો બેલીફ વોરંટ સાથે આવે છે.)

બેલીફઃ—ફોજદાર સાહેબ, તમે અહીં ક્યાંથી? આ લુચ્ચાના સરદારને પકડવા આવ્યા હશો. કોણ જાણે કે કેટલાએ ગુન્હા કરતો હશે! અને એ ચાલ. (વોરંટ બતાવતાં) એ આ તને પકડવાનું વોરંટ.

(ભૈયાજી સામાન બહાર ફેંકતા અટકે છે. બેલીફ મગનને લઈ જાય છે. શેઠ વગેરે ચાલ્યા જાય છે. ભૈયો સામાન ફેંકી દઇ પાછળ જાય છે.)

કૃષ્ણા—ઓ દીકરી, તારૂં શું થશે? (તેને સખ્ત તાણ આવે છે. શરીર ખેંચાઈ જાય છે. બેભાન થઇ જાય છે. 'ઓ મારે' કહી આશા તેના પર ઢળી પડે છે.)

(પડદો પડે છે.)

ખડક ઉપર

દશાળજી પરમાર

અનુષ્ટુભ :

ફરી મેં પાંપણે માંડી આશાઓ અળખામણી;
ફરી મેં પ્હાડરસ્તાની વીંધી ભૂલભૂલામણી.

અથાક થાકતા ભારે લંબાયા સ્હાંજછાંયડા;
ડગલાં દૃઢ દેઇને ચઢયો કરાડ સેખડા.

એકલી મૂક શાન્તિમાં કાપ્યો પંથ ભયાનક;
અજાણી વાટ આડી ને ખોયો પ્રાણ અચાનક.

પડયો છું ખડકે, ઊંડે ઊંડે પાતાળ ઘૂરકે;
ચિત્તના ચક્ર-આરાઓ મંદ મૂઢ ઉભા રહે.

અધીરી અગ્નની ઝાળે ગાઢું ચેતન પીગળે;
બળીને જાત બેશુદ્ધ પથ્થર થઇને પડે.

નવેમ્બરની ડાયરીમાંથી

વિનોદકાન્ત

તા. ૩ જીઃ આજે ...જીને ત્યાં જમવાનું હતું. એ હું ને બે મિત્રો જમ્યા પછી બુદ્ધિની મીજમાનીએ બેઠા. સાહિત્ય સમાજ ને રાજકારણની અનેક વાતો રાતના અગીઆર લગી ચાલી. તેમાં એક વાર, આપણી સાહિત્યચર્ચામાં આજ કાલ જે પાંચ સાત કે પંદર વર્ષના "યુગો" નો ઉલ્લેખ થાય છે, તેની સખ્ત હાંસી કરતાં - શંકર પુરા નિર્દોષ ભાવથી કહેઃ "ભાઈ તમને ખબર છે? હવે તો એકેક દિવસમાં ત્રણ યુગો થવાના છે. સવારે હું વાર્તા લખું ત્યારે મારો યુગ; બપોરે — ભાઈ એને છાપે ત્યારે એમનો યુગ; ને એ વાર્તા સાંજે તમે (મારી તરફ જોઈ) વાંચો ને, ત્યારે તમારો યુગ. શું સમજ્યા?" અમે બધા હસ્યા. પણ હાલની અમુક મનોદશા સામે એ કેટલો સાચો કટાક્ષ છે?

તા. ૪ થી:—હાલ મારા સખત વિરોધીમાંથી સખત મિત્ર અને મદદગાર બની ગયા છે. શા માટે બન્યા, એ જાણો છો? પહેલાં, મારા ચોક્કસ સિદ્ધાંતોને અનુસરી એમના લેખો હું મારા ચોપાનીઆમાં લેતો નહીં; હવે, ચોક્કસ સંજોગોને અવલંબી, લેખો લઈશ એવું વચન મેં એમને આપ્યું છે. આ નાના સરખા બનાવનો પાઠ એવડો છેઃ આ દુનિઆમાં સિદ્ધાંતની આંધળી ભક્તિ પોસાય તેમ નથી (જો દુનીઆમાં જીવવું જ હોય, કામ કરવું હોય, અને તે કામને અંગે, અસંખ્ય શુભાશુભોની ખીચડી જેવી માણસાઈવાળા માણસો જોડે વહેવાર રાખવો હોય, તો; બાકી ખુવાર જ થવું હોય તો એ માર્ગ તો ખુલ્લો

છે જ, હમેશનો); અને બીજું એ કે: "નહીં સ્વાર્થ સમ ચીજ કોઈ ગણી, જગતમાં ... ..."

તા. ૬ ઠ્ઠી : આજે ખાનગી બેઠકમાં — નું એક્ટીંગ જોયું. એનાં વખાણ બહુ સાંભળેલાં, પણ જોયું તો આ પહેલી જ વખત. તેઓ જાતે એકલા, ઓછામાં ઓછાં ત્રણ પાત્રોવાળું દશ્ય ભજવતા હતા. આથી એમના મગજને ખેંચ તો ખુબ જ પડી. પણ, એ મર્યાદા ધ્યાનમાં લીધા પછી, એટલું તો કહેવું જ જોઈએ કે સરકારી ગુજરાતી જુવાનોમાં આ ભાઈ જેવા આજન્મ એમેચ્યોર કોઈક જ હશે.

તા. ૭ મી : આખી સાંજ — ને ત્યાં કાઢી. તેઓ દલપતરામના ખાસ ઉપાસક છે. મને કહેઃ "તમે લોકો નર્મદયુગ નર્મદયુગ કહો છો, એ યુગ તો નર્મદાશંકર ને દલપતરામ બેઉનો છે," – "કેવી રીતે?" — "એવી રીતે કે નર્મદાશંકરનું કામ ચળવળીઉં વધારે, તેથી એ ગવાઈ ગયા. બાકી પ્રચારકની નજરે જુઓ તો દલપતરામે શું શું નથી કર્યું?" હું ચકિત થયો. એ આગળ ચાલ્યાઃ "દલપતરામનો સુધારો એટલે સીવીલીઝેશન, માત્ર સંસાર સુધારો નહીં. એમણે આપણી સંસ્કૃતિનાં ઘણાં અંગો વિષે બોધ આપ્યો છે જે આજે પણ સાચો. પણ તમારા સા — સાક્ષરોને કંઈ વાચવું હોય તો ને! બાકી જાણીતી વાતો તો નથી કહેતો, પણ દલપતરામે તમારો આજનો દેશી રાજ્યોનો પ્રશ્ન 'રાજ્યવિદ્યાભ્યાસ'મા જ ઉપાડેલો ને ઉકેલેલો: પછી ... ... 'હુન્નરખાનની ચઢાઈ'માં ઉદ્યોગની ગુંચ ઉકેલી; ત્યાથી આગળ ચાલ્યા તે ... ... ગ્રામીક કવિતાઓમાં અંત્યજના ને વેદના પ્રશ્નો વિશે પણ લખ્યુ છે. કહો, દલપરામ નમાલા હતા, તમારા જુદે જુદા સાક્ષરો કહે છે તેમ?" જવાબમાં મેં નકારનું ડોકું ધુણાવ્યુ. ન્હાનાલાલે 'ગીતા'ના અર્પણમાં જે જે કહ્યું છે તે કેવળ પિતૃભક્તિ નથી એમ લાગ્યું. એ સમયને નર્મદ દલપત યુગ શા માટે ન કહેવો, એ સવાલ પણ મનમાં ઉઠ્યો.

તા. ૧૦ મી : આપણો શંકરાચાર્યનો અભ્યાસ એવો સરખો જ; પણ હમણાં હમણાં, એક સાહિત્યપ્રચારકના અમુક ભાષણને પ્રતાપે, શંકરની એક લીટી (ક્યાંક અવતરાયલી વાંચેલ તે) બહુ સાંભરે છેઃ

"નિસ્ત્રૈગુણ્યે: પથિ વિચરતાં, કો વિધિ: કો નિષેધ: ?" એટલે કે જે માર્ગમાં સત્વ રજસ્ કે તમસ્, ત્રણમાંથી એકે ગુણ નથી, ત્યાં વિચરનારને માટે વળી વિધિ શા ને નિષેધ શા ?— આ મતનો સ્થૂલાર્થ લેવો કેટલો સહેલો છે ? મહાયુગના પ્રેરનાર, મહાતમોગુણી ફ્રેડરીક નીત્શેની અવળચંડી ફીલસુફી, આપણે ધારીએ તો ઘડીના છઠ્ઠા ભાગમાં ઉપલા કથનમાં વાંચી શકાય, કેમકે એ પણ "પુણ્ય પાપને પેલે પાર" ઉડવાની ઘણી ડાહી વાતો કહી ગયો છે. પણ નિસ્ત્રિગુણ્ય વિશે મને તો બેમાંથી એક સંસ્થિતિ વધારે સાચી લાગે છેઃ કાં તો, ત્રિગુણથી અતિશય ઘેરાયલાં આપણાં મગતરાં — મનોમાં એ દશા સમજવાની તાકાત જ નથી; અથવા તો કોઇ પણ મનોદશામાં રજસ્ ને તમસ્ પેસવાથી જે આઘાત પ્રત્યાઘાત, ઉશ્કેરણી, રંગરૂપનાં વૈવિધ્ય આકર્ષણ, પ્રલોભન, વગેરે ઉત્પન્ન થાય છે, એ બધી ચીજો કેવળ સત્વગુણવાળા એકરંગી અવિચળ જ્યોતિષ્માન નિસ્ત્રિગુણમાં નહીં હોવાથી, તેમા સત્ત્વગુણનું પણ કોઇક એવું સૂક્ષ્મ, અનિર્વાચ્ય વિલસન હોવું જોઇએ, જો સંસારી સત્વગુણથી — સેળભેળવાળા સત્વગુણથી નીરાળું જ હોય અને પરમહંસોને જ સુલભ હોય.

તા. ૧૨ મી : એક ટીકા કરનાર એવું સૂચવવા ઇચ્છે છે કે દીવાળી અરસાની, 'ધૂમકેતુ' કૃત વાર્તા "હરમાનની દહેરી" છે, તે 'સ્ટ્રેંડ' ના લેખક સેપ્પરમાંથી ઉચકેલ છે. બીજે પક્ષે. આજે 'ધૂમકેતુ' એ પોતે મને વિગતો કહી સમજાવી, તેમાએ એમ નીકળ્યુ કે એ વાર્તાનું મુખ્ય પાત્ર જે બાઇ છે, તે ઝીંઝુવાડાની અમુક બાઇ પરથી અને દહેરી છે તે વઢવાણની એક દહેરી પરથી એમને સૂચિત થએલી. મતલબ, આ ગુજરાતી વાર્તાને સેપ્પર જોડે સ્નાન કે સૂતક એકે નથી. તે આખી ઘટનાનો સાર એટલો કે જેમ અપહરણ કરનારે ચેતતા રહેવાનું છે, તેમ અપહરણના આતુર પકડનારે પણ, પોતે કોઇક વાર ગોથું ખાઇ જાય નહીં, તેની સંભાળ રાખવાની છે.

તા. ૧૫ મી : ગ્રીક નાટકકારોને પ્રિય એવી સ્થલકાલની ને વસ્તુની એકતામાંથી પહેલી બે શેકસ્પીઅરે, ને એની પહેલાં ઘણે સૈકે આપણે ત્યાં કાળિદાસે, તોડી એમ આજે વાત પરથી વાત નીક-

જતાં,—બાઇ કહેતા હતા. ભારતવર્ષમાં તો વસ્તુની એકતા પણ ભાગવત ને ઋગ્વેદમાં નથી એમ એ કહેતા હતા. તેઓ મોટા વિદ્વાન ને વિચારક, એટલે મારો બીજો ઉપાય શો? બાકી, ઋગ્વેદનાં મંડલોમાં વસ્તુ-એકતાનો પ્રશ્ન જ ન હોય, મંડલોને એકત્ર કરવામાં આવ્યાં તે કોઇ કળાલક્ષી હેતુથી નહીં, પણ સાચવટના વહેવારુ મુદ્દાથી, એ બધું મેં એમને ઘણું કહી જોયું. પણ એ અમાન્ય જ રહ્યું. એમને સુખ એટલું છે કે મારી અટકળના ટેકામાં હમણાં જ બહાર પડેલ પ્રો. મેકફ્લોનલના "ઇંડીઆઝપાસ્ટ" નો અને પ્રો. રાગોઝીનના "વેદિક ઈંડીઆ" નો જબરદસ્ત આધાર આપી શકાય તેમ છે,

તા. ૧૬ મી : કાલે સુતી વખત વંચાયલા ગાર્ડીનરના એક લેખમાં એમ કહેવાયલું જોયું, કે અનિશ્ચિતતામાં મજા છે, એટલી બીજી કોઇ વસ્તુમાં નથી. આ ખરૂં હશે?—હા અને નાઃ જેવો તમારો સ્વભાવ. તમે સાહસી હો, તો, ગમે તેવી શંકાશીલ સ્થિતિ સબંધી પણ "કુછ પરવા નહીં" નું વલણ રાખી શકો. ને બીકણ હો, તો—બીજું શું? બાર વાગે તમારા, અનિશ્ચિત દશાના ચકડોળ પર ઘુમરી ખાતાં ખાતા એ દશા તમારાં ભાન સાન ભુલાવીને, જીવલેણ નહીં તો લોહીલેણ તો જરુર અમુક અંશે નીવડે.

તા. ૧૭ મી : એક જુવાન જોધ સ્નેહીના મરણથી વ્યાકુળ મિત્ર મારી પરના પત્રમાં લખે છેઃ "એ મરી ગયા તે સાંજે બધા કહેતા હતા કે ઇશ્વરઇચ્છા બલીયસી. પણ મને એમ થયું કે ઇશ્વર ન હોત ને તેની ઇચ્છાએ ન હોત તો કેટલું સારું? તો અમારા—બાઇ તો અમારી વચ્ચેથી ન ઝડપાઇ ગયા હોત." પેલા સવાલમાં નાસ્તિકતા લાગે છે, પણ કયા સહૃદય સ્નેહીએ, વિરહનો ઘા તાજો હોય ત્યારે, ઇશ્વર સામે ખડ નથી ઉઠાવ્યું. મરણ એ વસ્તુ જ એવી છે કે ઇશ્વરની જે કલ્પના આપણને કરાવવામાં આવી છે તેની સાથે એ તુરત અથડામણમા આવે છે ને આપણને પણ અથડાવે છે.—હા, ફીલસુફીનાં પણ ચિંતનો કરવા કરાવવામાં આવ્યાં છે, ખરૂં પણ એમાંનું કેટલું થોડું ચિંતન આપણ પામર માનવીઓના આત્મા જોડે એક રસ થઇ શક્યું છે? વધારે પ્રચલિત સ્થિતિ તો એ જોવામાં આવે છે કે, ફીલસુફી એ સંકટ સમયે જ ખેંચવાની સાંકળ

હોય તેમ આપણે તેનો ઉપયોગ પોલાં આશ્વાસનોમાં કરીએ છીએ. અસહાય અવસ્થામાં ટેકા તરીકે જે દૃઢ ચારિત્ર્ય ને ખડક સમાન મનોબળ જોઇએ, તે ઉપનિષદો ને શાંકરવેદાંતના દેશમાં શતકો વીત્યા છતાં કેમ નહીં ખીલ્યાં હોય ?

તા. ૨૦ મી : ત્રણ ત્રણ અઠવાડીયાં થયાં રાજકીય વાતાવરણનો સાગર હેલે ચડ્યો છે. " કમીશન–બૉયકૉટ, " "બૉયકૉટ–કમીશન"! અત્યારે તો ભરતી પૂર બહારમા છે. આગળ જતાં જે થાય તે. પણ આ પ્રશ્ન રાજકીય નહીં, એટલો સાંસ્કારિક ગણાવો જોઇએ. આપણી આખી સંસ્કૃતિની આવતી કાલ એના પર જ નથી અવલંબી શું ? કોઈ અઢારમી સદીનો ગોલ્ડસ્મીથ આજીને કદાચ ઉપદેશ આપે, કે "ગમે તેવા રાજ્યતંત્ર હેઠળ પણ સાહિત્યકાર તો સુખી જ હોય. તેણે એમાં ન પડવું" તો એ કેવો, વિચારસૃષ્ટિનો અદ્ભુત વામનજી આજે લાગે ? પણ ખરી વાત એ છે કે હિંદની પરતંત્રતા રાજકીય નથી એટલી સંસ્કારવિષયક વધારે છે. અને સંસ્કાર રક્ષા સાહિત્યકાર નહીં કરે તો કોણ કરશે ? ભૂતકાળમાં બીજા પરદેશીનાં આક્રમણો થયાં ત્યારની પરતંત્રતા હાલના જેવી સર્વદેશી નહોતી. ને એ વખતે પણ વિચારકોએ સ્થિતિરક્ષાના ઉપાય ક્યાં નહોતા લીધા ? નવી પરતંત્રતા જેમ વિશેષ વ્યાપક છે, તેમ તેને મીટાવવાના પ્રયત્નો પણ વધારે સર્વગ્રાહી નજરે કરવાના છે, ને સૌએ પોતપોતાની શક્તિ અનુસાર પોતાના કાર્યક્ષેત્રમા કરવાના છે.

તા. ૨૧ મી : "ઈંડીઆઝ પાસ્ટ" જેવું પુસ્તક ગુજરાતીમા કેમ નહીં લખાતું હોય ? તેમા ખરી રીતે, અત્યાર લગીની આપણી સંસ્કૃતિને લગતી શોધો નો વિવેકસર ને કુશળતાથી, સાદી સબળ શૈલીમાં સંગ્રહ જ થયો છે. એટલું પણ જો ગુજરાતના વિદ્વાનથી ન થઈ શકતું હોય, તો તેણે અવતાર શીદ ધર્યો ?

રસકાવ્યો

રસડાંખળી

બાવળના કાંટાઓ! ત્હમે પ્રણયના રોમોત્કમ્પ જેવા છો.

∵ ∵ ∵

તૂં શા માટે ભાંગ પીએ છે?
હા, સ્હમજાયું.
પણે કોઇ રસોઇઆ પકવાન રાંધે છે.
હા, સ્હમજાયું–

∵ ∵ ∵

સનમ! સાકી! શરાબ! માશુક! ઈશ્ક! ત્હમે બધા યે ઊંડા
ભમ્મરીઆમાં પડો, જહન્નમમાં જાઓ.
મ્હારે શી પરવા છે?

∵ ∵ ∵

અય ધૂળ! હું કેવો નિષ્ઠુર છું?
  રસ્તે ચાલતાં ત્હમને દાબું છું.
  ત્હમને ખીસામાં ભરૂં કે માથે ચ્હડાવું?

∵ ∵ ∵

અય માનવીઓ !

વૃક્ષોને કાપીને ત્હમારાં બારણું બનાવો છો ?
પત્થરને રીબાવીને ચણુતર ચણો છો ?
માટીને શેકીને છાપરાં બનાવો છો ?

મ્હારે એ નિષ્ઠુર નિવાસગૃહો નથી જોઇતાં.
હું તો મુસાફર છું.

∵ ∵ ∵

માશૂક !

હવે ચાલ્યાં જઇએ. જૂઓ ! આપણને બન્નેને એકલાં જોઇને ઉષા પણ પૂર્વમાં શરમાય છે.

જગતને આપણી અદેખાઇ આવે તે પ્હેલા ચાલ્યાં જઇએ.
જગત ઉઠે ત્યારે આવજો.
ચાલ્યાં જઇએ. અય સુલતાના !

∵ ∵ ∵

ગોરં ગાલની ગુલાબી ભરેલી કોઇ મદછકેલ નવયૌવનાના મુખનું એક ચુમ્બન મળે તો શી પરવા છે જગતની, સ્વર્ગની કે પુણ્યની ?

શું છે પાપ કે પુણ્ય ? સદાચાર કે દુરાચાર ?
જગતનાં અય મનવી ! માણી લે, માણી લે.

ગંગાયમુનાને—

લલિત

૧

ગંગા! તારા અવનિવહને, જોઉં આકાશિકાને:
    ત્યાંથી ઝીલ્યું નભની સુરતા ઝૂલંતી સ્મિતસાને:
તારા નીરે ચરિત ચળકે પુણ્ય-સૌન્દર્ય-ભીનું:
    તારા તીરે વ્રતતપભર્યાં તીર્થનાં પુષ્પ વીણું:

૨

આરાધિતા પ્રણય ને રમણે સુહાતી—
    નારાયણથી શી યમુના ઉર-ગીત ગાતી!
સ્નેહેશની સતી સુહાગણ તું કુલાતી:
    તારા રસે રસિકતા જગની મ્હલાતી!

૩

ગંગાદ્રિથી હિમરસ વહે અદ્રિકેદાર ગંગા—
    આનન્દિલી ત્વરિત સરતી ટાળવા ભોગતૃષ્ણા:
તું તો અર્પે જનનીપયમાં જ્ઞાન વૈરાગ્ય સિદ્ધિ—
    તૃપ્તિ શાંતિ ભરતી જીવિતે સ્નેહની એ સમૃદ્ધિ!

૪

જન્માદ્રિથી ઉછળતી ઉતરે: યમુના!
    કૌમારને ક્રીડન કિલ્કિલતી તું શું ના?
સંસારને સરસ તું કરવા મથે ના?
    સૌંદર્યને હસી સુહાવતી તારી વીણા!

વિકાસવાદ[1] વિષે થોડુંએક

પ્રાણજીવન વિશ્વનાથ પાઠક.

વિકાસવાદનો સિદ્ધાન્ત જ્યારથી ઘડાયો ત્યારથી આખી વિચાર સૃષ્ટિમાં એક નવો જ યુગ શરૂ થયો એમ આપણે કહી શકીએ. જેમ કેટલીક શોધોને લઈને આખી યુરોપની સંસ્કૃતિનું વહન જૂદે માર્ગે ગયું, એમ જ આ વાદે બધા વિષયોની ચર્ચામાં એક સર્વસામાન્ય દૃષ્ટિબિંદુ આપ્યું. હાલ જો કોઈને કોઈ પણ વિષય ઉપર લખવું હોય તો કશું પણ નવું કહેવા જતા પહેલાં એ વિષયનો કેવી રીતે વિકાસ થયો એનું એ પહેલાં નિરૂપણ કરશે. ઐતિહાસિક પદ્ધતિ[2] હવે બધા વિષયોમાં લાગુ કરવામા આવે છે. ભૂત એ માત્ર એક ભૂત જ નથી, પણ સમસ્ત ભૂત ભૂત તરીકે જીવન્ત છે, વર્તમાનમાં એ પથરાય છે, અને એના ફણગા ભવિષ્યમાં ફૂટે છે. આ રીતે કોઈ પણ બાબતના સત્યાસત્ય વિષે, જેમકે રૂઢિ કે રીતરિવાજ વિષે–ચર્ચા કરતાં, એને એના ઐતિહાસિક જડતરમાં જ જોવામાં આવે છે. વિષયનું નિદાન શોધીને જ આગળ જવું એ પદ્ધતિ[3] પણ વિકાસ-વાદે જ શીખવી છે. પણ ઇતિહાસમાં તો આ વાદનો પણ વિકાસ થયો છે, એટલે વિકાસવાદના મૂળ સિદ્ધાન્ત ઉપર આવતા પહેલાં ઇતિહાસમાં આપણી નજરે એ ક્યાં ક્યાં ચડે છે એ આપણે ટુંકમાં જોઈશું.

અમુક જાતનો વિકાસવાદ તો જીવનના પ્રત્યક્ષ અનુભવમાંથી જ હરકોઈ માણસને મળી આવે છે. છોકરૂં જન્મે છે, મોટું થાય છે અને મરે છે. બીજમાંથી ઝાડ થઈ એને ફુલ અને ફળ થાય છે અને આપણે પાછા બીજં પાસે આવીએ છીએ. દૂર દૂર પણ મનુષ્યને એક એવો અસ્પષ્ટ ભાવ તો રહે જ છે કે આખી સૃષ્ટિ આવા જ

૧ Theory of Evolution. ૨ Historical Method. ૩ Genetic method.

ચક્રમાં ફર્યા કરે છે- જો કે આ જાતનું કુતૂહલ એવું છે કે એ ગમે તેમાં પરિણમે. એમાંથી ફીલસુફી નીપજે કે પછી સર્જન શક્તિ કાવ્યમાં કે કળામાં જ ઢળે. પણ આપણે અહિં એની સાથે સંબંધ નથી.

ઇ. સ. પૂર્વેના ગ્રીક લેખકો.

પહેલ વહેલાં ગ્રીક ફીલસુફ એનેક્ઝાગોરાસ—જે અનંતતાને આ વિશ્વનું આદ્ય કારણ માનતો—તેણે એક જગ્યાએ કહ્યું કે મનુષ્ય કોઇ જળચર પ્રાણીમાંથી ઉતરી આવ્યું છે; અને પૃથ્વી પહેલાં પ્રવાહી સ્થિતિમાં હતી. હરકોઈ પ્રાણી કોઈ બીજાને અન્યાય કરીને જ જીવી શકતું એમ એનું માનવું હતું. અને વિશ્વના નિયમ પ્રમાણે એ બધા અન્યાયોનો જવાબ આપીને જ પ્રાણી મરી જતું એટલે કે પાછું અનંતતામાં ભળી જતું. આપણે જો ધારીએ તો આમાંથી એમ તારવી શકીએ કે એનેક્ઝાગોરાસને ડાર્વિનની માફક જીવનમા જીવવા માટે જ કેટલી મારામારી (જીવનકલહ) છે એનું કંઇક ભાન હતું. પણ એનેક્ઝાગોરાસની ફીલસુફીનું નિરૂપણ કરતાં આટલે દૂર આપણે જઇ શકીએ એમ લાગતું નથી. એક બીજા ગ્રીક ફીલસુફને તો કલહ જ જીવનની ઉત્પત્તિનું મૂલ થઈ પડયું. એનું નામ તે હીરેક્લાઇટાસ. હોમર અને હીસીયડ પોતાની કવિતામાં એમ ગાતાં કે દેવો અને મનુષ્યોમાથી જો કલહ અને લડાઇ નાશ પામે તો કેવું સારૂં! આથી હીરેક્લાઇટાસને મન તેઓ અજ્ઞાન હતા. એનો કલહનો સિદ્ધાન્ત કંઈ સાધારણ માણસ કલ્પે એવો નહિ, પણ વિશ્વવ્યાપી હતો. વિરુદ્ધ ગુણો હંમેશાં એક બીજાને ખેંચે છે એટલું જ નહિ પણ તેઓનું તાત્ત્વિક સ્વરૂપ એક જ છે એમ એ માનતો. જીવનવ્યાપારો બે વિરુદ્ધ શક્તિઓના સમતોલપણામાં ચાલ્યા કરતા. જીવનને નદીના પ્રવાહની સાથે એ સરખાવતો અને લગભગ હાલના ફ્રેંચ ફીલસુફ બર્ગ્સનની જેમ એ કહેતો કે એકની એક નદીમાં આપણે બે વાર પગ ન મૂકી શકીએ, કારણ પાણી વહે જ જાય છે. જીવનની ગઇ ક્ષણ તેમજ પાછી આવતી નથી.

પણ આ બધાને માત્ર જૂદા જૂદા તર્ક જ માનીએ. ગ્રીસના ઘરમાં એરીસ્ટોટલ આવ્યો ત્યાં સુધી માત્ર જ્ઞાનનો ખીચડો જ ભર્યો હતો. એ બધું જ્ઞાન એરીસ્ટોટલે વ્યવસ્થામાં મૂક્યું. જૂદાં જૂદાં શાસ્ત્રો ઉપર પુસ્તકો લખનાર એ પહેલો ફીલસુફ થયો.

પ્રાણીઓને એ જ્યારે સામાન્ય વર્ગોમાં ગોઠવે છે ત્યારે એનામાં ઊંડી સમજણ હતી એ આપણે જોઈ શકીએ છીએ. દાખલા તરીકે વ્હેઈલને એ માછલીઓના વિભાગમાં નાખતો નથી, પણ આંચળવાળાં પશુઓના વિભાગમાં નાંખે છે, અને તેવી જ રીતે, ચામાચીડીયું જો કે ઉડે છે, તોપણ તેને ઉપરના વર્ગમાં જ ગોઠવે છે. આનાથી આગળ જઈ જ્યારે એના વિકાસવાદ આગળ આપણે આવીએ છીએ ત્યારે આપણા અત્યારના સમસ્ત જ્ઞાનોપચયના આધારે કદાચ એને વિકાસવાદ જ ન કહી શકીએ. કારણ એના મત પ્રમાણે પ્રાણીઓનો વિકાસ ગોળ ગોળ ચક્રમા ફર્યા કરતો. ઉપર કહ્યું તેમ, બીજમાંથી વૃક્ષ થાય અને તેમાંથી પાછું બીજ થાય અને અનંત કાળ સુધી આનો આ ક્રમ રહ્યા કરે. પ્રાણીઓમાં માત્ર વ્યક્તિઓ વિકાસ પામતી, પણ એના મત પ્રમાણે એક જાતના પ્રાણીનો વિકાસ બીજી જાતમાં પરિણામ પામતો નહિ. જાતિ તો સ્થિર અને પોતામા પૂર્ણ જ હતી.

આ જાતનો વિકાસવાદ ગ્રીક ફીલસુફી અને કળામાં બરોબર ગોઠવાઇ રહે છે. ગ્રીક વિચારકોએ ઘણા વર્ષોથી અમુક અમુક દ્વંદ્વો ગોઠવી કાઢ્યાં હતાં. એમાના કેટલાક નીચે પ્રમાણે હતાઃ—

એકી	બેકી.	પૂર્ણ	અપૂર્ણ.
વર્તુળ	સીધી લીટી.	જાતિ	વ્યક્તિ.

ગ્રીક લોકોની બુદ્ધિ પણ કળામય હતી. જે પોતામાં જ સમાપ્ત રહે એને પૂર્ણ અને સુંદર કહી શકાય, એટલે જે વસ્તુને અનંત સુધી લંબાવી શકાય એ અપૂર્ણ ગણાતી. આ રીતે વ્યક્તિ અપૂર્ણ ગણાઈ, અને વ્યક્તિનું જીવન જન્મથી તે મૃત્યુ સુધી એક સીધી લીટીમાં દોડે જતું. પણ બધી વ્યક્તિઓનાં જીવન મળીને જાતિનું એક પૂર્ણ વર્તુળ બનતું, કારણ જાતિ પોતામા જ સમાપ્ત રહેતી. આકાશમા તારાઓ જેમ ગોળ ફર્યા કરે તેમ જાતિનો વિકાસ એક ચારે-બાજુથી-બંધ વર્તુળમાં જ થયા કરતો. એનું-બહાર કેન્દ્રાપગામી થઈ બીજી જાતના વિકાસ થવા પામતું નહિ.

એટલા માટે એરીસ્ટોટલને વનસ્પતિનો, પ્રાણીનો અને મનુષ્યનો, એમ ત્રણેના પ્રાણ-અથવા જીવનતત્ત્વો એક બીજાથી જુદાં કલ્પવાં પડ્યાં. આ માર્ગ આપણને એની ફીલસુફીમાં લઇ જાય છે, માટે

અહીંથી જ છોડી દઇશું. ટૂંકામાં, એનું કુદરતનું નિરીક્ષણ એટલું વિશાળ હતું, અને કેટલીક વાર એવા દાખલાઓ ઉપર એ આવી ચડતો કે એને કઈ જાતિમાં મૂકવા એ એને સમજાતું નહિ; ત્યારે એવી વ્યક્તિઓને એ "રાક્ષસ" અથવા "કુદરતના ખેલ" કહેતો. (Sport અથવા freaks of Nature.)

મધ્યકાલીન યુગ. એરીસ્ટોટલે એટલું બધું લખ્યું કે એના ભાર નીચે એના શિષ્યો ચગદાઇ ગયા. ત્યાર પછી તો ક્રીશ્ચાનીટી આવી અને બાઇબલમાં બંધ બેસે એ રીતે જ એણે વિકાસવાદનું સમર્થન કર્યું. આમાં એરીસ્ટોટલ એમને બહુ મદદગાર થઇ પડ્યો. કારણ સૂર્ય અને નક્ષત્રમંડળ પૃથ્વીની આસપાસ ફરે, અને પૃથ્વીપર મનુષ્ય સર્વ કુદરતનું કેન્દ્ર, અને બાઈબલ પ્રમાણે ઈશ્વરે જ એને પોતાના સ્વરૂપમાં ઘડેલો એટલે એ માત્ર ભ્રષ્ટ થયેલો ફીરસ્તો જ ગણાતો. ત્યાર પછી હાલ જ્યારે ડાર્વિન સાહેબે એમ કહ્યું કે મનુષ્ય તો વાંદરામાંથી વિકાસ થઇ ઉતરી આવ્યો છે ત્યારે એક અંગ્રેજ પાદરીએ સત્તરમા સૈકામાં પૂર્ણ વિદ્વત્તાથી એટલું બધું સાબીત કરી આપ્યું કે ઈ. સ. પૂર્વે ૪૦૦૪ના વર્ષમાં ઑક્ટોબરની ત્રેવીસમી તારીખે સવારના નવ વાગે ત્રિમૂર્તિએ મનુષ્યને ઘડ્યો[૪]! આવી જ રીતે રોમની પડતી પછી કેટલાય સૈકા સુધી ખ્રીસ્તી ધર્મના મોટા મોટા અધિકારીઓની બુદ્ધિ સૂર્યમંડળના ગૃહોની ગતિની ગણત્રી કરતાં એક ઉપર એક એમ ૭૬૦ જેટલાં એપીસાયકલો ઘડવામાં એરીસ્ટોટલે કરેલા એક મોટા માંડામાં જ પૂરાઇ રહી.

અર્વાચીન ફીલસુફી. યુરોપમા જ્યારે જાગ્રતિ આવી અને ખગોળ વિદ્યા અને ભૌતિક શાસ્ત્ર "ધરમના" જુલમમાથી છૂટયાં ત્યારે જ કંઇક માણસોના મન મુક્ત થઈ જૂદી જૂદી દિશાઓમાં જવા લાગ્યાં. આ વખત દરમીઆન વિકાસવાદનો સિદ્ધાન્ત એક તરફ ફિલસુફીમાં ગુંચાએલો આપણી નજરે ચડે છે અને બીજી તરફ ભૌતિક ક્ષેત્રમાં નિરીક્ષણથી ધીમે ધીમે તે અગ્રસ્થાને આવતો માલુમ પડે છે. સત્ત-

---

૪ હજી પણ બાઈબલનો ઈશ્વરે-મનુષ્ય-સર્જ્યાંનો સિદ્ધાન્ત અને વિકાસવાદ વચ્ચે લડાઈ ચાલ્યા કરે છે. થોડા જ વખત પહેલાં ઇગ્લાંડના બે પાદરીઓ આ વિશે લડી પડયા હતા.

રમા સૈકાના પહેલા દસકાઓમાં ફ્રેંચ શીલસૂફ દેકાર્ટ (૧૫૯૬-૧૬૫૦) બ્હીતાં બ્હીતાં પણ એવો સિદ્ધાન્ત રચ્યો હતો કે વિશ્વના બધા પદાર્થો તથા પ્રાણીઓ મૂળ એક રસ-દ્રવ્યમાંથી ક્રમે ક્રમે અધિભૌતિક રીતે જ વિકાસ પામ્યાં છે. આ પછી યાહુદી ફીલસૂફ સ્પીનોઝાના (૧૬૩૨-૧૬૭૭) મત પ્રમાણે આખા વિશ્વનું અધિષ્ઠાન એ આધિભૌતિક સૃષ્ટિમાં જડ દ્રવ્ય તરીકે આપણને આવિર્ભૂત થાય છે અને આધ્યાત્મિક સૃષ્ટિમાં ચેતનાનાં[૫] સર્વ વ્યાપારોનું રૂપ પકડે છે એ એક જ છે. જર્મન ફીલસૂફ લાયબ્નીઝે પોતાની ફિલસૂફીમાંથી વચમાં વ્યાપેલા સાતત્યનો સિદ્ધાન્ત[૬] ભૌતિક શાસ્ત્રીઓને આપ્યો. અને જર્મન ફિલસૂફ કાંટને (૧૭૨૪-૧૮૦૪) આખી થઈ કે નેબ્યુલા કે નિહારિકામાંથી આખું વિશ્વ ક્રમે ક્રમે પ્રથક્કરણ પામી ઉત્પન્ન થયું છે. એણે એક જગાએ એમ પણ કહ્યું છે કે હાલનાં વાંદરાંમાંથી ભવિષ્યમાં કદાચ કોઈ ઊંચી કોટિનું પ્રાણી પણ થાય. વળી ફ્રેંચ ખગોળવેત્તા લાપ્લાસથી આગળ જઈને કાન્ટે કહ્યું કે "જો કોઈ મને જડ દ્રવ્ય આપે તો હું એને આખી પૃથ્વી કરી આપું" પણ આ નિયમ પ્રમાણે જીવતા પ્રાણી ન થઈ શકે એમ એનું કહેવું હતું, કારણ જીવનતત્ત્વ જ કંઈ અલૌકિક છે.

અત્યાર સુધી આપણે વિકાસવાદનું નિરૂપણ ફિલસૂફીના ક્ષેત્રમાં થતું જોયું. હવે પછી જીવનશાસ્ત્રના વિશેષ ક્ષેત્રમાં વિકાસવાદનું સમર્થન કેવી રીતે કરવામાં આવ્યું તે આપણે જોઈશું. જીવનશાસ્ત્ર[૭] વિશ્વના સમસ્ત જીવનને પોતાનો વિષય ગણે છે અને જીવનતત્ત્વ પૃથ્વીના જે જે જીવતા પ્રાણીઓમાં વ્યક્ત થતું માલમ પડે છે તે તે પ્રાણીઓની ઉત્પત્તિ અને વિકાસ કેમ થયાં એનું નિરૂપણ પણ એમાં કરવામાં આવે છે. પણ આપણે ખાસ આ માર્ગે ઉપર ચઢીએ તેના પહેલાં એ જરા જોઈ જઈએ કે એવી કઈ બાબતો શાસ્ત્રીઓના લક્ષ પર ચઢી કે જેથી એમને વિકાસવાદનો સિદ્ધાન્ત સેવ્યો પડ્યો.

---

૫ Consciousness ૬ Doctrine of continuity. ૭ Biology.

વિકાસવાદ વિષે થોડુંએક

જીવનવિકાસની સાબીતીઓ. પ્રાણીઓની જૂદી જૂદી જાતોના વિકાસ થયો છે એ નિર્વિવાદરૂપે સ્થપાયું એમાં કેટલાંએક શાસ્ત્રોએ બહુ મદદ કરી છે, અને તેમને આપણે જરા ઉપરછલાં જોઈ જઈશું.

એક તો ભુસ્તરવિદ્યા. હજારો વર્ષો પૂર્વે મરી ગયેલાં પ્રાણીઓ પૃથ્વીના પડમાં પત્થર જેવાં કઠણ થઇ જાય છે. પૃથ્વીમાં તેઓ જેમ જેમ ઊંડે ખોદતા ગયા તેમ તેમ આવાં ઘણાં નવાં પ્રાણીઓ જડયાં. આમાંનાં કેટલાંક પૃથ્વીના પડ પરથી હાલ નાબૂદ થઇ ગયાં છે, અને બીજાનાં રૂપો બદલાયાં છે. એક રીતે જોતાં પહેલાં મનાતું હતું તેમ પૃથ્વીપરનો જીવનવિકાસ કંઇ બહુ સાદી રીતે થયો હોય એમ લાગતું નથી. બીજી તરફથી જે કેટલાંક પ્રાણીઓના વિકાસમાં અનુસંધાનની કડીઓ જડતી ન હતી તે જડી છે. આનો સારામાં સારો દાખલો આર્કીઓપ્ટેરીક્ષ[૮] નામના પ્રાણીનો છે. આ પરથી હવે સિદ્ધ થયું છે કે પક્ષીઓ પેટે ચાલનારાં સર્પ જેવા પ્રાણીમાંથી ઉતરી આવ્યા છે.

જો જીવનશાસ્ત્રે વિકાસવાદનો સિદ્ધાન્ત સ્થાપ્યો ન હોત તો હક્સલે સાહેબે કહ્યું છે તેમ ભૂતજીવનસ્વરૂપોનું નિરૂપણ કરનાર શાસ્ત્રને-પુરાકલ્પજીવવિધાને[૯] એ સિદ્ધાન્ત શોધી કાઢવો પડયો હોત. કારણ પ્રાણીઓનો વિકાસ થયેલો ત્યાં સ્પષ્ટ નજરે પડે છે. પક્ષીઓ શામાંથી ઉતરી આવ્યા છે એ આપણે ઉપર કહ્યું. નહાર ઘણાં વર્ષો પૂર્વે હાલ છે એના કરતાં બહુ મોટું હતું અને આપણો ઘોડો માત્ર અગીઆર ઈંચ જેટલા ઉંચા પ્રાણીમાંથી આવડો થયો છે અને એના પંઝાનો ચાલી ચાલીને દાબડો થઈ ગયો છે !

ભૌગોલિક રીતે પ્રાણીઓ અને પક્ષીઓ કેવી રીતે પૃથ્વીપર વેરાયા છે એ બાબત પણ વિકાસક્રમના નિરૂપણમાં મદદ કરે છે. પૃથ્વીની સપાટીપર પ્રાણી ઉષ્ણકટિબંધમાંથી શીત તરફ જાય તોપણ અમુક ફેરફારો એનામાં થાય છે. આ પ્રમાણે પ્રાણીઓ બે રીતે પૃથ્વીની સપાટીપર વ્હેંચાય છેઃ એક ભૌગોલિક રીતે, અને બીજી ભૂતકાળમાં વિકાસ પામતાં પામતાં પ્રાણીઓ બીજી જગ્યાએ જાય તે રીતે.

---

૮ Archæopteryx. ૯ Palæontology.

વિકાસવાદના નિરૂપણમાં ગર્ભવિદ્યા[10] તરફથી મોટી મદદ મળી છે. ખરી રીતે તો છેલ્લાં પચાસ વર્ષથી જ આ વિદ્યા ઉપર ખાસ ધ્યાન અપાયું છે. તો પણ ફૉન બૅર જર્મનીમાં ઇ. સ. ૧૭૯૨–૧૮૭૬ માં થઇ ગયો, તેણે પહેલવહેલાં અવલોકન કરી કહ્યું કે જૂદી જૂદી અવાન્તર જાતોની ગર્ભાવસ્થામાં બહુ જ સામ્ય છે. એના કાલને લઇને એ વિકાસવાદી થઇ શક્યો નહિ. ફૉન બૅરથી આગળ જઇ હવે ગર્ભવેત્તાઓએ સૂક્ષ્મ અવલોકન કરી જોયું છે કે દરેક પ્રાણી એના પૂર્વજો વિકાસક્રમમાં જે જે રૂપોમાંથી પસાર થયા હોય તે તે રૂપોની કહાણી જન્મ પહેલા ગર્ભાવસ્થામાં કહી જાય છે.[11] સ્થળચર કરોડવાળા પ્રાણીઓને ગર્ભાવસ્થાના શરૂઆતના દિવસોમાં શ્વાસ લેવા માટે ફુક્કાઓ હોય છે. મનુષ્ય પણ આમાં અપવાદ રૂપ નથી; એને પણ ગર્ભના ત્રીજા અઠવાડીઆમાં આ ફુક્કાઓ હોય છે. બીજી રીતે પણ સ્થળચર પ્રાણીઓનું શારીરિક બંધારણ જળચળ માછલીઓના જેવું હોય છે. આ શોધ ઉપરથી જીવનશાસ્ત્રીઓએ બહુ બહુ આશાઓ બાંધી હતી. જયોફ્રે સેઇન્ટ-હિલેરે અને બીજા એકે એવો સિદ્ધાન્ત પણ બાંધ્યો કે ઉંચી કોટિના પ્રાણીના વિકાસનો રોધ થાય તો નીચી કોટીના પ્રાણી તરીકે એ જીવે![12] થોડુંક વિષયાન્તર થાય તો પણ મને કહેવાનું મન થઇ જાય છે કે આજ સિદ્ધાન્ત વૉલ્ટર બેજ્હોટ ઇતિહાસમાં લાગુ પાડે છે અને કહે છે કે પૂર્વની બધી સંસ્કૃતિઓ માત્ર થોડે સુધી વિકાસ પામી પછી કુંઠિત અવસ્થામાં જ પડી રહી છે.[13] ઉંચી કોટિના પ્રાણીની ગર્ભાવસ્થાની એક સ્થિતિ, અને નીચી કોટિના પ્રાણીનું સ્થાયી રૂપ અને રચના એ બે વચ્ચે વિશેષત્વવાળું નહિ પણ સામાન્ય સામ્ય છે. જીવનશાસ્ત્રીઓની બધી આશાઓ પૂર્ણ થઇ નહિ એનું એક કારણ એ છે કે ગર્ભવિદ્યાનું નિરૂપણ શરીરશાસ્ત્રીઓએ[14] કરવું જોઇએ. ઈંડાના જીવન બીજ[15]મા

10 Embryology. 11 Theory of Physical Recapitulation.

12 Doctrine of 'arrest of Development.'

13 'Physics and Politics'–'arrested civilizations.'

14 Physiologists

15 cell.

પહેલાં તો માત્ર સાદી રીતે જ વૃદ્ધિ થાય છે. એટલે કે એકમાંથી બે, બેમાંથી ચાર, ચારમાંથી આઠ એમ જીવનઅંશો[૧૬] વધે છે. પણ અમુક કાલ પછી ૧, ૨, ૪, ૮,–એવી સાદી પદ્ધતિએ વિકાસ થતો નથી પણ નવા ગુણો અને તત્ત્વો એમાં ઉત્પન્ન થાય છે. આથી પ્રશ્ન બહુ કઠિન સ્વરૂપ પકડે છે અને માત્ર જીવનશાસ્ત્રજ્ઞો જ એનો ઉત્તર આપવા સમર્થ નથી.

સૃષ્ટિવિકાસ વિષે કેટલાક તર્કો.

પુરાકલ્પજીવવિદ્યા, પ્રાણીઓનો ભૌગોલિક વિસ્તાર તથા ગર્ભવિદ્યાની વિગતો, ઉપર કહ્યું તેમ વિકાસ થયાનો પુરાવો આપે છે. આપણી આગળ મૂળ નિરૂપણની વસ્તુ એ છે કે–એ વિકાસ કેવી રીતે થયો? વિજ્ઞાન શાસ્ત્રમાં હરકોઈ તર્ક[૧૭] સિદ્ધ નહિ તો સર્વમાન્ય થાય તે માટે એ શાસ્ત્રની રીતિએ જ એનું નિરૂપણ કરવું પડે છે. તર્કનો ગમે તેવડો મોટો માંડવો રચ્યો હોય પણ જો છેવટે પ્રત્યક્ષ પ્રમાણથી એ સિદ્ધ ન થઈ શકે તો બધું નકામું. વિજ્ઞાનના ક્ષેત્રની બહાર જઇ ઉપરના અંગ્રેજ પાદરીની જેમ આપણે એમ કહીએ કે સર્વ પ્રાણીઓને ઈશ્વરે સરજ્યાં છે, તો વિજ્ઞાન આપણા તર્કને બિલકુલ માન આપશે નહિ. કારણ દરેક સત્ય પ્રત્યક્ષાભિમુખ જ છે. પુરાકલ્પજીવવિદ્યા, વનસ્પતિશાસ્ત્ર, જીવનશાસ્ત્ર, બધાં જેમ જેમ આગળ વધતા ગયાં તેમ તેમ વિકાસવાદના સમર્થનમાં મદદ મળે એવી વિગતો એકઠી થતી ગઈ. પછી જ્યારે વિકાસવાદનો સિદ્ધાન્ત લગભગ સર્વમાન્ય થતો આવ્યો, ત્યારે બાઇબલ પ્રમાણે ઈશ્વરે નોઆહના વહાણમાં મૂળથી આખી જીવનસૃષ્ટિનાં બીજ ભર્યાં હતાં એ ધાર્મિક માન્યતાએ એવું જ બીજું વિચિત્ર સ્વરૂપ પકડ્યું. એ બીજી માન્યતા પ્રમાણે ઈશ્વર જૂદી જાતો સર્જવા જૂદા જૂદા દેશોમાં ગયો[૧૮] કાન્ગારૂ એણે ઍસ્ટ્રેલીઆમાં જ કર્યું અને

૧૬ geometric series માં

૧૭ Hypothesis.

૧૮ Doctrine of 'Specific centres of creation.'

ઝીણા આલ્કકામાં જ. વિકાસવાદ વિરુદ્ધના જૂના ખ્રીસ્તી મતના આ મરણોદ્ગાર હતા. એક ખાલી સિદ્ધાન્ત પણ મરતાં મરતાં જીવવાની કે ટકી રહેવાની કેટલી કોશીશ કરે છે તે આપણે આમાં જોઇ શકીએ છીએ.

આપણે ઉપર હિલસુરીના વૃક્ષને આધારે વિકાસવાદની વેલીને ચડતાં જોઇ. જર્મન ફીલસુફ કાન્ટ પછી એનો ઉછેર ખાસ જીવન-શાસ્ત્રના ક્ષેત્રમાં થતો આપણે જોઇએ છીએ. એ શાસ્ત્ર વિશ્વના સમસ્ત જીવનને પોતાનો વિષય ગણે છે. અને જીવન તત્ત્વ પૃથ્વી પર જે જે જીવતાં પ્રાણીઓમાં વ્યક્ત થતું માલુમ પડે છે તે તે પ્રાણીઓની ઉત્પત્તિ અને વિકાસનું નિરૂપણ કરે છે.

કાન્ટ સમસ્ત નિર્જીવ સૃષ્ટિ જડદ્રવ્યમાંથી ઉત્પન્ન થઇ છે એમ કહેતો, પણ એક સજીવ પ્રાણીની આગળ કોઈ અલૌકિક આશ્ચર્યમાં એ અટકી પડતો.[૧૯] દેકાર્ટને મન તો સશરીર પ્રાણીઓમા જીવ કે મન એવું કશું ન હતું, પણ કાન્ટ જીવન વ્યાપારો જડ દ્રવ્યમાંથી નીપજાવી કઢાય એવા નથી એમ માનતો. જડ દ્રવ્યમાંથી જીવન તત્ત્વની ઉત્પત્તિ કોઇ પણ રીતે સંભવે કે નહિ એ પ્રશ્ને જીવનશાસ્ત્રીઓના બે પક્ષમા ભાગ કરી નાખ્યા છે[૨૦] એ આપણે આગળ ઉપર જોઇશું. ઉપરનો ગૂઢ પ્રશ્ન બાજુપર મૂકીને જીવનવ્યાપારોનુ વિજ્ઞાનની રીતે નિરૂપણ કરવા માટે કોઈ એમ કહે કે આપણે પહેલેથી જ જીવનં તત્ત્વના અણુઓ કલ્પિએ; તો જીવનતત્ત્વના અણુ-ઓના સંઘાતથી થતા પ્રાણીની ઉત્પત્તિ, વિકાસ અને મૃત્યુ આધિ-ભૌતિક રીતે જ સમજાવી શકાય. ભૌતિક શાસ્ત્ર એમ કહે છે કે હર-કોઇ પદાર્થ ઉપર બે નિરાળી શક્તિઓ જૂદી જૂદી દિશામા ખેંચાણ કરે તો તે પદાર્થ એ બે દિશામાંથી કોઈ એકમા ન જતા એની વચ્ચેના કોઇ એક ત્રીજે જ માર્ગે જશે; એમજ જીવનતત્ત્વના અણુ-ઓના સંઘાત પ્રત્યાઘાતમાંથી પ્રાણીની જીવનવૃદ્ધિનો માર્ગ આપણે ચોક્કસ કરી શકીએ.

૧૯ એ સજીવન પ્રાણીને એક 'wunder' કહેતો.
૨૦ Biogenesis: જીવાત્જીવવાદ Abiogenesis; અજીવાત્જીવવાદ.

પ્રાણીઓની વૃદ્ધિનું નિરૂપણ કરવામાં ફ્રેંચ શાસ્ત્રી બફ્ફન ઉપરની જ પદ્ધતિ પકડે છે. (૧૭૪૯). એ જીવનતત્ત્વના અણુઓને[૨૧] ભૌતિક પરમાણુઓની માફક જ વિશ્વમાં વ્યાપેલાં કલ્પે છે. જર્મન ફિલસુફ લાયબ્નીઝ વિશ્વના અંતિમ તત્ત્વને અભેદ્ય નીરન્ધ્ર ચિદ્ અણુઓરૂપ વ્યક્તિઓ[૨૨]માં વહેંચી નાંખે છે, એનું જ અધિભૌતિક પ્રતિબિંબ આપણને બફ્ફનના સિદ્ધાંતમાં દેખાય છે એ આપણે કોઈવાર લાયબ્નીઝની ફીલસુફી જોઈશું તો સમજાશે.

અવયવી, પરિસ્થિતિ, અને ધર્મ.

વિકાસવાદના ખાસ નિરૂપણમાં આપણે કેટલીક પરિભાષાથી પરિચિત થવાની જરૂર છે. ઉપર કહ્યું તેમ જીવનશાસ્ત્રનો વિષય તે જીવનતત્ત્વ છે, પણ વિશ્વનું સૂક્ષ્મ જીવનતત્ત્વ આપણને પ્રાણીઓમાં જ મૂર્ત થયેલું માલુમ પડે છે. દરેક પ્રાણીને અવયવો હોય છે; અને જુદા અવયવોના [૨૩]ધર્મો નિરાળા હોય છે. તોપણ એ બધાં ધર્મોનું ઐક્ય પ્રાણી સાથે છે. બીજાં બધા અવયવો, પેટ માત્ર બેઠું બેઠું ખાયા કરે એટલા માટે એની ઈર્ષ્યા કરી પોતાની બધી ચેષ્ટાઓ બંધ પાડે તો સમસ્ત શરીર ક્ષીણ થાય એ તો આપણે બાળકોને કહેવાતી વાર્તામાં જ જોઈએ છીએ. પરમાણુઓના એક ઢગલા જેવું પ્રાણી નથી પણ તેનામાં એકત્વનું તત્ત્વ રહેલું છે. પ્રાણીને અવયવો છે એટલા માટે આપણે એને અવયવી પ્રાણી કહી શકીએ. અથવા ટુંકામાં માત્ર અવયવી પણ કહી શકાય.

અવયવી જ્યારે જન્મે છે ત્યારે એ વિશ્વમાં એકલું જ નથી હોતું. બીજાં જીવન્ત પ્રાણીઓ તથા જડ સૃષ્ટિમાં એનું સ્થાન નિયત થએલું હોય છે. એને જેમ એના માબાપ તરફથી અમુક શરીરના બંધારણ રૂપ વારસો મળે છે તેમ બાહ્યસૃષ્ટિ પણ એની ચારે બાજુએ હોય છે. આ બધી આપણે એની પરિસ્થિતિ કહીશું.

૨૧ 'Molecules Organique.'
૨૨ 'Windowless Monads.'
૨૩ function ૨૪ Environment.

કોઈ પણ પ્રાણી એની પરિસ્થિતિની સાથે સંબંધમાં આવ્યા વગર જીવી શકતું નથી. એવા સંબંધમાં આવ્યા વગર પ્રાણીનું જીવન ખાલી[૨૪] અને ક્ષીણ થઈ જાય. પ્રાણી પોતાનો ખોરાક એની પરિસ્થિતિમાંથી મેળવે છે, કે ભુખે મરે છે; અને એ પ્રમાણે એની વૃદ્ધિ કે નાશ થાય છે. પ્રાણી અને તેના પરિસ્થિતિ વચ્ચે આઘાત પ્રત્યાઘાત થયા કરે છે. આ સંબંધ રોજ નવું સ્વરૂપ પકડે છે. કોઈ દિવસ પ્રાણીપર બાહ્ય સંજોગો ચઢી બેસે છે, તો કોઈ વાર પ્રાણી સૃષ્ટિપર જીત મેળવ છે.

ઉપર આપણે જોયું કે પ્રાણીના અવયવોના જૂદા જુદા ધર્મો છે. એ બધા ધર્મો કેન્દ્રવર્તી છે અને એ તમામ અવયવીના જીવનનું લક્ષ્ય સાધે છે. આપણે બહુ ઊંડા ન જતાં એટલુંજ અહીં કહીશું કે દરેક પ્રાણીનું લક્ષ્ય જીવવાનું હોય છે. જીવન એક એવું તત્ત્વ છે કે એની વિરુદ્ધની–મૃત્યુની દશા એક વિકલ્પ તરીકે પણ જીવનની સામે ટકી શકતી નથી. જીવવું કે મરવું એવો પ્રશ્ન માત્ર મનુષ્યની જ સામે અને તે પણ કોઈક જ વાર આવીને ઉભો રહે છે. દરેક પ્રાણીનું લક્ષ્ય જીવન હોઈને આપણે કહી શકીએ કે એ લક્ષ્ય એ એના ધર્મવડે સાધે છે. પણ આ ધર્મ શબ્દનો અર્થ આપણે વધારે સ્ફુટ કરવાની જરૂર છે કે કંઈ ગોટાળો થવા સંભવ ન રહે. દરેક અવયવોના જુદા જુદા ધર્મો હોય છે તે આપણે કહ્યું. એવી જ રીતે સમસ્ત અવયવીનો પણ ધર્મ હોય છે. એ ધર્મમાં અવયવી એની પરિસ્થિતિને લઈને પ્રવૃત્ત થાય છે. બીજી રીતે કહેવું હોય તો એમ કહેવાય કે અવયવી અને એની પરિસ્થિતિ એ બે વચ્ચેનો જે સંબંધ તે ધર્મ[૨૫] આ ઉપરથી સ્પષ્ટ દેખાશે કે અવયવી અને એની પરિસ્થિતિ ધર્મ-પ્રવૃત્તિદ્વારા એક બીજાને અસર કરશે.

અવયવી, એની પરિસ્થિતિ, અને એ બે વચ્ચેનો જે સંબંધ–ધર્મ, તે ત્રણ બાબતો સ્પષ્ટ રીતે સમજ્યા પછી જ વિકાસવાદના આધુનિક સિદ્ધાન્તો સમજી શકાય, પરંતુ સ્થલસંકોચને લઈને આપણે આજે આટલે જ વિરમીશું.

---

૨૪ Abstract. Contentlcss.

૨૫ (આ ધર્મ શબ્દનો અર્થ ધર્માનુસાર કરવાનો નથી.)

૨ જ. કે. ણુ.

ધૂમકેતુ

હજારો દિવસમાંથી એક જ દિવસ મને યાદ છે નકારનો અને પ્રેમનો

રોવું હોય ત્યારે હું એકાંત શોધું છું હસવું હોય ત્યારે મિત્રો.

સમુદ્રને કિનારે જ તારો પગરવ કેમ સંભળાય છે? બધે જ તું છે એટલા માટે કે બીજે ક્યાંય તું નથી એટલા માટે?

ચંદ્રની જેવી કીર્તિ આવે કે અંધારા જેવો અપયશ આવે મિત્રો નિંદે કે મૂરખ વખાણે કંઈ જ ફિકર નથી જ્યાં સુધી કલ્પનાની રાણી હસે છે ત્યાં સુધી મ્હારું પ્યાલું છલોછલ ભર્યું છે પછી મને કોઈની દરકાર શા માટે હોય?

કોઈ નામ માટે જીવે છે, કોઈ લક્ષ્મી માટે જીવે છે : કોઈ સ્ત્રી માટે જીવે છે: નીલાછમ ટેકરાઓ ઉપર હેતુ વિના રખડવા માટે તો હું એકલો જ જીવું છું.

∴

ઉંચામા ઉંચાં શિખર પર બેસવા માટે હું એક હજાર જીંદગી ગુમાવવા તૈયાર છું : પણ શરત એટલી કે તે ઉંચામાં ઉંચું હોવું જોઇએ.

∴

મધરાતે સમસમકારમાં એ શબ્દ સાંભળ્યો છે? આત્માનો અવાજ એટલો જ શાંત ને તીવ્ર હોય છે.

∴

ઘણી વખત રાત્રિ ગંભીર હોય છે, અને ચળકતા તારા તેને વધારે ગંભીર બનાવે છે ત્યારે એક જ અણુકલ્પ્યો સવાલ હૈયે આવેછે: "આ બધું શા માટે"?

∴

દુનિયાનું મોટામાં મોટું કરુણ નાટક તો માણસના હૃદયમાં જ હરપળે ભજવાય છે.

∴

દુનિયામા ઘણા પ્રકારની મીઠાશ છે પણ છાના દર્દના તોલે આવે એવી એકે નથી.

વિયોગના આંસુને ચૂમનાર બાળક છે ત્યા સુધી ફિલસૂફીનો ચોથાં કોણ ઉઘાડે ?

સ્વપ્ન ને પૃથ્વીમાં બહુ ફેર નથી. શ્રમ ને પ્રેમ બે સાથે હોય એટલે સ્વપ્ન થઈ રહે એ બે જુદા પડે એટલે પૃથ્વી બને

નિરસ સંયમ એ આપઘાતનું ધર્મમા વિરેલું નામ છે

આવેશ જ્યારે ઉલ્લાસનો ઝભ્ભો પહેરે છે ત્યારે અને પુરાણી જ્યારે એક જ સૂરે કથા વચે છે ત્યારે એક અદશ્યમૂર્તિ ધીમે ધીમે સતોષથી હસે છે અને તે મૂર્તિ સેતાનની છે

નિરાશાના સમુદ્ર જેવા મોટા રણમાં તને સંભારી સંભારીને રડવાની જે મજા મળે, તે મજાની ખાતર, હું ધોળાં ફુલ, રૂપેરી ચાંદની, અને ટાયલનો સૂર ત્રણે જતાં કરું.

...

હું નિરાશ થયો છું?– પરાજયથી હારી ગયો છું? ના, એવું કાંઇ જ નથી. પ્રેમના સમુદ્રમાં પડેલ, ઝેરનું એક બિંદુ ધોવા માટે, આટલી જહેમત ઉઠાવી રહ્યો છું.

∴

એણે કહ્યું કે તમે નિરાશાવાદી છો. મેં કહ્યું કે સાથે બેસીને ઘડેલ સ્વપ્ન છિન્નભિન્ન કરનાર કોઇ મિત્ર તમને મળ્યો નથી.

∴

એણે કહ્યું કે તમે મનુષ્યને ધિક્કારો છો. મેં કહ્યું કે, મીઠી જબાનવાળા, વિવેકી મનુષ્યનો તમને પરિચય નથી.

એણે કહ્યું કે તમે દુઃખથી હાર્યા છો: મેં કહ્યું કે તમે વિશ્વાસભંગ અનુભવ્યો નથી.

∴

મને બે ચીજ સૌથી વ્હાલી છે શ્રમ ને દુખ દુખ વિના હૃદય નિર્મળ થતું નથી શ્રમ વિના મનુષ્યત્વ સમજાતું નથી.

પરાજય?– પરાજયથી તો હું બીડકતો નથી. નાના નાના વિજય જોઇને ગભરાટ છૂટે છે એવા નાના નાના વિજયમા સતોષ મ નીને મોટા પરાજયનો આનંદ ગુમાવનારા ઘણા હોયછે, એવો તો હું નહિ બની જાઉં ના?

પાનખર રૂતુ જોઇને વૃદ્ધાવસ્થા યાદ આવી પણ છેક છેલ્લી ટોચે સુંદર પ્રભાતના રગ જેવી કુમળા પ નની ટીશી ક્યાથી?

જેણે જીવનમા વિરહ અનુભવ્યો નથી એણે જીવનની મીઠાશ પણ ક્યારે અનુભવી છે?

દિવસે તો હીસ્સુંદર જેવા ભાવહીન આકાર કરતા મે જ્યમ ઉછળતો સમુદ્ર વધારે સુંદર લાગે છે પણ રાત્રે?

યોગીરાજને નિમંત્રણ.

રમણલાલ અમૃતલાલ હીંડયા.

આજ મારે આંગણે રોપ્યા છે, ક્યાંઇ કેળને કુસુમતણા માંડવા
હો યોગીરાજ 'આવોનેરે.

આવો, આવો, લઉં હું, ઓવારણાં
હો યોગીરાજ આવોનેરે.

વનરંગડો યૌવન ભર્યો, કોકિલ ટહુકે ત્યાંય;
આમ્રતણી એ ડાળીએ, ચઢી હિંચોળા ખાય;

ઝુલે ઝુલે એવાં એ રસ પારણાં
હો યોગીરાજ આવોનેરે.

રમણલાલ અમૃતલાલ હીંડયા

વીસા પોરવાડ

ભૂલે ભૂલે ત્યાં સ્વાર્થતણી સાધના

હો યોગીરાજ આવોનેરે.

દિલ દિલના દર્દો ભર્યાં, પ્રિય વિણ શાંત ન થાય;
યોગ સધાવો સ્નેહનો, દ્વૈત અદ્વૈત સમાય;

ભાંગે ભાંગે એ ભેદ ભૂલામણા

હો યોગીરાજ આવોનેરે.

લાધે લાધે હો સ્નેહ સુહામણા

હો યોગીરાજ આવોનેરે.

અમી ઝરીઓ વરસી રહી, ઉર પલ્લવ વિકસાય;
શાંત સુધારસ સ્નેહથી, ઉર ભરપૂં ઉભરાય,

તટે તટે ત્યાં વિશ્વતણી વાસના

હો યોગીરાજ આવોનેરે.

એટે એટે આનંદ અમીધારણા

હો યોગીરાજ આવોનેરે;
આજે મારે આંગણે.

બસ, પરણો જ

વસુભાઇ

પ્રિય સુ—બ્હેન,

ત્હમારો પત્ર ને ત્હેમાં ત્હમારા વિચારો વાચીને મ્હને તો જરાયે આશ્ચર્ય ન થયું. ત્હમારૂં માનસ હું બરાબર સ્હમજું છું એ મ્હારો હંમેશનો દાવો છે. ત્હમે લગ્નને બંધન માનો છો અને પ્રેમને મોહ કહો છો ત્યાંથી માંડીને જ ત્હમારી આખી વિચાર પરંપરા વિપથગામી બને છે. ત્હમે સ્વીકાવ કે નહિં ત્હેની પરવા કર્યા વગર મ્હારે ત્હમને આજ પરણવા માટે શિખામણ આપવી છે. મ્હારે ત્હમને પ્રેમ અને લગ્નની ખરી ફિલસુફી in a nut-shell સ્હમજાવવી છે. માટે આટલો પત્ર ધ્યાન દઇ, ધીરજથી વાચજો, પછી મનન કરીને જવાબ લખજો. મ્હારી દૃઢ શ્રદ્ધા છે કે હું ત્હમને મ્હારા વિચારો બરાબર ગળે ઉતારીશ—અસ્તુ.

કેટલીકવાર એકાદ વિચાર પરંપરાનો અતિશય થાય છે ત્યારે એક જાતનું માનસિક ઝનૂન આપણામાં વ્યાપી જાય છે. એ ઝનૂન

એવું છે કે પછી આપણું અવલોકન, વિચાર, અભિપ્રાય બધું એકપક્ષી થઇ જાય છે. આપણી માન્યતાઓ જ વિષયે પ્રવર્તે છે. 'જેમકે ત્હમારામાં સ્ત્રી અને પુરુષના સંબંધ વિષે એવા ઝનૂની વિચારો ભરાયા છે કે હવે ત્હમને એમના સંબંધમાં સારૂં હોય તે પણ ખરાબ દેખાય. એ વિષે અત્યારે કશું જ નથી કહેવાનો. બીજી કોઈવાર આપણે રૂબરૂ મળીશું ત્યારે એ ચર્ચીશું. આજ તો ત્હમને પ્રેમ અને જીવનની રસિકતા સમજાવવી છે. મ્હેં થોડા વખતથી અનુભવ્યું છે ત્હેની વાત કહેવી .છે.

જ્યારે મનુષ્યમાં યૌવન પ્રકટે છે ત્યારે ત્હેનામાં હૃદયની એક અદૃશ્ય ઊર્મિ અને ત્હેને લીધે અન્યલિંગ (other sex) પરત્વે એક અદ્ભુત અભિવૃત્તિ પ્રકટે છે. જોકે ન્હાનપણથી ત્હેનામાં દરેક વ્યક્તિ તરફ એવી લાગણી જેને આપણે સ્નેહ કે હેત કહીએ છીએ તે હોય છે જ. એ ત્હેની આસપાસના સંબંધી સ્ત્રી કે પુરુષ સાથે સ્નેહથી વર્તે છે. પણ યૌવન આવતા તેમાંથી પુરુષ તરફની અભિવૃત્તિમાં જબ્બર પલટો આવે છે. આ બધી આપણા સામાન્ય અનુભવની વાત છે. હવે એ પલટાનું કારણ શું ? યૌવનમાં મનુષ્યમાં લિંગવાસના (sexual hunger) જાગે છે. પણ રહો, આને કામવાસના ન માનવા મ્હારી વિનંતિ છે. એ બન્નેને હું ભિન્ન ગણું છું. એ લિંગવાસનાને સાધારણ રીતે આપણે પ્રેમવૃત્તિને નામે જાણીએ છીએ. જો કે એને માટે તો એ એક જ શબ્દ ઉચિત છે. અને એ લિંગવાસના એ યૌવનનું એક મ્હોટામાં મ્હોટું લક્ષણ છે. યુવાન અને યુવતીના જીવનની દરેક પ્રવૃત્તિમાં એ જ પ્રધાન ભાગ ભજવે છે. એક બીજાનો પહેરવેશ, એક બીજાનાં આકર્ષણ, એક બીજાના ચાળા, ઘરમાં, બ્હાર, રસ્તે વગેરે સ્થળોએ જોઈએ છીએ ત્હેની પાછળ શું રહ્યું છે ? લિંગવાસના જ.

એ અભિવૃત્તિના પલટાથી ન્હાનપણની સર્વજન પ્રત્યેની સ્નેહવૃત્તિ સંકુચિત થઇને પોતાનાં જ સગાં-સંબંધીમાં વિરામે છે. બ્હારનાં ક્ષેત્ર પરત્વે લિંગવાસના રહે છે. અને એ વાસના જો કેન્દ્રીભૂત બને તો પ્રેમનું સ્વરૂપ લે છે. તેમ ન બને તો કામવૃત્તિ (passion)નું સ્વરૂપ

લે છે. આપણી સગવડ ખાતર સ્નેહ ને પ્રેમનો આમ ભેદ કરીશું, સ્નેહ સર્વદેશીય છે, પ્રેમ એકદેશીય છે. સ્નેહ કોઈ પણ સંયોગોમાં કોઈ પણ વ્યક્તિ તરફ થાય છે. પ્રેમ અમુક સંયોગોમાં એક જ વ્યક્તિ તરફ થાય છે.

કામવૃત્તિ એ શરીરની સ્થૂલ વૃત્તિ છે અને એને જ કેટલીકવાર પશુવૃત્તિ પણ કહેવામાં આવે છે. કારણ્ કે જ કે એ એકની અંદર પરીવાયલો મનુષ્ય સ્થૂલતામાં જ ભમે છે. અને તેથી ત્હેનામાં પ્રેમનું પવિત્ર વાતાવરણ નથી પ્રવેશી શકતું. એ તો સ્થૂલ વાસનાની તૃપ્તિમાં જ સંયોગ કે વ્યક્તિના ભાન વગર-માનસિક રીતે પશુ-રચ્યો પચ્યો રહે છે. પણ જ્યારે એ કામવૃત્તિ એ સ્થૂલતા મૂકી એક વ્યક્તિ પરત્વે કેન્દ્રીભૂત બની સૂક્ષ્મ સ્વરૂપ લે છે ત્યારે ત્હેનામાં પ્રેમ જન્મે છે. અને એ પ્રેમ તે પવિત્ર દામ્પત્ય પ્રેમ. કામવૃત્તિને મર્યાદા જ નથી. પ્રેમ એટલે જ મર્યાદા ને સંયમ. કામવૃત્તિ કોઈ પણ વ્યક્તિ તરફ હલકી વાસના જગાડે છે. પ્રેમ તો એક જ વ્યક્તિ તરફ ઢળે છે. અને પ્રેમ નથી ત્યાં ઉંડીઉંડી ને છૂપી કામવૃત્તિ જ રહેલી છે. અનેક વ્યક્તિઓ તરફ પ્રેમ રાખનારાં પ્રણયીઓ કે પ્રણયિનીઓ આત્મવંચક જ છે. તેઓ પોતાને જ છેતરે છે. સ્નેહ એટલે જેમ વિશાળતા ને ઉદારતા તેમ પ્રેમ એટલે જ સંયમ ને મર્યાદા. અને એ સંયમ ચાવે એટલે સ્નેહની વૃત્તિ વિશાળતર બને છે. જ્યાં એ સંયમ નથી ત્યાં તો પછી કામવૃત્તિ-પશુતા વિના બીજું શું હોય?

પણ આ બાબત વિસ્તારથી ત્હમને આ પત્રમાં તો શી રીતે સ્હમજાવું? એટલે હવે જ્યારે આપણામાં લિંગવાસના ઉદ્ભવે તે વખતે ત્હેને કેન્દ્રીભૂત ન કરતી તે કામવૃત્તિ તરફ જવાની તૈયારી જ છે. એ કેન્દ્રીભૂત ન થવાથી આપણી એ વાસના પ્રબળ થતી થતી મનને ચંચળ બનાવી ભમાવ્યા કરે છે. અને તેથી ભલે આપણે એને વશ ત્વરાથી ન થઈએ પણ આપણી માનસિક સ્થિતિને તો તે ડ્હોળી જ નાંખે છે. એમ ન થાય માટે બીજો એક ઉપાય છે અને તે એ વૃત્તિનો સમૂલો નાશ કરવાનો; જે ઘણી જ અઘરી, લગભગ અશક્ય જેવી વસ્તુ છે. એ વૃત્તિ તો જેમ દાબો તેમ વધુ જોરથી ઉછળે ને વધુ પજવે.

છતાં ગર્વને લીધે માણસ કબુલ નથી કરતો કે એમ થાય છે. અને અન્તે માનસિક વ્યથાથી પીડાય છે. ત્હમે ખોટું ન લગાડશો પણ મ્હને ચોક્કસ લાગે છે કે ત્હમારી એ જ સ્થિતિ હશે. ત્હમે એમાંથી બચવાં માટે ત્હમારી વાસના કેન્દ્રીભૂત થાય તેમ ઈચ્છતાં હશો પણ ત્હમારો ગર્વ તેમ કરવા નથી દેતો. અને આ ત્હમારે વિષે જ નથી. ઘણું સ્ત્રી પુરુષો વિષે એમજ હોય છે. બ્રહ્મચારી અને બ્રહ્મચારિણી રહેવાના આદર્શ રાખનારી બધી વ્યક્તિઓ કે સંયમને લીધે એમ કરે છે એમ માનવાની ભૂલ કદી ન કરશો. એમનામાં કેંક ગર્વને લીધેજ એવું વર્તન જણાય છે. કેટલીકવાર તો વિચિત્ર કારણો હોય છે. જેમકે "મ્હારે લાયક પતિ કે પત્ની ન મળે તો પરણવું શા માટે" આવો મનમાં વિચાર હોય. ત્હારથી એમ કહે કે "હું તો બ્રહ્મચારી કે બ્રહ્મચારિણી રહેવા માગું છું." આના મૂળમાં તો પેલો અસંતોષનો ગર્વ જ છે. ખરાં બ્રહ્મચારી ને બ્રહ્મચારિણીઓ તો વિરલ જ હોય છે. એમનાંમાં તો લિંગવાસના યે ન હોય. અસ્તુ.

તો એ લિંગવાસનાને પ્રબલ બનવા દઈને કામવૃત્તિમાં લપસી પડી માનસિક વ્યથા ભોગવવી તે કરતાં ત્હેને કેન્દ્રીભૂત બનાવી સંયમ ને પવિત્રતાની સ્વર્ગીય શુચિતા અનુભવવી એ જીવનની સૌથી ઉચી લ્હાણ છે, સૌથી ઉચી સંસ્કારિતા છે, સૌથી ઉચો રસાસ્વાદ છે. ત્હમે એ કામવૃત્તિને કષ્ટથી દાબો તો પણ જ્યાં સુધી સંસારમાં છો ત્યાં સુધી એ ત્હમારામાં રહેવાની. મોડા વ્હેલી પણ ત્હમને એકલાપણાની એક જાતની અણગમાની વૃત્તિ ઉત્પન્ન થઈને પ્રેમનું સ્વરૂપ સમજવાની આતુરતા વધારશે જ. જે વખતે એ વાસના ઉદ્ભવી છે તે જ સમયે ત્હમે ત્હેને કેન્દ્રીભૂત નહિં બનાવો ને ત્હેનો ખરો પવિત્ર રસાનન્દ નહિં લ્યો તો ભવિષ્યમા જરૂર ત્હમને લાગશે કે કેંક ઉણું ઉણું લાગશે. ત્હમે જણાવશો નહિં, મનમાં યે ન લાવવા પ્રયત્ન કરશો પણ કોઈક વિરલ ઘડીઓ ત્હમને ત્હમારા જીવનની એ ઉણપનું ભાન કરાવશે અને પરિણામે ત્હમને જીવનમાં નીરસતા સિવાય કશું જ નહિં જણાય.

તો નકામા શા માટે એ માર્ગે ? નૈસર્ગિક પ્રેમનો ફુવારો પ્રગટાવવાને બદલે દાબી શા માટે દો છો ? જરાક મૃદુ થાઓ. અન્તરની ઊર્મિઓને

ઉલ્લાસથી વધાવી કેન્દ્રીભૂત કરો. તૃષા લાગે છે, રસનો મ્હેરામણ પાસે જ નિરખો છો તો શા માટે એક આરે જઈને રસ નથી પીતાં? પ્રેમનો ઉલ્લાસ જીવનમાં એક જ વાર અને તે આ જ વયમાં આવે છે. આ માટે ત્હેને તરછોડીને અપમાનો છો? બુદ્ધિની એક રમતને લીધે હૃદયને શૂન્ય ન બનાવો.

અત્યારે છો એ દૃષ્ટિએ જોશો તો ત્હમને આ બધી વાતો કહેવી નિરર્થક છે. જરા કુમળાં થઈને આ બધું વાંચજો ને તો જ એ સ્હમજાશે. વિશેષ તો શું સ્હમજાવું? એ પ્રેમની વાતો જ અળગી છે. એનો આનન્દ જ અનિર્વચનીય છે. એ હું સ્હમજાવી નહિં શકું. બસ, એનો અનુભવ લ્યો અને પછી મ્હને કહેજો.

જ્યાં સુધી ત્હમે પ્રેમનો અનુભવ નથી લીધો ત્યાં સુધી ત્હમને જગતમાં રસ જ નહિં જણાય. હા, ત્હમે પ્રેમને મોહ કહો છો પણ એ મોહને પ્રેમનું નામ આપીને ત્હમે વાત કરો છો. પ્રેમ એટલે સંયમ તે મોહ શી રીતે હોય? લગ્ન એટલે પણ ત્હમે કહો છો તેમ બંધન નહિં પણ સંયમ. આપણી લગ્ન ભાવનાની ધાર્મિકતા ત્હેના, એ લક્ષણમાં રહેલી છે. લગ્નને બંધન માનવામાં સંયમ નથી. એમ માનનાર સંયમ એટલે શું એ જ નથી સ્હમજતો. એ સ્વાતંત્ર્યને જ નથી સ્હમજતો. સંયમ એટલે જ સ્વાતંત્ર્ય. સંયમ વિના તો નિરંકુશતા ને સ્વચ્છંદ જ પરિણમે. મનુષ્ય જીવનમા સ્વાતંત્ર્ય ને સંયમ બન્ને જરૂરનાં છે. સ્વાતંત્ર્યને નામે અસંયમ ને સ્વચ્છંદ આચરાય છે તે મ્હને તો અનિષ્ટ લાગે છે ત્હમારા જેવાં સ્વાતંત્ર્યવાદીને જે લાગે તે ખરૂં.

પણ એ બધી યે ફિલસુફીની વાતો જવા દઈએ. હું તો ત્હમને સીધે સીધું એ જ કહેવા માગું છું કે બસ, ત્હમે પરણો જ. લગ્ન ને પ્રેમ વિના જીવન તે શું જીવન છે? That is simply existence, not life. પેલું love's philosoply ત્હમે તો વાંચ્યું હશે. એમાં કવિ સૃષ્ટિમાં સર્વત્ર પ્રણયનું રસદર્શન કરે છે. પછી કવે છેઃ

What are these kissings worth,
If thou kiss not me?

અને ખરેખર એમ જ છે. સર્વત્ર પ્રેમનું સામ્રાજ્ય ને આપણા જ જીવનમાં એને સ્થાન નહિ એ તમને વિચિત્ર નથી લાગતું? તમારા હૃદયમાં પ્રેમ નથી તેની આર્દ્રતા નથી, સા સૃષ્ટિ જીવનનું મ્હોટું રહસ્ય નહિ સ્હમજી શકો. એ જીવનની સમીક્ષારૂપ સાહિત્ય તમે નહિ સ્હમજી શકો. પ્રેમના સાહિત્ય માટે તમે અનાધિકારી છો. ઉપરનું જ કાવ્ય હું સ્હમજી શક્યો છું તેટલું તમે ક્યાંથી સ્હમજો ?

તમારે બારણે બોલે છે મોર
એની ભિન્નતાની ભાવનામાંથી
આપણે બારણે બોલે છે મોર!
અને બારણે બારણે બોલે છે મોર!

એમ આપણાપણાની ને પછી જગતિ સકલે પ્રેમની પ્રભુતાનું દર્શન કરો. એ પ્રેમ વિના તમને

વેણી ગૂંથીને ફૂલ મહીં ભૂલી
એની તન્મયતા નહિ સ્હમજાય. તમને
સ્નેહીનાં સોણલાં આવે, સાહેલડી!
ઉરના એકાન્ત મ્હારા ભાડે બજે.

અથવા તો "સતાં સ્નેહધામ" વગેરે કાવ્યોનો રસમર્મ તમે નહિ સ્હમજી શકો. અરે, જગતનું સુન્દરમાં સુન્દર સાહિત્ય પ્રેમનું જ છે એ તમે જ ક્યાં નથી જાણતાં? પ્રેમ એ જીવનની ખુશબો છે. એનાં વિના જીવનમાં વાસના જ નથી. માટે જીવનને ખરેખરૂં ખીલવવું હોય, તેની ખરેખરી સુવાસ લેવી હોય તો તમે પરણો. હવે સંબાધુ કેટલું કહું? સુજ્ઞને વધારે ન કહેવાય.

એકલાં ઉગવું, સ્હોવું, એકલાં આથમી જવું;
સ્નેહથી છલકાતા આ સંસારે એમ શે થવું?

એજ.
સ્નેહાધીન
વસુભાઈના નમસ્કાર.

—અહુનન

સ્નેહરશ્મિ

પૃથ્વી:

અનન્ત ભવ-સાગરે અટુલી નાવ મ્હારી જ્યંહી,
હતી ધુમસ ગાઢ ને અમિત અંધકારે ડુબી;
ઉષા પ્રતિ ઉગે કઠોર ખડકો ત્યંહી મૃત્યુના
ભયંકર પ્રચંડ દલ થાં– ઉદધિ ગાજતો તાંડવે.

અરે! અચળ તે ધ્રુવે ડગમગી હતો છૂપતો,
નહીં શઢ અને સુકાન જરીયે હતાં કાબુમાં;
અરે! મૃદુલ ભાવ કેરી પ્રતિમા સમી સૌમ્ય ત્યાં
ઉગી ભગિનિ! તું અહો! પથ બતાવતી તારિકા.

ગભીર તમમાંથી ત્યાં અચળ નેત્ર કારુણ્યના
સમી નીરખતી ઉભી વિષમ માર્ગ તું માહરો;
અને વરસી જ્યોતિ નિર્મળી અખંડ ધારા થકી,
સદા અમિત પ્રેમથી સુભગ પંથ મ્હારો કર્યો.

કદી કદિ ત્યંહી અસંખ્ય ઘન અભ્ર આકાશમાં
ધસ્યાં અચળ ત્હારી એ મૃદુલ જ્યોત બુઝાવવા.
પરંતુ ભગિની અહો ! તવ અગાધ સૌજન્યથી
ગયાં પીગળી તે બધાં— દ્વિગુણ જ્યોત ત્હારી ઝગી.

વહી સુભગ તું પછી અમિત પ્રેરણા આપતી
વિશાળ સરિતા સમી " ઉર–તટો ભરી બેઉને ";
અને મધુર શીકરે મુદિત ગાત્ર મ્હારાં કરી
અહો ! ભરી દીધું બધું જીવન મ્હારૂં ઉલ્લાસથી.

મોંઘી ભગિની ! હું સદા વિમળ મૂર્તિ એ તાહરી
જડી ઉર મહીં— અરે ! રગ રગે ઉંડ આત્મમાં,
સ્મરી પળ પળે ત્હને અજબ પામીને પ્રેરણા,
સ્તવું અનુપ ભક્તિ ને તવ પ્રશાન્ત ગાંભીર્યને.

મ્હને પણ અપૂર્વ એ વિમલ ભવ્ય શ્રદ્ધા દઈ
સદા પથ બતાવજે શીખવી પાઠ આદાર્યના !
પછી અવનિ આભ છો ઉલટીને ઘુમે ' તાંડવે,
નહિ ત્યજી જશે કદી હૃદયને ઉંડી શાન્તિ એ.

એક રસનાટિકા

સુન્દરમ્

[રસપિપાસુઓ રસગાન કરતાં પ્રવેશે છે.]

રસપિપાસુઓ :

અમે ભૂખ્યાં રે, અમે તરસ્યાં રસનાં રસરાજ!
ઘેલાં મનડાંની પ્યાસ કો શમાવજો રે રાજ!
અમર આશા રે, અમર આશા હૈયાંની રસરાજ!
જરા રસના સિંચનથી છિપાવજો રે રાજ!

રસ સૃષ્ટિ આ ઇશની, રસે રસી તરબોળ,
રસતરસે અંધા અમો રહ્યાં આદરી ખોળ,

તેને રસનું રે, ત્હેને રસનું કરાવો લવપાન!
શુષ્ક મનડાંને પાનથી ભીંજાવજો રે રાજ!

સભર ભર્યો રસ સાગરે, ચંદ્ર જ રસઉલ્લાસ,
વસંત મીઠો મ્હોરતો રસપત્રે સવિલાસ,

કોકિલ રંસકૂજન કરે હો રસ રાજની!
કરે રસનાં ગુણ ગાન આ પ્રભાત રસરાજની!
ભ્રમર ગુંજેરે, ભ્રમર ગુંજી જગાવે રસ ભાન!
ભ્રમર ગુંજનમા રસ જરાક પાઠવો રે રાજ!
હૃદય ગુંજનને રસમય બનાવજો રે લોલ!

[જાય છે.]

રસકવિ ઉંચા હાથે પુકાર કરતા પ્રવેશે છે.

[ચન્દ્રમુખચિદ્દાભરા શૈલી]

રસકવિ :

ભરીબાદરી આ તારી સૃષ્ટિ, જગદાધાર!,
ઉછળતી એની રગેરગમાં વાહિનીઓ રસની.
રસનું દાન દીધું તેં જગને પાણી મૂલે.
અને રસનો છટકાવ કીધો,
જગતની શુષ્કતા પામી સંજીવનને.
ભોળા ભગવાન્' શી પ્રખરતા તારી બુદ્ધિની!
રસની નદીઓ વહેવડાવી,
રસના નિર્મ્યા સાગર,
સ્નાન કીધું સારા જગતે એ રસોદધિમાં
અને સાધ્યુ જન્મસાફલ્ય.
લીધાં દીધા એમ રસનાં લ્હાણુ સહુને—
અને શાને અરે! મનોજ,

ન કોઈ બીજાને અને મનેજ,
ન લાધ્યો કો અભાગી કે મનેજ,
ન હતો કોઈ પાષાણ હ્રદયી કે મનેજ,
અને મનેજ ત્હેં વંચ્યો એ રસપાનથી ?

[મગજની સીમાઓ તૂટતી હોય તેમ.]

ભૂખ્યો ભૂલ્યો ભમુ છું એકાકીને એકલો
શોધું છું વન, ઉપવન ને નગરના હાટડા
કે મળશે ક્યાંય એ રસનું બિંદુ
કે છિપાવું આત્માની અનંત તૃષા ?
પરન્તુ અરે સરજનહાર !
શો અન્યાય આ સૃષ્ટિમા તારી !
રસથી ધરાયલાને પાયો તેં રસ
નાળવતી હાસી હાસીને,
કુપાત્રે દીધું દાન,
કલંક લગાડ્યું તારી દાનવીરતાને
અને શી તારી ધૃષ્ટતા !
હજી ખડખડાટ હસે છે !
નથી જોતો આ જીવની રસતૃષા ?
જલ વિહોણા મગરમચ્છ શો ?
તલપે છે મારો દુઃખી આત્મા
શરીરની રક્ત વાહિનીઓ
થઇ રહી છે ફાટફાટ.
અને મૃત્યુઘટા વાગી જાણે
આ રસતરસ્યા આતકડાની:
અઘોર, ભયકર ને કારમી.
લખાશે જગતને ચોપડે
તારી આ કૃપણ કથા કે
તરફડાવી માર્યો એક રસાત્મા.
રસનું એક એક બિંદુ ટપકશે
ત્યાં લગી જગત સ્મરશે કે

એક રસનાટિકા

હતો હતો એક જગતભૂખ્યો રસાત્મા
અનેરો ને ઉન્મત્ત
કે જેણે રસસમાધિમાં
છોડ્યા નિજના પ્રાણો.
નથી જોયા નજરે
નથી સાંભળ્યા કાને
આવા અન્યાય ઐક્ય ઇશ્વરની સૃષ્ટિમાં.
તું જ એવો પાક્યો કે ત્હારે દ્વારે
તરફડતું પડ્યુ છે આ રસતર્ષ્યું પંખીડું,
દીનવદને નિહાળી રહ્યું છે
રસવાદળની પડછાયાને
કે રખે પડે એકાદ રસબિંદુ.
તો તેટલું યે પી લઉં!
સંભાળ જગપતિ!
ઉઘાડ તારી રસ મત્ત આંખડી
ને જો આ તારી ઉન્મત્તતાને
મિટાવ એ તારા કીર્તિકલશની ઝાખપને.
નહીં તો જુગજુગ ગાશે.
પ્રાણીમાત્ર ગાશે
આ તારી કલંક કથા.

[રસમૂર્ચ્છામાં સમાધિસ્થ થાય છે.]

(રસભંગી હાથમાં રસઝાડું લઈ પ્રવેશે છે.)

રસભંગી: [રસોન્માદમાં રસગાન શરૂ કરે છે.]

વાળો વાળો રે! જગનો આ ચાંદની ચોક,
ભાળો ભાળો રે! હૈયાના હેતનો અશોક.
વાળ્યાં વાળ્યાં અને અંજવાળ્યાં
સારા મહાવિદ્યાલયના
પ્રાંગણો ને રસદ્વારો.
વિશુદ્ધ કરી એ જુગ જુની

નિત્યનૂતન અન્તેવાસીઓની
અભ્યાસકુટિરોને આ રસઝાડુથી.
મનની તનની અને પુસ્તકની
પલિકાને દૂર કીધી
આ પવિત્રતમ રવિભગેશા ઝાડુએ કરી,
પામેલો પદપંકથી મલિનતા
સારોયે વિચરણ માર્ગ.
કર્યો તેને ચંદ્રસમોવડો સ્વચ્છોજ્જ્વલ
આ રસ ઝાડુએ
નિજના પુણ્ય સ્પર્શથકી હાવાં તો.
હાર્યાં દષ્ટાનાં નયન ને કર્યાં જાતે.
અને ખૂણે ખૂણે ફર્યો
પરિશોધ આદર્યો અથાગ
શોધી શોધીને કાઢયો મેં
બહ્મારાથી સૂક્ષ્મનાથી
કો રજો સર્વો રસફલ
. કર્યો આ આગાર પરમવિશુદ્દ
અહા! કર્તવ્યપૂર્તિનો શો આનંદ!
હૃદય કર્તવ્ય ભારવિમુક્ત બની
આશ્વાસે છે આશ્વાસનો.
લ્યો! આ મન અને તન!
નિજના સત્કર્મનું પારિતોષિક.

[ગુંજમાંથી રસચુંગી કાઢી તંબાકુ ભરી ધૂમ્રપાન કરે છે.]

અહો! પધારે આ કાર્યાર્ધભાગિની
રસેશ્વરી રસભાગિની
હસ્તમાં લઇ રસડોલને પવિત્રેથી.

[ઉક્ત રીતે રસભાગિની પ્રવેશે છે.]

પધારો! કૃતકર્તવ્યે! મધુરમુખિ!
શા સમાચાર છે નિજના કર્તવ્યના?

રસભંગીનિઃ

અહો! રસનાથ!
શું શું કહું ને શું શું ન કહું?
બ્રાહ્મ મુહૂર્તે શયન ત્યાગ કીધો
અને પછી નીકળી
જગતની રસસેવાર્થે
ભમી ભમી, જન્મસિદ્ધ ઇંદ્રિયસંયમે
આદર્યાં જગતના મળનાં પ્રક્ષાલન.
જગતની સત્ય માવડી તે હું.
નિજના સંતાનને મળતો સહુ એ ધુવે.
પણ ધુવે જે પરના મળ
તે તો કહેવાય જગન્માતા.

રસભંગી : તો હાલ આગમન ક્યાથી થયું છે?

રસભંગિની : શા ધન્ય ભાગ્ય!

આ ભાવિ જગદાધાર
બ્રહ્મચારીઓનાં રસજાજરૂ
હાલજ કર્યા વિશુદ્ધ
અને આવી આપની સેવામા.

રસભંગી : ધન્ય છે! સખીરી! ધન્ય!

એ અંતરમાથી નીકળતો
કાર્ય સંતોષ અદ્ભુત છે.
ગાશું એને રસગાનથી.

[બને એકમેકના હાથ ઝાલી રસ કૂદડી ફરતાં ગાય છે.]

વાળો વાળો રે! જગનો આ ચાદની ચોક.
બાળો બાળો રે! હૈયાના હેતનો અશોક.
ઉંડાં ઉંડા રે! જગના આ જાહ્નવી નીર.
ગાઢા ગાઢા રે! હૈયાના રસનાં ખમીર.
જૂદાં જૂદા રે! માનવીના આસુનાં નીર.
ખારા ખારાં રે! રસહૈયાનાં આસુડાં લગીર.

લીધો દીધો રે! એવ અમૃતરસની લ્હાણ
પીઓ પીઓ રે! એહ આત્માની રસની ઉદાણ

[રસમાનમાં જ સમાવિષ્ટ થાય છે.]

(અંતરિક્ષમાંથી રસરાજ કમંડલુ સાથે અવતરણ પામતા
રસદેવ દષ્ટિ ગોચર થાય છે.)

રસ દેવ :

સૌધન્ય! સૌભાગ્ય! સાફલ્ય!
મમ ચક્ષુઓનું, મમ હૃદયનું, મમ આત્માનું!
હા! શું દશ્ય નિહાળું છું આ ધન્ય ક્ષણે:
પાંગરી મારી આશાની પાંદડી
અભિનવ પુષ્પ સમૂહે આજે.
આ સર્જનના નંદનવનની રસકુંજોમાં
આત્મા અનુભવે છે કો આત્મસંતોષ:
અનનુભૂતપૂર્વ, અશ્રુતપૂર્વ, અદષ્ટપૂર્વ.
અંતિમ મોરલો ચમનગને છે
આદરી સદસકલા સુવર્ણપિચ્છની
આ વિહારની રસભોમકામા.
જય! રસપ્રભુનો!
જેની રસવૃત્તિની પ્રેરણાનો આદેશ્યો
ભમું છું આ ભવાટવીમા.
હેની રસ શુષ્ક કુંજોને
પ્રફુલ્લાવું છું પાગરાવું છું રસસિંચને.
મારા રસકમંડલના અણુ અણુમાંથી
સારી સૃષ્ટિ નવાવતાર પામે છે,
સૌષ્ઠવ આર્દ્રતાને પ્રસવે છે,
શુષ્ક પત્રલતા આર્દ્ર થાય છે,
શુષ્ક કાસારો પૂર્ણ થાય છે.
આશ્ચર્ય છે આ રસકમંડલમા
સર્જનનું વૈવિધ્ય, સર્જનનું સાફલ્ય,

સર્જનનું રસૈક્ય, સર્જનનું ઔપમ્ય
અખૂટ ને અનંતપૂર્ણ આ કમંડલુ.
અધિકારીને અધીન છે એ.
અરે! પરંતુ હશે શું ક્યાંયે
એ રસનાં અધિકારીઓ.
અહીં તો વિસ્તર્યું છે
શુષ્કતાનું સ્મશાન.
કોણ જાણે વિચરતાયે હોય
કો વિરલ રસ તરસ્યા રસાધિકારીઓ,
સર્જનની અગમ્ય કુખમાં,
સૂર્યતેજમાં તારક સમા.
નીકળ્યો છું દર્શને એ રસેપ્સુઓનાં.
ઉલ્લંઘી ભવાટવીની સીમાઓ
આદરૂં છું પરિશોધ ગગનપ્રદેશે હાવાં
હેવા રસમગ્ન રસૈકનરસ્યાઓનો.

[નીચે સૃષ્ટિ ઉપર નિજની રસદૃષ્ટિનો પાત કરે છે. આશ્ચર્યથી સંચાલિત થતાં રસકમંડલુમાંથી રસજલ ડોલાયમાન થઈ અલ્પ અણુઓ રૂપે પૃથ્વી પર પતન પામે છે. રસસમાધિમાં વિનિમગ્ન રસાત્માઓને એ રસજલનો સ્પર્શ થતાં સમાધિભગ્ન થતાં સર્વ રસજનો ઉર્ધ્વ દૃષ્ટિએ રસદેવનાં દર્શન પામી કૃતાંજલિ થઈ સ્તુતિનો આભાસ કરે છે.]

અહો! લાધ્યા એ દર્શણુ
સફલ છે સર્જન રસસ્રષ્ટાનાં.

[રસદેવ પૃથ્વીપર અવતરણુ કરી સૌકોને આશીર્વાદ અર્પણુ કરે છે. સર્વને સંબોધે છે.]

અહો! રસામૃતનાં રસપિપાસુકો
સુધન્ય છે તમ જીવનો!
કૃતાર્થ હું તમારા સુભગ દર્શને.
સૃષ્ટિમાં અવતરણુ મમનું થયું સાફલ્યવંતું.
રસોત્સવે છે આજે

સારા જગતનો, વિશ્વનો, સર્જનનો
તમ એમના આ રસમિલનથી.'
આનંદો. પાંગર્યા તમ તપશ્ચરણો.
ફાલ્યાં ને ફળ્યાં છે
અવનીની અવન્તીના રસઆરે.

અને હે રસકવિ !
આકર્ષ્યો તમનાં રસકવને,
રસસુધાએ આકર્ષ્યો.
વશ વર્ત્યો તમારે
હું ડાકનો જ વશવર્તી.
રસાંજલિનું પાન કરશો ને ?
ચાતકની પેઠેમ મને યાચ્યો.
યાચ્ય રીઝ્યો હવે શી ખોટ તમને ?
અને મારાં અંતવાસી હો
રસભંગી ને રસઅંગિની !
ખચ્ચાં ! શી સાધો છો જગતની સેવના !
પ્રસન્ન છું, સંતુષ્ટ છું, પ્રફુલ્લ છું
તમ આ વિનમ્ર જગસેવનથી.
અનંત રહો સેવામૂર્તિ સમોવડી
તમ રસખેલડી.
રસઝાડુ તમારો વિષ્ણુની ગદા થશે.
સેવાના ચણશે સુવર્ણમહેલ.
નિષ્કામસેવાના ચાતકડાં !
છીપાવીશ તમારી અતૃપ્ત રસતૃષા !
હો રસયજ્ઞના હોતા ને હોત્રી !
રસ પુરોહિત હું નવાજું છું રસવરદાનથી !

વત્સો ! રસયજ્ઞનાં રસદીક્ષિતો !
કરો આ રસપાન !

એક ચિઠ્ઠી

ધીણુ
વાર્ષિક

....

આજે ત્હને રોતાં જોઇને મ્હને બહુ જ દયા આવતી હતી. બિલકુલ ગુસ્સે થવાનું તેમાં કારણ ન હતું, કેમકે ત્હારા ચ્હેરા ઉપરથી લાગતું હતું કે એ આંસુ દ્વેષની લાગણીના ન હતાં. ત્હારા મનમાં બે વિચાર હશે એમ લાગ્યું: એક તો જૂદાં રહેવું પડશે એવો. અને બીજો મ્હારી ઝિન્દગીનો.

આપણે જૂદાં તો રહેવાનાં નથી. તેમ ત્હારી સાથે રહેવા સિવાય મ્હને આનન્દ નથી એ તું જાણતી જ હશે. × × × × × × × એમ કરવાનું છે. દિવસે તો આપણે સાથે જ રહેવાનાં છીએ. આ પ્રમાણે રાતે જૂદાં રહેવું વધારે બનશે, અને ત્હેનું દુઃખ મ્હને પણ થાય છે: ત્હને થાય તે સ્વાભાવિક છે; પણ ફરજ ખાતર તેમ કરવું જ જોઇએ. × × × × × × ×

ઝિન્દગીને માટે તો રસોડું હાલ છે તેમ જ રહેવાનું છે; છતાં ભય હોય તો તે પ્રભુને સોંપવું જોઇએ. હાલ લડાઇઓનો વખ્ત હોત તો ફરજ ખાતર તે પણ કરવી પડતઃ તો આ તેવું તો નથી જ.

હું ચાલ્યો જઇશ. એવી ધાસ્તી રાખીશ નહિ: જો એ હોય તો. એ તો ઘણાં વર્ષો પછી બની શકે તેમ છે. ત્યાં પણ ફરજ જ નડે છે. રાજ્યમાં રહી મ્હારે મ્હારી ફરજ બજાવવી જોઇએ. વળી જ્યારે જઇશ; ત્યારે ત્હને લેઇને જઇશ.

માટે સુખી રહે; અને પ્રભુ પર વિશ્વાસ રાખ.

—સુ૦

પત્રોમાંથી થોડુંક

સ્વ. રામપ્રસાદ હરપાળ જેઘર

[રા. ભાઈ નવનીતલાલ શાહસી અને સ્વ. ભાઈ રામપ્રસાદ એ બન્ને મિત્રોની વચ્ચે પત્રવ્યવહાર ચાલતો તેમાંના થોડાક પત્રોમાંથી આ ઉતારા અત્ર પ્રસિદ્ધ કર્યાં છે. પત્રો ખાનગી જ હતા એટલે પ્રસિદ્ધિ માટે લખાતા પત્રોના જેવું તત્ત્વ આમાં નથી. છતાં એવા પત્રોનું પણ જીવનમાં મહત્ત્વનું સ્થાન છે જ અને તેટલા પૂરતું જ આ પત્રોનું પ્રકાશન અત્ર કર્યું છે.–તંત્રી.]

[૧]

અમદાવાદ,

તા. ૧૬–૮–૨૬

વ્હાલા...

ગયા શનિવારે તારો પત્ર મળ્યો... ... ...

મારી પરીક્ષા ૨૦ મી સપ્ટેંબરથી શરૂ થાય છે. બધા વિષયોમા બેઠો છું. હજી વાંચવાનું શરૂ નથી કર્યું. હમણાના ગાંધીજી દર શનિવારે અમને New Testament એક કલાક શીખવાડે છે.

આ વખત અહીં ચોમાસું ઘણું જ સારૂં છે. લગભગ ૨૩ ઈંચ વર્ષાદ થઈ ચુક્યો છે. કાંકરીઉં આખું ભરાઈ ગયું છે. આવતી કાલે દાવરનું સમાજ તરફથી ભાષણ છે. ચેટફીલ્ડ પ્રમુખ સ્થાને છે. સવિસ્તર હકિકત પ્રજાબંધુમાંથી વાંચી લે જે.

........સદાનો તારો

[૨]

તા. ૨૭–૮–૨૬

પ્રિય—

મને લાગે છે કે તને મારા પત્રોથી જોઈએ તેટલો સંતોષ નહિં થતો હોય. હૃદય જે ઈચ્છતું હશે તે તને તેમાંથી નહિં મળતું હોય

પણ તે માટે મારાથી રીસાઇ ના જઇશ. આપણે ક્યાં એક બીજાને ઓળખ્યાં નથી કે હવે પત્રોદ્વારા આપણા આત્માના ઐક્ય સાધવાનું બાકી રહેતું હોય! તારી અને મારી વચ્ચે અંતર હોવા છતાં આપણાં હ્રદય એક બીજાની નજીક જ છે. અને તેમાંથી ઝરતા વિચાર પણ અન્યોન્ય પરિચિત છે. આજ અનુભવ તને બીજાઓની બાબતમાં પણ થતો હશે. તે સર્વના માનસિક સાનિધ્યમાંથી ઉત્સાહ લઈ તારા કર્તવ્ય પંથે વિચરજે.

સમાજના કાંઇ ખાસ નવીન નથી.

........સદાનો તારો

[૩]

અમદાવાદ,

તા. ૧૭-૯-૨૬

વ્હાલા—

પહેલીજ વખત તને નિરાશ થતો જોઉં છું. તું અધીરો ના થા. પુરૂષાર્થમાં માનનારને નિરાશ થવાનું કારણ નથી. તને અહીં આવવાના વિચાર થાય, ત્યાંનાં ગમે તેવાં આકર્ષણ તને તારાં આપ્તજનોને ન ભૂલવા દે, એ બધું સાચું. પરંતુ તેઓએ તને તારી ઉન્નતિનો વિચાર કરી વિદાય આપી છે. આ વિયોગથી દુઃખાતાં એ હ્રદયો એકજ વસ્તુમાંથી આશ્વાસન મેળવે છે અને તે એક તારૂં જીવન સુખ. તને યશ મળે એ સર્વ ઝંખે છે.......અને મારાંમાં તો પૂર્ણ શ્રદ્ધા છે કે તું વિજયી થવાનો.

સમાજના ખાસ કાંઇ નથી.

........સદાય તારો

[૪]

......હું પણ કમાતો થયો હોઇશ. ઇશ્વર અનુકુળ હશે તો મારા મનના મનોરથને મૂર્ત સ્વરૂપ આપીશ. એટલું તો યાદ રાખજે કે ગમે

સમાજના આદ્ય સંસ્થાપક અને પ્રાણ રૂપ
સ્વ. રામપ્રસાદ હરપાળ જેસર

‘વીણા’
૧૯૨૮

• કુમાર પ્રિન્ટરી : અમદાવાદ

તેની નિરાશામાં પુરૂષાર્થી થજે. પ્રારબ્ધવાદી કદી ના બનીશ. હું તો મરતો હોઇશ પણ પ્રારબ્ધવાદી નહિં બનું. મારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી પુરૂષાર્થ તો આદરવાનો જ.

[૫]

અમદાવાદ.
તા. ૨૨–૧૦–૨૬.

વ્હાલા...

મારી તબીઅત વચ્ચે સુધારા પર હતી. હમણાની પાછી બગડી છે. આજે વૈદ્યરાજને બતાવી હતી. સંગ્રહણીનો રોગ છે. દશેક દિવસ પછી મારી દવા શરૂ કરવાના છે અને મારે માત્ર ગાયના દૂધ ઉપર રહેવાનું છે. તું ચિંતા ના કરીશ.

સમાજના સમાચાર લખવાનું... . ને માથે છે.

સદાનો તારો...

[૬]

તા. ૧૫–૧૦–૨૬

વ્હાલા...

પત્ર લખવામા જેટલો નિયમિત હું છું તેટલો તું પણ છે. આ નિયમિતતા સદાય ટકો એટલું તો આપણે અવશ્ય ઇચ્છીએ. કાર્ય વ્યવસાયને લઇને તારાથી કદાચ લાંબા પત્રો નહિં લખાય તો વાંધો નહિં. તારા ટુંકા પત્રો પણ મને તેટલાજ પ્રિય છે.........

......તેમના વાયદા પ્રમાણે આવ્યા હતા. કામ પ્રસંગેજ. એમને એમ તો નહિંજ.

......ના હેડ ક્વાર્ટર્સ હવે અમદાવાદ ખાતે થવાનાં છે. સમાજના નવાજુનીમાં કાંઈ નથી. આવતા પત્રમાં લખવા જેવું કાંઈ પ્રાપ્ત થશે.

કાલે દશેરા. પછી દીવાળી. આપણા આનંદના દિવસો. તારા

પ્રણામ બધાંને પહોંચાડું છું. જે પાછા તને પ્રણામ લખવા કહે છે તેનાજ તને પ્રણામ લખું છું.

સદાનો તારો...

[૭]

અમદાવાદ,
તા. ૨૫-૧૧-૨૫

વ્હાલા...

અત્યારે સવારની ચ્હા પીને તને પત્ર લખું છું. તબીઅત સુધારા ઉપર છે. આજ વીસ દિવસથી છાશ ઉપર છું. પણ નબળાઇ જણાતી નથી. બે વખતથી ચ્હા પીવાની છૂટ તો કાયમજ છે. મનાઈ છે છતાં ખાવાનું મન ઘણું થઈ જાય છે. ૨૦ દિવસમાં ત્રણ વખત મનપરનો કાબુ ગુમાવેલો. અસર તરત જણાતી. પહેલાં મોળી છાશ બીલકુલ ન ગમતી. હવે ગમવા લાગી છે. છાશ કરતાં દુધ મને વધારે ગમે છે. વૈદ્યરાજને દુધ પર રાખવા કહેવાનો છું આમ તુ જોઈ શકે છે કે મારી તબીઅત સુધારા પર છે.

મને અનાજ ખાવાની રજા મળ્યા પછી એકમાસ પછી હું દેશ જવા વિચાર રાખું છું. ત્યાં બે થી ચાર માસ રહેવા વિચાર છે....

શરીર સાચવીને સમાજનું કાર્ય કર્યે જાઉં છું. સ્નેહ સંમેલન ઉજવાઈ ગયા બાદ ચાર માસ બહારગામ જતાં નિવૃત્તિ મળશે. અમદાવાદ છોડવા હું ઘણોજ ઉત્સુક છુ એમ તને આ ઉપરથી જણાશે.

સમાજ બાબત ખાસ કાંઈ લખવાનું નથી. રતીભાઇને આવતી વખત મંત્રી બનાવવાના છે. હું તો કાર્યવાહક મંડળનો માત્ર સામાન્ય સભાસદજ રહેવા માંગુ છું,

......પરંતુ તેના માનસિક આવકાસને લીધે કે મારામાં રહેલા કોઈ દોષને લીધે એ અભિલાષમાં શિથિલતા આવતી મને જણાય છે. આ શિથિલતા દૂર કરવામાં મને ધારી સફળતા ન મળતાં નિરાશ થાઉં છું અને તેની અસર મારા સ્વાસ્થ્ય ઉપર થાય છે. ટાગોરના Wreck ના નાયકને કમળાની બાબતમાં જે અનુભવ થયેલો તેનો

કાંઈક વ્હાલો જુદા સ્વરૂપે મળે. પણ મળ્યો છે. છતાં મારો આશાવાદ અમર છે અને રહેશે.

તારા છેલ્લા ચાર પાંચ પત્રો વાંચ્યા. તું પ્રયત્ન કર ફળની દરકાર કરીશ નહિ. જગત સફળતા કે નિષ્ફળતાની ભલે દરકાર કરે. તારે તારું કાર્ય કરવાનું.

તારા અભ્યાસમાં ચિત્ત પરોવજે. આટલું, વાંચતા તારું ચિત્ત સ્વસ્થ થશે. મારી બહુ ચિંતા ના કરીશ.

શહેરના, દેશના, નવાજુની તો ઘણા પણ તે જણાવવાનું કાર્ય તો છાપાંઓનું........

સદાનો તારો...

[૮]

તા. ૧૦-૧૨-૨૬

પ્રિય...

આજ કાંઈક ઠીક છે. પરમ દિવસે વજન લીધું હતું. ૭૦ રતલ થયું છે. પરંતુ કોઈ ખ્હાસીએ હોવાથી વધ્યું કે ઘટ્યું કહી ના શકાય. તબીઅત સુધારા ઉપર હતી ને સ્વાદ કર્યો કે પાછો ત્યાંનો ત્યાંજ છું. હવે આવી ભૂલ કદિ નહિ કરૂં. હવે તબિઅત ઠેકાણે આવતી જાય છે.

સમાજના નવાજુની ઘણા છે પણ લખવા રાહ જોવાની છે.

[૯]

તા. ૨૫-૧૨-૨૬

વ્હાલા—

તારો...

......ઘણું લખવાનું હોય અને ત્યારેજ અશક્તિને કારણે આટલુંજ લખી શકાય તે કેટલું દુઃખદાયક હશે તે તું કલ્પી લેજે.

સદાનો તારો...

પ્રેમને ખાતર

સનાતન જન્મશંકર બુચ

સભ્ય, સા. ઉ. સમાજ

[કૉલેજજીવનની એક અદ્ભુત પ્રેમકથા]

"સાચ્ચુ કહેજો હો, મંજુલા! ત્હમને આ બધી રીતભાત ગમે છે?" મલબાર હીલ ઉપરના મંજુલાના સુન્દર બંગલાની અગાસી ઉપર બેસીને મંજુલા અને સુમન્ત વાત કરતાં હતાં ત્યારે સુમન્તે પ્રશ્ન કર્યો.

"કઇ રીતભાત?"

"એમ અજાણ્યા શું થઇ જાવ છો? આ જન્-રંગણિકની."

"એમાં ન ગમવા જેવું કાંઈ હોય તો મ્હને હજી જણાયું નથી." મંજુલાએ સ્મિત સાથે કહ્યું. ત્હેની આંખમાં ઝાંખું ઝાંખું ટીખળ જણાતું હતું. સુમન્તે એ જોઇ લીધું.

"જો, વળી ત્હમે વાતને ઉડાવો છો."

"પણ એ શું ખોટું કરે છે? બીજે જાય છે તેમ અહીં આવે છે. બીજાની સાથે સંબંધ રાખે છે તેમ મ્હારી સાથે રાખે છે. એમાં ન ગમે ત્હેવી વિશેષતા શી છે?"

"એ બધી ત્હમારી એવી વાતો જવા દો. સીધી વાતો કરો. શું એનું બીજાની સાથેનું વર્તન ને ત્હમારી સાથેનું એક જ છે?" સુમન્તે પ્રશ્ન કર્યો.

"મ્હને લાગે છે." આછા સ્મિત સાથે મંજુલાએ કહ્યું.

"જાવ–જાવ; શું લાગે છે?"

"બિચારો! કેવી પવિત્રતાની વાતો કરે છે ત્યારે તમને એની ઉપર વ્હેમ આવે છે. મ્હેને તો તે સગી બ્હેનની જેમ ગણે છે. હું તો ઉલટું, મારૂં ધન્ય ભાગ્ય માનું છું કે એવો ભાઇ જેવો મિત્ર મ્હને મળ્યો છે." તોફાની આંખે મંજુલા બોલી. સુમન્તે જરાં ચ્હીડાવાનો ડૉળ કર્યો.

"સારૂં. એ તો અમે એની પવિત્રતાની વાતો જાણિયે છિયે. દંભી છે. બ્હારથી બ્હેન બ્હેન કહેવું અને અંદરથી શા યે અનાચારો આચરતો હશે. એ તો આજ કાલની પ્રેમ કરવાની નવી રીત છે. પ્હેલાંથી પ્રિયતમા તરીકે ન સ્હાવું. કારણ એ રીતે તો બાજી બગડે છે. આ તો બ્હેન બ્હેન કરતા પાસે પાસે જતા જવું ને અન્તે—સ્હમજ્યાને? આશા તો રાખવી. પછી ભલેને ધૂળ ને પથરા પાકવાના હોય."

"ત્યારે શું તમારે એને ફાસીએ ચ્હડાવવો છે?"

"શું કરૂં કે હું રાજા નથી નહિં તો જરૂર એવા દંભીને તો એકવાર મ્હોટામાં મ્હોટી શિક્ષા કરૂં. બ્હારથી સાધુ જેવા અને અંદરના હડાણુ તો કાજળ જેવા."

"પણ એમા એટલા ચ્હીડાઈ શા માટે જાઓ છો?"

"ત્હમે કેટલું યે જાણતાં જ નથી."

"શું-નથી જાણતી?"

"પ્હેલું તો એ જ કે એ તમારો બાપ નથી. એવા પાષાણોમાંનાં ઉંડાણો પણ 'આભ જેવાં અગાધ' હોય છે એટલે ત્હમને શી ખબર પડે?"

"હું પણી?"

"પણી એ કે ત્હમારે વિશે કેટલાયે લોકો પાસે એ વાતો કરે છે. ને જાણે અભિમાન લે છે. ત્હમે ત્હમારા અંગને અને અંગ-વિન્યાસને—માફ કરજો હો મ્હારી ધૃષ્ટતા માટે—નહિ જાણતાં હો તેટલું એણે જાણી લીધું છે. આ બાપ કહેવાયને? બાપ એટલે શું? મ્હેને ગળામાં શું પડેલું છે એ પણ ભાળ્યું ન જોવાય. સ્હમજ્યાં? ત્હમે એ બધી એની વાતો ક્યાંથી જાણો?"

"ઠીક ત્યારે હવે હું એક પ્રશ્ન પૂછું?"

"હા. ખુશીથી."

"ત્હમે શા ઉપરથી કહો છો કે એ બધું કાંઈ નથી જાણતી?"

"એની સાથે એ જ રીતે સંબંધ સાચવી રહ્યાં છો એ ઉપરથી."

"ત્યારે શું મ્હારે એને ધક્કો મારીને કાઢી મૂકવો? મ્હને તો એનું મોઢું યે જોવું હવે તો નથી ગમતું. એ મનમાં માનતો હોય કે હું બહુ સુન્દર છું તો ભલે રહ્યો. મ્હારે મન તો એ તદ્દન અકારો થઈ પડ્યો છે. રોજ ને રોજ આવીને બેસે છે તે હું તો કંટાળી ગઈ છું. ને કૉલેજમાં યે એમ જ પજવે છે. હવે તો પાછો અહીં વાલકેશ્વર પાસે રહેવા આવ્યો છે."

"ત્યારે શા માટે એવું કરતા નથી કે એ દૂર ન્હાસે?"

"એવું તે શું કરાય? કેટલીક વાર હું કંટાળો બતાવું છું ત્હોયે એ સ્હમજતો નથી ને નફ્ફટ બને છે. એવાને તે પછી વિશેષ શું કરી શકાય? અપમાન તો કંઈ ઓછું કરાય છે. ત્હમે કહો છો તે ખરું છે કે એ કંઈક આશામાં લોભાયો છે. પણ એને ખબર નથી કે અહીં કમભાગની આશામાં કાદવ જ ડોળવાનો છે. બાકી કાંઈ યે નથી. હું ધારું તો હમણાં એને ચોકખું સંભળાવી દઉં પણ મ્હને એની મુર્ખાઈ જોઈ દયા આવે છે"

"ત્યારે હવે એનું શું કરવું છે?"

"તમે કહો તેમ કરિયે. ગમે તેમ હવે મ્હારે એનાથી છૂટવું છે." મંજુલાએ કહ્યું. સુમન્ત ઘડીક વિચારમાં પડ્યો.

"ઠીક, ત્યારે મંજુલા! તમે બરાબર તૈયાર છો?"

"હા, જે કરવું હોય તે માટે તૈયાર જ છું."

"તો આપણે એક નાટક ભજવવું પડશે ને તમારે તેમાં એક પાર્ટ લેવો પડશે."

"ખુશીથી લઈશ. શાનો લેવો પડશે?"

"રમણિકના પ્રેમપાત્રનો."

"અહો! એ તો હું બરાબર ભજવી શકીશ."

"ના, પણ એ જરા અઘરું છે. તમારે એને સચોટ છાપ બેસાડવી જોઈશે કે તમે એને અપર્વ પ્રેમથી મ્હાઓ છો. અને મ્હને એ જ ગૂંચવણ થાય છે કે એ શી રીતે કરવું?"

"એ તમારે શી ચિન્તા છે? સ્ત્રીને પ્રેમ કરતાં શીખવવું ન પડે ને તેમાં યે એ પ્રેમ કરવાનું નાટક ભજવવું હોય ત્યાં મ્હારા જેવીને શીખવવું નહિં પડે."

"સારૂં તો તમે એટલું કરજો સા બીજો પ્લૉટ હું રચી રાખીશ."

"જો જો, પણ મ્હારે ફસાવું ન પડે, હો."

"અરે! એ વાત કેવી? તમારે તો પછી કાંઈ જ નહિ કરવું પડે. તમે નિશ્ચિન્ત રહેજો." આટલું કહેતાં કહેતાં સુમન્તે હાથની ઘડીયાળમાં જોયું. "અરે, સ્હાડા દશ થઈ ગયા! હજી મ્હારે કેટ ક્યાં જવું છે! હું હવે જઈશ." સુમન્ત ઉભો થયો.

"ના ના, હવે અત્યારે આટલા મોડા ક્યાં જશો? અહીં જ સૂઈ રહોને. કાલે સ્હવારે જમી કરીને આપણે સાથે જ કૉલેજમાં જઈશું. વાંચવું હશે તો હું ચોપડીઓ આપીશ."

"ના, એમ ન થાકે. મ્હારે જવું જ જોઇએ."

"શું જવું જોઇએ? અત્યારે કૈં હમારી મોટર તો આવવાની નથી. મ્હારો ડ્રાઇવર ઉંઘી ગયો હશે. સાયકલ લાવ્યા નથી. ને જશો કયાંથી."

"એ તો મ્હારે જવું છેને? ટૅક્સી કરીશ."

"જો, વળી કાંઇક બોલાવશો." મંજુલા હસતાં હસતાં બોલી.

"શું? બોલોને. હું સાંભળી લઇશ."

"બસ્તો. હજી મ્હારાં બાજી તો આવ્યા નથી ત્યાં આટલી ઘેર જવાની ચિન્તા શી? બેસો, બેસો. એમ તે જવાતું હશે?"

"ઠીક, તો મ્હારે કૈં વાંધો નથી. આ બેઠો. પણ જરા બંગલે ખબર તો આપવા દેશોને કે અત્યારે ને સવારે નહિ આવું?"

"હા, એ ખુશીથી આપો."

ટ્રીંગ ટ્રીરીરીરીરીંગ ટ્રીંગ ટ્રીરીરીરીરીરીંગ–ટેલીફોનની ઘંટડી વાગી. સુમન્ત એકદમ બોલી ઉઠયો: "જૂઓ એ મ્હારો જ ટેલીફોન હશે." એ જવાબ આપવા ઉઠયો.

"ઉભા રહો. હું જ જવાબ આપું છું." મંજુલા અંદર ખંડમાં ગઇ ને ટેબલપરથી રીસીવર કાને મૂકયું: "હા, અહીં જ છે......... અત્યારે અહીં જ મ્હેં રોક્યા છે.........ના, સવારે પણ અહીં જ રોકાશે.........હમણાં એ જ વાત કરી ત્યાં તમારો કૉલ આવ્યો... જરા ઠીક પડે.........હા. જય જય."

મંજુલા સુમન્ત અને રમણિક ત્રણે મ ઍામ્બે કૉલેજમાં સાથે ભણતા હતાં. મંજુલા જેને પૈસાદાર વર્ગનાં કહી શકાય તેવાં માબાપની પુત્રી હતી તેના પિતા મ્હોટા પાયા ઉપર મોટરનું બિઝનેસ કરતા હતા અને દુનિયાની સારી સારી મોટર કંપનીઓના એજન્ટ હતા. સુમન્ત પણ એવી જ સ્થિતિનો હતો. બન્ને દૂરનાં સગાં પણ થતાં હતા. રમણિક સાધારણ સ્થિતિનો હતો. એ શરીરે નાજુક ને દેખાવડો હતો ને તેના મિત્રો તેને અતિશય સુન્દર ગણતા એટલે એ માનતો કે હું બહુ સુન્દર છું. અને તેથી જ એ માનતો કે એ

પોતે કૉલેજની છોકરીઓને આકર્ષી શકે છે. આથી તે લ્હેની કૉલેજમાં આવતી દરેક છોકરી સાથે ઘણો પરિચય બાંધતો. સ્ત્રી સાથે પરિચય બાંધવાની કળામાં એ નિપુણ હતો. એ ચિત્રકળા સારી જાણતો હતો. મંજુલા અને સુમન્ત મિત્રો છે એમ એ જાણતો નહિ. એટલું જાણતો કે એ બન્ને એક બીજાને ઓળખે છે.

કૉલેજમાં ઘણુના કેટલાક વિદ્યાર્થીઓમાં સ્ત્રી માટે અતિશય લોલુપતા જન્મે છે. એ નિર્દોષ હો વા સદોષ હો તે જૂદો પ્રશ્ન છે. પણ સાથે ભણતી યુવતીની દૃષ્ટિ આકર્ષવી, હૅનું સ્મિત મેળવવું, લ્હેની સાથે બે બોલ બોલવા એ માટે તો વિદ્યાર્થીઓની પડાપડી થાય છે. એમા તો જાણે જીવનની ધન્યતા પ્રાપ્ત થઈ જતી હોય તેમ એ ખુશામતખોર વિદ્યાર્થીઓ દોડે છે. એ લોલુપતા બહુ વધી જાય છે ત્યારે એ વિદ્યાર્થીમાં જરા ઑલુભાવ આવે છે. પછી તો એ કોઈને કોઈ 'બ્હેન'ની સાથે પરિચય બાંધવા સદૈવ ઉત્સુક રહે છે. એનું હલન, ચલન, વાણી, બોલવાની રીત વગેરે બધામાંથી પૌરુષ તત્ત્વ નાશ પામતું જાય છે. અને અન્તે બ્હેનોપાસક પ્રાણિ બને છે તેમ એ 'બ્હેન'મય બની રહે છે. એ એમ માને છે કે હું તો પવિત્ર રસવૃત્તિથી બ્હેનની અને બ્હેનના સૌન્દર્યની ઉપાસના કરું છું. અંદરનું તો ઉપરવાળો જાણે. રમણિક બરાબર આવો હતો. એને એનાં મંજુલા બ્હેનને ત્યાં દરરોજ એકવાર ગયા વગર ચાલે જ નહિ. એ મંજુલાને બ્હેન ગણતો અને લ્હેના સૌન્દર્યનો પૂરો અભ્યાસી હતો. એના દરેક ચિત્ર માટે એને પ્રેરણા એ 'બ્હેન' પાસેથી મળતી. એ ચિત્રમાંની સ્ત્રીઓ તો મંજુલાની જ પ્રતિકૃતિઓ હતી. એ સ્ત્રીનાં જ ચિત્રો દોરતો.

"અહો! રમણિક! આવી પ્હોંચ્યા?" મંજુલા ખંડમાં આવતાં જ બોલી ઉઠી. રમણિકભાઈના સંબોધનથી પરિચિત રમણિક આજે જરા આશ્ચર્ય પામ્યો. "હું ત્હમારી જ રાહ જોતી હતી." વિલક્ષણ સ્મિત સાથે મંજુલાએ ઉમેર્યું. રમણિકને વધારે નવાઈ લાગી. મંજુલા ખુરશીપર બેસતાં વળી બોલી. "ત્હમે આવો છો ત્યારે મને બહુ ગમે છે."

પ્રેમને ખાતર

"હું જરા કામમાં રોકાયો હતો તેથી જરા મોડું થયું. નહિ તો હું જરા વ્હેલો આવવાનો હતો."

"હં. મ્હને થયું ખરું કે હજી કેમ આવ્યા નહિ?" રમણિક જરા ચમક્યો. ત્હેણે મંજુલાને એક સૂક્ષ્મ દૃષ્ટિથી વાંચી અને ખાત્રી થઈ કે ત્યાં કૃત્રિમતા નથી. એના હૃદયમાં એક અનિર્વચનીય ઉલ્લાસની ઊર્મિ સરસરતી આવી. "હું ખરું કહું છું કે મ્હારા આટલા કૉલેજના મિત્રોમાં ત્હમારા સિવાય બધા નકામા છે. ત્હમે ન આવતા હો તો મ્હારા આખા યે દિવસમાં જરા યે વિનોદને સ્થાન ન રહે." મંજુલા કૈં અપૂર્વ સ્વાભાવિકતાથી બોલવા લાગી. રમણિક સાંભળતો હતો ત્યારે ત્હેના મુખ ઉપર હર્ષ ને જરા શરમની રેખાઓ આવી જતી હતી. "રમણિક! આખો દિવસ ઘરની વાતોમાં વાંચવામાં કે અંઓમાં રહેવાથી હું કંટાળું છું હો. ત્યારે મ્હને ત્હમારા જેવા મિત્રની અપેક્ષા રહે છે કે એ બધામાંથી છૂટીને કૈંક વિનોદ ને ઉલ્લાસ મેળવું ખરેખર! મિત્ર વગરનું જીવન કેવળ નીરસ છે એમ મ્હને હવે સ્પષ્ટ જણાય છે." મંજુલા છેલ્લું વાક્ય એટલી વિલક્ષણતાથી બોલી કે રમણિકને શું બોલવું એ જ ન સૂઝયું. એ આજ કાંઈક નવીન જ વાતાવરણ અનુભવતો હતો.

"કેમ આજ બોલતા નથી! ત્હમને નથી લાગતું કે આપણને અમુક વય પછી મિત્રની બહુ જ જરૂર રહે છે?" રમણિકને વિચારમાં પડેલો જોઈ મંજુલાએ સચોટ બોલ છોડયો.

"એ તો બાલકપણમાં મિત્રો ક્યાં નથી હોતા? એ જ મિત્રો મ્હોટી વયે પણ હોય છે. એમાં અમુક વયે ખાસ વિશેષતા શી આવે છે એ હું નથી સ્હમજતો." રમણિક કાંઈ ઉતરે તેમ ન્હોતો. ત્હેણે પણ એવો જ સચોટ જવાબ આપ્યો. પણ મંજુલાને તો એ ફાવી ગયું. "બાલકપણના મિત્રો જૂદા ને યૌવનના જૂદા; સ્હમજ્યા? રમણિક! યૌવનમાં તો પુરુષને સ્ત્રીની અને સ્ત્રીને પુરુષની મિત્ર તરીકે અપેક્ષા રહે છે."

"હા. એ ખરું પણ સાધારણ રીતે તો એ વખતે કોઈ પણ જીવનનો સાથી મળી રહે છે એટલે પછી બીજા કોઈની અપેક્ષા શાની રહે?"

" બસ; તો હવે જ્યાં એ જીવનનો સાથી ન મળ્યો હોય ત્યા તો કોઈ મિત્રની જરૂર રહેને ?

" હા, તે તો ખરૂં જ. "

" તો હું મ્હારી ખરેખરી વાત ત્હમારા જેવા નિકટના મિત્ર પાસે કહું તો વાંધો નથી કે તે જ કારણથી ત્હમે અહીં આવો–જાઓ છો તે મ્હને બહુ જ સુખપ્રદ લાગે છે." રમણિક જરા અભિમાનથી ફુલાયો હોય તેમ જણાયું.

મંજુલાનાં તીર સચોટ-વાગવા માંડયાં. દરરોજ એક જ વાર આવનાર રમણિકને એ કોઈ કોઈ વાર બે ત્રણ વખત બોલાવતી. રમણિકની ખાત્રી દઢ થવા લાગી કે હવે મંજુલાની વૃત્તિ બદલાઈ છે. એ ત્હેને ચ્હાય છે. બસ, પછી તો બ્હેનભાવનું પડ ઘસાવા લાગ્યું. ત્હેના જે ખરેખરો મંજુલા તરફ ભાવ હતો તે હવે જાગ્રત થયો. જો કે એ પણ એ ન જણાવવા બહુ પ્રયત્ન કરતો. પણ ચકોર મંજુલાની દૃષ્ટિ સૂક્ષ્મતમ બાબતો પણ ન જવા દે ત્હેવી હતી એ તે ઓછું જાણતો. રમણિકના જન્મદિવસે મંજુલાએ પોતે ગૂંથેલો રેશમી દોરાનો રૂમાલ ભેટ આપ્યો. એની અસર પણ ઘણી થઈ.

એકવાર બપોરે રમણિકને આવવાનો વખત થયોં તે વખતે મંજુલા પોતાના ખંડમાં ટેબલપર હાથ ટેકવીને ખુરશીમાં વિચારનિમગ્ન બેઠી હતી. રમણિક આવ્યો તે ત્હેને ખબર ન પડી. એ છેક પાસે ગયો ને ઉભો રહ્યો." કેમ, મંજુલા ! આજે આમ શા વિચારમાં પડી ગયાં છો ?" રમણિક એક ખુરશી લઇને બેઠો. મંજુલા એમ જ બેસી રહી.

" આમ કેમ બેઠાં છો ? આજ ત્હમને શું થયું છે ?" મંજુલાએ આંખમાંથી સરતાં બે બિન્દુઓ લૂછવા લુગડાનો પાલવ આંખે રાખ્યો. " આ શું કરો છો ? રડો છો કેમ ? મંજુલા ! કહો તો ખરાં. "

" જીન્દગીમાં જ્યા ઉણપો જ ભરી હોય ત્યા રડવા સિવાય બીજું શું કરૂં ?" બન્ને હાથમા મુખ રાખીને નીચે મુખે મંજુલાએ જવાબવાળ્યો. ત્હેના અવાજમાં ઘણી કરુણુતા હતી.

" ત્હમારે વળી શી ઉણપો છે? આમ શું કરો છો?" રમણિક બોલ્યો. જાણે આવેશમાં આવી હોય ત્હેવી છતાં દીન વદને મંજુલાએ રમણિક તરફ જોયું: " શું? રમણિક! ત્હમે પૂછો છો કે મ્હારે શી ઉણપો છે? ખરેખર! મ્હને એ ત્હમારા પ્રશ્નથી આશ્ચર્ય થાય છે એટલું કદી નથી થયું. ત્હમે હજી સુધી નથી સ્હમજી શક્યા કે મ્હારી જીંદગીની શી ઉણપ છે? મ્હને લાગે છે કે ત્હમે નિષ્ઠુર છો. ત્હમને હૃદય જ નથી. નહિં તો આટલું આટલું દર્શાવ્યું, આટલી અંતરની ઊર્મિઓ બતાવી તો સ્હમજ્યા વગર ન રહો. મ્હારે હવે જીન્દગીનો સાથી જોઇએ છીએ. એ જ મ્હારી ઉણપ છે. મ્હેં જેની પાસે આશાઓ રાખી એ જ જ્યારે નથી સ્હમજ્યા ત્યારે મ્હારે શું કરવું? આટ આટલાં વર્ષ સુધી બોલ્યા વગર સહન કર્યું ને એ પ્રબળ ઇચ્છા દબાવી. હવે જ્યારે કોઇની પાસે હૈયું ખુલ્લું કરૂં છું ત્યારે એ સ્હમજી નથી શકતા. કે નહિં, એ યે વિધિની કરતા જ છેને? હશે." વળી પાછી મંજુલા ટેબલપર બન્ને હાથમાં મોઢું મૂકીને બેઠી.

" મંજુલ! મંજુલ! હું ત્હમારી માગણી સ્વીકારવા ક્યારે ના કહું છું? આમ હતાશ શું થાઓ છો?"

" ત્યારે શું કરે? ત્હમે આજ સુધી કાંઇ જાણવા દરકાર ન કરી તે મ્હારાથી શી રીતે સ્હેવાય?"

" ત્હમે શાથી કહો છો કે હું ન્હોતો જાણતો? મ્હેં તો ત્હમને જોયાં ત્યારથી ત્હમારા સૌંદર્યે મુગ્ધ થયેલો અને ત્હમારો પરિચય બાંધ્યો ત્યારથી મ્હારા હૃદયમાં ત્હમે સ્થાન લીધું છે. ત્હમારી આંખમાં મ્હને અજબ તેજ દેખાયું છે. ત્હમારા વદનમાં મ્હને અદ્‌ભુત રંગો દેખાયા છે, ત્હમારા સમગ્ર અંગમાં, ત્હમારા પ્હેરવેશમાં, હલન ચલનમાં મ્હેં અપૂર્વ રમણીયતા જોઇ છે. ત્હમારા મંજુલ સ્વરમાં મ્હેં દિવ્યતા સુણી છે. મ્હારી બધી પ્રેરણા મ્હેં ત્હમારામાંથી જ મેળવી છે. હું સાચેસાચું કહું છું કે હું ત્હમને મ્હારા ખરા પ્રેમથી પૂજતો આવ્યો છું."

" તો પછી મ્હને બ્હેન બ્હેન કહીને શા માટે મ્હારૂં હૃદય સળગાવતા હતા? નહિં, નહિં, ત્હમે નિષ્ઠુર જ છો નહિં તો આમ કરત જ નહિં."

" પણ હવે ખાત્રી આપું છું ને. "

" એવી લુખી ખાત્રી શા કામની ? "

" ત્યારે શું કરૂં ? તમે કહો તે કરવા તૈયાર છું. " હવે મંજુલાએ રમણિક સ્હામે જોયું. રમણિકે કોઇ પણ દિવસ નહિ અનુભવેલું એવું અત્યારે મંજુલાના મુખ ઉપર જોયું. એ મુખનો રંગ જ અત્યારે કંઈ અજબ ખીલ્યો. બસ, એટલું જ ઘણું હતું. રમણિક ઉઠ્યો ને મંજુલા તરફ વધવા લાગ્યો. મંજુલા એ જ સ્મિત સાથે તરત જ બોલી ઉઠીઃ " રમણિક ! અત્યારે અહીં નહિ. કોઇ આવશે. એને માટે એકાન્ત જ જોઇએ અથવા કોઇ સ્થળે જવું જોઇએ. "

" તો ક્યાં જઇશું ? " અધીરાઇથી રમણિક બોલ્યો.

" મ્હારો વિચાર છે કે મ્હારી મોટર આજે હું ડ્રાઇવ કરીશ ને આપણે વરલી બીચ ઉપર રાત્રે જઇએ. અજવાળીઆં છે એટલે બહુ જ આનન્દ થશે. પણ એક જબરો વાંધો છે. " મંજુલા હવે ગંભીર બનીને વાતો કરવા લાગી. રમણિક પણ તેટલી જ ગંભીરતાથી સાંભળી રહ્યો.

" શો વાંધો છે ? "

" એનો નિકાલ નહિ થઇ શકે એમ મ્હને લાગે છે. "

" આપણે જ કરી શકિયે એમ છે ને ? "

" હા. છે તો એમજ ને તે પણ તમે જ કરી શકો. "

" ઓહો ! ત્યારે તો કહોને. "

" પણ, હું બહુ જ અચકાઉં છું તમને કદાચ ન ગમે. "

" અરે, એ શું બોલો છો ? તમે કહેશો તે મ્હારે સોનાનું છે. "

" એમ ? ખોટું નહિ લાગે ને ? "

" હવે ખોટા લાગવાનો ભેદ શો ? આપણે તો હવે એકજ. "

" બસ, તો એમ છે કે આમ તમે આવો તો ત્યાં પણ આપણે પકડાઇ જઇએ ને એમ બને તો ખોટું. મ્હને લાગે છે–" મંજુલા આગળ બોલતાં અચકાઇ.

ભૂલકણો.

નટવરલાલ ચીમનલાલ ચોકશી.
સભ્ય, સા. હુ. સમાજ

બ્રહ્માએ ભૂલથી કે જાણી જોઇને મને ભૂલકણો બનાવ્યો છે તે સારૂં જ કર્યું છે. કેટલાક લોકો ભૂલકણા સ્વભાવવાળાને વખોડે છે. પણ મને તો એમજ લાગે છે કે તેઓ ભૂલ કરી રહ્યા છે. ભગવાન હમેશાં સઘળું આપણા લાભ માટે કરે છે, તેઓ જાણે છે, કબુલે છે છતાં સમય આવે ભૂલી જાય છે. મનુષ્ય સ્વભાવ જ ભૂલકણો છે. કોઈ વધુ ભૂલે છે તો કોઈ ઓછું ભૂલે છે. પણ સઘળા ભૂલકણા તો હોય છે જ. મને ભૂલકણો બનાવ્યો છે તે સારૂં કર્યું છે તે કહેવાનું તાત્પર્ય એટલું જ કે મારા ભૂલકણા સ્વભાવે હમેશાં મને ફાયદો કર્યો છે. જો હું ભૂલકણો ના હોત તો કોણ જાણે મારો જીવન ક્રમ કેવોયે હોત!

બાના એમ છે કે કેટલીએ વખત કેટલાએ અકસ્માતોમાં મારા જન્મ ભૂલકણા સ્વભાવે મને ઘણી મદદ કરી છે. એક વખત હું મારા મિત્રો સાથે એલીસબ્રીજ તરફ સાંજે ફરવા ગયો હતો. ફરતા ફરતા

અમે એક મોટા કંમ્પાઉન્ડ આગળ આવી પહોંચ્યા. દરવાજા ઉપર એક પાટીઉં લટકાવેલું અમે જોયું. તેના ઉપર નીચે પ્રમાણે લખેલું હતું.

"આવતી કાલથી અહીં પ્રો. ચકરબત્તી પોતાના જાદુના અદભુત ખેલો બજાવી બતાવશે. કાલે પ્રથમ દિવસ હોવાથી સર્વેને મફત દાખલ કરવામાં આવશે. સમય બપોરના ૩ વાગે તા. ૩૧ મી માર્ચ ૧૯..."

મારા મિત્રો નાટક, સીનેમા, જાદુ, ખેલ વગેરેના ઘણા શોખીન હતા. પહેલેજ દિવસે જાદુ જોવો એમ સૌએ નિશ્ચય કર્યો. મફત હોવાથી ગીરદી થશે એમ અમે સૌ જાણતા હતા. એટલે ઘેરથી દોઢ વાગે નીકળવાનું નક્કિ કર્યું. હું ભૂલકણો એટલે સૌએ મને યાદ રહે માટે મારી ડાયરીમાં મોટા લાલ અક્ષરે નોંધાવ્યું. મારા ભૂલકણા સ્વભાવને લીધે મેં ડાયરી રાખી હતી. અને રોજ ઉઠી, નાહી ધોઇ તૈયાર થઇને ડાયરીના પાના ઉથલાવવાની ટેવ રાખી હતી. સૌએ હોળી ચકલે ભેગા થઈ સાથે નીકળવાનું નક્કિ કર્યું.

બીજે દિવસે સવારે મેં ડાયરી ઉધાડી. જાદુમાં વખતસર જવાનું યાદ આવ્યું. પણ સાડાબાર વાગે અમારી પોળમાં બે બૈરાંઓએ શબ્દ યુદ્ધ ચલાવેલું તે જોવામાં હું એટલો બધો તલ્લીન થઈ ગયો કે જાદુમાં જવાનો સમય ક્યારે થયો અને કેમ થયો તે ભૂલી ગયો. તકરાર પુરી થઈ. પણ તેની ટીકા, વિવેચન, પંચાત અને છેવટે સમાધાન થતાં ત્રણ વાગી ગયા. ત્રણને ટકોરે મને જાદુની વાત યાદ આવી. હું વિચારમાં પડ્યો. જરા ગભરાયો. કારણ મારા મિત્રો મારી ભૂલી જવાની ટેવ પર બહુ ટીકા કરી મારૂં જીગર બાળતા. આ ચિંતામાં અને ચિંતામાં સાડા ત્રણ વાગ્યા. એવામાં મારા મિત્ર માણેકલાલ મારે ત્યાં આવ્યા. તેનું મોં ઉતરી ગયેલું લાગ્યું. મેં પુછ્યું "ભાઇ, જાદુ કેવો હતો ? હું તો પોળની લડાઇ જોવામાં ત્યાં આવવાનું ભૂલી ગયો. શું કરૂં ? કેમે કરી મારી આ ટેવ જરા પણ સુધરતી નથી." આટલું ભાષણ આપ્યા છતા માણેકલાલ તો જાણે બહેરા હોય એમ ઉભા રહ્યા. છેવટે મેં ધાર્યું કે ચૈત્ર માસ શરૂ થયો છે. અને સૂર્યનારાયણ બપોરના સારી

રીતે તપે છે એટલે તડકામાં આલસથી સાહેબનું માથું દુખતું હશે. શરીરે એકવડા કોઠાનો તો હતાજ. પણ જાદુ આટલો જલદી કેમ પૂરો થયો હશે તેની મને નવાઇ લાગી. પછી ધીરેથી માણેકલાલે મ્લાન વદને ખુલાસો કર્યો. "એ તો અને છેતર્યા. કોઇ જાદુઓ નહોતો અને બાદુઓ નહોતો. દોઢ વાગ્યાથી લોક ભેગું થવા માંડયું હતું. અમે તારી રાહ જોઇ નીકળ્યા અને બે વાગ્યા સુધીમાં ત્યાં પહોંચ્યા. જલદી ચાલેલા એટલે ઘણો તાપ લાગેલો. અંદર દાખલ થઇ સારી જગ્યા શોધી બેઠા. અઢી વાગતાં તો એટલું ચીકાર થઈ ગયું કે પડે તેના કટકા. ઘણાજ તાપમાં, આટલી ગીરદીમાં, પરસેવાની રેલમ છેલમમાં અમે એક કલાક ઘણી હોશભેર વીતાવ્યો. પછી ત્રણના ટકોરે સ્ટેજ પરના બોર્ડનો પડદો ઉપડયો. અને પછી ! એતો પેલી 'April fool……' ની કડીઓ પાટીઆ પર લખી હતી. આજે એપ્રીલ માસની પહેલી તારીખ એમ બધાને યાદ આવ્યું. ઘણીજ નિરાશા સાથે લોકો બહારથી હસતા પણ મનથી નિસાસા નાખતા સૌ સૌને પંથે પડયા." આટલું બોલતા માણેકલાલ હાંફી ગયા. તડકાએ તેમના પર સારી અસર કરી હતી તેથી પાસે પડેલા એક કોચ પર નિદ્રા દેવીને આવ્હાન કર્યું.

એક વખત એક મિત્રના વરઘોડામાં જવાનું હું ભૂલી ગયો. રાત્રે યાદ આવ્યું. મારા મિત્રો મારા પર ગુસ્સે થશે તો શું જવાબ આપીશ તે વિચારમાં હું બેઠો હતો. એવામાં છગનલાલ મને મળવા આવ્યો. હું કેમ નહોતો ગયો તે પુછવાને બદલે તેને વરઘોડાની હકીકત કહેવા માંડી. "વરઘોડો ચઢયો. આજે તો તારી બહુ રાહ જોઈ. પણ તારી બહુ રાહ જોઇએ છીએ ત્યારે તું નથી આવતો. આજે પણ તેમજ બન્યું. તું નાજ આવ્યો. તું ના આવ્યો એટલે મને ચિન્તા થવા માંડી કે કદાચ આજે કાંઈ નવા જુની થશે. બન્યું પણ તેમજ. વાદળાં સવારથી જરા જરા હતાં. પણ વરઘોડો ચઢયો એટલે આકાશ એકાએક વાદળાથી ઘેરાયું. ગર્જના અને વીજળીના ચમકારા સાથે એકાએક વરસાદ તુટી પડયો. વરઘોડો અડધે રસ્તે ગયો હતો. વરઘોડો અસ્ત વ્યસ્ત થઈ ગયો. જેઠ વદ ૭મા લગ્ન કરવું ભૂલ ભરેલું છે એમ બધાને લાગ્યું. વરરાજાને એક ઝાડ નીચે આશ્રય આપ્યો. વરસાદ બંધ થતાં થોડા

નટવરલાલ ચીમનલાલ ચોકશી

સ્નેહી સાથે વરરાજા આગળ વધ્યા. લોકો સૌ વીખરાઈ ગયા. અમે વરરાજાના મિત્રો એટલે નાસી ના જવાય. અમારા બધાના કપડાં પલળ્યા અને કાદવના છાંટાથી બગડ્યા પણ ખરા. મેં નવો રેશમી કોટ પહેર્યો હતો તે તદન ચુંથાઈ ગયો છે. પરમ દીવસે મારા કાકાની છોકરીના લગ્ન વખતે શું પહેરીશ ?" વિવેચન પુરૂં કરતા તેમના મુખ પર દીલગીરી છવાઈ ગઈ.- હું સર્વ બીના સમજી ગયો. મેં કહ્યું " કાંઈ નહિ, મુંબાઈ તમારા મામાને મોકલજો. તેઓ ડ્રાયક્લીન કરાવી તમને મોકલી આપશે એટલે નવાથી પણ સરસ થશે. પણ પરમ દિવસે તો સાદા ડગલાથી ચલાવી લેવું પડશે. હું ના આવ્યો તે સારૂં થયું. નહિ તો જો મારો કોટ બગડ્યો હોત તો હું પરમ દિવસે મારી માસીને ત્યાં વરઘોડામાં શું પહેરત? મારે તો બીજો સારો કોટ પણ નથી, છે તેમાંથી મેલા થયા છે. અને બાકીના ધોબીને ત્યાં ગયા છે. એકાદ બે કાળા ડગલા છે. પણ તે કાંઈ વરઘોડમાં પહેરાય!" મારી ગેર હાજરી માટે મારો મિત્ર મને કાંઈ પણ કહેશે નહિ તેની મને ખાત્રી થઈ.

આતો મેં નાના ફાયદા વર્ણવ્યા. પણ મારા જીવનમાં મોટો લાભ મારા માનીતા ભૂલકણા સ્વભાવથી જ થયો છે તે કહીશ ત્યારે વાંચક, તને પણ એક વખત ભૂલકણા થવાનું મન થશે. વાત એમ છે કે દર વર્ષે ઉનાળામાં કોઈ કોઈ દિવસ સાંજે અમે બધા મિત્રો ભીમનાથ નહાવા જઈએ છીએ. ત્યાં નદીમાં નહાવા પડી આનંદ કરીએ છીએ. ઘેરથી બધા લંગોટ પહેરી લઈએ કે રોજ રોજ સાથે કાંઈ લેવું પડે નહિ. આ વર્ષે પણ તે મુજબ આનંદ કરવા જતા હતા. ભીમનાથ ઘણું દૂર છે એટલે સાઈકલવાળા બારોબાર સાઈકલ પર આવતા હતા અને બાકીના મારા સહીત ચાર વાગે હોળાચકલેથી ચાલતા નીકળતા. એક દિવસ હું લંગોટ પહેરવી ભૂલી ગયો. ત્યાં પહોંચ્યા બાદ બધા ટપોટપ નદીમાં પડ્યા. હું લંગોટ ભૂલી ગયેલો તેથી શું કરવું તે વિચારમાં ત્યાં આંટા મારવા લાગ્યો. તેવામાં સાઈકલવાળા ત્યાં આવી પહોંચ્યા, તેઓ પણ ન્હાવા પડ્યા. બધાંને મારી લંગોટ હું ભૂલ્યો છું તે જાણ થતાં મને કપડાં સાચવવાનું કામ સોંપ્યું. દીલગીરીમાં હું ત્યાં ફરવા લાગ્યો. મારા ચપજનપનો ચારે તરફ

ફરવા લાગ્યા. મારી દૃષ્ટિ પેલી સાઇકલો પર ગઇ. હું હમણાં જ સાઇકલ ચલાવતાં શીખ્યો હતો. એટલે સાઇકલનો મારો શોખ તાજો હતો. મેં એક સાઇકલ આસ્તેથી ઉઠાવી. સ્વાર થઇ લટાર મારવા નીકળી પડ્યો. તેના માલીકને જાણ થતાં તે બુમો પાડતો રહ્યો અને હું ક્યાંનો ક્યાં નીકળી ગયો.

હું કયે રસ્તે જાઉં છું તે જોવું ભૂલી ગયો. મારા ભાગ્યે મેં શાહીબાગ તરફ દોર્યો. દસ પંદર મીનીટમાં હું બહુ આગળ નીક ગયો. સંધ્યા થવા આવી હતી. એવામાં એક મોટા કોમ્પાઉન્ડ બંગલા આગળ આવી પહોંચ્યો. ત્યાં કોઇ મુગ્ધા બાગમાંથ વીણતી હતી. ભૂલમાં મારાથી ઘંટડી વાગી ગઇ. તેની દૃષ્ટિ તરફ ફરી. મારી દૃષ્ટિ તો તેના તરફ હતી જ. પછી પુછવું જ અમારા નયનો મળ્યાં. એકમેકને નીરખ્યા. મેં તેને જોઇ, નીરખી નીહાળી, ઓળખી. તે અમારી ન્યાતના ફુલચંદ શેઠની એકની એક દીકરી સુશીલા હતી. તેને નીરખવામાં હું ઘણો તલ્લીન થઇ ગયો. સાયકલ પર બેઠો હતો તે ભૂલી ગયો. પાછળથી ફુલચંદ શેઠની મોટર આવી. મોટર ડ્રાઇવરે હોર્ન વગાડ્યું. હું ચમક્યો. સાયકલ પર બેઠો છું તે ભૂલી ગયો. અને ધબ દઇ બાજુ પર ઢળી પડ્યો. મોટર અટકી. શેઠ નીચે ઉતર્યા. મને ઓળખ્યો. તેઓ બોલ્યા "ઓહો, કાન્તીલાલ કેમ પડી ગયા? બહુ તો નથી વાગ્યું ને? હજુ તો સાયકલ શીખતા હો એમ લાગે છે!" ઉપરાચાપરી સવાલોના ઉત્તરમાં જાણે કાંઇ જ બનવા પામ્યું નથી તેમ સાયકલ ઉચકી ઉભો થયો, અને કપડાં સાફ કરવા માંડ્યા. ફુલચંદ શેઠે આગળ આવી કહ્યું "ચાલો, અંદર ચાલો. જરા મો તો ધોઇ નાંખો. પછી ભલે જજો." કોણ જાણે કેમ પણ મને શેઠ સાથે લાંબી વાત કરતાં શરમ લાગવા માંડી. ચુપચુપ કપડાં સાફ કરી મોં ધોઇ લીધું. પછી ફુલચંદ શેઠ મને બંગલામાં લઇ ગયા. અંદર સુશીલા તેની માતા ચંદ્રલક્ષ્મી સાથે વાતો કરતી બેઠી હતી. ચંદ્રલક્ષ્મીની તબીઅત બરાબર નહિ હોવાથી કોચ પર સુતી હતી. શેઠ કોચ સામેની ખુરશી પર જઇ બેઠા. પછી ફુલચંદ શેઠે મારા અભ્યાસ વગેરેની વાતો પુછવા માંડી. એવામાં સુશીલા સંકોચાતી

અંદરના ખંડમાં ચાલી ગઈ. પણ ત્યાંથી અમારી બધી વાત સાંભળી શકાય એમ હતું. મેં અમારી કૉલેજની, અમારા પ્રોફેસરોની, અમારી કૉલેજની પ્રવૃત્તિઓની વાતો ઘણી છટાથી કરવા માંડી. સમય અને સ્થળનું ભાન હું ભૂલી ગયો. પણ મારી વાતોથી ફુલચંદ શેઠ અને ચંદ્રલક્ષ્મી મુગ્ધ થઈ ગયાં. પછી તેમની પુત્રી સુશીલા મુગ્ધ થાય તેમાં શી નવાઈ! સાડાસાત વાગ્યા. આઠ વાગ્યા. હવે ઘેર જવાનું હું ભૂલી ગયો. શેઠનો જમવાનો સમય થયો. મને સાથે જમવા શેઠે આગ્રહ કર્યો. ભૂખ ઘણી લાગી હતી એટલે વિનય પુરતી આનાકાની કરી જમવાનું આમંત્રણ મેં સ્વીકાર્યું. જમ્યા બાદ મેં ઘેર જવા શેઠની રજા માગી ફુલચંદ શેઠે કહ્યું. "અત્યારે સાયકલ પર ક્યાં જશો! તેમાં ટે વળી જરા વાગ્યું છે. સાયકલ અહીં મુકો અને મોટર તમને મૂકી જશે. કાલે સાયકલ મોકલી આપીશ." આટલી બધી સગવડ માટે શેઠનો આભાર માની હું ઘેર ગયો. મારી માતા મારી રાહ જોઈ બેસી રહી હતી. મેં તેને બધી વાત કહી. તેને હર્ષ ઉભરાઈ આવ્યો. પણ હું કાંઈ સમજ્યો નહિ. મારી માને કાંઈ લાભ થયો હોય એટલું કળી શક્યો.

*   *   *   *

ત્રીજે દિવસે સાંજે ફુલચંદ શેઠની બેન મારી માતાને ખાનગીમાં મળવા આવી. કાંઈક ખાનગી વાત નક્કી કરી ગઈ. તેમના ગયા બાદ ખબર પડી કે સુશીલા સાથે મારો વિવાહ નક્કી થયો છે.

ત્યારથી મને મારા માનીતા ભલકણા સ્વભાવ પર શ્રદ્ધા અને પ્રેમ થયાં છે.

અર્જુનઃ—"મોટાભાઈ, ક્ષમા કરો. હું અપરાધી છું. તમે મારા સહોદર છો. જ્યેષ્ઠ બન્ધુ છો. આ સંભ્રમનો નાશ આજે જ થયો."

કર્ણઃ—"સહોદર! જ્યેષ્ઠ બન્ધુ! શત્રુઓ પ્રત્યે આ કેવું સંભાષણ? હું તારો શત્રુ છું. તું મારો અમિત્ર છે. તો પછી આ કેવો સંબંધ? પણ......હા. ખરે હું તારો મોટો ભાઇ છું. આજે પ્રભાતમાં જ મેં સાંભળ્યું કે તું મારો લઘુ ભ્રાતા છે. પ્રથમ તો કોઇએ આ બાતમી ન આપી. ફક્ત આજે જ શ્રુતિપથે પડ્યું કે તારી માતા તે મારી માતા છે. ચિર-દ્વેષી, ચિર-પ્રતિસ્પર્ધી, અને ચિર-શત્રુ-સર્પ અને નકુલ—એક જ માતાનાં સંતાનો. ભાઇ, વિધાતા ખરે ભૂલી. કર્ણ તારો કટ્ટો શત્રુ, કટ્ટો દ્વેષી, જ્યેષ્ઠ ભાઇ થાય, તે વિધિનો વાંક નહિ તો બીજું શું? કર્ણ અધિરથનો પુત્ર છે, એ ઠીક છે. શત્રુના હસ્તથી માર્યો જાઉં છું એ સાલતુ હતું, ઘણી વ્યથા થતી હતી, ચિત્ત મુંઝાતુ હતું."

અર્જુનઃ—"ભાઇ, શાન્ત થાવ, ધૈર્ય રાખો."

કર્ણઃ—પાર્થ શાન્ત થઇશ. ચિન્તા ન કર. જો. નિહાળ. મારા પિતા ભગવાન ભાસ્કર અસ્તાચળમાં પ્રવેશ કરી રહ્યા છે. પિતા, હવે હું જાઉં છું. હું શાન્ત થઇ જઇશ. (અર્જુનને). ભાઇ, સદાને માટે હું જાઉં છું. પૃથ્વી ઉપર તારો હવે કોઇ પ્રતિદ્વન્દ્વી નહિ રહે. તારો દર્પ તારૂં શૌર્ય, તારો યશ અક્ષુણ્ણ રહેશે. તું અદ્વિતીય વીર બનીશ. પરંતુ......નહિ, નહિ. હું હવે ક્રોધને વશ નહિ બનું. હિંસાનો ભાવ હવે મારા હૃદયમાંથી વિમુખ થઇ ગયો છે. તારા જ્યેષ્ઠ ભ્રાતા તરીકે આશીર્વચન કહું છું. તારી કલ્યાણકામના કરૂં છું. મૃત્યુ મને પોતાના પાશમાં લેવા તત્પર થઈ રહ્યું છે, ચિર શાન્તિ અનુભવવાનો સમય આવી પહોંચ્યો છે. હું હવે તારી સાથે અધિક સમય રહેવાને અસમર્થ છું. બે વાત કહેવાની છે. ફક્ત બે જ વાત. મારા હૃદયની વેદના માત્ર જ........"

કર્ણ અને અર્જુન

અર્જુનઃ–"તમારી સઘળી હકીકત સાંભળવા હું તૈયાર છું. કોને ખબર હતી કે અંતકાળમાં આ વેદના, આ વ્યથા સહન કરવી પડશે?"

કર્ણઃ—"અવશ્ય, ભાઇ! અતિશય વેદના છે. દુઃખ છે. અદ્યાપિ તે હું મારા હૃદયમાં છુપાવી રહ્યો હતો. પાર્થ, બન્ધુ; આજે તને જ હું તે દુઃખની કથની કહું છું. સાંભળ. બાલ્યાવસ્થાથી હું કેટલું અપમાન, અવજ્ઞા, અને તિરસ્કાર સહન કરતો આવ્યો છું? આ સંસારમાં અપમાન સિવાય મેં કાંઇ પણ મેળવ્યું નથી. પદેપદે હું લજ્જિત થયો છું. ક્ષણેક્ષણે મારી વ્યર્થતાનો મને અનુભવ થયો છે. મારા જન્મથી મારી જનની લજ્જા વશ થઇ. તેણે મને ફેંકી દીધો. આમ જન્મકાળથી જ મેં તિરસ્કાર અનુભવ્યો. કિશોરાવસ્થામાં જ્યારે મારા હૃદયમાં વીરત્વ જાગૃત થયું, આકાંક્ષા પ્રકટ થઇ, ત્યારે મેં મારા અસ્ત્ર-ગુરુ દ્રોણ પાસે અસ્ત્રશિક્ષણ માટે પ્રાર્થના કરી. ગુરુએ રાધાસુત કહી અવજ્ઞાપૂર્વક દૂર કર્યો. પછી જમદગ્નિપુત્ર પરશુરામ પાસે ગયો. તેમની સેવા કરી, અને અસ્ત્રશિક્ષા પ્રાપ્ત કરી. પરન્તુ હું ક્ષત્રિય છું. એવી જાણ પડતાં જ તેમના શાપનો ભોગ થઈ પડયો. શાપ આપ્યો કે "પ્રતિદ્વંદ્વીની સમ્મુખ તારી બાણકલા વ્યર્થ જશે." તે સમય તો તને યાદ જ હશે કે જ્યારે તું અસ્ત્રપરીક્ષા આપી રહ્યો હતો. હું તારો પ્રતિસ્પર્ધી બની હાજર થયો. ત્યાં હું મારી અસ્ત્ર-કુશળતા દર્શાવવા આવ્યો હતો. પરન્તુ જનસમૂહે અધિરથ સુત કહી ઉપહાસ કર્યો, અને અપમાન્યો. દુર્યોધને મારા ગુણોની કદર કરી. પરન્તુ જે સમયે મારી પટુતાની પરીક્ષા કરાવવા તૈયાર થયો તેવામાં સમાચાર મળ્યા કે કુન્તાજીને અકસ્માત દુઃખ થાય છે, અને તેથી સભા વિસર્જન થઇ. મારી શિક્ષા વ્યર્થ ગઇ. હૃદયના અભિલાષ હૃદયમાં રહ્યા. આજ પણ સમાજના તે અવિચાર અને અન્યાયનું સ્મરણ કરતાં હૃદયમાં અગ્નિ પ્રકટે છે."

અર્જુન:–"ભ્રાતા, ગત દુઃખનું સ્મરણ જવાદો. હું સ્વયં લજ્જિત થઉં છું.

કર્ણ:–"ગત દુઃખ તો ગત જ થઈ ગયું છે, પરન્તુ હૃદયની વ્યથા નષ્ટ નથી થતી. મેં સર્વદા મારા ભાગ્યથી જ યુદ્ધ કર્યું છે. પરન્તુ અન્તમાંની વ્યર્થતા મને પરાજિત કરી રહી છે. બીજી વાત સાંભળ. આટલેથી વ્યથા સમાપ્ત નથી થઇ. મારે વધુ અપમાન સહન કરવું પડ્યું છે. મારી વ્યર્થતાનો વધુ અનુભવ કરવો પડ્યો છે. જ્યારે દ્રૌપદીનો સ્વયંવર થયો, ત્યારે કોઈ પણ ક્ષત્રિય લક્ષ્ય-ભેદ કરવા સમર્થ થયો નહિ. તે પ્રસંગે હું અભિમાનપૂર્વક ઉભો થઈ લક્ષ્ય-ભેદ કરવા તત્પર થયો. દ્રૌપદીએ પરન્તુ શું કહ્યું? "નહિ વરું એ સૂતપુત્રને." અપમાન અને લાઞ્છનાથી મસ્તક નમાવી હું ચાલી આવ્યો. મારી શક્તિ વ્યર્થ બની. આશા ફોકટ બની. કામના નષ્ટ થઈ. પિંજરમાં બદ્ધ થયેલ સિંહની માફક હું મન મારીને રહ્યો."

અર્જુન:–"બન્ધુ! ગઇ ગુજરી વિસારી દો. મનુષ્ય ભાગ્યદેવીનું રમકડું છે, તેની ક્રીડાનું માત્ર સાધન છે."

કર્ણ:–આજે પ્રાતઃકાળમાં મેં મારા મનમાં દૃઢ પ્રતિજ્ઞા કરી હતી કે આજે હું પાર્થનો દમ્ભ નષ્ટ કરીશ. તેને આજ અવશ્ય હણીશ. અને મારા પંથને નિષ્કંટક કરીશ. તથા આજ કર્ણના ભુજબળથી આ અવનીની સર્વ દિશાઓ ગજાવી મૂકીશ. તે સમયે કુન્તાજીને ઉભેલાં જોયાં. શિર નમાવી વ્યથિત હૃદયથી તેમણે મને બતાવ્યું કે તે મારાં જનની છે, હું તેમનો પુત્ર છું. ક્ષણ માત્રમાં અન્તરમાં દ્યુતિ પ્રકટ થઇ. અન્ધકારનો નાશ થયો. હૃદયમાં હર્ષ અને વિષાદ બન્ને ઉત્પન્ન થયાં. મારી દૃઢ પ્રતિજ્ઞા શિથિલ થઈ ગઈ. મન્ત્રબદ્ધ સર્પની જેમ રણભૂમિમાંથી હું ચાલવા માંડ્યો. તે સમયે એક બ્રાહ્મણે આવી ભિક્ષા માગી. જ્યારે મેં તેનો સ્વીકાર કર્યો, ત્યારે તેણે મારા જીવનનાં રક્ષક પરમ પ્રિય કવચ અને

કુણ્ડલની માગણી કરી. મેં તરતજ વિના સંકોચે તે અર્પી દીધાં. તેની સાથે જ આ જીવનની અંતિમ આશા નષ્ટ થઇ ગઇ. તથાપિ મારી શક્તિ પ્રચંડ હતી. તેં સ્વયં મારો પ્રતાપ અનુભવ્યો, પરન્તુ હાય! રથનું ચક્ર પૃથ્વીમાં ગરકી ગયું. સિંહ બંધનમાં ફસાઇ ગયો. જન્મકાળથી જ હું વિધાતાના શાપરૂપ છું. મારૂં જીવન કીર્તિહીન અને નિષ્ફળ બન્યું છે. પુત્ર બની માતાએ ત્યજ્યો, શિષ્ય બની ગુરૂએ તિરસ્કાર્યો, વીર બની ખ્યાતિ ન પામ્યો, અને આકાશના ધૂમકેતુની જેમ પ્રકાશ મેળવી વ્યર્થતા પામ્યો. તેં સર્વત્ર યશ સંપાદન કરી જય પ્રાપ્ત કર્યો. હું અવશ્ય જ્યેષ્ઠ છું, પરન્તુ શ્રેષ્ઠ નથી. મારૂં નામ લુપ્ત થઇ જશે, તેનો મને લેશ પણ ખેદ નથી થતો. તને મારી એટલી જ સૂચના-વિનંતિ છે કે મનમાંથી મારી આ લાંછના અને અપમાનવ્યથાને તું વિસારીશ નહિ. ભાઈ, પૂર્ણ રીતે સમજીને તારા હૃદયના ગૂઢતમ ભાગમાં તેને સ્થાન આપજે. પૃથ્વી ઉપર નથી થઇ શક્યું, તે સ્વર્ગમાં થશે. હવે વધુ કાંઇ કથવું નથી. કથવાનું, કરવાનું-બધું ય થઇ ગયું છે. ભાવિએ પોતાના ભાવ ભજવ્યા છે. બસ. બન્ધુ! જાઉં છું, સર્વથી વિમુખ થાઉં છું. મારો એટલો જ આશીર્વાદ છે કે તારો સર્વદા વિજય થાવ, સદૈવ સુખી રહો.*

* હિંદી ઉપરથી

લોકવાર્તાઓનું વાતાવરણ

રા. મંજુલાલ રણછોડલાલ મજમુદાર. બી. એ. એલ એલ. બી.

ગુજરાતી સાહિત્યમાંની પદ્યાત્મક લોકવાર્તાઓમાંથી તત્કાલીન લોકસમૂહની મનોદશા, લોકજીવનની રહેણીકરણી, લોકહૃદયના આશઅભિલાષ-વગેરે સમાજસ્થિતિનું આછું* પ્રતિબિમ્બ આપણે નિહાળી શકિયે છિયે. આ સમગ્ર તત્ત્વદર્શનને "લોક વાર્તાનું વાતાવરણ" કહિયે તો ચાલે.

આપણી લોકવાર્તા અંગ્રેજી Romance તથા Novel એ બેના સંમિશ્રણ રૂપ જન્મી હોય એમ લાગે છે; અથવા અંગ્રેજી સાહિત્યમાં નૉવેલની ઉત્પત્તિ થવા પહેલાં, wonder-horror stories જેવું લોકવાર્તાનું સાહિત્ય અસ્તિત્વમાં હતું ત્હેને મળતી આપણી લોકવાર્તા છે; છતાં આપણી પ્રેમશૃંગારમિશ્ર વાર્તાઓમા માનુષી તત્ત્વ છેક ગૌણ સ્થાન ભોગવતું નથી. તોપણ અલૌકિક ચમત્કારના અંગભેગી ભૂતપિશાચની અમાનુષી કથા આપણી લોકવાર્તાઓમાં ખૂબ ઓતપ્રોત થયેલી હોય છે ખરી.

જૈન "રાસા"ઓનું સાહિત્ય પણ આવું જ છે. રાસાઓ રસપ્રચુર અને મનોરંજક તેમ જ બોધક પણ છે. એમાં અમાનુષી સત્વો દેખા દે છે. અદ્‌ભુત રસ ભારોભાર ભરેલો હોય છે. અને શ્રોતાના મનમાં ચમત્કારની અસર ઉપજાવવા માટે આ રાસાના કવિઓએ તે તે કાળની લોકશ્રદ્ધાને અનુસરી અદ્‌ભુત કથન દાખલ કરેલા મળી આવે છે. મંત્રસિદ્ધિ, સુવર્ણસિદ્ધિ, રત્નાદિકના ચમત્કારિક ગુણો, ભૂત પ્રેતાદિની અદ્‌ભુત ક્રિયાઓ આકાશગમન-ઇત્યાદિ આ રાસાઓનાં મુખ્ય અદ્‌ભુત અંગ છે.

---

* "આછું" કહેવાનો ઉદ્દેશ એટલો છે કે ઘણે પ્રસંગે કલ્પનાથી ઘડાઈને તૈયાર થયેલી લોકવાર્તાઓમાં તે તે સમયનાં સંસારચિત્ર પડ્યાં છે કે કેમ? તે કહેવું અઘરું છે. એટલું માત્ર કહી શકાય કે તે ચિત્રો કવિના હૃદયની ઈચ્છાથી ઉત્પન્ન થયેલાં, કલ્પનાએ રંગેલાં અને લોકપ્રિય થાય એવી રીતે લોકરુચિને અનુસરીને દોરાયલાં છે.

સુધિ પ્રાન્તિક ભાષાસાહિત્યમાં કેટલીક સાંપ્રદાયિક (conventional) અંશે પણ દાખલ થવા પામ્યો. તેથી કેટલીક નિત્યપરિચિત અથવા અતિપરિચિત (hackneyed) શબ્દાવલીઓ ઠેરઠેર ગોઠવતા થઇ ગયા. એનાથી એવું થયું કે જે ઉપમાઓ સાહિત્યમાં મૂળ વપરાશમાં આવી તે વખતે કુદરતના પ્રત્યક્ષ દર્શન કે અનુભવથી જ કવિહૃદયને તે કલ્પનાનો સાક્ષાત્કાર થયો હતો. તે વખતનું તેનું Nature at first hand કુદરતનું તાજું 'અને સાચ્ચુ' જ્ઞાન ભૂલી જવાયું; અને કાળે કરીને સંસ્કૃત સાહિત્યમાં જ ઠીક શોભતી કેટલીક ઉપમાઓ ઔચિત્યબુદ્ધિના વિવેક વગર કવિઓ જ્યાં ત્યાં વાપરતા થઇ ગયા.

આખ્યાનો તથા વાર્તાઓમાં કોઇ મ્હોટો પ્રસંગ નિપજે અને નાયકનાં પરાક્રમો વર્ણવાય ત્યારે દેવો 'પુષ્પવૃષ્ટિઓ' કરે જ; અને અપ્સરાઓ અંતરિક્ષમાં ગાવાની જ. કોઇ બાણુ છોડે એટલે સાત પાતાળ અને ચૌદ લોક કંપી જવાના, શેષનાગ હાલી જવાનો, પર્વત ડગમગી જવાના, સાગર ખળભળી ઉઠવાના—અને એ રીતે દરેક અદ્‌ભુત પ્રસંગના વર્ણનમાં આવો એક સરખો ચમત્કાર બનવાનો જ.

આ શિષ્ટાચાર તો એટલે સુધી કવિ સંપ્રદાયમાં અધિકાર મેળવ્યો કે કોઇ પૌઢાની ગતિ વર્ણવવી હોય ત્યારે હેની ગતિને ગજની જ ગતિ કહેવી પડતી. નાકની દાંડી માટે શુકનાસા અથવા ગ...ની ચાંચને જ સંભારવી પડતી. કોઇ નાજુક અંગની ધીમી ધીમી પગલીઓ માટે હંસને જ ખોળી કાઢવો પડતો. પ્રાન્તિક દેશી ભાષાઓમાં પણ આ અને એવી બીજી અસંખ્ય સંસ્કૃત ઉપમાઓ (કદાચ ઉપમાનમાં મૂકેલાં પશુ, પક્ષી, વનસ્પતિ, ફૂલ અથવા ફૂલને માત્ર કાને સાંભળીને જ) પોતાના કાવ્યોને શણગારવા છુટે હાથે વાપરીને પોતાને કૃતકૃત્ય માનતા હોય એમ લાગે છે.

કોઇ સ્ત્રીનાં અંગાંગનું વર્ણન કરવાનું આવે ત્યારે શી શી ઉપમાઓ આવશે તે આપણે તે કવિતા વાચ્યા વગર 'પણ એકદમ કહી શકિયે એવું શિષ્ટાચાર ભર્યું વર્ણન આ પ્રાચીન કવિઓમાં આવે છે. મુખ ચંદ્રમા જેવું, આંખો હરિણીના જેવી અથવા ખંજન જેવી, દાંત દાડીમ કળી જેવા, અધર પરવાળાં જેવા, કટિ કેસરી જેવી, પેટ પોયણા જેવું, કેશકલાપ નાગફણા જેવો, અ... ...ના કાળથી ચાલી આવતી ચોક્કસ ઉપમાઓની ... વિતા...ચમત્કાર અથવા ખૂબી જણાતાં નથી.

. એવાં કૃત્રિમ, અર્થહીન અને માત્ર શિષ્ટાચાર બતાવતાં વર્ણનોથી કાવ્યત્વ કે રસનો ભાસ થતો નથી. ઉલટું, એવું વાંચતાં એ કાવ્યભાગ ક્યારે વટાવી જઈયે એની અધીરાઇ વાંચનારને થાય છે. લોકવાર્તાઓમાં નાયક અથવા નાયિકાનું વર્ણન, નગરવર્ણન, વનવર્ણન પ્રવાસવર્ણન વગેરે એક સરખી શૈલીમાં કરાયલાં મળી આવે છે. એટલે એ વર્ણનો ઉપરથી તત્કાલીન વસ્તુ સ્થિતિનો કશો ખ્યાલ આવી શકતો નથી. સમાજશાસ્ત્રની દૃષ્ટિએ અવલોકતાં, એ સાહિત્ય વિષયક પુરાવાની કંઈ પણ કિમ્મત નથી. કેટલીક વારતાઓમાંથી અમુક નાયિકાનું, નગરનું અથવા તો પ્રવાસનું છુટું વર્ણન આપણને વાંચવા માટે કાઢી આપવામાં આવે, તો તે કઈ વાર્તામાંનુ હશે તે કહેવું ઘણું અઘરું પડે.

લોકવાર્તા જેટલે અંશે લોકજીવનનું આભલું ગણી શકાય તેટલે અંશે, વાર્તાઓમાંથી ડોકિયાં કરતા વ્હેમોનું અસ્તિત્વ તે વખતના સમાજમાં આરોપી શકાય. રાક્ષસો અને ભૂત પ્રેતની વાતો દરેક દેશના લોકસાહિત્યમાં દેખા દે છે, ગુજરાતનું માનસ પણ ભૂત પ્રેત વિનાનું નથી. વિક્રમે વશ કરેલા "વીર આગીયા વૈતાલ" ની વાત વિક્રમ રાજાનાં પરાક્રમ ગાતી "સિંહાસન બત્રીશી" અને "વૈતાલ પચીશી" માં વિસ્તારથી અપાયલી છે. ખાખરા ભૂતને તો આપણા શિષ્ટ સાહિત્યમાં પણ "કરણ ઘેલા" એ તેમ જ "રાજાધિરાજે" અમર કર્યો છે. આવાં અમાનુષી સત્ત્વોની હાજરીનો ઉપયોગ ચમત્કાર અથવા અકસ્માત કે ભય વર્ણવવામા લોકવાર્તાના કવિઓ કરતા જણાય છે.

ભૂત પ્રેત સિવાય બીજા અનેક જાતના વ્હેમોએ લોકહૃદયમાં ઘર કરેલું હોય છે. માનવીનાં ભાગ્યવિધાનમાં જગતની અદૃશ્ય શક્તિઓ ઉઘાડો ભાગ લેતી હોય એમ અનેક શકુન અપશકુનની વ્યક્ત ભાવનાઓ દ્વારા માન્યતા બંધાય છે: શકુન શાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, જાદુ, મંત્રતંત્ર, અદ્‌ભુત સિદ્ધિઓ, કામણ દુમણ, મારણ, ઉચ્ચારણ તથા વશીકરણ જેવી "મેલી" વિદ્યાઓ, કરવત અથવા કમળપૂજાનો આત્મહત્યા માટેનો છેવટનો ઉપાય—વગેરે લોકજીવનમાં ઊંડાં મૂળ ઘાલી બેઠેલી માન્યતાઓ ઓછાવત્તા પ્રમાણમા દરેક લોકવાર્તામા નજરે પડે છે. એ લોકવ્હેમનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરવા જેવો છે.

લોકવાર્તાઓના કાળનું પ્રવાસવર્ણન વાર્તાના રસમાં ચમત્કાર તથા વૈવિધ્ય લાવતું; કારણ કે તે કાળના પ્રવાસો વર્ષોનાં વર્ષો સુધી લંબાતા. ગુજરાતીઓની વ્યાપાર કુશલતા, ત્હેમની વ્હેપાર માટેની કુનેહ–એ ત્હેમના જન્મસિદ્ધ હક્કમાંનો એક હતો. જલમાર્ગે તેમ સ્થલમાર્ગે પણ ખેડવા નીકળેલા સાહસિક સોદાગરોનાં રસમય વર્ણનો આ લોકવાર્તાઓમાં આવે છે.

આ વ્યાપારનું તત્ત્વ ગૂજરાતી લોકવાર્તાઓની એક લાક્ષણિક વિશિષ્ટતા છે. હિન્દી વાર્તાસાહિત્યમાં તે બહુ અલ્પ છે. બંગાળી વાર્તાસાહિત્યમા ચંદ સોદાગર તથા સુન્દર સોદાગરની વાર્તાઓ જેવી પ્રવાસવર્ણનની વાતો છે ખરી. એનું કારણ એમ લાગે છે કે ગુજરાત (મધ્યકાલીન ઇતિહાસની સીમા પ્રમાણે કચ્છ કાઠિયાવાડથી માંડીને દક્ષિણાપથની હદ શરૂ થાય છે ત્યાં સુધી) ના દરિયાકાંઠા ઉપર ઘણાં પ્રાચીન બંદરો આવી રહેલાં છે. ત્હેવી જ રીતે બંગાળાના ઉપસાગરનો કાંઠો બંગાળી પ્રજાના વ્હેપાર માટે અનુકૂલ હતો. તેથી આવા કુદરતી રીતે વ્હેપારને ઉત્તેજનાર સંયોગો મળવાથી, આ પ્રજાઓ મધ્ય હિન્દુસ્થાનની પ્રજા કરતાં વધારે સાહસિક અને વ્હેપાર કુશલ બની હતી.

કયા કયા જાતનો અને કઈ કઈ ચીજોનો છુટક તથા જથ્થાબંધ વ્હેપાર થતો, ત્હેના સાટા, કબાલા વગેરે કેવી રીતે થતું, પરદેશ વહાણ કેવી રીતે ભરી જતા–વગેરેનું જીવતું જાગતું વર્ણન સામળભટની "ભદ્રાભામિની" ની વાર્તામા આપવામા આવ્યું છે. વચ્છરાજની "રસમંજરી"ની વાર્તામા પણ ધનાઢ્ય શેઠનો પુત્ર, બાપનું રળેલું ન ખાતાં વ્હેપાર કરવા નીકળી પડે છે. જૈન સાધુઓના રાસોમાં પણ વહાણના વ્હેપારની પુષ્કળ વાતો આવે છે.

આવા પ્રવાસવર્ણનથી લોકવાર્તાના કવિને નાયક નાયિકાનો વિરહ, ત્હેમની વિરહપીડા, વગેરે રસિક પ્રસંગો વિસ્તારવાની તક મળતી હતી. વ્હેપારને અંગે લોકોની ધનસમૃદ્ધિનાં છક્ક કરી નાખે એવાં વર્ણનો પણ આ પદ્યવાર્તાઓમાં મળી આવે છે. ધનને લીધે વિલાસ વધે જ; અને વિલાસમાંથી અનીતિ તથા અધર્મનો ફેલાવો થાય–એ સત્ય પણ આ વાર્તાઓમાં ઘટાવેલું જણાય છે. નગરશેઠના છોકરાઓ, બીજું

કંઈ પણ કરવાનું ન હોવાથી ઘૂત રમતા અને ધન ગુમાવતા; અથવા તો ગણિકાને હાથે લૂંટાતા. આ પરિસ્થિતિનું પ્રતિબિમ્બ પણ આ લોકવાર્તાઓમાં પડેલું જોઈ શકાય છે.

ગુજરાતના, પરદેશીઓ સાથેના જળમાર્ગના વ્હેપારના ઇતિહાસ સાથે આ લોકવાર્તાઓમાંની વિગતો સરખાવી જોવા જેવી છે. જળમાર્ગ સિવાય સ્થળમાર્ગે વણજારા પોઠો ભરી વ્હેપાર ચલાવતા. જ્યારે 'વણજારા પોઠો લઈ લઈને નીસરે છે ત્યારે માર્ગો ઉપર આથે આથે ઝીણી ઝીણી ખેપ ઉડતી આવે છે. દેશ પરદેશથી હાથી, ઘોડા, બળદ, વ્હેલડી ચુંદડી વગેરે મોહક સામગ્રીઓ લાવે છે.' ગામને પાધરે પોઠ છૂટે છે; અને વ્હેપારીઓ ત્યાં આવી સોદા કરે છે. "ભદ્રાભામિની" માં લાખા વણજારાનું આખું વર્ણન આ સમ્બન્ધી આબેહૂબ ચિત્ર ખડું કરે છે.

આમ વ્હેપારને અંગે અથવા બીજા કોઇ રાજદ્વારી કારણોને અંગે જે પ્રવાસ આરંભાતા તે વર્ષોના વર્ષો સુધી લંબાતા. કોણ ક્યારે પાછું આવશે તે વિધિને જ સોંપી દેવું પડતું. આજે, એ સમયના જલપ્રવાસોના અવશેષ, પ્રવાસનાં પ્રેમભીનાં લોકગીતોમાં સચવાઈ રહેલા છે. વિદેશ ગયેલા રસિક સ્વામી સાંભરતા રમણીઓ નિઃશ્વાસ મૂકે છે કે–

> " વા વાયા ને વાદળ ઊમટયાઃ
> મધ દરિયે ડૂલેરા વહાણુઃ
> —મોરલી વાગે છે.
>
> × × ×
>
> ઢેલ છબીલો હોય તો મૂલવેઃ
> ડોલરિયો દરિયા પારઃ
> —મોરલી વાગે છે. "

લોકવાર્તાઓમાં યુદ્ધનાં ધમસાણો, લૂંટફાટો, અપહરણો અને લોહીની ધારાઓ–એ સામાન્ય વાતો છે; છતાં વીર, ભયાનક, અદ્ભુત કે બીભત્સ એ લોકવાર્તાનો મૂલગત રસ નથી. જ્યારથી તે રસને પ્રાધાન્ય આપી રચાયલી, દિલ ઉશ્કેરનારી વાતો સાંપ્રત સમાજમાં પગભર થઈ ત્યારથી જૂની લોકવાર્તાઓ ખાંજરે પડવા માંડી છે.

*" હિન્દુસ્થાનમાંથી જંગલો કપાઈ ગયાં છે; પ્રાન્તો વચ્ચેના યુદ્ધ બંધ થઇ ગયાં છે; પગરસ્તાની લાંબી મુસાફરીઓ અને વણઝારાની પોઠો નાબુદ થઇ ગયાં છે. તેથી અદ્ભુત વાર્તાઓના પ્રસંગ રહ્યા નથી. તેમ જ સાહસ ખાતર અજાણ્યા સમુદ્રની સફર કરવાને પ્રજાને ટેવ બંધાઇ નથી." આમ હોવાથી, સાંપ્રતકાળના જીવન વ્યવહારમાં અદ્ભુતતાના અંશ આણી શકાય તેમ નથી. પણ પ્રજાનું જીવન પ્રબલ ભાવનાઓથી ધબકી રહ્યું છે. રેલ્વે, ટપાલ અને વર્તમાન પત્રથી આખું હિન્દુસ્થાન એક નગરી હોય તેમ, તે દ્વારા સહેલથી નવા સંકલ્પોની આપલે થઇ શકે છે. આવી પરિસ્થિતિએ જ આધુનિક સાહિત્યમાં નવલકથા અને ભેદવાર્તાના સાહિત્યને માટે જગા કરી આપી છે.

આખ્યાનો અને વાર્તાઓનું વસ્તુ તથા ગદ્ય નવલકથાઓ અને નાટકોને સિનેમાના ચિત્રપટો જેવાં મૂક નાટકો રૂપે પ્રકાશમાં મૂકવાના પ્રયાસો હાલમા થઇ રહ્યા છે. પરંતુ જાણવું ઘટે કે લોકવાર્તાનાં ખંડેરોમાથી ભેદવાર્તા જન્મી નથી. એ પરદેશી સાહિત્યનો રોપ તો પાશ્ચાત્ય સાહિત્યમાંથી ઊપાડી લાવવામા આવ્યો છે; પરંતુ જૂની લોકવાર્તાઓના પરિચયને અભાવે તથા સાપ્રત જીવનની બદલાઈ ગયેલી પરિસ્થિતિને લીધે અભણ અને હલકા વર્ગના લોકોનું ત્હેને પોષણ મળતાં, ભેદભરમની વાતો ધ્રોની પેઠે દેશભરમાં પથરાતી જાય છે.

આ ભેદવાર્તાઓ (Detective stories) ના લખનારનો ઉદ્દેશ ઘણે ભાગે એટલો જ હોય છે કે વાચનારના મનને ઉશ્કેરવું; ઉશ્કેરનારા પ્રસંગ જૂના થતા જાય તેમ તેમ નવા, વધારે ને વધારે ભયાનક શોધી કાઢવા; ને ત્હેને લગતા બનાવોને એકએક પર સમ્બન્ધવિના ખડકેય જ જવા. આમ કરવામાં જેમ જૂની લોકવાર્તાઓમાં પવન પાવડી, મંત્ર શક્તિ વગેરે સાધનોનો ઉપયોગ કરવામાં આવતો તેમ, ભેદપારખુ (Detective) મોટરબોટ, એરોપ્લેન, પિસ્તોલ, રિવોલ્વર અને રોમાંચ કરાવે ત્હેવાં અસંખ્ય સાહસોનો ઉપયોગ કરે છે. પરંતુ આ ભેદવાર્તાઓમાં, લોકવા-

---

*છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે સર રમણભાઇનું ભાષણ પૃ. ૧૭.

તોના બે હદ્દેશોમાંનો બીજો–વાર્તાનું બોધક તત્ત્વ બહુ નજીવું હોવાથી, એ વાર્તાનું વાંચન સમાજના મગજ ઉપર હિતાવહ અસર કરતું હોય એમ લાગતું નથી.

આવી કેટલીક વાતોમાં, કલ્પના તથા બુદ્ધિનો વિકાસ કરવાની તથા છેલ્લામાં છેલ્લી શોધખોળનું જ્ઞાન આપવાની શક્તિઓ છે એમ કહી શકાય; પરંતુ એ વાતોમાં નૈતિક તત્ત્વ નહિ જેવું જ હોય છે. સમાજમાં જાણે બધે ગુન્હેગારી જ ભરી હોય એવા સ્વીકૃત સિદ્ધાન્ત સાથે એવાર્તાનો લેખક વાર્તાને શરૂ કરે છે. અભુવિશ્વાસ, કપટ, દ્રોહ, ચોરી, ખૂન–વગેરે એવાર્તાના કલેવરના અસ્થિ છે: એમાં ચેતનાનો અભાવ છે. લોકસાહિત્યના નવેસર આરંભાયેલા અભ્યાસથી, લોકોનું મન આ કૃત્રિમતાથી ભરેલા સાહિત્ય તરફથી જલદી પાછું વળશે તો તે ઇષ્ટ થશે, અને સાચાઇથી ઓતપ્રોત એવી સંસાર કથાઓનો વિશેષ પ્રચાર લોકજીવનને વધારે રસાળા અને ઉજમાળાં કરી શકશે એમ આશા રાખવી વ્યર્થ નથી.

લોકવાર્તાની ભૂલભૂલામણીમાં પ્રવાસ કરવા નિકળનાર વાંચકોને નીચેના માર્ગસૂચક સ્તમ્ભોથી જરૂર માર્ગદર્શન થશે એમ આશા રહે છે. લોકવાર્તાની સૂક્ષ્મ મીમાંસા કરનાર કોઇ મીમાંસક ધારે તો અહીં નીચે આપિયે છિયે તે ટૂંકી નોંધ ઉપરથી એક એક સ્વતંત્ર પ્રકરણ ઉપજાવી શકે છે. "અહીં તો માત્ર હેવામાંથી થોડીક નોંધ આપીને " લોકવાર્તાના વાતાવરણ" નો ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો છે.

[ક] ચક્ષુરાગ–(Love at first sight) 'એટલે જીંદગીમાં પહેલી જ વાર એક બીજાને જોતા નાયક નાયિકામાં પરસ્પર પ્રેમ ઉત્પન્ન થવાની વાત ઘણી વાર્તાઓમાં આવે છે. સંસ્કૃત નાટકો તથા શેક્સપીયરના કેટલાક નાટકોમાં એવું જ વાંચવામાં આવે છે. આ પ્રમાણે ચક્ષુરાગ થયા પછી, બન્ને પ્રેમીઓ અનેક વિટંબણાઓ વેઠીને પણ પરણે છે. સમાજમાં આવાં સ્નેહલગ્નનો પ્રથા હશે કે કેમ? અથવા તો તે માત્ર લોકકવિનું પ્રાચીનકાળથી ચાલ્યું આવતું કાલ્પનિક ચિત્ર જ હશે?–એવા પ્રશ્નોનું નિરાકરણ થઇ શકે તેમ નથી.

[ખ.] લોકવાર્તાઓના કાળના સમાજમાં વર્ણાશ્રમની શિથિલતા હોય એમ લાગે છે. તે સમયમાં વર્ણાન્તર લગ્નની છુટ્ટી હશે; કારણ કે અનુલોમ તેમ પ્રતિલોમ લગ્નો ઠેકઠેકાણે થાય છે. "વિદ્યાવિલાસિની" ની જેવી વાતોમાં બલાત્કારે વણુપાલવતે થયેલું લગ્ન વર્ણવ્યું છે. ઘણુંખરું, વૈશ્ય પ્રધાનપદે હોય છે; ત્હેનો પુત્ર ક્ષત્રિય રાજકુંવરી સાથે પ્રેમમાં પડે છે; અથવા તો રાજકુમારી ત્હેનાથી મોહ પામે છે. વણુપાલવતે ત્હેમનાં લગ્નમાં સંમતિ મળે છે–આ પ્રકારે ઘણી વાતોની શરૂઆત કરવામાં આવી હોય છે. માબાપની સંમતિની રાહ પણ કેટલાંક લગ્નોમાં જોવાતી નથી. ગાંધર્વવિવાહને મળતો સંક્ષિપ્ત લગ્નવિધિ થયા પછી, ઘણે વખતે સવિધિ લગ્ન થયાના પણ દાખલા મળી આવે છે. રુઢિલગ્ન, બાળલગ્ન કે "લાકડે માંકડું" જોડયાની ફરિયાદ ક્યાંયે સમજાતી નથી. લોકવાર્તામાંની એકકે નાયિકા સોળ વર્ષથી ન્હાની હતી એમ જણાતું નથી.

(ગ.) નારીજીવન; નારીજીવનના વ્યવસાય; તત્કાલીન સમાજમાં સ્ત્રીનું સ્થાન; સ્ત્રીસ્વભાવનું પરસ્પરવિરુદ્ધ ચિત્ર–"નારી તું નારાયણી" થી તે "નારી નરકની ખાણ"–સુધીની ઉત્તર દક્ષિણ ધ્રુવ જેવી એકમેકથી દૂર માન્યતાઃ ગૃહસ્થાશ્રમની ભાવનાઃ એક તરફ શીલનું રક્ષણ અને ચારિત્રનો મહિમા, બીજી તરફ ખુલ્લા વ્યભિચારની પણ ઉપેક્ષાઃ એ અને એવા બીજા વિકટ પ્રશ્નો ઉપર લોકવાર્તાઓનું વાંચન સારું અજવાળું જરૂર પાડી શકે.

(ઘ.) સરસ્વતી અથવા મીરાબાઇ જેવી "બાળકુંવારી" રહેવાની ઇચ્છાવાળી કેટલીક વાર્તાનાયિકાઓ પુરુષ જાતનો કટ્ટો દ્વેષ કરનારી હોય એમ કેટલીક વાતોમાં આવે છે. સ્વયંવર રચવાની એટલે સમજપૂર્વક લગ્ન કરવાની કન્યાઓને છૂટ મળતી હશે એવો પ્રાચીન સમાજ, સુધારામાં પછાત હતો એમ કેમ માની શકાય? સ્મૃતિઓ બાખે છે તેમ વયમાં આવેલી પુત્રી જાતે જ વર શોધી શકે છે. અને ત્હેને પરણી શકે છે–એવાં ઉદાહરણોની ખોટ નથી.

(૯) સ્ત્રી જાતની કેળવણી તથા તેમની સંસ્કારિતાનું ઉજ્જવલ દર્શન આ વાર્તાસાહિત્યમાં ડોકિયું કરતાં થાય છે. લગભગ દરેક નાયિકા "કાવ્ય, કોય ને નૈષધકથા," તથા ચોસઠ કલામાંની નૃત્ય, ગીત, વાદ્ય, ચિત્રાલેખન, પુષ્પગુમ્ફન વગેરે જેવી કલાઓથી સંપન્ન હતી. ચિત્રકલાનું જ્ઞાન તો સંપૂર્ણ રીતે પમાતું હતું એમ "તરંગવતી," "મદનમોહના" વગેરે જેવી વાતોમાંના ચિત્રપટો જોતાં લાગે છે. બુદ્ધિ ચાતુર્યમાં પણ તે પાછી પડે તેમ નહોતી. સમસ્યાપૂર્તિના વિનોદ પ્રસંગોમાં એ નાયિકાઓ રસભર્યો ભાગ લઈ શકતી. મોહના જેવી ઘણી નાયિકાઓને ઘોડે બેસતા પણ આવડતું હતું.

(૧૦)ચાતુર્ય કેળવવાના પાંચ સ્થાન-(**ધારાંગના રાજસભા પ્રવેશઃ ।......ચાતુર્ય સ્થાનાનિ પંચ ॥**) મા મોખરે મૂકેલી વારાંગના-ગણિકાનું પાત્ર અને તેનું સમાજની નીતિમાં અસ્તિત્વ આ લોકવાર્તાઓના કાળમાં સાધારણ અને લગભગ સ્વાભાવિક જેવું ગણાતું લાગે છે. પરંતુ એટલું ખરૂં કે આ ગણિકા તે છેક હલકી નહિ. રાજા તથા નગરશેઠ પણ તેમને ત્યાં નૃત્ય સંગીતને બ્હાને જઇ શકતા; અને તે વાત સમાજમાં નીચી લેખાતી નહિ. 'મૃચ્છકટિક' માંની વસન્તસેના જેવી જ ઉદાત્તચરિતની કામકુંડલા ગણિકા "માધવાનલ કામકુંડલા" ની વાર્તામાં આવે છે. ગણિકા જેવું, છતાં તેનાથી ઓછું વ્યાપક એવું માલણનું પાત્ર છે. નાયકનાયિકાની દૂતી તરીકે અથવા તો ગુપ્ત ચર તરીકે ઘણી વાર્તાઓમાં એ કામ લાગે છે.

(૧૧) સ્ત્રી પુરૂષતા અને પુરુષ સ્ત્રીનો વેષ લઈને વર્ષોનાં વર્ષો સુધી સમાજમાં ફરે છે; છતાં ઓળખાતા નથી-આ રીતની ઘટના કેટલીક વાતોમાં યોજેલી છે. "મદનમોહના" તથા "રસમંજરી" જેવી વાતોમાં વેષ બદલીને ફર્યાની આવી વાત આપી છે. શેકસપીયરનાં કેટલાંક Romantic નાટકોમાં યે આવી જ વેષ બદલીને રહેવાની જરૂરીઆતનો ઉપયોગ કરવામાં આવેલો છે. એ નાટકો જૂની યુરોપીય લોકવાર્તાઓ ઉપરથી ઉપજાવી કાઢેલાં છે; એટલે આ યુક્તિ તેથી યે પ્રાચીન છે.

(જ.) સમાજના ચતુર્વર્ણ માટે સામાજિક કેળવણી સ્વરુપ શું હતું? ત્હેનો રાજ્ય અથવા પ્રજાના મહાજનો તરફથી કેવો પ્રબન્ધ થતો હતો? દરેક બાલકને લેખન, વાંચન અને ગણિત જેવી પ્રારંભની કેળવણી ઉપરાંત, બીજી સૌસૌની જાતિને અનુસરતી વ્યાવહારિક કેળવણી કયે પ્રકારે અપાતી હતી?—એ અને એવા પ્રશ્નોના નિરાકરણ માટે આ વાર્તાઓમાંથી ઘણું જાણવાનું મળી શકે છે.

(ઝ.) લોકોમાં મંત્રતંત્ર, જાદુ, કામણટુમણ, અદ્દભુત મંત્ર સિદ્ધિ, રત્નપરીક્ષા, મૃત સંજીવની વિદ્યા, જાદુઈ લાકડી જેવી "પ્રેમલા લચ્છી" રાસમાં આવતી કણેરની સોટી, માદળિયું, દોરા—વગેરે અદ્દભુત રસનો સંભાર ઠેરઠેર સમાજના માનસમાં ઘર કરી બેઠેલો જોઈ શકાય છે. રામબાણ મણિ અને ત્હેના અદ્દભુત ગુણની વાત મદનમોહનના જેવી વાતોમાં આવે છે. લોકો, એ બધી સિદ્ધિઓ જેવું અદ્દભુત જ્ઞાન કંઈક ભય અને કંઈક કૌતુકથી માનતા જણાય છે. પરકાયાપ્રવેશનું જ્ઞાન પણ વિક્રમને લગતાં વાર્તાચક્રોમાંથી જોઈ શકાય છે. જેવી બીજી મંત્રસિદ્ધિ છે ત્હેવી જ આકાશ ગમનની સિદ્ધિ પણ જાણીતી હતી; અને તે સિદ્ધિનાં પવનપાવડી, કાષ્ટનો ઘોડો તથા ઘોડાનું જીન—જેવાં સાધનો પણ આ લોકવાર્તામાં યથેચ્છ સ્થાન પામ્યાં છે.

(ઞ.) પ્રાણીઓ (જેમકે "શુકબ્હોતેરી" માંનો શુક તથા "નંદબત્રીશી" માંનો પોપટ)ની વાતોમાં સમાજને ધર્મનીતિ વગેરેની સમજણ આપવાની શક્તિ રહેલી છે એવું જાતકમાલા તથા પંચતંત્રની વાતોમા જણાવાયું છે. તે વાતોમાં પ્રાણીને આપણી પેઠે બોલતાં કલ્પવામા આવ્યા છે; અને પશુપક્ષીની બોલી મનુષ્યો સમજી શકે છે. વળી તે જ્ઞાનયોગી મંત્રની શક્તિ મેળવતાં, મનુષ્યને પોપટ, મોર કુકડો વગેરે પક્ષીયોનિમા જન્માવવાની વાત પણ આ લોકવાર્તાઓમાં આવે છે. આવી વાતોનાં મૂલ પુરાણકાળથી યે પ્રાચીન હશે એમ લાગે છે. ભાગવતમાં પરીક્ષિતને કરડવા આવનાર તક્ષકનાગ પ્રથમ બ્રાહ્મણનું રુપ લઇ આવે છે; પછી તે નાગ ફૂલમાં કીડો થઇને બેગો જઈ પરીક્ષિતને કરડે છે. એક યોનિમાંથી બીજી યોનિમાં જવાની વાર્તાકારને સરલ લાગતી વાત જાતકમાલા, હિતોપદેશ, પંચતંત્ર તથા અરેબિયન નાઇટ્સમા સારા પ્રમાણમાં દેખા દે છે.

(૮) લોકવાર્તાઓમાં પુનર્જન્મની માન્યતાનો આધાર લઇ, રમ્ય જન્માન્તર પ્રસંગની વાતો ગુંથવામાં આવેલી છે. એક વાતમાં ત્રણ ત્રણ જન્મનું અનુસંધાન મેળવવામાં આવે છે; અને મનુષ્ય યોનિમાં જન્મ થયાં છતાં પે પૂર્વજન્મના સંસ્કારની સ્મૃતિ સમય આવ્યે થાય છે. "કાદમ્બરી," "તરંગવતી," "માધવાનલ" "હંસાવતી," "કામાવતી"–વગેરે જેવી વાર્તાઓમાં આવી જન્મ જન્માન્તરની કથાનું અનુસંધાન મેળવેલું જોઇ શકાય છે. વાર્તાઓમાં આવતી આ વાત કદાચ ઉપલક દૃષ્ટિએ જોતાં કૃત્રિમતા ભરી લાગે તેવી છે. પરંતુ કવિઓએ અસંભવપણાનો એવો અસંભવિત દોષ એવી ચતુરાઇથી ઢાંકી દીધો હોય છે કે વાંચકને તેવી જન્માન્તરની વાત સાધારણ બનાવ જેવી જ લાગે છે.

(૯) પુનર્જન્મના સિદ્ધાંતની સાથે સમ્બન્ધ ધરાવતી એવી એક હકીકત એ હતી કે પ્રાપ્ત સ્થિતિથી અસંતુષ્ટ મનુષ્ય ધારે તેવો જન્મ લઇ શકે એવું એક અમોઘ શસ્ત્ર હેને મુગ્ધ હતું–એમ સમાજ માનતો હતો. તે માટે 'કાશીના કરવત' ની સગવડ હિન્દુ-સ્થાનના બધા લોકો માટે રાખવામાં આવી હતી. એ ધર્મકાજને નામે કેટ-કેટલી આત્મહત્યા થતી હશે તેતો પ્રભુને ખબર! ×"હંસાવલી"ની વાર્તામાં હંસાવલી અને તેની ૭૦૦ સખીઓ, હંસ, વચ્છ અને બીજા અસંખ્ય મનુષ્યો કરવતથી મરી ગયાં; ત્યારે જ કાશીના રાજાને આવી જીવહિંસા બહુ સાલી. એટલે એણે એ કરવત બંધ કરાવ્યું–એમ વાત આપી છે. આ કરવતને લગતી–'સેસ કરવત, મેલ્યાની મોચી'ની–કહેવત આવી જ કાંઇ માન્યતાને લીધે, સમાજમાં આજે પણ પ્રચલત છે.

આત્મહત્યાની બીજી પદ્ધતિ 'કમળપૂજા' ની હતી. મનુષ્ય દેવ આગળ પોતાની કામનાની સિદ્ધિને અર્થે વાચ્છ કરતો ત્યારે પોતાનું માથું પોતાને હાથે કાપી, દેવને તે ચઢાવતો. એટલે તે દેવ, મહાદેવ અથવા મહાદેવી હેને સહાય થતાં અને વાન્છિત આપતાં.

(૬) રાજાઓની રાજપદ્ધતિ, તેમની રાજસભાઓ, તેમનું વિદ્યા-વિલાસીપણું, પ્રજાનો રામરાજ્યનો આદર્શ; વિક્રમ જેવા પરદુઃખભંજન

× જુઓ "ગુજરાત"ના કાર્તિક ૧૯૮૪ ના અંક.

રાજાઓની રાજનીતિ; રાત્રે વેષ પાલટી નગરચર્ચા જોવા નિકળનાર પ્રજાને દુઃખે દુઃખી અને સુખે સુખી થનાર રાજાની પ્રજા-વત્સલતા; લોકોની તેટલી જ રાજનિષ્ઠા; ભોજ વિક્રમ જેવા પંડિતોના આશ્રયદાતા તથા એક સુભાષિત માટે એક લાખ સોનામહોર, અથવા તો દસ ગામ કે એવું કંઈ આપી દેવા જેવી દિલની દિલાવરી દાખવનારા દાનેશ્વરી તથા ઉદાર રાજાઓની વાતો, શ્રોતાઓની આંખ આગળ એવું વાતાવરણ ઊભું કરી આપતી કે શ્રોતાઓ ઘડીભર પોતાની સાંપ્રત સ્થિતિ ભૂલી જતા; અને એ ધન્યકાળમાં પોતે જીવતા હોય એમ માનતા; અને એ રામરાજ્યનો સુખસન્તોષ અનુભવતા હોય એમ સુખી જણાય છે.

(૯) આ પદ્યાત્મક વાતોમાં ઘણુંખરું ' અમુક નગરીનો રાજા ' એમ કહેવામાં આવે છે તેની City kingboms ની શાસનપ્રણાલિકા તે લોકવાર્તાઓના કાળમા અસ્તિત્વમા હશે એમ અનુમાની શકાય છે. એક નગરમાથી થોડે દૂર જાય એટલે બીજા રાજાના નગરમાં આવી પહોચાય છે—તે આવી પરિસ્થિતિને લીધે જ હોવું જોઈએ. આવાં રજવાડાને લીધે જનસમાજમા ન્હાના ન્હાનાં યુદ્ધો, અપહરણો, લૂંટફાટો, સરહદની તકરારો—વગેરે આજે મ્હોટી લાગતી બાબતો એમાં આવે છે.

રાજા પસંદ કરવાની રીતો પણ વૈવિધ્યભરેલી હશે એમ લાગે છે. નગરના દરવાજા ઉઘડતાં જે પહેલું પેસે તે રાજા થતો, અથવા હાથણી જેના ઉપર કળશ ઢોળતી તે રાજા થતો. એવી એવી અનેક વાતોથી આ લોકવાર્તાઓ ભરપૂર છે. અમુક કૂટ પ્રશ્ન કોઈ ઊકેલી આપે અથવા તો અદ્‌ભુત શૂરાતનનું કાર્ય કોઇ જાહેર આહ્વાનથી કરી બતાવે તો ત્હેને અડધું રાજપાટ અને વિશેષમાં રાજકુંવરી પણ મળતાં.

આ રાજાઓ જેના ઉપર અવકૃપા થઇ હોય ત્હેવા અપરાધીને ભારેમાં ભારે શૂળીની સજા કરતા; અને હલકામાં હલકી સજા દેશનિકાલની ફરમાવતા. ઘણાખરા વાર્તાનાયકો આ પ્રમાણે અપરાધી થઇને દેશનિકાલની સજા ભોગવવા પરદેશ ખેડવા નિકળી પડેલા છે; અને તે દ્વારા જ વાર્તામાં વિવિધતા આવી શકી છે.

(ગ.) લોકવાર્તામાં ભયાનક તથા અદ્ભુત રસનું પોષણ કરનારાં તત્ત્વો—ગાઢ જંગલો, જળાશયો, નદીઓ, ઘટાળા સિદ્ધ વડલા,—વગેરેની પશ્ચાદ્ભૂમિથી વાર્તાઓની મોહકતા ખૂબ વધેલી છે. વળી લૂંટારાઓની થથરાવી નાખે ત્હેવી ટોળીઓના આખાં ગામને ગામ વસતાં—ત્હેનુ સૂચન પણ થયેલું હોય છે. તે માટે ઠગપુરપાટણ, ધુતારાપુર વગેરે નામો આપેલાં હોય છે. મહીકાંઠાનાં ગામો આજે પણ જેવી ખ્યાતિ ધરાવે છે ત્હેવી ખ્યાતિ વલ્લભના "મિત્રધર્માખ્યાન"ની વાર્તાના રચનાકાલ વખતે પણ હતી. ભયાનક સાથે બીજો બીભત્સ રસ જમાવનારાં કાલિકાનાં મંદિરો, ભોંયરાં, ગુફાઓ વગેરેનાં બ્હીહામણાં વર્ણન પણ વચ્ચે વચ્ચે વટાવવાં પડે છે.

આ પ્રમાણે "લોકવાર્તાઓનું વાતાવરણ" સંક્ષેપમાં અહીં તારવીને રજૂ કર્યું છે જેથી અભ્યાસીઓને એ સાહિત્યમાં વિશેષ રસ પડશે*

---

* મુખ્યત્વે કરી નીચેની વાર્તાઓ ઉપરથી "વાતાવરણ"ની નોંધ તારવી કાઢવામાં આવી છે.

(૧) વિક્રમચરિત્ર ચઉપાઈ (૨) સિંહાસણબત્તીસી (૩) પંચદંડ (૪) ચંદનમલયાગીરી (૫) વેતાલપંચવિંશી (૬) શુકબહોતરી (૭) રસમંજરી (૮) માધવાનલકામકુંડલા (૯) મારુઢોલાની વાર્તા (૧૦) બિલ્હણપંચાશિકા (૧૧) વિદ્યાવિલાસિની (૧૨) નંદબત્રીશી (૧૩) હંસાવલી (૧૪) કાંમાવતી (૧૫) શીલવતી (૧૬) પ્રેમાવતી (૧૭) સદેવંત સાવળિંગા (૧૮) મદનમોહન (૧૯) પદ્માવતી (૨૦) મિત્રધર્માખ્યાન અને (૨૧) સામળભટની બત્રીસ પૂતળીની વાતો.

મંત્ર

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

(મને ભૂલી ગયો છે મારો છેલરો રે)

કોઇ આવો આ મંત્રને ઉકેલવા રે
જેમ વાંચું હાં હાં રે જેમ વાંચું
એ તેમ વધી: જાય—મારારાજ—આવો૦

નથી અંતરિક્ષ અવનિ ઉપર આલમાં રે
કોણુ જાણે હાં હાં રે કોણુ જાણે
એ કયાંથી દશ્ય થાય—મારારાજ—આવો૦

કોઈ રોશનીની જ્યોતિમાં ન એ ઝગે રે
કોઇ પત્રે હાં હાં રે કોઇ પત્રે
ન લખતાં લખાય—મારારાજ—આવો૦

ભલે ભાસ્કર સહસ્ર ઉગે સામટા રે
એના તેજે હાં હાં રે એના તેજે
ન અક્ષરે કળાય—મારારાજ— આવો૦

હું તો રશ્મમાં ચડાવી ભાતભાતનાં રે
કોટિ કલ્પે હાં હાં રે કોટિ કલ્પે
નહિ જ ઉકેલાય—મારારાજ— આવો૦

એના અક્ષરોની જાત કોઇ જુજવી રે
વિરલ નયને હાં હાં રે વિરલ નયને
એ વણુલખ્યા લખાય—મારારાજ— આવો૦

એક પ્રેમભીનાં અંતરે એ મંત્રનાં રે
વણુ બોલ્યે હાં હાં રે વણુ બોલ્યે
સુદિવ્ય ગાન થાય—મારારાજ— આવો૦

સનમને

ત્ર્યંબક દવે. બી. એ.

"મૃગજળ"

૧

સનમ! આ ઉપવનમા ખીલેલાં પુષ્પો ત્હને વેલી સ્હમજે તેટલી તું નાજુક છું. આ ગુલાબ ત્હારા' ગાલને જોઇ શરમાઇ જઈ ત્હારી વેણીમા સંતાઇ જવા યત્ન કરે છે. આ આમ્રવૃક્ષે લ્હેકન્ત કોયલડી ત્હારો મંજુલ સીત્કાર સાભળી 'કુહૂ કુહૂ' ભૂલી જઇ મૂક બની જાય છે.

હૃદયેશ્વરી! ત્હારા નૂપુરઝંકારના મધુર સૂર સાંભળી મ્હારી હૃદયવીણાના તાર ઝણુઝણી ઉઠે છે અને ત્હેના ભણકાર મ્હને આનંદ-દાયક લાગે છે. જીવનને આલ્હાદ આપી વધુ ઉન્નત બનાવતા, યૌવનને લ્હેલાવતા એ મધુર ભણકાર સાંભળવા ત્હારા કુંજવિહારમાં હું આવું છું ત્યારે તું ચપળાપેરે ચમકારો કરતી ત્હારી રસસરિતામાં ડૂબતો મૂકી ક્યાં ચાલી જાય છે!

મુગ્ધે ! ત્હારૂં લાવણ્યમય મુખ જોઇ શા દોડે છે આ મેઘદૂતો. શૃંગારપૂર્ણ ત્હારી આંખલડીમાં આંજેલા કજ્જલ-ભીનાં પ્રેમાશ્રુ તું ચાને સારે છે? ત્હારા વદનનું જોમ, ત્હારા નયનનો ચમકારો, ત્હારી અધરની ગર્જના પછી ત્હેં વૃષ્ટિની અમી વરસાવી મ્હને રસભીનો કર્યો છે. ત્હને ચપળાની અદેખાઈ આવે છે રમા! દિલાવર દિલમાં યે વસતી હશે શું ઇર્ષા, પ્રેમીઓનેય દાહતી ?

∴ ∴ ∴

ચંચલે! ત્હારી અનિત્યતા ઉપર આમ અશ્રુ સારે છે? સ્નેહ-ભીની આંખલડી કાલને જોઇ ગભરાય છે શું? તો સ્વીકારજે પ્રેમ-પૂર્ણનયનોથી કાલને ય ત્હારા સ્નેહપિયૂષનું પાન કરાવી અમર બનાવતી. જગત આખુંય અનિત્ય છે: છતાં નહિ સકાય પ્રિયે! ત્હારી પ્રેમસરિતાના રસપ્રવાહ નહિ સુકાય.

∴

“મહાસાગર”

૩

દેવી! આશાના ઉલ્લાસમાં મૃગજળનાં પાન કરવા દોડ્યો.

રસિકે! રસઝરણાં પ્રાપ્ત થતા પાન કરતાં પણ અવધ પૂર્ણ થવા આવી છતાં હું ન થાક્યો.

ચંચલે! પ્રકૃતિને ભજતા પુરુષને પ્રકૃતિની એક્યતાનો આરો આવ્યો: પણ ભૂલ્યા આપણે બન્નેય.

પ્રિયે! અનન્તતામાં મહાસાગરના આછાઘેરા પડઘા સંભળાય છે. ઓ! અને આ મોટું મોજું આપણુને ઉભયને સમેટી લઈ મહાસાગરમાં ઉછાળે છે.

∴

"ન"

૪

પ્રિયે! મુજ સહગામિની! સંસાર યાત્રાની અનેક પુણ્યમુહૂર્તો મ્હેં ત્હારી સાથે વિતાવી છે.

સાન્દર્ય વિહીન છતાં ત્હેં મ્હારી ચાહના મેળવી છે.

નિરસ છતાં ત્હારાં અલૌકિક રસઝરણામાં મ્હને ત્હેં તરબોળ કર્યો છે. શ્યામ છતાં મુશ્કેલીના સમયે પુણ્ય દિપકની ગરજ સારી મ્હારા માર્ગનું ત્હેં નિદર્શન કરાવ્યું છે.

મ્હારા સહવાસ સારૂ ત્હારે ઘણીયે તપશ્ચર્યાઓ આદરવી પડી છે. બલરામનાં આયુધના પ્રહાર ને પ્રજાપતિના સૃદ્‌પાત્રની સહ્યાં, ટાઢને તાપનાં ઢાંકણું ત્હેં સહ્યા છે. ત્હારી કદર કરી મ્હેં તને ઉચ્ચસ્થાન આપ્યું છે.

ત્હારા ઉપભોગમાં તલ્લિન બની ત્હારા વપુના પરિમલથી મ્હારૂં હૃદયં ઉલ્લાસે ને ત્હને નિરખવા વદન વિકસે તો શોભે ત્હેની અવગણના કરૂં એટલો આત્મભોગ મ્હારી પાસેથી વગર યાચનાએ ત્હેં પ્રાપ્ત કર્યો છે.

શ્યામ છતાં ત્હારે વસવા માટે રૂપેરી આવાસ મ્હેં સરજ્યા છે.

આટઆટલાં માન છતાંએ ત્હને સ્વતંત્રતા નથી આપી શકતો એટલી લાચારી! ઓ તપખીર!!!

નૂતનવર્ષ ૧૯૮૪ }

ઉંચાં અમારાં ઊડવાં

યશવંત પંડયા

અંક ૧ ચિત્ર ૧

[અગાસી પાસેના ઓરડામાં સુરભિ, તરલા, પ્રબુદ્ધ ને રત્નાકર બેઠાં છે. ફરતા પતંગોના ઢગ છે. સુરભિ કાગળ પાડે છે, તરલા દોરના કટકા કાઢે છે, પ્રબુદ્ધ કીન્ના બાંધે છે, રત્નાકર-આમ તૈયાર થતી પતંગોને વ્યવસ્થિત ચોકડીમાં ગોઠવે છે-ક્વચિત્ પતંગ કાઢી નીકળે તો એને સાંધવાની સેવા બજાવે છે.]

ર: (એક ઉમદા અડધિયાનો ઢઢ્ઢો ભાંગી જતાં) હવે પહેલાંના જેવી પતંગો આવતી જ નથી.

પ્ર: હા, હવે અગાઉ જેવાં માણસો પણ ક્યાં થાય છે? દહાડે દહાડે દુનિયા બગડતી ચાલી છે!

ર: મારું કહેવું તમને ખોટું લાગે છે? લડાઈ પહેલાં જે ચોકખા કાગળ આવતા ને અત્યારે જે સડેલા કાગળ આવે છે એમાં તમને કશો ફરક નથી જણાતો? અમારા ગામમાં ત્રણ વર્ષ અગાઉ એક બુઢ્ઢો સુલેમાન જીવતો હતો એ એવા પતંગ બનાવતો કે એક પતંગ આખો દિવસ પસાર થાય!

પ્ર: પણ એ તો દોરની ખુબી કહેવાય ને?

[તરલા હસે છેઃ સુરભિ ચીડાય છે;]

ર: (વિચારમાં નીચું જોઈ) ઠી...ક, ન માનવું હોય તો ન માનો.

ત: રત્નાકરભાઈ, તમે સાચું બોલતા હશો એની ના નહિં. પણ બધે સાચું બોલવાની જરૂર નથી હોતી.

[રત્નાકર વધુ વિચારમાં પડે છે.]

સુ: હેં, ભાભી? બોલતા બીતાં નથી? પ્રમુદભાઈ, કેટલે લગી તમે આમને મોઍ ચડાવવાના છો?.

પ્ર: (શાન્ત હાસ્યથી) બિચારી જૂઠું બોલે છે?

સુ: ત્યારે?

ત: (વચ્ચે પડી) બહેનબા, હું બને તેટલું સાચું બોલું છું. પતંગો હવે પહેલાં જેવી નહિં આવતી હોય એ કહેવું ખરું હશે; પણ એ દોરો તૂટે ત્યારે જ બોલવાની શી મતલબ?–વળી વિગ્રહ આગમચ પૃથ્વી કેવી હતી એ ચર્ચવાનું અત્યારે કાંઈ પ્રયોજન?–અને સારી પતંગો બનાવવાનો બુઢ્ઢા સુલેમાને કાંઈ ઈજારો રાખ્યો હતો કે કોઈ જુવાન અબદુલ પોતાનો હાથ જ ન અજમાવે?

[પ્રમુદ લહેર પામે છેઃ રત્નાકર અસ્વસ્થ બને છે.]

સુ: પ્રમુદ, ભાઈ, બીજું કશું ન આવડ્યું તે ભાઈસાહેબને આવું બણાવ્યું?–વકિલ બનાવવાનો વિચાર તો નથી રાખ્યો ને?

પ્ર: (અકળાઈથી) એ વાત વળી ક્યાં આવી ? તારા અને રત્નાકરમાં ફેર ક્યાં છે ?

સુ: એટલે ?

[રત્નાકર નજર માંડે છે.]

પ્ર: એટલું કે તમે બન્ને સરખી ઠેકાણા વગરની વાતો કરો છો.

સુ: અને તમે બેઉ તો ડહાપણનો દરિયો વીંધતાં હશો !

[તરલા ને પ્રબુદ્ધ સાથે હસી પડે છે. રત્નાકર અગાસીમાં જાય છે.]

પ્ર: સુરભિ, આમ આકળી શું થઈ જાય છે ? બે ઘડી મજા માણવામાં આપણું શું જાય છે ?

ત: (કાલી આંખે) સુરભિબહેન, એટલું પણ નથી સમજતાં ?

સુ: (આડાં આંસુ ધરી) ભાભી, તમે તો બોલશો જ ના. મારો ભાઈ ગમે તે બોલે એ ચાલે. રત્નાકર એનો ભાઈબંધ હશે. પણ એમાં આપણે શું ? પ્રબુદ્ધ સાથે તમે પણ ટાપસી પુરાવો કરો એ મને ઠીક નથી લાગતું.

પ્ર: (જરા ગંભીર બની) સુરભિ, તારી વાત સાચી છે. પણ રત્નાકર ખોટું લગાડે એવો માણસ નથી. મને એનો અનુભવ છે.

[તરલા હોરામાં આવે છે.]

સુ: પ્રબુદ્ધ, કેવી છોકરાં જેવી દલીલ કરો છો ?—ગધેડું ના ન પાડે એટલે કુંભારે એને ડફણાં માર્યા જ કરવાં, કેમ ?—રત્નાકર અગાસીમાં અમસ્થા ચાલ્યા ગયા હશે, ખરું ?

[પ્રબુદ્ધ અનુત્તર રહે છે એટલે તરલાની હોરા વધી જાય છે.]

સુ: (ઊભી થતી) બોલાવી લાવું. (પ્રમુદ્દને) એ ઓછું દુઃખ છે કે તમારા દોસ્તને મારે મનાવવા જવું ?

[સુરભિ જાય છે.]

ત: (એ તરફ જોતી, મનમાં) પણ તમને એ ધર્મસંકટમાં ઉતાર્યાં છે કોણે ?

પ્ર: (દિલગીર થઈ) આટલા વર્ષે પણ સુરભિ છોકરું જ રહી !

ત: કહો—ન કહો પણ એમનું એક કહેલું સાચું હતું. રત્નાકર ભાઈને ઓળખ્યા વગર એમની મશ્કરી કરવી એ મારા માટે ખરાબ તો ખરું જ.

પ્ર: જા, જા, હવે. અણઓળખતાંની મશ્કરીમાં જે લિજ્જત છે તે કંઈ ઓર છે. આપણે કરતા હોઈએ ગમ્મત, સામો માણસ સમજે બધું ગંભીરઃ આ ગેરસમજની મીઠાશ અનુપમ છે !

ત: પણ એમને ઓળખાવો તો ખરા.

પ્ર: (ઊંચું દબાવી) છે. ભલો છે, હોશિયાર છે.

ત: (કંઈક ખતવાવી) પણ કોણ ?

પ્ર: (ઠંડકથી) રત્નાકર. આઠ મહિનાથી સાથે ભણે છે તો પણ સ્વભાવે શરમાળ છે. નાતિલો છે છતાં કેટલું કહ્યું ત્યારે અહિં આવવા કબુલ કર્યું !

ત: નહિંતર શું કરત ? ક્યાં જવાના હતા ?

પ્ર: જાય ક્યાં ? હોસ્ટેલની કોટડીમાં, ચોપડીઓની ગોદમાં આદમી બફાયા કરતો હોત !

ત: (પ્રસંશાથી) ત્યારે તો તમે સારું કર્યું.

પ્ર: (અરધું મનમાં) હા; મેં એને મુક્કાસર આણ્યો છે.

[સુરભિ ને રત્નાકર આવે છે.]

ત: કેમ; સુરભિબહેન, પતંગ ચગવા લાગ્યા કે કેમ?

સુ: (હવીર જમરાઈ) શી ખબર? એક, બે ચડ્યા હશે.

ર: (ખાત્રીથી) ના. હજુ તો વાદળ સાફ છે.

પ્ર: તો આપણા શુભ હસ્તે શરૂઆત કરીએ.

[સૌ થોડું થોડું હસે છે.]

પ્ર: (એક હાથમાં ફીરકી ને બીજામાં પાંચસાત પતંગ ઝાલી) ચાલ ત્યારે તરૂ. મને તો ઉપર છાપરા વિના નહિ ફાવે.

[સુરભિ ને રત્નાકર અવાકજેવાં બની જાય છે. તરલા ને પ્રબુદ્ધ રસ્તે પડે છે.]

પ્ર: (જારણા વૃક્ષે અટકી) રત્નાકર, તમને કેમ ફાવશે? અગાસી વધુ ઠીક પડશે. સુરભિ, તું એમની સાથે રહે. અમે એમને ખોટું લગાડ્યું: તું હવે સારૂં લગાડજે!

[સુરભિ કે રત્નાકર કંઇ યે ઉત્તર વાળે એ પહેલાં તો તરલા ને પ્રબુદ્ધ દષ્ટિદૂર થયાં હોય છે.]

સુ: (બીજુ ન સુઝતાં) જોયું? સૌ સ્વાર્થના સગાં છે.

ર: (દહેશતથી, મનમાં) પ્રબુદ્ધ ચક્રમ માફક કેમ વર્તે છે? આભરની ઉજાણી કરવા મને અહીં ખેંચી લાવ્યો.ને?

સુ: (નરી નિર્દોષતાથી) રત્નાકરભાઈ, મુંઝાવું શું કામ? સ્ત્રી ને પુરૂષ વરવહુ હોય તો જ સાથે પતંગ ઉડાડી શકે એવો ક્યાં કોઇનો કાયદો છે? તમે ને હું ભાઇબહેન માફક એ રમી શકીશું. તમે પતંગ ચગાવજો: હું ફીરકી ઝાલીશ. ચાલો.

[રસ્તો દોરતી હોય તેમ આગળ સુરભિ ને પાછળ રત્નાકર એકઠી સામગ્રી સાથે અગાસી ભણી ઉપડે છે.]

સુઃ (અગાસીમાં દાખલ થતાં, અવાજ ઓછો કરી) હા; પ્રબુદ્ધ જેવા સગા ભાઈ કરતાં......

[હતાવળે સાદે વાતોએ ચડેલાં તરલા ને પ્રબુદ્ધને સાંભળતાં સુરભિ આટલેથી અટકી જાય છે.

જગા એવી છે કે જ્યાંથી તરલા ને પ્રબુદ્ધ, સુરભિ ને રત્નાકરને જોઈ ન શકે. પણ નશીબજોગે સુરભિના હાથમાંથી ફીરકી પડી જાય છે. આ કર્કશ અવાજથી દંપતી સાવધાન બને છે.]

પ્રઃ (રત્નાકર કદાચ કંઈક સાંભળી ગયો હોય તો તે ભૂલાવવા, નેપથ્ય) રત્નાકર, મારાપર મહેરબાની રાખજો. અંદર અંદર લડી મરવામાં સાર શો? (હસવાના ડોળ પછી) જો ને; હિંદુસ્થાનને સ્વરાજ્ય ન મળવાનું કારણ તો એ જ છે ને?—કે રામરહેમાનના પેચ સદા ખાતે લડતા જ ચાલે છે!

સુઃ (રત્નાકર અનુત્તર રહે છે એટલે) ને તમે એકબીજા પણ સંપીને રહેજો. નહિતર ઘરનું રાજ્ય અસ્તવ્યસ્ત થઈ જશે!

[આપમેળે શાન્તિ પથરાય છે. રત્નાકરની મુંઝવણનો પાર નથી.]

સુઃ કેમ; પાવલાથી પહેલ કરીશું ને?

[રત્નાકરના મૌનને સંમતિ સમજી સુરભિ એક પાવલો બાંધે છે ને રત્નાકરના હાથમાં મૂકે છે. થોડી વારે રત્નાકર મેદાને પડે છે. પતંગને પવનમાં લાવવા ખાતર દોર જવા દેવાનો રત્નાકર વિચાર ચલાવે છે ત્યાં તો પાછળની કોઈ હાથ આગળથી એને સાફ કરે છે.]

રઃ (દોર હાથમાંથી જવા દેતાં) લ્યો; ગયું?

સુઃ (ફીરકી વીંટતાં) એમાં શું? પાવલો ગયો તો અડધિયાનો ઉપયોગ કરીએ. જલ્દી પવનમાં આવશે. (મધુરતાથી) કહેવત છે ને કે હાર્યો જુગારી બમણું રમે?

[રત્નાકરના દિલમાં આનંદ આવે છે.]

તઃ પછી સુરભિબહેન કહે કે વરસમાં આવો ગોળ ચાખવાનો એક દિવસ તો હોવો જ જોઇએ.

પ્રઃ હું પણ કહું છું.

તઃ (ગુસ્સો કરી) પણ પછી રત્નાકરે જે કહ્યું એ તમારાથી કહેવાવાનું હતુ?— કે વરસમાં નહિં તો જીંદગીમાં તો એક વખત એવો આવવો જ જોઇએ! આનો અર્થ શું?

પ્રઃ કંઇ નહિં. બે સરખે સરખાં ભેગાં મળે ત્યાં એકમેકની મશ્કરી ચાલ્યા વિના રહે?

[તરલા પ્રબુદ્ધ સામું ઘણી વાર ત્રાટક કરે છે. પણ કશી ગમ નથી પડતી.]

તઃ પછી એઓ એવું હસ્યાં કે સહેજે હું અંદર જતી રહી. અને રૂપાળીએ જે કહ્યું હતુ એ મેં મારી જાતે જોયું!

પ્રઃ (આંખો નચાવી) તરૂ, મશ્કરી પછી તો સૌ હસે: હસે ને મીઠી નજરે સામસામું જરૂર જૂએ!

તઃ (દીન નિવેદન જેમ) અને પાછળથી એમણે મારા માથે શી શી વીતાડી?—મેં માત્ર એટલું કહ્યુંકે આંગળીએ દોરી ઘસાય છે તો પાટો બાંધો. ત્યારે રત્નાકર કહે કે ખુશાથી: ઘાયલના ઘા અહિં રૂઝાય છે! (નિઃસહાય માફક) તમને સુરભિ બહેન માટે કશું લાગતું ન હોય તો તરલા વહુ માટે પણ.........

પ્રઃ (હળવેથી પતંગ હાથમાં લઇ, ઉભા થતાં) ગાંડી થા મા. ફીરકી લે. આમ ભડકયા કરીશ તો તને જીવવું કેમ ફાવશે?

[પ્રબુદ્ધ પતંગને ઉપાડે છે. તરલાને ચૂપ રહ્યા વિના ચાલે એમ નથી.]

ॐ

અંક ૧ **ચિત્ર ૩**

ર: (પતંગ ચગાતાં) ત્યારે હવે તમારો હાથ અજમાવો.

[સુરભિ નકામો સંશય પામે છે.]

ર: (સહૃદય) હું સાચું કહું છું, બ્હેન. સવારમાં મને યાદ કેમ ન આવ્યું; એ જ સવાલ છે. બપોર આખાં બેસી રહ્યાં! હવે છેલ્લાં છેલ્લાં તો રમત ખેલી લો! (નવાસવા પ્રોફેસરની ઢબમાં) પતંગ જ એક એવી રમત છે કે જેમાં બને તેટલાં સ્ત્રીપુરૂષ વદન સરળતાથી ભાગ લઈ શકે! વરસ વીતે ને ગૃહલક્ષ્મીએ પોતાના મકાનનું માળિયું ન જોયું હોય એમાં નવાઇ નથી: પણ આજ છાપરૂં ન સંભાળે એ અસંભવિત છે. જૂઓ ને; આખું આકાશ પતંગમય થઇ ગયું છે! એમાં તમારૂં નામ ન નોંધાય એ કેમ ચાલે?

સુ: (બહુજ ધીમે) ને... ફીરકી...?

ર: (હોંશથી) હું શા ખપનો છું? તમે સવારથી સેવા ઉઠાવી રહ્યાં છો તે શું મફતનાં જ?

[સુરભિ ઉમંગભેર પતંગ ચગાવે છે. રત્નાકરને ફીરકી સાથે જૂએ છે ત્યારે એને માટે એને પુષ્કળ માન વધે છે.]

ર: સાવધ રહેજો. પેચ માટે તમારે મહેનત નહિં કરવી પડે. લૂમખાં ને લૂમખાં ચાલ્યાં જાય છે!

સુ: (ગમ્મતથી) એકાદ લૂમખું ખેંચી લાવીશું?

ર: (ખુશ થઇ) જાઓ, જાઓ; હવે. ખાનદાન થઇ લૂંટના વિચાર શું કરો છો?

[સુરભિ અનુપમાની આંખે જોઇ રહે છે.

ર: (સમજાવટથી) એમાં નેવું ટકા તો આપણો પતંગ લૂમખા ભેળો ભળે છે! ત્યારે એવા જોખમમાં શું કામ ઉતરવું?

[વધુ વાર્તાલાપ ચાલે એ પહેલાં તો સુરભિના ચહેરાપર દૂરની અટારીમાંથી કોઈ આયનાનું પ્રતિબિંબ પાડે છે. આંખો અંજાતાં સુરભિ ડઘાય છે.]

ર: (ધીરજ આપતો) વાંધો નહિ. પતંગ હોય ત્યાં પતંગિયાં પણ હોય. તમારી જ્યોતમાં બળી મરવાની એની મરજી હશે!– એથી એ મોક્ષની આશા રાખતો હશે!

[ત્યાં પાછળથી ચાલ્યો આવતા પેચમાં સુરભિના પતંગની કીન્ના ગંઠાય છે.]

સુ: (ગભરાતી હોય તેમ) શું કરીશું, રત્નાકર?–એંચી કાઢું?

ર: (ગુસ્સો બતાવી) બીજું શીખ્યાં જ નથી? (જોરથી) ઢીલ જવા દો. દોર જશે તો મારો જશે ને?

[સુરભિ ઢીલ જવા દે છે. ગાંઠ છૂટે છે. ત્રણે પતંગના પેચ ફક્કડ જાય છે. સુરભિના પગમાં જોર આવે છે.]

સુ: (આવેશથી) હવે ફીરકીમાં ફીરકી રહે તો મારો વાંક ન કાઢશો!

[સારા નશીબે પેલા બન્ને પતંગ કપાઈ છૂટે છે.]

સુ: (હરખાતે હૈયે) ચાલો; દોરી ઉતારી લઈએ:

[સુરભિ ઝડપ વાપરવા જાય એટલામાં પતંગ તૂટી જાય છે. હતાશ બની એ રત્નાકર સામું જુએ છે.]

ર: (આહ્લાદથી) શાબાશ, બ્હેન! લડાઈમાં પણ દરેક સીપાઈ એક સ્ટેટ શત્રુને મારે એટલે એની ફરજ અદા થઈ ગણાય છે. ત્યારે, તમે તો બબ્બેના પ્રાણ હર્યાં છે!

[સુરભિનો આત્મા પ્રફુલ્લ્યો હોય એમ એક ઉંડનો ઉંચો શ્વાસ એ ભરે છે. પછી–]

સુ: રત્નાકર, પતંગ જેવી ઉમદા લડતને કેટલાંક છોકરમત કેમ કહેતાં હશે ?

ર: એટલું એમનું અજ્ઞાન.

[સુરભિ ખીંલતી જણાય છે.]

ર: હા; કેટલાંક મખ્ખીચુસ એને ઉડાઉગીરી કહી વખોડે છે. કાગળમાં પૈસા શું નાંખવા; એ એમનો સવાલ છે. એની કરતાં પાક ન ખાઈએ; એ એમની દલીલ છે. આપણે એમને કેમ સમજાવવું કે જીંદગીમા પેટપૂજા ઉપરાંત બીજા વધુ ઉપયોગના વ્યવસાય હોય છે?

[હસી, માથું નમાવી સુરભિ સંમતિ આપે છે.]

ઉ: અને બ્હેન, ઉતરાણ ન હોત તો ઓળખીતાંને આમ આખો દિવસ સાથે રહેવાનું ક્યારે બનત ? આજનો આ પ્રસંગ ન હોય તો વરસ આખરે પણ આપણે અત્યાર જેટલાં પાસે ન આવી શકીએ ! ઓછો ફાયદો છે ? સો રૂપિયા ખરચતા પણ........

સુ: (હસતી જતી) એમ. આંકડો ન મૂકો. મને એ પસંદ નથી (હસવી અટકી). એટલું અવશ્ય કે છેલ્લા પંદર વર્ષમા મેં આવી ઉતરાણ જોઈ નહોતી !

[રત્નાકરમાં પણ રંગ આવે છે.]

ર: સુરભિ, મારે મન તો પતંગ એક અદ્ભુત ચીજ છે ! સ્થિર રહે, ડગમગ થાય, ગીનાય, ગોથ ખાય: કેટલા બધા જાદુ એને આવડે છે ? રસિકાના સાળુથી ય અધિકી એની જાતભાત હોય છે !

[રત્નાકરની આ શબ્દધારાને સુરભિ ગાંડપણ જેવું સમજે છે. પણ એ વહેતી રહે એટલી એની અંતર ઇચ્છા છે.]

ર: (આવેશમાં આવી) મારો તો આખી આલમને માત્ર એક પ્રશ્ન છે. દરેક વસ્તુનો આધાર છૂટે ત્યારે એ પૃથ્વી પ્રતિ આકર્ષાય છે. પતંગ એથી ઉંધુ કેમ કરે છે ?

સુ (ઉશ્કેરવાની આશાથી) તો એનો ઉત્તર આખી આશ્રમ તમને સર્વાનુમતે ઘડીને મોકલી આપશે

ર (શાંતિથી, તિરસ્કારથી) મને એવા ઉત્તરની પડી નથી અનેક વિચારને અંતે મે મારૂં સમાધાન કરી લીધું છે

સુ તો કહી નાંખો ને?–ખાનગી નથી ને?

ર (ગર્વથી) અને તે એ છે કે પતંગ એક દેવી એટલે કે પૃથ્વીથી પર એવી, સરકારી બાજી છે બોલો, તમને એમ નથી લાગતું?

[સુરભિ આ ડહાપણ સમજી શકતી નથી પણ રત્નાકર એ જાણી જાય એવી એની મરજી નથી]

સુ (એક પતંગ પસંદ કરતી) ખરૂં છે (ફીરકી વાળતી) પણ પતંગની વાતમાં પતંગ પોતે રહી જશે' લ્યો, વહેતી મૂકો.

[અગાસીની કોર બહાર કાઢી, રત્નાકર પતંગ ઉચકે છે ત્યાં તો ઢીલી ગાંઠમાંથી પતંગ સરકી જાય છે

સુરભિ ને રત્નાકર સામસામું તાકી રહે છે

આ જ ઘડીએ એક પતંગ સુરભિના પગ આગળ આવી પડે છે]

સુ વાહ' એક ગયો ત્યાં બીજો આવ્યો' રત્નાકર પરાયા પતંગ પકડવા નહિ એ સાચું પણ આમ પગે આવીને પડે એનું શું કરવું? પછી ધર્મના ધતીંગ ક્યાં લગી લબાવવાં?'

[ઉત્તર તરિકે રત્નાકર સ્મિત વેરે છે]

સુ (એ પતંગ ઉપાડતી) ત્યારે આને લઇએ ચોરીનો માલ ઝાઝો વખત સંઘરવો એ જોખમ કહેવાય'

[સુરભિ કીન્ના સાથે દોર બાંધવા જાય છે તો પતંગ પર કંઇક લખેલું જૂએ છે]

સુ રત્નાકરભાઇ' જુઓ તમારા જેવા વિદ્વાનની આ અસલ મિ કત હશે

રઃ (સુરભિ વાંચવા જાય છે ત્યાં આડો હાથ નાંખી) રહેવા દેજો. એવું વાંચવામાં સાર નથી. શબ્દકોષમાં નહિ મળે એવા શબ્દોના એમાં નમુના હોય છે!

સુઃ (આનાકાની જેમ) તો એટલું વિશેષ જ્ઞાન પ્રાપ્ત થશે.

રઃ (સુરભિના હાથમાંથી પતંગ પડાવી લઇ) દુનિયા આખીને ઓળખીને શું કામ છે? (શાંતિથી સમજાવતો) હું તમારા ભલા માટે કહું છું કે એ વાંચવામાં લાભ નથી.

[સુરભિનું મન માનતું નથી.

રત્નાકરને એની ખબર પડે છે એટલે, આડો ફરી છુપી રીતે એ બધું વાંચી લે છે. પરીણામે એની બુદ્ધિ બહેર મારી ગયા જેવું થાય છે.

અહિં સુરભિ તલપાપડ બને છે.]

સુઃ (અકળાતી) હેરાન શું કામ કરો છો ?–વાંચવા દો ને ?

રઃ (પતંગ સોંપી, સંતોષપૂર્વક) હવે બેલાશક વાંચો.

[સુરભિનાં નયન એટલી ઉતાવળી ઘુમરી ખાય છે કે એને કંઇ દેખાતું નથી. એટલે—]

સુઃ (પતંગ પાછી સોંપી) તમે વાંચી સંભળાવશો ?

રઃ (નમ્રતાથી) એની ય ના નથી. (નર્મથી) શ્રવણ કરો.

જગનાં જીવન ઝાંઝવાં ત્યહીં પ્રેમતણી શી આશ?
ઉચાં અમારાં ઉડવાં રૂડો આભમહીં આવાસ.

(પતંગ બાજુએ મૂકી) કોઇ કવિહૃદયનું ઉદ્ગાન જણાય છે!

સુઃ (ઇતેજારીથી) પણ લખનાર બાઈ કહેવા શું માગે છે? (ચીવટના ભારથી) મારે તો એ જાણવું છે!

[રત્નાકર લીટીઓ ફરી ફરી વાંચે છે.]

સુ: (રીસાતા રાગે) તમે આમ શું કરતા હશો?

ર: (ધીરજ ખૂટી) શું કરું? સમજવું ભારી છે. ત્યાં સમજાવવું સહેલું ક્યાંથી લાગે? મને તો આમાં પ્રેમની શીસ્તુરીનો આભાસ થાય છે!

સુ: એમ? તો એ ક્યાં છેક અજાણ્યો વિષય છે? અમારે ભણતી વેળા પણ ક્યારેક એના જ દાખલા આવે છે! ત્યારે તમારે શીદ શરમાવું?

ર: (ચરવ જેમ) પણ નધાર્યો અર્થ નીકળે તો મને ખરાબ માણસ ન માનશો.

સુ: (ખુશમિજાજથી) હું તમને કેવા માનું છું; ને મારે તમને કેવા માનવા; એ તો મારી મરજીની સત્તા છે ને?

ર: (મુંઝાઇ જતાં) હું તો કેવળ સૂચના આપું છું.

સુ: (તુરત) વગર માગી?

ર: (ચાડાઈ, મનમાં) આને પહોંચાય એવું નથી. (ચીડ ચાલી જતાં) અને અર્થ કહેવામાં ક્યાં મારી બદદાનત છે? (પ્રકાશ) સુરભિબહેન, નકામું કોઈ સાંભળશે તો પંચાત પડશે. બાકી હું તૈયાર છું.

સુ: તો બોલી નાંખો. ભાઈભાભી તો પોતામાંથી ક્યાં પરવારે છે? ને ત્રીજું તો છે કોણ?

ર: (વિવેકના દંભથી) બહેન, સાંભળજો. કાં તો કવિ નિરાશાવાદી છે. જગના જીવનને એ ઝાંઝવાનું નીર માને છે. ને પછી પૂછે છે કે આવા મિથ્યા દર્શનમાંથી શુદ્ધ ને સાત્વિક પ્રેમની આશા શી રીતે રાખવી?

[અજો રૂમો ભરાયો છે એવું કલ્પી લઈ રત્નાકર ખુંખારો ખાય છે. પછી–]

ર: અને એટલે કવિ ગગનગામી જીવન સ્વીકારે છે. અર્થાત્ એની કલ્પનાઓ પોતાનો આહાર ચન્દ્ર, તારા, આકાશ, મેઘધનુષ્ય, ધુમકેતુ વગેરેમાંથી મેળવી લે છે.

સુ: (ખાલી વખાણ ખાતર) કેટલું સરસ!

ર: (પતંગનું ભૂત ભરાતાં) અને પતંગે પણ આવા કારણથી ઉંચાં ઉડવું પસંદ કર્યું હશે.

સુ: (અશ્રદ્ધાથી) કદાચ હશે.

[રત્નાકર આ મતભેદ ઢાંકી નથ છે. પોતાની વાત ખરી છે એટલું સુરભિ આગળ પુરવાર કરવા એ થાય એટલી મગજમારી કરે એમ છે.]

ર: (અક્કડ બની) અને હવે મને એક વસ્તુસ્થિતિ સમજાય છે. આપણે ત્યાનાં લગ્નો મોટે ભાગે નિષ્ફળ કેમ નીવડે છે?

[રત્નાકર સુરભિ સામું જોયા કરે છે.]

સુ: તમે શું માનો છો?

ર: કારણ કે આપણે સ્વાર્થી એવી ધરતી ઉપર પ્રેમના પ્રયોગો અજમાવીએ છીએ. (મૌન પછી) મારું કહેવું સમજાય છે?

સુ: (ઉતાવળું ડોકું હલાવી) હા...આ.

ર: તો એ નિષ્ફળતામાંથી બચવા માટે માર્ગ ખુલ્લો છે. પૃથ્વી અદ્ધરનાં સ્થળોમાં લોકોએ ચાહતાં શીખવું જોઇએ. ઇશ્વર જો આકાશમાં રહેતો હશે તો એટલું એની નજીક પણ અવાશે!

સુ: દાખલા તરીકે?

ર: (ડોલનમાં) કોઈ સરોવરની પાળે, કોઈ આમ્રવૃક્ષની ડાળે...

સુઃ (ટીખળથી) રત્નાકર, ઠેકાણે છો કે? આંગણે નળની ભૂંગળીઓ હોય, ઓરડે ફ્રીની વખાર હોય ત્યાં સરોવર ને આમ્રકુંજની કસરત કરવા કોણ જશે?

રઃ (અમરાઈ, મુંઆઈ, ચાડાઈ) ને આ અગાસી પણ ઉપયોગમાં આવે એવી ખરી.

[રત્નાકરની નિરાધારી નીરખી સુરભિ વાત સંકેલવાનું યોગ્ય સમજે છે.]

સુઃ ભાઇ, રાતના ફાનસ ચડાવીશું ને?

રઃ (નિરાંત ઝીલવી) રાતની વાત રાતે. અત્યારે છેલ્લવેલા આ કવિ-તાનો તો નિકાલ લાવીએ!

[સુરભિ ગાંઠ બાંધવા લાગે છે.]

રઃ સુરભિ, ગાંઠ એવી વાળજો કે જે છૂટે જ નહિ.

[તુરત પ્રબુદ્ધ પ્રવેશે છે.]

પ્રઃ રત્નાકર, ઉપરથી મારી એકે ય પતંગ અહિં સરકી આવી છે?

સુઃ પ્રબુદ્ધભાઇ, આ કે?

પ્રઃ (સાનંદ) વા...રૂ. ચગાવતાં હો તો તમે ચગાવો.

[રત્નાકરમાં ગભરાટ, સુરભિમાં સંકોચ ને પ્રબુદ્ધમાં શાન્તિના ચિહ્નો તરવરે છે.]

પ્રઃ (માથે હાથ ફેરવતો) હંઅ; રત્નાકર, તમને ગાંઠ વાળતાં ન આવડતી હોય તો, કહો તો, હું વાળી આપું. મને એનો અનુભવ છે.

[રત્નાકરનું હૃદય થરથર કંપે છે. સુરભિ અશાન્ત બને છે.

વસ્થા આવી પહોંચે છે.]

પ્ર: (ધીરે ધીરે) સુરભિ, રત્નાકર, હું તમારા બેમાંથી કોઇનો વાંક જોતો નથી. એ વાંક જ નથી. ખરું પૂછો તો એ મારો મનસુબો હતો. તમને એકઠાં કરવાનું, એકલા મૂકવાનું કાંઇ એમ ને એમ નથી બન્યું. આપણાં લગ્નોની અફળતાનું મૂળ કારણ આપણે પરિચય પહેલાં પ્રેમની ફરજ નાંખીએ છીએ તે છે. રત્નાકર, સુરભિને તેં ઓળખી છે: રૂપાળીએ જોયું, તરણાએ સાંભળ્યું; મેં જોયું ને સાંભળ્યું.

સુ: (બેબાકળી બની) પણ શું?

પ્ર: સુરભિ, હું તને વગોવતો નથી. જે થયું છે તે જોઇતું થયું છે. (લાગણીપૂર્વક) રત્નાકર માટે તારો શું અભિપ્રાય છે?

સુ: (ઝંપલાવ્યા જેમ) પસંદ પડે એવો ભાઈ છે.

ત: (વતાવળે) પણ તમારે ભાઇ ક્યાં નથી?

ર: (નયન નમાવી) ખરું. પહેલો ભાઈ પ્રબુદ્ધ: બીજો રત્નાકર.

પ્ર: (મિજાજથી લાલચોળ થઇ) એટલે આજનું તમારું વર્તન ભાઇભાંડુ જેવું હતું, કેમ?

સુ: (અપમાન સહન ન થતાં) ત્યારે વળી?

પ્ર: (ગાંડાપણા જેમ) હું આવ્યો તે વખતનો તમારો મધુર વાર્તાલાપ...

ર: વાહ! એમ એકાદ વાક્યે માણસ સાઇનરસું નક્કી થતું હોત તો દુનિયામાં નરપિશાચો સિવાય કોઇ નજરે ન પડત!

[પ્રબુદ્ધના અંતરમાં આગ વરસે છે.]

ર: (હિંમતથી) પ્રબુદ્ધ, હું મારો ભાઇ ને સુરભિ મારી બહેન, નહિ?— કેમ બને?

પ્રઃ (મગ પશ્ચાત્) એ તે કાંઈ સવાલ છે?

સુઃ (ન રહેવાતાં, ધીરેકથી) ઉત્તર હશે.

તઃ (સુરભિને, એ જ અવાજથી) તમે વળી ક્યાં આડાં આવો છો?— જોયા કરો ને?

રઃ (ગોટા વાળતાં) પ્રબુદ્ધભાઇ, સુરભિબહેન સાથે બહેન સિવાયનું સગપણ મારે અસંભવિત છે.

પ્રઃ (શાંતિયા અવાજે) તે શું એકલો જન્મ્યો એમ એકલા જીવવાનું વ્રત લીધું છે?

રઃ (નફ્ફટ નિખાલસતાથી) નાં રે! એવાં શાં પાપ કર્યાં હોય?

પ્રઃ (અંગારા વેરતાં) રત્નાકર' માણસાઇમાં છું કે?

રઃ (નમ્રતાપૂર્વક) અલબત્ત. તારે એટલું જ જાણવું અધુરું છે કે મારે તરૂણાભી જેટલી તારે રસુભાભી વર્ષો થયાં છે.

[સુરભિથી નાની શી તાળી પડાઈ જાય છે.]

પ્રઃ (વીજળી અનુભવી) ત્યારે સૌને કુંવારો હોવાનું શું જોઇને કહ્યા કરતો હતો?

તઃ હંઅ...

રઃ (શરમથી) એ તો અનેક કોલેજિયનોની કાયમની કુટેવ છે.— હું શું કરું?—ને તમે ય શું કરો?—કે કોઇ શું કરે?

[મણુભ ને તરલા સ્તબ્ધ જેવાં બને છે.
સુરભિ આશ્વાસન અનુભવે છે.
રત્નાકરનું દિલ ડંખે છે.
આકાશમાંથી એક તારો ખરે છે.]

પમની સ્વ. પતિશ્રીના સ્મરણાર્થે
શ્રી ફાર્બસ ગુજરાતી સભાને
શ્રીયુત દાદાભાઈ આણંદજી ચાવડા
તરફથી સવિનય સપ્રેમ ભેટ.

તંત્રીસ્થાનેથી

નવો અંક આ નવા અંકથી અમે 'વીણા'ની તૃતીય જન્મતિથિ ઉજવીએ છીએ. અમદાવાદના યુવાનોના આ ન્હાનકડા સમાજને મન આજનો અંક એ ઓછો વિજય નથી. દરેક અંક એ એક પગલું આગળ જ ભરે છે. નવીન વર્ષે દેવને બાળક નમે છે તેમ અમે પણ વીણાથી મંડિતકરા સાહિત્યની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીને વન્દન કરીએ છીએ અને વિશેષમાં પ્રાર્થીએ છીએ કે હેની સેવા કરવા અમે વધુ ને વધુ શક્તિ પ્રાપ્ત કરીએ.

'વીણા'નું ધ્યેય એક વિદ્વાને પ્રશ્ન કર્યો કે 'વીણા'નું ધ્યેય શું ? અલબત, (અમારા પુરોગ તંત્રીની ક્ષમા માગી કહીશું કે) અનેકમાં એકનો ઉમેરો કરવો એટલું જ હેનું ધ્યેય નથી જ. એ ઉમેરા ઉપરાંત પોતાનું વ્યક્તિત્વ દર્શાવવાનું પણ હેને ધ્યેય છે. ભવભૂતિએ વાગ્દેવીની સ્તુતિ કરતાં હેને આત્માની કલા કહી છે. અમને લાગે છે કે એમા એણે સાહિત્યની અત્યત ઉત્કૃષ્ટ ને સુન્દર ભાવના મૂકી છે. વાઙ્મય એ આત્માની કલા છે, દેહની નથી. હેમા આત્માની જ સાત્વિક સુવાસના હોવી જોઈએ. એ આત્માની શુચિતાના તત્ત્વથી અવિરોધવાળી વાણી તે જ ખરૂં સાહિત્ય છે. દેહનો વિહાર કે હેની વાસનાનો વિજય એ સાહિત્યનો વિષય નથી. દેહની સ્થૂલ વૃત્તિને ઉત્તેજે તે સાહિત્ય જ નથી. જીવનને જરાક પણ ઉચેરા આનંદ આપે એને જ સાહિત્ય કહી શકાય.–પણ એ વિશાળ વિષય અહીં શી રીતે કહેવાય ? ટૂંકામાં 'વીણા' એ આત્મનઃ કલાનું ઉપાસક છે. એ છે તો બાળક પણ હેના અભિલાપ એવું સાહિત્ય પીરસવાના છે. સરસ્વતીને વીણા આપવામાં યે ઘણું અર્થગાંભીર્ય છે. કારણ એના સંગીતને લીધે એ aesthetic આનન્દની સૂચક છે. 'વીણા'ને એવી વીણા બનવાના કોડ છે.

૧ એટલું ભાવના પરત્વે. બાકી 'વીણા' યુવાનોનું જ વિશેષતઃ છે ને તેથી યૌવનનું સાહિત્ય પીરસવું એ હેનું બીજું ધ્યેય.

જોતાં વેંત જ જણાવે આ અંકનો ફેરફાર અંતર્ગત ફેરફારનો સૂચક લાગશે. ‘વીણા’ એ એક જ વર્ષ થયું ત્યાં પગલાં ભરવાને બદલે કૂદવાનું સાહસ કર્યું. પણ જેટલા જોરથી આગળ

ગતાંક

કૂદ્યું તેટલા જોરથી એ પાછું પડ્યું છે. આ અંકનું કદ, ચિત્રો વગેરે પહેલા અંકની જેમ રાખવા પડ્યાં છે. અત્યારે ત્રીજે વર્ષે આગળ વધવું જોઈએ ત્હેને બદલે પાછું ત્યાંને ત્યાં એ ઉભું છે. કારણ ? આંકડા કહે છે તેટલું માની લઈએ: પ્રથમ વર્ષે એક ચિત્ર વીસ ફરમાને પાંચમો નકલ; બીજે વર્ષે છ ચિત્રો ઓગણત્રીસ ફરમાને હજાર નકલ ! પરિણામ સ્હમજી શકાય તેમ છે. ટીપે ટીપે સરોવર ભરતા ‘સમાજ’નું આજ સરોવર ફાટ્યું છે. ત્હેને રૂપૈયા પાંચસોની ચોકખી ખોટ છે અને બીજા અંકની પાંચસો નકલ ઉપરાંત આજ છાજલીએ ધૂળ ખાતી પડી છે. ટુંકામાં, ‘વીણા’એ ન્હાને મોઢે મ્હોટા કોળિયા ભરી અનારોગ્યનો માર્ગ લીધો તેથી ત્હેની ઉપર અંકુશ ને સંભાળ રાખવા આ વખતથી તંત્રીમંડળ નીમાયું છે. અલબત બાળકને સ્વાતંત્ર્ય હોય જ પણ નિરંકુશતા ન હોય. વીણાએ સ્વાતંત્ર્ય તો નથી ગુમાવ્યું પણ નિરંકુશતાની ટીલી ત્હેણે વ્હોરી લીધી છે. અસ્તુ.

સમાજ કમાયુ ત્હેના કરતાં ત્હેણે ગુમાવ્યું ઘણું. એટલું ગુમાવ્યું કે કદાચ એ ખોટ વણપુરાયલી જ રહે. સ્વ. રામપ્રસાદ જેશ્વરના જેવા સાૌમ્ય સાધુહૃદયની સેવાપરાયણતા સમાજે વણપૂરી ખોટ ખોઇ તે ખોઇ જ. એવી સેવા કરનાર હવે સમાજને મળે ત્યારે ખઈ. સમાજની દરેક પ્રવૃત્તિ ને પ્રગતિ એમની પરમાર્થી મહત્ત્વાકાંક્ષાને જ આભારી છે. સમાજના દરેક કાર્ય માટેની એમની ચિવટ, એમનો ખંત, ઉત્સાહ વગેરે અજબ હતાં. પણ એ ‘હતા.’ નિત્ય-પરિચયની વસ્તુ અવગણના માટે જ સરજાઇ હશે ? એલિસબ્રિજ ઉપર દરરોજ ચાર ચાર વાર જનારા કેટલા જાણતા હશે કે ત્હેને કેટલા થાંભલા છે ? જેશ્વરના ગુણ એમના સદૈવ પરિચયમાં આવ્યા છતાં ઘણાએ ન્હોતા જાણ્યા ને એમને અવગણેલા, પજવેલા. સમાજ જાણે એમાં, જરાક સાક્ષી પૂરતુ હોય તેમ ન્હેમના મૃત્યુ બાદ માન આપે છે.

તંત્રીસ્થાનેથી

લેખકો

આ અંક માટે જે જે લેખકોએ સહાય્ય આપી છે તે માટે અમે ત્હેમનો—દરેક લેખકનો વ્યક્તિગત ઉપકાર માનીએ છીએ અને એ જ રીતે દરવખત "વીણા"ના વદનમાં પોતાનો સૂર પૂરે અને ત્હેના સંગીતને વધારેને વધારે સુમધુર મંજુલ ને વૈવિધ્યવાળું બનાવે ત્હેમ વિનંતી કરીએ છીએ. એમને લીધે જ 'વીણા' છે એમ દરેક લેખક માને એ ઇષ્ટ છે. મહેફિલ વગર જલસો ન હોઇ શકે તેમ લેખકો વગર—ત્હેમના નિરનિરાળા સૂરો વગર વીણાનું સંગીત શી રીતે નીકળી શકે ?

ચિત્ર

આ વખત એક જ મૌલિક ચિત્ર મૂકવાનું અમે ઉચિત ધાર્યું છે. ગુજરાતના યુવાન ચિત્રકાર રા. રા. ભાઈ કનુ દેસાઇના ચિત્રનાં વખાણ શું કરવા બેસીએ ? એ જોતા ઋતુસંહાર સ્મરણમાં આવ્યું એટલું ત્હેમા સૌન્દર્ય છે એમ દરેક કલાપ્રિય સજ્જન સન્નારીને લાગશે. વિશેષ સ્હમજૂતીની જરૂર છે ? કંકણને તો આરસીનો ખપ નથી પડતો.

ખુલાસો

તંત્રીએ ખુલાસા તો કરવાના હોય જ. એક અગત્યનો ખુલાસો એ કે રા. રા. ભાઇ સ્નેહરશ્મિના કાવ્યમાં એક સુધારો થવો જોઇતો હતો તે અનિવાર્ય સંયોગને લીધે નથી થઇ શક્યો. ત્હેમાં ચોથી પંક્તિમા "ભયંકર પ્રચંડ દન્ત શા" એ શબ્દોની જગ્યાએ "પ્રચંડ જડબા સમા" એમ જોઇએ. લેખકે જરા મોડું જણાવવાથી એટલું રહી ગયું છે.

ક્ષમાયાચના

ગતાંક પરત્વે વિગતો આપવામા તંત્રી વિષે અંગત ટીકા અમે કશી યે કરવા નથી માગતા. છતાં યે એમાં એવી ગન્ધ આવે તો અમે રા. રા. યશવન્તની માફી માગીએ છીએ. અન્તે આ તંત્રીનું ચોક્કસ અંગત. મુંબાઈ રહ્યે રહ્યે પણ "વીણા"ના તંત્રીપદ દ્વારા સમાજની સેવા કરવાનો લાભ આપવા માટે આ તંત્રી સમાજના સભ્યોનો નિસ્સ્ત્રણી છે.

—તંત્રી

સ્વીકાર

યુગપલટો અને મહાસુદર્શન લેખક રા. ન્હાનાલાલ દલપતરામ
કવિ. કીં. રૂા. ૧-૦-૦

શકુંતલાનું સંભારણું લેખક રા. ન્હાનાલાલ દલપતરામ
કવિ કીં. ૧-૦-૦

આજકાલની કેળવણી લેખક રા. પુષ્પ
કીં. રૂા. ૨-૪-૦

શૃંગાર ત્રિવેણી લેખક રા. શંકરપ્રસાદ છ. રાવળ
કીં. રૂા. ૧-૪-૦

પડદા પાછળ લેખક રા. યશવંત પંડ્યા.
કીં. રૂા. ૦-૧૦-૦

યુગના યુગધર્મ

ન્હાનાલાલ દલપતરામ કવિ

पुरुषो वाव यज्ञः; तस्य यानि चतुर्विंशति वर्षाणि, त
प्रातःसवनं. चतुर्विंशत्यक्षरा गायत्री गायत्रं प्रातःसवनम्.

પુરુષ તે જ યજ્ઞ છે. ત્હેનાં જે ચોવીસ વર્ષો, તે પ્રાતઃસવ
છે. ચોવીસ અક્ષરની ગાયત્રી છે, ગાયત્રી પ્રાતઃસવન છે.

છાંદોગ્યોપનિષદ્, ૩/૧૬/૧

અમદાવાદની સાહિત્યોત્તેજક સમાજના પ્રાણરૂપ મંત્રી સ્વ
રામપ્રસાદ હરપાળ જેશ્વરનું પોર્ટ્રેટ રવિવાર તા. ૨૮ ઓગસ
૧૯૨૭ ની સ્હાંજે પ્રેમાભાઇ હોલમાં સમાજ તરફથી ખુલ્લુ
મૂકવાના પ્રસંગનું ભાષણ.

શ્રી જ્ઞાનમન્દિર મુદ્રણાલય, રાયપુર-અમદાવાદ.

અમદાવાદના યુવકમંડળ !

ઉપનિષદ્ ભાખે છે કે જીવનનાં પ્રથમ ચોવીસ વર્ષો પ્રાતઃસવન છે, જીવનની પ્રથમ ચોવીશી ગાયત્રી છે.

એનો જન્મ ઈ. સ. ૧૯૦૧ના નવેમ્બરની ચોથી તારીખે; એનું મૃત્યુ ઇ. સ. ૧૯૨૭ ના જાનેવારીની ૨૦ મી તારીખે. પૂરી પા સદી ને અઢી માસની એની આયુષ્ય અવધી.

ઉપનિષદ્દ્વાર કહે છે કે એનું જીવન પ્રાતઃસવન હતું. એ તો પ્હરોડની ગાયત્રી ગાઇ ગયો.

પુરુષ તે જ યજ્ઞ છે; એ યજ્ઞમાં હવિ થઈ તે હોમાયો.

પાંચેક વર્ષ ઉપર હું એને પહેલ્લો મળ્યો ત્હારે સ્વપ્નું યે ન્હોતું કે આ અવસર મ્હારે આવશે; એના સ્મરણાંજલિ મ્હારે ઉચ્ચરવી પડશે, એને દર્ભાંજલિ મ્હારે અર્પવી પડશે.

એની દેહરેખાઓની તમારા કાર્યાલયમાં પ્રતિષ્ઠાને કાજે આજે તમે ટોળે મળ્યા છો જીવતાં જે તમારા સત્કર્મોની પ્રેરણા હતો, ત્હેનાં દર્શન ભાવીમાં યે તમારી પ્રેરણા હો !

એ જ ભારતની મૂર્તિપૂજાનું રહસ્ય; દર્શનેન્દ્રિય દ્વારા આત્મપ્રેરણા.

એ હતો યૌવનનો ઉછળતો ફુવારો.

એ રઘુવીરની નગરીનો નિવાસી હતો. અયોધ્યા કનોના ઉપેયા ગામે ગુજરાતને સ્વામી નારાયણ આપ્યા, અયોધ્યાએ આપણને આ ન્હાનકડો જુવાનડો આપ્યો. અયોધ્યા નગરીએ તો યુગયુગથી સારા ભારતને દીધું છે: અયોધ્યા નગરી આપણને કેમ ભૂલે ?

અયોધ્યા નગરીનો ગુણમહિમા વાલ્મીકિજીએ ગાયો છે, ભવભૂતિએ ગાયો છે, તુલસીદાસજીએ ગાયો છે. એ હતો ત્રેતાયુગ, આ છે કલિયુગ; એ હતા ગિરિરાજ, આપણે છીએ અણુપરમાણુ આજની અયોધ્યા નગરી જેવડો એ હતો અયોધ્યાનો વીર.

ચાલો આપણે યે ઉજવિયે આપણા યુગની યૌવનપૂજા.

મહાભારતમાં એક શ્લોક છે કે બ્રાહ્મણ વિદ્યાથી મ્હોટો, ક્ષત્રિય પરાક્રમથી મ્હોટો, વૈશ્ય સંપત્તિથી મ્હોટો, ને શુદ્ર વયથી મ્હોટો–ઘરડા ચારેને ઘરનાં ડાકા રહે છે તેમ. ગુણિજનમાં તો ભવભૂતિનું વચન સર્વ-સંમાન્ય છે કે

गुणाः पूजास्थानं गुणिषु, न च लिंगं, न च वयः ।

ભવભૂતિ ભાખે છે કે વય નહિ, જાતિ નહિ; ગુણિજનોમાં તો ગુણ એ જ પૂજાસ્થાન છે.

એ ન્હાનકડો હતો, પણ ઘણાનું પૂજાસ્થાન હતો.

આજ આપણે મળ્યા છીએ યૌવનપૂજાને કાજ: આયુષ્યના પાનખર પૂજને નહિ, વસન્તપૂજનને કાજ.

યૌવનમ્હોરેલાંઓ ! યૌવન એટલે જીવનની વસન્ત. વસન્તમાં જે આંબો મ્હોરતો નથી, એ આંબો ભાગ્યે જ પછી મ્હોરે–ફળે છે. પાછોતરા શ્રાવણિયા આંબા હોય છે, પણ તે કોક–થોડાક જ.

યૌવનમાં એ મ્હોર્યો ને યૌવનમાં એ આથમ્યો. ઉપનિષદ્કાર કહે છે કે જીવનના પ્રાતઃસવનની ગાયત્રી તે ગાઇ ગયો.

અભિમન્યુના જેવું કાંઇક. એ આભના અણુનો આ પડછાયો. અભિમન્યુ તો હતો કુરુક્ષેત્રનો યોધરાજ.

આશાભર્યો, ઉત્સાહભર્યો, અલબેલા કોડ ભર્યો, કંઇ કંઇ મનોરથ-મ્હોર્યો, ફુવારાની ધારાઓ શો, તે ઉગ્યો; ને ઉછળીને આથમ્યો. બખ્તરિયો બખ્તર પહેરેલો જ પડ્યો.

મૃત્યુ કીયું સારૂં ? દીર્ઘાયુષ્ય ભોગવી, ફુલોઇ જઇને, જીર્ણાવસ્થામાં ચેતનશૂન્ય થઈ માટીમાં માટી મળી જાય તે ? કે ભરજોબનમાં મદગળ ગજેન્દ્ર સમા ચેતનભર્યા ચૈતન્યસાગરમાં ડૂબી જવું તે ? પ્રભુ જાણે. જીવનનો આદેશ (Mission) પૂરો થયે જવું તે સર્વશ્રેષ્ઠ મૃત્યુ.

મ્હારી તો અટળ શ્રદ્ધા છે કે જગતમાં જન્મે છે તે પ્રત્યેક બાલક પ્રભુનો આદેશવાહક–Missionary છે, ન્હાનો કે મ્હોટો Message–bearer છે. 'બાલક એટલે પ્રભુનાં પયગમ્બર' એ કેવળ કવિતા નથી, જગતનું પરમ સત્ય છે.

અને રઘુવરનગરીનો એ પણ એક Message-bearer હતો અમદાવાદના યુવકમંડળને.

'યુવકમંડળને એનો શો હતો જીવનાદેશ ?

ક્ષણે ક્ષણું–પળે પળે, અખંડ વાગતી દેવઘંટાની પેઠે, એનું જીવંન ઉચ્ચરી રહ્યું હતું કે 'યુગના યુગધર્મ જાણો ને આચરો'.

અમદાવાદના આ વેળાના મ્હારા વસવાટમાં કેટલાક અસાધારણ જુવાનડા ચહેરતી દિવાલમાં મ્હેં દીઠા. અવસર મળે તો પૃથ્વીનાં ઉંડાં પડ નહિ ત્હો પણ ઉપરનાં પડ તો ઉથલાવે. કહેવાતા આગણીઓ જેમની ખુશામદ કરે, એ ય આડા થાય તો, કોહાઇ ગયેલી ડાંખળી શા પોતાના બાગમાંથી એમને ઉશેટી દે. ગુણ પરખે ત્હાં પ્રાણ પાથરે; ધર્મ સમજે ત્હાં દેહો ઢાલવે; સાત્વિક, પૂજ્યભાવથી છલકાતા, પ્રેમીજન શા કલાગરા, નદીની લહેરાતી લહરી સમા લહેરાતા, પુષ્પ સમા ચોમેર પરિમલ ફોરતા. ગુજરાતનો એ વસન્તકાલ ફુલ્યો–ફાલ્યો, એને વીણનારો માળી યે ન મળ્યો, બીતરિયાઓએ ફુલમંડળીઓ યે ન ભરી. એ વસન્તકાલ ૮૦ ટકા દર-માઇને ખરી પડયો.

પણ મ્હારો આશાવાદ કહે છે કે કરમાય ત્હો યે સાચાં ફુલની ફોરમ ન જાય.

અમદાવાદ એટલું આજ રંક થયું છે.

આજે તો અમદાવાદે–ને ગુજરાતે ઘણુંઘણું ખોયું છે. જતન કરી સંચેલી કરોડોની સમૃદ્ધિ–ઢોરઢાંખર, ઘર, કંઇક જીવ, ને કેક ગામ–હતી ન્હોતી થઇ છે. ભારતનો ગુલઝાર આજ તો ચૂંથાયો ગયો છે.

પેલા કહે છે ને કે કેર ન ભાગે ને શેટકો ખાવો. કાળ–પુરુષ આવ્યો. ગુજરાતની ફરતી દોર અખંડ રાખી વચલો ગર્ભ ભાગી ચાલ્યો.

અદવાડવાનો જલકોપ–પૂરું આઠવાડિયું યે નહિ. શનીવારે હેલી બેઠી. પાંચ–૭ દિવસની જલઝડીઓ. પુષ્કરાવર્તક મેઘ સાંભળ્યા'તા, વાંચ્યા'તા; દીઠા ન્હોતા, દર્શન દઇ ગયા.

છપ્પનિયા પછી આવા મેહ વરસ્યા જ નથી. વરસ્યા ત્યારે વણસાડી ગયા. નર્મદા, તાપી, સાબર, ભાદર નહિ; ઢાઢર, વિશ્વામિત્રી, શેઢી, ભોગાવા આછકલી છલકાઇ ગયાં, મ્હેકયાં ને બોળી ગયાં. જલકોપે કરોડોનું નુકસાન કીધું, ગુજરાતની ધીરજને તાવી.

ઠોકરપડ્યું ગુજરાત હસતે મ્હોંએ ઉઠશે. મ્હારી તો એ અફળ આસ્થા છે. આજે બેળાગેલી વાડી કાલે પાછી ખીલી હશે.

ગુજરાતે-અમદાવાદે આજ ઘણું ખોયું છે; પણ-આ તો ઉગતું એક આંબાવાડિયું પડ્યું. ધન ગયું આવશે; આયુષ્ય ગયાં નથી આવતાં. આ તો યૌવનમ્હોરેલો બાગ વેડાયો. આ જોબનગ્રીષ્મ-તો જતે શું ખોયું છે એનું યે અમદાવાદને ભાન હોય તો સારૂં.

પચ્ચીશ જ વર્ષનાં આયુષ્ય. પહેલી પચ્ચીશીમાં મ્હોરતા નથી તે ભાગ્યે જ પછી મ્હોરે-ફળે છે.

ઉપનિષદ્ કહે છે પહેલી પચ્ચીસી એ જીવનનો પ્રાતઃકાલ છે. ત્હારે મનુષ્ય ગાયત્રી ઉચ્ચરે છે, ત્હારે આત્મામાં સૂર્ય ઉગે છેઃ ત્હારે અન્ધારાં મટી અજવાળાં થાય છે, ત્હારે ચેતનના ફુવારા ફૂટે છે.

એના કુટુંબમાં તો એનાં મૂલ અણમૂલાં જ હોય ને ? વાણિજ્ય-વિશારદ થઇને રંક કુટુંબનાં ભાગ્ય પલટાવશે એ આશા ને આસ્થા ઉપર કુટુંબ નભતું હતું. એ આશા ને આસ્થા, અણપ્રફુલ્લી વેલની પેઠે, સમૂળી ઉચ્છેદાઇ ગઇ.

ગઇ વર્ષામાં બે મિત્રો પાંચેક દિવસની સફરે મુંબઇ ગયા. બન્ને ય સંગ્રહણીનો રોગ લઇને પાછા અમદાવાદ આવ્યા. આ વર્ષાના જેવી એ પાંચેક દિવસની ઝડીઓ. એક છ માસ પીડાયો; બીજો ત્રણેક માસમાં પૃથ્વી પરવારી ગયો. લ્હડતા-ઝઘડતા એ મિત્રોની બેલડી સદાની એમ વિખરાઇ ગઇ. સંસારમાં સંસારપંખીડું એકપંખાળું રહ્યું.

ફૂલના રૂપ ને સુવાસ અનુસાર મૂલ જગત આંકે છે. એનાં રૂપ ને પરિમલ શાં હતાં ?

ને એ તો ફૂલે ન હતો, ઉઘડતી કળી હતો.

એની સંસારસેવાઓ શી હતી ? એ બાલકડાની અમદાવાદને લોકોપયોગિતા ઓછી ન્હોતી.

સત્તર વર્ષની વયે એણે સાહસ ખેડવા આદર્યાં. ઈ. સ. ૧૯૧૮માં વીશ પુસ્તકો ને એકબે છાપાં લઇને આસ્તોડિયા રોડ ઉપર The Students' Library-વિદ્યાર્થીઓનું ગ્રન્થાલય નામની સંસ્થા એણે સ્થાપી. ૧૯૨૧ માં એ સંસ્થાનું નવસંસ્કરણ થયું, અને સાહિત્ય ઉત્તેજક સમાજ નામ ધારીને એ રાયપુરમાં આવી. આજે જ્જોવાળાને નાકે રોજના સેંકડો સજ્જનો એ વાંચનાલયમાં દેશદેશાન્તરના સમાચાર વાંચે છે.

આ બુદ્ધિયુગમાં એને તો બુદ્ધિના બગીચા ઉગાડવાના કોડ હતા.

વર્ષે દહાડે ૨૦–૨૫ હજારને વાંચન-પૂરૂં પાડે તે મ્હોટું વાંચનાલય હોય ત્હોયે મ્હોટું છે.

એ સાહિત્ય ઉત્તેજક સમાજ એ જ એનું સેવાધામ, એનું ધર્મમન્દિર. સાહિત્ય ઉત્તેજક સમાજ એ જ એનો યજ્ઞકુંડ, ને મંહી હવી થઈને તે હોમાયો: ઉપનિષદ્‌ના મન્ત્ર કહે છે કે પુરુષ તે જ યજ્ઞ છે.

એની સમાજ વ્યાખ્યાનમાલા રચતી. એ વ્યાખ્યાનમાલાનાં મૂલ્ય સંખ્યાથી નહિ, વ્યાખ્યાનની વિદ્વત્તાથી મપાતાં. પ્રો. દાવર ને શ્રી બિન્દુભાઈ જેવા એકાન્તપ્રિય બ્રાહ્મણોને અનેક વેળા એના આગ્રહે સંસારસેવામાં ન્હોતર્યાં હતા. પ્રો. દાવરની World Epics વિષયની વ્યાખ્યાનમાલાની પ્રેરણા મ્હારી હતી, પણ આટલીયે ફલસિદ્ધિના શ્રમ ને આગ્રહ એનાં હતાં.

મ્હને તો વારંવાર તે ભીડાશથી પજવતો. ને કોણ જાણે શું ? કોકનો જ હું વશવર્તી એને વશ વર્તતો. વક્તૃત્વસ્પર્ધાની પરીક્ષા હોય તો 'કવિ ! ચાલો.' ઇનામો વહેંચવાનાં હોય તો 'કવિ ! આવો.' 'કવિ ! વ્યાખ્યાન આપો.' 'દાવર સાહેબનું ભાષણ છે, કવિ ! પ્રમુખ થાવ.' '૧ લી જાનેવારી આવે છે, અમારો વાર્ષિક સમારંભ છે. કવિ ! અધ્યક્ષસ્થાને બેસો.' 'વીણાનું પહેલું પ્રકાશન છે, કવિ ! લેખ આપો.' અમદાવાદમાં એ નવપ્રીતના જુવાનડાને હું વશ હતો એટલો તો મ્હારા સાહિત્યજીવનજૂના સન્મિત્ર બિન્દુભાઈને યે વશ નથી વર્તતો. એનાં આકર્ષણ અજબ હતાં.

એ હતો તરવરિયો જુવાનડો. પાણીદાર વછેરા શો તરવરતો આવે, .. ફુવારાનાં ફોરાં જેવાં વચનઝીંટણે વધાવે, ને શીખી જતો હશે એનાથી વધારે શીખવી જાય.

પ્રકૃતિથી જ એ હસેતો હતો.

ચોમાસાની ચાર માસની નદીનાં જેવાં એનાં ટૂંકાં આયુષ્ય. થોડો સત્સંગ આપવો હશે માટે જ કદાચ ગાઢ પરિચયની ઉંડી છાપ એ પાડી ગયો.

અમદાવાદમાં આવીને કેટલુંક મ્હેં ખોયું છે, કેટલુંક હું પામ્યો છું. પ્રો. દાવર મ્હને મળ્યા, શ્રી બિન્દુભાઈનો ન્હોતો મળ્યો એટલો પરિચય મ્હને મળ્યો, કેટલાક મહામૂલા જુવાનડા મ્હને મળ્યા, અણુશીખ્યા ને અણમોલ અનુભવપાઠ મળ્યા. એમાં એક મોંઘેરૂં યુવકમંડળમાંનું રત્ન રામપ્રસાદ મ્હને મળ્યો. જમેઉધારની મ્હારી દિલની નોંધપોથીમાં એ એક[૯] બહુમૂલી જમે વસ્તુ હતો.

મ્હાવતનું બાલક હાથીને પાણીઆરે દોરી જાય એમ એ મ્હને દોરી જતો. કમળની પેઠે હું એને છંદમાં રમાડતો ને એ રમતો.

૧૯૨૧ માં અમદાવાદની સરકારી હાઈસ્કૂલમાં તે મેટ્રિક્યુલેશન વર્ગમાં હતો. યુરોપના મહાસંગ્રામની સમાપ્તિએ 'શાન્તિ ને સ્વતંત્રતા'ના ચાંદ વિદ્યાર્થીઓને વ્હેંચાયા. એ ચન્દ્રક એને પરતન્ત્રતાના ચન્દ્રક લાગ્યા. રામપ્રસાદે સરકારી હાઈસ્કુલ છોડી. અમદાવાદના અસહકારનું એ આશ્ચર્ય. જનક વિરલ પંકજ હતો.

એ જુવાનડાની Social Usefulness–લોકોપયોગિતા કંઈ કંઈ મ્હોટેરાને શરમાવે એવી હતી.

હિંદુ સંસારની Social Economics–સાંસારિક અર્થવ્યવસ્થાની કશીક ભૂલ છે એમ નથી લાગતું ? પેલું ઉખાણું કહે છે તેમ હિંદુ જુવાનડાઓને મીણબત્તી બે છેડેથી સળગાવવાની–To burn the candle at both the ends સંસાર ફરજ પાડતો નથી !

રામપ્રસાદ હરપળ જેશ્વર એટલે જોબનનાં રમતિયાળ પૂર, એનું Driving force અમુલખ હતું. પરમાર્થનાં કામ કરતો, ને કામ કરાવતાં એને આવડતું.

હરણાંનાં જૂથ હોય. એને એકલો દીઠો નથી. બેચાર સંગાથીઓથી ઘેરાયલો જ આવે, કંઈ કંઈ વિચારણાઓ ચાલતી જ હોય. ગરીબોને પુસ્તક આપવાં છે; કોઈકને શીની સહાયતા કરાવવી છે; પુસ્તકાલય, વાંચનાલય, વ્યાખ્યાનમાલા, વક્તૃત્વસ્પર્ધા, વીણાઃ જુવાનિયાઓમાં બુદ્ધિના બગીચા ઉછેરવાની, યુગના યુગધર્મની કંઈક એવી ન્હાનકડી યૌવનની યોજનાઓની ગડમથલ ચાલતી જ હોય.

એ તો હતો હમેશનો haste-hurry માંઃ ટંઈક કરી નાંખું, છોડ વાવ્યો ત્હાં ફૂલ ઉતારૂં. પણ એમાં કાંઈક ભૂલ નથી થતી ?

East ને અધીરિયું કહેતાઃ હશે કે નહિ હોયઃ East આજે જાગી છેઃ ત્હારે અતિ ઉતાવળે તો નથી દોડતી ને ?

ખરૂં છે કે Life is short and Art is long.

ખરૂં છે કે મહાપ્રજાઓની શરતમાં પાછળ પડી ગયા છીએ.

ખરૂં છે કે આ મોટરયુગ છે, વીજળીયુગ છે.

છતાં થશો, વિચારશે. યુવકમંડળ ! પ્રજાજન ! રથનાવા, બ્હાવરા, અતિઉતાવળિયાં તો આપણે નથી થતા ને ?

પ્રજાના પૂર્વજનાં, અનુભવિયા વડીલોના અનુભવબોલ એ છે કે 'ઉતાવળા સો બ્હાવરા, ધીરા સો ગંભીર.'

દલપતરામને નહિ પૂછિયે-ગુજરાતવિદિત છે કે એ તો ધીરપનો મન્ત્ર પ્રજાને સંબોધી ગયા છે. નર્મદ, વીર નર્મદ, કંઇ કંઇ સંસારજંગોનો જંગી નર્મદ કહે છે કે

રથુ તો ધીરાનુ, ધીરાનું;
નથી ઉતાવળા-કાયરનું:
રથુ તો ધીરાનું, ધીરાનું.

શરતના મયૂદાનમાં શરતના ઘોડાને આપણે સંસાર Overstrain તો નથી કરતો ને ? હિંદુ સંસાર વછેરાઓ કનેથી ઘોડાનું કામ તો નથી લેતા ને ? સંસારમાં ઠામઠામ-અનેક અર્થોમાં-આપણે બાલલગ્ન તો નથી કરતા ને ?

આપણા સંસારની કદાચ આજ બાળલગ્નની ભૂલ છે, ઉતાવળે આંબા પકવવાની ભૂલ છે. આપણી Social Economics ની ક્હીંક ભૂલ છે. આજ આપણો સારો સંસાર Re-adjustment માગે છે.

આજે કેટલાક ધેડિયા જુવાન છે, તો ઘણા જુવાનડા ધેડિયા જેવા છે.

વસન્તપાંખો પ્રગટે તે વીર. સાહસ ને પરાક્રમ એ બે છે યૌવનની પાંખો. ગણત્રીના આંકડા મૂકે તે પહેલી પચ્ચીસીમાં હોય ત્હો યે બીજી પચ્ચીસીનો બુઢાપો સેવે છે.

એ ખરૂં છે કે સંસારના રાજમાર્ગે ક્યહાંક ભૂરા પડેલા છે, ક્યહાંક અંગારા પાથર્યાં છે, એટલે જોઇ જોઇને ડગ ભરવાં પડે.

છતાં દૃષ્ટિએ રાજમાર્ગ દીઠા પછી, માર્ગની મુશ્કેલીઓ ને પન્થમાં પડેલા પહાડ નિરખી લીધા પછી, વિચારણા ને નિર્ણય પછી લડથડતો ચાલે છે કે પંખીની પાંખે ઉડે છે એ જ પુરુષાતનનો તાજો. પછી પ્રેરણાને પગલે થનગનતો સંચરે, મૃત્યુની અઘોર ખીણમાં યે હસતે મુખડે ઘોડીલા ખેલાવે એ અભિમન્યુ શા યૌવનલાડીલા. કુરુક્ષેત્ર હારી, અઢાર ક્ષોહિણીના સંહાર કરાવી, સરોવરતળિયે જલગુફામાં સન્તાઇ રહી, જીવતર વ્હાલું કરે એ આયુષ્યને આરે ઉભેલો ક્ષીણબુદ્ધિ દુર્યોધન.

આજે તો વિચારવું એ પાપ નથી, ધર્મ છે. વિચાર્યા-વિચાર્યા પછી નિશ્ચય-સંકલ્પ ન કરે એ આતમબળનાં અધુરિમાં. નિશ્ચય કીધાં પછી હિંદુ શાસ્ત્રો તો કહે છે કે ' પર્વત શા અડગ'ને અડોલ થાવ; કૂટસ્થ હો!'

યુવકજન હો! આજનો યુવકસંઘ એ આવતી કાલનો સંસારસંઘ. અમદાવાદે આજ આજનો ઉમંગી સેનાની ખોયો છે. આવતી કાલના સંસારસંઘનો સેનાપતિ નહિ તો સામન્ત ખોયો છે.

એની ભૂલો યે જાણું છું; એ નહિ ગણાવું આજ. સ્વાદેન્દ્રિયને સંયમમાં રાખી હોત તો કદાચ આજે એ અંહી આપણી સંગાથે હોત.

એ સાચ જેવો નીડર હતો. સુભટ જેવો વીર હતો. યુગના યુગધર્મ એ શીખ્યો હતો; શીખ્યો હતો એટલું જ નહિ, પાળતો હતો.

એનું પુરુષાતન વજ્ર જેવું કઠોર હતું, ફૂલ જેવું કુમળું યે હતું. એ માત્ર પ્રસંશાનું મીઠડું મધ ન હતો. કડવાં સત્ય કહી કહી જ ન શકે એની નીડરતા Theoretical છે, વન્ધ્યા સમી છે. કડવાં સત્ય એ કહી યે શકતો, સાંભળી યે શકતો.

કરમાવું એના ભાગ્યમાં હશે, કુલજનોને રોતાં રઝળાવવાં એનું નિર્માણ હશે, બાળપત્નિને વૈધવ્યભાર વહવાનો હશે, મિત્રમંડળીને એના ગુણ સંભારી સંભારી સ્મૃતિપડના રાફડા ઉખેળી ઉખેળી મંહીની મધમાંખોના ચટકા ખમવાના હશે; નિર્માણ ને ભાગ્યની વાતે વગમિયે એટલે પુરુષાર્થ ને પરાક્રમની દલીલોનો છેડો આવે. સજ્જનો! ' પુરુષાર્થપર તે પ્રારબ્ધ.'

આપણા સંસારને સંભળાવો કે ' ત્હારી Social Economics માં ક્યાંક ભૂલ છે.'

ત્હમે સાંભળી લ્યો કે એને ઓળખાવવાને આ છબિ નીચે એટલું જ લખજો કે ' યુગના યુગધર્મ જીવતા મથતો જુવાનડો.'

૧૯૦૯માં ઇન્દુકુમારનો પહેલો અંક છપાયો ત્હારે એમાં આવુંક લખ્યું હતું કે

ભારતનાં ભાગ્ય હજી
આછે કંકુએ આળેખાયેલાં છે.
પ્રજાનાં પ્રાયશ્ચિત પૂરાં થયાં નથી.

આરઆરલાં વર્ષોના અનુભવ પછી આજે યે એ જ આછાં કુંકુમ

ઝંખાય છે. ઇર્ષ્યા, દ્વેષ, કપટ, જુઠ્ઠાણું, સ્વતંત્રતાને નામે નીતિની, ધર્મની, સત્યની, સાચી સનાતન સર્વદેશીય પાળો તોડની; એ છે આજનાં આપણાં ભાગ્યનિર્માણ.

પ્રભાત પડ્યું છે, હજી દિવસ ઉગ્યો નથી.

તેથી મૂર્છાપડી આપણી મહાપ્રજા સળકે છે, પણ ઉઠતી નથી. એનાં અંગઅંગમાં કુસંપ છે, એકતાનતા નથી; સ્થૂલની શિથિલતા છે, આત્માનાં જોમ હજી નથી.

વસ્તુસ્થિતિ વચ્ચે ઉભતાં અહંગ આશાવાદીના યે પાય ક્ષણેક થંભી જાય છે. આજ આપણે દેશે પત્થર ફોડીને તરુવરને ઉગવાનાં છે.

પર્વતની શિલાઓ આજ ફરતી પડી છે. એ સંસારશિલાઓને દળીને એના ખાતર પૂરી સંસારને ફલદ્રુપ કરવાનો છે.

ભારતીય મહાપ્રજા સંસારને ફલદ્રુપ કરશે.

ગરબાનાં શતછિદ્રોમાંથી અજવાળાં ઝરી જાય, છતાં મહાંયસે અખંડ દીવડો ન હોલવાય. પ્રજાનો આત્મપ્રદીપ એવો અખંડપ્રભાળો છે.

અમ આશાવાદીઓનો આશાવાદ પાયાસનો નથી.

ખરૂ છે કે એ ઉત્સાહ જોઇશે, એ પ્રેરણા જોઇશે, એ પરાક્રમ જોઇશે, જે પૃથ્વીની મહાપ્રજાઓએ દાખવ્યાં છે. ભારતની મહાપ્રજાનો પુનરવતાર કરવાને જગતની મહાપ્રજાઓએ ખેલેલા વીરત્વ ને પરાક્રમ ખેલવાં પડશે. યુગના યુગધર્મ જીતવા જોઇશે.

જલકોપ એટલે ગુર્જર દેશે જાણે આજ આભ ફાટ્યો છે. પણ જોજો, ગુર્જર વીરો ફાટયા આભને યે થાગડાં દેશે.

શ્રી હરિ આજ આપણી કસોટી કરી રહ્યા છે. ૧૯૧૪ થી ૧૯૧૯–પાંચપાંચ વર્ષ દાવાનળ ઝીલી યૂરોપ પી ગયો. દિન ઉગે ને કરોડોના ધૂમાડા કીધા. પ્રભુ પૂછે છે કે ગુજરાત એક પંચકે એવો ગેબનો ઘા ઝીલી શકે કે નહિ? ગુર્જર સેનાનીઓ સ્પાર્ટાના છે કે રોમના વિલાસયુગના છે?

ગેબે પ્રશ્ન નાંખ્યો છે, ગુર્જરરાષ્ટ્રે ઉત્તર વાળ્યો છે.

ગુર્જરપ્રજા પરીક્ષામંડપમાં જાણે બેઠી છે. ગેબનો ઘા ગુજરાતી હિંમતની ઢાલે ઝીલ્યો છે. મુંબઇ ગુજરાતમાંનાં સહુ ફંડોનો સરવાળો કરો: વીસ દીવસમાં વીસ લાખ રૂપીઆ સંકટનિવારણાર્થે આપ્યો છે.

મુંબઇમાં, ભરૂચમાં, વડોદરામાં, ચરોતરમાં, અમદાવાદમાં, ભાલમાં, નળકંઠામાં, ઝાલાવાડમાં,—સરકારી દરબારી પ્રજાગણનાં ગુર્જર સંતાનો ઘૂમી રહ્યાં છે. જલકોપના પંચકમાં જીવને જલપૂરમાં નાંખી સેવા કીધી છે, એમની સેવા છે સાચા વીરની સેવા. એમનાં ધર્મકર્મ ઉચ્ચારે છે કે યુગના યુગધર્મના બોલ એમણે સાંભળ્યા ને ઝીલ્યા છે. Unawakened, unprepared—અફિત આફતવ્હાવરા, છપ્પનિયામાં હતા ત્હેવા સૌ આજ નથી. આ પચ્ચીશીમાં રાજપ્રજાએ એ પાઠ ઝીલ્યા છે. પ્રજા એટલી ઘડાઇ છે, ગેબના ઘા ઝીલવા એટલી સામગ્રીસજ્જ છે.

ને એ જ પચ્ચીશીમાં એ જન્મ્યો, ઉછર્યો ને આથમ્યો. એ યે ગુર્જર મહાપ્રજાનો ખોળેખીલ્યો સપૂત હતો.

રામપ્રસાદ હરપાળ જેશ્વર યુગના યુગધર્મ જીવવા મથતો માટે આજ એને સંભારિયે છિયે, વન્દિયે છિયે, અંજલિ અર્પિયે છિયે. પુણ્ય એજ યશ છે.

ગુર્જરરાષ્ટ્ર—ભારતરાષ્ટ્ર આજ એવા જુવાનડા ઘડે છે જે યુગના યુગધર્મ જીવી જાણે. નવું ભારત—નવું ગુજરાત, જોબનઝલકાતું ચારિત્ર્યશાળી ગુજરાત આજ ઘડાય છે.

ગુજરાતે નવવસન્ત બેઠી છે.

એ કળી હતો, પુષ્પ ન હતો; એ ફુમતો હતો, આપેડ ન હતો; એ ઘડાતો હતો, અનુભવપક્વ ન હતો.

પણ જુવાનીમાં એણે જોમ દાખવ્યાં, એટલાં આધેડ થોડાક દાખવે છે. પચ્ચીશીમાં પગલાં એ પાડી ગયો એવાં પચ્ચાસે યે થોડાક પાડે છે.

થોડાકમાંનો એ એક હતો, માટે આજ એને સંભારિયે છિયે; માટે આજ એની ગુણફૂલ માંડી છે.

એ એક શબ્દ થઇ ગયો. ઉચ્ચારેલા શબ્દને યે વાયુમૂર્તિ છે. એ તો એક સ્મરણશબ્દ થઇ ગયો. આ છબી એના સ્મરણચિહ્નરૂપે સ્થાપો છો: જીવતી રહેશે ત્હાં સુધી સાહિત્ય ઉત્તેજક સમાજ એ જ એનું સાચું સ્મરણચિહ્ન છે.

અમદાવાદના યુવકવૃન્દ! એની સ્મૃતિઓ ત્હારાં સત્કર્મની ઉત્તેજના ને પ્રેરણા હો! મ્હારી નિશ્ચળ શ્રદ્ધા છે કે મગનભાઇની હવેલીના ખેપાના એ સપૂતને રાયપુર ચકલાના જુવાનડા જલ્દી વિસારશે નહિ. મ્હોટા કહેવાતા ઘણાં કરતાં તે મ્હોટો હતો.

શેલી કહે છે કે ફૂલ કરમાય, પણ સુવાસ પાછળ તરવરે; ગીત લય પામે, પણ સુરાવટ પાછળ સાંભર્યા કરે. એના જીવનની સુવાસના ને એના આત્માની સુરાવટ આપણને એમ દીર્ઘ કાળ સાંભર્યાં કરશે.

ઉપનિષદનો મન્ત્ર ઉચ્ચરે છે કે પુરુષ તે જ યજ્ઞ છે; ને હવિ થઈને સૌએ મંહી હોમાવાનું છે. પ્રથમ ચોવીશી પ્રાતઃકાલ છે, ને એ પ્રાતઃકાળે આત્મા ગાયત્રી ઉચ્ચરે છે.

વન્દન હો આત્માનાં ગાયત્રીરૂપ એ યૌવનને: સહસ્રધા વન્દન હો!

સ્વપ્નું હતો, ને એ એક સ્વપ્નું થઈ ગયો.

આજના આપણા એક જુવાન કવિ આંખમાં સ્વપ્ન આંજે છે; ને પ્રજાને પૂછે છે કે

સ્વપ્ન લેશો રે? સુન્દર સ્વપ્ન લેશો રે?.
મીઠાં મધુરાં ફૂલગુલાબી સ્વપ્ન લેશો રે?
કોઈ સ્વપ્ન લેશો રે?

× × × ×

વસન્તના ખોળા મંહીંથી સરી પડ્યાં એ સ્વપ્ન!
હૃદયની મૃદુ ફૂલદટોરી મંહી ઝીલ્યાં એ સ્વપ્ન:
કોઈ સ્વપ્ન લેશો રે?
આવો, ઉઘાડો પોપચાં, હું આજું માંહી સ્વપ્ન;
જીવન પણ બની જશે મીઠું મનોહર સ્વપ્ન:
કહો, શું મૂલ દેશો રે?
સ્વપ્ન લેશો રે? સુન્દર સ્વપ્ન લેશો રે?
મીઠાં મધુરાં ફૂલગુલાબી સ્વપ્ન લેશો રે?
કોઈ સ્વપ્ન લેશો રે?

ખરેજ! યૌવન એ જીંદગીની સ્વપ્નવાટિકા છે.

પત્ની સ્વ. [illegible]ના સ્મરણાર્થે
શ્રી ફાર્બસ ગુજરાતી સભાને
શ્રીયુત દાદાભાઈ આણંદજી ચાવડા
તરફથી સવિનય સપ્રેમ ભેટ.

તમે જાણો છો ?

તમારા ધંધાની ઉજ્વળતા માટે તમારે
ઉત્તમ પ્રકારના છાપકામ ની જરૂર છે

અને તે ઉત્તમ પ્રકારનું
∴ છાપકામ ∴
અમો કરી આપીએ છીએ

ગુજરાતી સંસ્કૃત
અંગ્રેજી ઉર્દૂ
ટાઇપોથી

સુંદર રીતે પુસ્તકો
તેમજ કાર્ડ, કવર,
નોટપેપર, લેટરપેપર
વિગેરે પરચુરણ કામ
છાપી આપીએ છીએ.

મેનેજર
વસંત મુદ્રણાલય
ઘીકાંટારોડ, અમદાવાદ

પ્રેમભક્તિ-ગ્રન્થમાળા
નાં
ઉત્તમ પુસ્તકો
નાન્હાલાલ દ. કવિ કૃત

સંસાર મન્થન	પુત્રપત્રો
સાહિત્ય મન્થન	જયા-જયન્ત
અર્ધશતાબ્દિના	અનુભવબોલ
ઈન્દુકુમાર અંક ૧	વસન્તોત્સવ
ઉષા	ઈન્દુકુમાર અંક ૨

વિગેરે કવિશ્રીનાં તમામ
પુસ્તકો અમારે ત્યાંથી મળશે

તદુપરાંત

પુત્રધર્મ કાર્યાલયનાં દરેક પુસ્તકો
તેમજ પુત્રધર્મની ફાઇલો પંચકા
કમિશનથી છુટક અગર જથાબંધ
આપવામા આવશે.

આજેજ લખો :
વસંત મુદ્રણાલય
ઘીકાંટારોડ, અમદાવાદ

આરોગ્ય શિક્ષણ

કર્તા : હરરાય અમુલખરાય દેસાઇ

પ્રાથમિક શાળાઓનાં ઉપલાં ધોરણો માટે અને માધ્યમિક શાળાનાં ચાર ધોરણો માટે લખાએલું. . . . . . .
ટુંક મુદતમાજ જેની ત્રણ ત્રણ આવૃત્તિઓ થએલી છે. પુષ્કળ ચિત્રો સહિત.

કિંમત ૦-૮-૦
બાઇંડપટી ૦-૧૦-૦

આરોગ્ય શિક્ષિકા

કર્તા: હરરાય અમુલખરાય દેસાઇ

કન્યાશાળાના ધોરણ બીજાથી છઠ્ઠા ધોરણ સુધીની બાળાઓને અતિ ઉપયોગી પુસ્તક. ગુજરાતી ભાષામાં કન્યાઓ માટે ખાસ જુદું લખાએલુ આ એકજ પુસ્તક છે. જેની અંદર વિગતો સાથે પુષ્કળ ચિત્રો આપેલા છે. . . .

કિંમત ૦-૭-૦

આજેજ લખો :

સી. એમ. પરીખ

બુકસેલર
પબ્લીસર

રીચીરોડ, બાલાહનુમાન

અમદાવાદ

રમતો

કર્તા: હ. અ દેસાઇ

દરેક રમતને લગતું ચિત્ર આપવામા આવ્યુ છે. માબાપો અને શિક્ષકો બાળકોને સહેલાઇથી રમાડી શકે એવી રમતો આપેલી છે ટુંક મુદતમા જ આ પુસ્તકનો ઘણો ઉઠાવ થએલો છે. તમામ બાળકો માટે જરૂર એક નકલ આજે જ મંગાવો. . . . . . .

કિંમત ૦-૧૨-૦

બાળવીર

કર્તા હ અ. દેસાઇ

સ્કાઉટના નામથી હામ હામ સેવા બજાવતી બાળ-સેવાના કાર્યથી વાકેફ થવું હોય તો આ પુસ્તક જરૂર વાંચો. તેમા સ્કાઉટને લગતી બધી જ હકીકત ચિત્રો સહિત આપેલી છે. ગુજરાતી ભાષામા આવી જાતનું પુસ્તક આ પ્રથમ જ લખાએલું છે. . . . . .

કિંમત ૦-૮-૦